॥ પ્રેમાંજલી ॥



સચ્ચારિત્રચુડામણિ, શુદ્ધ ક્રિયાયોગી, ગચ્છાધિપતિ, સકળસંવેગી શિરતાજ, બાળબ્રહ્મચારી, તરણતારણ, શાંત, દાંત, પૂજ્યપાદ, પ્રાતઃસ્મરણીય, દાદા ગુરૂ સાહેબ શ્રીમદ્ સુખસાગરજી મહારાજ !

આપે મ્હને દીક્ષા આપી પોતાનો પવિત્ર હસ્તકમળ મ્હારા શિરે મૂકયો. તેમજ વખતોવખત હિતશિક્ષાઓ આપી સાધુધર્મમાં પ્રવીણ બનાવ્યો. વળી આપનો અપૂર્વ પ્રેમ જોઈને હું મ્હારા આત્માને બહુ ભાગ્યશાળી માનવા લાગ્યો. હે શ્રી સદ્ગુરૂ! દૈવગતિ વિચિત્ર છે, જેથી આપે યોગ્ય સમર્થ જાણી—શ્રીવીર ભગવાને જેમ ગૌતમને તેમ—મ્હને આપની છેવટની જીન્દગીમાં રાધનપુર મહાનીશીથ સૂત્રના યોગવહન કરવા મોકલી, આપ સ્વર્ગે સિધાવ્યા. તે દિવસથી આપશ્રીની હાર્દિક પૂજા, ભક્તિમાં આ બાળક અધિક ઉત્કંઠિત થવા લાગ્યો, પરંતુ તેવી સમયોચિત શક્તિના અભાવે હું શું કરૂં ? છતાં આ ગ્રંથરૂપ ઉત્તમ પ્રેમાંજલિ આપને અર્પણ કરી હું મ્હારા આત્માને કૃતપુન્ય માનું છું.

ૐ શાંતિઃ ૩

આભાર

વિજાપુર તાબે કોલવાડા નિવાસી, વૈયાકરણાચાર્ય શાસ્ત્રીજી રા૦ રા૦ શ્રીયુત્ ભાઇશંકર વૈકુંઠરામ દ્વિવેદીએ, આ ગ્રંથની સાદ્યંત પ્રેસકોપી સુધારવા સાથ વખતો વખત ઉમદા સલાહો આપી આ ગ્રંથની ગૌરવતામાં વધારો કરાવ્યો છે. તેમજ છેવટનાં પ્રુફો બહુ કાળજીથી સુધારવા તેમણે જે આત્મભોગ આપ્યો છે, તે માટે તેમનો ખાસ આભાર માનવામાં આવે છે.

ૐ શાંતિઃ ૩

ધન્યવાદ



વેરાવળની પાસે ગામ આદ્રિ નિવાસી મર્હુમ શેઠ કાલીદાસ અમરશીભાઇના સુપત્ની નંદકોર બ્હેને, એક લાખ રૂપીયાની ઉત્તમ સખાવત કરી, તેમાં મુખ્યતાએ આત્માનંદ શ્રી શિક્ષણ શાળાને સજીવન કરી, તેમણે ગયા માઘ માસમાં સાગરસંપ્રદાયનાં જાણીતાં સાધ્વીજી શ્રીસુમતિશ્રીજીનાં, શિષ્યા દર્શનશ્રી અને તેમનાં શિષ્યા શ્રીઅમૃતશ્રીજી પાસે દીક્ષા લીધી તે માંગલિક પ્રસંગે એક હજાર રૂપીઆ આ ગ્રંથ છપાવવા માટે આપ્યા તેથી તેમને તથા પ્રાંતિજ નિવાસી શા. વાડીલાલ ડુંગરશીભાઇએ તેમના કાકા શેઠ પુરૂષોતમભાઇના સ્મરણાર્થે રૂપીયા સો આપ્યા તેમને ધન્યવાદ ઘટે છે.

ૐ શાંતિઃ ૩

ઉપોદ્ઘાત.



કોઇપણ દર્શનના મુળતત્વો તેના પ્રરૂપક મહાપુરૂષોના જીવનક્રમ, વિચારસૃષ્ટિ અને આંતર શ્રૃંખલા ઉપરથીજ મળી આવે છે. કેમકે ધર્મની પ્રરૂપણાના બીજરૂપ એ મહાપુરૂષોનો ઉદ્દેશ અને આદેશ અબાધીત અને ધન હોય છે. કાળના માપથી જોતાં જો કે જૈનધર્મ અનાદિ અનંત છે. એટલે કાળના યુગાંતરો સાથે જીન ચોવીશીનો સમય પસાર થાય છે. અને તે તે કાળે વર્તમાન જિનાજ્ઞા ઉપર શાસન શ્રેણી દેશ-કાળને અનુસરી વિકાસને પામ્યા કરે છે. એટલે આ ભૂત-વર્તમાન અને ભાવી જીન સ્વરૂપોને સમજવા. વિચારવા અને તેમના આજ્ઞાસૂત્રોને અવલંબવા જિનાજ્ઞાધારી કોઇપણ જૈનની પ્રાથમિક ફરજ છે.

વર્તમાન ચોવીશીના ચોવીશ જીનવરોને સર્વ કોઇ જૈન બીરૂદધારી નામથી પીછાણે છે, તેમાં બે મત નથી. આવા પવિત્ર પુરૂષોની બીજ સેવા અને તેમના સાનિધ્યમાં આત્મ નિર્જરા સાધતા પણ સેંકડો આત્મા ભવ-જંલ તરી ગયા છે. પરંતુ આ મહા પુરૂષો તિર્થંકરના મહાન્ પદને પ્રાપ્ત કરવામાં પોતાનું જીવન કેવી રીતે ઉતરોત્તર નિરાધાર કરી શક્યા ? ક્યા કર્મનિર્જરાના વિપુલ મંત્રોને સાધીને તિર્થંકરનામ કર્મ ઉપાર્જન કરી શક્યા ? અને વિશાલ સંસારના ઉપવનોનાં જાળાં ઝાંખરામાંથી કેટલા આત્મભોગે અપવર્ગ સાધી શક્યા ? તેનો અનુભવ પણ દરેક જૈનની દ્રષ્ટિ મર્યાદામાં હોવોજ જોઇએ. એ શાસનપુત્ર તરીકે તેટલુંજ અગત્યનું છે.

તિર્થંકર ચરિત્રનું શ્રવણ જૈનપ્રજાને સર્વથા સાધ્ય થઇ શકે તે માટે કલ્પસૂત્રદ્વારા પર્યુષણ પર્વમાં નિયમીત તક રહે છે. આ ઉપરાંત 'ત્રિષષ્ઠી શલાકા ' આદિ પૂર્વાચાર્યો રચીત ઘણાં ગ્રંથોમાં આ શાસનદેવોનાં ચરિત્ર ઉપલબ્ધ થાય છે. અને ખાસ કરીને પ્રભુશ્રીઋષભદેવ, શાંતિનાથ, નેમનાથ, પાર્શ્વનાથ અને પરમ તિર્થંકર શ્રીમહાવીર સ્વામીએ પંચ મહાવિભૂતિઓના સ્વતંત્ર ચારિત્રોનો ખાસ અલાહેદો લાભ પણ ઓછા વધતા અંશે પ્રચાર થવા પામ્યો છે. જ્યારે હજુ પણ આવાં ચરિત્રો

મુળ સંસ્કૃતમાં હોવાથી વર્તમાન યુગનો સમુદાય સંસ્કૃત ભાષાનો અતુ ઓછા પ્રમાણુમાં અભ્યસ્ત રહેતો હોવાથી આપણા શાસન નાયક પ્રભુવરોના ગુણુનીધિના ખજાનાથી અનભિજ્ઞ રહી જવા પામે છે તેમ જોઇ મેં આવા ઉપકાર પૂર્ણ ચરિત્રો પૈકી સાતમા તિર્થંકર શ્રી સુપાર્શ્વનાથ પ્રભુના ચરિત્ર ગ્રંથનો અનુવાદ કરવાને આ પ્રયત્ન કર્યો છે. એટલે આ બહુવિધ ઉપકારક ચરિત્રમાંથી તત્ત્વ પ્રાપ્તિનો જે અલભ્ય લાભ મેળવી શકે તેનો ખરો યશ તો પરમ ઉપકારક પૂર્વાચાર્યોનેજ ઘટે.

સર્વજ્ઞ ભાષીત શાસ્ત્રોને સંભાળ પૂર્વક ઉતારવા અને તેનો વિસ્તાર જન સમાજને પચી શકે તેમ ભાષ્ય–ટબા–ચુર્ણી આદી નવ પલ્લવિત શાખા પ્રશાખા દ્વારા વિસ્તારીને જૈન સાહિત્યની અપૂર્વ સેવા આપણા પૂર્વાચાર્યોએ કરી છે અને ખાસ કરીને તત્વના રસનો લાભ સામાન્ય જીવો પણ સહેલાઇથી લઇ શકે તેવા ઉચ્ચ ઉદ્દેશથી કથાનુયોગની ગુંથણી ગુંથવામાં જે રસ પૂર્ણતા અને દીર્ઘદષ્ટિપણું વાપર્યું છે તે માટે જેટલી સ્તુતિ કરીયે તેટલી ઓછી છે. ખરૂં કહીયે તો આવા વિષમ સમયમાં મહાપ્રભાવિક જૈનાચાર્યોએ ભારતીય પ્રજાના ઉદ્ધાર માટે અતિ ગહન એવા અધ્યાત્મજ્ઞાનનાં તત્ત્વો સરલ અને સિધી રીતે સામાન્ય બાલજનોને ઉપયોગી થઇ પડે તેટલા માટે અનેક દ્રષ્ટાંતો સાથે કથા–વાર્ત્તાઓ અને મહા જ્ઞાનિપુરૂષોના ચરિત્ર રૂપે કથાનુયોગ સાહિત્ય વિસ્તારવાનો મહદ્ ઉપકાર કર્યો છે. કેમકે કથાનુયોગ એ ઉપદેશદાનમાં પ્રબળ સાધન ગણાય છે. આવા કથાનુયોગમાં જે દરેક સિદ્ધાંતના વિષયો રસપૂર્ણ હોય, અપૂર્વ પ્રબંધ વાર્ત્તાઓમાં આદર્શ તરીકે ગણાતા હોય, અદ્ભુત બુદ્ધિવિલાસમાં પટુતા ધરાવતા હોય, સુંદર કાવ્ય કલાઓની પ્રતિભા અસ્ખલિત ભાસતી હોય અને અનુત્તમ રસોની પુષ્ટિ કરવામાં જેઓ તત્પર હોય તેવા પંડિતોના હાર્દિક ઉદ્ગારરૂપ કથાનુયોગ જે ઉપકાર કરી શકે છે તે નીરસ વાર્ત્તાલાપથી કદાપિ થઇ શકતો નથી, એ નિર્વિવાદ છે. અખિલ ભારતવર્ષના કથા, ઇતિહાસ અને વાર્તારૂપ સાહિત્ય સારમાં જૈન કથાનુયોગ પ્રશંસનીય ગણાય છે, તેથી તેનું પરિશીલન કરવાથી બુદ્ધિમાન્ પુરૂષો સમસ્ત જન સમાજ ઉપર પોતાનું ઓજસ

કેવાની પરીણામે મહાન્ ઉપકાર કરી શકે છે. તે વાત નિઃસંદેહ હોવાથી અનુક્રમે અને જ્યારે આ ગ્રંથ વાંચવાનો પણ પ્રસંગ પ્રાપ્ત થયો. ત્યારે તેમાં ગુંથાએલી ક્રમવાર કથાઓની અલૌકીક રચના અને તેમાં છુપાએલ તાત્વીક બોધની ખુબી જોતાં અસાધારણ ગૌરવતું પાત્રભૂત આ ચરિત્ર સમસ્ત પદ્યબંધ પ્રાકૃત પ્રબંધોમાં સામ્રાજ્ય ભોગવે છે, તેમ જોઇને આ ઉપયોગી કથા પ્રબંધ બાળ કે વૃદ્ધ એવા સર્વ મુમુક્ષુઓને સર્વથા ઉપયોગી થઇ પડશે તેમ જાણતાં આ ગ્રંથનો માતૃભાષામાં અનુવાદ કરવાની પ્રેરણા થઇ. અને વિક્રમ સં૦ ૧૯૭૪ ની સાલમાં ગુજરાતના પાટનગર-પાટણમાં શ્રીસાગ ગચ્છના ઉપાશ્રયમાં આ ગ્રંથના અનુવાદનો પ્રારંભ થયો. તે પ્રયાસની સાર્થકતાની પ્રતિકૃતિ આજે સુજ્ઞ જનોની આગળ મૂકવામાં આવે છે.

રસ પૂર્વક બોધ આપવામાં કથા, રાસા, નાટક, નાટિકા, ભાણ, ચંપૂ, પ્રહસન અને ચરિત્ર તરીકે વાર્તાઓ પ્રાચીનકાલમાં પૂર્વાચાર્યોએ રચેલી છે. તેમજ જીવન ચરિત્રો પણ લખવાની પ્રથા પ્રાચીન કાલથી ચાલી આવે છે. જેના પ્રભાવથી અદ્યાપિ ઘણા પ્રાચીન કાળમાં થઇ ગયેલા પ્રાતઃસ્મરણીય અનેક મહાત્માઓ તેમજ સુચારૂ સ્ત્રી પુરૂષોનાં પવિત્ર ચરિત્રો નેત્ર દ્વારા હૃદયને આનંદ આપે છે. અર્થાત્ વિદ્યમાનતા ધરાવે છે. વળી ધર્મા ધર્મ સેવ્યાસેવ્ય, કાર્યાકાર્ય લાભાલાભ, હેયાહેય અને ગુણદોષાદિક દ્વંદ્વોનું સ્પષ્ટી કરણ કરવામાં તેમજ તેઓની દ્રઢતા પ્રતિપાદન કરવામાં સામાન્ય ઉપદેશ તથા સહેતુક યુક્તિઓ જે કાર્ય કરે છે. તે કરતાં શુભાશુભ કર્મ વિપાકને પ્રગટ કરનારાં દ્રષ્ટાંતો કે ચરિત્રો અતીવ હિતસાધક થઇ પડે છે. એટલુંજ નહી પરંતુ આવાં રસિક દ્રષ્ટાંતો કે ચરિત્રોની અસર સચોટ અને શીઘ્રતાથી થઇ શકે છે.

પૂર્વાચાર્યોએ આવાં રચેલાં અનેક ચરિત્રોમાં આ શ્રીમાન્ લક્ષ્મણગણિજીની કૃતિ રૂપ શ્રી સુપાર્શ્વજીન ચરિત્ર એક અદ્વિતીય જીવન ચરિત્રનો આદર્શ છે. વળી આ ચરિત્ર રચવાનો મુખ્ય ઉદ્દેશ-હેતુ કિંવા પ્રયોજન એ છે કે જીજ્ઞાસુ પ્રાણીઓ ધર્મ, અધર્મ, વ્રત, અવ્રત, પુણ્ય, અપુણ્ય, નીતિ, અનીતિ તેમજ શુભાશુભ કર્મજન્ય સુખ દુઃખની પરિસ્થિતિ સ્પષ્ટ રીતે સમજી શકે અને પાપ કર્મમાં રક્ત એવા દુર્જનો મલિન વૃત્તિ તથા દુરા-

ચારોને ત્યાગ કરી સત્પ્રવૃત્તિને સ્વીકારે એથી અધીક આ દુનીયામાં ક્યો ઉપકાર પ્રશંસનીય છે? તેમજ વાંચન કે શ્રવણ દ્વારા કયા રસમાં લુબ્ધ થયેલા માનવવર્ગને ઉત્તમ અધિકારી બનાવી નિવૃત્તિ અને પ્રવૃત્તિ માર્ગની ઓળખાણ કરાવે. વળી આપત્કાલમાં કે પરાધીન સ્થિતિમાં જ સત્પ્રવૃત્તિનું આચરણ કરે તેવા સ્વભાવવાળા અર્ધદગ્ધજીવોને ઉત્તમ પુરૂષોના સુખમય ચરિત્રોનાં દ્રષ્ટાંત આપી તેના મોહથી તેવીપ્રવૃત્તિઓનો જેઓ પણ લાભ લઇ શકે. તેમજ કાર્યાંતરથી મુક્ત થયેલા કેટલાક મનુષ્યો અવકાશ વખતે નિરર્થક અથડાઇને પોતાનું અમૂલ્ય જીવન વૃથા ગુમાવે છે. તેમ ન કરતાં મન, વચન અને શરીરને અમુક ટાઇમ સુધી નિયમિત કરવાનો સુગમ ઉપાય છે. વળી આવા સત્કથાનુયોગો સદુપદેશ આપી જે ઉપકાર કરે છે, તેવો માતા, પિતા, પ્રિયમિત્ર, હિતકારી મહાત્મા કે સદ્ગુરૂઓ પણ કરી શકતા નથી. કારણ કે તેઓ તો પોતાની હયાતિમાં કરી શકે છે. આ કારણને લીધે પૂર્વાચાર્યોએ પોતાના અમૂલ્ય સમયની સાર્થકતા આવા પરોપકારી કાર્યોમાં જ માનેલી છે. આ ચરિત્ર ઉપરથી તેમની પરોપકૃતિ સર્વત્ર જાગ્રત્ અવસ્થાને સદૈવ અનુભવે છે. વળી આ ચારિત્રમાંથી વાંચક વર્ગને પોતાનું ચરિત્ર સુધારવા માટે અનુકરણ કરવા લાયક અનેક ઉપમાનો મળી શકે તેમ છે. ગુણાનુરાગી, સત્યશોધક અને વિવેકવંત જીવાત્માઓ આ ગ્રંથના અધિકારી છે અને તેમનેજ અનુકરણીય છે તેમજ જાણવા લાયક ઘણો અર્થ મળી શકે તેમ છે.

વળી અદ્વિતીય રસથી ભરપુર આ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર પ્રાકૃત ગાથામય છે. જેની વ્યાખ્યાન પદ્ધતિ બહુ વિશાલ અને ભિન્ન ભિન્ન દ્રષ્ટાંતોથી રચવામાં આવી છે, વળી આ ગ્રંથમાં જગત્પૂજ્ય સાતમા તિર્થંકર શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું ચરિત્ર મુખ્યતાએ વર્ણન કરવામાં આવ્યું છે. તે આ ગ્રંથના નામ ઉપરથી સ્પષ્ટ થઇ આવે છે. તેમજ આ ગ્રંથમાં શ્રાવક જનોને પાળવા લાયક સમ્યક્ત્વમૂલક બારવ્રતો વિસ્તાર પૂર્વક પ્રરૂપેલાં છે. દરેક વ્રતમાં પાંચ પાંચ અતિચાર–દોષનો નિરૂપણા પૂર્વક પૃથક પૃથક અધિકાર બતાવ્યા છે. તેમજ નિરતિચાર વ્રત પાળવામાં ફૂલ ફલની પ્રાપ્તિ અને અતિચારનું સેવન કરવાથી અનિષ્ટ ફલ ભોગવવાં

પડે છે, વળી તે અતિચાર સેવી પ્રાણીઓના ઉદ્ધાર માટે યથોચિત દંડ વિધિ બતાવીને દરેક અતિચાર રહિત અથવા સાતિચાર વ્રતોનું શુભાશુભ ફલનું પ્રત્યેક દ્રષ્ટાંતો આપી ભિન્ન ભિન્ન કથાઓવડે સ્પષ્ટ રીતે પ્રતિપાદન કર્યું છે: પ્રાયે દરેક પ્રકરણની પ્રસ્તુત કથાઓ આપી છે અને માત્ર વ્રતાદિકના ઉપદેશમાં જ આ ગ્રંથની સમાપ્તિ નહીં કરતાં ગ્રંથકર્ત્તાએ પ્રસંગોપાત કથામાં બુદ્ધિનો મહિમા, ક્વચિત્ કલાકૌશલ્ય ક્વચિત્ તૃષ્ણાની વિશેષતા, સ્વભાવ વર્ણન; તેમજ કોઈક ઠેકાણે અદ્ભુત તત્ત્વવાદ વિગેરેનું વર્ણન પણ સરલ અને બહુ રસિક પદ્યોની રચનાવડે દર્શાવ્યું છે. એટલુંજ નહીં પરંતુ તત્કાલીન લૌકિક આચાર–વ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પરિસ્થિતિ, ધાર્મિક પ્રભાવ, નૈતિક જીવન તેમજ તેવા પ્રકારના કેટલાક જાણવા લાયક આનુષંગિક તત્ત્વોનો ઉલ્લેખ પણ ચૂક્યા નથી. માટે આ ગ્રંથ જે ધર્મીઓને ધાર્મિક શિક્ષણને લીધે જેમ બહુ ઉપયોગી છે, તેમ કાવ્ય રસના સ્વાદમાં બહુ લુબ્ધ, પ્રાચીન તત્ત્વોના અનુસંધાનમાંજ માત્ર લક્ષવાળા ભારત વર્ષની દિવ્ય ભાષામાં તત્ત્વ શોધવામાં ઉદ્યુક્ત, બુદ્ધિકલામાં અતિ દક્ષ અને રસિક એવા અન્ય વિદ્વાનોને પણ ખાસ મનન કરવા લાયક છે. વળી આ ગ્રંથ મૂળ પ્રાકૃત પદ્યાત્મક હોવાથી તે ભાષા જન સમાજમાં પ્રાયે દુર્જ્ઞેય છે એમ જાણી રાધનપુર નિવાસી ન્યાય–વ્યાકરણતીર્થ પંડિત હરગોવિંદદાસ ત્રિકમદાસ શ્રેષ્ઠીએ સંસ્કૃત ભાષાથી વિભૂષિત કરી છે. સુરસુંદરી સેતુબંધ અને કુમારપાલ ચરિત્રાદિક અન્ય કાવ્યોની માફક પ્રાકૃત ગ્રંથમાં પરિચ્છેદ, વિશ્રામ, સર્ગ, ઉલ્લાસ, અને સ્તબક વિગેરે કોઈ તેવા પ્રકરણ વિભાગ ઉપલબ્ધ નહીં થવાથી તેમજ **इति श्री सुपार्श्व जिनचरित्रे केवल ज्ञानश्री प्राप्ति** તેમજ દરેક કથાની સમાપ્તિમાં **इति श्री सम्यक्त्व प्रशंसायां चंपकमाला कथानकं समाप्तम्** આ પ્રમાણે સંસ્કૃત ભાષામાંજ સમાપ્તિ દર્શક વાક્યો મળી આવ્યાં તે ઉપરથી ગ્રંથકારના અભિમત સ્થાનોમાં ગાથાઓના વિભાગ કરીને પ્રકરણોના વિભાગ રચવામાં આવ્યા છે. તેમજ ગ્રંથ કર્ત્તાએ પ્રસંગોપાત સંસ્કૃત શ્લોકો કેટલાક ઠેકાણે અન્ય ગ્રંથોમાંથી લીધેલા છે. તેઓના પાઠ તેટલીજ ... વિભાગ લખવામાં આવ્યા છે. તેમજ બહુ અગત્યની કોઈક ... પણ ભાષાન્તરરૂપે ટીપ્પણ લેવામાં આવી છે. વિગેરે દક્ષિણ મુગ

વાંચકો સ્વયમેવ જાણી શકે તેમ છે. આ ગ્રંથનો પ્રાદુર્ભાવ વિક્રમ સંવત્ બારસોમાં થયો હોય તેમ લાગે છે. કારણ કે તેના નિર્માતા શ્રીમાન્ લક્ષ્મગણિ તે અરસામાં પવિત્ર પાદન્યાસવડે ભૂમંડલને પવિત્ર કરતાં છતાં ભવ્ય પ્રાણિઓને ઉપદેશ આપતા હતા. તેમજ ગ્રંથની સમાપ્તિમાં ગ્રંથ પ્રશસ્તિમાં પણ તે સમય પોતેજ દર્શાવેલો છે. વળી ગ્રંથકર્ત્તા પોતે ઘણા ભાગે ગુર્જર દેશમાં વિહાર કરતા હતા તે બાબત પણ પ્રસ્તુત ગ્રંથ પ્રશસ્તિ ઉપરથીજ સ્પષ્ટ થાય છે. આ ગ્રંથનો પ્રારંભ ધંધુકામાં અને સમાપ્તિ માંડલમાં વિક્રમ સંવત ૧૧૯૯ માં થયેલી છે. તે સમયે જૈનધર્મ પ્રભાવક શ્રી કુમારપાલ નરેંદ્ર વિદ્યમાન હતા તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે તેઓ ગુર્જરભૂમિમાં વિશેષતાએ વિહાર કરતા હતા. ગ્રંથકર્ત્તાનો ગચ્છ તથા ગુરૂપરંપરાનો સંબંધ સવિસ્તાર ગ્રંથકર્ત્તાએ પ્રશસ્તિમાં દર્શાવ્યો છે તે અહીં વૃક્ષાકૃતિનું સ્વરૂપ આપી બતાવ્યો છે. હર્ષપુર ગામે ગચ્છધારી શ્રીમાન્ જયસિંહસૂરિ મહારાજ પ્રથમ પાટે વિરાજતા હતા. જેમકે—

જયસિંહસૂરિ.
|
અભયદેવસૂરિ.
|
હેમચંદ્રસૂરિ.
|
વિજયસિંહસૂરિ, શ્રી ચંદ્રસૂરિ, વિબુધચંદ્રસૂરિ, લક્ષ્મણગણિ

અહીંયા સંક્ષેપથી આ પ્રમાણે આ ગુરૂ પરંપરા બતાવી છે. તેઓમાં પણ વિશેષે કરીને અભયદેવસૂરિ તથા હેમચંદ્રસૂરિનો ગુણાનુવાદ પ્રસ્તુત ગ્રંથકારના સહચારી શ્રી ચંદ્રસૂરિએ પોતે રચેલા શ્રી મુનિસુવ્રતસ્વામીના ચરિત્ર પ્રશસ્તિમાં કંઈક વિસ્તાર પૂર્વક પ્રતિપાદન કર્યો છે. તેમજ—

तस्स अपच्छिम तित्थाहिवस्स, तित्थे पयट्टमाणम्मि ।
सिरिपयहवाहणकुले, गच्छे हरिसउ परतव (? रतयाय) म्मि ॥ ७२ ॥
सिरिजयसिंहोसूरि, सयंभरीमांडलंमि सुपसिद्धो ।
पंचविहायारसमायरणओ, गुणनिहीनामो ॥ ७३ ॥

અર્થ—અપશ્ચિમ એવા તીર્થંકર ભગવાનના પ્રવર્તમાન તીર્થ (શાસન) માં શ્રી પ્રભવાહનકુલ તથા હર્ષપુર નામે ગચ્છમાં પ્રગટ થયેલા, પાંચ પ્રકારના મુનિઓના આચાર પાળવામાં ધુરંધર તેમજ સાર્વભારી દેશમાં સુપ્રસિદ્ધ અને ઉત્તમ ગુણોના નિધાનરૂપ શ્રી જયસિંહસૂરિ થયા, વિગેરે તે પ્રશસ્તિમાં સુપ્રસિદ્ધ છે, વળી તેઓના રચેલા ગ્રંથ, વૃત્તિ વિગેરે ઘણા પ્રબંધો ઉપલબ્ધ થાય છે, તેમજ ભવ્ય ઉપદેશરૂપી અમૃતવડે મહા મોહ વિષથી પીડાએલા નરેંદ્રાદિક ભવ્યાત્માઓને સચેતન કર્યા છે, તેવા મહાત્માઓના વચનપ્રભાવથીજ આ જગત્ ભાગ્યશાળી ગણાય છે. તેમજ તેઓ હાલમાં અવિદ્યમાન છતાં પણ ગ્રંથદ્વારાએ વિદ્યમાન ગણાય છે. વળી વિવિધ રસ તથા અલંકારોથી સુઘટિત એવા આ ગ્રંથનું કોઇપણ પ્રકરણ એવું નથી કે કોઇને પણ અપૂર્ણ રાખી પડતું મૂકવાની ઇચ્છા થાય; પરંતુ આ ગ્રંથ પ્રાકૃત પદ્યમય હોવાથી તદુપરિ સંસ્કૃત છાયા છતાં પણ સામાન્ય વર્ગને વાંચવામાં પ્રાયે અનુપયોગી જાણી જનસમાજની જીજ્ઞાસા પૂર્ણ કરવાના હેતુથી માતૃભાષામાં અનુવાદ કરવામાં આવ્યો છે, તેમાં મૂળને અનુસારે સરળ વાકયોની યોજના રાખી છે, ક્વચિત્ વાર્તાના સંબંધનું અનુસંધાન કરવા માટે જુજ શબ્દો ઉમેરવામાં આવ્યા છે, તેમજ ગાથાઓના અનુસારે દરેક અર્થની ઘટના વાસ્તવિક રીતે અપેક્ષિત રાખેલી છે, પ્રત્યેક કથાઓના મથાળે અતિચારનાં દૃષ્ટાંત સાથે નામ આપવામાં આવ્યાં છે, દરેક વિષયોનો ક્રમ તે તે કથાઓને મથાળે અવલોકન કરવાની સુગમતા જાળવી છે.

પ્રથમ આ ગ્રંથાન્તર્ગત વ્રતોના ઉપદેષ્ટા શ્રીમાન્ સુપાર્શ્વનાથ ભગવાનના મનુષ્ય અને દેવભવનું વર્ણન કરવામાં આવ્યું છે. ત્યારબાદ જન્મ, વિવાહ, સાંવત્સરિક દાન અને દીક્ષા ગ્રહણ વિગેરેની યથાસ્થિત વ્યાખ્યા આપી છે, દીક્ષા ગ્રહણ કર્યા બાદ પ્રભુ પોતે ભવ્ય જીવોને આનંદ આપતા સુમેરૂશૃંગની માફક કાયોત્સર્ગમાં નિષ્કંપપણે સ્થિર રહી એક દિવસ વ્યતીત કરી બીજે દિવસે મદોન્મત્ત હસ્તીની માફક મંદ ગતિએ વિરાજતા શ્રીસુપાર્શ્વનાથ ભગવાન્ પારણા માટે શ્રી પાટલીખંડ નગરમાં ગયા, ત્યાં મધુકર વૃત્તિને અનુસરતા પ્રભુ મહેંદ્રશેઠીના ઘર તરફ વળ્યા કે તરતજ પ્રભુનાં દર્શન કરી

અનન્ય હર્ષથી રોમાંચ કંચુકને ધારણ કરતો શ્રેષ્ઠી પોતે ઉભો થઈ જીનેંદ્રની સન્મુખ ગયો અને બહુ પ્રેમપૂર્વક પ્રભુના ચરણ કમળમાં નમન કરી ગદ્દગદિત સ્વરે હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યો કે—

केहिं पि अज्ज चिरसंचिएहिं, फलियम्ह तवविसेसेहिं ।
कप्पतरूहिं व नूणं, सरमहुर पचेलिम फलेहिं ॥

અર્થ—હે ભગવન્ ! નિરંતર મધુર અને પરિપકવ ફલદાયક એવા કલ્પવૃક્ષોની માફક અપૂર્વ એવાં ચિરકાલથી ઉપાર્જન કરેલાં વિશેષ તપો આજે મ્હને ફલદાયક થયાં. જેથી હે જગતપ્રભો ! આપના ચરણ કમલથી પવિત્ર થએલું આ મ્હારૂં ઘર દેવતાઓને પણ વંદનીય થયું. વળી હે જગત્ પાલક ! જેઓ આપના મુખારવિંદના લાવણ્યરસનું પાન કરે છે તે ત્રણે લોકમાં પૂજનીય થાય છે અહો ! અમોઘ એવું આપનું દર્શન દ્વિધાપિ અંતઃકરણની શુદ્ધિ કરે છે, મળરૂપી વાદળને વિખેરવામાં પ્રચંડ પવન સમાન, કીર્ત્તિરૂપ વેલડીને વિસ્તારવામાં મેઘ સમાન, વૈરીરૂપ ગજેંદ્રને વિદારવામાં સિંહ સમાન, વિપદ્દરૂપી સમુદ્રને શોષવામાં અગસ્તિ સમાન, પ્રબલ મોહરૂપી વિષને ઉતારવામાં જાંગુલિ સમાન, દારિદ્રરૂપ શલભને સંહારવામાં અગ્નિ સમાન, સદ્વિદ્યારૂપ સરિતાના કુલ ગિરિ સમાન, અવિદ્યારૂપ નાગિનીને દમવામાં ગારૂડિક સમાન એવું આપનું દર્શન શું શું નથી સાધતું ? અર્થાત્ આપના દર્શનથી મોક્ષસુખ પણ સુલભ થાય છે. આ જગતમાં સર્વથા નિવૃત્ત થએલા પરમ યોગીઓ પણ આપના દર્શનની આકાંક્ષાને લીધે યોગાદિકની ઉપાસના કરે છે, અનેક પ્રકારનાં તપ તથા જપાદિક સાધનો પણ આપના દર્શનથીજ સફલ થાય છે એમ પોતે કેટલીક પ્રેમભક્તિ બતાવી પશ્ચાત્ પોતાની સ્ત્રીને ઉદ્દેશી ફરીથી બોલ્યો હે મૃગાક્ષિ ? આવા પરિગ્રહના ત્યાગી વીતરાગ ભગવાન્ વિનાપુણ્યે કોને ત્યાં પધારે છે ? ખરેખર આ દુનીયામાં ભાગ્યવતી તો તુંજ ગણાય, નહિ તો ચરાચર પ્રાણિઓના ઉદ્ધારક આ જીનેંદ્ર ભગવાન્ સરખા ઉત્તમ પાત્ર અહીં કયાંથી આવે ? માટે હે સુંદરિ ! નિર્મળ ભાવપૂર્વક શુદ્ધ દ્રવ્યવડે આ પ્રભુને પારણું કરાવીને તું ભવસાગરને ગોષ્પદ સમાન ગણીને જલદી તરી જા. એમ પોતાના પતિનું

વચન સાંભળી પ્રમોદવડે પોતાના આત્માને કૃતાર્થ માનતી શેઠાણીએ
સોનાના થાળમાં ઘૃત સાકર સહિત સુંદર પરમાન્ન ભરી, પ્રભુને વ્હોરાવ
વિનતિ કરી, ત્યારે ભગવાને પણ જ્ઞાનથી સારી રીતે અવલોકન કરી
એવો તે આહાર પોતાના કરસંપુટમાં ગ્રહણ કર્યો. તે સમયે દેવોએ આ
પૂર્વક દુંદુભિનો નાદ કર્યો. અહો દાનં, અહો દાનં એ પ્રમાણે તેણે
ઘોષણા કરી વિગેરે સર્વ અતિશય પ્રગટ થયા. અહો! આ દુનિયામાં સ
ત્રનો સમાગમ, તેમજ દાનકર્તાનો ઉત્તમ ભાવ અને શુદ્ધ દ્રવ્યનો
મળવો બહુ દુર્લભ છે. વળી પોતાના કરસંપુટમાં ગ્રહણ કરેલો તે આ
પ્રભુ ત્યાં ઉભા રહીનેજ વાપરી ગયા. પરંતુ તેમના અતિશય પ્રભા
લીધે કોઇ પ્રાણી દેખી શકતા નથી. તે પ્રમાણે શાસ્ત્રમાં કહ્યું છે કે—

परमाइसयजुयाणं, हवंति तित्थेसराय सव्वकालं।
आहारा नीहारा, अदिस्सा चम्मचक्खूणं ॥

અર્થ—ભગવાનના એવા અતિશય હોય છે કે જેથી ચર્મચક્ષુ
ણીઓ તેમના આહાર અને નીહારોને કોઈ વખત દેખી શકતા નથી.
પ્રમાણે અનેક મુનિઓ સાથે વિચરતા ભગવાન્ કર્મરૂપી શત્રુસૈન્યને સ
નિર્મૂળ કરતા છદ્મસ્થ દશામાં નવ માસ વ્યતીત થયા બાદ અનેક દે
વિહાર કરી નજીકમાં કેવળજ્ઞાનનો સમય જાણી વારાણસી નગરીની
કોણમાં સુંદર કુસુમ તથા પલ્લવોથી વિભૂષિત વૃક્ષો જેમાં રહેલાં છે
સહસ્રામ્રવનમાં જગત્ પ્રભુ પધાર્યા. અવધિજ્ઞાનથી પોતાનું કાર્ય
સુરેંદ્રો પોતપોતાના પરિવાર સહિત પ્રભુની પાસમાં આવીને દીવ્ય
વસરણની રચના કરી ભક્તિભાવમાં લીન થઇ પ્રભુની આગળ બેઠા,
સુપાર્શ્વપ્રભુએ ચતુર્વિધ પરિષદની અંદર યોજન ગામિની મધુરવાણ
દરેકને સાનુકૂલપણે ધર્મદેશનાનો પ્રારંભ કર્યો. જેની અંદર મુખ્ય
દાનવીર્ય રાજા છે. શ્રીમાન્ સુપાર્શ્વપ્રભુ પૂર્વોક્ત રાજાના પ્રશ્નના અ
વસ્તા તરીકે ધર્મના ઉપદેશ છે. મુનિ ધર્મ અને ગૃહસ્થ ધર્મ એમ
ધર્મતત્ત્વોની ઉક્તિ કરવામાં આવી છે. દરેક ધર્મ તત્ત્વોનું રહસ્ય સ
મતમાં સમાયેલું છે; કારણ કે—

सम्यक्त्वरत्नान्नपरं हि रत्नं, सम्यक्त्वमित्रान्नपरं हि मित्रम्।
सम्यक्त्वबन्धोर्न परो हि बन्धुः, सम्यक्त्वलाभान्न परो हि लाभः ॥ १ ॥

અર્થ—આ જગતમાં સમ્યકત્વરત્નથી અન્ય કોઇ રત્ન નથી, સમ્યકત્વ રૂપ મિત્રથી અન્ય કોઇ ઉત્તમ મિત્ર નથી, સમ્યકત્વરૂપ બંધુથી અન્ય કોઇ બંધુ નથી, તેમજ સમ્યક્ત્વ લાભથી અપર-બીજો લાભ નથી.

तथाच—धनेन हीनोऽपि धनी मनुष्यो—यस्याऽस्ति सम्यक्त्वधनं प्रधानम्।
धनं भवेदेकभवेसुखाय, भवे भवेऽनन्तसुखी सुदृष्टिः ॥ १ ॥

અર્થ—સમ્યક્ત્વરૂપી પ્રધાન ધન જેની પાસે રહેલું છે તે મનુષ્ય ધન રહિત હોય તો પણ તે ધનવાન્ જાણવો, કારણકે ધનધાન્યાદિક સમૃદ્ધિ એક ભવમાં સુખકારક થાય છે, અને સમ્યક્દષ્ટિ તો ભવાંતરમાં પણ અનંત સુખનો ભોગી થાય છે.

मूलं बोधिद्रुमस्यैतद् द्वारं पुण्यपुरस्यच।
पीठं निर्वाणहर्म्यस्य, निधानं सर्वसम्पदाम् ॥ १ ॥

અર્થ—આવું શુદ્ધ સમ્યક્ત્વ બોધિવૃક્ષનું મૂલ ગણાય છે. સુકૃત રૂપી નગરનું મુખ્યદ્વાર છે, મોક્ષ રૂપી મહેલનું પીઠ અને સર્વ સંપત્તિઓનો ખજાનો છે. માટે સમ્યક્ત્વ વ્રત પાલવામાં ભવ્યાત્માઓએ યત્નવાન્ થવું જેથી સત્કુલાદિક ઉત્તમ સામગ્રી પામીને સ્વજન્મનું સાર્થકપણું સાધવું એજ વિવેકનું મુખ્ય લક્ષણ છે. વળી સમકિતની ઇચ્છાવાળા પુરૂષોએ શુદ્ધ દર્શનની શ્રદ્ધા રાખવી, એથી ઐહિક અને પારલૌકિક સિદ્ધિ સુલભ થાય છે. જેમકે—

अतुलसुखनिदानं सर्वकल्याणबीजं, जननजलधिपोतं भव्यसत्वैकचिह्नम्।
दुरिततरुकुठारं पुण्यतीर्थं प्रधानं, पिबत जितविपक्षं दर्शनाख्यं सुधाम्बु ॥ १ ॥

અર્થ—હે ભવ્યાત્માઓ! જેની તુલના નહી થઇ શકે એવા સુખનો નિદાન, સર્વ કલ્યાણોનું મુખ્ય કારણ, જન્મરૂપી સમુદ્રને તારવામાં નાવ સમાન, ભવ્ય સત્વનું એક ચિન્હ, પાપરૂપી વૃક્ષને છેદવામાં કુહાડા સમાન અને સર્વોત્તમ પવિત્ર તીર્થ તુલ્ય એવા દર્શનનામે અમૃતરૂપી જળનું પાન

કરો. જેનું સેવન કરવાથી શ્રેણિકાદિક રાજાઓ આ લોકમાં અતુલ સુખ ભોગવી અને શિવસુખ પામ્યા છે. તદ્યથા—

> श्रीमत्कृष्णनरेन्द्र सत्यकिनृप श्रीश्रेणिकाद्याःपुरा,
> श्रूयन्ते जिनशासने सुविनयाः सम्यक्त्वतः केवलात् ।
> तीर्थाधीशपदोदयप्रतिभुवं संप्रापयन्तः शुभम् ।
> तस्मात्तत्र पवित्रचित्र सुकृते शुद्धिक्रिया सुधेः ॥ १ ॥

અર્થ—પ્રાચીન કાલમાં શ્રી કૃષ્ણ વાસુદેવ, સત્યકી અને શ્રેણિકાદિક રાજાઓ જૈન શાસનમાં પ્રભાવિક બહુ પવિત્ર થઈ ગયા, જેઓ માત્ર સમ્યકૃત્વના પ્રભાવથી તીર્થંકર ભગવાનના પદ પ્રાપ્તિના સાક્ષીભૂત સુકૃતને પામ્યા છે, માટે સુજ્ઞ જનોએ પવિત્ર સુકૃતના મૂળભૂત એવા તે સમ્યકૃત્વમાં શુદ્ધ પ્રવૃત્તિ કરવી. વળી દેવતાઓને પણ દુર્લભ એવું આ સમ્યકૃત્વરત્ન સદ્ગુરૂના યોગ વિના મળતું નથી. કારણકે—

> विना गुरुभ्यो गुणनीरधिभ्य-स्तत्त्वं न जानाति विचक्षणोऽपि ।
> आकर्णदीर्घायत लोचनोऽपि, दीपं विना पश्यति नान्धकारे ॥ १ ॥

અર્થ—હે મુમુક્ષુઓ! સદ્ગુણોને આશ્રય આપવામાં સમુદ્ર સમાન એવા ગુરૂઓના સમાગમ વિના બુદ્ધિમાન્ પુરૂષ પણ તત્ત્વને જાણી શકતો નથી, કારણકે કાનસુધી જેનાં નેત્ર બહુ વિશાલ હોય છે તે પણ અંધકારમાં રહેલી વસ્તુને દીપકની સહાય વિના દેખી શકતો નથી, એ પ્રમાણે વિચાર કરી સદ્ગુરૂનો સમાગમ મેળવી પ્રમાદ સેવવો નહીં. વળી તે શુદ્ધ સમ્યકૃત્વ મેળવીને શંકિત થવું નહીં. કારણ શંકા કરવાથી સમ્યકૃત્વનો લોપ થાય છે. તે પ્રમાણે અન્યત્ર પણ કહ્યું છે કે—

> आरंभे नत्थि दया, महिलासंगेण नासए बंभं ।
> संकाए सम्मत्तं, पव्वज्जा अत्थ गहणेण ॥ १ ॥

અર્થ—આરંભ કરવામાં દયા સચવાતી નથી, યુવતિના સંગવડે બ્રહ્મચર્યનો લોપ થાય છે, તેમજ શંકા કરવાથી સમ્યકૃત્વનો નાશ થાય છે અને અર્થ (ધન) ના સંગ્રહવડે સંયમવ્રતનો સર્વથા અભાવ થાય છે. માટે શંકા રહિત શુદ્ધ શ્રદ્ધા રાખવી. સદ્ગુરૂના વચન ઉપર વિશ્વસ્ત જેઓ

દેશથી અથવા સર્વ પ્રકારે વિરતિ પાળે છે તેઓ ઇંદ્રિઓનો વિનિયમ કરી અનુક્રમે ઉચ્ચ શ્રેણિને પ્રાપ્ત થાય છે. પરંતુ એ સર્વ પ્રભાવ સમ્યક્ત્વમાંજ રહેલો છે. વળી દાન, શીળ, તપ, જિનેંદ્રભગવાનની પૂજા, પવિત્ર તીર્થોની યાત્રા, ઉત્તમ જીવદયા, ઉત્કૃષ્ટ શ્રાવક કુલમાંજ જન્મ અને વ્રતોની પ્રાપ્તિ પૂર્વક રક્ષા આ સર્વ શુદ્ધ સમ્યકત્વરૂપ કલ્પવૃક્ષનાં ફલ છે. આ પ્રમાણે સમવસરણમાં વિરાજમાન થઈ શ્રી સુપાર્શ્વ પ્રભુએ સમ્યકત્વની વ્યાખ્યા આપ્યા બાદ તે ઉપર ચંપકમાલાનું દૃષ્ટાંત આપી તેનું બહુજ દૃઢીકરણ કર્યું છે. વળી આ સમ્યક્ત્વવ્રતમાં પાંચ અતીચાર ટાળવાના છે. તેઓમાં પ્રથમ શંકા અતિચાર એટલે વ્રત ગ્રહણ કરતી વેળાએ શુદ્ધ અંતઃકરણ પૂર્વક ગુરૂ સમક્ષ પ્રવૃત્તિ કરવામાં આવે, પશ્ચાત્ કેટલાક કુસંયોગોને લીધે પ્રાથમિક પ્રવૃત્તિમાં ધીમે ધીમે ફેરફાર થઇ પડે છે. જેથી હૃદય ઉદ્યાનમાં શંકારૂપ અંકુરાઓ પ્રગટ થાય છે, અનુક્રમે તેમાંથી એવાં ફલ પ્રાપ્ત થાય છે કે જેમના સ્પર્શમાત્રથી આભાસ માત્ર પણ સમ્યક્ત્વ રહી શકતું નથી અને પુનઃ મિથ્યાત્વનો પ્રસંગ આવી પડે છે. જેથી અનેક વ્યાધિરૂપ ભયંકર જંતુઓથી અતિગહન એવો સંસાર સાગર તેઓને સેવવો પડે છે. એનું મુખ્ય કારણ તો વ્રત વિષયક અયોગ્ય શંકા કરવી તેજ ગણાય છે. અને તેમાંથી મિથ્યાત્વનો જન્મ થાય છે. ત્યારબાદ તે પ્રાણીને સન્માર્ગે ચાલવામાં અનેક આપત્તિઓ વળગી પડે છે. જેઓમાંથી મુક્ત થવું બહુજ મુશ્કેલ થઈ પડે છે. વળી મિથ્યાત્વ સમાન જીવાત્માને આઘાત કરનાર બીજી કોઇપણ વસ્તુ નથી તેમજ શાસ્ત્રમાં કહ્યું છે કે—

मिथ्यात्वं परमो रोगो–र्मिथ्यात्वं परमं विषम् ।
मिथ्यात्वं परमः शत्रु–र्मिथ्यात्वं परमं तमः ॥ १ ॥

અર્થ—આ જગતમાં જીવાત્માઓને પીડવામાં મિથ્યાત્વ સમાન અન્ય કોઇ રોગ નથી. વળી મિથ્યાત્વ એજ પરમ વિષ જાણવું, મિથ્યાત્વ સમાન અન્ય કોઇ બલિષ્ટ વૈરિ દેખવામાં આવતો નથી, અને ગાઢ–અંધારૂ–અજ્ઞાન પણ મિથ્યાત્વજ ગણાય છે. માટે મિથ્યાત્વની છાયાથી દૂર રહેવું. વળી મિથ્યાત્વના મોહમાં સપડાયેલો તે આડંબરી કહે છે કે—

अभालस्य भाले कथं पट्टबन्धः, अकर्णे अनेत्रे कथं गीतनृत्ये ।
अकण्ठस्य कण्ठे कथं पुष्पमाला, अपादस्य पादे कथं मे प्रणामः ॥१॥

અર્થ—જેને મૂળમાં ભાલસ્થલ જ નથી તેના ભાલમાં પટ્ટબંધની શોભા કેવી રીતે થઇ શકે ! તેમજ જેને કાન અને નેત્ર ન હોય તે ગીત તથા નૃત્યનો અનુક્રમે કેવી રીતે રસ લઇ શકે ? અર્થાત્ તેની આગળ તેઓ વૃથા છે. કંઠ વિનાના કંઠમાં પુષ્પમાલા કેવી રીતે દીપી શકે ! અને જેને ચરણ નથી તેવાના ચરણમાં મારે પ્રણામ કેવી રીતે કરવો ! તેમજ વળી કહે છે કે—

देवो रोगी यतिः सङ्गी, धर्मः प्राणिनिशुम्भनम् ।
मूढदृष्टिरिति मूते, युक्तायुक्तविवेचकः ॥ २ ॥

અર્થ—દેવને જ્યારે રોગ છોડતો નથી ત્યારે દેવ પણ મનુષ્યની માફક રોગી જ ગણાય. વળી યતિ થયા છતાં પણ સંગનો ત્યાગ નહીં કરતાં તેમાં રાચી રહે છે, અને પ્રાણીનો વધ એ ધર્મ, એ પ્રમાણે યોગ્ય અને અયોગ્યનો આલાપ કરતો મૂઢ પ્રાણી બોલ્યા કરે છે. તદુપરાંત પોતે ધર્મથી પતિત થઇ અન્ય ભાલજીવોને અધર્મમાં દોરે છે અને તે અધર્મને ધર્મ, અબંધને બંધ, અપૂજ્યને પૂજ્ય, અસેવ્યને સેવ્ય, અતત્ત્વને તત્ત્વ તરીકે માનીને આત્મઘાતી થાય છે. માટે આવા અજ્ઞાન પ્રાણીઓનો ઉદ્ધાર કરવા કૃપાળુ એવા જગત્ પ્રભુએ મણિસિંદનું દૃષ્ટાંત આપી તે પ્રસંગ ઘણોજ સુગમ કર્યો છે. તેમજ બીજો અતીચાર આકાંક્ષા—એક વસ્તુ જાણ્યા છતાં બીજાની જીજ્ઞાસા થાય અને બીજીથી ત્રીજી અને ચોથીના અભિલાષા એમ અસ્થિર વૃત્તિને લીધે તેવા પ્રાણીને અશ્રદ્ધાવડે સત્ય સ્વરૂપ સમજાતું નથી અને પરિણામમાં તે બહુ દુ[illegible] દુ:ખમાં આવી પડે છે, એમ જાણી તે દ્વિતીય અતિચારનો [illegible] માટે તે ઉપર [illegible] બહુ વિસ્તારપૂર્વક દર્શાવ્યા છે. તેમજ [illegible] તે ઉપર [illegible] ચરિત્ર [illegible] તેમજ પાખંડિનો [illegible] અનુજ્ઞા કરવાથી [illegible] પ્રસાદ કરવો તે [illegible]

મર્કટને મદિરાપાન શાંતિદાયક નીવડે નહીં, એમ સમજી પોતાના વ્રતની શુદ્ધિ માટે સર્વથા પાખંડિની શ્લાઘા કરવી નહીં, તે સંબંધ મંત્રિતિલક મંત્રીના દૃષ્ટાંતવડે સારી રીતે પ્રતિપાદન કર્યો છે. પ્રથમ આ સમ્યક્ત્વ વ્રતમાં તાત્પર્યાર્થ એ સમાયેલો છે કે જ્ઞાન, દર્શન અને ચારિત્રનું શ્રદ્ધાન કરવું, વળી જ્ઞાન પ્રાપ્ત થવા છતાંપણ દર્શન તથા ચારિત્ર શિવાય તેનું મુખ્ય ફળ મળી શકતું નથી, શાસ્ત્રમાં કહ્યું છે કે—

जहा खरो चंदणभारवाही, भारस्सभागी न हु चंदणस्स ।
एवंखुनाणी चरणेण हीणो, नाणस्सभागी न हु सुगइए ॥ १ ॥

અર્થ—જેમ ચંદનના ભારને વહન કરનાર ખર ભારનો ભાગી થાય છે, પરંતુ ચંદનનો ભાગી થતો નથી, તેમ ચારિત્રથી હીન એવો જ્ઞાની પુરૂષ જ્ઞાનનોજ ભાગી થાય છે, પણ સુગતિનું ફળ તેને મળતું નથી, માટે ચારિત્રની મુખ્યતા દરેક ઠેકાણે પ્રતિપાદન કરવામાં આવી છે. એથી જ ચારિત્ર ધારક મુનિઓનો પણ મહિમા અપૂર્વ ગણાય છે. અને તેમની ભક્તિ કરવાથી મનુષ્યો અપૂર્વ ફલ મેળવે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે—

दत्तेऽसौ सर्वसौख्यानि, त्रिशुद्धयाऽऽराधितो मुनिः ।
विराधितश्च तैरश्च—नरकाऽनल्पयातनाः ॥ १ ॥

અર્થ—મન, વચન અને શરીરવડે આરાધન કરાયેલા મુનિમહાત્મા આરાધકને સર્વ સુખદાયક થાય છે, અને તે મુનીંદ્રની વિરાધના કરવાથી તિર્યક્ તથા નરક સંબંધી અનેક યાતનાઓ પ્રાપ્ત થાય છે. માટે સક્રિય વા અક્રિય, ગુણયુક્ત કિંવા અગુણયુક્ત, જ્ઞાની અથવા અજ્ઞાની અને જેમ તેમ પણ મુનિવેષધારી એવા યતિનું દર્શન કરી ગૌતમસ્વામી સમાન માની તેમની ભક્તિ કરવી, એજ જન્માંતરમાં પણ હિતકારક થઈ પડે છે. તે સંબંધી શાસ્ત્રોમાં યથાર્થ વિવેચન કરેલુ છે. સ્થુલ પ્રાણોની હિંસાથી અટકવું તે સ્થુલ પ્રાણાતિપાત નામે પ્રથમ વ્રત કહેલું છે. તેમાં સ્થુલ પ્રાણ એટલે શું ? અને તેઓની વિરતિ કેવી રીતે પાળવી ? વિગેરે યથાસ્થિત સ્વરૂપની વ્યાખ્યા વિજયચંદ્ર કુમારના દૃષ્ટાંતથી પ્રતિપાદન કરી છે. તેની ઉપેક્ષા કરવાથી તેમાં પણ પાંચ અતિચાર લાગે છે, તે દરેકનાં પૃથક પૃથક દૃષ્ટાંત આપી શ્રી પ્રભુએ નિરતિચાર વ્રત શુદ્ધિ બતાવી છે, ત્યારબાદ સ્થુલ મૃષાવાદ વિરમણ વ્રત

બીજા સ્થાનમાં ક્રમ વડે પ્રાપ્ત થાય છે. તે ઉપર કમલશ્રેષ્ઠીનું દૃષ્ટાંત સવિસ્તર ઘટાવ્યું છે. જેના શ્રવણમાત્રથી મૃષાવાદની પરિણતિ સર્વથા શિથિલ થાય છે. વળી મિથ્યાવાદી પુરૂષનો કોઇપણ વિશ્વાસ રાખતું નથી અને દરેક સ્થલે તે અપમાનનું પાત્ર થાય છે. વળી શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

> असत्यमप्रत्ययमूलकारणं, कुवासनासद्मसमृद्धिवारणम् ।
> विपन्निदानं परवञ्चनोर्जितं, कृतापराधं कृतिभिर्विवर्जितम् ॥ १ ॥

અર્થ—અવિશ્વાસનું મૂલ કારણ, ખરાબ વાસનાઓનું નિવાસ સ્થાન, સમૃદ્ધિઓને નિવારવામાં અર્ગલા સમાન, વિપત્તિઓનો મૂલ હેતુ, અન્યજનોને છેતરવામાં અતિદક્ષ અને અપરાધોના ખજાનારૂપ એવું અસત્ય વચન જ્ઞાનિ પુરૂષોએ સર્વથા ત્યાગ કરેલું છે. વળી મૃષાવાદનો દરેક શાસ્ત્રકારોએ દૂરથી પરિહાર કરેલો છે. જેમકે—

> लिङ्गिनां परमाधारो – वेश्यानां परमो निधिः ।
> वणिजां परमाजीवी, मृषावाद ! नमोऽस्तु ते ॥ १ ॥

અર્થ—લિંગધારક એવા મિથ્યાત્વિઓનો મુખ્ય આધાર, તેમજ વેશ્યાઓનો ઉત્તમ નિધાન અને વણિક્ લોકોનું ઉત્કૃષ્ટ જીવન એવા હે મૃષાવાદ ! તને દૂરથી નમસ્કાર. વળી તેના દુર્ગુણો એટલા બધા અવાચ્ય છે કે અન્ય દોષનું નિવારણ કરવું સુલભ છે, પરંતુ આ મૃષાવાદનો ઉપચાર બહુ દુર્લભ છે. તે પ્રમાણે શાસ્ત્રમાં પ્રતિપાદન કર્યું છે કે—

> पारदारिकचौराणा–मस्ति काचित्प्रतिक्रिया ।
> असत्यवादिनः पुंसः, प्रतिकारो न विद्यते ॥ १ ॥

અર્થ—પરસ્ત્રીગમન અને પરધન હરણ એ મ્હોટા દોષ ગણાય છે; પરંતુ તેઓની કોઇ રીતે પ્રતિક્રિયા-નિવૃત્તિ શાસ્ત્રકારોએ બતાવેલી છે, છતાં પણ અસત્ય ભાષી પુરૂષને તરવાનો ઉપાય નથી. એ પ્રમાણે જ્ઞાની પુરૂષોનું મંતવ્ય સત્ય છે. કારણકે—

> यत्र यो मुष्यते ग्राम–स्तत्र स्तेयं करोति सः ।
> कथं न हरते वारि, वारिमध्यस्थिता घटी ॥ १ ॥

અર્થ—જ્યાં આગળ જે મૃષાવાદ પ્રવેશ કરે છે ત્યાં તે ચૌર્ય કર્યા

શિવાય રહેતો નથી, અર્થાત્ મૃષાવાદના અંગમાં ચોરી રહેલી છે, કારણકે જળની અંદર રહેલો ઘટ જળનું હરણ કેમ ન કરે ? આ પ્રમાણે અનેક દૂષણોથી ભરપૂર એવા મૃષાવાદનો સર્વદા પરિહાર કરવો. આ મૃષાવાદની વિરતિ વિષે કમલશ્રેષ્ઠીની કથા બહુ અસરકારક વર્ણવી છે, વળી મૃષાવાદ વિરતિમાં અકસ્માત્ કોઇને અવર્ણવાદ આપવો, એકાંતમાં અન્યના ગુપ્ત વૃત્તાંતને જાહેર કરવું, પોતાની સ્ત્રી સંબંધી ગુપ્ત વાર્ત્તા અન્યને જણાવવી, અસત્ય ઉપદેશ આપવો અને પરવંચના માટે કૂટલેખ લખવા એ પાંચ અતિચારોનું સ્વરૂપ ભુવન પતાકા, ધરણ, મદન, પદ્મવણિક્ અને બંધુદત્તના દૃષ્ટાંતથી અનુક્રમે સ્ફુટ રીતે વિવેચન કરવામાં આવ્યું છે. તેમજ સ્થૂલ અદત્ત વસ્તુનું આદાન–ગ્રહણ કરવું તે સ્થૂલાદત્તાદાન એટલે ચૌર્યથી દૂર રહેવું. તે અદત્તાદાનવિરતિ વ્રત કહેવાય, હવે તે વ્રતની રક્ષા માટે શુદ્ધ સમ્યક્ત્વધારી પુરુષોએ પ્રમાદ સેવવો નહીં, કારણકે ચૌર્યવૃત્તિ આ લોકમાં વધ, બંધનાદિકનો હેતુ ગણાય છે અને ભવાંતરમાં પણ જેથી અનેક યાતનાઓ ભોગવવી પડે છે, વળી તે સંબંધી શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

> यन्निर्वर्तित कीर्तिधर्मनिधनं, सर्वागसां साधनं,
> प्रोन्मीलद्वधबन्धनं विरचित–,क्लिष्टाशयोद्बोधनम् ।
> दौर्गत्यैकनिबन्धनं कृतसुग–,त्याश्लेषसंरोधनं,
> प्रोत्सर्पत्प्रधनं जिघृक्षति न त–,द्धीमानदत्तं धनम् ॥ १ ॥

અર્થ—જે ચોરીનું ધન પ્રસિદ્ધ એવી કીર્ત્તિ અને સંપત્તિનો નાશ કરે છે, તેમજ સર્વ દુઃખનું સાધન, વધ તથા બંધનને પ્રગટ કરનાર, ક્લિષ્ટ આશયોને ઉત્પન્ન કરનાર દુર્ગતિનું મુખ્ય કારણ, સુગતિ–મોક્ષ સુખના સમાગમનો રોધ કરનાર અને સંગ્રામાદિકનો ભય ઉપજાવનાર છે, તેવા અદત્તધનને ગ્રહણ કરવાની કયો બુદ્ધિમાન ઇચ્છા કરે ? અર્થાત્ કોઇએ ન કરવી [illegible] ક્રિયાઓમાં પ્રસરતી [illegible] તેમજ [illegible] નાગની [illegible] ઉત્તમ ગણાય. [illegible] કરવી [illegible] છે કે—

अदत्तं नादत्ते, कृतसुकृतकामः किमपि यः,
शुभश्रेणिस्तस्मिन्, वसति कलहंसीव कमले ।
विपत्तस्माद्दूरं, व्रजति रजनीवाम्बरमणे,–
र्विनीतं विद्येव, त्रिदिवशिवलक्ष्मीर्भजति तम् ॥ १ ॥

અર્થ—કરી છે સુકૃતની ઇચ્છા જેણે એવો જે પુરૂષ કંઇપણ અદત્ત વસ્તુને ગ્રહણ કરતો નથી, તેને વિષે સુકૃતની પરંપરા કમલના વનમાં કલહંસીની માફક નિવાસ કરે છે, અર્થાત્ તેને છોડતી નથી, સૂર્યથી રાત્રીની જેમ તેનાથી વિપત્તિ દૂર ચાલી જાય છે, તેમજ વિનયવાન્ પુરૂષને વિદ્યાની જેમ તેને સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મી પણ ભજે છે. વળી કેટલાક એમ સમજે છે કે ચોરી કરીને જો ધર્મ કાર્યમાં તે ધનનો ઉપયોગ કરે તો તે ચોરી કરનારને તજ્જન્ય પાપ લાગતું નથી, એ પણ તેઓનું બહુ ભૂલ ભરેલું સમજવું છે, કારણકે જે મૂર્ખ માણસ ચોરી કરીને સુકૃતની ઇચ્છાથી તે ધન વાપરે છે તે ચંદનવૃક્ષને બાળીને તેના કોલસાના વેપાર બરોબર છે, વળી આ સંબંધમાં દેવયશ વણિકની કથા અદ્‌ભુત રૂપમાં વર્ણવી છે, તેનું વાંચન કિંવા શ્રવણ કરવાથી અદ્વિતીય બોધદાયક થાય છે. વિશેષમાં આ વ્રતની અંદર પણ પાંચ અતીચારનું સ્વરૂપ સમજવું, જેમકે ચોરીના ધનનો વિક્રય તરીકે સ્વીકાર કરવો નહીં અન્યથા નાહટની માફક દુર્દશા ભોગવવી પડે. તેમજ ચોર લોકોને સહાય આપવામાં અતિચાર લાગે છે, તે સંબંધી જ્ઞાન મહતના દ્રષ્ટાંત ઉપરથી બહુ સુલભ છે. વળી વિરૂદ્ધ રાજ્યમાં પોતાનું મતલબ સાધવા રાજવિરૂદ્ધ પ્રવૃત્તિ કરવી નહીં, અન્યથા ઉદયનમંત્રીની માફક અવાચ્ય સ્થિતિને આધીન તે થાય છે, કોઇપણ વસ્તુનો ક્રયવિક્રય તોલ અથવા માપથી કરવા કરાવવા નહીં, કારણકે તેથી અતિચાર–દોષ [illegible] છે, તે જાણવા માટે વરૂણ શ્રેષ્ઠીની કથા આપવામાં આવી છે. તેમજ કોઇપણ વસ્તુમ હલકા ભાવની તત્સમાન આકૃતિવાળી અન્ય વસ્તુ [illegible] જે [illegible] લોકોને વશ થઇ અકૃત્ય સેવે છે તે પાંચમો અતીચાર [illegible] છે [illegible] ઉપર નાગચંદ્રની કથા આપવામાં આવી છે, જેથી તજ્જન્ય [illegible] સમજવામાં આવે છે.

[illegible] ગમન વિરમણ એ નામથી પ્રસિદ્ધ છે. આ ચતુ

વ્રત પાળવાથી પ્રાણીઓની સદ્ગતિ થાય છે. જેઓ સર્વથા પાળવાને અશક્ત હોય તેમણે પોતાની પરિણીત સ્ત્રીને વિષે જ સંતોષ માનવો. અન્ય સ્ત્રીઓનો સર્વથા ત્યાગ કરવો ઉચિત છે. વળી કેટલાક મૂઢ પ્રાણીઓ મોહાંધ થઇ રૂપવતી એવી પરસ્ત્રીનુ સ્વરૂપ જોઇ આનંદ માને છે તેઓ આ લોકમાં બહુ અધમ સ્થિતિમાં આવી પડે છે એટલુંજ નહીં પરંતુ લોકમાં બહુ ધિક્કારને પાત્ર બને છે. અને તેઓનું મુખપણ અદૃશ્ય નીય થાય છે. માટે હે ભવ્યાત્માઓ ! પરકીય સ્ત્રીનો ત્યાગ કરવો. તેજ પ્રમાણે શાસ્ત્રકાર કહે છે કે—

अलसाभवताऽकार्ये, प्राणिवधे पङ्गवा सदा भवत ।
परतप्तिषु वधिरा—जात्यन्धाः परकलत्रेषु ॥ १ ॥

અર્થ—હે ધર્મજીજ્ઞાસુઓ ! તમારે જો સદ્ગતિ મેળવવાની ઇચ્છા હોય તો શ્રેષ્ઠ જનોએ નિંદિત એવા નીચ કાર્યમાં આળસુ બની નિરૂદ્યોગી થાઓ, તેમજ પ્રાણીઓનો વધ કરવામાં હમ્મેશાં પાંગળા બનો, પર પીડાઓમાં બધિરતા ધારણ કરવી અને પરસ્ત્રીઓને વિષે જન્માંધની માફક પ્રવૃત્તિ કરવી. અર્થાત્ તેમની ઉપેક્ષા કરવી. તેમજ અન્યત્ર પણ કહ્યું છે કે—

यस्तु स्वदारसन्तोपी, विपयेपु विरागवान् ।
गृहस्थोऽपिस्वशीलेन, यतिकल्पः सकल्प्यते ॥ १ ॥

અર્થ—જે પુરૂષ કામાદિક વિષયોમાં વિશેષ રાગનો ત્યાગ કરી પોતાની સ્ત્રી વિષે સંતોષ માની પ્રવૃત્તિ કરે છે, તે ગૃહસ્થકોટીમાં વર્ત્તતો છતો પણ પોતાના શીળવડે મુનિ સમાન ગણાય છે. મુનિઓ સર્વથા બ્રહ્મચર્ય વ્રતના આરાધક હોય છે; પરંતુ ગૃહસ્થો દેશથી એટલે પોતાની પરિણીત સ્ત્રી સિવાય અન્ય સ્ત્રીઓના ત્યાગી હોય તેઓને મુનિની તુલના આપી શકાય. કારણકે દૈશિક પ્રવૃત્તિથી તેઓ બ્રહ્મ વ્રતના આરાધક ગણાય, એમ સમજી પરસ્ત્રીનો સર્વદા ત્યાગ કરવો, વળી કહ્યું છે કે—

जो वज्जइ परदारं, सो सेवइ नो कयाइ परदारं ।
सकलत्ते संतुट्ठो, सकलत्तो सो नरो होइ ॥ १ ॥

અર્થ—જે પુરૂષ આત્માના હિત માટે પરસ્ત્રીનું સેવન કરતો નથી, તે કોઇપણ વખત અન્યદ્વારમાં પરિભ્રમણ કરતો નથી, અને પોતાની સ્ત્રીને

વિષે સંતુષ્ટ એવો તે નરરત્ન સમગ્ર લોકોનો રક્ષક થઇ પડે છે. અર્થાત્ સર્વ જનો તેના તાબામાં રહે છે. ભલે મનની અશુદ્ધતા હોય, છતાં પણ જેઓ કાયિક બ્રહ્મચર્ય અખંડિત પણે પાળે છે તેઓની અસદ્દગતિ થઇ શકતી નથી. દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, કિન્નર વિગેરે અમાનવપણ દુષ્કર એવા બ્રહ્મવ્રતનું જે પાલન કરે છે તેમનાં ચરણ કમલમાં નમન કરે છે, અહો આ દુનિયામાં બ્રહ્મચર્યનો અપૂર્વ પ્રભાવ છે, જે બ્રહ્મચર્યનો ત્યાગ કરવાથી પોતાના કુળની અવનતિ થાય છે એટલુંજ નહીં પરંતુ તેવા વ્યભિચારી મનુષ્યોની પ્રજા પણ વર્ણશંકર થાય છે. જેથી તેઓને ધર્માધર્મનો વિચાર પણ દુર્લભ થઇ પડે છે અને પોતાના કલ્પિત વિચારોને તેઓ આધીન થઇ પડે છે, બાદ તેઓ ધર્મથી વિમુખ બની અધર્મના ઉપાસક થઇ અકાર્યસેવી થાય છે. આ પ્રમાણે અનર્થની પરંપરા પ્રાપ્ત થાય છે, પરંતુ સમજવાની શક્તિ છતાંપણ તેઓ જાણતા નથી કે પોતાની સ્ત્રી પોતાને સ્વાધીન છતાં શા માટે અન્યની સ્ત્રી ઉપર આસક્ત થવું ! આવો વિચાર તેવા મૂઢ પ્રાણીઓને ક્યાંથી આવે ! કારણકે સુંદર જલથી ભરેલું કેવું મજાનું સરોવર હોય છે ! છતાં કાગડો ઘડાના જલનું પાન કરી આનંદ માને છે. વળી પર સ્ત્રીમાં લંપટ બનેલા મનુષ્યો શ્વાનની માફક દરેક ઠેકાણે અપમાન પામે છે વિગેરે પરદાર સેવનમાંથી અનેક દુર્ગુણો પ્રગટ થાય છે એમ લક્ષ્યમાં રાખી સજ્જનોની રીતિ છોડવી નહીં. તેમજ ગુરૂ સાક્ષીએ લીધેલું વ્રત સાવધાન પણે પાળવું, તે સંબંધી કહ્યું છે કે—

> वरं अग्गिंमि पवेसो, वरं विसुद्धेण कम्मुणा मरणं ।
> मा गहिअव्वयभंगो, मा जीअं खलीअ सीलस्स ॥ १ ॥

અર્થ—મનુષ્યોએ બળતા અગ્નિમાં પ્રવેશ કરવો અને વિશુદ્ધ કર્મવડે મરણક્રિયા થાય તે શ્રેષ્ઠ મનાય, પરંતુ ગ્રહણ કરેલા વ્રતનો ભંગ કરવો નહીં. તેમજ શીલથી ભ્રષ્ટ થયેલા પ્રાણીનું જીવન અદ્ભુત નિંદ્ય મનાય છે. માટે પોતાની ઇંદ્રિયોની વૃત્તિ નિયમસર રાખવી, નેત્રની સફલતા માત્ર પરમાત્માની મૂર્તિના નિરીક્ષણમાં સમાયેલી છે. પરંતુ મોહક પદાર્થોમાં ચંચળવૃત્તિ રાખવી નહીં. તેમજ રસાદિક વિષયોના પરિશીલનથી અધર્મની પ્રવૃત્તિ વધી પડે છે અને ધાર્મિક પ્રવૃત્તિઓ નિર્મૂળ થાય છે. માટે જેમ બને તેમ રસાદિકનો મોહ છોડી દેવો. કહ્યું છે કે—

रागादयो हि रिपवो जिननायकेना-जीयन्त ये निजबलाद्बलिनोऽपि बाढम् ।
पुष्यन्ति तान्जडधियो हृदयालये ये, तेषां प्रसीदति कथं जगतामधीशः ॥१॥

અર્થ—મહાન્ બળવાન્ એવા પણ જે રાગાદિક શત્રુઓનો જીનેંદ્ર ભગવાને અત્યંત પરાજય કર્યો છે, તેઓને જે જડ બુદ્ધિઓ પોતાના હૃદય ભવનમાં વાસ આપી પુષ્ટ કરે છે તેઓની ઉપર જગત્પતિ પરમાત્મા કેવી રીતે પ્રસન્ન થાય ! અર્થાત્ પોતાના અકૃત્યને લીધે ધર્મ વિમુખ થઇ દુર્જનોની સંગમાં રખડે છે. આ સંબંધી અપૂર્વ વિવેચન વીરકુમારના દૃષ્ટાંતથી દર્શાવવામાં આવ્યું છે. વળી વેશ્યા તેમજ અન્યની રાખેલી સ્ત્રી તરફ જે ગમન કરે છે તે આ વ્રતમાં પ્રથમ અતીચાર ગણાય છે. તે ઉપર વજ્રની કથા આપેલી છે, તેમજ બીજા અતીચારમાં દુર્લભની કથા છે. કામક્રીડામાં આસક્ત થઈ જે મનુષ્ય વિલાસ સુખ ભોગવે છે તે ત્રીજો અતીચાર ગણાય અને તેની દૃઢતા માટે દુર્લભનું દ્રષ્ટાંત જણાવ્યું છે. અન્ય બાલક બાલિકાઓના વિવાહમાં ધર્મ માની જેઓ તેવા પ્રકારનો અસદ્ વ્યવહાર અંગીકાર કરે છે તેઓને અતિચાર લાગે છે તેમાં દુર્ગનું દૃષ્ટાંત આપી સરલ અને અસરકારક વિવેચન કર્યું છે. તેમજ નવીન નવીન વસ્તુઓમાં નિઃસીમ અભિલાષા કરવી તે પાચમો અતીચાર જાણવો, અને તેના સેવનથી અપાર દુઃખો ભોગવવાં પડે છે માટે તીવ્ર અભિલાષાનો સર્વદા ત્યાગ કરવો, હૃદયના સંતોષ સિવાય તૃષ્ણાની શાંતિ થતી નથી. તેમજ કહ્યું છે કે—

आकाङ्क्षितानि जन्तूनां, सम्पद्यन्ते यथा यथा ।

तथा तथा विशेषाप्तौ, मनो भवति दुःखितम् ॥ १ ॥

અર્થ—જેમ જેમ પ્રાણીઓના ઇષ્ટ મનોરથ સિદ્ધ થાય છે, તેમ તેમ તેઓનું મન વિશેષ અર્થની પ્રાપ્તિમાં દોડે છે અને પરિણામે બહુ દુઃખી થાય છે. વળી તેઓના વિચાર તરંગો હૃદય સાગરમાં ઉત્પત્તિ, સ્થિતિ અને લયભાવને પામ્યા કરે છે. જેમકે—

रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं, भास्वानुदेष्यति हसिष्यति पङ्कजश्रीः ।
इत्थंविचिन्तयति कोशगते द्विरेफे, हा ? मूलतः कमलिनीं गजउज्जहार ॥१॥

અર્થ—સૂર્યનો અસ્ત થવાથી બીડાઇ ગયેલ કમલની અંદર બંધાઈ

ગયેલો ભ્રમર વિચાર કરવા લાગ્યો કે રાત્રી ચાલી જશે, પ્રભાતકાળ પ્રગટ થશે, સૂર્યનો ઉદ્યોત સર્વત્ર આનંદ આપશે અને કમલની શોભા પણ ઉત્તમ પ્રકારે વિકાસ પામશે એટલે મ્હારૂં બંધન છુટી જશે એમ તે પોતાનો મનોરથ સંભાવતો હતો તેટલામાં દૈવયોગે ત્યાં હસ્તી આવ્યો અને તત્કાળ તે કમલની વેલીને મૂળમાંથી ખેંચી લીધી. આ વાક્યાર્થનું તાત્પર્ય માત્ર એ છે કે આ ભ્રમરની માફક મનુષ્યોની તીવ્ર અભિલાષાઓ નિષ્ફળ નીવડે છે, વળી ઇંદ્રિયો રૂપી અશ્વોથી વહન કરાતો અને તૃષ્ણા રૂપી પ્રબલ સારથિએ ચલાવેલો મનોરથ રૂપી ઉત્તમ રથ છે, જેની અંદર આરૂઢ થયેલું આ સર્વ જગત્ જન્મ મરણ રૂપી પંથમાં વારંવાર ભમ્યા કરે છે. ધન, જીવિત, સ્ત્રી, પુત્ર અને ભોગાદિકને વિષે ઇચ્છાનુસાર તૃપ્તિ પામ્યા શિવાય સર્વ પ્રાણીઓ દેહ છોડી ચાલ્યા ગયા, તેમજ વર્તમાન કાલમાં તેવી સ્થિતિ જોવામાં આવે છે અને ભવિષ્યમાં પણ તેજ પ્રમાણે ચાલ્યા જશે. માટે સદ્બુદ્ધિનો ઉપયોગ કરી સમજવું કે અત્યંત અભિલાષા ભવાંતરમાં પણ મુંઝવાની માફક બહુ દુઃખદાયક થાય છે. તે સંબંધ સ્પષ્ટ રીતે પ્રતિપાદન કરવામાં આવ્યો છે.

સ્થૂલ પરિગ્રહ એટલે સ્થૂલ કોઈપણ વસ્તુનો સંગ્રહ કરવો તે સ્થૂલ પરિગ્રહ વ્રત કહેવાય. હવે આ વ્રતનો નિયમ કરવો કે અમુક વસ્તુનો અમુક અંશે પરિગ્રહ કરવો અને અન્યનો ત્યાગ એમ નિયમ કરવો તે સમ્યક્ત્વધારી શ્રાવકને ઉચિત છે. આ પરિગ્રહનું પ્રમાણ જેમ જેમ સ્વલ્પ હોય તેમ તેમ અધિક ફલદાયક થાય છે. કેટલાક શંકા કરે કે પરિગ્રહ–ઉપયોગી વસ્તુ રાખવામાં દોષની કલ્પના શા માટે કરવી ? અને પરિગ્રહમાં તેવાં ક્યાં દૂષણો રહેલાં છે ? તેના જવાબમાં અન્ય શાસ્ત્રકારો પણ લખે છે કે—

> क्रीडोद्यानमविद्यानां, वारिधिर्व्यसनाम्भसाम् ।
> कन्दस्तृष्णामहावल्ले-रेक एव परिग्रहः ॥ १ ॥

અર્થ—આ દુનીયામાં અવિદ્યાઓના વિલાસ માટે ઉદ્યાન સમાન, વ્યસન રૂપી જલના સમુદ્ર સમાન, તેમજ તૃષ્ણા રૂપી મ્હોટી વેલડીના કંદ (મૂલ) સમાન એક પરિગ્રહ જ ગણવામાં આવ્યો છે. તેમજ—

> प्रत्यर्थी प्रशमस्य मित्र मधृते-,र्मोहस्य विश्रामभूः,
> पापानां खनिरापदां पदमस-,द्ध्यानस्य लीलावनम् ।

व्याक्षेपस्य निधिर्मदस्य सचिवः, शोकस्य हेतुः कलेः,
केलीवेश्म परिग्रहः परिहृते-,र्योग्यो विविक्तात्मनाम् ॥ १ ॥

અર્થ—પ્રશમ-શાંતિ ગુણનો એક કટ્ટો દુશ્મન, અધૈર્યનો ખાસ મિત્ર, મોહ રાજાને વિશ્રાંતિનું સ્થાન, પાપ રાશિની જન્મભૂમિ, આપત્તિઓનું મુખ્ય સ્થાન, અસદ્ધ્યાનનું ક્રીડાવન, વ્યાક્ષેપનો ભંડાર, મદનો સચિવ-પ્રધાન, શોકનો મુખ્ય હેતુ, તેમજ કલિનો એકક્લિષ્ટાવાસરૂપ પરિગ્રહનો વિવેકી પુરૂષોએ પરિહાર કરવો. આ પ્રમાણે પરિગ્રહ વધારવામાં અનેક દોષ પ્રગટ થાય છે. તે સંબંધી મૂલ ગ્રંથકારે સારી રીતે વિવેચન આપ્યું છે. તે ઉપર સેચન શ્રેષ્ઠીની કથા આપી છે. વળી તે બાહ્ય પરિગ્રહ દશ પ્રકારનો કહ્યો છે. જેમકે—

क्षेत्रं वास्तु धनं धान्यं, कुप्यं शयनमासनम् ।
द्विपदः पशवो भाण्डा-बाह्या दश परिग्रहाः ॥ १ ॥

અર્થ—ક્ષેત્ર, જમીન, વાસ્તુ-ગૃહ, ધન, ધાન્ય, કુપ્ય-સોનુ રૂપુ, શયન, આસન, દ્વિપદ-માનવાદિક, ચતુષ્પદ અને પાત્ર એમ દશ પ્રકારનો બાહ્ય પરિગ્રહ કહ્યો છે. તેઓ તરફની મૂર્છાનો જેમ બને તેમ ત્યાગ કરવો, વળી આ વ્રતની દઢતા માટે પાંચ અતિચારો ઉપર અનુક્રમે નવધન, ભરત, દેહલ, દુર્લભ અને માનદેવ વણિક્‌ની કથાઓ આપવામાં આવી છે. જેથી દરેક અતીચારોનું સ્વરૂપ સુગમ રીતે સમજાય તેમ છે.

છઠ્ઠું દિગ્પરિમાણ વ્રત છે. દરેક દિશાઓમાં અમુક મર્યાદા સુધી પ્રયાણ કરવું એ પ્રમાણે જે નિયમ રાખવો તે દિગ્પરિમાણુ વ્રત કહેવાય. તેમાં નવધન શ્રેષ્ટીની કથા આપી છે અને પાંચ અતીચારોની કથાઓ ભિન્ન ભિન્ન દૃષ્ટાંતે સાથે આપવામાં આવી છે.

સાતમું ભોગ પરિભોગ વિરમણ વ્રત જાણવું. ભોગ એટલે જે વસ્તુનો વારંવાર ઉપયોગ કરવામાં આવે તે ભોગ અને જેનો એકજવાર ઉપયોગ થઇ શકે તેવા પદાર્થોને પરિભોગ કહેવામાં આવે છે. હવે બન્નેનો પરિહાર કરવો તે ભોગોપભોગવિરમણુ વ્રત કહેવાય, તેની વિરતિ સબંધી વિશ્વસેન શ્રેષ્ટીની કથા આપી છે. વળી આ વ્રતના અંગમાં મદ્ય, માંસ, દ્યૂત અને રાત્રિભોજ-

નો સર્વથા ત્યાગ કરવો અને તેઓમાંથી કોઇ વસ્તુનું પણ સેવન કરવાથી અતીચાર લાગે છે. તેમજ મદ્યાદિકના ત્યાગ સંબંધી જણાવ્યું છે કે—

न ग्राह्याणि न देयानि, पञ्च द्रव्याणि पण्डितैः ।
अग्निर्विषं तथा शस्त्रं, मद्यं मांसञ्चपञ्चमम् ॥ १ ॥

અર્થ—પંડિત પુરૂષોએ અગ્નિ, વિષ, શસ્ત્ર, મદ્ય અને માંસ એ પાંચ વસ્તુઓ કોઇ પાસેથી લેવી નહીં, તેમજ આપવી પણ નહીં. વળી રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કરવો, રાત્રિ ભોજનનો સમય મતાંતરમાં પણ બતાવ્યો છે કે—

दिवसस्याऽष्टमे भागे, मन्दीभूते दिवाकरे ।
नक्तं तद्धिविजानीया—न्न नक्तं निशिभोजनम् ॥ १ ॥

અર્થ—દિવસના આઠમા ભાગમાં સૂર્યનું તેજ મંદ થયે છતે નકત કાલ જાણવો અને તે નકત ભોજન રાત્રિભોજન ગણાય છે માટે તે નકત ભોજનનો પરિહાર કરવો, વળી જેઓ એક દિવસ, પક્ષ, માસ, ચતુર્માસ, ૭ માસ કે એક વર્ષ સુધી રાત્રિ ભોજનનો ત્યાગ કરે છે, તેઓ પણ વૈષ્ણવ મતમાં બહુ પુણ્યશાળી ગણાય છે. તેમજ વળી કહ્યું છે કે—

नोदकमपिपातव्यं, रात्रावत्र युधिष्ठिर ? ।
तपस्विना विशेषेण, गृहिणाऽपि विवेकिना ॥ १ ॥

અર્થ—હે યુધિષ્ઠિર ! આ લોકમાં દુર્લભ એવો મનુષ્ય ભવ પામીને તપસ્વિએ વિશેષે કરીને રાત્રિના સમયે જલપાન પણ કરવું નહીં, તેમજ વિવેકધારી ગૃહસ્થે પણ તે પ્રમાણે વર્ત્તવું. સૂત્રોક્ત વિધિ પ્રમાણે રાત્રિભોજનનો ત્યાગી એવો જે મનુષ્ય અવસાન ગતિ પામે તો તે અનશન વ્રતનું ફલ મેળવે છે. વળી જેઓ રાત્રિભોજનનો સર્વદા ત્યાગ કરે છે તેઓ જન્માંતરમાં અતુલ વૈભવવાળા વૈમાનિક દેવ જાતિમાં ઉત્પન્ન થાય છે તેમજ રાત્રિના સમયે અન્ય કાર્યોનો પણ નિષેધ કર્યો છે જેમકે—

नैवाहुतिर्न वा स्नानं, न श्राद्धं देवतार्चनम् ।
दानं वा विहितं रात्रौ, भोजनं तु विशेषतः ॥ १ ॥

અર્થ—રાત્રીના સમયે અગ્નિહોમ ન કરવો, તેમજ સ્નાન, શ્રાદ્ધક્રિયા,

દેવપૂજન, વિધિપૂર્વક દાન અને વિશેષે કરી ભોજન તો કરવુંજ નહીં. વળી જેઓ આ વ્રત ગ્રહણ કરીને વિરાધના કરે કિંવા અતિચાર સેવે તેઓ કિલ્બિષિક દેવપણે ઉત્પન્ન થાય છે તેમજ તેઓ દુર્લભ બોધી થાય છે એમ સમજી દત્ત વણિકે રાત્રિ ભોજનનો સર્વથા પરિહાર કર્યો, જેથી જન્માંતરમાં સુખી થયો. માટે અન્ય શ્રાવકોએ પણ નિરતિચાર વ્રત પાળવું.

આઠમું અનર્થ દંડ વિરમણ વ્રત કહ્યું છે તેમાં વિમલ શ્રેષ્ઠીની કથા દર્શાવી છે વિમલે યતના પૂર્વક આ વ્રતની નિરતીચાર આરાધના કરી તેનું ફલ તેણે ઉત્તમ પ્રકારે મેળવ્યું અને સહદેવ તેના પ્રસંગમાં હતો પરંતુ સ્વેચ્છાચારી થઇ પ્રવૃત્તિ કરવાથી બહુ દુઃખી થયો તે બાબત તેની કથા ઉપરથીજ સ્પષ્ટ થાય છે તેના અતિચારો પૃથક્ પૃથક્ દૃષ્ટાંત સાથે મિત્રસેન વિગેરેના સંબંધથી વર્ણવ્યા છે. હવે નવમું સામાયિક વ્રત–સામાયિક એટલે બે ઘડી સુધીનો સમય. જે સમયમાં મન, વચન અને શારિરીક સંયમથી સ્વાધ્યાય કરવો. સમભાવમાં રહીને સામાયિક કરવું. જેમકે—

सामाइयं कुणंतो, समभावं सावओ घडिअदुगं ।
आउं सुरेसु बंधइ, इत्ति अमित्ताइँ पलिआइं ॥ १ ॥

અર્થ—માત્ર બે ઘડી સમભાવમાં રહી સામાયિક કરતો શ્રાવક તેટલા પલ્યોપમ સુધી દેવતાઓનું આયુષ્ય બાંધે છે વળી સામાયિક લઇ દુર્ધ્યાન કરવું નહીં, માત્ર સ્વાધ્યાય જ કરવો. કારણકે—

सावद्यं दलयत्यलं प्रथयते, सम्यक्त्व शुद्धिं परां,
नीचैर्गोत्रमथः करोति कुगते-,श्छिद्रं पिधत्ते क्षणात् ।
सद्ध्यानं चिनुते निकृन्तति ततं, तृष्णालतामण्डपं,
स्वस्थ सिद्धिसुखं करोति भविना-,मावश्यकं निर्मितम् ॥ १ ॥

અર્થ—ભવ્ય જીવોએ આચરેલો કરેલો સ્વાધ્યાયવિધિ સાવદ્ય-પાપ કાર્યનું સર્વથા દલન કરે છે, ઉત્તમ પ્રકારે સમ્યક્ત્વની શુદ્ધિને વિસ્તારે છે, નીચ ગોત્રનો તિરસ્કાર કરે છે ક્ષણમાત્રમાં. કુગતિના દ્વારને બંધ કરે છે, સદ્ધ્યાનને એકઠું કરે છે અને વિસ્તાર પામેલા તૃષ્ણારૂપી લતા મંડપનો છેદન કરે છે અથવા શું કહેવું [illegible] એવા સિદ્ધિ સુખને પણ પોતાને સ્વાધીન કરે છે [illegible] સામાયિક [illegible] સ્થિર ચિત્તે સ્વાધ્યાયજ કરવો, તે

ના નાગદત્તના સંબંધ વડે દર્શાવેલ છે. વળી સામાયિકમાં બેસીને મનની
દર દુષ્પ્રણિધાન કરવું નહીં, કારણ કે તેથી અતીચાર (દોષ) લાગે, તે
બેથી માન વણિકની કથા આપી છે, તેમજ બાકીના અતિચારોનું સ્વરૂપ
નાવી દરેકના દ્રષ્ટાંત સવિસ્તર દર્શાવ્યાં છે, જેથી કોઈ પ્રકારે શંકાને સ્થાન
હેતું નથી. હવે અતિથિ સંવિભાગ એટલે દરેક શ્રદ્ધાવંત ગૃહસ્થ જનોએ
તાને ત્યાં બનતી રસોઈમાંથી અતિથિ નિમિત્તે વિભાગ કાઢવો જોઇએ.
અતિથિઓને આવતા જોઇ બહુ આદર પૂર્વક યથાયોચિત ભોજન વડે ભક્તિ
રવી એ ગૃહસ્થાશ્રમનો ધર્મ છે, વળી તે અતિથિનું સ્વરૂપ કેવું હોય છે ?
ानक्रियाभ्यां मोक्षः આ વાક્યને અનુસરી કેવલજ્ઞાનવાન્ કિંવા ક્રિયાથી
હીં, પરંતુ ઉભયના અવલંબી હોય તેઓ અતિથી કહેવાય. તેમજ અન્યત્ર
ણ કહ્યું છે કે—

तिथिपर्वोत्सवाः सर्वे, त्यक्ता येन महात्मना ।
अतिथिं तं विजानीया-च्छेषमभ्यागतं विदुः ॥ १ ॥

અર્થ—જે મહાત્માએ સમભાવમાં રહીને દરેક તિથીઓ, પર્વો કે ઉત્સવોનો ત્યાગ કર્યો હોય તેવા ત્યાગી પુરૂષને અતિથિ જાણવા, તે સિવાય અન્યને અભ્યાગત જાણવો. આ ઉપરથી ઉત્તમ ચરિત્રધારક મુનિને જ અતિથિ સમજવા અને તેમની ભક્તિ વસ્ત્ર, પાત્ર અને પુસ્તકાદિવડે અનેકધા શાસ્ત્રકારોએ બતાવી છે, તે પ્રમાણે શાંતિમતી શ્રાવિકાએ ભક્તિવડે પોતાનો જન્મ સફલ કર્યો છે કેટલીક તેને વિપત્તિઓ આવી પડી છે છતાં તેણીએ દ્દઢ ભક્તિ ભાવમાં સ્વકર્ત્તવ્ય સિદ્ધ કર્યું છે. વળી એવી ભક્તિ નહીં કરવી કે માત્ર અન્યનું અનુકરણ જ થાય, કિંવા અન્યની ભક્તિ જોઇ ઈર્ષ્યાને લીધે ક્લિષ્ટ ભાવથી ભિક્ષા દાન દેવું, આ પ્રમાણે પ્રવૃત્તિ કરવાથી અતીચાર દોષ લાગે છે વિગેરે ઘણી બાબત જાણવા જેવી છે. તેની મૂળકારે એવી ઘટના કરી છે કે વાચકોને કંઇપણ અગમ્ય રહે તેમ નથી. આ પ્રમાણે શ્રીમાન્ સુપાર્શ્વનાથ ભગવાને દાનવીર્ય રાજાને ઉદ્દેશી બાર વ્રતની વ્યાખ્યા કરીને અંતિમ ભાગમાં પોતાનું અવસાન જાણી સંલેખનાનું સ્વરૂપ બતાવ્યું છે. બાર વ્રતધારી એવા શ્રાવકે પણ અંત સમયે સમાધિ મરણ માટે વિધિ પૂર્વક સંલેખના કરવી જોઇએ. આ સંલેખના ઉત્કૃષ્ટ અને જઘન્ય એમ બે

પ્રકારની છે. ઉત્કૃષ્ટનો અવધિ બાર વર્ષનો છે. તે ભિન્ન ભિન્ન તપશ્ચર્યા વડે બતાવ્યો છે વળી અહીં જે ક્રમ લેવામાં આવ્યો છે તેથી અન્ય ગ્રંથોમાં કેટલીક પ્રક્રિયા ભિન્ન સ્વરૂપે બતાવી છે. ઉક્ત પ્રકારે સંલેખનાનું આરાધન કરી શ્રી મલયચંદ્ર શ્રેષ્ઠીએ સ્વર્ગસુખ પામીને પશ્ચાત્ મોક્ષ સુખ મેળવ્યું. આ પ્રમાણે દાનવીર્ય રાજાને વિધિપૂર્વક શ્રાવક ધર્મનો ઉપદેશ આપી ભગવાન્ નંદિવર્ધન નગરમાંથી વિહાર કરી શત્રુંજયાદિક તીર્થ, ગ્રામ, નગરાદિકમાં સમવસરીને ભવ્ય જનોને દીક્ષા આપતા છતા વિચરવા લાગ્યા. ત્યારબાદ પોતાનો નિર્વાણ સમય નજીક જાણી સંમેતશિખર ઉપર માસિક અનશન વ્રત લીધું અને પલ્યંકાસને સ્થિર રહી પોતે નિશ્ચલ ધ્યાને મોક્ષ પદ પામ્યા. વગેરે રસિક તત્ત્વો આ મુળ પ્રબંધમાં બહુ વિસ્તારથી જોવાશે.

અનાદિ અનંત એવા આ અતિ વિષમ સંસાર ચક્રમાં વારંવાર જન્મ મરણને ધારણ કરતો જીવાત્મા આ દુનિયામાં આવ્યો, એટલે ' તે ભયંકર સાગરમાં પડયો ' એમ કહેવા કરતાં તે ' સંશય સાગરમાં પડ્યો, ' તેમ કહેવું વધારે બહેતર છે; કેમકે આવો ભુલો પડેલો આત્મા વસ્તુતઃ શ્રદ્ધા-હીન—સમ્યક્ દર્શનથી વિમુખ રહે છે ત્યાં સુધી અજ્ઞાન સાગરના પ્રચંડ તરંગોમાં તણાયા કરે છે. મતલબ કે સંસારનો વાસ્તવિક અર્થ ' સંશય ' એમ જો જાણવામાં આવે તો ભવ્યાત્માઓ વિના પ્રયાસે—સુખપૂર્વક આત્મજ્ઞાનની શ્રેણીનો આશ્રય લઈ શકે છે. જ્યારે સમ્યક્જ્ઞાનના અભાવવાળો મૂઢ પ્રાણી ચિરકાળ પર્યંત સંશય જાળમાં જ ગુંચવાઈને ગોથાં ખાધા કરે છે. સત્ય અને અસત્ય, સન્માર્ગ અને કુમાર્ગ, અનુકૂલ કે પ્રતિકૂલ, સુખ કે દુઃખ, પુણ્ય કે પાપ, ધર્મ કે અધર્મ, જીવ કે અજીવ, સ્વર્ગ કે નરક, સંસાર કે મોક્ષ વિગેરે દ્વંદ્વ—જોડલાઓનો તાત્વિક બોધ નહીં હોવાથી અંધ અથવા ત્રિદોષ જ્વરના આવેશમાં આવી પડેલા કોઈ એક નાવિકની નૌકા સમાન તે મુગ્ધાત્માની જીવન નૌકા સંસાર સાગરની યાત્રા પ્રસંગે વિવિધ પ્રકારનાં દુઃખ તેમજ અનેક વિઘ્નરૂપ શિલાઓના આઘાતને પુનઃ પુનઃ તે સહન કરે છે. વળી પોતાનાં સંચિત પ્રારબ્ધ કર્મોના અનુસારે ગર્ભાવાસમાં તીવ્ર વેદનાઓ અનુભવતો જીવાત્મા ગર્ભનો સમય પૂર્ણ થયા બાદ જન્મ ધારણ કરે છે, ત્યારે તેની અપૂર્વ આત્મશક્તિ ઇંદ્રિયો દ્વારા એ કાર્યક્રમમાં જાગ્રત થાય છે, તેમાં મુગ્ધતાએ પ્રથમ પોતાની માતાનુંજ તેને જ્ઞાન થાય છે કે

થી દરેક કાર્યમાં તેનુંજ સ્મરણ કરે છે. ભુખ લાગે ત્યારે મા ! તૃષા લાગે તરતજ મા ! અન્ય કોઇ દુઃખનો સંભવ થાય તો મા ! ઠંડી લાગે તોપણ ! તેમજ જો કાંઇ અસહ્ય આપત્તિ આવી પડે તેના ઉદ્ધાર માટે દીનમુખે તા, માતા અને માતાનુંજ તે સ્મરણ કરે છે, કેમકે તે સમયે તેના પ્રેમનું ખ્ય સ્થાન માતા જ હોય છે, તેથી પોતાના સર્વ મનોરથ સિદ્ધ કરવામાં ર્ણ શક્તિવાળી માતાને જ તે સર્વસ્વ માને છે. ધારણ, પોષણ, લાલન ને પાલન કરવામાં સામર્થ્યવાળી માતાને જ મુખ્યતાએ જાણે છે એટલુંજ હીં પરંતુ આ દુનિયામાં જો કોઇપણ મહાન્ શક્તિવાળું હોય તો તે માતા છે અન્ય કોઇ નથી એમ તેના જાણવામાં આવે છે. વળી કોઈ વેરબુદ્ધિથી તાને મારવા આવે કિંવા નેત્રાદિકના વિકાર સાથે બીવરાવે છે ત્યારે તે ય પામીને પોતાનું ખાસ શરણ માની માતાની ગોદમાં છુપાઇ જાય છે ળી તે એમ જાણે છે કે ત્રણ ભુવનમાં માતા સમાન અન્ય કોઇ રક્ષક છેજ હીં, પરંતુ જેમ જેમ તે બાલ્યાવસ્થાનો ત્યાગ કરી અધિક જ્ઞાન શક્તિને ળવે છે તેમ તેમ તેની પ્રાથમિક પ્રવૃત્તિ કેવલ અજ્ઞાન મૂલક જ છે એમ ને સમજાય છે. તે સમયે તેને જ્ઞાન થાય છે કે અહો ! હું જેનો મુખ્ય આધાર રાખુ છું તે માતા પણ મ્હારા પિતાની આજ્ઞા પ્રમાણે પ્રવૃત્તિ કરતી તેમની સેવામાં તત્પર રહે છે એટલુંજ નહીં પરંતુ તેમનાં શિક્ષા વચન પણ પોતાનું કર્તવ્ય સમજી તે મૌન રહીને અંગીકાર કરે છે અને છાયાની માફક તેમની સેવામાં હાજર રહે છે. વળી તે પોતાના મનમાં વિચાર કરે છે કે જે પરમ કૃપાળુ માતા દરેક સંકટ સમયમાં મ્હને વક્ષઃસ્થળમાં દબાવીને ધીરજ આપે છે તેના કરતાં પણ પિતાશ્રી તો બહુ સમર્થ છે. તેમની શક્તિ અતિ અદ્‌ભુત પ્રકારની છે. એમ જાણ્યા પછી કેટલોક સમય વ્યતીત થતાં કંઇક અધિક જ્ઞાનનો પ્રકાશ થવાથી તે જ્ઞાન પણ તેનું પલટાઇ જાય છે અને તે જાણે છે કે આ મ્હારૂં મંતવ્ય ભ્રાંતિમય છે. કારણ કે ઘરની અંદર છોકરાં છૈયાં વિગેરે પર અમલ ચલાવતા પિતા પણ રાજ સત્તાની કંઈ પણ આજ્ઞા મળતાં તત્કાળ તેને આધિન થાય છે. એ જોવાથી તે સમજી જાય છે કે માતા–પિતા કરતાં પણ લોકમાં રાજ સત્તાનો અધિકાર બળવાન છે. આ પ્રમાણે એક પછી એક ચડતી સત્તાનો ખ્યાલ ઉમર વધતાં થતો જાય છે. અને અંતે તેજ બાળક મટીને પુરૂષ થતાં રાજાઓથી

પણ ચડતી સત્તા (રાજાનો રાજા) દેવાધીદેવ છે તેમ કોઈ પણ રાજવીને પ્રભુ સન્મુખ શીર ઝુકાવતો જોઇને સમજણ પડે છે. ભગવદ્ ગીતામાં પણ કહ્યું છે કે—

चतुर्विधा भजन्ते मां, जनाः सुकृतिनोऽर्जुन ?।
आर्तो जिज्ञासुरर्थार्थी, ज्ञानी च भरतर्षभ ? ॥ १ ॥

અર્થ—" ભરતવંશમાં ચૂડામણિ સમાન એવા હે અર્જુન ? આ જગતની અંદર વ્યાધિથી ઘેરાયેલો, વિશેષ જીજ્ઞાસુ, અર્થની આકાંક્ષાવાળો અને જ્ઞાની એમ ચાર પ્રકારના જીવાત્માઓ મ્હારૂં ભજન કરે છે, " આ ઉપરથી સિદ્ધ થાય છે કે આ દુનિયામાં અખંડ શક્તિમાન્ અને સમગ્ર ઐશ્વર્યવાન્ કેવલ પરમાત્માજ છે. પરમાત્મ શક્તિનો ખ્યાલ થયા પછી બુદ્ધિની પક્વતાના પ્રમાણમાં મનુષ્યને પરમાત્મ સ્વરૂપ ઓળખતાં ભિન્ન ભિન્ન દાર્શનિક ચર્ચા ઉપરથી જગત્ અને પ્રભુના સ્વરૂપમાં તેમજ અન્ય સૂક્ષ્મ તત્ત્વોના વિચારમાં અનેક સંશય તથા તર્ક વિતર્કના ઉહાપોહ પ્રગટ થાય છે અને તે તરફ તેનું લક્ષ અધિક ખેંચાય છે. જેમકે પરમ દયાલુ પરમાત્મા રૂપી છે કે અરૂપી ! હવે જો તે અરૂપી હોય તો વિકારાતીત, નિરાકાર અને અદૃશ્ય જ તે કરે છે, તો પછી તેના અસ્તિત્ત્વમાં શું પ્રમાણ ? પ્રાચીન કાળમાં આપણે કેટલીક વાર ગર્ભવાસનું દુઃખ અનુભવ્યું ? તે સંબંધી બીલકુલ ભાન હોતું નથી તો પછી સંસાર ચક્રમાં વારંવાર ભ્રમણ કરતા પ્રાણીનો પુનર્જન્મ થાય તેથી તેને શી ચિન્તા ? કિંવા નવીન ઉત્પન્ન થાય તેથી હાનિ પણ શી ? વળી પૂર્વ સંચિત કર્મોના અનુસારેજ જીવોને શુભાશુભ બુદ્ધિ તેમજ સુખ દુઃખાદિક સામગ્રી પ્રાપ્ત થતી હોય તો જે પ્રાણીનું પ્રથમજ આ ભવાટવીમાં આગમન થયું હોય તેને પૂર્વનાં સંચિત કર્મો વિના તે શુભાશુભ બુદ્ધિ પણ ક્યાંથી હોય ? તેમજ સુખ, દુઃખ, શોક, મોહ અને આદિક ભાવનાઓ શાથી પ્રગટ થાય ? આ પ્રમાણે જગતને સંશય રૂપ તરંગો તેના હૃદયસાગરમાં ઉછળી રહે છે, જેથી તેની મનોવૃત્તિ રૂપ નૌકા પણ ક્ષણ માત્ર સ્થિર રહેતી નથી અને ઉત્તરોત્તર તેના વધતા નવીન નવીન તર્કને પામે છે. વળી [illegible] જ્ઞાનનો પ્રકાશ તેના હૃદયમાં

સ્થિર થતો નથી, જેથી પ્રાથમિક જ્ઞાનને અસત્ય અને પશ્ચાત્ ઉદ્ભવેલા જ્ઞાનને સત્ય તરીકે માને છે. પરંતુ પૂર્વાપર તર્ક-વિતર્કોની પરંપરાથી તે વિરામ પામતો નથી અને હમ્મેશાં નૂતન વિચાર શ્રેણીમાં ધસડાયા કરે છે. આ પ્રમાણે સાંસારિક કાર્યોમાં મૂઢ બનેલો જીવાત્મા સત્ય સિદ્ધાન્તના વચનામૃતોનો ભોગી થતો નથી.

એતો સ્વાભાવિક છે કે બાલ્યાવસ્થામાં રંગ બેરંગી કાચનો એક ટુકડો કિંવા મણિરત્ન દૃષ્ટિગોચર થવાથી તે બન્નેમાં તાત્વિક ભેદના અનુભવની ગેરહાજરીથી બાળ જીવને બન્ને સરખોજ આનંદ આપે છે. પરંતુ જ્યારે તે જ્ઞાનદશામાં આવે છે ત્યારે તેને કાચ અને હીરાનું સત્ય સ્વરૂપ સમજાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે—

मणिर्लुठतु पादाग्रे, काचः शिरसि धार्यताम् ।
परीक्षकहस्तगते, काचः काचो मणिर्मणिः ॥ १ ॥

અર્થ—" અજ્ઞાત દશામાં ચરણના અગ્ર ભાગમાં મણિરત્નનું આભૂષણ ધારણ કરે કિંવા સુશોભિત કાચ ખંડને ચૂડામણિના સ્થાનમાં મસ્તકે ધારણ કરે તેથી કંઇ મણિની હાની થતી નથી, પરંતુ પરીક્ષક-જ્ઞાનીના હસ્તમાં આવવાથી કાચ તે કાચ અને મણિ તે મણિરૂપે ઓળખાય છે." તેમજ

काकः कृष्णः पिकः कृष्णः, को भेदः पिककाकयोः ।
वसंतसमये प्राप्ते, काकः काकः पिकः पिकः ॥ १ ॥

અર્થ—" કાક અને કોયલ એ બન્નેનું સ્વરૂપ શ્યામ હોય છે. સ્વરૂપથી તે બન્નેનો કોઇપણ પ્રકારે ભેદ જણાતો નથી; પરંતુ જ્ઞાની પુરુષો વસંત ઋતુમાં પંચમ નાદ પ્રગટ કરવાથી કાક અને કોયલનો વિભેદ સ્પષ્ટ રીતે જાણી શકે છે." એમ અજ્ઞાન દશામાં પ્રાણીઓને સત્ય તત્ત્વનું યથાર્થ જ્ઞાન હોતું નથી, એ સ્વાભાવિક છે એમ છતાં વ્યાવહારિક પદાર્થોમાં જેમ જેમ જીવાત્મા નિપુણતા મેળવતો જાય છે તેમ તેમ મણિ, સુવર્ણ વગેરેનું સ્વરૂપ સમજી પ્રાચીન માન્યતાને ભ્રમમૂલક સમજે

છે, વળી જ્યાંસુધી પ્રાણી અજ્ઞાનને લીધે મૂઢતાને છોડતો નથી. તાવત્ પર્યંત કાર્યાકાર્યનો વિવેક તે સમજી શકતો નથી. કહ્યું છે કે—

। काचं मणिं काञ्चनमेकसूत्रे, ग्रथ्नन्ति मूढाः किमुतत्रचित्रम् ।
विवेकवान्पाणिनिरेकसूले, श्वानं युवानं मघवानमाह ॥ १ ॥

અર્થ—“અરે ! અજ્ઞાન જાળમાં ગુંચવાયેલા મૂઢ લોકો કાચ, મણિ અને સુવર્ણને એક સૂત્રની અંદર પરોવે તેમાં શું આશ્ચર્ય ? અર્થાત્ એમાં કંઇ આશ્ચર્ય માનવા જેવું નથી. કારણકે વિવેકી-બુદ્ધિમાન્ એવા પાણિની આચાર્યે પણ એક સૂત્રમાં શ્વાન્, યુવાન્, અને મઘવન્-ઇંદ્રનો પાઠ રચ્યો છે, શું આ ત્રણેની એક સાથે રહેવાની યોગ્યતા ગણાય ખરી ? આ ઉપરથી કહેવાનું તાત્પર્ય એ છે કે પ્રમા જ્ઞાનના અભાવમાં સંશયિત બુદ્ધિ થતી નથી. એમ છતાં દૈવયોગે કદાચિત્ સમ્યક્ વિવેકનો લાભ થાય તો તે જીવાત્માને આ લોકમાં ચક્રવર્તીના રાજ્ય સમાન સુખો પણ અસાર ભાસે છે અને પરમાર્થ સુખનાં સાધન તેમજ અવિચલ સંપદાઓ કોઇ અપૂર્વ રૂપમાં જ તે જોઇ શકે છે, આવા ઉચ્ચસ્થાને પહોંચેલા જીવાત્માને અપર દશામાં ગણી શકાય ? વળી ચાર્વાકોનું મંતવ્ય એવું છે કે માત્ર ચક્ષુથી દેખાય તેજ સત્ય માનવું.” એ સિદ્ધાંતનું અવલંબન કરી જો પ્રવૃત્તિ કરવામાં આવે તો તે પ્રાણીની સ્થિતિ પણ પૂર્વોક્ત સિદ્ધાંતના સમાનજ થાય છે.

વળી જગતચક્ષુ-સૂર્ય દરરોજ નિયમિત પણે ઉદયાચલના શિખરમાંથી નીકળી પશ્ચિમ તરફ પ્રયાણ કરતો દરેક લોકોના જોવામાં આવે છે પાશ્ચાત્ય લોકોની પદ્ધતિ પ્રમાણે શિક્ષણ અપાતી નિશાળોમાં કુમળી વયના બાલકો થોડો સમય અભ્યાસ કરે છે તેટલામાં તે શાળાઓના અસંસ્કારી શિક્ષકો પૂર્વોક્ત સત્ય સ્વરૂપનો અપલાપ કરી પોતાના ભ્રાંતિજન્ય મંતવ્યને સત્ય કરવા ભાગિરથ પ્રયાસ કરે છે અને કહે છે કે સૂર્ય કિંચિત્ માત્ર પણ ચાલતો નથી. પણ ગ્રહમંડલ હમ્મેશાં સ્થિર રહે છે. આ બાબતની શોધ આધુનિક શોધકોએ બરોબર કરેલ છે માટે અમે જે કહીયે છીએ તેજ સત્ય છે, પ્રાચીન લોકોનું માનવું ભૂલ ભરેલું સમજવું. વળી અમે અને તમે સર્વે આ ભૂમંડલની સાથે દરેક કલાકે એક હજાર માઇલની પૂર્વ

દિશાને ઉદ્દેશી મુસાફરી કરીએ છીએ. પરંતુ આપણને એમ ભાસે છે કે સૂર્ય મંડલ ફરે છે, વસ્તુતઃ તે ફરતું નથી એમ કેટલાક ઉપર ટપકે દાર્શનિક પ્રમાણો આપીને આ પોતાનો સિદ્ધાંત એવી રીતે સિદ્ધ કરે છે કે જેથી આપણાં તાત્વીક પ્રમાણો પણ તેઓનો ભ્રમ દૂર કરવા ઉપયોગી થતાં નથી. એટલુંજ નહિ પણ ઘણે સ્થળે આ પાશ્ચાત્ય સંસ્કારોથી વ્યવહાર નિપુણ લોકો આ યુક્તિઓની મુક્તકંઠે પ્રશંસા કરતા જોવાય છે. આ પ્રસંગે માત્ર તાર યંત્રનું દૃષ્ટાંત બસ છે. જ્યારે તારયંત્રની શરૂઆત થઇ ત્યારે પ્રથમ પ્રેક્ષકોના હૃદયમાં એમ નિશ્ચય થયો કે જ્યાં આગળ રેલગાડીના પાટાઓ હોય છે ત્યાં આગળ જ તે ગોઠવેલા તારો પોતાનું કાર્ય કરી શકે છે. કારણકે તેમાં વિદ્યુત્–દાહક શક્તિ રહેલી હોય છે એમ કેટલોક સમય વ્યતીત થયા બાદ કોઇ એક પુરૂષને શોધ કરતાં જણાયું કે વિદ્યુત્–દાહક શક્તિ પૃથ્વીમાંજ રહેલી છે, માટે દરેક ઠેકાણે તારયંત્ર ગોઠવી શકાય છે. આ ઉપરથી હાલમાં આપણે તપાસ કરી જોઇએ તો તારયંત્ર વિનાનો પ્રદેશ ભાગ્યેજ નજરે પડશે. વળી તે પછી આગળ વધી તારના દોરડા વીના હવા મારફત સંદેશા મોકલવાનું શરૂ થયું. ત્યારેજ હવાની વ્યવહાર શક્તિના દર્શાંતો પ્રજા સ્વીકારવા લાગી છે. બાકી ત્યાં સુધી આવી શાસ્ત્રોક્ત વાતોને આ અર્ધદગ્ધ વર્ગ હસી કાઢતો હતો. વળી વનસ્પતિમાં જીવ છે, હવા અને પાણીમાં જંતુ છે એ જૈનશાસ્ત્રના પ્રાચિન તત્વો તરફ હાંસી કરનારા પણ હવે તે સર્વે પ્રત્યક્ષ જોવાથી તેમના ભ્રમ ભાંગી ગયા છે. અને હજુપણ જેમ જેમ વર્તમાન યુગના તત્વજ્ઞો આગળ વધતા જશે તેમ તેમ તેમના શબ્દોમાં કહેવાતી નવી શોધખોળનો અંત તત્વજ્ઞોના પ્રાચીન પ્રમાણોને ઓળખે ત્યારે ખરો વસ્તુતઃ સમ્યક્જ્ઞાનના અભાવે વર્તમાન નિર્ણય તે સત્ય અને સંપૂર્ણ કહી શકાય નહિ.

હવે જમીન તત્વનો વિચાર કરીએ. કેટલાક પૃથ્વીમાં કંઇ રસ નથી તેમ ઉપલક દૃષ્ટિએ કહે છે. પરંતુ ખરીવાત એ છે કે આ દુનિયામાં જે જે રસો અનુભવવામાં આવે છે તે સર્વે અપેક્ષાએ પાર્થિવ જ ગણાય છે. દૃષ્ટાંત તરીકે એક આમલીનો કચુકો મુખમાં નાખીયે છીયે તો તેથી બીલકુલ ખટાશ લાગતી નથી, પરંતુ તેજ કચુકો પૃથ્વીમાં વાવવામાં આવે તો તે વૃક્ષરૂપ થઇ પૃથ્વીમાં રહેલા સર્વ રસોનું પૃથક્કરણ કરી માત્ર

તેમાંથી ખાટા રસનું જ આકર્ષણ કરે છે અને તે આમ્લરસ તેના ફળમાંજ આવે છે એમ નહીં; પરંતુ તેના પત્ર વિગેરેમાં પણ ઓતપ્રોત સ્થિતિ કરી અળગો થતો નથી. તેમજ શેરડીનું બીજ રોપવાથી સાંકારૂપ બની તે કેવળ મિષ્ટ રસનો જ ઉત્પાદક થાય છે. વળી મરચાંનું બી તીખારસનું આકર્ષણ કરે છે. કાયકાનું બી કડવાસનું આકર્ષણ કરે છે અને દ્રાક્ષનો છોડવો મધુર રસમય સ્વાદિષ્ટ ફલોને પ્રગટ કરે છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે દરેક બીજોના અવયવોમાં વ્યાપી રહેલી કોઈ અપૂર્વ શક્તિ જમીનમાં સંકીર્ણપણે રહેલા પાર્થિવ રસોની વિભિન્નતા કરી તેઓ પોતપોતાને ઉચિત રસોનું આકર્ષણ કરે છે. જમીન, માટી કે જડ વસ્તુ વિગેરે ભિન્ન ભિન્ન નામોથી પૃથ્વી ઓળખાય છે. અને તે પૃથ્વીમાં અપેક્ષાયે દરેક રસો સ્થાયી ભાવે રહેલા છે. એથીજ સંસ્કૃતમાં એને 'રસા' એવું યથાર્થ ગુણયુક્ત નામ આપવામાં આવ્યું છે. તે દરેકની સાથે વ્યાપક તરીકે સંબંધ ધરાવે છે. વળી આ સંબંધિ વિશેષ જીજ્ઞાસા માટે બીજું ઉદાહરણ રંગનું લેવા જેવું છે. વાદળીને પીત રંગ મળવાથી આધુનિક લોકોની બુદ્ધિ: પ્રમાણે લીલો રંગ બને છે. કિરમજી અને શ્વેતરંગના મિશ્રણથી ગુલાબી રંગ પ્રગટ થાય છે. પીત અને લાલના સંયોગથી નારંગી રંગ થાય છે. આ પ્રમાણે દરેક રંગોનો આવિર્ભાવ કહી શકાય છે, પરંતુ શ્વેતવર્ણ કયા રંગના મિશ્રણથી થાય છે ? તેનો વિચાર પણ મનોભાવમાં આવતો નથી. તેમ છતાં વસ્તુતઃ વિચારીએ તો સર્વ રંગોનું મિશ્રણ એજ શ્વેત રંગનું સ્વરૂપ ગણાય છે. કારણકે નિશ્ચય નયની અપેક્ષાએ વિચાર કરવાથી દરેક રંગોમાં દરેક રંગો ગૌણપણે રહેલા હોય છે. તેમાં અધિક આશ્ચર્ય જનક વૃત્તાંત તો એ છે કે સર્વ રંગો સમાન પણે એકઠા કરવામાં આવે તો શ્વેત રંગ તૈયાર થાય છે, એ વાત સર્વથા સત્ય માલુમ પડે છે. જેમકે સૂર્યના કિરણો સફેદ જોવામાં આવે છે, પરંતુ તેના પ્રકાશના કિરણોને પાસાદાર કાચનું ભેદક જુદા પૃથક્કરણ કરીએ જોઈએ તો તેમાં સૂર્યના કિરણો વિભિન્ન રૂપે પ્રગટ થાય છે. અને તેમાં લાલ, પીળો, વાદળી અને જાંબુડી વગેરે સાતે રંગો નજરોનજર દેખાવ દે છે. આ બાબતમાં હાલના વિદ્યાર્થીઓ પણ અજ્ઞાત નથી હોતા. આ ઉપરથી તડકાનો શ્વેત વર્ણ પણ ભિન્ન ભિન્ન

રંગોના સંયોગથીજ થયો છે, એ વાત દરેકના સમજમાં પ્રાયે આવ્યા વિના રહેતી નથી. અને તેમાં દરેક રંગો અનુસ્યુત રહેલા છે એ વાત નિર્વિવાદ ઠરે છે. હવે આ સ્વરૂપને જો આગળ વિશેષ વધારવામાં આવે તો આકાશનું સ્વરૂપ યથાર્થ સમજવામાં આવી જાય. કેટલાક એમ કહે છે કે આકાશ એટલે શૂન્ય અર્થાત્ કંઇપણ નહીં એ વાત ધ્યાનમાં લઇ ઘણાખરા લોકો શૂન્યવાદમાં પડી જાય છે. આ પ્રમાણે તેઓની વિચારણા બહુ ભૂલ ભરેલી જણાય છે. કારણકે આકાશ એટલે અવકાશ, જેમાં સર્વ વસ્તુઓ અધિષ્ઠાન પણે સાવકાશથી રહી શકે છે, વળી નૈયાયિકોનું ગંતવ્ય પણ એવું છે કે—'शब्दगुणमाकाशम्' શબ્દ એ આકાશનો ગુણ છે તો તે ઉપરથી આકાશ એક દ્રવ્ય તરીકે માનવામાં આવ્યું છે. તે ઉપરથી પણ આકાશ શૂન્ય ઠરતું નથી અને સર્વ વસ્તુરૂપ આકાશ માનવામાં આવે તેમાં કંઇ સંશય કરવા જેવું નથી. હવે પ્રકાશ અને અંધકાર સંબંધી વિચાર કરીએ. એક મનુષ્ય મધ્યાન્હ સમયે કોટડીમાં બેસીને પોતાની ઇચ્છા મુજબ પુસ્તક વાંચે છે. તેવામાં ત્યાં આગળ બીજો કોઇ માણસ બહારથી આવી પ્રવેશ કરે છે તો તે બેઠેલા માણસની સાથે અંધની માફક અથડાઇ પડે છે. વિચાર કરો કે એકજ સ્થાનમાં એક જણને પ્રકાશ માલુમ પડે છે અને બીજાને બીલકુલ સુઝતું નથી. આ બન્નેમાં કોની દ્રષ્ટિ સાચી ગણવી, વળી કૃષ્ણ પક્ષની રાત્રિમાં મનુષ્યોને દિવાના પ્રકાશ વિના કંઇપણ દેખાતું નથી, અને ઘુવડ વગેરે કેટલાંક પક્ષિઓ પોતાના દરેક વ્યાપારો રાત્રીએ જ કરી શકે છે. અર્થાત્ આપણી રાત્રી એ તેઓને દિવસ તરીકે લેખાય છે, આ દૃષ્ટાંતો ઉપરથી એમ સિદ્ધ થાય છે કે આપણી દ્રષ્ટિએ જ્યાં પ્રકાશ નથી દેખાતો ત્યાં અવશ્ય પ્રકાશ હોવો જોઇએ, આપણી જોવાની શક્તિના પ્રમાણથી અધિક અથવા ઓછો પ્રકાશ હોય તો દેખી શકાતું નથી, મધ્યાન્હ સમયમાં સૂર્યના બિમ્બ તરફ દ્રષ્ટિનો વિકાસ બીલકુલ થઇ શકતો નથી. અધિક પ્રકાશમાં આંખો અંજાઇ જાય છે એમ આપણે સારી રીતે જાણીએ છીએ. માત્ર આટલું અંતર જાણવાથી તે સંબંધી સંશય રહેતો નથી.

ટુંકમાં તત્વની વિચારણા બહુ અગોચર છે. ભલે ગમે તેટલું બિંદુ સૂક્ષ્મ બતાવવામાં આવે હોય પરંતુ તેનું પરિમાણ તો અવશ્ય હોવું જોઇએ, કારણકે જો

સત્તાવાન્ હોય તે પરિમાણાતીત હોય નહીં. અને તે જો પરિમાણાતીત હોય તો તેનું અસ્તિત્વજ શી રીતે કહી શકાય ? આ પ્રમાણે રેખાની વ્યાખ્યા પણ સમજવા જેવી છે: 'જે રેખાની માત્ર લંબાઈ છે અને પહોળાઇ નહીં' આ લક્ષણ ઉપર ધ્યાન રાખી રેખાની આકૃતિ કેવી રીતે આંકી શકાય ? ગમે તેટલી પાતળી રેખા હોય પરંતુ તેનો ગર્ભ તો હોયજ અને [illegible] તેનો આરંભ પણ હોવોજ જોઇએ. અન્યથા રેખા એ શબ્દ [illegible] થઇ પડે ? આવી રીતે દરેક બાબતમાં સંશયો ચાલ્યા [illegible] તેનો નિવેડો આવવો બહુ મુશ્કેલ છે. [illegible] સૂર્યને જેટલો નજીક જોઇએ છીએ ત્યાં આગળ તે હોય [illegible] કોઈ એક હવાગુણ ગોળાકાર સૂર્યના બિંબ તરફ [illegible] ગોળો મારે તો તે શું સૂર્યને ઉલ્લંઘી ઘણુ [illegible] કારણકે સૂર્યનું ખરું સ્થાન [illegible] થયું નથી અને તેના જે કિરણો દ્રષ્ટિગોચર થાય છે [illegible] કિરણોના મધ્યસ્થ વિભાગમાં તેઓની વક્ર ગતિ થાય છે. [illegible] રહે છે.

છીએ કે તેનો નાશ થયો અને તેથી બહુ શોચ પણ કરીએ છીએ તે બાબત બહુ ભૂલ ભરેલી છે. કારણકે બરફનું રૂપાંતર જલ છે અને જલનો વિકાર થઇ વરાળરૂપે પ્રગટ થાય છે. વળી તેજ મેઘરૂપે પુનઃ વરસાદ વરસાવે છે. તેના પ્રવાહરૂપી નદીઓ પ્રગટ થાય છે. તેઓનું જલ એકઠું થવાથી સમુદ્ર ઉત્પન્ન થાય છે, પુનઃ તે સમુદ્રમાંથી હીમની ઉત્પત્તિ થાય છે, આ પ્રમાણે સૃષ્ટિનો ક્રમ (ઉત્પાત, વ્યય અને ધ્રુવપણે) વારંવાર ચાલ્યા કરે છે. બરફનો નાશ એટલે જલની ઉત્પત્તિ, જલનો નાશ એજ વરાળનો જન્મ અને વરાળ આપણે જોઇ શકતા નથી ત્યારે પાણીનો નાશ થયો એમ આપણા માનવામાં આવે છે. પરંતુ વસ્તુ ગતિએ કોઈપણ પદાર્થનો સર્વથા નાશ થતોજ નથી. મોહરૂપી પ્રચંડ મત્સ્યમગરમચ્છોથી ભયંકર, અનેક કુવિકલ્પરૂપી તરંગોથી વ્યાપ્ત, દુષ્કર્મરૂપી શિલાઓથી અગમ્ય અને વિવિધ તૃષ્ણારૂપી આવર્તોથી પરિવૃત સંશયરૂપ મહા સાગર (સમ્યક્ જ્ઞાનનો અભાવ) ના ઉછાળા આપણી ચારે તરફ વીંટાઇ વળ્યા છે, જેની અગાધતાને લીધે કોઇક વિરલાજ તેમાંથી છુટી શકે છે. આ સંબંધી કંઈપણ કલ્પના આપણા લક્ષ્યમાં આવે તેટલા માટે વિસ્તારપૂર્વક આ વિવેચન કરવામાં આવ્યું છે. પરંતુ કોઈપણ પ્રરૂપણા આ પ્રમાણે જો સત્ય ન હોય એમ માનવામાં આવે તો પછી સત્ય એ શી વસ્તુ છે ? અને આપણે કયા સત્ય પદાર્થનું અવલંબન કરી સુખ સંપત્તિ મેળવવી ? આવા પ્રશ્નો સહજ ઉત્પન્ન થયા વિના રહેશે નહીં. વળી આ જીવાત્મા સુખને માટે ક્ષણ માત્ર પણ ખટપટ વિના રહેતો નથી; તેમજ પોતાનો પુરૂષાર્થ પણ તેનેજ માટે વાપરે છે, છતાં 'સુખ' નું સત્ય સ્વરૂપ શું છે ? અને કેવીરીતે તે મેળવી શકાય છે ? તે સંબંધી જ્ઞાન મેળવવાનો વિચાર પણ તેના હૃદયમાં આવતો નથી. તેથી તે મોહતિમિરમાં ગુંચવાયેલો દીન પ્રાણી પૂર્વ દિશામાં જવાના મોહમાં પશ્ચિમનો રસ્તો પકડી બેભાન ચાલ્યો જાય છે. ઉપર જણાવ્યા પ્રમાણે નવીન નવીન વિચાર પ્રવાહથી ખેંચાઇને અનિશ્ચયને આધીન થઈ મૂઢ પ્રાણી દરેક સમયે અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કર્યા કરે છે. પરંતુ જે મૂળ સુખની તેના હૃદયમાં ભાવના હોય છે તેની તો તેને ખબર પણ બીલકુલ હોતી નથી અને તે સ્થિર સુખની છાયા પણ મેળવી શકતો નથી. એમ કરતાં કદાચિત્ તે પોતાને અભીષ્ટ કેટલાક પદાર્થો મહા મુશ્કેલીએ મેળવી શકે છે.

તોપણ તેઓ તેને ચિરકાલ આનંદ આપતા નથી, માત્ર પ્રાપ્તિના સમયેજ નવીનતાને લીધે તેઓ ક્ષણુ માત્ર શાંતિદાયક થાય છે, પરંતુ આખરે વિશેષ કામનાઓના બલવડે ચિત્તનું અસ્થિરપણું પ્રાપ્ત થવાથી તે મેળવેલા પણ સર્વ પદાર્થોને અસાર માની બહુ દુઃખી થાય છે. એટલુંજ નહી પરંતુ પ્રાપ્ત થયેલા પદાર્થોનો વિનિયોગ કેવી રીતે કરવો તે સંબંધી અજ્ઞાત હોવાથી તે સદુપયોગને બદલે કેવળ દુરૂપયોગજ કરે છે તેથી તેઓ ઉલટા દુઃખજનક થઇ પડે છે. તેજ પ્રમાણે ગ્રીષ્મના તાપથી બહુ તૃષાથી આર્ત્ત થયેલા મૃગલાઓ જેમ ક્ષાર ભૂમિમાં જળની ભ્રાંતિથી દોડતાં પોતાની અજ્ઞાનતાથી મહાન્ નિર્જન વનમાં રખડી મરે છે તેમ મનુષ્યો પણ જ્ઞાન સામગ્રીનાં સાધનો સુલભ છતાં પણ તેઓનો ત્યાગ કરવાથી બહુ દુઃખી થાય છે. વળી કોઇક જન્માંધ પ્રાણી રાજમાર્ગથી ભ્રષ્ટ થઇ પુનઃ તેની પ્રાપ્તિ માટે ઉદ્યોગ કરતો 'છતો જેમ અંધકૂપનો ભોગી થઇ પડે છે તેમ સર્વ મનુષ્યો સુખ કેવીરી તે પ્રાપ્ત થાય' તેવા વિચારમાં ને વિચારમાં બહુ દુઃખી થાય છે, કારણ કે સમ્યક્ જ્ઞાનના અભાવે સુખનો સર્વથા અભાવ હોય છે અને જ્ઞાનના સદ્‌ભાવમાં સુખનો સદ્‌ભાવ હોય છે. એમ નહીં સમજતા પ્રાણીઓ સુખની પ્રાપ્તિ માટે જે જે પ્રયાસો કરે છે તે સર્વ સમ્યક્‌દર્શન તથા સમ્યક્ જ્ઞાનની દુર્લભતાને લીધે શાખાનો ઉચ્છેદ કરી પલ્લવની રચના, ઘર ભાંગીને દેવાલય બાંધવા, લોકોમાં લુંટફાટ ચલાવીને સદાવ્રત ચલાવવાં, પહેરેલું વસ્ત્ર મસ્તક ઉપર ઓઢી નીચેનું અંગ નગ્ન રાખવા, પ્રાસાદની રચના વિખેરીને મંડપ બાંધવા, ઘર બાળીને તાપણી કરવા, હાથી વેચીને ગર્દભ ખરીદવા તેમજ પોપટ વેચીને પાંજરૂં ઘડાવવા સમાનજ નિવડે છે. સામાન્ય બુદ્ધિના લોકો ધારે છે કે અમુક વસ્તુમાં કિંવા અમુક ઠેકાણે સુખ છે, પરંતુ તેઓની તે ધારણા સર્વથા નિષ્ફલ થાય છે, એટલુંજ નહીં પણ સુખને બદલે કેવલ દુઃખજ પ્રાપ્ત થાય છે. માત્ર માનવ જાતિમાં જન્મ ધારણ કરવાથી આપણે એમ માનીયે કે આ જગત્‌માં ઉત્તમતા આપણને જ વરેલી છે, હેયાહેય વસ્તુનો વિવેક અને ગમ્યાગમ્ય, ભક્ષ્યાભક્ષ્ય વિગેરેનું જ્ઞાન પણ આપણામાંજ રહેલું છે. એ પ્રમાણે પોતાના વિચારો આપણે ગમે તેટલા લંબાવીએ તોપણ તે મંતવ્ય સમ્યક્ જ્ઞાનના અભાવે આચારમાં નહીં આવવાથી નિરર્થક છે. વળી આપણા કરતાં બડિશ (ગળ) માં

લુબ્ધ થઇ પોતાના પ્રાણ ખોનારાં માછલાંઓની સ્થિતિ ઉત્તમ પ્રકારની ગણી શકાય, કારણ કે તેઓ વિશેષ જ્ઞાનથી વિમુખ હોય છે, અને માનવ જાતિમાં સર્વ પ્રકારનું જ્ઞાન હોય છે એમ આપણે માની બેઠા છીએ, વળી તે મત્સ્યતો બડિશની પ્રકૃતિથી અજ્ઞાત છે અને આપણે તો જાણીએ છીએ કે આ સંસાર મૃગજળ સમાન રીબાવનાર છે, છતાં પણ સંસાર રૂપી બડિશને આધીન થવા કેટલી લોલુપતા કરીએ છીએ ! આ ઉપરથી આપણે વિચાર કરવો જોઇએ કે સર્વ પ્રાણીઓ કરતાં આપણામાં વિશેષપણું શું છે ! માનવ અને અન્ય પ્રાણિઓમાં વિશેષતા તો માત્ર જ્ઞાનથીજ કહેવામાં આવે છે, કહ્યું છે કે–

> आहारनिद्राभयमैथुनश्च, समानमेतत्पशुभिर्नराणाम् ।
> ज्ञानं हि तेषामधिको विशेषो–ज्ञानेन हीनाः पशुभिः समानाः ॥ १ ॥

અર્થ—" આહાર, નિદ્રા, ભય અને વિષયભોગ આ સર્વ વ્યવહાર, પશુ અને મનુષ્યોને સમાન હોય છે, પરંતુ મનુષ્યોને વિશેષ પ્રકારનું જ્ઞાન માત્ર અધિક હોય છે, છતાં તેઓ જ્ઞાનથી હીન હોય તો તેઓને પશુ સમાન જાણવા." વળી સંસાર એ એક બડિશ જ છે અને ઇંદ્રિયજન્ય વિષય ભોગતે લોહ કંટકની સાથે ચોટાડેલું માંસ છે. તેમાં અતિશય લુબ્ધતાને લીધે આપણે તે સંસારરૂપ બડિશને અજ્ઞાનતાવડે એકદમ પોતાના મુખમાં ગ્રહણ કરીએ છીએ. તેથી તેનો પ્રાણનાશક તીક્ષ્ણ કાંટો આપણને વિંધિ નાખે છે, એટલે તેની અનન્ય પીડાથી અસાધ્ય દુઃખ ભોગવતા આપણને અનેક પ્રકારના ઉહાપોહ કરવાની ચિંતાઓ આવી પડે છે. જેથી આત્મિક વિચાર તો દૂર રહી જાય છે, પરંતુ કાર્યાકાર્યથી વિમૂઢ બની અધિક વ્યાકુળતાને આધીન થવાય છે. આ અનુભવ સંસારવર્તી કયા મનુષ્યને અગમ્ય હશે ? આ ઉપરથી મહાન્ પુરૂષો કહે છે કે સત્યાસત્યનો નિર્ણય કોણ જુવે છે ? આ જગત્માં સમ્યક્ વિવેકથી વિમુખ એવા દરેક પ્રાણીઓ પોતાની જીવન નાકા અવળે રસ્તે જ ચલાવે છે અને દરેક સમયે તેમને બહુ આઘાત લાગે છે. વારંવાર પોતાનો સત્ય માર્ગ ભૂલી જવાથી આડે માર્ગે બહુ અથડાવું પડે છે. મોહાંધકારને લીધે માર્ગદર્શક નિશાનો વિદ્યમાન છતા પણ તેઓની દૃષ્ટિ નહીં પડવાથી તેઓ દિગ્મૂઢ બની જાય છે. તેવામાં

સંશય રૂપ પ્રકારના અનેક તરંગોની શ્રેણીઓ ઉપસ્થિત થયાં કરે છે. જેથી તેઓનું હૃદય બહુ મુંઝાયા કરે છે. બાકી નિર્બળમાં પણ તેઓને ભીતિ થાય છે કે આ કાર્ય કરીશું કે તે કરીશું ? આમાં ઉદ્યમ લાભ થશે કે ખોટમાં ? આ પદાર્થ અનુકૂળ થશે કે અન્યમાં આનંદ આવશે ? આ માર્ગે જવાથી સુખ સંપત્તિ મળશે કે અન્ય માર્ગે ? અહીં જવાથી કીર્તિ મળશે કે ત્યાં જવાથી ? એમ અનિવાર્ય વિચારો ઉદ્ભવ્યા કરે છે, વિષ્ટામાં રહેનારા જીવોને ષડ્રસનું ભોજન પણ વિષ સમાન આનંદ આપતું નથી, નારકીના જીવોને નરકાગાર જ રમણીય લાગે છે. તેમજ મદિરાપાન કરનાર મનુષ્યો અમૃત કરતાં પણ મદિરાને અધિક માને છે. તેનું મુખ્ય કારણ સત્યજ્ઞાનનો અભાવજ છે. પરંતુ જેઓ કંઇપણ વિચારશીલ અને સામાન્ય બુદ્ધિમાન્ તેમજ સારાસારની પૃથક્તામાં વિવેકી હોય છે, તેઓના હૃદયાવાસમાં વક્ષ્યમાણ પ્રશ્નોની વિચારણા આવ્યા વિના રહેશેજ નહીં. કેવટે 'બન્ને છેડાઓની સ્થિતિ એક સરખી હોય છે' એ સિદ્ધાન્તનો આશ્રય લઇ અતિ શાંત અથવા ઉદ્વિગ્ન દશાને અનુભવ્યા શિવાય રહેશેજ નહીં. સર્વ પ્રાણીઓનો આધાર આ પૃથ્વી છે તો તેની આકૃતિ અને પ્રમાણનું સ્વરૂપ કેવું છે ? ચંદ્ર અને સૂર્ય પર્યાયવડે રાત્રીદિવસ ફર્યા કરે છે તો તેઓની ગતિ ક્યાં સુધી હશે ? અને તેમની ગતિના અભાવમાં શું હશે ? આપણી દ્રષ્ટિગોચર થતા સૂર્ય મંડલ સમાન અન્ય સૂર્યમંડલો અનેક પ્રકારનાં વિદ્યમાન છે એમ સાંભળવામાં આવે છે તો તે સૂર્યમંડલોની સંખ્યા કેટલી હશે ? અને તેઓની મર્યાદા કેવી રીતે રચવામાં આવી છે તેમજ તેમની પેલી તરફના પ્રદેશનું સ્વરૂપ કેવું હશે ? આ જગત્‌ની મર્યાદા ક્યાં સુધી કેવા રૂપમાં હશે ? આ વિશ્વની સ્થિતી આ પ્રમાણે ક્યાં સુધી રહેશે ? આ જગત્‌નો પ્રલય થાય છે ત્યારે અવશેષમાં શું રહે છે ? આ દુનિયાની અંદર પૂજ્ય તરીકે ઇશ્વરજ માન્ય છે તો તે કેવા સ્વરૂપમાં છે ? જો તે આકૃતિમાન્ હોય તો દ્રષ્ટિગોચર કેમ થતો નથી ? મરણકાલપછી પ્રાણીઓની શી સ્થિતિ થાય છે ? જો પાપનું પ્રાયશ્ચિત્ત ભોગવવાનું હોય તો દેહાંત થયા બાદ યમરાજા તેની શીક્ષા કેવીરીતે કરી શકે ? વળી યમદંડ ભોગવવાનો ન હોય તો ઇશ્વરને ત્યાં ઘણોજ અવિવેક ગણાય ? સકર્મક પ્રાણીઓનો પુનર્જન્મ થાય એ વાત સંભવિત છે કે નહીં ? ગત જન્મોનું આપણને વિસ્મરણ થવાથી પુન-

જન્મ થાય કિંવા નવીન જન્મ થાય એ બન્નેનો સમાવેશ એકજ રૂપમાં થઇ શકે છે. દ્વૈતમય આ સર્વ બ્રહ્માંડ જો અદ્વૈત હોય તો પાપ અને પુણ્ય નો વિભેદ શામાટે માનવો જોઇએ ? ભેદાભેદનો સંબંધ જો વાસ્તવિક ન હોય તો સુકૃત, દુષ્કૃત, ધર્માધર્મ, નીતિ વિગેરેને સત્ય માનવામાં કયો લાભ સમજવો ? પોતાની અમૂલ્ય વસ્તુનો વ્યય કરી પરોપકાર શા માટે કરવો ? અન્ય લોકોને પ્રાણાંત દુઃખ આપીને પણ પોતાના નિધાન ભરવામાં શા માટે આંચકો ખાવો ? શ્રીમંતોના પ્રાણ લેવા એ જો પાપ મનાતું હોય તો તેમનું સર્વસ્વ આપણા સ્વાધીન થાય એથી બીજું કયું પુણ્ય ? બલિષ્ટ જંતુ નિર્બલને ખાઇ જાય છે એને જો પાપ માનવામાં આવે તો મત્સ્યાદિક પ્રાણીઓ સંતાનહીન શામાટે થતાં નથી ? જ્યોતિષ શાસ્ત્રના નિયમ પ્રમાણે દરેક લગ્નક્રિયાઓ શુભ મુહુર્તમાં વિધિપૂર્વક કરાય છે; છતાં આ દુનિયામાં આટલું બધું વિધવા મંડલ કેમ વધી પડયું છે ? ઉત્તમ પ્રકારની પ્રજાના લાભ માટે માનવગણ વિધિ પૂર્વક નિર્દિષ્ટ સમયે લગ્ન સાધવાની બહુ તજવીજ કરે છે, પરંતુ પશુ પક્ષિ વિગેરે અમાનવ પ્રાણીઓની સંતતિનો પાર હોતો નથી તો તેઓના શુભ લગ્નોની યોજના કોણ કરે છે ? ચોરીનું ધન વિષ સમાન કહેવામાં આવે છે; પણ તે ધન કોને આનંદ નથી આપતું ? આપણે પોતેજ મરણ વશ થઇએ છીએ તો પછી શુભાશુભ ફલ ભોગવવાને માટે અવશિષ્ટ કોણ રહે છે ? અને તેનો ભોક્તા કોણ થાય છે ? કોઇપણ દેવ પ્રત્યક્ષ પણે દેખાતા નથી તો તેઓના અસ્તિત્વમાં શું પ્રમાણ ? વિગેરે ચાર્વાકાદિક નાસ્તિકોના અનુચિત વિચાર તેમજ આસુરી કલ્પનાઓ પણ અપક્વ બુદ્ધિના મનુષ્યોને ઉપદ્રવ કર્યા કરે છે, હવે આ પૂર્વોક્ત પ્રશ્નોનું સમાધાન કેવી રીતે સંપાદન કરવું ?' આ કંઇ બજારની ચીજ નથી કે જેથી તરતજ આપણે ખરીદી લઇએ, પરંતુ ગીતાર્થ ગુરૂની પાસમાં રહી અધ્યાત્મ શાસ્ત્ર (બ્રહ્મવિદ્યા) નો અભ્યાસ કરવાથીજ આવી સંવાદિ કલ્પનાઓ શાંત થાય છે અને દરેક પદાર્થોનું હસ્તામલકની માફક જ્ઞાન થાય છે. ન્યાય, વ્યાકરણાદિક અંગો, મંત્ર યંત્રાદિક શાસ્ત્ર અને ભૂગર્ભ શાસ્ત્ર વિગેરે લૌકિક વિદ્યાઓ યથાર્થ જ્ઞાન–અધ્યાત્મ જ્ઞાનનાં સાક્ષાત્ સાધન નથી કિંતુ પરંપરાએ તેઓ હેતુભૂત ગણાય છે, કારણકે તેઓમાં અધ્યાત્મતત્ત્વ પ્રતિપાદન કરવાની ઘટના હોતી નથી. આત્મ સંબંધી જ્ઞાન એજ સત્ય જ્ઞાન સમજવું.

આત્મા (બ્રહ્મ) એજ આ ચરાચર જગતનું મુખ્ય તત્ત્વ છે. માટે તે આત્મ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન મેળવવું, તેની અંદરજ સર્વ જ્ઞાનની સમાપ્તિ રહેલી છે. કોઇપણ જ્ઞેય વિષય બાકી રહેતો નથી, જેમકે येनात्मादृष्टस्तेन सर्वं नतु विलोकितम्। જેને આત્માનો સાક્ષાત્કાર થયો છે, તેણે નિઃસંશય પણે સર્વ વસ્તુ દેખેલીજ છે. આત્મજ્ઞાનમાંજ દરેક સુખો રહેલાં છે, આત્મજ્ઞાનિને કોઇપણ અપૂર્ણતા ભાસતી નથી. આત્મજ્ઞાન અને બ્રહ્મજ્ઞાન એ માત્ર શબ્દથી ભિન્ન છે. વસ્તુતઃ અર્થથી અભિન્ન છે. ચંદ્ર અને સૂર્ય સમાન અતિ દૂર રહેલા પદાર્થોનું જ્ઞાન મળવાથી કંઇ આત્મજ્ઞાન સિદ્ધ થતું નથી અને જ્યાંસુધી આત્મિક બોધ ન થયો હોય ત્યાંસુધી અન્ય જ્ઞાન અશાંતિ[illegible] છે, માટે તેવા અતાત્વિક જ્ઞાનનો નિર્ણય બાજુપર મુકી આ [illegible] અભિમાન ધરાવનાર હું કોણ? એમાં અસ્મદ્ વાચ્યના [illegible] વિચારપૂર્વક નિર્ણય કરવો તેજ આપણું મુખ્ય કર્તવ્ય છે. અને [illegible] યથાર્થ થયો કે તરતજ પૂર્વોક્ત પ્રશ્નોનું સમાધાન તેના [illegible] છે અને દરેક ઉહાપોહ શાંત થાય છે. આ દેહની [illegible] રહેલો આત્મા જે મમત્વ ભાવ ધરાવે છે તે નિકટમાં [illegible] છે, જ્યાં એક મ્હોટું આશ્ચર્ય છે કે આપણે આપણનેજ [illegible] તે સંબંધી જીજ્ઞાસા પણ થતી નથી અને અતિ [illegible] માટે નિરર્થક કેટલો પ્રયાસ કરીએ છીએ! [illegible] હાથ, પગ, મસ્તક, અસ્થિ, માંસ કે ચર્મ [illegible] શું સર્વ મળીને તેનો અર્થ સમજવો! [illegible] હું કોણ છું? એ સંબંધી સત્ય વિચાર [illegible] નિરંજન, નિરાકાર, ચિદાત્મક, આનંદ [illegible] સિદ્ધ થાય છે. જેથી હું અને તું [illegible] મમત્વાદિકથી નિર્મુક્ત થએલો [illegible] થાય છે. આ [illegible] દેહથી વિદેહતા એવ [illegible] તેજ જ્ઞાન [illegible] જ્ઞાનિ [illegible]

જેથી આત્મજ્ઞાનની ભાવના પોતાના હૃદયમાં સ્થિર થાય. પશ્ચાત્ ઉપરોક્ત પ્રશ્નોનું સમાધાન શોધવાની જરૂર રહેશે નહીં, વળી વિશેષમાં એવી અનેક શંકાઓની નિવૃત્તિ પણ આપોઆપ તેનાથી થઇ શકે છે.

જગતના બાલ જીવો વ્યવહાર શાસ્ત્રમાં દક્ષતાની ડીગ્રી મેળવી ભલે મ્હોટાઇ માનતા હોય, પરંતુ જેની અંદર મહાન્ વિદ્વાનો પણ મસ્તક ધુણાવવા લાગી જાય છે. સંસાર રૂપી દાવાનળથી તપી ગયેલા ભવ્યાત્માઓ જેનો આશ્રય લઇ શાંત થાય છે, શારીરિક, માનસિક અને દૈવી આપત્તિઓમાં મગ્ન થયેલા ભદ્રિક પ્રાણીઓ જેનું સેવન કરવાથી મોક્ષ સુખ પણ પ્રાપ્ત કરે છે અને નિઃશેષ જ્ઞાનરૂપી ધાન્યના નિધાન સમાન સ્થાન તો એક અધ્યાત્મ શાસ્ત્રજ છે. આવું અધ્યાત્મ શાસ્ત્ર આપણા આત્મજ્ઞાની પૂર્વાચાર્યોએ સાધ્ય કરી અતિ ઉપકાર કર્યો છે.

પ્રથમ કથન કરવામાં આવ્યું છે કે યથાર્થ વસ્તુ સ્વરૂપનું પ્રતિપાદન કરવા માટે સમ્યગ્જ્ઞાની શિવાય કોઇપણ મનુષ્ય શક્તિમાન્ થઇ શકતો નથી, તો વળી નિર્વિકાર, નિરાકાર, અચ્છેદ્ય, અભેદ્ય, અદાહ્ય, અશોષ્ય, અવાચ્ય, અચિંત્ય, અનંત, અપાર અને અગોચર એવા આત્માની યથાર્થ સ્થિતિ શી રીતે કહી શકે ? પરંતુ આપણા પૂર્વાચાર્યો તત્ત્વજ્ઞાનમાં બહુ નિષ્ણાત હતા અને તેમની તાત્ત્વિક વિષયો સમજાવવાની અતિ અદ્ભુત શક્તિ હતી કે જેનું વર્ણન કરવું પણ વાણીથી અશક્ય છે. ચિદાનંદ આત્માનું સ્વરૂપ લક્ષ્યમાં આવે તેટલા માટે શાસ્ત્ર નેતાઓએ તેને ॐ अर्हम् એવું અન્વર્થ નામ આપીને તેની આકૃતિ પણ નિર્ણીત કરી છે. ॐ अर्हम् એ પદની આકૃતિ અને ઉચ્ચારમાં આત્મિક જે તત્ત્વો સમાયેલાં છે, તેમનું વર્ણન કરવા માટે ઘણો સમય જોઇયે તેમજ માત્ર તેનો સાર લેવામાં પણ ઘણા ગ્રંથો આલેખવા જોઇએ. તો પણ તેનો સવિસ્તર સમાવેશ થવો અશક્ય છે. એટલા જ માટે આગમાદિ શાસ્ત્રો અને અધ્યાત્મ વિષયના ગ્રંથોના પ્રારંભમાં આપણા પૂર્વાચાર્યો ॐ अर्हम् એ પ્રકારે અક્ષય પદની યોજના કરતા હતા, અને હાલમાં પણ તે પ્રથા ચાલુ છે. તે પદનો મહિમા બહુ અલૌકિક છે, તે સંબંધી આગમાદિક અનેક ગ્રંથોમાં પ્રાચીન સૂરિઓએ સારી રીતે વર્ણન કરેલું છે. વળી જેઓ સંસાર

સાગરને ગોષ્પદ સમાન ઇચ્છતા હોય, સાંસારિક તાપથી દૂર થવા ઉત્સુક હોય, અદ્વૈત આનંદ સુખના સદુદ્યાનમાં સ્વેચ્છા મુજબ વિહાર માટે જેઓ આનંદ માનતા હોય, જેમને દુર્ધર આપત્તિઓનો સંહાર કરવો હોય, જેઓ સત્વરથી શાસ્ત્રીય તત્ત્વોની જીજ્ઞાસાવાળા હોય, જેઓએ હું કોણ? એ વાક્યાર્થની મતલબ જાણવા માટે આવશ્યકતા ધારી હોય તેમણે આત્મ જ્ઞાન જેમાં સુલભ રહેલું છે એવા શુદ્ધ માર્ગની ગવેષણા કરવી, વળી તે માર્ગરૂપ અધ્યાત્મ શાસ્ત્રજ કહેવાય છે. આપણાં મૂળ શાસ્ત્ર, આગમ નિર્યુક્તિ, ભાષ્ય, ટીકા અવચૂરિ આદિક ગ્રંથો અધ્યાત્મ તત્ત્વને પ્રતિપાદન કરે છે, પરંતુ તે ગ્રંથો સંસ્કૃતાદિક ભાષામાં હોવાથી અર્થમાં અતિગહન અને વિસ્તારમાં વધી પડેલા છે, તેથી સાંપ્રતકાલમાં તેનો સર્વેને યથોચિત લાભ મળવો દુર્લભ થાય છે. કારણકે આગમ વાચનાનો અધિકાર તો યોગાદિક્રિયા વહન કરી જેઓએ યોગ્યતા મેળવી હોય તેવા મુનિઓને જ હોય છે, બાકીના સર્વ લોકોને અધિકાર આપવામાં આવ્યો નથી. એટલા માટે આગમોના અર્થ રૂપ અન્ય ગ્રંથોની પ્રસંગોપાત રચના કરીને આપણા આચાર્યોએ કંઇપણ ન્યુનતા રાખી નથી. પ્રાચીન કાળમાં જૈનધર્મના ઉદ્યોતક અને અસાધારણ પરોપકારી અનેક મહાત્માઓ વિદ્યમાન હતા, અને હાલમાં પણ તેઓનાં રચેલાં શાસ્ત્રો ઉપરથી વિદ્યમાનની માફક તેઓ મહોપકારી થઇ પડે છે. સત્ય અને સમયની પ્રગતિ એટલી બધી બલિષ્ઠ છે કે જેઓના પ્રચારને તિરોહિત કરવા માટે મનુષ્યોની પ્રબલ યુક્તિઓ પણ નિરર્થક થાય છે. તેઓનો પરાભવ કદાચિત્ ક્ષણ માત્ર કોઇને ભાસમાન થાય, પરંતુ કાળની ગતિ એવી બલવાન્ છે કે પુનઃ તેઓ પોતાનું સ્થાન મેળવ્યા વિના રહેતાંજ નથી. પ્રાચીન કાળમાં તીવ્ર પ્રતિભાવાળા જે લેખકો અને કાવ્યકર્ત્તાઓ હૈયાતી ધરાવતા હતા, તેમના પદને અનુસરનાર હાલમાં પ્રાયઃ કોઈ દેખવામાં આવતા નથી, તે ઉપરથીજ તેમની અમર્યાદિત ઉત્કર્ષતા સિદ્ધ થાય છે. પ્રાચીન જૈન લેખકો અને કવીશ્વરોએ જૈન સાહિત્યરૂપ સરિતાઓના અગાધ પ્રવાહોવડે ભૂમંડલને એટલું ભીંજાવી દીધું છે કે અદ્યાપિ જૈન કિંવા જૈનેતર પ્રજાનાં હૃદય કંઇક સ્નિગ્ધ દેખાય છે, તે સઘળો તેમનોજ મહિમા છે, તેમજ જેમના ઉત્કટ રંગથી રંગાએલા ગદ્ય અને પદ્યમય કાવ્યોના ઉદ્‌ગારો હાલમાં પણ

જનસમાજને આનંદ આપે છે. પ્રાચીન સમયમાં જૈન તત્ત્વોના ભણકાર મહાત્માઓ અવસરના અને ધર્મની પ્રવૃત્તિ વધારવા માટે કેવા ઉત્સાહી હતા, તે સંબંધી અનેક દષ્ટાંતો તેમની કૃતિ ઉપરથી કિંવા જૈન ઇતિહાસોમાંથી પુરવાર થઇ આવે છે. વળી તેમનું જીવન બહુ ભવ્ય અને પ્રશંસનીય હતું, તેમજ લોકોત્તર ચારિત્ર ધારક, સર્વદા શુભ અધ્યવસાયથી સુશોભિત અને પ્રાણીઓનું કલ્યાણ સાધવામાં તેઓ ધુરંધર હતા. વળી તેમના વિશુદ્ધ ભાવો એટલી ઉચ્ચ કોટીમાં જાગ્રત હતા કે જેથી તેઓ શુભ સાધનોની યોજનામાં અને શુભ વિચારણામાં અચિંત્ય પ્રભાવવાળા હતા કે જેમના સદુપદેશથી જૈન ગ્રહસ્થો પણ સદાચાર, ન્યાય, એકનિષ્ઠા, સત્ય, પ્રેમ, ક્ષમા, ધૈર્ય, સદાગ્રહ અને સુવિચારની મૂર્તિરૂપ બનીને પોતાના જીવનને અત્યુત્તમ સુવાસમય, આનંદમય, દષ્ટાંતમય અને સુખમય કરી શકતા હતા, સંસાર ભારને તેઓ વહન કરતા હતા છતાં તેમની પ્રવૃતિ, સ્થિતિ અને સ્વાભાવિક સાદાઇ બહુ ઉચ્ચ પ્રકારની હતી, મનોબળની ગંભીરતા અતિ દૃઢ અને એમની મુખચંદ્રની પ્રસન્નતા નિરંતર અક્ષયરૂપમાં દેખાતી હતી, તે સમયે મુનિ અને ગૃહસ્થ એમ બંને ક્ષેત્રોની એટલી બધી ઉન્નતિ હતી કે જેથી અખિલ આર્ય ભૂમિમાં જૈન ધર્મની જય પતાકા ફરકતી હતી, એ બન્ને ક્ષેત્રોના વિજય બળને લીધે બાકીનાં પાંચ ક્ષેત્રોનો પણ પૂર્ણ અભ્યુદય દેખાતો હતો, તે સમયે જ્ઞાનરૂપી પુષ્પોદ્યાન નવીન પલ્લવોથી વિભૂષિત થઇ જૈન પ્રજાવર્ગને પોતાના મનોહર, અમૃતમય અને આનંદમય સુગંધને આપતો હતો. વળી સર્વ સિદ્ધાંતોના તત્ત્વ વેદી અનેક વિદ્વાન્ મુનિઓ દરેક સ્થલે પોતાના ચરણારવિંદથી ભૂમિને પવિત્ર કરતા છતા ભવ્ય પ્રાણીઓને આર્હત્ ધર્મનો ઉપદેશ આપી પ્રતિબોધતા હતા. તે સમયના મુનિઓમાં ગંભીરવેદિતા, મર્મજ્ઞતા અને બોધ્ય બોધક ભાવની શક્તિનો અદ્ભુત ચમત્કાર સ્થિરભાવે જોવામાં આવતો હતો. તેઓ આવા દીવ્ય બુદ્ધિવાળા હતા, પરંતુ તેમનું હૃદય અતિ સરલ, સુરસ, નમ્ર અને વિનય ગુણથી ભરપૂર હતું. વળી અભિમાન સુભટ તો રૂષ્ટ થયેલાની માફક તેમની દૃષ્ટિગોચર પણ થતો નહોતો અને તેઓ નિરંતર સર્વ જનોને સામાન્ય રીતે સુલભ, સુગમ અને સાનુકૂલ દેખાતા હતા. આવા મહાન્ પુરૂષોની પ્રસાદીરૂપ

આ મૂળ પદ્યબંધ ચરિત્ર પ્રથમ પાલણપુર, મહેસાણા, પાલીતાણા અને જામનગરમાં સવિસ્તર વાંચવામાં આવ્યું, જેથી તેની રસિકતા દરેક ઠેકાણે શ્રોતાઓના હૃદયમાં સ્થિર થઇ અને તેથી તે દરેકને બહુ પ્રિય થઇ પડ્યું છે. તેમજ આ ચરિત્ર ઉપર અન્ય ઘણા ભવ્યોનાં મન આકર્ષાયેલાં હોવાથી આધુનિક માતૃભાષામાં તેનો અનુવાદ કરી તેઓની ઉત્કંઠા પૂર્ણ કરવા માટે પ્રથમ જણાવેલા સમયથી આ કામની શરૂઆત કરી, પરંતુ કેટલાંક કાર્યોની અડચણને લીધે આ કાર્યમાં ધાર્યા કરતાં અધિક સમય વ્યતીત થયો છે. અને છેવટે જામનગરમાં ખરતરગચ્છીય જ્ઞાનશાળામાં સં. ૧૯૭૯ નું ચોમાસું રહી આ કાર્યની સમાપ્તિ કરી છે. આ ગ્રંથ બહુ અદ્ભુત છે, શ્રોતા અને વાંચકને શાંત રસના ઝરા સમાન આનંદ આપે છે, વારંવાર વાંચવાથી દરેક પ્રસંગે વિશેષ પ્રકાશ પાડે તેવી ઘટના આ ગ્રંથમાં રચાયેલી છે. જો કે પ્રાકૃત સાહિત્યના ગ્રંથો અનેક ઉપલબ્ધ થાય છે; પરંતુ આની રચના કોઇ અપૂર્વ છે કે જેથી વાચકના મનને વિચારગ્રસ્ત કર્યા સિવાય રહે નહિ. વળી વિશદતાને માટે એની ઉપર સવિસ્તર વિવેચનની ખાસ જરૂર છે, પણ હાલમાં તેની ઉપેક્ષા રાખી વાચકવર્ગને છેવટે એકજ વિજ્ઞપ્તિ કરવાની છે કે આ ગ્રંથમાં કોઇપણ સ્થળે સ્ખલના કે આર્થિક ક્લિષ્ટતા જણાય તો તે સ્થળની મ્હને સૂચના આપવાથી દ્વિતીય આવૃત્તિમાં તે ઉપયોગી થઇ પડે. વળી વિશેષ અર્થની સ્ફુટ નોટ નહીં આપતાં, આવશ્યક અર્થનો તે તે સ્થળે અર્ધચંદ્રાકાર કાઉસમાં ઉલ્લેખ કર્યો છે; તેમ છતાં અધિક નોટની જ્યાં આવશ્યકતા જણાય તે સ્થળ લખી જણાવવા પ્રમાદ કરવો નહિ.

ૐ શાંતિઃ ૩

શ્રી વીર સં. ૨૪૫૦
સં. ૧૯૮૦ કારતક વદી
અષ્ટમી ને શનીવાર.

લી૦ પં. અજીતસાગરજી ગણી.
ખરતરગચ્છીય જૈન જ્ઞાનશાળા,
મુ૦ નવાનગર.



સુચના



પ્રથમ આ ગ્રંથ પ્રસિદ્ધ કરવાને શ્રીયુત વિઠ્ઠલરાય છવાભાઇ બી. એ. તૈયાર હતા પરંતુ તે દરમ્યાન તેઓનેજ પાન જવાનું થતાં, આ ગ્રંથના અનુવાદક શ્રીમાન્ પંન્યાસજી મહારાજ શ્રી અજિતસાગરજી મહારાજશ્રીને, જગપ્રસિદ્ધ અને પ્રાચીન સાહિત્યને પ્રકાશમાં લાવનાર, તથા બ્હોળો પ્રચાર કરનાર, શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરની તરફથી તેના સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે આ ગ્રંથ આ સભાને અર્પણ કરવા અને ઉક્ત મહાત્માનાં નામથી સીરીઝ તરીકે પ્રકટ કરવા વિનંતિ કરવાથી, ઉક્ત મહાત્માએ આ ગ્રંથ આ સભાને પોતાના નામથી નહીં, પરંતુ પોતાના દાદા ગુરૂરાજની ભક્તિ નિમિત્તે, સચ્ચારિત્ર ચૂડામણિ પ્રાતઃસ્મરણીય શ્રીમાન્ સુખસાગરજી મહારાજના નામસ્મરણાર્થે; તે મહાપુરૂષનું નામ કાયમ જૈન સમાજના સ્મરણમાં રાખવા આ ઉત્તમ કાર્ય ઉક્ત સભાને તેના સેક્રેટરી મારફત સુપ્રત કરવામાં આવેલ છે.



પ્રસ્તાવના.

" જેના વાણી વિલાસમાં વિમળતા, સ્યાદ્વાદ વિદ્યાતણી !
શાંતિ–સંયમ–તિવ્ર સ્વાનુભવની, લ્હેરો વહે નિર્મળી !
પરભાવે નવ લેશ રક્ત રમતા, આત્મોપયોગે ઠરી !
તે શ્રી સદ્ગુરૂ **બુદ્ધિસાગર** કૃપા,–રસબિન્દુ બે દ્યો જરી !!! "

પ્રસ્તાવના લખવાના બે હેતુ છે, એક તો વાંચકને લેખકની પીછાન કરાવવી-અને બીજું લખેલા વિષયની વિશિષ્ટતાનું યથામતિ દિગ્દર્શન કરાવવું.

શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય યોગનિષ્ઠાધ્યાત્મજ્ઞાન દિવાકર શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના વિખ્યાત નામાભિધાનથી જૈન કોમ અને સાહિત્ય રસ ભોગિ સમાજ ભાગ્યેજ અજ્ઞાત હશે.

આત્મજ્ઞાનની મુર્તિશા સરળને, શાંતિ સમાધિ ભર્યા !
યોગિરાજ સમર્થ સત્કવિ મહા, આચાર્ય સાહિત્યના !
દિવ્યાત્મા ગિર્વાણના પ્રખર જે, વિદ્વાન્ વક્તા મહા !
ત્યાગી પૂર્ણ વિરાગની સુપ્રતિમા, ખાખી સુ સાધુ અહા !
ગ્રંથો આત્મજ્ઞાન કુંજ સરખા, જેણે રચ્યા અણમૂલા !
સિદ્ધાંતો સ્યાદ્વાદનાં રગરગે, રેલી રહ્યા દોહ્યલા !
મુક્તિ માર્ગ પ્રવાસી અદ્ભુત સૂરિ, કરૂણાની મુર્તિ સમા !
વંદુ સદ્ગુરૂ ' બુદ્ધિસાગર મણિમય ' યોગ દિવાકરા !

આવા અનેક આત્મગુણ મંડિત વિદ્વાન ગુરૂના વિદ્વાન શિષ્યરત્ન પં. શ્રી અજીતસાગરજી ગણિ આ પુસ્તકના અનુવાદક છે. તેમની પ્રખર વક્તૃત્વ શક્તિ, લેખનકલા–અને ઉપદેશ શૈલીથી વિમુગ્ધ એવો જૈન અને જૈનેતર સમાજ ગુજરાત અને કાઠિયાવાડમાં તેમનાં ગુણ ગાન કરી રહ્યો છે. અને ખરેખર વિદ્વાન ગુરૂના એ વિદ્વાન શિષ્યે આ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્રના અનુવાદમાં પણ પોતાનું પાંડિત્ય, લેખન શક્તિ અને સદ્વિચારોનું સારૂં દર્શન કરાવ્યું છે.

જો કે મુળ ગ્રંથકર્તા શ્રીમાન્ અભયદેવસૂરિના પ્રશિષ્ય શ્રીમાન્ લક્ષ્મણ ગણિજી છે, છતાંયે તેનો અનુવાદ, અનુવાદકે એવી સુન્દર રીતે કર્યો છે કે મૂલ ગ્રંથની ખુબી ન ઘટતાં ઉલટી વધે છે. એક પાત્રમાંથી રસ બીજા પાત્રમાં રેડતાં સ્વાભાવિકજ તે ઘટે, તેમ છતાં આતો માગધી ભાષાના પાત્રમાંથી આ ઉત્કૃષ્ટ વસ્તુચારિત્ર રસ ગુજરાતી ભાષા પાત્રમાં રેડવા છતાં, તેમાં ગ્હેલી સુન્દરતા–અલંકારની જમાવટ, રસની રેલછેલ, તત્વજ્ઞાનની સુધા જ્યોતિની, શબ્દોની સજાવટ, ને ઝડઝમક કોઇ અદ્દભુત રીતે વાંચકને વશ કરી લે છે. ને લેખક જો અનુવાદમાં પૂર્ણ રીતે દત્તચિત્ત થવામાં ગફલત કરે, છતમાં ખામી હોય યાતો તેમાં અપૂર્ણ હોય તો રસભંગ, અનુવાદ દોષ, પુનરૂક્તિ દોષ, અછતી વસ્તુનું આરોપણ, અને કદાચ શાસ્ત્ર વિરૂદ્ધ પ્રરૂપક બની લોકનિન્દાને પાત્ર તથા અનંત સંસારી બને છે, પણ આ અનુવાદ તેવા દોષોથી મુક્ત હોઇ સુન્દર–ભાવપૂર્ણ–રસભર–સાર્થ બન્યો છે એમ કહેવામાં હું તો અચકાતો નથી. શ્રી અજીતસાગરજી મહારાજે આ પહેલાં કેટલાક સારા ગ્રંથો પ્રકાશમાં આણ્યા છે. તે પરથી તેઓ કવિ છે–લેખક છે ને વક્તા છે એમ કહેવામાં જરાય અડચણ નથી. અને તેમના ગુરૂરાજ પોતે એક સમર્થ લેખક, મહાન્ કવિ અને ઉત્કૃષ્ટવક્તા છે ને તેમનો વારસો તેમના શિષ્યો પ્રાપ્ત કરી કુદરતના નિયમને માન આપી છે. શ્રીબુદ્ધિસાગરજી સૂરીશ્વરજી ગમે તેવી તબીયત વા સંજોગોમાં હરહંમેશાં બીજી ઉપાધિમાં ન પડતાં, જન હિતાર્થે દયાભાવથી ઉત્કૃષ્ટ ધર્મ–જ્ઞાનને સિદ્ધાંતોથી ભરાતું સાહિત્ય આલેખવામાં તથા સાધુ જીવન જીવવામાંજ લીન રહે છે. આજ ધોરણે શ્રી અજીતસાગરજી પણ કમવાર ગ્રંથો તૈયાર કર્યેજ જાય છે ને લોકોપકારના ભાર નીચે વાંચક આલમને દબાવતા જાય છે. ઘણા ભાગે લેખક કવિ નથી હોઇ શકતા યા તો કવિ લેખક ન હોય–પણ આ અનુવાદક તો લેખક, કવિ ને વક્તા આ ત્રણેના ગુણે સુમંડિત છે એ જૈન કોમને ગૌરવરૂપ છે. અત્રે મારે કહેવું જોઇએ કે જૈન સાધુઓમાં આ મધ્યે ગુરૂવર્ય વિભૂષિત આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી પછી બીજે નંબરે શ્રી અજીતસાગરજી આવે છે, આ તેમના ગુરૂ, કોમ અને દેશનાં આત્મોદ્ધારના સત્કાર્યે સદાય વપરાય એમ ઇચ્છીશું કારણ આ મુશ્કેલી ભુલ

મનુષ્ય મદ-પ્રાપ્તિની લાલસાને પરભાવમાં ન પડી જાય તો તે બહુ ઉત્તમ, ને કર્મબંધને શિથિલ કરવામાં સહાયભૂત છે.

હવે ગ્રંથની વિશિષ્ટતા તરફ વળીએ. મને લાગે છે કે આ બાબતમાં [illegible] વાચક [illegible] કરશે-પણ યોગ્ય વસ્તુને યોગ્ય ન્યાય ન [illegible] લાગે.

[illegible] ગ્રંથકાર શ્રી આદિનાથ પ્રભુની સ્તુતિ કરે છે.

[illegible] મોહ રિપુને, જીત્યા લીલા માત્રમાં !
[illegible] ચતુર્વિધ, શ્રી સંઘને પાત્રમાં !
[illegible], જે વર્ણવ્યા શાસ્ત્રમાં !
[illegible] દિવા રાત્રમાં !

ગ્રંથમાં વાપરેલી અલંકાર પ્રચૂર–રસભર ભાષા તો ખરેખર વાચકને મુગ્ધ બનાવી પોતાને અનુરાગિ બનાવ્યા શિવાય રહેતી નથી. શ્રાંકડી નગરીના વર્ણન પરથી તે સમયનો, જૈનધર્મની જાહોજલાલી સ્પષ્ટ થાય છે, અને મંદિરોની વિપૂલતા તત્સમયની ધર્મભાવના પ્રસિદ્ધ કરે છે,

સંગ્રામશૂર રાજાની ચંદ્રલેખા રાણી કોપભવનમાં પ્રવેશ કરે છે. આ વર્તમાન રાજા જાણે છે ને તે રાણી પાસે જાય છે. ત્યાં જઇ વિવિધ મીટ વચને રાજા રાણીને પુછે છે. આ પૃચ્છામાં પોતાની પત્નિ તરફની ફરજે અતિશય ખુબીથી આપી દીધી છે. ને રાણી પણ વિનિત ભાવે, પતિદેવનો પ્રભાવ, ગુણ, પવિત્રતા ને વૈભવ વખાણતાં પોતાને સંતાનનો અભાવ પીડે છે એમ પ્રકટપણે જણાવી તેને માટે પુરૂષાર્થ કરવા વિનવે છે.

પતિ પત્નિમાં થતા કલહનાં મૂળ તપાસતાં, તેમાં રહેલાં કારણો, ને તેથીજ થતા કલેશ સમયે કરાતાં વર્તન, વપરાતા શબ્દો ને ઉપજતા ભાવ જોતાં, પતિપત્નિ કેવા ઉત્તમ–પ્રેમાળ–ને સમાન ભાવનાવાળાં હોવાં જોઇએ એનો આદર્શ અહિંયાં રજુ થાય છે.

રાજા જણાવે છે કે–" ઐહિક પૂણ્યથી આ વિચાર સિદ્ધ થતો નથી, પરંતુ પૂર્વભવનાં પૂણ્યથીજ તે સિદ્ધ થાય છે " આ શબ્દો રાજાની ધર્મને પૂણ્યકાર્ય પ્રતિ પ્રીતિ બતાવે છે. વળી મનુષ્ય શુભાશુભ કર્મને આધિન છે એ બાબત પ્રતિત કરાય છે.

આ વાર્તાલાપ દરમ્યાન કોપભવનમાંજ આવેલા સૌધર્મદેવલોકમાં રહેતા ઇન્દ્રના બે સામાનીક દેવતાઓ પોતાનો વૃત્તાંત કહે છે. પણ કહેતાં પહેલાં પોતે કયા પૂણ્યોદયથી દેવ થયા ? એવા રાજાના પ્રશ્નના ઉત્તરમાં દેવ જણાવે છે કે–" જો કે પોતાનું ચારત્ર સ્વમુખે કહેવું યોગ્ય નથી. પરંતુ આપનો બહુ આગ્રહ છે તેથી કહેવુ પડશે. ઇ." આ દેવતાની લઘુતા આપણને એક ઉત્તમ પાઠ શીખવે છે. આ બન્ને દેવો ટુંક મુદતમાંજ દેવલોકમાંથી ચ્યવી ચંદ્રલેખાની કુક્ષિએ અવતરવાના હોવાથી પોતાનાં ભાવિ માતા પિતા સમ્યક્ત્વધારી છે કે નહિ તે પૂછવા દેવતાઓ કેવલી પાસે ગયા છે, તે સમકીતવંત અને તથા ભદ્રિક પરિણામના રાજા રાણી છે એમ જાણીનેજ અને રાજા રાણી પાસે આવ્યા છે. દેવતાઓને સમકીત કેટલું વ્હાલું

હોય છે ને સમકીતવડે સર્વ જીવનાં સાશ્વત સુખો મળે છે એમ પ્રતિત કરાવવા આ દેવોનું અત્યારે આવવું સર્વથા યોગ્યજ છે. દેવો કહે છે કે "જેમાં અવિરતી બહુ ભરેલી છે એવા દેવલોકમાંથી અમે ચ્યવીશું તેનું અમને કીંચિત્‌માત્ર દુઃખ નથી. કેમકે આપને ત્યાં જન્મ થવો જાણી અમને બહુ આનંદ થાય છે. કારણ દરેક કુળમાં શ્રાવકકુળ, સિદ્ધાંતોમાં જૈન સિદ્ધાંત, સમસ્તદાનમાં અભયદાન અને સર્વ. મરણમાં સમાધિ મરણ શ્રેષ્ટ ગણાય છે." આ પરથી દેવતાઓ પણ જૈનકુળમાં જન્મ ઇચ્છે છે.

પ્રથમ દેવના વર્ણનમાં, જીનચંદ્ર શેઠના પુત્રને તેની માતા શિલવતી ધર્મકાર્યમાં શિથિલ છતાં જમતી વખતે " તું ' વાસિત ભોજન ' જમે છે એમ ઉપાલંભ આપે છે. પુત્ર આનો ખુલાસો માંગે છે ને માતા તેને સમયસાગરસૂરિ પાસે મોકલે છે, તે ત્યાંથી સૂરિના કહેવાથી સ્થાવર ચાંડાલ શ્રાવક પાસે જાય છે. ત્યાં કૃપણ પિતામહનો દેદાર તે જુએ છે. કર્મધર્મ સંજોગે તે ચાંડાલ પોતાના સાધર્મિક બંધુ (જીનચંદ્રનો પુત્ર) ને માટે તેજ કૃપણ પિતામહને ત્યાં રસોઇ કરાવે છે. ને તે કૃપણ તે પોતાનો બનેવી નીકળે છે. આ કૃપણની કૃપણતાનું ચિત્ર દોરવામાં ગ્રંથકારે ખરેખર કુશળતા વાપરી છે.

કાળે કરી તેજ કૃપણની સ્ત્રીને ત્યાં ઉક્ત માતંગ પૂત્રરૂપે અવતરે છે. ને જન્મતાંજ બોલે છે. આ આશ્ચર્ય જોઈ સ્તબ્ધ થયેલા શેઠના પુત્રને તે નવીન જન્મેલો બાળક-સ્થાવર માતંગને ત્યાં નવિન બાળક અવતર્યાનું ને, તે માતંગપત્ની બહુ પુત્રોના દુઃખે તે પુત્રને મારી નાંખશે માટે તેને બચાવવા જણાવે છે, ને કહે છે કે કૃપણ પિતામહ મરી માતંગને ત્યાં પુત્રપણે અવતર્યો છે-તે હું માતંગ તમને સાધર્મિક ભાઇની દ્રષ્ટિએ જમાડવાથી અહિં જન્મ્યો છું. .વળી ધનસાર (કૃપણપિતામહ) માતંગને ત્યાં જન્મ્યો તેનું કારણકે તેણે કંઇપણ નવિન પુણ્ય ઉપાર્જન ન કર્યું, અને પુર્વોપાર્જીત પુણ્યનો ભોગ્ય કાળ આવી રહ્યો. માટે હે ભાઇ ! તમને ધર્મકાર્યમાં પ્રમાદી જોઇને તમારી માતા હંમેશાં ઉપદેશ આપવા કહેતી કે પુત્ર ! વાસીત ભોજન કરવાથી તું દુઃખી થઇશ. તેમજ તમને અહિં બોધ થશે, એમ જાણી સૂરિશ્રીએ અહિંજ મોકલ્યા."

વળી સૂરીશ્વરને પૂછવાથી ખુલાસો મળે છે કે માતંગે ચાર રૂપિઆ

ખર્ચી બહુ શુદ્ધભાવથી સાધર્મિક બુદ્ધિએ કરી તેને ભોજન આપ્યું. તેના પ્રભાવથી ચાર રૂપિઆને બદલે ધનસારના પુત્રપણે ચાર કોટિ દ્રવ્યનો તે સ્વામિ થયો.

તેજ બે દેવો ચંદ્રલેખાની કુક્ષિએ અવતરી જયસુન્દર અને જયસુન્દરીપણે ઉપજે છે. એકદા કોઇ કિન્નર જોડલાના મુખે દિવ્ય સંગીત સાથે શુભંકરી નગરીના નૃપ સમરસિંહનાં યશોગાન સાંભળી જયસુન્દરી વિંધાય છે ને તેનું પાણીગ્રહણ ઇચ્છે છે ને કેટલીક મુશ્કેલીઓ પછી તે સમરસિંહને પરણે છે.

આ લગ્નના પરિણામે જયસુન્દરીની કુક્ષિએ નંદિષેણ નામે મહા પુણ્યશાળી ને તેજસ્વી પુત્ર જન્મે છે. અનુક્રમે યુવાવસ્થા પ્રાપ્ત થતાં તેને અનેક રાજકન્યાઓ સાથે પરણાવી સમરસિંહે નંદિષેણને રાજ્ય સોંપી, શ્રાવકની અગીયાર પડિમાઓ વહી, મુનિધર્મ ગ્રહી, ઉગ્ર તપશ્ચર્યા આદરી, અનશન કરી, પોતે લાંતક કલ્પમાં દેવ થયા.

નંદિષેણને શશીપ્રભા રાણીથી ધનકુમાર નામે પુત્ર થાય છે, તે યૌવન પામતાં નંદિષેણ તેને રાજ્ય લેવા આગ્રહ કરી પ્રવજ્યા લેવા તૈયાર થાય છે, પણ પિતૃ સ્નેહી ધનકુમાર પિતાને રોકે છે. પણ જ્યારે થોડા વખત પછી પાછા ચારિત્રના ભાવ વર્તે છે. ત્યારે તે પોતાના પુત્રને કહે છે કે—"જરારૂપી રાક્ષસી સમસ્ત અંગોને ગ્રહણ ન કરે. અને રોગરૂપી નિર્દય સર્પ ઉગ્ર દંશ ન કરે તેટલામાં રે જીવ ! ધર્મારાધનમાં ઉદ્યુક્ત થા !" આમ છે માટે હવે હું આ રાજ્ય તને સોંપું છું. ત્યાં શ્રી નંદનજી ન પધારવાની વધામણી આવતાંજ રાજા પુત્રને રાજ્યભાર સોંપી પ્રભુ પાસે જાય છે ને ત્યાંજ દિક્ષા અંગીકાર કરે છે. અને તિર્થંકર ભગવાન, સિદ્ધભગવાનને શ્રી સંઘની ઉત્કૃષ્ટ ભક્તિ કરવા લાગ્યા. મુનિઓની સેવા કરવા લાગ્યા તથા ભવિજીવોને ઉપદેશથી તારવા લાગ્યા. બહુ શ્રુત મુનિઓની સેવામાં લીન થયા. તપશ્ચર્યામાં આસક્ત એવા મુનિઓને સહાય આપવા લાગ્યા. પોતાના શરીરનો મમત્વ બુદ્ધિનો સર્વથા લોપ કર્યો. વૈરાગ્ય ભાવનામાં ભિંજાવા લાગ્યા નિરંતર. બાર પ્રકારના તપશ્ચર્યા કરી બાહ્યાંતર શત્રુઓને જીતી તેમણે વિધિપૂર્વક તિર્થંકર ગોત્ર બાંધ્યું. ને શુદ્ધ અધ્યવસાયથી સમાધિમરણ વડે મહર્ધી દેવપણે ઉપજ્યા.

અલકાપૂરિને ઝાંખી પાડતી એવી વારાણસી નગરીના સુપ્રતિષ્ઠ રાજાની પૃથ્વી રાણીની કુક્ષિએ નંદિષેણનો જીવ ગ્રૈવેયક દેવલોકમાંથી ચ્યવી ઉપજ્યો. માતાએ ચૌદ સ્વપ્ન જોયાં અને અન્ય તિર્થંકરોની માફકજ શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ જન્મ્યા. ઇન્દ્રાદિકથી સેવાતાં, ગર્ભિણીને યોગ્ય આહાર વિહારાદિ પ્રવૃતિ સેવતાં, પરમ શાંતિ સમાધિથી દેવદેવીઓથી કરાયાં છે, સુતીકાકર્મ જેમના એવાં પૃથ્વીમાતાની કુખે પ્રભુ પુત્રપણે ઉપજે છે. દેવતાઓ તથા સુપ્રતિષ્ઠ રાજા મહા જન્મમહોત્સવ ઉજવે છે.

નામ સ્થાપન વખતે કુટુંબીઓ તથા નગરવાસી મુખ્ય જનોને સત્કારપૂર્વક જમાડી વસ્ત્રાદિ અલંકારોવડે સત્કારી રાજા કહે છે કે—"જે દિવસે રાણીના ગર્ભમાં આ બાળક આવ્યો તે દિવસથી આરંભીને દીવસે દીવસે અધિક શુભ પાર્શ્વ (આજુબાજુનાં શુભકાર્યો) થવા લાગ્યાં છે માટે આપની સંમતી હોય તો આ બાલકનું નામ સુપાર્શ્વકુમાર રાખીયે." નામ કરણ વિધી તથા ગુણ પ્રમાણેજ નામ પાડવું એજ ઇષ્ટ છે. એ આ પરથી સૂચીત થાય છે. આજના રિવાજ પ્રમાણે ઘાંચી મોચીના છોકરાઓનાં મહા આડંબરવાળાં નામ જોઇ હાસ્ય આવે છે.

બાલ્યાવસ્થા વીત્યે યુવાવસ્થામાં પ્રવેશતા અતિ રમણીય સર્વ અવયવ અને સકળ દિવ્ય લક્ષણોથી વિભૂષિત કુમારનાં દર્શન માત્રથી કોનાં નેત્ર આનંદીત ન થાય ? એવા પ્રભુ અનેક પ્રકારના વૈભવ વિલાસો તથા ક્રીડા કરતાં સમય વિતાવે છે. એકદા સુપ્રતિષ્ઠ રાજાની સભામાં અમરાવતી નગરીના [illegible] રાજાનો દૂત તે રાજાની મહા સૌંદર્ય-શાલીના ગુણ[illegible] નામના પુત્રી[illegible] આવે છે. તેના [illegible] કહ્યું કે—"[illegible] [illegible] મહોત્સવ કરવાની [illegible] [illegible] [illegible] [illegible]

પડું નિભાવી લે–" એમ અહીં બનું નહીં. અહિં તો રાજા રાણી પુત્રની સંમતિ પ્રથમ લે છે, હવે માતા પુત્રને લગ્ન મનાવવા કુમાર પાસે આવે છે. કારણ લગ્ન થયુંનિ જણાવે છે કે–" શું કુમાર હવે તો મને વિવાહ માટે તેને જણાવ." માતા આગમન કુમાર માન પકડી પગમાં માથે મસ્તકે અંજલિ જોડી નમસ્કારપૂર્વક વિનતિ કરી માતાને આગમન પ્રયોજન પૂછે છે. માતા લગ્ન માટે પૂછતાં સંસારથી વિરક્ત, કુમાર પોતાની નામરજી ને વિરક્ત દશા જણાવે છે. પણ માતાનો આગ્રહ ને પિતાની આજ્ઞા શિરસાવંદ્ય કરી પરણવા હા પાડે છે અને પ્રખર વિપક્ષ પુણ્ય માટે પિતા માતાની ભક્તિના આદર્શનું દૃષ્ટાંત ચિત્ર દોરે છે. પ્રભુ–નિઃસંગી–ત્યાગી–વૈરાગી–સંસાર વિરક્ત મહાત્માની છતાં પિતા માતાના ઉપકારને વશ–જેમની આજ્ઞા ઉથાપના નથી. માતૃભક્તિ–પિતૃભક્તિનું અત્યંત દર્શન.

પ્રભુનું હવે વિધિપુરઃસર લગ્ન થાય છે. જેમના સ્વાભાવિક રૂપનું વર્ણન કરવા ઇન્દ્ર પણ સમર્થ નથી તો આવા લગ્ન પ્રસંગે મહા દિવ્ય આભૂષણોએ વિભૂષિત પ્રભુના રૂપની શી વાત ! આ તરફ સોમા કુંવરી પણ દિવ્ય આભૂષણોએ સુમંડિત તથા જેનું સ્વાભાવિક રૂપ મહા અદ્ભુત છે એવી આ જોડીનું લગ્ન થયું.

આસક્તિ રહિતપણે સંસારના રતિ ભોગ ભોગવતાં કેટલોક સમય વ્યતિત થયે, સુપ્રતિષ્ઠ રાજા પોતાનું મરણ નજીક જાણી અનિચ્છા છતાં કુમારેંદ્રને રાજ્યાભિષેક કરી અનશન કરી ઇશાન દેવલોકમાં ગયા ત્યાંથી મોક્ષે જશે.

સોમાદેવીની કુક્ષિએ પુત્ર અવતરે છે, ને તેનું નામ શ્રી શેખર રાખવામાં આવે છે. એકદા સૂર્યગ્રહણ થતાં બલાત્કારે રાહુએ સૂર્યને ગ્રહણ કર્યો, જોઇ સંસારમાં પ્રાણીઓ મૃત્યુવડે ઘેરાશેજ આવી શ્રી સુપાર્શ્વકુમારને ભાવના ઉપજી, ને તુર્તજ લોકાંતિક દેવોની વિનંતી થતાં વાર્ષિક દાન દેતા અપૂર્વ મહોત્સવપૂર્વક પ્રભુ દિક્ષા લે છે.

પ્રભુ પ્રથમ પારણું કરવા મહેંદ્ર શેઠને ત્યાં જાય છે ત્યાં કરે છે. પ્રભુને જોઈ મહેંદ્ર શેઠ અપૂર્વ હર્ષ પામી પ્રભુની સ્તુતિ કરી અપૂર્વ વિર્યોલ્લાસવડે પોતાની સ્ત્રીને આવો લ્હાવો લેવા જણાવે છે. શેઠાણી પણ રોમાંચ ધારણ

કરતાં—આત્માને કૃતાર્થ માનતાં મહા ભક્તિવડે પ્રભુને પારણું કરાવતાંજ, દેવતાઓએ દુંદુભી નાદ કરી સાડાબાર ક્રોડ સોનૈયા વરસાવ્યા.

ત્યાર પછી જગતપર ઉપકાર બુદ્ધિવાળા પ્રભુ ઉગ્ર તપશ્ચર્યા કરતા કરતા ક્રમે ક્રમે પાછા વારાણસીના ઇશાન કોણમાંના સહસ્રામ્ર વનમાં પધાર્યા. [illegible] વનમાં પ્રભુ કેવળજ્ઞાન પામે છે. દેવતાઓ સમવસરણ રચે છે. પ્રભુ સમવસરણમાં પધારે છે તથા શ્રી શેખર રાજા પણ સમવસરણમાં આવે છે [illegible] પણ આવે છે. પ્રભુની દેશનાનું અમૃત ઝીલતાં વૈરાગ્ય [illegible] તથા શ્રી પરિવાર સહિત સોમાદેવીએ પણ દીક્ષા [illegible] ને પ્રભુએ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી.

[illegible] સમવસરણમાં દાનવીર્ય રાજા પ્રભુને પોતાના આત્માના [illegible] ને પ્રભુ તેના જવાબ આપે છે.

[illegible] રાજા પ્રભુને પ્રશ્નો પૂછવા માંડે છે ને મહા દયાળુ [illegible] સાથે પોતાની અમૃતતુલ્ય વાણીમાં [illegible]

[illegible] સમ્યક્ત્વ આરાધવાથી ચંપકમાલા જેમ [illegible] અને મોક્ષને પામી, તેમ [illegible] કરતાં, સહુ કોઈ સુખને [illegible]

પાંચમા પ્રશ્નમાં—પાખંડી સંસ્તવાતિચાર-માં પાખંડીઓના પરિચયથી થતું નુકશાન, તેથી કેટલું ભવભ્રમણ વધે છે તથા મનુષ્ય એ અતિચારના સેવનથી કેટલાં ભવભ્રમણ દુઃખ વેઠે છે તે પર પ્રભુએ ભીમકુમારનું દ્રષ્ટાંત આપ્યું છે.

છઠ્ઠા પ્રશ્નમાં—પાખંડી પ્રશંસાતિચાર-પાખંડીઓની પ્રશંસાથી મંત્રી તિલક પેઠે મનુષ્ય મહાદુઃખને પામી ઘણા ભવભ્રમણ વધારે છે. તે સંબંધ ઘણી કુશળતાથી પ્રભુએ સમજાવ્યો છે.

સાતમા પ્રશ્નમાં—દાનવિર્ય રાજાએ પ્રભુને પૂછેલો પ્રશ્ન બહુ સુન્દર છે. અણુવ્રતાદિ પાળવામાં અતિચારોના ગુણ તથા દોષનું વર્ણન દ્રષ્ટાંત સહિત સમજાવવા પ્રભુને વિનવે છે. વિશ્વોપકારક પ્રભુએ, વિજયચંદ્ર કુમાર સાવદ્ય આરંભનો ત્યાગ કરી જીવન પર્યંત મન, વચન ને કાયાથી નિરપરાધી સ્થૂલ જીવની હિંસા સંકલ્પથી પણ કરતા-કરાવતાં નથી તે વિશાળ રાજ્ય સિદ્ધિ પામી છેવટે મોક્ષ પામે છે તે, બતાવ્યું છે.

આઠમા પ્રશ્નમાં—બંધાતિચાર-કારણ વિના તિર્યંચને બંધમાં રાખવા માટે બંધુરાજની પેઠે બહુ પીડાઓ ભોગવી અંતે મહા દુર્ગતિના ભોક્તા થશે. એ જણાવ્યું.

શ્રી દાનવિર્ય નૃપે નવમા પ્રશ્નમાં—વધાતિચારનો પ્રશ્ન કરતાં પ્રભુએ તે પ્રશ્નનો ઉત્તર દ્રષ્ટાંત સહિત આપતાં, ક્રોધાયમાન થઇ ઢેફુ, પાષાણ કે દંડાદિક વડે જે મનુષ્ય પ્રાણીઓપર પ્રહાર કરે છે તે મનુષ્ય શ્રી વત્સદ્વિજની માફક ભયંકર ઘોર સંસારમાં પરિભ્રમણ કરે છે, તે સમજાવ્યું.

દશમા પ્રશ્નમાં—છવિચ્છેદાતિચાર, ત્રીજા અતિચાર વિષે પૂછતાં-પ્રભુ તે દ્રષ્ટાંત સાથે સમજાવે છે. ગળાંની ચામડી, કાન, વૃષણ વિગેરે પ્રાણીઓના અવયવોનું જે પુરૂષ છેદન કરે છે, તે રાહડ મંત્રીની માફક સંસારચક્રમાં મહા ભયંકર કષ્ટ ભોગવી અંતે દુર્ગતિને પ્રાપ્ત થાય છે. તે કથ વિસ્તારથી કહે છે.

અગીઆરમા પ્રશ્નમાં—ચતુર્થ અતિચાર વિષે, નિર્દયપણે પ્રાણીઓ પર બહુભાર ભરી, જીવોને દુઃખી કરે છે, તે પર સુલસ શ્રેષ્ઠીનું દ્રષ્ટાંત વિસ્તારે વર્ણવી બતાવ્યું છે.

બારમા પ્રશ્નમાં—પંચમ ભકતપાન વ્યવચ્છેદાતિચાર–કારણસર અથવા કારણ વિના જે મનુષ્ય જીવાત્માઓના ભોજન પાનાદિકનો વિચ્છેદ કરે છે તે સિંહની માફક સંસાર વનમાં વારંવાર પરિભ્રમણ કરે છે તે સમજાવ્યું.

તેરમા પ્રશ્નમાં—રાજા, પ્રભુને દ્વિતિય અણુવૃતનું સ્વરૂપ અતિચાર સહિત સદષ્ટાંત સમજાવવાની વિનંતી કરે છે, તે પરથી પ્રભુ, કન્યા, ગાય, તથા ભુમિ સંબંધી અસત્ય વચન સજ્જન પુરૂષોએ કદાપી બોલવું નહીં. તેમજ કોઇની–દ્રવ્યાદિક થાપણ ઓળવવી નહીં. જુઠી સાક્ષી પુરવી નહીં, તે પર આ સા અતિચારથી રહિતપણે વર્તનાર કમલશ્રેષ્ટીની જેમ બહુ સુખના ભાજન થાય–તે જણાવ્યું.

ચૌદમા પ્રશ્નમાં—બીજા વૃતમાં પ્રથમ અતિચારનું સ્વરૂપ–સહસાભ્યાખ્યાનાતિચાર—જે પુરૂષ અકસ્માત હાસ્ય વચનથી પણ અન્યને ખોટું આળ ચઢાવે છે, તે ભવનપતાકાની પેઠે પરભવમાં તેજ અપવાદને પ્રાપ્ત થાય છે. તે વિસ્તારથી સમજાવ્યું છે.

પંદરમા પ્રશ્નમાં—બીજાવૃતમાં બીજા અતિચારનું સ્વરૂપ–રહોભ્યાખ્યાનાતિચાર–પૂછતાં પ્રભુએ તે ધરણના–દષ્ટાંત પૂર્વક સમજાવ્યું છે.

સોળમા પ્રશ્નમાં—સ્વદારામંત્ર ભેદાતિચાર–મૃષાવાદ વ્રતમાં શું કરવાથી ત્રીજો અતિચાર લાગે? એમ પૂછતાં—પોતાની સ્ત્રીએ વિશ્વાસથી કહેલું કોઇપણ વચન અન્ય પુરૂષની આગળ કોઇપણ નિમિત્તે જાહેર કરે છે તે બીજા વૃતમાં અતિચાર આણે છે, ને તે અતિચારના સેવનથી મનુષ્યો મદનની પેઠે દુઃખી થાય તે વિસ્તારથી દર્શાવ્યું છે.

સોળમા પ્રશ્નમાં—મૃષોપદેશાતિચાર–મીથ્યા ઉપદેશ આપી લોકોને છેતરે છે ને દ્વિતિયવ્રતમાં અતિચાર લગાડે છે તે પદ્મવણિકની પેઠે આલોક ને પરલોકમાં બહુ દુઃખ ભોગવે છે તે સવિસ્તાર સમજાવ્યું છે.

આમ કુલ ૧૪ પ્રશ્નો પ્રભુએ બહુજ ઉત્તમ રીતે પોતાની સુલલિત–ગંભિર–રસભર–અર્થ ભાવપૂર્ણ એવી સુધાસ્ત્રોતિની વાણીથ–સુન્દર અને બરોબર બંધ બેસતાં એવાં ઉત્તમ ઉદાહરણો-કથાઓથી સમજાવ્યા છે. આ ચોદ કથાઓ બહુજ જ્ઞાન તત્વ ને સારથી પૂર્ણ તથા તેની ભાષા અતિશય સાલંકાર હોઇ નિર્દોષ છે.

એકંદર સમગ્ર ગ્રંથ—કે જે મુળ માગધીમાં છે, ને જેને અનુવાદિત કરી પંન્યાસજી મહારાજ ગુજરાતીમાં રજુ કરે છે, તેમાં પ્રભુનો જન્મ મહોત્સવ, બાલ-યુવાવસ્થા, વિવાહ, નેર્લેપ ગૃહસ્થાશ્રમ, પુત્રોત્પત્તિ, વૈરાગ્ય–દિક્ષા–કૈવલ્ય પ્રાપ્તિ–વિષે વિસ્તારથી અને ઉપદેશક શૈલીમાં સ્પષ્ટ વર્ણવી, કેવલજ્ઞાન પ્રાપ્તિ પછી જગતના ઉપકારાર્થે દેશોદેશ વિચરી, ભવ્ય જીવોને હિતકર ઉપદેશ અનેક કથાઓ સહિત આપે છે, આ કથાઓની રચના અલૌકિક છે, અને તેમાં અંતર્ગત રીતે એવો તો અપૂર્વ તત્વજ્ઞાનયુક્ત સદ્બોધ રહેલો છે કે આ ચરિત્રને ઉત્કૃષ્ટ ગૌરવભર્યું—અરે! અન્ય ચારિત્રોમાં આ શ્રી સુપાર્શ્વનાથ ચારિત્ર પ્રમુખત્વ ભોગવે છે–એમ કહેતાં જરાપણ અતિશયોક્તિ ન ગણાશે. એકંદર રીતે ધર્માધર્મ–હેયજ્ઞેયાદિ વિવેકનું દર્શન ઉત્તમ રીતે કરાવ્યું છે.

શ્રાદ્ધજનોએ હંમેશાં પ્રતિપાલન કરવા યોગ્ય સમકીત મૂલ બારવ્રત અને તેના અતિચાર, અતિચારથી થતું અનિષ્ટ તથા વ્રત સેવનથી થતું ઉત્કૃષ્ટ ફળ સુન્દર રીતે બતાવ્યું છે, અને તે ઉમદા–દ્રષ્ટાંતોવડે વિશાળતાથી કહેવામાં આવે છે, તે સહિત તે તે કથાઓમાં ચતુરાઈ, બુદ્ધિ મહિમા, જન સ્વભાવ દર્શન, દિવ્ય તત્વજ્ઞાન નિરૂપણ, તત્સમયના લોકાચાર, વ્યવહારીક, ધાર્મિક–સામાજીક, રાજકીય પરિસ્થિતિ, ઉચ્ચ તત્વજ્ઞાન, પ્રબળ વૈરાગ્ય ભાવના, સંસારની અસારતા, આદિ, પ્રશ્નો એવા તો સરસ ને સરળ રીત્યા ઊકેલ્યા છે કે–હરકોઇ જૈન યા જૈનેતર વિદ્વાન વાંચકનું મન તે વિના વિલંબે હરી લે છે.

મનુષ્ય જીવનના સન્માર્ગદર્શક, જૈનદર્શનના સદાચાર–વિચારનું ભાન કરાવનાર, સત્ય તત્વજ્ઞાન પ્રાપ્ત કરવા–માનવ ભવનો મહાન્ આદર્શ–સમ્યક્ત્વની પ્રતિતીને પ્રાપ્તિ કરાવી આપનાર આ ગ્રંથ અવશ્ય ઉત્તમ અને સુન્દર રીતે લખાયેલો છે અને તેવીજ સુન્દર રીતે અનુવાદિત થયેલો છે કે હરકોઇ માનવને–વિદ્વાનને–સ્ત્રી યા પુરૂષને–બાલ યા વૃદ્ધને તે હમેશાં પાસે ભાથાના ડબ્બાની જેમ રાખવા આગ્રહપૂર્વક ભલામણ કરતાં આનંદજ થાય.

આ ગ્રંથ સં. ૧૧૯૯ એટલે મહારાજા કુમારપાળના વખતમાં મૂળ માગધીમાં લખાયેલો અને વર્તમાન કાલીન વિદ્વાન પંન્યાસજી શ્રી અજીત-

સાગરજી ગણિએ તેનો અનુવાદ ગુર્જર ભાષામાં—જનહિતાર્થે કરી—પ્રકાશમાં આણ્યો છે એ બહુજ આનંદજનક છે.

પંન્યાસજીએ આ ગ્રંથ પોતાના દાદાગુરૂના નામથી પ્રસિદ્ધ કરાવવામાં પણ ઠીક કર્યું છે, અને ખરેખર જેમને :—

જેને શિર સમર્થ સદ્ગુરૂ મહા "શ્રી બુદ્ધિસાગર" સમા !
જેની લેખીનીથી લખાઇ પ્રકટે, ગ્રંથો અમુના અહા !
વક્તૃત્વે સમધુર—તત્વભર જે, વ્યાખ્યાન કોવિદ શા ?
શાંતિ—તુષ્ટિ 'અજીતસાગર ગણિ' પામો 'મણિમય' મહા !

એવા અનુવાદક શ્રીમાન્ ગણિજી મહારાજને આવો અપૂર્વ—સરળ અને તત્વજ્ઞાન—વૈરાગ્ય—ગર્ભિત અનુવાદ કરવા માટે અભિનન્દન આપતાં—હેન્ગ્યાસમને પોતાની પ્રસાદગુણ વિશિષ્ટ પ્રસાદીથી ઉપકારી બનાવતા રહેવાની વિનંતી કરી ગુરૂદેવની સ્તુતિ સાથે વિરમીશું :—

भूषित अद्भुत आत्मज्ञान तपने, वैराग्य विति वडे !
एकानेक जीवादि द्रव्य गुणने, पर्याय मर्मो जडये !
करुणार्थी भरपुर नेत्र चमके, ब्रह्मचर्य विद्युत, ते-
योगीश्वर श्री बुद्धिसागर सूरि, चरणे मणि आ नमे !

ॐ शांतिः शांतिः शांतिः

૨૦—૧—૨૮
મણિમન્દિર
પાદરા
ગુજરાત.

સદ્ગુરૂ ચરણોપાસક
મણિલાલ મોહનલાલ
પાદરાકર.

—•—



ખાસ આભાર.

પ્રાતઃસ્મરણીય, સચ્ચારિત્રચૂડામણિ, શુદ્ધક્રિયા-યોગી, ગચ્છાધિપતિ, બાલબ્રહ્મચારી શ્રીમાન સુખસાગરજી મહારાજના શિષ્ય, શાસ્રવિશારદ જૈનાચાર્ય, યોગ નિષ્ઠાધ્યાત્મ જ્ઞાન દિવાકર સદ્‍ગુરૂ શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વરજી મહારાજના શિષ્ય પંન્યાસજી મહારાજ શ્રી અજીતસાગરજી મહારાજ કે, જેઓ જ્ઞાનોદ્ધારનું કાર્ય કરવા સાથે પ્રસિદ્ધ વક્તા હોઈ જમાનાને અનુસરી જન સમૂહને ઉપદેશ દેવાનું મહત્ કાર્ય હાથમાં લઇ, ગુજરાત અને કાઠીયાવાડમાં અનેક સ્થાને વિહાર કરી, દરેક સ્થળે ધાર્મિક અને સામાજિક ભાષણોદ્વારા ઉપદેશ આપી ઉપકાર કરી રહ્યા છે. જૈન સમાજ ધર્મનું જ્ઞાન કેમ વધારે પ્રાપ્ત કરે, તેને માટે અનેક ઉપયોગી ગદ્ય-

પદ્યના ગ્રંથો લખીને પણ જૈન સમાજની ઉન્નતિ માટે અનેક પ્રયત્નો કરી રહ્યા છે. આ સભા ઉપર પણ તેઓશ્રીનો પ્રેમ હોવાથી આ શ્રી સુપાર્શ્વનાથ પ્રભુના ચરિત્રનું ભાષાંતર ઘણો જ શ્રમ લઇ, પોતે કરી આપી સાથે જ્ઞાનોદ્ધારના આ કાર્ય માટે ઉપદેશ દ્વારા આર્થિક સહાય અપાવી, આ અપૂર્વ ગ્રંથ ઉક્ત મહાત્માએ પોતાના દાદા ગુરૂ શ્રી સુખસાગરજી મહારાજજીની ગુરૂભક્તિ નિમિત્તે અને નામ સ્મરણાર્થે સભાના ધારા મુજબ સીરીઝ તરીકે પ્રકટ કરવાની આ સભાને આજ્ઞા કરી છે. જેથી આવો અત્યુત્તમ ગ્રંથ પ્રકટ કરવા આ સભા ભાગ્યશાળી થઇ છે જેથી આ સભા ઉક્ત મહાત્માનો અંતઃકરણ પૂર્વક આભાર માને છે.

શ્રી જૈન આત્માનંદ સભા.

ભાવનગર.


વિષયાનુક્રમ.



છપાય છે !　　છપાય છે !!　　છપાય છે !!!

શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ બીજો પ્રેસમાં છપાય છે ચૈત્ર માસમાં પ્રસિદ્ધ થશે. તો અગાઉથી જલદી ગ્રાહક થઇ જલદી નામ નોંધાવો.

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર,



પંન્યાસજી મહારાજ શ્રી અજીત સાગરજી મહારાજ.



शास्त्रविशारदजैनाचार्ययोगनिष्ठाध्यात्मज्ञानदिवाकरसद्गुरु श्रीमद्बुद्धिसागरसूरिचरणसरोजेभ्यो नमः ॥

શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર.

—⁂—

(અનુવાદક—પ્રસિદ્ધવક્તા પંન્યાસજી શ્રી અજીતસાગરજી ગણી.)

મંગલાચરણ.

કામ, ક્રોધ, લોભ અને મોહ વિગેરેના વિજયરૂપ નાટ્ય પ્રબંધમાં ચતુર્વિધ સંઘને પાત્ર કલ્પી નિપુણ અને નવીન સૂત્રધારની માફક શ્રી આદિનાથ ભગવાન જયવંત વર્ત્તે છે. વળી જેમની સ્કંધ ઊપર શુકલધ્યાનરૂપ અગ્નિથી બળતા કર્મેંધનની ધૂમશ્રેણી સમાન કુટિલકેશની છટાઓ શોભી રહી છે, એવા શ્રી આદીશ્વર ભગવાનને વારંવાર નમસ્કાર, ત્રણે લોકની લક્ષ્મીદેવીના વિલાસરૂપ તિલક સમાન તેમજ અતિ રમણીય અને સુપવિત્ર જેમનું તીર્થ કે જે આધુનિક સમયમાં લોકોને આનંદ આપી રહ્યું છે, એવા ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીને નમસ્કાર. જેઓની બુદ્ધિમાં કોઇ પ્રકારનો ભેદ નહી છતાં પણ સમસ્ત કળાઓમાં નિપુણ, નિર્ગુણ દશામાં વર્ત્તતા છતાં પણ જેઓ સમગ્ર ગુણોના આધાર અને શારીરિક સંગથી વિમુકત થઇ જેઓએ સર્વથા

કામનો પરાજય કર્યો છે, એવા શેષ શ્રી અજીતનાથાદિ તીર્થંકરોને અમારા નમસ્કાર. સુપાર્શ્વનાથ ભગવાનનું આ ચરિત્ર હોવાથી ગ્રંથકાર નિર્વિઘ્નતામાટે પુનઃ પૃથક્ તેમનું મંગલાચરણ કરે છે–હે ભવ્ય પ્રાણીઓ! જેમના મસ્તકપર શેષનાગે ધારણ કરેલી સ્ફુરણાયમાન પાંચ ફણાઓ રૂપી મુકુટ શોભે છે, જેના કિરણોરૂપી દીપવડે અનુપમ મોક્ષ માર્ગને બતાવતા હોય ને શું? એવા શ્રી સુપાર્શ્વનાથ ભગવાનને નમસ્કાર.

સદ્‌ગુર્વાદિક સ્તુતિ. જેઓની શિક્ષારૂપ તર્જની આંગળી અવલંબીને કાવ્ય માર્ગમાં હું મંદમંદ પ્રવેશ કરૂં છું, તેવા ગુરૂઓના ચરણ કમળમાં મ્હારા નમસ્કાર.

નિર્મલ અંગોપાંગ સંબંધી ગુણોથી સુશોભિત અને ત્રણ લોકના પિતામહ—બ્રહ્માના મુખ કમળમાં નિવાસ કરતી શ્રુતદેવી-સરસ્વતી દેવી આ કાર્યમાં મ્હને સહાય કરો. ગંભીર અને વિશુદ્ધ પદ એટલે શબ્દો (પયસ્–પાણી) ને વહન કરતી, તેમજ વિબુધજન એટલે પંડિત જનો (દેવતાઓ) ના હૃદયને આનંદ આપતી, કવિઓમાં કુલગિરિ સમાન ઇંદ્રભૂતિ–પ્રથમ ગણધર મહારાજની સરસ્વતી–વાણી (નદી) ને નમસ્કાર કરૂં છું. જેના સમાગમથી અન્ય પ્રબંધરૂપ સમુદ્રો પણ મધુરતા વહન કરે છે એવી કથારૂપી નદીનું વૃત્તાંત સાંભળી કોણ આનંદ ન પામે? વિકસ્વર રસભાવથી ભરેલી મનોહર જેમની વાણી ભુવનરૂપી રંગમંડપમાં ચિરકાલ નૃત્ય કરી રહી છે, એવા હરિભદ્ર સૂરીશ્વરનું સદૈવ કલ્યાણ ઇચ્છીએ છીએ. શ્રીમત્ જીવદેવસૂરિની વાણીને પ્રાકૃત પ્રબંધના કવિઓજ નહીં; પરંતુ દેવતાઓ પણ પોતે કલ્પવૃક્ષની મંજરી માફક શ્રવણ ગોચર કરે છે અહીં મ્હારે સજ્જનોની પ્રથમ સ્તુતિ કેવી રીતે કરવી? કે જેઓ [illegible] થએલા લેશમાત્ર પણ પ્રબંધગત ગુણને

ગ્રહણ કરે છે અને પ્રસિદ્ધ તેમજ વિષમ દોષોની ઉપેક્ષા કરે છે. તેથી અહીં ગુરૂજનની માફક દુર્જનોની પ્રથમ સ્તુતિ કરવીજ યોગ્ય છે; કારણકે જેઓના વચન પ્રહારથી ભય પામી કવિજન કાવ્ય રચવામાં યત્નપૂર્વક સાવધાન રહે છે. અથવા આ પ્રબંધ રચવામાં હું ઉદ્યુક્ત થયો છું તો હવે મ્હારે આ ચિંતા કરવાની શી જરૂર ? જેને સમુદ્ર માર્ગે જવું હોય તેને મેરૂગિરિનો માર્ગ પૂછવાની શી મતલબ ? માટે મ્હારી ઇચ્છા અહીં યથાશક્તિ સુપાર્શ્વનાથ ચરિત્ર રચવાની છે તો તે સજ્જન દુર્જન બન્ને પણ પોતપોતાના ભાવથી મ્હારી ઉપર ઉપકાર બુદ્ધિવાળા થાઓ.

સ્વાહંકાર પરિહાર.

આ લોકની અંદર પ્રાચીન કવિઓના રચેલા બહુ ગ્રંથો વિદ્યમાન છે કે જેઓના શ્રવણથી લોકોને બહુ આનંદ થાય છે તો મ્હારા સરખાએ રચેલા પ્રબંધોમાં તેઓ કેવી રીતે આનંદ રસ માનશે ? મંદ બુદ્ધિવાળો હું કયાં ? અને અતિગહન સુપાર્શ્વભગવાનનું ચરિત્ર વર્ણન કયાં ? તેથી ઉંચા વૃક્ષનું ફલ લેવા માટે ઉર્ધ્વ પ્રસારિત હસ્તવાળા વામન-નીચા પુરૂષની માફક હું હાસ્યપાત્ર થઇશ. તોપણ જીનેંદ્ર ભગવાનના ગુણ કીર્ત્તનથી જીવોનાં કર્મ ક્ષીણ થાય છે એ કારણથી આ ચરિત્ર રચવામાં મ્હારી પ્રવૃત્તિ થઇ છે. વળી આ પ્રબંધ રચનાથી વિદ્વાનોની અંદર ઉત્તમ કવિત્વની કીર્તિ મેળવવા મ્હારી ઇચ્છા નથી. કસ્તુરીઓ મૃગ સુગંધ માટે ખાસ ગ્રંથી વર્ણ-ઘાસ ચરતો નથી સુગંધ તો અનાયાસે પ્રાપ્ત થાય છે. હવે અહીં અન્ય વિસ્તારની જરૂર નથી, તેથી મંગલોપચાર પૂર્ણ કરી સંપ્રતિ યથાશક્તિ ભક્તિપૂર્વક સવિસ્તર પ્રસ્તુતાર્થ વર્ણન કરૂં છું.

ધાતકી ખંડ વિદેહ ક્ષેત્ર વર્ણન.

ચાર સમુદ્રરૂપી મનોહર મેખલાથી સુશોભિત પૃથ્વીરૂપ સ્ત્રીના મુખ કમલને વિષે સુંદર આભૂષણ સમાન ધાતકી ખંડ નામે મહાદ્વીપ છે. જેમનાં શિખરો આકાશ મંડલમાં વ્યાપી રહ્યાં છે એવા નિષધ અને નિલવંત પર્વતો વડે સ્વર્ગશ્રીને આલિંગન કરવા માટે ઉંચા કર્યા છે હસ્ત જેણે એવો હોયને શું ? તેવો તે શોભે છે. અનેક પ્રકારના ધાન્યોને ઉત્પન્ન કરનાર, જલાશયોથી ભરપુર, તેમજ બહુ કર્ષુક જનોથી પરિપૂર્ણ ઉત્તમ ક્ષેત્રની માફક તે ધાતકીખંડમાં બહુ વર્ણ–જાતિના ભાગ્યશાલી પુરૂષોના ચરણ સમૂહથી પવિત્ર અને સેંકડો હસ્તિઓથી વ્યાકુલ એવું વિદેહ નામે ક્ષેત્ર છે, જે ક્ષેત્ર નીલવંત પર્વતના શિખરમાંથી નીકળતી **સીતા** નદીના ઊજ્વલ પ્રવાહવડે પોતાના પરમ ભાગ્યશાળી પુરૂષોએ પ્રગટ કરેલા કીર્ત્તિધ્વજને ધારણ કરતું હોયને શું ? તેમ શોભે છે.

રમણીય વિજય વર્ણન.

જેમાં નિરંતર સૌભાગ્યવતી તરૂણ સ્ત્રીઓ મંગલ ગીત ગાય છે, વળી જ્યાં બંદીજનોના માંગલિક ઉચ્ચારોથી આકાશમંડલ બધિરિત થાય છે. પુર રક્ષક વિગેરે રાજલોકો સર્વત્ર રક્ષા કરવામાં તત્પર રહે છે. આબાલ સર્વ નગરવાસી લોકો ધર્મ કાર્યમાં વિશેષે કરી ઉદ્યમ કરે છે. યોગધારી સત્પુરૂષોથી અતિ પવિત્રતા ધરાવે છે, જેમાં દેવ સમાન તેજસ્વી તરૂણ પુરૂષો વિવિધ પ્રકારના વિલાસ કરે છે, જેની અંદર સરોવરમાં રહેલાં મનોહર કમલોના સુગંધને લીધે આકર્ષાએલા ભ્રમરો ગુંજારવ કરે છે. સ્વચ્છ જલથી ભરેલા સરોવરોમાં લીન થએલી હંસની પંક્તિઓવડે બહુ રમણીય દેખાવ આપી રહ્યો છે. જ્યાં લીલાં ઘાસ ચરવાથી પુષ્ટ થએલાં ગાયોનાં ટોળાં જનદૃષ્ટિને આનંદિત કરે

છે. જ્યાં સત્કુલમાં ઉત્પન્ન થએલાં નરનારીઓ સદૈવ નીતિ માર્ગને પ્રસારી રહ્યાં છે. જ્યાં કલિ કાલએ મનુષ્યરૂપી મૃગલાઓના સુખનો વિઘાત કોઈપણ સમયે કર્યો નથી અને જે ઉત્તમ સંપદાઓનું સ્થાન ગણાય છે એવો રમણીય નામે તેમાં વિજય છે.

શુભંકરી નગરી.

તે વિજયમાં જૈનધર્મરૂપી મહા નરેંદ્રને રહેવા માટે ગાઢ કિલ્લા સમાન જગત્ વિખ્યાત શુભંકરી નામે યથાર્થનામા નગરી છે. જેનો કિલ્લો ઘણોજ વિશાલ અને ઉંચો છે. જેનો ઉપરનો ભાગ મણિમય કાંગરાઓથી બહુ રમણીય દેખાય છે. વળી તે દુર્ગ આકાશ લક્ષ્મીની કટીમેખલાની સુંદરતાને વહન કરે છે, સમુદ્ર સમાન અગાધ પરિખા (ખાઇ) ના જળમાં દેખાતું મનોહર સૂર્યનું બિંબ જ્વાલાઓથી વ્યાપ્ત પીતવર્ણવાળા વડવાનળની શોભાને ધારણ કરે છે. જે નગરીમાં ગગનાવલંબી એટલાં તો જીન મંદીરો વિદ્યમાન છે કે જેઓના શિખરોપર વિરાજમાન અનેક સુવર્ણ કલશોની મધ્યે પરિભ્રમણ કરતું સૂર્યબિંબ ઓળખાતું નથી, ચંદ્રકાંત મણિઓથી વિભૂષિત જે નગરીનાં મંદિરો સૂર્યના તાપને નહિ સહન કરતાં રાત્રિએ ચંદ્રની કાંતિનો સ્પર્શ થવાથી જાણે રૂદન કરતાં હોય ને શું ? એમ જલધારા વહન કરે છે. વળી જે નગરીમાં કોટીશ્વરોની હવેલીઓ ઉપર રહેલી ધ્વજાઓથી રોકાઈ ગયો છે માર્ગ સંચાર જેમનો એવા સૂર્યના કિરણો નિર્દોષ છતાં પણ દૂષિતની માફક મહા કષ્ટથી પ્રવેશ કરે છે. લક્ષ્મીદેવી કમળપત્રપર રહેલા જળબિંદુ સમાન ચંચલ છે તોપણ અનુરાગ સહિત નગરવાસી જનોના ગુણોથી બંધાયેલી હોય ને શું ? તેમ કોઇપણ દિવસ તે નગરીને છોડતી નથી. બહુ વેગથી ચાલતા ઉન્નત અશ્વોની ખરીઓના આઘાતને લીધે પીડાએલી જેની ભૂમિને દયાપાત્ર

હોય ને શું ? એવા અનેક હસ્તિઓ પોતાની સુંઢના જળથી સિંચે છે.

સમરસિંહ રાજા.

દૃઢ ભુજદંડરૂપી આલાન (ગજબંધન સ્તંભ)થી કબજે કરી છે લક્ષ્મીરૂપ હાથિણી જેણે અને ચતુરંગ સૈન્યના સંચારથી રોકયું છે પૃથ્વીતલ જેણે એવો સમરસિંહ નામે રાજા તે નગરીમાં રાજ્ય કરે છે. વળી જે રાજા મંડલાકાર કરેલા પોતાના ધનુષવડે છોડેલી બાણ શ્રેણીથી ખંડિત કરેલાં શત્રુઓનાં મસ્તકોવડે રણસંગ્રામમાં જયલક્ષ્મીના પ્રવેશ માટે માંગલિક પદ્મ પૂજા કરતો હોય ને શું ? તેમજ જે નરેંદ્ર ભુવનરૂપી મંદિરની અંતરાલ ભિત્તિઓપર ચિતરેલાં શત્રુઓનાં ચરિત્રરૂપી ચિત્રોને નિર્મળ ખડ્ગધારરૂપ જળથી ધોઇ નાંખે છે. અને જેના પ્રતાપરૂપી અગ્નિથી વ્યાપ્ત તેમજ યશરૂપી જળથી સિંચાએલું પૃથ્વી તલ જયસ્તંભના મિષથી જાણે નવીન અંકુરાઓ ભરપૂર હોય ને શું ? એમ નિરંતર શોભે છે.

મદનકંદલી.

જેણીનું વદન શરદ્ પુનમના ચંદ્ર સમાન મનોહર દીપે છે, તેમજ પોતાના અનુપમ સૌંદર્યથી કામદેવની સ્ત્રી–રતિનો તિરસ્કાર કરતી મદનકંદલી નામે તેની ભાર્યાછે. ચિરકાલથી એકઠા કરેલા પુણ્યના સમૂહથી પ્રાપ્ત થએલા વિષય સુખને સમરસિંહ રાજા મદનકંદલી રાણી સાથે અનુભવતો ઘણુ સમય સુખમાં પ્રસાર કરે છે.

શયનગૃહમાં આશ્રય.

કોઈ એક દિવસે નરેંદ્ર સભાસ્થાનમાં વિરાજમાન થઈ બેઠા હતા, સેવા માટે આવેલા મંત્રી તથા સામંત રાજાઓનો યથોચિત સત્કાર કરી સંધ્યા સમયને લીધે સર્વેને વિદાય કર્યા. નરેંદ્ર પોતે નિઃશેષ વિઘ્નસંઘાતને દૂ

કરવા માટે ઇષ્ટદેવની પૂજા કરી પોતાની સ્ત્રીની પ્રેમપૂર્વક કંઇક સંભાવના કરી પોતાના વાસભવનમાં ગયો. નિર્મલ સ્વચ્છ વસ્ત્રથી આચ્છાદિત, ગંગાનદીના પુલિન–તટ સમાન વિશાલ અને સુકોમલ સૂક્ષ્મ તળાઇ ઓશિકા વિગેરેથી વિભૂષિત શય્યાપર આરૂઢ થયો. શયનદ્વાર બંધ કરાવી અનુક્રમે નિદ્રાધીન થઇ ગયો. તેટલામાં અર્ધરાત્રિના સમયે અકસ્માત ઉંઘ ઉડી જવાથી રાજાનાં નેત્ર ઉઘડી ગયાં, તે સમયે તેણે પોતાની આગળ ઉભેલી એક તરૂણ સ્ત્રી જોઇ. પોતાના શરીરની કાંતિથી અંધકારના સમૂહને દૂર કરતી, ચરણરૂપ કમલની બ્રાંતિથી એકઠા થએલા અને ગુંજારવ કરતા ભ્રમરાઓની પંક્તિ સમાન સુંદર અવાજ કરતાં, નીલમણિમય ઝાંઝરની જોડીને વહન કરતી, ભારે નાદ કરતા નગરરક્ષકોથી વ્યાકુલ થયો છે કિલ્લો જેનો એવા કામદેવની રાજધાની હોય ને શું ? એમ મણિમય ઘુઘરીઓથી અવાજ કરતી કટીમેખલાવડે વિભૂષિત જઘન સ્થળને ધારણ કરતી, વિષય તૃષ્ણાથી આતુર થએલા તરૂણ પુરૂષો માટે ગંભીર નાભીરૂપ વાપી (વાવ્ય) માંથી લાવણ્ય રસને ખેંચવા સારૂં ઘટીયંત્ર હોય ને શું ? એવા મુક્તાવલી હારને વક્ષઃસ્થલમાં વહન કરતી, અશોક વૃક્ષના નવીન પલ્લવોવડે સુશોભિત કામદેવના ભવનની લીલાને અનુસરતા કેશપાશમાં રહેલા પદ્મરાગ મણિની કાંતિથી શોભાયમાન ભાલસ્થલને ધારણ કરતી, અને નિરૂપમ સૌંદર્યથી મનોહર દેખાતી તે સ્ત્રીને જોઇ અતિ વિસ્મિત થઇ રાજા વિચાર કરવા લાગ્યો.

કુલદેવી.

'કામદેવના અસહ્ય બાણ પ્રહારની વેદનાથી પીડાએલી આ કોઇ કામિની વિશેષ શણગાર સજી શું મ્હારે શરણે આવી છે ? નાના ! એ વાત ક્યાંથી સંભવે ? બલવાન્ દ્વારપાલોથી રક્ષણ કરતા આ સ્થાનમાં મનુષ્ય જાતિનો પ્રવેશ સર્વથા દુર્લભ

છે. માટે જરૂર આ કોઈ દેવાંગના હોવી જોઈએ, અથવા આવો વિતર્ક મ્હારે શામાટે કરવો જોઇએ ! ભલે ગમે તે હોય પરંતુ પ્રથમ તેને આવકાર તો આપવો જોઇએ ' એમ નિશ્ચય કરી રાજા શય્યાનો ત્યાગ કરી તેની સન્મુખ હાથ જોડી ઉભો રહ્યો. ત્યારબાદ વિસ્તાર પામતી દંત કાંતિથી ચારે તરફ પ્રકાશ આપતો રાજા બોલ્યો. "સુંદરાંગી ! આપના જન્મવડે કઈ જાતિ શોભાવી છે ? આપનું કયું નામ લોકવદનને આનંદ આપી રહ્યું છે ! તેમજ ચરણસ્પર્શથી આ સ્થાન પવિત્ર કરવાનું શું કારણ ? તે કહો."

આ પ્રમાણે બહુ પ્રેમપૂર્વક નરેંદ્રનાં વચન સાંભળી પ્રમુદિત થઈ તે બોલી—નૃપરત્ન ! જો આ બાબત સાંભળવાની ત્હારી ઇચ્છા હોય તો ક્ષણમાત્ર સાવધાન થા, જેથી હાલજ ત્હારા પ્રશ્નનો સવિસ્તર ઉત્તર આપું છું એમ કહીને તે બોલી.

સંગ્રામશૂર રાજા.

ચંદ્રકાંત મણિરત્નોથી જડેલા કિલ્લાની શોભાને લીધે સ્વર્ગ સંપત્તિનો તિરસ્કાર કરતું, તેમજ સરલ, બુદ્ધિશાલી અને ધનવાન પુરૂષો જેમાં નિરંતર વાસ કરે છે એવું રત્નસાર નામે નગર છે. પ્રચંડ પ્રતાપ રૂપ પ્રસરતી અગ્નિજ્વાળાઓથી ઉદ્ધત વૈરીવંશોને સદાકાલ દહન કરતો **સંગ્રામશૂર** રાજા તેમાં રાજ્ય કરે છે. સમસ્ત સૌભાગ્યાદિ ગુણોનું મુખ્ય સ્થાન તેમજ વિલાસ કરવામાં રતિ સમાન ચંદ્રલેખા નામે તેની ભાર્યા છે, પરસ્પર પ્રેમપાશથી બંધાએલાં હોવાથી તેઓ સઘળા દિવસો બહુ આનંદથી પ્રસાર કરતાં હતાં.

ચંદ્રલેખાનો પશ્ચાત્તાપ.

એક વખત અનંગ ત્રયોદશીનાં દિવસે ચંદ્રલેખા પોતાના મહેલની અગાશીમાં સખીઓ સાથે ગમ્મત કરતી બેઠી હતી, તેટલામાં જેઓના કટીભાગ પોતપોતાના પુત્ર પૌત્રાદિ બાલકોથી

શોભતા હતા અને હસ્તમાં જુદી જુદી જાતનાં ફલ પુષ્પોનાં પાત્રો જેઓએ ધારણ કર્યાં હતાં એવા નાગરિક લોકો અનેક પ્રકારનાં શણગાર સજી કામદેવની પૂજા માટે કુસુમાવતંસ નામે ઉદ્યાનમાં જતા હતા તેઓ તેણીની દૃષ્ટિગોચર થયા. તેમજ અનેક પ્રકારનાં આભૂષણોથી વિભૂષિત, અતિશય લાવણ્યગુણથી મનોહર, પોતાના અદ્વિતીય સૌભાગ્યથી કામદેવની સ્ત્રીનો ગર્વ ઉતારતી, તેઓના મધ્ય ભાગમાં સુશોભિત મેનામાં બેઠેલી અને પોતાના ઉત્સંગમાં પોતાની પુત્રીને વિવિધ પ્રકારે રમાડતી કમલાકર મંત્રીની સ્ત્રીને જોઈ ચંદ્રની કાંતિથી ચુંબન કરાએલી કમલિની સમાન એકદમ દીનમુખી થઈ ગઈ. ત્યારપછી ક્રોધાવેશથી તેનું હૃદય ભરાઇ આવ્યું. જેના ભારને નહિં સહન કરતી જવરિતની માફક તે રાણી જરાથી જીર્ણ અને સીત્કાર રૂપી છાદડી જેમાં બીછાવેલી છે એવા કોપભવનમાં નિમગ્ન થઇ ચિંતન કરવા લાગી.

મંત્રીની સ્ત્રી. પોતાની પુત્રીથી વિભૂષિત જે આ મંત્રીની સ્ત્રી આ પ્રમાણે વિલાસ કરે છે, તેજ આ દુનિયામાં કૃતાર્થ ગણાય. કંકેલી વૃક્ષની લતા સમાન મ્હેં સ્ત્રી જન્મ નિષ્ફલ જ ગુમાવ્યો. કારણ કે, સંતાનરૂપ ફલવડે આ જન્મ સાર્થક ન થયો. જો કે પતિના હૃદયરૂપ માનસરોવરમાં હંસી સમાન ક્રીડા કરૂં છું; પરંતુ જેના ખોળામાં પુત્રી પણ દુર્લભ છે તેથી હું પ્રશંસાપાત્ર કેમ ગણાઉં ? આ પ્રમાણે પોતાના પ્રસવ પ્રાપ્તિના ચિંતનરૂપ સમુદ્રમાં તે નિમગ્ન થઇ હતી, તેટલામાં તેના દુઃખથી દુઃખી થયેલાની માફક દિવસનો અવસાન સમય પ્રાપ્ત થયો. એટલામાં ક્રોધથી લાલ નેત્રવાળી કુલટા સ્ત્રીઓના સેંકડો કટાક્ષલક્ષોથી જાણે ઘેરાએલું હોય તેમ સૂર્ય બિંબ કિંચિત તામ્રવર્ણ દેખાવા લાગ્યું ક્ષણમાત્રમાં સૂર્ય મંડલ નિસ્તેજ થઇ ગયું. ફરીથી પણ દિવસની

આપણા નિર્ભાગ્યપણાને લીધે માત્ર પ્રજા સંબંધી સુખ ન આપ્યું એવા દૈવનો અહીં અપરાધ છે. હે સ્વામિન્ ? આપ પણ વસ્ત્ર, ભોજન, આસન વિગેરે સંપત્તિઓથી પરિપૂર્ણ ભાગ્યશાળી છો; પરંતુ પ્રજા વિના કોના માટે આ અનેક પ્રકારના વૈભવ સંપાદન કરવાની ખટપટ કરી રહ્યા છો ? સમુદ્રની માફક પિતાએ અતિ વિશાલ એવી પણ લક્ષ્મી અનેક પ્રકારે સંપાદન કરી કૃષ્ણની માફક પુત્રને અર્પણ કરવી ઉચિત છે. જો કુલ, ધર્મ અને ધનની વૃદ્ધિ કરનાર પુત્ર નહીં થાય તો સ્વર્ગે જતાં પણ આપને નિવૃત્તિ કેમ થશે ? માટે હે પ્રિય ? હવે બહુ કહેવાથી શું ? કોઇ પણ ઉપાય કરો કે જેથી સ્વલ્પ સમયમાં ગર્ભના પ્રભાવથી ગૌર ગંડસ્થલવાળી મને જુઓ.

રાણીનો કોપ.

રાજા—આ બાબતમાં મ્હારૂં પણ હૃદય ઘણા દિવસથી ઉદ્વિગ્ન રહે છે. વળી ઐહિક પુણ્યથી આ વિચાર સિદ્ધ થતો નથી પરંતુ પૂર્વભવના પુણ્યથી જ તે સિદ્ધ થાય છે. મૃગાક્ષિ ? તેવા પ્રકારનાં પુણ્ય આપણે પૂર્વ જન્મમાં ઉપાર્જન કર્યાં નથી તેથી આપણને સંતાન સુખ પ્રાપ્ત થયું નથી. એમ સમજી હે સ્ત્રી ? હવે ખેદ કરવાનું કંઇપણ કારણ નથી, વિશેષ પ્રકારે કુલદેવીની પૂજા ભક્તિ કર અને પુત્રની માનતાઓ રાખ. એ પ્રમાણે નરેંદ્રનું વચન સાંભળી દેવીના હૃદયમાં ક્રોધ પ્રસરી ગયો અને અધરોષ્ઠ કંપાવતી તે રાજા પ્રત્યે બોલવા લાગી. પ્રિયતમ ? આપના કહ્યા પ્રમાણે સર્વ ઉપાય હું કરી ચુકી છું. પરંતુ મ્હારો મનોરથ સિદ્ધ થયો નહીં. વળી આ દુનિયામાં જે સુખ સાધ્ય હોય તેવું જ કાર્ય સ્ત્રીઓ કરે છે. પરંતુ દુઃસાધ્ય કાર્ય તો પુરૂષોજ કરે છે. કારણ કે સાહસ કરવામાં શક્તિમાન્ પુરૂષો મેરૂ પર્વતને પણ સાધારણ ગણે છે. નાગેંદ્રને દોરડા સમાન અને પાતાલને

પૂર્વની માફક વર્ત્તતી નથી. ભાવીસંસારમાં ગર્ભાવાસનાં બહુ દુઃખો સહન કરવાં પડશે એવા સંભ્રમને લીધે જ જેમ અમારૂં શરીર નિમિત્ત શિવાય દરેક સમયે કંપે છે. અમારૂં પરભવમાં ગમન જાણી અમારી સાથે આવવાની ઈચ્છાથી કંપતો કલ્પવૃક્ષ પોતાના મૂલોને શિથિલ કરતો હોય ને શું ? તેમ જણાય છે. હમેશાં દેદીપ્યમાન રત્ન વિમાનોના અવલોકનથી અમારા નેત્રોની કીકીઓ ક્ષીણ તેજવાળી થઈ હોય તેમ પરિચિત વસ્તુ જોવામાં પણ સંકુચિત થાય છે. નિરંતર રત્નમય વિમાનોમાં ફરવાથી અમારો દેહ ગતિ રહિત થયો હોય તેમ ગમન કરવામાં પણ મંદતા બતાવે છે. આ પ્રમાણે અનિષ્ટ-અશુભ ચિન્હો જોઈ અમે અમારો સ્વર્ગસ્થાનમાંથી પતન કાળ જાણ્યો. તેથી બહુ દુઃખી થઇ ધૈર્યગુણનો ત્યાગ કરી આગામિ ભવસ્વરૂપ પૂછવા માટે અમે કેવલી ભગવાન પાસે ગયા.

કેવલીએ પોતાના હૃદયમાં સર્વ હકીકત જાણી અમને કહ્યું કે હે દેવો ! તમે બન્ને જણ દેવલોકમાંથી

કેવલી ભગવાન્. ચ્યવીને સંગ્રામશૂર રાજાને ત્યાં ચંદ્રલેખાની કુક્ષિએ પુત્ર અને પુત્રીરૂપે અનુક્રમે

ઊત્પન્નથશો. એ પ્રમાણે સાંભળી અમોએ પૂછયું કે હે સ્વામિન્? તે રાજા સમ્યગ્દૃષ્ટિ છે કે મિથ્યાદૃષ્ટિ ? ત્યારે ભગવાન્ કેવલી બોલ્યા, રાજા બહુ ભદ્રિક છે. જેથી તમે ત્યાં જઈ તેને સમ્યકત્વ ધારી કરશો. તે સાંભલી કેવલી ભગવાનને નમસ્કાર કરી આપને સમ્યકત્વનો ઉપદેશ કરવા માટે અમે અહીં આવ્યા છીએ. કારણકે હે નરેંદ્ર ! આપના કુલમાં ઊત્પન્ન થવાથી અમોને જૈનધર્મ દુર્લભ ન થાય, વળી તે જૈનધર્મનું મૂળ કારણ પણ સિદ્ધાન્તમાં સમ્યકત્વજ કહ્યું છે.

જેમાં અવિરતિ બહુ ભરેલી છે એવા દેવલોકમાંથી અમે

ચ્યવીશું તે સંબંધી અમને કિંચિત્ માત્ર પણ દુઃખ નથી, કેમકે આપને ત્યાં અમારો જન્મ થવો જાણી અમને બહુ આનંદ થયો છે. કારણકે દરેક કુલમાં શ્રાવકકુલ, સર્વ સિદ્ધાન્તોમાં જૈન સિદ્ધાન્ત, સમસ્ત દાનોમાં અભયદાન અને સર્વ મરણોમાં સમાધિ મરણ શ્રેષ્ઠ ગણાય છે, માટે આપના કુલમાં ઉત્પન્ન થઈ સમ્યક્ પ્રકારે જીન ધર્મ પામી પૂર્વની માફક સ્વર્ગ સંપત્તિના પાત્ર થઈશું એમાં કંઈ પણ આશ્ચર્ય માનવા જેવું નથી. તે સાંભળી પ્રમુદિત દઈ રાજા બોલ્યો, પ્રથમ તમે કેવી રીતે જીન ધર્મની આરાધનાથી દેવ ભવ પામ્યા ? તે વૃત્તાન્ત કહો, જો કે પોતાનું ચરિત્ર સ્વમુખે કહેવું યોગ્ય નથી; પરંતુ આપનો બહુ આગ્રહ છે તેથી કહેવું પડશે એમ કહી તેઓમાંથી એક જણે ચરિત્ર કહેવું શરૂ કર્યું.

પ્રથમ દેવ.

નિર્મલ સ્ફટિક રત્નોની હવેલીઓના વિશાલ શિખરોથી સૂર્યનો માર્ગ પણ જેની અંદર રોકાઈ ગયો છે એવું આ ભારતભૂમિના આભૂષણ રૂપ કનકકૂટ નામે નગર છે. તેમાં પૌરજનોએ સર્વથા માન્ય કરેલો તેમજ પોતાના વિશેષ ગુણોથી પ્રખ્યાત અને નિખિલ જન માનસને રાજહંસ સમાન આનંદ આપતો જીનચંદ્ર નામે શેઠ હતો. બહુજ પ્રશંસનીય વિનયાદિ ગુણોથી જનોને આશ્ચર્ય પમાડતી અને શીલરૂપી અલંકારથી અલંકૃત શીલવતી નામે તેમની ભાર્યા હતી. સેંકડો માનતાઓથી શીલવતીની કુક્ષિએ પુત્રપણે હું ઉત્પન્ન થયો. અનુક્રમે ચંદ્રકલાની માફક વૃદ્ધિ પામતો હું પિતાશ્રીના સદુદ્યોગથી સર્વ કલાઓનો પારગામી થયો, એટલામાં મ્હેં તરૂણ અવસ્થામાં પ્રવેશ કર્યો. જીનચંદ્ર શ્રેષ્ઠીએ યોગ્યતા જાણી કુટુંબનો સર્વ કાર્યભાર મ્હને સોંપી દીધો. પોતે નિવૃત્ત થઈ વિશેષ ધર્મારા

ધનમાંજ સમય વ્યતીત કરતા હતા, તેઓ પણ થોડા સમય પછી જીન ભગવાને કહેલા ધર્મ માર્ગના અનુસારે મરણ વશ થયા. તેમની વિરહ વેદનાને લીધે બહુ દુઃખી થએલો હું તેમણે બતાવેલા માર્ગે ચાલતો હતો પરંતુ ગૃહચિંતામાં વ્યાકુલ થવાથી ધર્મકાર્યમાં પ્રમાદી થયો. જ્યારે હું દુકાનેથી ઘેર આવતો ત્યારે તરતજ મ્હારી માતા સુંદર દાળ ભાત મિષ્ટાન્ન ઘેબર વિગેરે ઉત્તમ રસોઈ કરી જમાડતી અને વળી પિરસતી વખતે તે મ્હને નિત્ય કહેતી હતી કે પુત્ર ? વાસિત (ઠંડુ) ભોજન કરવાથી તું બહુ દુઃખી થઇશ. જનનિ ! હમેશાં તું તાજી રસોઇ કરી મ્હને જમાડે છે; છતાં તું વાસિત ભોજનનો કેમ ઠપકો આપે છે ? એમ મ્હેં પૂછયું તોપણ તે મૌન રહી. કંઇ પણ પ્રત્યુત્તર આપ્યો નહીં અને દરરોજ તે પ્રમાણે બોલ્યા કરતી.

એક દિવસે બહુ આશ્ચર્ય થવાથી બહુ આગ્રહ પૂર્વક મ્હેં તેને પૂછયું ત્યારે તેણીએ કહ્યું કે વત્સ !

સમયસાગરસૂરિ. તું સમયસાગર સૂરીશ્વરની પાસે જા અને પૂછ. હાલ તેઓ ઉદ્યાનમાં પધાર્યા છે, આ વાત ત્હને તેઓ સારી રીતે સમજાવશે. તે સાંભળી તરતજ હું સૂરીશ્વરની પાસે ગયો. વિનયપૂર્વક અભિવંદન કરી હું પૂછવાનો વિચાર કરતો હતો તેટલામાં પોતાના જ્ઞાનથી મ્હારા હૃદયનો સર્વ અભિપ્રાય જાણી તેઓ બોલ્યા, રે વણિક ! તું જે પૂછવાની ઇચ્છા કરે છે તેનો ઉત્તર શુભંકપુર નગરમાં ચેટકદેવ જેને સિદ્ધ થએલો છે એવો સ્થાવર નામે ચાંડાલ શ્રાવક ત્હને આપશે.

આ પ્રમાણે સુનાનંદનું વચન સાંભળતાં મ્હને મ્હોટું આશ્ચર્ય થયું કે જેઓ જ્ઞાન ચક્ષુથી સમસ્ત વૃત્તાંત જાણે છે; છતાં તેઓ આ વાતનો ખુલાસો મ્હને આપતા નથી. માટે તેમાં કાંઇ

પણ કારણ હોવું જોઈએ. એમ વિચાર કરતો હું અનુક્રમે શુભાકપુર નગરમાં ગયો.

ધનસાર શેઠ.

નગરની બહુ સુંદરતાને લીધે બજારનો દેખાવ જોતો હું ચૌટામાં ચાલતો હતો, તેટલામાં જરાદેવી (વૃદ્ધાવસ્થા) ના આગમનથી જેનાં સર્વ અંગ જીર્ણપ્રાય દેખાતાં હતાં, જીર્ણ અને મલિન વસ્ત્ર તે પણ ઢીંચણ દેખાય તેવી રીતે પહેરેલું, રોમરાજીમાં કાળાશ તો બીલકુલ દેખાતીજ નહતી, જેના શરીરની નાડીઓ ખુલ્લી દેખાતી હતી, પગના નખ બહુ કઠિન અને મર્યાદા ઉપરાંત વધવાથી વાનરના નખ સમાન દેખાતા હતા, તેમજ હાથની આંગળીઓના નખ પરસ્પર અથડાતા હતા, અર્ધી ચાવેલી સોપારી વસ્ત્રના છેડે બાંધતો હતો, જેની નાસિકાના કેશ બહાર લબડતા દેખાતા હતા, બહુ પરસેવાથી ભીંજાએલાં મલિન વસ્ત્રો વડે જેનું શરીર ચીકણું થયું હતું, વળી ખરીદેલા કરિઆણાના બાકી રહેલા પૈસા માગતા ગ્રાહકો સાથે ખરાબ દુર્વચનોની વૃષ્ટિ પૂર્વક બહુ કંકાસ કરતો અને ધૂળ વિગેરેથી શુદ્ધ કરવા માટે ધાન્યના ટોપલા મહા કષ્ટે ઉપાડી પવનમાં ઉપણતો ધનસાર નામે શેઠ એક મ્હોટી દુકાનમાં મ્હેં જોયો. નગરના લોકોએ "કૃપણ પિતામહ" એવું તેનું ઉપનામ ઠરાવ્યું હતું. મ્હેં ત્હેની પાસે જઈ પૂછ્યું, જૈન મતમાં શ્રદ્ધાલુ અને ચેટક સિદ્ધ સ્થાવર નામે કોઈ ચંડાલ અહીં રહે છે? વ્યાપારના ધ્યાનમાં બરોબર સાંભળ્યા વિના શેઠ બોલ્યા. બોલો શું જોઈએ છીએ? જે જોઈએ તે દુકાનમાંથી લાવી બતાવું? ફરીથી પણ મ્હેં તેજ પ્રમાણે બહુ મ્હોટા શબ્દથી પૂછ્યું, ત્યારે તેમણે કહ્યું કે હા, તે અહીં રહે છે. તેના હાથમાં ચરબી પડેલી છે. તેનું ઘર પણ પ્રસિદ્ધ છે. એમ સાંભળી ચંડાલની નીશાની ધ્યાનમાં રાખી હું માતંગને ઘેર

ગયો. સ્થાવરનો મેળાપ થયો. ત્યારબાદ મેં પણ વાસિત ભોજનાદિ સર્વ વૃત્તાંત તથા સૂરીશ્વરે આટલા માટેજ મ્હને આપની પાસે મોકલ્યો છે વિગેરે સર્વ હકીકત નિવેદન કરી.

આ સર્વ બીના સાંભળી તે બોલ્યો. " ઠીક છે, તે સર્વ હું કહીશ, પરંતુ આપ સાધર્મિક છો માટે કૃપા કરી આજે મ્હારા મેમાન થઈ મ્હને કૃતાર્થ કરો, હું વણિક છું, તમે ચાંડાલ છો, જો કે જૈન ધર્મથી એક છીએ પરંતુ ભોજનાદિક જાતિવિરૂદ્ધ વ્યવહાર મ્હારાથી કેમ કરી શકાય ? એમ કહી મ્હેં તેને બહુ સમજાવ્યો તોપણ બહુ આગ્રહ કરી સાધર્મિક વાત્સલ્યના પુણ્યમાટે તેણે કૃપણ પિતામહની દુકાને મ્હારા માટે ભોજન કરાવ્યું, અને મ્હને કહ્યું કે ભોજન કરી જલદી મ્હારે ત્યાં તમે આવજો જેથી તમારા પ્રશ્નનો ઉત્તર હું આપીશ. એમ કહી તે પોતાના ઘેર ગયો.

સ્થાવર માતંગ.

મ્હેં શેઠને કહ્યું કે વધારે ખટપટ કર્યા શિવાય કોઈપણ સ્થળે ચોખા રંધાવો તે હું જમી લઈશ. શેઠે પણ ઘેર રાંધવામાં ફાયદો જાણી લોભને લીધે શેઠાણીને બોલાવ્યાં, તે પણ ત્યાં આવ્યાં. અરે ! આતો જીનચંદ્રનો પુત્ર છે એમ અનુમાનથી જાણી તે બોલ્યાં, રે ! તું મ્હને ઓળખતો નથી ? તું તો મ્હારા કાકાનો દીકરો ભાઈ થાય. માટે આ ચાંડાલે આપેલું સીધું અહીં રહેવા દે અને મ્હારે ઘેર ચાલ, કેમકે ત્હારે જમવાનું અમારે ઘેર છે. ત્યારે મ્હેં કહ્યું, બ્હેન ! અમુક કારણને લીધે હું તેમની પાસે આવ્યો છું, તેથી આજે તેમનું આપેલું ભોજન મ્હારે કરવું પડશે. માટે તે સંબંધી હવે કાંઇ પણ બોલો તો તમને મ્હારા સોગન છે. એમ જ્યારે બહુ આગ્રહ

ભોજન વિધિ.

પૂર્વક મ્હેં કહ્યું ત્યારે શેઠાણીએ પોતાના ઘેર કપટથી રસોઈ કરી મ્હને જમાડ્યો.

હું જલદી જમીને માતંગને ઘેર ગયો, તો ત્યાં રૂદન કરતા લોકોના કરૂણ શબ્દો મ્હારા સાંભળવામાં આવ્યા, પાસે ઊભેલા લોકોને પૂછવાથી તેઓએ જવાબ આપ્યો કે જેની પાસે તમે આવ્યા છો તેજ માતંગ મૂઢ વિસૂચિકા–મોછીંના ઊપદ્રવથી હાલ મરી ગયો, એમ સાંભળી બહુ દિલગીર થઈ હું શેઠાણી પાસે પાછો ગયો. અને માતંગના મરણની વાર્ત્તા જણાવી મ્હારા નગર પ્રત્યે જવા માટે મ્હેં તેમની આજ્ઞા માગી. એટલે શેઠાણી બહુ આગ્રહપૂર્વક બોલ્યાં કે બાંધવ ! મહેરબાની કરી એક દિવસ અહીં રહો અને જીન મંદિરોમાં ભગવાનનાં દર્શન કરો. એક દિવસ તો બ્હેનને ત્યાં મેમાન તરીકે રહો ! એમ તેનો બહુ આગ્રહ જોઈ એક દિવસ ત્યાં રોકાયો.

સ્ત્રી પુરૂષનો સંવાદ.

શેઠાણી હર્ષ ભર્યાં કૃપણ પિતામહ શેઠ પાસે દુકાને ગયાં અને કહ્યું કે પ્રિયતમ ! આજે મ્હારા ભાઇને મ્હેં બહુ આગ્રહ કરી આપણે ત્યાં રાખેલા છે જેથી તેમને જમવાનું પણ આપણે ત્યાંજ છે. માટે ચોખા, ઘી, ખાંડ દાળ વિગેરે સામગ્રી લેવા હું આવી છું. શેઠ બોલ્યા, ત્હારો ભાઇ કેવી રીતે જમશે ? મ્હારો બંધુ દેશાંતરથી બહુ દુઃખી થઇ આવેલો હતો તો પણ મ્હેં તેને ઘેરથી કાઢી મૂક્યો હતો તે વાત શું તું ભૂલી ગઇ ? વળી દાળ ભાતની મ્હોટી મ્હોટી વાત કરે છે પણ તું નથી જાણતી કે દેવદર્શન જતાં પણ તને ચોખા માટે ના પાડેલી છે ! છતાં આમ ભાન વિના કેમ બોલ બોલ કરે છે. વળી જો ભાઇના સ્નેહથી ઘેલી બની હોય અને કોઇ પ્રકારે ન રહેવાતું હોય તો હું જે પ્રમાણે જમું છું તે પ્રમાણે

વાલ રાંધી તેલ સાથે જમાડ. તે સાંભળી શેઠાણી બોલ્યાં. મ્હારા ભાઇ તો હંમેશાં પોતાના ઘરે પણ પકવાન્ન વિગેરે ઉત્તમ ભોજન કરે છે. માટે સ્વામિન ! આ પ્રમાણે જમાડતાં મ્હને લજ્જા આવે છે. આપનો વહીવટ આપની પાસે રાખો. એમ શેઠાણીનું બોલવું સાંભળી શેઠનો જીવતજ ખસી ગયો. અને બોલ્યા કે જેની પાસે પ્રયાસ વિના પૂર્વોપાર્જીત લક્ષ્મી આવી હોય તે પુરૂષ પોતાની મરજી માફક વિલાસ કરે અને તેથી તેને કોઇ પણ પ્રકારની પીડા ન હોય તેમજ તેની સ્થિતિ પણ અદ્ભુત પ્રકારની હોય છે. પરંતુ મ્હેં તો આ લક્ષ્મી બહુ કષ્ટથી મેળવી છે તે તું નથી જાણતી ? શીત કાળમાં ભર ઠંડીના સમયે રાત્રીના ચાર વાગે મ્હોટી નદી ઉતરી સામે કાંઠે જઇ કાષ્ટનો ભારો લાવી કોઇ ન જાણે તેવી રીતે તને આપું છું. પાણી વિગેરે પણ ગુપ્ત રીતે ભરી આવું છું. મ્હારા પ્રાણ જાય તો પણ દળવા ખાંડવા વિગેરે કોઇ પણ કાર્યમાં મ્હારા પૈસાનો ઉપયોગ થવા દેતો નથી. મ્હેં હાથ પગ ઘસીને ઉન્હાળાનો તાપ સહન કરી તેલ વગેરેનાં વાસણો માથે ઉપાડી આ ધન મેળવેલું છે. વળી કોઇ ધર્મ કાર્યમાં પણ ફુટેલી કોડી માત્ર પણ જો મ્હારી પાસે માગવા આવે છે તો દાંત પીસી મરેલા માણસની માફક અચેતન થાઉં છું. આ સર્વ વૃત્તાંત તું જાણે છે. છતાં ઘી ખાંડ વિગેરે માગવા માટે કેમ આવી છે ? એ પ્રમાણે બહુ બડબડી શેઠ મૌન રહ્યા.

શેઠનું મરણ.

અહીં કંઇ વળે તેમ નથી એમ જાણી શેઠાણી ત્યાંથી પલાયન થયાં. બીજા ઓળખી તાની દુકાનેથી સર્વ વસ્તુ લાવીને રસોઇ કરતાં હતાં તેટલામાં શેઠ પણ જમવા માટે ઘેર આવ્યા, અને તરતજ પૂછયું કે વાલ રાંધ્યા છે કે કેમ ? શેઠાણીએ

જવાબમાં જણાવ્યું, આપ નથી જાણતા ? આજે તો મ્હારા ભાઇ જમવાના છે. તેથી દાળભાત વિગેરે બહુ ઉત્તમ રસોઇ બનાવી છે. એમ સાંભળતાંજ શેઠ તો ક્રોધાતુર થઇ ગયા.

અને બોલ્યા કે લાવ મ્હને પણ તેજ પીરસ. શેઠાણીએ કહ્યું ક્ષણમાત્ર ધીરજ ધરો, કારણકે બે ઘેબર કરવાનાં બાકી છે. તે સાંભળી એકદમ નહીં સહન થવાથી સ્રીની આગળ વારંવાર છાતી કૂટી બહુ દુર્વચન સંભળાવી ચિંતવવા લાગ્યો—અહો ! આ પ્રમાણે મ્હારા ઘરમાં ધનનો નકામો વ્યય કરવામાં આવે છે, મ્હને ધિક્કાર છે ? હિસાબ વિનાનું જીવવું વૃથા છે. એ પ્રમાણે બહુ શોકાતુર થઇ ઘરની અંદર એકાંતમાં સુઇ ગયા, ત્યારબાદ ધનના વ્યયની ચિંતાને લીધે શેઠના હૃદયમાં કંપારો વ્યાપી ગયો જેથી ક્ષણમાંત્રમાં પ્રાણ છુટી ગયા.

કલ્પિત વિચાર.

શેઠાણી પણ રસોઇની સર્વ સામગ્રી તૈયાર કરી બે થાળ પીરસી આસનપર મૂકી બેસવામાટે પાટલા ગોઠવી શેઠને મધુર વચનોથી બોલાવવા લાગ્યાં. પણ શેઠ તરફથી કંઇ જવાબ મળ્યો નહીં. એટલે શેઠાણી ગુંચવાણી અને જાણ્યુ કે તેઓ રીસાયલા છે તેથી બહુ મધુર વચનો બોલતાં બોલતા તેમની પાસે ગયાં, અને જુએ છે તેટલામાં તેમની આંખની કીકીઓ ફરી ગયેલી હોય, તે ઉપરથી આતો મરી ગયેલા દેખાય છે, એમ જાણી તરતજ ઓરડાનાં દ્વાર બંધ કરી મ્હને જમવા બેસાર્યો, અને પોતે પણ જમી લીધું, ત્યારબાદ શેઠાણીએ મ્હને કહ્યું કે બાંધવ! આ મ્હારો પતિ બહુજ કંજુસ હતો. તેના ત્રીજા ભાગ જેટલી પણ કોઇને કંઇ વસ્તુ આપતો નહોતો. તેમજ પોતે પણ નહિ જમતું ખાઇને આજ સુધી નિર્વાહ ચલાવ્યો છે. આજે તમ્હારા માટે ઉત્તમ ભોજન

કરેલું જાણી બહુ છાતી ફુટવાથી તેની પીડાને લીધે શય્યામાં સુતેલોજ તે મરી ગયો છે. હાલમાં તે ચાર કરોડનો અધિપતિ ગણાય છે, પરંતુ તે અપુત્ર હોવાથી બાંધવ ? આ સર્વ ધન રાજાને આધીન ન થાય તેવો કોઈ ઉપાય આપણે ચિંતવવો જોઈએ. છેવટે તેઓએ નક્કી કર્યું કે શેઠને ઘરની અંદર ખાડો ખોદી દાટી દેવા અને કોઈપણ ન જાણે તેવી કોઇક કલ્પિત વાત ફેલાવવી કે જેથી આપણને કોઈ પ્રકારે હરકત આવે નહીં. એ પ્રમાણે નિશ્ચય કરી તેઓએ પોતાનું કર્ત્તવ્ય સિદ્ધ કર્યું.

કલ્પિત સ્વપ્ન. બીજે દિવસે શેઠાણીએ મ્હને એકાંતમાં બોલાવી જણાવ્યું, બાંધવ ! આજે રાત્રીએ મને સ્વપ્ન આવ્યું છે, તે ઉપરથી હું એમ જાણું છું કે મ્હારે પુત્ર પ્રસવ થશે. માટે જ્યાંસુધી મ્હારે પુત્ર જન્મે ત્યાં સુધી તમે અહીં રહો અને દુકાનનો વહીવટ ચલાવો. એમ તેના બહુ આગ્રહથી હું પણ ત્યાંજ રહ્યો. શેઠાણી સારા શણગાર સજી હસ્તે મુખે પોતાની સખીઓ આગળ જાહેર કરવા લાગ્યાં કે આજે હું તમને એક નવીન વધામણી આપું છું, સિંહલદ્વીપમાં તમારા બનેવીનાં વહાણો ઉલટા રસ્તે ચડી ગયાં હતાં તેઓ તેમના પુણ્યથી જ પાછાં કાંઠા ઉપર આવી પહોચ્યાં છે, એમ સમાચાર મળવાથી શેઠ પોતે તેમના સામા ગયા છે. એ પ્રમાણે કપટ વાર્ત્તા જાહેર કરી શેઠાણી આનંદપૂર્વક દિવસો વ્યતીત કરતાં હતાં. હું પણ ઘર તથા દુકાનનો સમસ્ત વ્યાપાર ચલાવતો હતો.

બાલ જન્મ. ગર્ભનો સમય પૂર્ણ થવાથી સારા ગ્રહયોગમાં ઉત્તમ સમયે શેઠાણીને શ્રેષ્ઠ લક્ષણવાળો પુત્ર જન્મ્યો. તરતજ તે "મામા ? મામા ? જલદી અહીં આવો." એમ બોલવા લાગ્યો. તે સાંભળી

તેની પાડોસણ બહુ આશ્ચર્ય પામી મ્હને બોલાવવા માટે મારી પાસે આવી. તેથી તરતજ હું તે બાલક પાસે ગયો, મને જોઈ તે બોલ્યો માતુલ! દક્ષિણ દિશામાં સ્થાવરમાતંગને ત્યાં ઘરટ્ટિકાની પાસે તેની સ્રીને આજે પુત્ર જન્મ્યો છે. માતંગી બહુ પુત્રોના દુઃખથી પીડાએલી છે તેથી તેનું મુખ મરડીને મારી નાંખશે, એટલા માટે તમે જલદી ત્યાં જાઓ અને તેને પાંચ સોના મહોરો આપી બાળ હત્યાનો બચાવ કરો. વળી તમારે માતંગીને વિશેષમાં કહેવું કે ઘી, ગોળ, ચોખા વિગેરે જે જોઈએ તે આ રૂપીઆનું લાવીને નિર્વાહ કરવો પણ આ બાળકને મારવો નહીં. એ પ્રમાણે માતંગીને ત્યાં જઈ સર્વ બંદોબસ્ત કરી હું પાછો શેઠાણીને ત્યાં આવ્યો. એટલે તે બાળક વિનયપૂર્વક બોલ્યો, મામા! મ્હને ઓળખ્યો કે નહીં? સમયસાગરસૂરિએ વાસિત ભોજનનું વૃત્તાંત પૂછવા જેની પાસે તમને મોકલ્યા હતા તેજ હું માતંગ છું. જ્યારે તમે મ્હારી પાસે આવ્યા તે સમયે તમને સાધર્મિક જાણી ભોજનદાન આપવાથી તેમજ પૂર્વ કર્મના પ્રભાવથી અને પૂર્વે મનુષ્યાયુષ બાંધેલું હોવાથી કોલેરાના રોગથી મરીને અહીં હું ઉત્પન્ન થયો છું, વળી જેનો-તમે દ્રવ્ય આપીને મૃત્યુ મુખમાંથી બચાવ કર્યો તે, ધનસાર શ્રેષ્ઠી મરી ને માતંગીને ત્યાં જન્મ્યો છે. કારણકે તેણે કંઈ પણ નવીન પુણ્ય ઉપાર્જન ન કર્યું અને પૂર્વોપાર્જિત પુણ્યનો ભોગ્ય કાળ આવી રહ્યો તેથી તેની આ સ્થિતિ આવી. માટે હે માતુલ! ધર્મ કાર્યમાં તમને પ્રમાદિ જોઈ ત્મ્હારી માતાએ હંમેશાં ઉપદેશ આપ્યો કે પુત્ર! વાસિત ભોજન કરવાથી તું દુઃખી થઈશ. તેમજ સૂરિએ પણ ધનસારની પ્રતીતિથી બોધ થશે એમ જાણી તમને અહીં મોકલ્યા. માટે હે મામા! જેમ ધનસાર શ્રેષ્ઠિ વાસિત પુણ્યભોગવવાથી

દુઃખી થયો તેમ તમે પણ જો ધર્મમાં પ્રમાદિ થઈ વાસિત પુણ્ય ભોગવશો અને નવીન પુણ્ય નહીં મેળવો તો બહુ દુઃખી થશો આ પ્રમાણે સાંભળી મ્હને બહુ જ આશ્ચર્ય લાગ્યું, શું તત્કાલ જન્મેલો બાળક આ પ્રમાણે બોલી શકે ખરો ! શું આ તે સત્ય કે અસત્ય ? આ બાબત કોઈ અતિશય જ્ઞાની મહાત્માને પૂછ્યા શિવાય સમજાય તેમ નથી, એમ વિચાર કરી હું બેઠો હતો તેટલામાં તે જ સમયસાગરસૂરીશ્વર ઉદ્યાનમાં પધાર્યા છે એમ લોક પરંપરાથી સાંભળ્યું, તેથી તરત જ તેમની પાસે જઇ પ્રદક્ષિણાપૂર્વક વંદન કરી પૂર્વોક્ત વૃત્તાંત પૂછ્યું.

પુણ્યનો પ્રભાવ. સૂરીશ્વર—ભદ્ર ! ત્હારા ભાણેજે જે વાત કહી તે સર્વ સત્ય છે.

શ્રેષ્ઠીસુત—સદ્‌ગુરૂ ! માતંગે એવું શું પુણ્ય ઉપાર્જન કર્યું હતું કે જેથી તે મરીને ચાર કોટી ધનનો અધિપતિ થયો ?

સૂરીશ્વર—મહાશય ! તું જ્યારે તેની પાસે ગયો ત્યારે તે માતંગે ચાર રૂપીયા ખરચીને બહુ શુદ્ધભાવથી સાધર્મિક બુદ્ધિએ ત્હને ભોજન આપ્યું તેના પ્રભાવથી ચાર રૂપીઆના બદલે ચાર કોટી ધનનો તે અધિપતિ થયો.

ફરીથી શ્રેષ્ઠીસુત—ભગવન્ ? તે બાળકને જન્મ્યો કે તરત જ બોલવાની શક્તિ શાથી આવી ?

સૂરીશ્વર—જે દિવસે તું માતંગની પાસે ગયો, તેજ દિવસના પ્રથમ પ્રહરમાં તેને કોલેરાનો રોગ લાગુ પડ્યો, તેથી તે ગભરાઈ ગયો અને સિદ્ધ ચેટકનું સ્મરણ કર્યું. કે તરત જ તે ત્યા આવ્યો, એટલે માતંગ બોલ્યો, મ્હને વિસૂચિકાનો રોગ લાગુ પડ્યો છે તો શું હાલમાં મ્હારો દેહાન્ત થવાનો છે ?

ચેટક—હા ! તમારૂં મરણ આ સમયે થશે.

માતંગ—હું મરીને કયી યોનિમાં ક્યાં ઉત્પન્ન થઈશ ?

ચેટકે પણ અવધિ જ્ઞાનનો સમ્યક્ રીતે ઉપયોગ કરી કહ્યું કે અહીંથી કાળ કરી તું ધનસાર શેઠનો પુત્ર થઈશ.

માતંગ—જ્ઞાનથી સમયસાગરસૂરીશ્વર સર્વ હકીકત જાણતા હતા છતાં વાસિત ભોજનનો વૃત્તાંત પૂછવા માટે તે શ્રેષ્ઠીસુતને મ્હારી પાસે મોકલવાનું શું કારણ ?

ચેટક—એને અહીં મોકલવાથી જ બોધ થશે એમ સૂરિ મહારાજ જાણતા હતા, તેથી તેને અહીં મોકલ્યો. વળી તે બોધ જ્યારે તું ધનસાર શેઠને ત્યાં જન્મીશ કે તરત જ ત્હારા મુખમાં પ્રવેશ કરી હું બોલીશ ત્યારે ત્હેને થશે, એ પ્રમાણે કહી ચેટક પોતાના સ્થાનમાં ગયો.

ચેટક પ્રવેશ.

હવે તે બાલકના જન્મ સમયે પોતાનો અવસર જાણી ચેટકે બાળકના મુખમાં પ્રવેશ કરી આ પ્રમાણે કહ્યું તેમાં કંઈ આશ્ચર્ય માનવા જેવું નથી. આ સર્વ વૃત્તાંત સાંભળી સંસાર વાસથી ઉદ્વિગ્ન થઇ શ્રેષ્ઠી સુત બોલ્યો, ભગવન્ ! નવીન પુણ્ય મેળવવા માટે મ્હને દીક્ષા વૃત્ત આપો, સૂરીશ્વરે પણ યોગ્યતા જાણી મ્હને દીક્ષા આપી, ત્યારબાદ એકાદશ અંગનો અભ્યાસ કરી અનુક્રમે ગીતાર્થ થઇ વિહાર કરતો બહુ વર્ષે પુનઃ શુભાકપુર નગરમાં આવ્યો. ત્યાં મ્હારો ભાણેજ મ્હને વાંદવા માટે આવ્યો, મ્હેં પણ ધર્મ લાભ આપી તેની આગળ ધર્મ દેશનાનો પ્રારંભ કર્યો. હે ભવ્ય ? આ સંસાર સર્વથા અસાર તેમજ સર્વ દુઃખોનું સ્થાન છે, છતા તું ધાર્મિક વિષયમાં નિરૂદ્યમી થઈ પ્રમાદ કેમ સેવે છે ? શુ અહીં ચાર ગતિ પૈકીમાં કોઇ પણ સ્થલે ત્હેં સ્વસ્થતા જોઇ છે ? કિંવા યમરાજ પાસેથી ત્હને અભયદાન

મળેલું છે ? અથવા તેણે કોઈ દેવદાનવાંતરકથી અજરામર પણાંનુ વરદાન મેળવ્યું છે ? યાતો મણિમંત્ર ઓષધિ વિગેરેનું કોઇ અદ્ભુત બળ પ્રાપ્ત કર્યું છે ? વળી જરા રાક્ષસી સ્મૃતિ તથા વીર્ય વિગેરેનો બલાત્કારે નાશ કરી સમગ્ર લોકોને વિલક્ષણ બનાવે છે તે શું તું નથી જાણતો ? માટે હે ભદ્ર ! જન્મ-મરણનું દુઃખ ટાળી જો સિદ્ધિ વધૂ વરવાની ઇચ્છા હોય તો સર્વથા પ્રમાદનો ત્યાગ કરી અવશ્ય યતિ ધર્મ આચરવામાં ઉદ્યુક્ત થા.

જયસુંદર અને જયસુંદરી.

આ પ્રમાણે મુનિ મહારાજના વચનામૃતનું પાન કરી પ્રથમ વયમાં જ તે દીક્ષા લઈ યથા વિધિ ચિરકાલ પાલન કરી અંતે અનશન વ્રત ગ્રહણ કરી સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાં હું પણ પ્રથમ ઉત્પન્ન થયો હતો. રાજન્! જેવી રીતે જીનધર્મથી મ્હને સ્વર્ગ સુખ મળ્યું તે પ્રમાણે આપને સર્વ વૃત્તાંત નિવેદન કર્યું. તે સાંભળી પોતાની સ્ત્રી સહિત સંગ્રામ શૂરરાજાએ તે દેવ પાસે સમ્યક્ત્વ સહિત બાર પ્રકારનો શ્રાવક ધર્મ વિનયપૂર્વક ગ્રહણ કર્યો. ત્યારબાદ તે બન્ને દેવો પોતાનું કાર્ય સિદ્ધ કરી સૌધર્મ કલ્પમાં ગયા. પુનઃ કુલદેવી—હે સમરસિંહ ! અનુક્રમે કેટલોક સમય વ્યતીત થયા બાદ ત્યાંથી ચ્યવીને ચંદ્રલેખા દેવીની કુખે બન્ને દેવો એક સાથે ઉત્પન્ન થયા, ગર્ભનો સમય પૂર્ણ થવાથી રાણીને પુત્ર તથા પુત્રીનું જોડલું જન્મ્યું. રાજાએ બાર દિવસ સુધી સર્વત્ર વધામણાં કરાવ્યાં, ઉચિત સમયે પુત્રનું નામ જયસુંદર અને પુત્રીનું નામ જયસુંદરી પાડયું, બન્ને ભાઈ બ્હેન ઇચ્છાનુસાર વિવિધ ક્રીડા વિલાસના સુખથી શારીરિક સંપત્તિ મેળવી આઠ વર્ષનાં થયાં, એટલે રાજાએ સકલ કલાઓના અભ્યાસ માટે તેમને લેખાચાર્યની પાસે મૂકયાં. તેઓએ પણ અનુક્રમે વિધિપૂર્વક સમગ્ર કલાઓમાં નિપુણતા મેળવી.

કિંનરનું આગમન.

એક દિવસે જયસુંદરી સમાન વયની પોતાની સખીઓ સાથે ઉદ્યાનમાં જીનેંદ્ર ભગવાનના મંદિરે દર્શન કરવા ગઇ. ત્યાં વિધિ સહિત ભગવાનને વંદન કરી વીણા વગાડવાની શરૂઆત કરી તેટલામાં આકાશ માર્ગે સ્વેછાચારી કોઇ એક કિંનરનું જોડલું વિમાનમાં બેસી જતું હતું, તેવામાં આ મનોહર નાદ તેના સાંભળવામાં આવ્યો, તેથી આકાશગમન બંધ કરી કૌતુકને લીધે સ્રીસહિત તે કિન્નર નાદના અનુસારે જયસુંદરીની પાસે આવ્યો. જયસુંદરીએ પણ સ્વાગત વચન વિગેરેથી ઉચિત સત્કાર કર્યો, આ પ્રમાણે તેનો વિવેક જોઇ બહુ આનંદ માનતો સ્રી સહિત કિંનર યોગ્યાસને બેઠો અને પોતાને આવવાનું કારણ પણ તેણે જણાવ્યું, ત્યારબાદ જયસુંદરીએ તેની આગળ વીણાવાદનમાં પોતાનું કુશલપણું બતાવ્યું, પછી તેણીએ તેઓને બહુ માન પૂર્વક પૂછયું, આપ કઇ કલામાં કુશળતા ધરાવો છો? તેઓએ જવાબમાં જણાવ્યું, અમે ગીત કલા સારી રીતે જાણીએ છીએ. જયસુંદરી બોલી કૃપા કરી આપની ગીત કલા મ્હને બતાવો. ત્યારબાદ તે કિંનર મિથુને કોયલના નાદ સમાન મૃદુ અને મધુર સ્વરથી જયસુંદરીના શ્રવણપુટમાં અમૃતપાન સમાન ગાયનનો આલાપ કર્યો. ત્યારપછી અનુકૂલતા સાથે સુંદર પદોથી અતિ રમણીય અને બહુ મધુર રાગ જેમાં ઊછળી રહ્યા છે એવું એક સુંદર ગાયન પોતાની પ્રિયા સાથે કિંનરે ગાયું, અને તે ગીતની અંદર વિસ્મિત થએલા પ્રફુલ્લ નેત્રવાળા તે કિંનરે કોઇ અદ્‌ભુત પ્રકારના તમારાજ ગુણો તે પ્રમાણે ગાયા કે જેના શ્રવણ માત્રથી તેજ વખતે જયસુંદરી કામદેવના તીક્ષ્ણ બાણરૂપી વૃષ્ટિને આધીન થઇ. અને તેજ વખતે નેત્ર કુપમાંથી નીકળતા અશ્રપ્રવાહને

નહીં સહન કરવાથી મૂર્છિત થઇ પૃથ્વીપર પડી, તેથી સંભ્રાંત થઇ કેટલીક તેની સખીઓ તેનું હૃદય ચોળવા લાગી, કેટલીક તો પંખાઓથી પવન નાખવા લાગી. વળી કેટલીક શ્રીખંડ ચંદનનો રસ છાંટવા લાગી, એ પ્રમાણે કેટલાક શીતોપચાર કરવાથી સ્વજન વર્ગની દયાને લીધે જેમ પુનઃ તે ચંદ્રવદના સચેતન થઈ બેઠી હતી તેટલામાં ત્યાં જીનેંદ્ર ભગવાનના દર્શન માટે બહુ વિદ્યાધરો આવ્યા. તેમાં ઊત્તર શ્રેણીપતિનો પુત્ર કનકચૂડ પણ આવ્યો હતો. તે જયસુંદરીને આવી અવસ્થામાં જોઇ તત્કાલ કામગ્રહથી મજબુત પકડાયો. બહુ શું કહેવું ? એકદમ ત્હેના શરીરે એટલો દાહજ્વર ભરાઇ ગયો કે જેથી હારનાં મોતી પણ ધાણીની માફક અનેક પ્રકારે ફુટવા લાગ્યાં.

જયસુંદરીની મૂર્છા.

જયસુંદરીને પણ તેની સખીઓ મહાકષ્ટે ત્યાંથી ઊપાડીને તેના પિતાને ત્યાં લઇ ગઇ. ત્યાં પણ તે તમારૂંજ ધ્યાન કરતી રસ પાન કરતી નથી, શબ્દ સાંભળતી નથી, કોઇ પણ તેજસ્વી પદાર્થ નિરીક્ષણ કરવામાં તેનાં નેત્રો દોરાતાં નથી, તેમજ સ્પર્શજ્ઞાનથી વિમૂઢ થઇ છે, અર્થાત્ પંચેંદ્રિયના વિષય સુખમાં તે રૂચિ ધરાવતી નથી. માત્ર તમ્હારૂંજ ચિંતન કરે છે. એટલામાં સંગ્રામશૂર રાજા પાસે કનકચૂડના પિતાએ મોકલેલો મધુકર નામે દૂત આવ્યો. અભ્યાગત જનોની સેવા કરવામાં બહુ કુશળ હોવાથી રાજાએ સત્કારપૂર્વક વિશાલ અને સુંદર સુવર્ણમય આસન તેને આપ્યું. દૂત પણ નમસ્કાર કરી આસન પર બેઠો. પછી તે બોલ્યો, રાજાધિરાજ ! કનકચૂડના પિતાએ આપને કહેવરાવ્યું છે કે તમ્હારી જયસુંદરી કન્યા કનકચૂડ વેરે પરણાવો.

નરેંદ્ર—મધુકર ! રતિ અને કામદેવ સમાન આ બન્નેનઃ

સંબંધને કોણ ન વખાણે ? પરંતુ આ બાબતમાં કન્યાની માતા પ્રમાણભૂત ગણાય છે. એમ કહી તેનો સત્કાર કરી રાજાએ તેને વિદાય કર્યો. પછી ચંદ્રલેખાને સઘળો વૃત્તાંત રાજાએ નિવેદન કર્યો. ઠીક છે હું પુત્રીને પૂછી જોઇશ ! એમ કહી ચંદ્રલેખા તરતજ ત્યાંથી ઉઠી જયસુંદરીની પાસે આવી.

ચંદ્રલેખાનો પ્રશ્ન.

ક્રીડા કમલનો ત્યાગ કરી મહા શોકને લીધે લમણે હાથ દઈ બેઠેલી અને અશ્રુધારાના પ્રહારથી કંપતા સ્તન મંડલને ધારણ કરતી જયસુંદરીને જોઈ ચંદ્રલેખા બહુ સ્નેહ દર્શાવી મૃદુ અને મધુર આલાપ પૂર્વક પૂછવા લાગી, પુત્રી ! આવી અવસ્થા શાથી થઈ, તેનું કારણ ખુલ્લી રીતે જણાવ ! ત્હારાં સર્વ કાર્યોની ચિંતા મ્હારા આધીન છે તો હવે ત્હારે ખેદ કરવાનું શું કારણ ? સમસ્ત ભુવનત્રયમાં એવું કોઇ પણ કાર્ય નથી કે જે મ્હારાથી ન થઈ શકે, કારણકે સમસ્ત વસ્તુ મ્હારા હસ્તમાં હોય તેવી રીતે મ્હને ભાસે છે.

એમ બહુ આગ્રહપૂર્વક પૂછ્યું, તોપણ જયસુંદરીએ બીલકુલ જવાબ આપ્યો નહીં, ત્યારબાદ ચંદ્રલેખાએ કહ્યું, પુત્રિ ! કનકચૂડના માટે તેના પિતાએ મોકલેલો દૂત ત્હારી માગણી કરવા આવ્યો છે. આ વાત સાંભળી બહુ નિઃશ્વાસ નાખતી ફરીથી પણ મૂર્છિત થઈ તે કન્યા જમીનપર પડી ગઇ.

સખી વચન.

ત્યાર બાદ તેની સખી વિભ્રમલેખાએ રાણીને જણાવ્યું કે આ કુમારીએ જીનમંદિરમાં કિંનરના જોડલાએ ગાયેલા શ્રી સમરસિંહ રાજાના ગુણો સાંભળ્યા તેથી કુમારી તેના ઉપર આસક્ત થઈ આ દશા ભોગવે છે, માટે જેમ બને તેમ તેની સાથે કુમારીનો જલદી સમાગમ થાય તેવો ઉપાય કરો. એમ સાંભળી રા

સ્ત્રીએ તે વાત પોતાના સ્વામીને જણાવી. રાજાએ પણ મધુકરને બોલાવી યથાસ્થિત વૃત્તાન્ત જણાવ્યું, તે સાંભળી મધુકર ઉદ્ધતાઈ ભરેલાં વચનો બોલવા લાગ્યો. રાજન્! આ કન્યા બીજા કોઈ રાજાને પરણાવશો તો જરૂર તમારૂં તથા કન્યાનું અમંગલ થશે, માટે વેલાસર સમજીને આ કન્યા કનકચૂડને આપો, નહીંતો યુદ્ધ કરવા તૈયાર થાઓ. કારણકે પ્રભાતકાલમાં શ્રી કનકચૂડ ખેચર બલાત્કારે પણ આ કુમારીને પરણવા જરૂર આવશે, અને કન્યા લીધા શિવાય તે શાંત થશે નહીં, એમ કહી તે અભિમાની દૂત રીસાઈને ત્યાંથી નીકળ્યો. અને કનકચૂડ તથા તેના પિતાની આગળ વિગતવાર સર્વ વૃત્તાંત પ્રગટ કર્યું, તે સાંભળી કનકચૂડ સહિત તેના પિતાએ યુદ્ધની તૈયારી કરી પ્રયાણ ભેરી વગડાવી.

કુલદેવી અને જયસુંદરીનો વિવાહ મહોત્સવ.

તે સમયે સંગ્રામશૂર રાજાએ બહુ ભક્તિપૂર્વક મ્હારી આરાધના કરી, હું તેમની કુલદેવી હોવાથી રૂપાંતર કરી ત્યાં પ્રગટ થઈ, રાજાએ મ્હારી આગળ વિનય પૂર્વક વિનતિ કરી કે, હે દેવિ! જેમ બને તેમ વિદ્યાધરના સૈન્યનો પરાજય કરી સમરસિંહ રાજા નિર્વિઘ્નપણે કુમારીને પરણે તેવી રીતે જલદી આ કાર્ય સિદ્ધ કરો. આ પ્રમાણે તેમનું વચન અંગીકાર કરી હું આપની પાસે આવી છું, મ્હારે અહીં આવવાનું કારણ માત્ર આટલુંજ છે. રાજન્! હવે વિલંબ કરવાની જરૂર નથી. સૈન્ય સહિત પ્રયાણની તૈયારી કરો. આટલી મ્હારી સ્નેહપૂર્વક વિનતિ છે. એ પ્રમાણે સાંભળી સમરસિંહ રાજા પણ તત્કાલ ચતુરંગ સેના સહિત દેવીના પ્રભાવથી આકાશ માર્ગે પ્રયાણ કરતો ક્ષણમાત્રમાં રત્નસાર નગરની બહાર જઇ પહોંચ્યો. એટલામાં પોતાના ભુજ બલના ગર્વથી યુદ્ધની ઇચ્છાવાળો કનકચૂડ ખેચર પણ પોતાના પિતા સહિત

સૈન્ય સાથે ત્યાં આવ્યો. અનેક શસ્ત્ર તેમજ અસ્ત્રોથી વિરાજીત બક્તર પહેરી તૈયાર થયેલા બન્નેના સૈનિકો પરસ્પર બાણ વૃષ્ટિ કરવા લાગ્યા. તેટલામાં કુલદેવીએ પોતાની માયાના પ્રભાવથી કનકચૂડ ખેચરનું મસ્તક યુદ્ધભૂમિ પર પડેલું તેના સૈનિકોને બતાવ્યું. તે જોઇ તેનું સઘળું સૈન્ય પોતાને નિર્નાયક જાણી બહુ દૂર નાશી ગયું. ત્યાર બાદ સૈન્ય રહિત એકાકી કનકચૂડ પણ ભયભીત થઈ ત્યાંથી પલાયન થઈ ગયો. તેથી ત્યાં પણ સર્વત્ર શાંતિ ફેલાઇ અને સર્વે નિશ્ચિંત થયા. ત્યાર બાદ સંગ્રામશૂર રાજાએ મ્હોટા મહોત્સવ પૂર્વક ઉત્તમ મુહૂર્ત્તમાં સમરસિંહ નૃપ સાથે પ્રથમ આપેલી જયસુંદરીનો લગ્ન મહોત્સવ કર્યો.

ત્યાર બાદ જયસુંદરી સહિત સમરસિંહ રાજા પોતાના નગરમાં આવ્યો અને લોકોને આશ્ચર્યજનક અદ્ભુત વિષય સુખ ભોગવવા લાગ્યો.

સ્વપ્ન દર્શન.

એક દિવસે જયસુંદરી લગભગ સવારના ચાર વાગતાના સમયે સુખ શય્યામાં આનંદથી સુતી હતી તેટલામાં તેને આ પ્રમાણે સ્વપ્ન આવ્યું. કે દિવ્ય અલંકારોથી વિભૂષિત અને ઉજ્વલ દિવ્ય વસ્ત્રોની કાંતિથી અંધકારને દૂર કરતા એક ભવ્ય પુરૂષને પોતાના હસ્તમાં અમૂલ્ય રત્ન આપી જતાં જોયો. આવું સ્વપ્ન જોઈ તે એકદમ જાગ્રત્ થઇ અને આશ્ચર્યથી ચકિત બની તાણીએ પોતાના સ્વામીને નિવેદન કર્યું.

પતિવચન.

રાજા—દેવિ! આ સ્વપ્નના પ્રભાવથી જરૂર ત્હારે પુત્ર થશે. આ પ્રમાણે પતિનું વાક્ય સાંભળી પ્રફુલ્લ થયાં છે નેત્રો જેનાં, અને બહુ હર્ષથી રોમાંચરૂપી કંચુકને ધારણ કરતી જયસુંદરી બોલી. સ્વામિન્! આપનું વચન સત્ય થાઓ, એમ કહી પતિનું વચન બહુ માનપૂર્વક સ્વીકાર્યું.

નંદિષેણકુમાર.

ત્યારબાદ જયસુંદરી ધર્મ કાર્યમાં વિશેષ પ્રકારે પ્રવૃત્તિ કરવા લાગી, તેથી સુખવૈભવ પણ દિવસે દિવસે બહુ વધવા લાગ્યા. તેમજ ગર્ભના પ્રભાવથી શારીરિક સૌભાગ્ય બહુ ખીલવા લાગ્યું. અને નિરૂપમ ગૌરવતાથી અલંકૃત એવા સ્તન મંડલની શોભાને દબાવી દેઇ તેના ઉદરની લક્ષ્મી પ્રતિદિવસે ઈર્ષ્યા સહિત પુષ્ટ થવા લાગી. ગર્ભમાં રહેલા પુત્રને જોવાના કુતૂહલથી ઉત્સુક થયા હોય ને શું ! તેમ દયા, દાન અને જીતેંદ્રિયત્વાદિ ગુણોએ તેના હૃદયમાં વિશેષતાએ નિવાસ કર્યો. ગર્ભાધાન વિગેરેના યોગ્ય સમયે મહોત્સવો થવા લાગ્યા. અને પોતાની ઇચ્છા પ્રમાણે સર્વ દોહલાઓ પણ પૂર્ણ થયા. અનુક્રમે ગર્ભના દિવસો પૂર્ણ થયા. શરીરની કાંતિથી સૂતિકાભવનમાં ચારે તરફ પ્રકાશને વિસ્તારતો અને માતાનું મુખકમલ પ્રફુલ્લ કર્યું છે જેણે એવા પુત્રને નવીન સૂર્યને જેમ પૂર્વદિશા તેમ પ્રસન્ન મુખવાળી જયસુંદરીએ પ્રગટ કર્યો, કે તરતજ ઉતાવળને લીધે સાધારણ વસ્ત્રો પહેરી એક દાસીએ સમરસિંહ રાજાને હર્ષપૂર્વક પુત્રજન્મની વધામણી આપી. પુત્રનો જન્મ સાંભળી બહુ ખુશી થઈ રાજાએ દારિદ્રનાશક ઘણી ધન સંપત્તિ આપી દાસીને વિદાય કરી. ત્યારબાદ સમરસિંહરાજાએ પોતાના વૈભવ તથા મહિમાના પ્રમાણમાં ઘણી સુંદર વધાઈઓ તેમજ બહુ ઠાઠથી મહોત્સવ શરૂ કરાવ્યો. અને તે મહોત્સવ પૂર્ણ થયા બાદ માસાન્તે નંદિષેણ એ પ્રમાણે તેનું નામ પાડયું.

યુવાવસ્થા.

તૈલાભ્યંગ સ્નાનપાન વિગેરે સેવામાં તત્પર રહેતી પાંચ ધાવમાતાઓથી નિરંતર પાલન કરાતો નંદિષેણકુમાર માતાપિતાના મનોરથની ઇચ્છાને લીધે જેમ પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યો. અને મુખકમળમાં વાસ કરતી સરસ્વતી જાણે ક્રીડા પૂર્વક

ઉચ્ચાર કરતા કુમારની સૂક્ષ્મ દંતપંક્તિ મુક્તાહારની માફક દીપવા લાગી, તેમજ અતિ કોમલ બહુ સ્નિગ્ધતાથી ભરેલા, તમાલપત્ર સમાન શ્યામ કાંતિવાળા અને ભ્રમરાકાર જેવી લટોથી સુશોભિત કેશકલાપ મસ્તક રૂપી કમલપર ફરકવા લાગ્યો. ત્યારબાદ ઇચ્છાપૂર્વક ક્રીડા વિલાસના સુખથી શારીરિક પુષ્ટિને ધારણ કરતો કુમાર અનુક્રમે આઠ વર્ષનો થયો, તે જોઇ પિતાના હર્ષનો તો પારજ રહ્યો નહીં. ત્યારબાદ વિદ્યાભ્યાસનો સમય જાણી રાજાએ તેને કલાચાર્ય પાસે વિધિપૂર્વક ભણવા માટે મૂક્યો. અદ્ભુત બુદ્ધિપ્રભાવ, સદ્ગુરૂની ભક્તિ તેમજ નિરંતર ઉદ્યમ કરવાથી નંદિષેણકુમાર થોડા સમયમાં શાસ્ત્રોમાં પાર ગામી થયો. પોતાના ચરણકમલથી પૃથ્વીતલને પવિત્ર કરતો અને સર્વ અંગોને દીપાવવામાં સ્વાભાવિક આભરણુ સમાન યૌવન લક્ષ્મીને શોભાવવા લાગ્યો. મુખકમલની તીવ્ર સુગંધમાં લુબ્ધ થઈ લીન થએલી જાણે ભ્રમર પંક્તિ હોય ને શું ? તેમ તેના બન્ને ગંડસ્થળપર સૂક્ષ્મ અને સ્નિગ્ધ રોમરાજી વિલાસ કરવા લાગી. અંદર રહેલા અશેષ ગુણોથી પ્રેરાએલું હોય ને શું ? તેમ સુવર્ણ શિલા સમાન વિશાલ અને અતિ ઉન્નત વક્ષસ્થલને વહન કરવા લાગ્યો.

લગ્નમહોત્સવ.

ત્યારબાદ સ્વયંવર માટે આવેલી મુખ્ય રાજાઓની અનેક કન્યાઓ સાથે સમરસિંહ રાજાએ નંદિષેણને મહોત્સવપૂર્વક ઘણા ઉમંગથી પરણાવ્યો, લગ્નોત્સવપૂર્ણ થયા બાદ કુમાર પણ કોઈક સમયે બહુ શીઘ્રગતિના વેગથી સંપાદન કરેલા ઉજ્વલ યશને બહાર પ્રગટ કરી લોકોને બતાવતો હોયને શું ? તેમ સ્વચ્છ ફીણના ગોટાઓથી આચ્છાદિત મુખવાળા દુર્દાંત અશ્વો ખેલાવે છે. કદાચિત્ ગાયનરસમાં લુબ્ધ થઈ બહુ હાવ-

ભાવથી મનોહર સુંદર વિલાસવાળું વારાંગનાઓનું નૃત્ય જુએ છે. કદાચિત્ નખોની કાંતિના મિષવડે દારિદ્રને જલાંજલિ આપતો હોયને શું ? તેમ પોતાના હસ્તથી યાચક વર્ગને દાન આપે છે. કદાચિત્ બહારથી મોતીઓની અને અંદરથી પોતાના ગુણોની માળાવડે સુકવિઓનાં હૃદય વિભૂષિત કરે છે. આ પ્રમાણે કેટલોક સમય વ્યતીત થયા બાદ સમરસિંહ રાજાએ નંદિષેણકુમારને મ્હોટી વિભૂતિ સાથે પોતાની રાજ્યગાદીએ સ્થાપન કર્યો. અને પોતે પણ શ્રાવકની અગીયાર પ્રતિમાઓ અંગીકાર કરી તેમજ તેમનું વિધિપૂર્વક પાલન કરી અનુક્રમે મુનિધર્મમાં ધુરંધર થયા. સર્વત્ર પ્રતિબંધ રહિત વિહાર કરતા છઠ્ઠ અઠ્ઠમ વિગેરે ઊગ્ર તપશ્ચર્યા કરી અંતે અનશન વ્રત પાળી લાંતક કલ્પમાં દેવ થયા.

રાજવૈભવ.

હવે નંદિષેણ રાજા સમસ્ત વૈરિ વર્ગને નિર્મૂલ કરી સમસ્ત કિલ્લાઓ પોતાને સ્વાધીન કરી રાજ્ય પાલન કરે છે. મુકુટમણિઓની કાંતિરૂપ મંજરીના મિષવડે રચિ છે પુષ્પાંજલિઓ જેમણે એવા મહાન્ રાજાઓના મસ્તકોપર જેની આજ્ઞારૂપી લક્ષ્મી નિરંતર વાસ કરવા લાગી. ચંદ્ર સમાન વદનવાળી અને માનસને વિષે સ્ફુરણાયમાન રાજહંસીસમાન સર્વ અંતઃપુરમાં પ્રધાનપદ ભોગવતી શશીપ્રભા નામે તેને મુખ્ય રાણી હતી. ચિરકાલ સંચિત પુણ્યને અનુસારે શશીપ્રભા સાથે વિષયસુખ ભોગવતાં નંદિષેણ નરેંદ્રનો કેટલોક સમય પ્રસાર થયો. ત્યારબાદ કુલદેવતા વિગેરેની સેંકડો માનતાઓ કરવાથી કેટલેક સમયે રાણીને એક પુત્ર થયો. તેનું ધનકુમાર નામ પાડયું. અનુક્રમે યોગ્ય ઊમ્મરનો થયો. એટલે કલાભ્યાસ માટે રાજાએ

મહોત્સવપૂર્વક કલાચાર્યની પાસે મૂક્યો. ગુરૂપણ તેની તીવ્રબુદ્ધિ, વિનય અને ઉદ્યમ જોઈ બહુ પ્રસન્ન થયા, સ્વલ્પ સમયમાં ગુરૂપાશી **ધનકુમારે** સર્વ કલાઓમાં નિપુણતા મેળવી. જેવી રીતે સદ્ગુરૂનાં શિક્ષા વચન તેના મનને આનંદ આપતાં હતાં તે પ્રમાણે 'જય મેળવ, દીર્ઘ આયુષ્માન્ થા, આનંદ ભોગવ' વિગેરે સ્તુતિ વાક્યોથી તે આનંદ માનતો નહોતો.

ધનકુમાર.

એક દિવસે પોતાના અધ્યાપકની સાથે ધનકુમાર નરેંદ્રને વંદન કરવા ગયો. પિતાના ચરણકમલમાં નમન કરી ઉચિત સ્થાને સુખાસનપર બેઠો. પુત્રનું વિનયાદિક સૌભાગ્ય જોઈ [illegible] બહુ ખુશી થઈ બોલ્યો, વત્સ! નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે [illegible] રાજ્ય કાર્યભાર વહન કરવામાં ધુરંધર પુત્ર ન થાય [illegible] ત્યાં સુધીજ રાજાઓએ પ્રજા પાલન કરવું જોઈએ, માટે હે પુત્ર! [illegible] હાલ તું ઘણા સમયથી મ્હારા [illegible] આ રાજ્ય લક્ષ્મીને પોતાના હસ્તરૂપી [illegible] અને હવે મ્હારૂં [illegible] કરવા માટે બહુ રસિક થયું છે, તેથી [illegible] પિતાનું વચન સાંભળી ધનકુમાર [illegible] વિનતિ કરવા લાગ્યો. હે તાત! [illegible]

નિપુણતા બતાવે છે. વળી હે પિતાજી ! આ ભુવનમંડલમાં એવો કોઈપણ બલવાન્ નથી કે જે આપની ભ્રૂલતાના વિલાસનો અંશ માત્ર પણ અનાદર કરી શકે ? હાલમાં પણ સમસ્ત શ્રેષ્ઠ વસ્તુઓના સંગ્રહથી ભરપૂર આપના ભંડાર પણ કુબેરના ભંડારનો તિરસ્કાર કરે છે, તેમજ હે તાત ! મહા રણસંગ્રામ ખેલવામાં કોઈપણ અદ્ભુત આપનો ઉદ્યમ શોભે છે કે જેને સહન કરવામાં ઇંદ્ર પણ સમર્થ નથી. માટે મ્હારી ઉપર કૃપા કરી ચિરકાલ પાળેલા આ રાજ્યનું હાલમાં આપ પાલન કરો અને આગળ ઉપર ધર્મ કરતાં આપને હું વિઘ્ન ભૂત થઈશ નહીં. એ પ્રમાણે ધનકુમારની પ્રાર્થના સ્વીકારી નંદિષેણ રાજા ધર્મકાર્યમાં દઢ તરબુદ્ધિ રાખીને ફરીથી પણ રાજ્ય શાસન કરવા લાગ્યા.

ઇંદ્રિયોની શીથિલતા.

જેમ બાહ્ય શત્રુઓ સમગ્રસામગ્રી રહિત એવા પુરૂષોએ વશ કરી શકાતા નથી તેમ આન્તરિક ક્રોધાદિક શત્રુઓ પણ જીતવા મુશ્કેલ છે. વળી આંતરિક શત્રુઓનો નિગ્રહ કરવાની સામગ્રીમાં પ્રથમ સમસ્ત ઇંદ્રિયોનું સ્વસ્થપણું હોવું જોઈએ. પરંતુ જરા રૂપી પિશાચીના ભયથી તેઓમાં ચંચળતા આવી જાય છે. જેથી તેમની પટુતા દૂર થાય છે. એટલે તેઓની વૃત્તિ પલટાઈ જવાથી વસ્તુનું યથાર્થ સ્વરૂપ તેઓ જાણી શકતી નથી. માટે જ્યાંસુધી ઇંદ્રિઓનું સ્વસ્થપણું, આયુષ્ તથા બલ વિદ્યમાન હોય ત્યાંસુધી મ્હારે ધર્મ સાધન કરવું ઉચિત છે. સિદ્ધાન્તમાં કહ્યું છે કે–" જરારૂપી રાક્ષસી સમસ્ત અંગોને ગ્રહણ ન કરે, અને રોગરૂપી નિર્દય સર્પ ઉગ્ર દંશ ન કરે તેટલામાં રે જીવ ! ધર્માસાધનમાં ઉદ્યુક્તથા, તેમજ આત્મહિત કરવામાં સાવધાન થા, કારણ કે આજે વા કાલે આ ફાની દુનીયાનો ત્યાગ કરી અવશ્ય ત્હારે પ્રયાણ કરવું પડશે, " માટે હે વત્સ ! હવે

આ રાજ્ય સંપત્તિનો તું સ્વીકાર કર, કારણકે ગુરૂજનની આજ્ઞા માનવી તેજ કુલીનપુત્રનો ધર્મ છે. આ પ્રમાણે ધર્મપ્રવૃત્તિમાં દૃઢબુદ્ધિવાળો **નંદિષેણ** રાજા બોધમય વચનોથી **ધનકુમારને** સમજાવતો હતો તેટલામાં મુખ આગળ જોડેલા કર સંપુટને લીધે જેની દંત કાંતિનો વિકાસ રોકાઈ ગયો છે એવી ઉદ્યાન પાલિકા આવી, નરેંદ્રને પ્રણામ કરી વિનતિ કરવા લાગી. " દેવ ! દેવતાઓનો સમૂહ જેમના ચરણકમલમાં નમન કરે છે અને જેમની સાથે અનેક મુનિઓ વિરાજે છે એવા **શ્રી નંદન જીનરાજ** મકરમંદિર ઉદ્યાનમાં પધાર્યા છે. " એ પ્રમાણે સાંભળી ઉદ્યાનપાલિકાને તુષ્ટિ દાન આપી, નહીં ઈચ્છતા એવા પણ **ધનકુમારને** બલાત્કારે રાજ્ય ગાદીએ સ્થાપન કર્યો.

મુનિવંદન.

ત્યારબાદ નંદિષેણ રાજા સમગ્ર સામગ્રી સહિત મુનીંદ્રને વંદન કરવા ઉદ્યાન તરફ ચાલ્યો, ઉલ્લાસ પામતા હૃદયમાં શુભ ભાવની ભાવના ભાવતો તે રાજા ઉદ્યાનમાં ગયો. અને પાંચ પ્રકારના અભિગમને સાચવી જીનેંદ્ર ભગવાનના અવગ્રહ (સ્થાન) માં પ્રવેશ કર્યો. પ્રબલ ભક્તિના ઉલ્લાસને લીધે રોમાંચિત થઈ ત્રણ પ્રદક્ષિણા કરી પૃથ્વીપર મસ્તક નમાવી જીનેંદ્રના ચરણકમલમાં નમસ્કાર કર્યો. ત્યારબાદ અતિ આનંદથી પ્રફુલ્લ થયાં છે નેત્ર જેનાં અને સુંદર પરિણામને ધારણ કરતો તે નરેંદ્ર પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો. વિનય સહિત સુરેંદ્રોના ચુડામણિઓથી સ્નિગ્ધ થયો છે પાદપીઠ જેમનો અને ચરાચર પ્રાણિઓપર નિષ્કારણ દયાલુ એવા હે જીનેંદ્ર ભગવાન ! આપને વારંવાર નમસ્કાર. હે ભગવન્ ! આજે હું કૃતાર્થ થયો, વળી આજે મ્હારાં ઘણા દિવસનાં પુણ્ય પણ પ્રગટ થયાં, કારણકે આપના પરમપવિત્ર દર્શનનો હું પાત્ર થયો. હે જનેંદ્ર !

આજસુધી મોહ રાજાએ મને છેતર્યો હતો, જેથી મ્હારામનરૂપી ભ્રમરે આપના ચરણકમલમાં વાસ કર્યો નહીં, હે પ્રભો ! ચંદ્ર સમાન આપનું દર્શન થયે છતે અકસ્માત્ ઉલ્લાસ પામતા સમુદ્રના રત્નરાશિની માફક બહાર નિકળેલાં મ્હારાં રોમાંચ શોભે છે. હે જગત્પ્રભો ! ઉત્તમરાજ હંસસમાન મ્હારૂં હૃદયકમલ આપ વડે સનાથ થયે છતે મ્હને મોક્ષલક્ષ્મીની પ્રાપ્તિ દુર્લભ કેમ થશે ? અર્થાત્ નહીંજ થાય. વળી હાલમાં મોક્ષ લક્ષ્મી તરફ મ્હારૂં હૃદય ઉત્સાહ ધરાવતું નથી, કારણ કે આપના ગુણોમાં બહુ:આસક્ત હોવાથી નિરંતર આપના શરણની ઈચ્છા કરે છે. આ પ્રમાણે જીનેંદ્રની સ્તુતિ કરી રાજાએ ભૂમિપર મસ્તક નમાવી પ્રભુને પ્રણામ કર્યો, ત્યારબાદ નેત્રકમલ જેનાં પ્રફુલ્લ દેખાતાં હતાં તેમજ હૃદય બહુ આનંદથી ઉભરાઇ જતું હતું અને જેનાં નેત્ર જીનવંદનમાં લીન થયાં હતાં એવો નંદિષેણ રાજા બે હાથ જોડી ઉચિત આસને બેઠો. પોતાના દંતની કાંતિ વડે દિશાઓ રૂપી સ્ત્રીઓના મુખ મંડળને ઉજ્વળ કરતા હોયને શું ? તેમ શ્રીમાન્ નંદનજીનેંદ્રે પણ ધર્મદેશનાનો પ્રારંભ કર્યો. ભો ! ભો ! ભવ્ય પુરૂષો ! સંસારમાં ભ્રમણ કરતા, તેમજ આંતરિક કામાદિ શત્રુઓથી જેઓની બુદ્ધિ નષ્ટ થઇ છે અને દુષ્કર્મના પ્રભાવથી પીડાએલા એવા જીવોને સદાકાલ સર્વ વસ્તુઓ કોઇપણ પ્રકારે પ્રાય: મળી શકે છે, પરંતુ ઈચ્છિત પદાર્થ આપવામાં ચિંતામણિ સમાન મનુષ્ય ભવ મળવો બહુ દુર્લભ છે. વળી કદાચિત્ દૈવયોગથી મહાકષ્ટે મનુષ્ય જન્મ પ્રાપ્ત થાય તોપણ તે મનુષ્યજન્મ રૂપ રત્નનો જીનવરના વચન શ્રવણરૂપ કસોટી સાથે સમાગમ ઘણો દુર્લભ છે. વળી તે કસોટીના ઘર્ષણ વિના કર્મ મળથી મલિન થએલો અને તેથીજ આચ્છાદિત થયું છે સ્વરૂપ જેનું એવો આ મનુષ્યજન્મ સદ્ગુરૂરૂપી ઝવેરીની પ્રશંસા રહિત

જીવોને પરમાર્થ વસ્તુ આપતો નથી. માટે હે નરેંદ્ર ! તું સમસ્ત સામગ્રી સહિત નરભવરૂપી રત્ન પામ્યો છે, તો પરમાર્થ સાધનમાં વિલંબ કરીશ નહી,

દીક્ષાપ્રાર્થના.

આ પ્રમાણે શ્રીમાન્ **શ્રી નંદન** પ્રભુના મુખથી સુંદર દેશનામૃતનું પાન કરી શ્રી નંદિષેણરાજા બોલ્યો. હે જગત્ પ્રભો ! મ્હારી યોગ્યતા હોય તો અધુના પોતાની દીક્ષા આપી મ્હને કૃતાર્થ કરો,

દીક્ષાદાન.

જીનેંદ્ર ભગવાન્—નરેંદ્ર ! જેમ મહા કિંમતી ચિંતામણિરત્નનું સ્થાન સુવર્ણજ ગણાય, તેમ દીક્ષારત્નનું સ્થાન પણ તમ્હારા સરખા ભવ્યપ્રાણિઓજ હોય છે, માટે આ તમ્હારો મનોરથ નિર્વિઘ્નપણે સિદ્ધ થાઓ. એમ કહી ભગવાને પોતાની આગળ નમાવેલા મસ્તકથી શોભતા એવા નંદિષેણ રાજાને પોતાના હાથે દીક્ષા આપી.

મુનિઆચાર.

ત્યારબાદ ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત અને પાંચ સમિતિથી યુક્ત થઈ **નંદિષેણ** મુનિએ પંચેંદ્રિયોને સ્વાધીન કરી દુર્દાંત એવા કામસુભટનો પરાજય કર્યો. તેમજ એકાદશ અંગોનો અભ્યાસ કરી દુઃખે નાશ કરવા લાયક દુષ્ટ કર્મોનો નાશ કરવા માટે ઉગ્ર તપશ્ચર્યા વડે શરીર શોષવવા લાગ્યા. તેમજ વળી પ્રતિબંધ રહિત વિહાર કરતા વિધિપૂર્વક તીર્થંકર પદનાં કારણભૂત સ્થાનકોની આરાધના કરવા લાગ્યા.

તીર્થંકર નામગોત્ર.

મોક્ષપુરીના રસ્તે પ્રયાણ કરતા જીવોને સાર્થવાહ સમાન શ્રી તીર્થંકરો, એકાંતિક શિવસુખની સમૃદ્ધિથી વિરાજીત સિદ્ધ પરમાત્માઓ, સમસ્ત ધર્મિજનોના વિઘ્ન સંઘાત નિવારવામાં તત્પર શ્રી સંઘ તેમજ શાંતિરૂપ

અમૃતનિધિ સમાન સદ્‌ગુરૂની ભક્તિ કરવા લાગ્યા, વળી સદ્ધર્મથી શિથિલ થએલા પ્રાણિઓને સદુપદેશ દ્વારા સ્થિર કરવા લાગ્યા. પર્યાયથી મ્હોટા મુનિઓને પૂજ્ય તરીકે માનવા લાગ્યા, હજારો સંશયોને દૂર કરવા સમર્થ એવા બહુ શ્રુત મુનિઓની સેવામાં તત્પર થયા. તપશ્ચર્યામાં નિરંતર આસક્ત તપસ્વિઓને સહાય આપતા,તેમજ પોતાના શરીર વિષે પણ મમત્વ બુદ્ધિનો ત્યાગ કર્યો. દરેક સમયે વૈરાગ્ય વિગેરે શુભ ભાવનાઓનું સ્મરણ કરવા લાગ્યા. નિરંતર બાર પ્રકારની તપશ્ચર્યા કરવાથી અંતઃ શત્રુ (કામાદિક) નો ત્યાગ કર્યો. વિગેરે સદાચરણોથી નંદિષેણ મુનિએ વિધિ પૂર્વક તીર્થંકર નામ ગોત્ર બાંધ્યું.

મહર્દ્ધિકદેવ.

અનુક્રમે આયુષ પૂર્ણ થવાથી દેહાંત સમયે પોતાનાં દુશ્ચરિત્રોની આલોચના કરી નંદિષેણ મુનિએ મત ઉચર્યું, સમસ્ત શત્રુ વર્ગની ક્ષમા માગી, વિધિ પ્રમાણે માસિક સંલેખના ગ્રહણ કરી પોતાનું શરીર શુદ્ધ કર્યું, પંચ પરમેષ્ઠિ મંત્રોનું સ્મરણ કરી સમાધિપૂર્વક કાલકરી નંદિષેણ રાજર્ષિ મધ્યમ ઉપરિતન ગ્રૈવેયક દેવલોકમાં બે હસ્ત પ્રમાણ શરીર ધારી મહર્દ્ધિક દેવ થયા. તે દેવ ભવમાં અહમિંદ્ર સુર લક્ષ્મીના સ્વચ્છ વક્ષસ્થલમાં સુંદરહારની માફક સુખમાં નિમગ્ન થઇ અઠ્ઠાવીશ સાગરોપમ પર્યંત વિલાસ કરે છે. આ પ્રમાણે શ્રીસુપાર્શ્વ ચરિત્રમાં તીર્થંકર નામ કર્મ ઉપાર્જન સંબંધિ આ પ્રથમ પ્રસ્તાવ સમાપ્ત થયો. હવે તે મહર્દ્ધિક દેવનું આયુષ પૂર્ણ થયે છતે ત્યાંથી ચવી જે સ્થાનકે ઉત્પન્ન થશે. તે વૃત્તાંત આગળ ઉપર સમયાનુસારે વર્ણન કરવામાં આવશે.

इति श्री सुपार्श्वनाथ चरिते प्रथमप्रस्तावे प्रथमोभवः
द्वितीयः सुरभवश्च समाप्तिमगमत्.

મેરૂ પર્વતરૂપી ધ્વજ સ્તંભ તેમજ જીનેંદ્ર ભગવાનના સ્નાનના જલ રૂપી ઊજ્વલ વસ્ત્રાડંબર (સઢ) થી

વારાણસી નગરી.

વિરાજીત અને આ ભવસાગરમાં વહાણ સમાન આ માનુષ ક્ષેત્ર જગત્‌માં જયકારી વર્તે છે, તેની અંદર ઊત્તમ કેવલ જ્ઞાનરૂપી કોટી રત્નોવડે લોકાલોક સંબંધિ વૃત્તાંતને ઊદ્યોતિત કરતો જંબુદ્વીપ નામે દ્વીપ રહ્યો છે. તેમાં ભરત નામે ક્ષેત્ર છે, જે ક્ષેત્રના કાંડસમાન દક્ષિણ વિભાગના મધ્ય ખંડમાં જન્મ પામી ભવ્ય પ્રાણીઓ સ્વલ્પ સમયમાં મોક્ષ પામે છે. વળી તે ક્ષેત્રમાં ધન, ધાન્ય, સુવર્ણ વગેરે સદ્વસ્તુઓથી ભરેલો અને મ્હોટા ગ્રામ નગરો વડે સંકીર્ણ તેમ જ સમસ્ત જનોના હ્રુદયમંદિરમાં ભારે આનંદ વિસ્તારતો ચૂડામણિ સમાન કાશી નામે દેશ છે. તે દેશની અંદર મંગલ, ગુરૂ, સૂર્ય, બુધ, શુક્ર અને સાતરૂષિઓ જેમાં નિરંતર વાસ કરે છે એવી આકાશ લક્ષ્મીની માફક સમસ્ત મંગલોનું સ્થાનભૂત, ગુરૂવિત્તા એટલે બહુ દ્રવ્યથી પરિપૂર્ણ, શૂરવીર, પંડિત, કવિજન અને અનેક મુનિવરોથી વિભુષિત, તેમજ દરેક ગૃહોમાં પાળેલા અનેક ક્રીડા હંસોને લીધે મનોહર શોભા આપતી એવી જે નગરી, કૌશિક-એટલે ઈંદ્રના સ્થાનભૂત એવી સ્વર્ગપુરીનું હવેલીઓની વિશાલ અને સ્વચ્છ કાંતિના મિષથી ઊપહાસ્ય કરે છે, ફણિપતિ અને કમઠાધિપ વગેરે ભુવનવાસી દેવતાઓ જે નગરીની ઊત્તમ શોભાને પરિખા (ખાઈ) ના છિદ્રોમાં દૃષ્ટિ કરી હમેશાં જોયા કરે છે. વળી ગગનાંગણને સ્પર્શ કરતા સુંદર કિલ્લાઓનાં શિખરો વડે "આ કલંકિત છે એમ જાણી" નિષેધ કરાયેલો ચંદ્ર પણ તે નગરીમાં પ્રવેશ કરી શકતો નથી તેમજ ત્રિક, ચત્વર, સુંદર શેરીઓ, દેવાલય અને વિવિધ પ્રકારની હવેલીઓથી વિશેષ શોભતી તેમજ ભુવનતલમાં અતિ પ્રખ્યાત એવી તે વારાણસી નગરી

છે. જેની અંદર માત્ર રાજાને વિષયાનુરાગ એટલે દેશ ઉપર પ્રીતિ રહ્યા કરે છે. અન્યજનોમાં વિષયાંધપણું નથી. જડપણું (ભોળાશપણું) પશુપતિ (શંકર) માંજ છે, અન્યત્ર નથી. પર લક્ષ્મી (ઉત્તમ લક્ષ્મી) ની ઇચ્છા વિષ્ણુને છે પરંતુ અન્યનું ધન અન્ય લોકો ઇચ્છતા નથી. તેમજ વિરૂપપણું–વિ એટલે પક્ષિ, તેનું રૂપ પક્ષિઓમાં રહ્યું છે, અન્ય જનોમાં વિરૂદ્ધ સ્વરૂપપણું નથી દેખાતું, તેમ છતાં તે નગરીમાં એક દોષ વિશેષ પ્રકારે જોવામાં આવે છે કે પ્રભાત કાળમાં પાળેલા પોપટ યુવાન સ્ત્રી પુરૂષોના રાત્રિ સંબંધિ કેલિ વૃત્તાંતને જાહેર કરે છે.

સુપ્રતિષ્ઠ રાજા. વારાણસીનગરીમાં સમસ્ત ગર્વિષ્ઠ શત્રુઓની સ્ત્રીઓનાં અશ્રુરૂપી સમુદ્રમાં જેના યશરૂપી રાજહંસે સ્નાન કર્યું છે એવો સુપ્રતિષ્ઠ નામે નરેંદ્ર છે. સમરાંગણોમાં હણેલા હસ્તિઓના મદથી સુગંધિત થયેલી જેની ખડ્ગલતા દૃઢ બાંધેલા જયલક્ષ્મીના કેશ પાશની માફક શોભે છે. સર્વ જગત્માં વિખ્યાત જેનું ત્યાગી (દાની) પણું પરલોક (અન્ય દેશ) સાધવા માટે પક્ષિગણથી વ્યાપ્ત રણભૂમિમાં તેમજ ઘરની અંદર પણ ખુલ્લી રીતે દેખાય છે. વળી જેના ચરણમાં વિબુધ (દેવ=પંડિતો) નમે છે. તો પણ ગોત્ર (પર્વત=વંશ) નો ઉચ્છેદક નથી. તેમજ મેદિની (પૃથ્વી=માતંગી) નો પતિ છે છતાં તે માતંગ (હસ્તી) નથી. અને પ્રદ્યુમ્ન (કામદેવ=વિશિષ્ટ ધનવાન્) છે છતાં પણ પરિપૂર્ણ સકલાંગ (સંપૂર્ણ અંગધારી=રાજ્યના સાત અંગધારી) તે વિશેષ પ્રકારે શોભે છે. વળી જે રાજા મિત્રવર્ગને ઉદયાચલ સમાન, વિબુધ રૂપી ચકોર પક્ષિઓને ચંદ્રસમાન, શત્રુરૂપી અંધકારને દૂર કરવામાં સૂર્યસમાન,

કંબુ (શંખ) સમાન મનોહર કંઠમાં દીપતી ત્રણ રેખાઓ જાણે ત્રણ લોકની સ્ત્રીઓની વિજય સંખ્યાને બતાવતી હોયને શું ? કામ સુભટ જેનાપર આરૂઢ થયો છે એવા યૌવનરૂપી ગજેંદ્રના જાણે કુંભસ્થલ હોયને શું ? એમ જેનું સ્તનમંડલ પુષ્ટ કઠિન અને વર્તુલાકાર શોભે છે. જેના કોમલ કમલ નાલ સમાન બાહુ યુગમાં સરલ અંગુલીરૂપી પત્રોને વહન કરતાં કમલ હોયને શું ? એમ સુંદર કાંતિમય હસ્તતલ દીપે છે. યૌવનરૂપી મેઘે લાવણ્ય જલથી ભરેલો જેનો નાભિહ્રદ પોતાના પતિના નેત્રરૂપી કલશોથી હંમેશાં ખેંચાય છે તોપણ નિરંતર ભરેલો રહે છે. મુષ્ટિથી ગ્રહણ કરી શકાય અર્થાત્ બહુ સૂક્ષ્મ જેના શરીરનો મધ્ય ભાગ કામદેવને ક્રીડા કરવાના શૈલ સમાન નિતંબ બિંબનું જાણે શિખર હોયને શું ?. એમ શોભે છે. સુંદર રસ ભરેલાં વચનોવડે સુકવિ, સંપૂર્ણ જ્યોત્સ્નાવડે ચંદ્રમા અને અમૃતવડે જેમ ક્ષીરસાગર શોભે છે, તેમ તે કમલાક્ષીવડે નરેંદ્ર શોભે છે. વળી જેમ રતિ વિના કામદેવ તેમજ પાર્વતી વિના શંકર ક્ષણ માત્ર આનંદ માનતા નથી, તેમ આ રાજા પણ તે રાણી વિના ક્ષણમાત્ર રહી શકતો નથી. એમ ઘણા કાલ સુધી તેણીની સાથે સંપૂર્ણ પાંચ પ્રકારના વિષયસુખને ભોગવતો તે મહીપાલ દોગુંદક દેવની માફક ગત કાલને જાણતો નથી.

ગર્ભાવતરણ. અન્યદા ભાદ્રપદ કૃષ્ણ અષ્ટમીની રાત્રિએ પૃથિવીદેવી પોતાના સ્વામી સાથે ક્રીડા વિલાસમાં કેટલોક સમય વ્યતીત કરી ગંગાનદીના તટ સમાન વિશાલ અને ગવાક્ષ વિગેરે ઉપસ્કરણોથી શણગારેલા પલંગ ઉપર આનંદપૂર્વક સુઈ રહી હતી, રાત્રિના અંતિમ ભાગમાં નંદિષેણ રાજા મધ્યમોપરિતન (છઠ્ઠા) ગ્રૈવેયક દેવલોકમાંથી ચ્યવીને તેના ગર્ભમાં અવતર્યા. ત્યારબાદ તેણીએ ચૌદ સ્વપ્ન જોયા

જેના દંતુશલ સ્વચ્છ કાંતિમય દીપતા હતા. તેમજ ગંડ-સ્થલમાંથી મદ જલની ધારા વહેતી હતી,

ચતુર્દશ સ્વપ્ન. ઊંચાઈમાં હિમગિરિ સમાન અને બહુ સુંદર ગમન કરતો મહાન્ હસ્તી જોયો.

૧-જેનાં શીંગડાં મયૂરના કંઠ સમાન શ્યામ અને અર્ધ ચંદ્રની માફક વક્રાકાર દેખાતાં હતાં તેમજ ચંદ્ર સમાન ઉજ્વલ અને અતિ ઉન્નત જેના સ્કંધ ઉપર રત્નમાલા સ્થાપન કરેલી હતી એવો એક વૃષભ જોવામાં આવ્યો. ૨-બહુ લાંબી અને રંગે પીળાશપર [illegible] કેશવાળી જેના સ્કંધ ઉપર દીપે છે, તેમજ પૂર્ણિમાના ચંદ્ર સમાન ઉજ્વલ આકૃતિ ધારણ કરતો અને ગુંજા (ચણોઠી) સમાન લાલ નેત્રકાંતિને વહન કરતો એવો સિંહ દૃષ્ટિગોચર થયો. ૩-ઉત્તમ ગજેંદ્રોની સુંઢમાં રહેલા સુવર્ણ કલશોથી સ્નાન કરાવાતી, કમલદલ સમાન પ્રફુલ્લ નેત્રોને ધારણ કરતી તેમજ કમલાસન ઉપર વિરાજમાન એવી લક્ષ્મીદેવીનું દર્શન થયું. ૪-ત્યારબાદ બહુ સુગંધમય [illegible] વિંદુઓમાં લુબ્ધ થએલા ભ્રમરાઓની પંક્તિઓથી [illegible] અને હૃદયને આનંદ દાયક પ્રફુલ્લ પુષ્પમાલા જોવામાં આવી. ૫-[illegible] સ્વચ્છ તેજના ઉદ્યોતથી ભુવનના સર્વ પ્રદેશો [illegible] દીપતા હતા અને કુમુદ વનને પ્રફુલ્લ કરતું એવું [illegible] ચંદ્ર મંડલ પોતાના મુખ કમલમાં પ્રવેશ કરતું જોયું. ૬-[illegible] વિયોગીને દૂર કરવામાં [illegible]

[illegible]

મનોહર કમલમાળા સ્થાપન કરેલી હતી એવો સુવર્ણ કળશ જોવામાં આવ્યો. ૯–ઉત્તમ રાજહંસની પંક્તિઓથી વિરાજીત, તેમજ જેમાં મ્હોટા માછલાંઓ પ્રગટ વિલાસ કરતાં દેખાતાં હતાં અને સુંદર લક્ષ્મીથી રમણીય પોતાના સ્વામિના પાદતલની માફક અતિ નિર્મલ પદ્મ સરોવર જોયું. ૧૦–ત્યારબાદ બહુ ઉછળતા મ્હોટા તરંગો–લહેરોની પરંપરાને લીધે ચારે તરફ પ્રસરી ગએલાં રત્નોવડે જેના કિનારાઓ અપાર દીપતા હતા એવા મહાસાગરનાં દર્શન થયાં. ૧૧–સૂક્ષ્મ ચીનાંશુકની પતાકાઓથી વિરાજમાન, તેમજ શબ્દાયમાન ઘુઘરીઓની માલાઓથી ઉન્નાદિત અને મોતીઓનાં હારો જેમાં વિકસ્વર ભાસતા હતા એવું દિવ્ય વિમાન જોયું. ૧૨–તદનુ અતિશય સ્ફુરણાયમાન સૂર્યની માફક પોતાના કાંતિમંડલવડે સમસ્ત દિશાઓમાં પ્રકાશ આપતો વિશાલ રત્ન રાશિ જોયો. ૧૩–તેમજ ધૂમ રહિત સર્વત્ર જેનું તેજ પ્રસરતું હતું અને ઉત્તમ પ્રકારે સભ્ય ઊંચી નીકલતી ચંચળ જ્વાલાઓથી ભૂતલને ઉદ્યોતિત કરતો અગ્નિ જોવામાં આવ્યો. ૧૪,

આસન કંપ. તે સમયે સમસ્ત ઇંદ્રોનાં આસન કંપવા લાગ્યાં, એટલે તેઓ અવધિજ્ઞાન વડે જીનેંદ્ર ભગવાનનો ગર્ભાવતાર મહોત્સવ જાણીને તત્કાલ ઊભા થયા, અને સાત આઠ ડગલાં ભગવાનની સન્મુખ ગમન કરી શક્રસ્તવનવડે પૃથ્વીપર મસ્તક નમાવી ત્યાં આગળ અભિવંદન કર્યું. જીનેંદ્રોના પાંચે કલ્યાણકોમાં આપણે અવશ્ય જવું જોઇએ. એ પ્રમાણે નિશ્ચય કરી સર્વ દેવેંદ્રો ત્યાંથી ચાલ્યા.

દેવેંદ્ર પ્રયાણ. વિશાળ વક્ષસ્થળોમાં ઉત્તમ મૌક્તિકના હારો વિલાસ કરતા હતા તેથી વિશેષ શોભાને વિસ્તારતા, અતિ ...ગાંગૈય સુવર્ણમય રજ્જુ ...થી જેઓના ...ઉરસ્થળો ચળકતા હતા અને જેઓનાં મ

સ્તકો મણિરત્નોના તેજથી પ્રભામય મુકુટો વડે શોભતાં હતાં એવા તે સમસ્ત ઇંદ્રો પોતાની સ્ત્રીઓ સહિત સુપ્રતિષ્ઠ નરેંદ્રના ભવન પ્રત્યે ગયા. ત્યાં આગળ હર્ષથી રોમાંચિત થએલા તેઓ પૃથ્વીદેવીની પ્રદક્ષિણા કરી વિનય પૂર્વક સ્તુતિ કરવા લાગ્યા.

પૃથ્વી દેવીની સ્તુતિ.

મોહરૂપી અંધકારને દૂર કરી સમસ્ત ભુવન મંડલને પ્રકાશ આપનારા પ્રચંડ જીનેંદ્રરૂપી નવીન સૂર્યને ઉદરમાં ધારણ કરનાર હે જીનેંદ્ર જનની! આપને નમસ્કાર. હે દેવિ! મહા પ્રભાવશાળી આવા નરરત્નને ઉદરમાં ધારણ કરવાથી આપ ત્રણે લોકમાં પૂજનીય છો. વળી આ લોકમાં અન્ય સ્ત્રીઓનું તુચ્છતારૂપી કલંક [illegible] જીનેંદ્રને કુક્ષિમાં ધારણ કરવાથી જરૂર આપે નષ્ટ કર્યું. હે દેવિ! સંસાર સાગરમાં યાનપાત્ર સમાન જીનેંદ્રને ઉદરમાં ધારણ કરવાથી આ ભૂમંડલની અંદર પુત્રવતી સ્ત્રીઓમાં [illegible] છો. એ પ્રમાણે સવિનય જીનમાતાની સ્તુતિ કરી [illegible] જીનવરની ભક્તિપૂર્વક સ્તુતિ કરવા લાગ્યા.

[illegible] જીનસ્તુતિ.

સ્વામિન્! સમસ્ત સુર, અસુર, કિંનર, વિદ્યાધર અને નરેંદ્રોના આપ અધિપતિ છો. અખિલ ભુવનોના [illegible] આપ કરુણા દૃષ્ટિથી શાંત કરો છો. હે [illegible]

[illegible]

ભક્તિને લીધે બહુ વ્યાકુલ બનેલા સર્વ દેવેંદ્રો ત્યાંથી નંદીશ્વર દ્વીપમાં ગયા. અને બહુ પ્રેમપૂર્વક જીન મહોત્સવ સમાપ્ત કરી ત્યાંથી પણ પોતાના સ્થાનમાં ગયા.

પૃથ્વી દેવીનું સ્વામી પ્રત્યે ગમન.

સર્વોત્તમ ચિંતિત અર્થ દાયક કામધેનુ, કલ્પવૃક્ષ અને ચિંતામણિ સમાન અમૂલ્ય ચૌદ સ્વપ્ન જોઇ પ્રભાત કાળનાં માંગલિક વાજીંત્રોના નાદથી રાણી જાગ્રત્ થયાં, સ્વપ્ન નિરીક્ષણથી મહાન્ પ્રગટ થએલો હર્ષ હૃદય સ્થાનમાં ઊભરાઈ જતો હોય ને શું ? તેમ રોમાંચના મિષથી બહાર પ્રગટ કરતાં "नमो जिनेभ्यः" જીનેંદ્રોને નમસ્કાર એમ ઊચ્ચાર કરતાં પૃથ્વીદેવી અપૂર્વ આનંદપૂર્વક સુખ શય્યામાંથી ઊભા થયાં. ત્યારબાદ સુવિશુદ્ધ તેમજ અતિ શ્રેષ્ઠ મુદ્રાત્રિકને ધારણ કરતાં વળી બહુ ભક્તિથી નમ્ર થયેલાં પૃથ્વી દેવી જીનેંદ્રની પૂજા તથા સ્તુતિ કરીને અનુક્રમે પતિ આગળ જઇ અદ્ભુત સ્વપ્ન વૃત્તાંત નિવેદન કરવા લાગ્યાં, સુપ્રતિષ્ઠ નરેંદ્ર પણ તે સાંભળી બહુ ખુશી થઇ બોલ્યા, દેવિ ! આવાં અદ્ભુત સ્વપ્નો જોવાથી પોતાના અતુલ પરાક્રમ વડે સમસ્ત વૈરિચક્રનો વિજેતા મહા પ્રભાવશાળી તમારે ઊત્તમ પુત્ર થશે, એવું પોતાના પતિનું વચન સાંભળી દેવીનું વદન પ્રફુલ્લ કમલ સમાન ભાસવા લાગ્યું. અને બોલ્યાં કે જીનેશ્વર ભગવાનના ચરણપ્રસાદથી આપનું વચન સત્ય થાઓ. પછી સ્વામિની આજ્ઞા લઇ હર્ષાવેશથી જેમનું શરીર રોમાંચિત થઇ ગયું છે અને મદોન્મત્ત હસ્તિની સમાન મંદગતિ કરતાં **પૃથ્વી દેવી** પોતાના વાસભવનમા ગયાં.

પ્રભાતકાળમાં **સુપ્રતિષ્ઠ** ભૂપતિ પ્રાભાતિક ધર્મકાર્ય કરી

સુવર્ણ સમાન કાંતિમાન્ તે બાલક વિમાનમાંથી અહીં અવતરશે. રત્નરાશિના દર્શનનું ફલ એ છે કે ત્રણે લોકમાં સર્વદા પૂજવા લાયક, તેમજ પુણ્યરહિત લોકોને દુર્લભ અને સકલ ભુવનોમાં તે અલંકારરૂપ થશે. નિર્ધૂમ અગ્નિ દર્શનથી શુકલ ધ્યાનરૂપી અગ્નિ વડે સમગ્ર કર્મ વનને બાળી નાખી ભવ્યજનોની ગાઢ જડતાને નિર્મૂલ કરશે. રાજન્! વળી બહુ કહેવાથી શું? તમ્હારા પુત્ર લોકાલોકના પ્રકાશક તેમજ ધર્મ ચક્રવર્ત્તી સાતમા તીર્થંકર થશે. એ પ્રમાણે મુનિ વાક્ય સાંભળી રાજાએ બહુ હર્ષપૂર્વક નમસ્કાર કરી મુનિને વિદાય કર્યા. મુનિએ પણ પોતાના ઈચ્છિત સ્થાને વિહાર કર્યો. ત્યારબાદ ભૂપતિએ સાત પુરૂષ પર્યંત દરિદ્રતાને નિર્મૂલ કરે તેટલું પારિતોષિક દ્રવ્ય તે સિદ્ધ પુત્રોને આપ્યું, એટલે તેઓ પણ મહા આનંદ માનતા પોતાના સ્થાનમાં ગયા.

ગર્ભ પ્રભાવ.

રાજા સભામાંથી ઉઠી દેવીના ભવનમાં ગયા અને નૈમિત્તિક તેમજ ચારણ મુનિના કહ્યા પ્રમાણે સ્વપ્ન ફલ દેવી આગળ સવિસ્તર નિવેદન કર્યું. યથાર્થ સ્વપ્ન વૃત્તાંત શ્રવણ કરવાથી દેવીનું હૃદય આનંદથી ઉભરાઈ જવા લાગ્યું, સુરાંગનાની માફક બહુ વિલાસો વધવા લાગ્યા. તીર્થંકરના પ્રભાવથી સમસ્ત પીડાઓ દૂર ચાલી ગઈ. પોતાની કાંતિ સાથે પ્રતિ દિવસે ગર્ભ પણ વૃદ્ધિ પામવા લાગ્યો. ઉત્તમ મુક્તાફલોથી વિભૂષિત ક્ષીર સાગરના તટ સમાન પૃથિવી દેવી ગર્ભના પ્રભાવથી અધિક શોભવા લાગ્યાં. અંદરના ભાગમાં પ્રતિબિંબિત થએલા નવીન ઉદય પામતા સૂર્યના કિરણોથી પ્રકાશિત મેરૂગિરિના સ્વચ્છ સુવર્ણ શિખરની ભિત્તિ સમાન મનોહર કાંતિવાળી, તેમજ અંદર પ્રકાશ આપતા ચંદ્રમંડલની શોભાને ધારણ કરતી જાણે આકાશ લક્ષ્મી

હોયને શું ? વળી જેના મધ્ય ભાગમાં અમૂલ્ય રત્ન રાશિ રહેલો છે એવી સ્ફટિક રત્નોની ભૂમિકા હોયને શું ? તેમજ અત્યંત ગાઢ પયોધર (મેઘ-સ્તન) ના આડંબરથી વિભૂષિત છે આકાશ રૂપી વક્ષસ્થલ જેનું, અને ઉલ્લસિત બલાકા [બગલિઓ] ના મંડલરૂપી પ્રશસ્ત હાસ્યવાળી વર્ષારૂતુની લક્ષ્મી હોયને શું ? એમ ગર્ભમાં રહેલા જીનવરના પ્રભાવથી વૃદ્ધિ પામતી જાય છે સમસ્ત અંગોની શોભા જેની એવી પૃથિવી દેવી નવીન કલ્પ વૃક્ષની માફક વિરાજે છે.

ઈંદ્રાદિકની સેવા. ઇંદ્રની આજ્ઞાથી કુબેર પ્રમુખ યક્ષોએ સુપ્રતિષ્ઠ રાજાના ભવનમાં મણિ, રત્ન અને સુવર્ણ વિગેરે અનર્ગલ દ્રવ્યની વૃષ્ટિ કરી, તેમજ નાના પ્રકારના સુંદર ભોગ્ય પદાર્થો, અમૂલ્ય વસ્ત્રો તથા વિચિત્ર કાંતિમય બહુ પ્રકારનાં આભરણોની વૃષ્ટિ કરી. વળી તે સમયે વાયુદેવીઓએ ત્યાં આવી ઘાસ વિગેરે કચરાના ઉકરડાઓ સાફ કરી બહુ સ્વચ્છતા કરી. ત્યારબાદ મેઘ કુમારોએ ગંધોદકની વૃષ્ટિ કરી, જેથી ધુળ વિગેરે દબાઈ જવાથી માર્ગો શુદ્ધ થઈ ગયા. સર્વ રૂતુ દેવીઓએ પણ એક સાથે સર્વ જાતના પુષ્પોની સર્વત્ર વૃષ્ટિ કરી. જ્યોતિષિક દેવીઓ બહુ વિનય જણાવતી હાથમાં દર્પણ લઇ સેવા માટે આગળ ઉભી રહી છે. વ્યંતર, વૈમાનિક અને ભવનવાસી દેવીઓ જીનમાતાની સ્તુતિ કરે છે, તેમજ ભક્તિવડે તેમની આજ્ઞા ઇચ્છે છે. વળી જીનમાતાની આગળ દશે દિક્કુમારીઓ વીણા, વેણુ અને મૃદંગ વિગેરે વાદિત્રોના મધુર નાદથી મનોહર ગાયન કરે છે. બહુ શું કહેવું ? જય પામો ! બહુ જીવો ! આનંદ ભોગવો ! વિગેરે પ્રિય વચન બોલતી દાસીઓની માફક દેવાંગનાઓ હમેશાં પૃથિવી દેવીની સેવા કરે છે.

દેવીની વિવિધ પ્રવૃત્તિ.

પૃથિવી દેવીનો કેટલોક સમય નટ અને નાટકોના સુંદર ખેલ જોવામાં રોકાય છે. કેટલોક સમય દુઃખી અને દીન જનોને દાન આપવામાં વ્યતીત કરે છે. કદાચિત્ શ્રવણેંદ્રિયને સુખદાયક એવાં પ્રાચીન સત્પુરૂષોનાં ચરિત્રો સાંભળે છે. કોઇક વખત પોતાની સખીઓ સાથે નગર શોભા જુએ છે. કદાચિત પોતાના બંધુ જનોની સ્ત્રીઓ સાથે હાસ્યવિનોદ કરે છે. કદાચિત ધર્મ સંબંધિ કથા વાર્ત્તાઓ સાંભળે છે. એમ વિવિધ પ્રકારે આચરણ કરતાં પૃથિવી દેવી પોતાના ગર્ભનું પાલન કરે છે. સર્વ રૂતુઓમાં સુખકારક આહારનું સેવન કરે છે. કોઇ પણ બાધક પદાર્થનો સ્પર્શ કરતાં નથી. વળી અતિ ઉષ્ણ, અતિ મધુર, અતિ તિક્ત, અતિ ખાટા, અતિ કડવા, અતિ કષાય, અતિ શીત અને અતિ ક્ષારમય ભોજનનો સર્વથા અનાદર કરે છે. તેમજ ગર્ભના પ્રભાવથી દેવીને જે જે દોહલા ઉત્પન્ન થયા તે સર્વ સિદ્ધ થયા, અને સુપ્રતિષ્ઠ નરેંદ્રના રાજ્યમાં સર્વત્ર શાંતિ પ્રસરી ગઇ.

જન્મ સમય.

ગર્ભનો સમય પૂર્ણ થવાથી જ્યેષ્ઠ શુદિ દ્વાદશીના દિવસે રાત્રિના બીજા પ્રહરે ઊત્તમ મુહૂર્ત્તમાં, દ્વિતીયા તિથિ જેમ નવીનચંદ્રને, ઊત્તમ શુક્તિકા (છીપ) જેમ અમૂલ્ય મોતીને, અને સુમેરૂ પર્વત જેમ કલ્પવૃક્ષને પ્રગટ કરે છે તેમ પૃથિવી દેવીએ પુત્રરત્ન પ્રસવ્યો. તે સમયે તુલા રાશિનો ચંદ્ર હતો, તેમજ સૂર્ય, મંગલ, શુક્ર, બુધ અને શનિ એ પાંચ ગ્રહો ઊચ્ચ સ્થાનમાં તથા બૃહસ્પતિ કેંદ્રસ્થાને હતો. વળી જન્મ નક્ષત્ર વિશાખા હતું. ત્રણ ભુવનમાં દિવાકર સમાન તેજસ્વી કાંતિથી પરિકલિત તે બાળકને જોઇ પૃથિવી દેવી પૂર્વ દિશાની માફક શોભવા લાગી.

તે સમયે ક્ષણવાર સમસ્ત લોકને આનંદ આપનાર મંદ, શીત અને સુગંધિત વાયુ આકાશમંડળમાં

જન્મ સમયની શાંતિ.

સંચાર કરવા લાગ્યો. ક્ષણમાત્રમાં નારકના પ્રાણીઓને અત્યંત સુખકારક અને સહુ જગ-ઉદ્યોતક એવો ઉદ્યોત નારકસ્થાનોમાં પણ પ્રગટ થયો. તેમજ વાયુ દેવોએ પોતાનું કર્તવ્ય સમજી ભૂમંડલ શુદ્ધ કર્યું. મેઘકુમારોએ ગંધોદકની વૃષ્ટિ કરી તેથી પૃથ્વીના રજકણો સર્વ શાંત થઈ ગયા. ઋતુદેવીઓએ પંચરંગી પુષ્પો લાવી ત્યાં ઢગલા કર્યા, સમકાલ જ્યોતિર્દેવીઓએ પ્રદીપ પ્રગટ કર્યા, કુબેરની આજ્ઞા થવાથી જંભક દેવોએ રાજભવનમાં ભરપૂર રત્ન, સુવર્ણ, વસ્ત્ર અને આભરણાદિકની વૃષ્ટિ કરી. એ પ્રમાણે દેવ અને દેવીઓના ગમનાગમનવડે વાણારસી નગરી ઇંદ્રપુરી (અમરાવતી) સમાન શોભવા લાગી.

સૂતિકા ક્રિયા.

અવધિજ્ઞાનવડે પ્રસૂતિ કર્મનો અવસર જાણી ભોગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, તોયધરા, વિચિત્રા, પુષ્પમાલા અને અનિંદિતા નામે આઠ દિક્કુમારીઓ અધોલોકમાંથી ત્યાં આવે છે. તેઓ ઉત્તમ વિમાનોમાં બેઠેલી હતી, તેમજ દરેકની સાથે સહસ્ર સામાનિક દેવો અને સાત સાત સેનાધિપતિ રહેલા છે. વળી ઐરાવત હસ્તિના કુંભસ્થળ સમાન સ્તનમંડલ અને વિવિધ આભૂષણોથી જેઓના શરીર મનોહર દીપતા હતા, એવી તે સર્વે દિક્કુમારીઓ જીનેંદ્રની માતા પાસે આવી, બહુ ભક્તિવડે ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વંદન કરી તે સર્વે કોકિલા સમાન મધુર કંઠથી એક સાથે સ્તુતિ કરવા લાગી. હે દેવિ ! ત્રણ ભુવનની સ્ત્રીઓમાં તમે ચૂડામણિ સમાન વર્તો છો, વળી સુકોમળ અને સુંદર આંગળીઓ રૂપી અદ્ભુત પત્રોથી વિરાજીત આપના ચરણકમળમાં

અમે નમીએ છીએ. દેવિ ! શરદ્દપુનમના ચંદ્રને, શંકરના વિશદ હાસ્યને તેમજ ધવલહારને અનુકરણ કરતું આપનું અત્યુજ્વલ યશ દશે દિશાઓમાં વિસ્તાર પામો. પુત્રવતી સ્ત્રીઓની અંદર પ્રથમ રેખા તમેજ પ્રાપ્ત કરી છે, કારણકે સાતમા જીનેંદ્રને આપે પોતાના ઉદરમાં ધારણ કર્યા છે. એ પ્રમાણે ચિરકાલ સ્તુતિ કર્યા બાદ નમસ્કાર કરી બહુ પ્રેમપૂર્વક તેઓ બોલી. દેવિ ! કિંચિત્ માત્ર પણ તમારે ભય ન રાખવો, કારણ કે અમે દિક્કુમારીઓ છીએ. સકલ ભુવનના એક અધિપતિ એવા આ જીન પરમાત્માનો જન્મમહોત્સવ અમે અમારા અધિકાર પ્રમાણે ભક્તિભાવથી કરીશું. એ પ્રમાણે જણાવી તેઓએ ચારે દિશાઓમાં યોજન પ્રમાણ ક્ષેત્રભૂમિ, તૃણ, કાષ્ઠ, ધૂળ વિગેરે કાઢી નાખીને શુદ્ધ કરી. એટલે તરતજ પ્રગટ કરેલા સંવર્તક વાયુ એ જીનજનનીની પાસમાંથી સમગ્ર દુર્ગંધ દૂર કર્યો. વળી બહુ પ્રમોદથી પ્રફુલ્લ નેત્ર શોભાને વહન કરતી તેઓ ત્યાં રહી ગાયન કરે છે. એ પ્રમાણે ઉર્ધ્વ દિશામાંથી મેઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, સુવત્સા, વત્સમાત્રા, વારિષેણા અને બલાહકા નામે અષ્ટ દેવીઓ પરિવાર સહિત ત્યાં આવી. ત્યારબાદ તેઓએ વિકુર્વેલા મેઘકુમારે ભૂતલને સુગંધિત જલ વૃષ્ટિ કરી રેણું રહિત કર્યું, તેમજ સુગંધના લોભથી આકર્ષાએલા ભ્રમરાઓવડે વ્યાકુલ પુષ્પોની વૃષ્ટિ કરીને શ્રોત્રેંદ્રિયને સુખકારી અતિ મધુર સ્વરથી પૃથિવી દેવીની પાસમાં ઉભી રહી તેઓ તીર્થંકરના ગુણોનું પ્રેમપૂર્વક ગાયન કરવા લાગી. તેમજ પૌરસ્ત્ય(પૂર્વ) રૂચકમાંથી નંદોત્તરા, નંદા, આનંદા, નંદિવર્ધના, વિજયા, વૈજયંતી, જયંતી અને અપરાજીતાનામે અષ્ટ દિક્કુમારીઓ પોતપોતાના પરિવાર સાથે ત્યાં આવી અને સૂર્યના બિંબ સમાન અતિ નિર્મલ દર્પણને પોતાના હસ્તમાં ગ્રહણ કરી તેઓ પૂર્વ દિશામાં ઉભી રહી, અને જીનેંદ્ર ભગવાનના ગુણો ગાવા

લાગી, તેમજ દક્ષિણ રૂચકમાંથી સમાહારા, પ્રદત્તા, સુપ્રબુદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, ભોગવતી, ચિત્રગુપ્તા અને વસુંધરા નામે અષ્ટ દિક્કુમારીઓ જીનેંદ્રનો જન્મ જાણી ત્યાં આવી, અને કરકમળમાં સુગંધિત જલ ભરેલા કલશ લઈ પ્રભુની દક્ષિણ બાજુએ ઊભી રહી પ્રભુનું ગુણ કીર્તન કરવા લાગી. ઈલાદેવી, સુરાદેવી, પૃથિવી, પદ્માવતી, એકનાસા, અનવમિકા, ભદ્રા અને અશોકા નામે પશ્ચિમરૂચકમાં રહેલી અષ્ટ દિક્કુમારીઓ ભક્તિભારથી નમ્ર થએલી વિમાનમાં બેસી ત્યાં આવી. પૃથિવી દેવીના દર્શનથી પવિત્ર થઇ હસ્તકમલમાં વિશાળ વીંજણાઓ ધારણ કરી પશ્ચિમ દિશામાં ઊભી રહી તે દીર્ઘાક્ષીઓ પ્રભુના ગુણાનુવાદ કરવા લાગી. વારૂણી, પુંડરીકા, મિશ્રકેશા, અલંબુકા, આશા, સર્વપ્રભા, હ્રી અને શ્રીદેવી એ અષ્ટ દિક્કુમારીઓ ઊત્તરરૂચકમાંથી તરૂણ વયસ્થી ઉદ્ધત બની ત્યાં આવી અને કરકમલમાં ઊજ્વલ ચામર ધારણ કરી પ્રભુની ઊત્તર દિશામાં દેવીને નમસ્કાર કરી પૂર્વ પ્રમાણે ઊભી રહી. ચિત્રા, ચિત્રકનકા, સુતેરા અને સૌદામની એ ચાર દિક્કુમારીઓ વિદિક્ (વિદિશા) રૂચકોમાંથી આવી પૃથિવી દેવીને નમસ્કાર કરી હસ્તમાં સુંદર દીવાઓ ધારણ કરી ચારે વિદિશાઓમાં ઊભી રહી અને જીનવરના ગુણ ગાવા લાગી. તેમજ મધ્યમ રૂચકમાંથી રૂચા, રૂચાંશા, સુરૂચા અને રૂચકવતી એ ચાર દિક્કુમારીઓ આવીને ચાર અંગુલથી કાંઇક અધિક જીનેંદ્રના નાભિનાળને છેદે છે. પછી અતિ સુંદર ખાડો ખોદી તેની અંદર તે નાલ સ્થાપન (દુર્વા) યુક્ત રત્નો કરી પંચરંગી રત્નોવડે તે ગર્ત્ત પુરી નાખી તેની ઊપર હરિતાલનો મ્હોટો ચોતરો રચે છે. તદનંતર અતિ મનોહર ત્રણ કદલી ગૃહો રચીને તેઓના મધ્ય ભાગમાં ઊત્તર, દક્ષિણ અને પૂર્વ દિશામાં ત્રણ ચતુઃશાલ ભવન બનાવે છે, જેઓની નીચેની ભૂમિ પંચરંગી મણિ રત્નોથી બાંધેલી છે, તેમજ દ્વાર

પ્રદેશોમાં સુવર્ણમય મંગલ કલશ સ્થાપન કરેલા છે. અદ્‌ભુત રૂપ-શાલી પુતલીઓથી વિભૂષિત અને બહુ વિસ્તારવાળાં તે ભવનો રમણીય દેખાય છે. તેઓના મધ્યભાગમાં ત્રણ સિંહાસનો સ્થાપન કરે છે. જેઓના નીચેના વિભાગ અમૂલ્ય મણિઓથી વિભૂષિત અને વિસ્તારમાં મેરૂગિરિની શિલાને અનુસરે છે. વળી તેઓ પોતાના કિરણજાળથી ઇંદ્રધનુષની રચના આપી રહ્યાં છે ત્યારબાદ બહુ ભક્તિપૂર્વક કરસંપુટમાં તીર્થંકર અને તેમની માતાને ધારણ કરી દક્ષિણ દિશાના ચતુઃશાલ ભવનમાં સિંહાસન ઉપર બેસારે છે. પછી પરમ હર્ષપૂર્વક તેઓ બહુ સુગંધમય શતપાક અને સહસ્રપાક તૈલવડે બન્નેનાં અંગ મર્દન કર્યા બાદ ત્યાંથી ઉપાડી પૂર્વાભિમુખ ચતુઃશાલ ભવનમાં પ્રવર સિંહાસન ઉપર બન્નેને બેસારી સુગંધિત ઉદ્વર્ત્તનથી મર્દન કરી ગંધોદક, પુષ્પોદક અને શુદ્ધોદક વડે અનુક્રમે સ્નાન કરાવી શ્રેષ્ઠ મણિરત્ન અને સુવર્ણના અલંકારોથી શણગારે છે. તદનુ ઉત્તરદિશામાં રચેલા ચતુઃશાલ ભવનમાં વિશાલ સિંહાસન ઉપર બન્નેને સ્થાપન કરી શાંતિ નિમિત્તે ગોશીર્ષ ચંદનના કાષ્ઠો વડે હોમ કરે છે. જો કે જીનેંદ્રભગવાનની રક્ષા તો પોતાના પ્રભાવથીજ થએલી છે છતાં અમારો આ કલ્પ [આચાર] છે એમ જાણી તેઓએ ભગવાનને રક્ષાપોટ્ટલી બાંધી. સાત કુલપર્વત સમાન આપનું દીર્ઘાયુષ થાઓ, અને સર્વત્ર અખંડિત આજ્ઞા પ્રવર્તો, એમ ઉચ્ચાર કરતી તેઓ તેમના કર્ણમૂલમાં રત્નમણિઓને અથડાવે છે. વળી ભવ્યજનોના વાંછિત દાયક તેમજ રોગ તથા શોકને દૂર કરનારા પ્રભુ થાઓ ! એમ કહી તે બન્નેને જન્મગૃહમાં સ્થાપન કરે છે ત્યારબાદ મધુરસ્વરથી જીનેંદ્રભગવાનના ગુણોનું કીર્તન કરતી [illegible] દિક્કુમારીઓ. [illegible] પૃથ્વી [illegible] ઉભી રહે છે [illegible] જન્મ [illegible] [illegible] જલદી [illegible]

તેટલામાં સૌધર્મ કલ્પવાસી સુરેંદ્રનું સિંહાસન ચલાયમાન થયું. તે ઉપરથી અકસ્માત્ સુરેંદ્રને મ્હોટું આશ્ચર્ય થયું. ક્ષણમાત્રમાં રોષને લીધે નેત્રો લાલ થઈ ગયાં અને વિચાર કરવા લાગ્યો. અરે ! હાલમાં સ્વર્ગ લક્ષ્મીથી પરાઙ્મુખ થવાની કોણ ઇચ્છા કરે છે ? અથવા મૃત્યુકાળના દુર્જય કટાક્ષ ગોચર થવાની કોની ઇચ્છા થઈ હશે ? કિંવા મ્હારા વજ્રની તીવ્ર જ્વાલાઓમાં પતંગની માફક ઝંપાપાત કરવાને કોણ તૈયાર થયો છે ? અથવા અગાધ વ્યસન સમુદ્રમાં ડુબવાની કયા દુર્બુદ્ધિની ઇચ્છા થઇ હશે ? કારણકે સ્થિર રહેલું આ મ્હારૂં સિંહાસન જેણે ચલાયમાન કર્યું ? એ પ્રમાણે ચિંતાતુર થઈ ઇશે દિશાઓમાં દૃષ્ટિ ફેરવવા લાગ્યો પરંતુ કંઇપણ કારણ તેના જોવામાં આવ્યું નહીં, એટલે ફરીથી પણ તે ચિંતવવા લાગ્યો. શું મ્હારો ચ્યવન–પતન કાળ આવ્યો ! ના, તેનો પણ હાલમાં સંભવ દેખાતો નથી. કારણ કે કલ્પવૃક્ષ હાલમાં કંપતો નથી. તેમજ પુષ્પમાળાઓ કરમાતી નથી, વળી ઇંદ્રાણીઓ વિરક્ત થઈ દેખાતી નથી, દીનપણું સ્ફુરણાયમાન થયું નથી. દૃષ્ટિ પણ પોતાનો વિકસ્વરભાવ છોડતી નથી અને વસ્ત્રો પણ મલિન થયાં નથી, એમ અનેક કુવિકલ્પોની કલ્પના કરતો સૌધર્મેંદ્ર અવધિજ્ઞાનના ઉપયોગથી તપાસ કરે છે, તેટલામાં સિંહાસન કંપવાનું મુખ્ય કારણ જીનેંદ્રનો જન્મ છે એમ તેના જાણવામા આવ્યું એટલે તરતજ સિંહાસન ઉપરથી ઉભો થઈ સાત આઠ ડગલાં આગળ ચાલી, ત્યાં ઉભો રહી બહુ પ્રમુદિત થઈ શક્રસ્તવન વડે જીનેંદ્રની સ્તુતિ કરી. ફરીથી સિંહાસનપર બેસી સુરપતિએ વિચાર કર્યો, મહાખેદની વાત છે કે નહીં ચિંતવવા લાયક પાપનું મ્હેં ચિંતવન કર્યું માટે હું ધિક્કારને પાત્ર થયો.

સૌધર્મેંદ્રનો વિતર્ક તથા પશ્ચાત્તાપ.

ત્યારબાદ હર્ષ સાગરમાં નિમગ્ન થએલ સૌધર્મેન્દ્રે પોતાના સેનાપતિને આજ્ઞા કરી. રે! જલદી સૌધર્મ સભામાં જાઓ, મેઘ સમાન ગંભીર નાદ કરતી અને યોજન પ્રમાણ ગોળાકાર સુંદર આકૃતિવાળી સુઘોષા ઘંટા ત્રણવાર વગાડીને મ્હોટા નાદથી ઘોષણા કરાવો કે

સૌધર્મેંદ્રની સેનાપતિને આજ્ઞા.

ભારતક્ષેત્રમાં વારાણસી નગરીમાં સાતમા તીર્થંકરનો જન્મ થયો છે, તેમના જન્મમહોત્સવ માટે શક્રેંદ્ર પ્રયાણની તૈયારીમાં છે તેથી હે દેવો ! સર્વ અલંકાર પહેરી સર્વ નાટકો તથા સેના સહિત સર્વે તૈયાર થાઓ, તેમજ સંપત્તિ સહિત દીવ્ય અપ્સરાઓ સાથે લઇ ઉત્તમ વિમાનોમાં બેસી જલદી ઇંદ્ર પાસે આવો. આ પ્રમાણે સુરેંદ્રનું વચન સાંભળી વિનય સહિત સેનાધિપતિ બહુ ઉતાવળથી ચાલતો સૌધર્મ સભામાં ગયો. ત્રણવાર સુઘોષા ઘંટા વગાડી કે તરતજ તેના ઘનઘોર પ્રતિધ્વનિ વડે એકહીન બીજી બત્રીશ લક્ષ ઘંટાઓનો એકસાથે રણકાર થયો અને તેનો પ્રતિ ધ્વનિ એકદમ મહાન ઉછળી ઉઠયો. તે સમયે પંચવિધ વિષય સેવવામાં આસક્ત હતા તોપણ સર્વ દેવતાઓ એક સમયે ઘંટાનાદ સાંભળી વિચારમાં પડયા કે શું પ્રચંડ બ્રહ્માંડરૂપ પાત્ર ફુટવાથી આ ધ્વનિ થયો ! વળી તે ધ્વનિ વિમાનોની પંક્તિઓમાં અથડાવાથી બહુ વિસ્તારમાં આવી પડયો. તેમજ તે નાદ મુગ્ધ હૃદયવાળી દેવાંગનાઓના શ્રવણ ગોચર થવાથી તેઓ [illegible] થઇ, હા નાથ ! રક્ષણ કરો ! રક્ષણ કરો ! એમ બબડી બોલવા લાગી. દેવેંદ્રના વચનથી પ્રેરિત થએલા દેવતાઓના [illegible] સમાન [illegible] ઘંટાઓનો રણકાર [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કરવામાં [illegible] [illegible] [illegible].

અને દિગ્મૂઢ બની ગયા હોય ને શું ? એમ કર્ત્તવ્ય શૂન્ય થઇ ગયા. ક્ષણમાત્રમાં ઘંટાનાદ શાંત થયો એટલે સાવધાન થએલા દેવોને સુરેંદ્રની આજ્ઞા હરિણગમેષિ દેવે કહી સંભળાવી. તે સાંભળી પ્રભુનો જન્મ મહોત્સવ જાણી સર્વ દેવતાઓ બહુ આનંદ-પૂર્વક તૈયારી કરવા લાગ્યા. પ્રથમ ક્રીડા વાપી [વાવ્ય] માં સ્નાન કરી કર્પૂરના મિશ્રણ સાથે ચંદન રસના શરીરે લેપ કર્યા. તેમજ અદ્ભુત કાંતિમય સુકોમળ અને સ્વચ્છ દેવદૂષ્ય ધારણ કર્યાં, કામવાસનાઓનો સર્વથા ત્યાગ કરી કંઠસ્થળોમાં મનોહર મુક્તાહારો પહેર્યા. વળી ઉત્તમ પ્રકારનાં કડાં, બાજુબંધ અને મણિમય મુકુટોની સ્ફારકાંતિવડે ગગન તલને દીપાવતા તેમજ પોતાના સ્વરૂપથી કામદેવને લજાવતા પરિવાર સહિત સર્વ દેવતાઓ પોતાના સ્થાનમાંથી નીકળવા લાગ્યા. કેટલાએક ચીનાં શુકના આડંબરથી અનેક પ્રકારે શણગારેલા ઉન્નત અશ્વ, હાથી, વરાહ, મૃગ અને મઘર વિગેરે વાહનોપર આરૂઢ થયા. વળી કેટલાક મણિમય ઘુઘરીઓના રણકારથી દિશાઓને ગર્જાવતાં ભવ્ય વિમાનોમાં બેઠા, તેમજ કેટલાક શાર્દૂલ, શરભ, સિંહ, હંસ અને વૃષભ ઉપર વિરાજમાન થયા, એ પ્રમાણે પોતપોતાનાં સૈન્ય તથા દેવીઓ સહિત સર્વ દેવતાઓ પ્રમોદપૂર્વક સુરેંદ્ર પાસે આવ્યા.

સુરેંદ્રપ્રયાણ

જેની અંદર સ્વચ્છ મુક્તાહારની પંક્તિઓ લટકતી દેખાય છે. વળી સ્ફટિક રત્નોની બનાવેલી પુત્તલીઓથી જડેલાં દ્વાર જેમાં અદ્ભુત શોભા આપી રહ્યાં છે, તેમજ એક હજાર સ્તંભોનું બંધારણ જેમાં ગોઠવેલું છે, અપૂર્વ ઝણકાર વિસ્તારતી ઘંટાઓની શ્રેણીઓથી શ્રવણેંદ્રિયને સુખદાયક ઉત્કટ પવનને લીધે ફરકતી ધ્વજાઓથી સુપ્રસિદ્ધ અને સોળ પ્રકારનાં નિર્મલરત્નોથી

બનાવેલું જે વિમાન માનવ લોકનું જાણે શિખર હોયને શું ? તેમજ પૂર્વોપાર્જીત પુણ્ય રૂપી કલ્પવૃક્ષનું જાણે મનોહર ફૂલ હોયને શું ? વળી ત્રણે લોકના મુખ્ય પરમાણુઓનો સંગ્રહ કરી બનાવેલું હોયને શું ? તેમજ વિસ્તારમાં લક્ષ યોજન અને ઉંચાઈમાં પાંચ હજાર યોજન પ્રમાણ છે જેનું એવું વિમાન સુરેંદ્રની આજ્ઞાથી પાલકદેવે સંભ્રમ સહિત તૈયાર કર્યું અને ઝડપથી ચલાવેલા તે વિમાનમાં બેસી સુરેંદ્ર ક્રોડ દેવોની સાથે ત્યાંથી ચાલ્યો શીઘ્રગતિએ તિર્યગ્દ્વીપોના મધ્યભાગમાં થઈ નંદીશ્વરદ્વીપમાં દક્ષિણ અને પૂર્વ દિશાના મધ્ય પ્રદેશમાં રહેલા **રતિકર** પર્વત ઉપર ગયો. ત્યાંથી અનુક્રમે દેવરૂદ્ધિ, દિવ્ય એવી દેવતાઓની કાંતિ, દેવ મહિમા અને ત્યારબાદ વિમાનોના ઉપસંહાર એટલે સંકોચ કરી જ્યાં ભારતક્ષેત્ર, વારાણસી નગરી અને જીન જન્મભવન છે તે માર્ગે પ્રયાણ કરતો દેવ અને દેવીઓ સહિત સૌધર્મેંદ્ર અનુક્રમે સુપ્રતિષ્ઠ નરેંદ્રના ભવનમાં આવ્યો. દિવ્ય વિમાનવડે જીનેંદ્રના જન્મભવનની ત્રણવાર સવ્ય પ્રદક્ષિણા કરી પોતાનું વિમાન ત્યાં મૂકી ઉત્તર અને પૂર્વના મધ્યભાગમાં એટલે માંગલિક ઇશાન કોણમાં જ્યાં તીર્થંકર અને તેમની માતા વિરાજે છે ત્યાં પોતાની મુખ્ય આઠ પટરાણીઓ અને ચોરાશિ હજાર સામાનિક દેવ સહિત સુરપતિએ પ્રવેશ કર્યો. દૃષ્ટિગોચર થતાંજ પ્રણામ કરીને માતાસહિત તીર્થંકર પ્રભુની ત્રણ પ્રદક્ષિણા કરી પુન નમસ્કાર કર્યા.

સુરેંદ્ર સ્તુતિ

અત્યંત હર્ષને લીધે - મસ્તકપર મુકુટને ધારણ કરતો સુરેંદ્ર [illegible] પૃથિવી દેવીની સ્તુતિ કરવા [illegible] કુંડલી ગગનાંગણમાં [illegible] અને ત્રણ ભુવનમાં [illegible] ઉત્તમ ભૂમિરૂપ [illegible] જય વર્તાવ્યો,

વળી ત્રણે લોકમાં પ્રશંસા કરવા લાયક જીનેંદ્ર રત્ન આપની કુક્ષિમાં ઉત્પન્ન થવાથી ઉત્તમરત્નોનો નિધાન જે ક્ષીરસાગર રત્નનિધિ ગણાતો હતો તે હવે ક્ષીણ મહિમાવાળો થયો. હે દેવિ ! મોહરૂપી અંધકારને નાશ કરવામાં દિવાકર સમાન જીન પરમાત્માને જન્મ આપીને હાલમાં તમોએ પૂર્વદિશાને ખદ્યોત પ્રગટ કરનારી બનાવી છે. હે ભગવતિ ! પરમ મુનિવરોના આશીર્વાદનો આધાર પણ તમેજ છો. દુસ્તર ભવસાગરને પણ તમે હેલા માત્રમાં તરી ગયાં છો. હે સંસારતારિણિ! જગત્પૂજ્ય ચિંતામણિ સમાન જીનવરને પ્રગટ કરવાથી તમારોજ મનુષ્ય જન્મ જ્ઞાની પુરૂષોને પણ પ્રશંસા કરવા લાયક થયો.

મેરૂગિરિ પ્રત્યે પ્રયાણ

પૃથિવી દેવીની સ્તુતિ કર્યાબાદ સુરપતિએ તેમને અવસ્વાપિની નિદ્રા મૂકીને જીન પ્રભુનું પ્રતિરૂપ વિકુર્વી તેમની માતા પાસે સ્થાપન કર્યું, ત્યારબાદ સુરપતિએ પોતાનાં પાંચ સ્વરૂપ બનાવી એક સ્વરૂપવડે પ્રભુની ઉપર છત્ર ધર્યું, બે સ્વરૂપથી બન્ને પાર્શ્વભાગમાં શ્વેત ચામર વીંઝે છે, તેમજ એક સ્વરૂપથી પ્રભુની આગળ શરદ ઋતુના સૂર્યમંડલ સમાન દિગમંડલને દીપાવતું અને અખિલ વૈરિઓને નિર્મૂલ કરવામાં પ્રચંડ એવું વજ્ર ધારણ કર્યું, બાકીના એક સ્વરૂપવડે બહુ હર્ષભર સુરપતિએ ગોશીર્ષચંદનના લેપથી પાંડુર અને સુગંધમય પોતાના હસ્ત કમલમાં જીનેંદ્ર ભગવાનને ધારણ કર્યા. એ પ્રમાણે પાંચે સ્વરૂપથી સમસ્ત પોતાનું કર્ત્તવ્ય પોતેજ કર્યું. ત્યારબાદ બહુ દેવ દેવીઓની કોટિ સહિત સુરેંદ્ર અતુલ ભક્તિભારને લીધે વિનમ્ર થયો છતો પોતાના આત્માને બહુ વખાણવા લાયક સમસ્ત તીર્થોદકથી શુદ્ધ માનતો મંદરાચલ તરફ પ્રયાણ કરવા લાગ્યો અને ઘણા હર્ષને લીધે દિવ્ય ગતિથી ક્રમવાર લગભગ તલેટીમાં જઇ પહોંચ્યો.

ઉંચાઈમાં લક્ષ યોજન પ્રમાણ અને કાંતિમાં સુવર્ણ સમાન, તેમજ રત્નની શ્રેણીઓથી રમણીય, ગૌર કાંતિવાળો અને ઉપરી ભાગમાં પાંડુકવનને લીધે શ્યામ શિખરોવડે જાણે પૃથ્વી દેવીનો એક સ્તન હોય ને શું ? વળી જેની અંદર દિગ્ગજોના દંત પ્રહારની નિશાનીઓ જેના અપ્રમિત મનોહર ગુણોની સંખ્યા માટે સુરેંદ્રોએ કરેલી રેખાઓ હોયને શું ? તેમ સાક્ષાત્ કરાવે છે. વળી નિતંબ ભાગમાં બહુ વિશાળ અને કટી ભાગમાં સુવર્ણ મેખલા પહેરેલી તેમજ ગૌરપયોધર (સ્તન) થી વિભૂષિત નવયોવનાની માફક નિતંબ એટલે પાસમાં રહેલા નાના પર્વતોથી વીંટાએલો જે ગિરિ પયોધર (મેઘ) થી સુશોભિત દેખાય છે. જેના ઉન્નત શિખર ઉપર શાશ્વત–સદાકાલ જીનમંદિર વિરાજે છે, તેના ઉપર રહેલી ઉજ્વલધ્વજ પતાકાવડે જાણે સ્વર્ગ લક્ષ્મીને પત્રિકા આપતો હોય ને શું ? એમ જેની લક્ષ્મી દીપે છે. વિશેષ મહિમાથી ઉત્પન્ન થએલી કીર્ત્તિલતાઓની માફક સર્વત્ર વહેતા જલ પ્રવાહોને ધારણ કરતી ગંભીર નદીઓ જેની અંદર વહ્યા કરે છે- એમ અનેક ગુણોના આધારભૂત તે ગિરિરાજ–મેરૂગિરિ ઉપર સુરેંદ્ર ગયો અને ત્યાં બહુ રમણીય પાડુંક નામે મહાવન તેની દૃષ્ટિગોચર થયું તેમાં કોઈક સ્થલે ઉન્નત અને નવીન મેઘના ગર્જારવથી પ્રમુદિત થએલાં મયૂરનાં ટોળાં નૃત્ય કરે છે. કોઈક ઠેકાણે કિંન્નર લોકોનાં ગાયનો સાંભળવામાં મૃગલાંનાં યૂથો તન્મય બની ગયાં છે. એવા તે પાંડુક વનની અંદર બરફના ઢગલા સમાન અતિ ઉજ્વલ પાંડુકંબલ નામે મ્હોટી એક શિલા છે. તેની ઉપર મણિ રત્નોના કિરણરૂપ જલથી શુદ્ધ અને સુવર્ણમય અભિષેક માટે સિંહાસન વિરાજે છે, તે ઉપર જીનેંદ્રભગવાનને પોતાના ઉત્સંગમાં લઈ સુરેંદ્ર પોતે પૂર્વાભિમુખ બેઠો. તે સમયના હર્ષને લીધે શક્રેંદ્રના નેત્રકમલ વિકસ્વર થઈ ગયા.

મેરૂગિરિ વર્ણન

જીનવરના પ્રભાવથી પોતાનાં આસનો કંપ્યાં એટલે અવધિજ્ઞાનવડે જીનેંદ્રનો જન્માભિષેક મહોત્સવ

જન્માભિષેક.

જાણી ઇશાનાદિક સર્વે સુરેંદ્રો પોતપોતાની સમૃદ્ધિ સહિત ત્યાં આવ્યા, પ્રમોદપૂર્વક જીનેંદ્રના ચરણ કમલમાં પ્રણામ કરી પોતાના સ્થાને બેઠા. ત્યારબાદ અચ્યુતેંદ્રે પ્રથમ પોતાના દેવોને આજ્ઞા આપી કે હાલ આપણે તીર્થંકરનો જન્માભિષેક કરવાનો છે માટે જલદી શ્રેષ્ઠ સામગ્રી તૈયાર કરી અહીં દાખલ કરો. આ પ્રમાણે પોતાના સ્વામીની આજ્ઞા મસ્તકે ચઢાવી તરતંજ દેવોએ સોનાના, રૂપાના, મણિઓના, સુવર્ણ અને રૂપાના, રત્નોના, મણિ સુવર્ણ અને રૂપાના, મણિ, સુવર્ણ, રૂપા અને રત્નોના, તેમજ મૃત્તિકાના એમ દરેકના એક હજાર અને આઠ કલશો બનાવ્યા. તેમજ રત્નમય ભૃંગાર [ઝારીઓ] વિગેરે દરેક સાર વસ્તુઓ એક હજાર અને આઠ પ્રમાણે તૈયાર કરી ક્ષીરસાગર પ્રત્યે ગયા. દરેક કલશો ક્ષીરોદકથી ભર્યા તેમજ કમલ, કૈરવ, શતપત્ર અને સહસ્રપત્ર નામે પદ્મ પણ ઉપયોગ જેટલાં લીધાં. તે પ્રમાણે અતિ પવિત્ર માગધ વિગેરે તીર્થોનાં અને શ્રેષ્ઠ નદીઓનાં જલ, મૃત્તિકા અને ઔષધિઓ, તેમજ ઉત્તર કુર્વાદિકમાં પણ કુલગિરિ, વક્ષસ્કાર, નંદનવન, આંતરિક નદીઓ અને દ્રહોમાંથી પુષ્પ, ઔષધિ અને ફળો લઈ દેવતાઓ જલદી ત્યાં આવ્યા. અને વિનયપૂર્વક પ્રણામ કરી અચ્યુતેંદ્રને સમસ્ત સામગ્રી અર્પણ કરી. અચ્યુતેંદ્ર પણ સમસ્ત વસ્તુઓને જોઈ બહુ ખુશી થયો અને તરતજ પોતાના આસન ઉપરથી ઉભો થયો એટલે દશ હજાર સામાનિક દેવતા, ચાર લોકપાલ, ત્રણ પરખદાઓ, સાત સેનાધિપતિ, સાત સૈન્ય, તેત્રિશ ત્રાયસ્ત્રિંશ દેવતા અને ચાળીશ હજાર પોતાના આત્મ રક્ષક દેવો પણ તૈયાર થયા. પછી પવિત્ર તીર્થ તથા ક્ષીરસાગરના જળથી પૂર્ણ ભરેલા, તેમજ

ગોશીર્ષ ચંદન વિગેરે સાર વસ્તુઓ જેઓની અંદર નાંખેલી છે, વળી જેઓનાં મુખ સ્વચ્છ કમલોથી ઢાંકેલાં છે, અને સર્વોત્તમ ઔષધિઓના સુવાસથી મનોહર એવા સ્વાભાવિક અને વૈક્રેયિક મોટા પ્રમાણવાળા અનેક કલશોવડે અચ્યુતેંદ્રે ત્રણ ભુવનના નિષ્કારણ બંધુ સમાન તીર્થંકર ભગવાનના જન્માભિષેકની શરૂઆત કરી. તે સમયે એક સાથે જિનેંદ્રના મસ્તક ઊપરથી નીચે પડતી નમાવેલા કલશોની જલધારાઓ જાણે ગિરિ શિખરમાંથી નીકળતી હોયને શું ? તેમ શોભે છે. અથવા અતિશય પ્રમોદમાં નિમગ્ન થએલી દિગંગનાઓએ અર્પણ કરેલા નિર્મળ અને ગાઢ કાંતિમય મુક્તાવલી હાર હોયને શું ? અથવા કુગતિમાં પડતા પ્રાણીઓના ઉદ્ધાર માટે પ્રસારેલી શુદ્ધ રજ્જુ (દોરી) ઓ હોયને શું ? કિંવા ખળભળી ઉઠેલા જીનેંદ્રના યશરૂપી ક્ષીર સાગરની તરંગમાલાઓ હોયને શું ? એમ દીપે છે. એ પ્રમાણે સુરેંદ્રોએ બહુ આનંદપૂર્વક જીનાભિષેક પ્રારંભે છતે દેવતાઓ ચાર પ્રકારનાં વાજીંત્રો વગાડે છે. જેમકે—સજળ મેઘની ગર્જનાઓને અનુસરતા દુદુંભિના નાદો સર્વત્ર પ્રસરવા લાગ્યા. તેમજ હસ્તિનાદ સમાન પટહ (પડઘમ) ના ગડગડાટ થવા લાગ્યા. વળી બહુ રસદાયક મનોહર નાદ કરતાં ઢક્કા, હુડુક, તેમજ મધુર અને ગંભીર વાગતા મૃદંગોથી ઉન્નાદિત, ખુક્ક, તંખુક્ક, સંખુક્ક નામે વાજીંત્રો તેમજ વિવિધ તાલોથી ઝણઝણિત અને ઉત્તમ તાલિમ ઘોષને લીધે ઉદ્ધત કાંસાલાના ઉચ્છલતા શબ્દોના આડંબર સહિત ભેરીઓના ભાંકારોથી આકાશ તલ વ્યાપ્ત થઈ ગયું, તેમજ વીણા, વેણુ અને વાંસળીના મધુર ધ્વનિ થવા લાગ્યા, વળી ઝલ્લરી ખરમુખી વિગેરે વાજીંત્રોના વિવિધ નાદોથી પ્રલયકાલીન મેઘનાનાદને અનુસરતા ચારે પ્રકારનાં વાદ્યો વાગવા લાગ્યાં, તેમજ ત્યાં આગળ અનહદ ભક્તિભારથી રોમાંચ ધારણ કરતા કેટલાક દેવો તીર્થંકરની સ્તુતિ કરવા લાગ્યા, કેટલાક તો ભવ્ય

સુગંધના કોશથી એકઠા એવા જલધરોવડે મનોહર દિવ્ય
પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા, કેટલાક મેઘની માફક એક બીજા
સાથે ગર્જિત કરે છે. કેટલાએક મૃદંગ ઠોકી મધુર ગાયન કરે છે.
કેટલાએક તાલ સાથે રાસ ક્રીડા કરે છે. વળી કેટલાએક હાસ્યના
અભિનય (નૃત્ય) સાથે હાસ્ય કરે છે, કેટલાક હર્ષથી ઉત્પન્ન
થતી વાણીની માફક પોતાના ગાલ વગાડે છે, કેટલાએક અસુર-
પુરને અતિ ત્રાસદાયક અટ્ટનાદ કરે છે, કેટલાએક હસ્તિનાદનું
અનુકરણ કરે છે. કેટલાક મુષ્ટિઓથી ભૂતલ ઉપર પ્રહાર કરે છે,
કેટલાએક દુર્દિન-અંધકારને દૂર કરે છે, કેટલાએક સિંહનાદ કરે
છે. કેટલાક દેવો તત્કાલ ક્ષીરસાગરના જળથી ભરેલા કલશો ઇંદ્રની
પાસે લઈ જાય છે. આ પ્રમાણે નિર્વિઘ્નપણે સર્વ દેવેન્દ્રો સંસારની
નિવૃત્તિ કરનાર જીનેંદ્રના મજ્જનમહોત્સવમાં આદરપૂર્વક પ્રવૃત્ત
થાય છે, તેનું વર્ણન પણ મ્હારા સરખો શું કરી શકે ? આવી રીતે
સાતમા જીનેશ્વર શ્રી સુપાર્શ્વ ભગવાનનો જન્માભિષેક મહોત્સવ
થયે છતે સમસ્ત સુરેંદ્રો પરમ હર્ષાવેશથી રોમાંચિત થયા, પોતાના
હસ્તમાં ધૂપઘટિકા, શ્વેતચામર, છત્ર અને સુગંધમય પુષ્પો ધારણ
કરી પ્રભુના આગળ ઉભા રહ્યા, એ પ્રમાણે જીનેશ્વરને સ્નાન ક-
રાવી અચ્યુતેંદ્ર વિરામ પામ્યો. ત્યારબાદ પોતાના પરિવાર સહિત
આનત વિગેરે સુરેંદ્રોએ પણ અચ્યુતેંદ્રની માફક મ્હોટા વૈભવ
સાથે જીનેંદ્રનો અભિષેક કર્યો એક સૌધર્મેંદ્ર વિના બાકીના ત્રીશ
દેવેંદ્રોએ પણ પોતાના ક્રમ પ્રમાણે અભિષેક કર્યા. તત્પશ્ચાત્ ઇશા-
નેંદ્ર પોતાના ઉત્સંગમાં જીનેંદ્રને લઈ સિંહાસન ઉપર બેઠો. ત્યાર-
બાદ અતિ આનંદથી પ્રફુલ્લ થયાં છે નેત્ર જેનાં એવા સૌધર્મેંદ્રે પણ
ચંદ્ર, શંકરનું હાસ અને શંખ સમાન ઉજ્જ્વલ કાંતિથી મનોહર
એવા તરૂણ ચાર વૃષભો ચારે દિશાઓમાં વિકુર્વ્યા, અર્થાત્ પો-

તાની લબ્ધિથી પ્રગટ કર્યા. પછી તેઓના આઠ શીંગડાઓના અગ્ર ભાગમાંથી ઉંચે જઇને નીચે પડતી તે અષ્ટ જલધારાઓને એક રૂપે કરીને જીનેંદ્રના મસ્તક ઉપર અભિષેક કરે છે. તેમજ ક્ષીરોદકથી ભરેલા બીજા હજારો કલશોવડે અભિષેક કરે છે, અનુક્રમે સ્નાનમહોત્સવ પૂર્ણ થયા બાદ સૌધર્મેંદ્રે સુકોમળ અને સુગંધમય કાષાય વસ્ત્રોવડે બહુ સાવચેતીથી ભગવાનનું શરીર લુસી નાખીને ગોશીર્ષ ચંદન મિશ્ર કેસરની અર્ચા કરી, પછી બહુ સુગંધ આપતાં વિશુદ્ધ દિવ્ય પુષ્પોની માલાઓથી ઉત્તમ પ્રકારે પૂજા રચી અને સર્વ પ્રકારનાં આભૂષણો પહેરાવ્યાં, પછી પ્રભુની આગળ શરદ્ચંદ્રસમાન ઉજ્વલ અક્ષત (ચોખા) વડે દર્પણ, ભદ્રાસન, વર્ધમાન, શ્રીવત્સ, મત્સ્ય, સ્વસ્તિક, નંદાવર્ત્ત અને કલશ એ પ્રમાણે અષ્ટ મંગલની રચના કરી. તેમજ ત્યાં આગળ જાનુ (ઢીંચણ) સુધી વિવિધ પુષ્પોના ઢગલા કર્યા. તેમજ નાના પ્રકારના મણિ રત્નોથી જડેલી દાંડીવાળા અને વજ્ર રત્નની બનાવેલી દર્વી (ધુપદાના) વડે સુગંધમય ઉત્તમ પ્રકારનો ધૂપ કર્યો, પછી બહુ બત્તીઓથી વિરાજીત મનોરંજક આરતી ઉતારીને ઉત્તમ મંગલોનાં સ્થાનભૂત મંગલ દીવો ઉતાર્યો. એ પ્રમાણે સર્વ કર્ત્તવ્ય સિદ્ધ થયા બાદ ચારણ મુનિઓએ જય, જય જય, એવા ઘોષથી આકાશ ગજાવી મૂક્યું. બહુ હર્ષના ભારથી નમી ગએલાં દેવોનાં મસ્તકો ઉપરથી પડેલાં પુષ્પોવડે પૃથ્વીતલ પુરાઇ ગયું. તેમજ નૃત્યને લીધે ચલાયમાન [illegible] મૃણાલ કંકણોના કલકલ શબ્દોથી [illegible] હર્ષના જોસને લીધે વીંઝાતા [illegible] દેવોએ નાટારંગ કર્યો.

[illegible] નમ્ર થઇ દેવતાઓ સ્તુતિ કરવા

જિનસ્તુતિ

[illegible] ! અનાદિ અપાર એવા આ ભવ [illegible] આપના ચરણ કમળમાં

ત્રિલોકવાસી સમસ્ત પ્રાણીઓ પ્રણામ કરે છે આપ અક્ષય સુખના કારણ છો તેમજ મદનરૂપી હરણને સંહારવામાં તરૂણ સિંહ સમાન, મુનિવરોના માનસરૂપી સરોવરમાં હંસ સમાન, અને ત્રણે લોકમાં પૂજનીય પણ આપજ છો. હે જગત્પ્રભો ? આપના હસ્તપાદનાં તળીયાં લક્ષ્મીના વિલાસભૂત વિકસ્વર કમલ સમાન શોભે છે. હિમરાશિ તેમજ ચંદ્રના કિરણ સમાન ઉજ્વલ આપના અમાપ યશથી આ મહીતલ સ્વચ્છ દીપે છે. સરલ અને શુદ્ધ દૃષ્ટિ પ્રસારથી વિકસ્વર કમલ પત્રોની આપ તુલના કરો છો. વળી સંસારના ભયથી તપ્ત થયેલા ભવ્ય લોકોના હૃદયને શાંત કરવામાં નવીન મેઘ સમાન, અંધકારને નિર્મૂલ કરવામાં સૂર્ય સમાન, શરણાગત જનોને મજબુત વજ્રપંજર સમાન, મોહરૂપી મદોન્મત હસ્તિના કુંભસ્થલ વિદારવામાં કેસરી સમાન, સમસ્ત વસ્તુતત્વના પ્રદાયક, કુમત–પાખંડમતના ઉચ્છેદ કરવાવાળા અને ત્રણ ભુવનમાં ઉદ્યોત કારક એવા હે જીનેંદ્ર ! આપ સદાકાલ જયવંત વર્તો. હે જગત્પ્રભો ! આજે આ ભરતક્ષેત્ર પવિત્ર થયું, કારણ કે જે ભરતક્ષેત્રમાં આપ પ્રગટ થયા. વળી જેના ઉદરમાં આપ ઉત્પન્ન થયા તે માતાનો જન્મ પણ સ્વતઃ કૃતાર્થ થયો. જેના ઘરમાં ચિંતામણિ સમાન આપ જીનેંદ્ર પ્રગટ થયા તે સુપ્રતિષ્ઠ નરેંદ્રનું નામ પણ આજે યથાર્થ થયું. એ પ્રમાણે જીનેશ્વરની સ્તુતિ કરી પોતપોતાના પરિવાર સહિત સર્વ ઇંદ્રો નંદીશ્વરદ્વીપમાં ગયા, અને નમનપૂર્વક જીનેશ્વરની સ્તુતિ કરી પોતાના સ્થાનમાં ગયા. ત્યાર બાદ સૌધર્મસ્વામી પણ શુદ્ધ કાંચન સમાન આકૃતિને ધારણ કરતા જીનેશ્વરને કરસંપુટમાં ગ્રહણ કરી બહુ પ્રમોદપૂર્વક જીનેંદ્રના જન્મગૃહમાં ગયા, ત્યાં વિકુર્વેલું જીનેંદ્રનું પ્રતિબિંબ તથા અવસ્વાપિની નિદ્રાની નિવૃત્તિ કરી પૃથ્વી દેવીની પાસે પુત્રરત્નને પૂર્વની માફક સ્થાપન કરીને નમસ્કાર કર્યો. ત્યારબાદ બે ઉત્તમ

કુંડલ તથા બે દેવદુષ્ય ઓશીકા નીચે મુક્યાં, તેમજ જીનેંદ્રની દૃષ્ટિગોચર પંચરંગી રત્નોની કાંતિથી રમણીય અને અદ્ભુત મોક્તિક માલાઓથી ગુંથેલો સુવર્ણમય એક કંદુક (દડો) રમવા માટે મૂક્યો. જેને જોવા માટે જીન ભગવાન્ પોતાની દૃષ્ટિ પ્રસારી બહુ આનંદ કરે છે.

સુરેંદ્રઆજ્ઞા.

સુરેંદ્ર તરફથી વૈશ્રમણ–કુબેરને આજ્ઞા મળી કે ભદ્ર ! વિલંબ રહિત જીનેંદ્રના જન્મ સ્થાનમાં બત્રીશક્રોડ સોનૈયા, તે પ્રમાણે હિરણ્ય અને નંદભદ્ર, તેમજ અન્ય વિવિધ પ્રકારની સાર વસ્તુઓ લાવીને સ્થાપન કરો. કુબેરે પણ તત્કાળ આજ્ઞા પ્રમાણે સર્વ વસ્તુઓ મંગાવી હાજર કરી. ત્યારબાદ શક્રેંદ્રે સર્વત્ર આ પ્રમાણે ઉદ્‌ઘોષણા કરાવી. હે દેવ દેવીઓ ! સાવધાન થઇ મ્હારૂં વચન સાંભળો ! જે કોઇ જીનેશ્વરનું તથા તેમની માતાનું અનિષ્ટ કરવા માટે પોતાના હૃદયમાં પણ અશુભ ચિંતવશે તેનું મસ્તક આકડાના ફુલની માફક સહસ્ર પ્રકારે ફુટી જશે. એ પ્રમાણે સર્વ વિધિ સમાપ્ત કરી ભક્તિ પૂર્વક જીનેંદ્રને નમસ્કાર કરી આકાશમાર્ગે સપરિવાર દેવેંદ્ર નંદીશ્વરની યાત્રા કરી સ્વર્ગસ્થાનમાં ગયો.

જન્મમહોત્સવ.

સૂર્યનો ઉદ્યોત થવાથી સર્વ દિશાઓ દિપવા લાગી. તેમજ માંગલીક વાજીંત્રો વાગવા લાગ્યાં, જેથી પૃથ્વીદેવી પંચ નમસ્કારનું શરણ લઇ [illegible] થયા. ગોશીર્ષ ચંદનના લેપથી સુગંધિતગાત્ર વાળા પ્રભુને જોયા, અતિ સુગંધમય મંદારમંજરીમાં [illegible] [illegible] ભમરાઓના [illegible] પ્રભુની કાંતિ શ્યામ દેખાતી હતી. [illegible] રત્નોની કાંતિને લીધે જન્મગૃહ વિચિત્ર કાંતિમય [illegible] [illegible] આવવામાં ઉત્સુક [illegible] [illegible] કે દેવીને [illegible]

જન્મ થયો. શ્રવણ માત્રથી પ્રમુદિત થઈ રાજાએ તેઓને દાસપદવીને દૂર કરનારૂં ઈચ્છાથી પણ અધિક દાન આપ્યું, અને તરતજ ભૂપતિએ જન્મમહોત્સવની આજ્ઞા આપી. એટલે અધિકારીઓ પોતપોતાના અધિકાર પ્રમાણે દરેક કાર્યોમાં ઉદ્યુક્ત થયા. દરવાજા, ચૌટા, શેરીઓ અને વિશાલ રાજમાર્ગો શુદ્ધ કરાવ્યા, પછી સર્વત્ર કુંકુમજલ છંટાવ્યાં, તેમજ ઉછળતા તીવ્ર સુગંધના લોભને લીધે એકઠા થયેલાં ભ્રમરાઓના ગુંજારવથી વ્યાપ્ત એવાં અનેક પ્રકારનાં પુષ્પોની રચના થવા લાગી. દરેક સ્થાને સોનાની ધૂપઘટિકાઓ સ્થાપવામાં આવી. અગુરૂ કર્પૂર વિગેરે ધૂપના ધુમાડાથી સર્વ દિશાઓ અંધકારમય દેખાવા લાગી, તેમજ ઉપરના ભાગમાં લટકતી મૌક્તિક રત્નોની માળાઓથી દૃષ્ટિને હરણ કરતા, ચામરરૂપી કેશકલાપથી વિભૂષિત, ઘણા ઉંચા અને સ્થૂલ સ્તંભો ઉપર સ્થાપન કરેલી સુંદર પુત્તલીઓથી મનોહર, પવનને લીધે નાદ કરતી ઘુઘરીઓ સહિત હજારો પતાકાઓથી બહુ રમણીયં, અને અતિ હર્ષને લીધે મત્ત થઈ ગાયન સાથે નૃત્ય કરતી યુવતિજનોએ વિસ્તાર્યો છે મહિમા જેમનો એવા સુંદર કાંતિમય રત્નોથી જડેલા મંચો ગોઠવવામાં આવ્યા. વળી દરેક ભવન દ્વારમાં પૂર્ણ કળશ સ્થાપવામાં આવ્યા, તરૂણ સ્ત્રીઓ વિલાસ સહિત નૃત્ય કરવા લાગી, માંગલિક સૂચનાપૂર્વક દરેક સ્થળે વધામણીઓ અપાવા લાગી. ગૃહ, હાટ, હવેલીઓ અને દરવાજા વિગેરે સ્થાનોમાં અતિ વિસ્તારવાળાં પલ્લવોનાં તોરણો બાંધવામાં આવ્યાં, ક્રીડાપૂર્વક મુશલ અને હજારો ધુંસરાઓનો ત્યાગ કરાવ્યો, દેવાદાર લોકોને દેવું ચુકાવી દેવામાંથી છુટા કર્યા, બહુ અપરાધી જનોને પણ બંદિખાનેથી મુક્ત કર્યા, તેમજ બહુ સમૃદ્ધિવાળા મહોત્સવોની પ્રવૃત્તિ થવા લાગી, જેની અંદર નૃત્ય કરતી મદોન્મત્ત પ્રમદાઓની મેખલાઓ ખસી જવાથી વિપ-

રીત થએલાં તેઓનાં વસ્ત્ર જોઇ વિટ–વ્યભિચારી પુરૂષો હસવા લાગ્યા અને તે હાસ્યનો કોલાહલ સર્વ દિશાઓમાં વ્યાપ્ત થઇ ગયો. ધનમાં લુબ્ધ થએલા યાચકજનોને બહુ છુટથી દાન અપાય છે, વળી દાન આપવાથી ખાલી થએલા ભંડારોમાં કુબેર સુવર્ણની વૃષ્ટિ કરે છે. સોનાના દંડવાળી હજારો ધ્વજ પતાકાઓ સૂર્યાસ્તનો દેખાવ આપી રહી છે. અતિ સૌંદર્યશાળી [illegible] પ્રમોદ ગીતથી વાચાલિત, તેમજ ગીતકલાના દક્ષ [illegible] મધુર સ્વરથી સર્વ દિશાઓ શબ્દમય થઇ રહી છે. વિવિધ આભૂષણોથી વિભૂષિત બહુ નાગરિક જનો માંગલિક [illegible] મય બની ગયા છે, અખંડ કલ્યાણના આપવા- [illegible] ભગવાનની પ્રતિમાઓની અષ્ટ પ્રકારે પૂજાઓ [illegible] અને પૂજાઓના દર્શન કરી ઉલ્લાસ પામતા શ્રાવક [illegible] ગુણોનું કીર્તન કરે છે. આ પ્રમાણે ઉચિત સત્કાર [illegible] સુંદર વૈભવવાળી વારાણસી નગરી સ્વર્ગપૂરીની માફક [illegible] દેખાવા લાગી. વળી સર્વત્ર દેશમાં [illegible] હતા તે છોડી દેવામાં આવ્યા તે અનુ [illegible] નૃત્ય અને રાજલોકમાં [illegible] એ પ્રમાણે નગરીમાં મહોત્સવ [illegible] કર્યા બાદ ઉત્તમ વસ્ત્ર [illegible] ઉપર આરૂઢ થયા [illegible] આવ્યા, અને નંદિ [illegible] દેવ! શરીરે આરોગ્યતા, [illegible] પત્નિ વિગેરે [illegible] છે આપને [illegible] કુલની નક્ષત્રમા- [illegible] જન્મ થયો. તો

પ્રમાણે પ્રશંસા કરી નરેંદ્રની આગળ તેઓએ હસ્તિ, અશ્વ, આભૂષણ, મણિરત્ન અને અમૂલ્ય વસ્ત્ર વિગેરે ભેટ મૂકી. ભૂપતિએ પણ પાનસોપારી આપ્યા બાદ પુષ્પહાર, વસ્ત્ર, અને અલંકારોથી યથોચિત સત્કાર કરી સર્વને પોતપોતાના સ્થાનમાં વિદાય કર્યા.

પુત્રાવલોકન. પુત્રના મુખાવલોકન માટે બહુ ઉત્સુક થએલ સુપ્રતિષ્ઠરાજા અવસર જાણી હર્ષભર સભામાંથી ઉઠી જીનેંદ્રના જન્મસ્થાનમાં ગયા. જેની અંદર મણિરત્નોથી બાંધેલી ભૂમિ ઉપર મ્હોટા સ્વસ્તિક (સાથીઆ) એ પૂર્યા છે, તેમજ અગ્રભાગમાં સોનાનાં મુશલ (સાંબેલાં) ઉભાં કર્યાં છે, વળી પુત્રના રક્ષણ નિમિત્તે અન્ય કેટલાંક સાધનો ત્યાં દાખલ કર્યાં હતાં, દ્વારપ્રદેશમાં બન્ને બાજુએ સ્થાપન કરેલા પૂર્ણ કલશોની ઉપર બહુ વિકસ્વર કમલો શોભતાં હતાં, શરદ્ ઋતુના સૂર્ય સમાન તેમજ રત્નરાશિ અને તેજના સમૂહની માફક સમસ્ત ભવનમાં ઉદ્યોત વિસ્તારતા એવા જીનેંદ્રનાં દર્શન થયાં. અપૂર્વ કાંતિ જોઈ વિસ્મય અને હર્ષમાં નિમગ્ન થએલ ભૂપતિ વિચારવા લાગ્યા, અહો ! ઉત્પન્ન થતા માત્રમાંજ આ બાળકની કાંતિ કોઈ અદ્ભુત દેખાય છે, તેમજ અપૂર્વ લાવણ્ય, અસાધારણ રૂપસંપત્તિ, મર્યાદારહિત સૌંદર્ય અને અખંડિત સૌભાગ્ય આ બાલકમાંજ આવી રહ્યું છે. તેથી સમગ્ર પુણ્યનું સ્થાન મ્હારૂં કુલજ ગણાય. અહો ! આ સમયે મ્હારા ભાગ્યનો પાર રહ્યો નથી, કારણકે સંપૂર્ણ લક્ષણવંત આવો પુણ્યશાળી પુત્રરત્ન પ્રગટ થયો. એ પ્રમાણે બહુ વિચાર કરી ભૂપતિએ જન્મદિવસે તીર્થંકરની સ્થિતિપતિકા એટલે જન્મસંસ્કારની ક્રિયા કરી. ત્રીજે દિવસે બાલકને સૂર્ય ચંદ્રનાં દર્શન કરાવ્યાં, એમ અનુક્રમે મહા આનંદદાયક છઠ્ઠો દિવસ આવ્યો, તે દિવસે મનોહર સમસ્ત ઇંદ્રિયોથી સુશોભિત, રોગ રહિત

અંગોપાંગથી વિરાજીત, વળી પોતાના કુલમાં વૃદ્ધ ગણાતી, તેમજ જેઓનાં મુખારવિંદ અતિ કુંકુમ ચંદનથી અર્ચેલાં છે, કંબુ સમાન સુંદર કંઠસ્થલોમાં સુગંધમય પુષ્પમાલાઓ ધારણ કરી છે અને રૂપમાં રતિ સમાન એવી સધવા કુલાંગનાઓ પાસે મહીપતિએ ષષ્ઠીજાગરણ મહોત્સવ કરાવ્યો.

નામસ્થાપના. ત્યારબાદ અગીયારમા દિવસે વિધિ પ્રમાણે પ્રસૂતિકર્મની શુદ્ધિ કરાવી અને બાર દિવસ થયા એટલે નાના પ્રકારનાં શાકાન્ન, ભજીયાં, પુરી, કચોરી, ખંડખાદ્ય, દુધપાક, ઘેબર, જલેબી અને બહુ સ્વાદિષ્ટ દાળ ભાત વિગેરે ઉત્તમ રસોઇ કરાવી પોતાના કુટુંબી ક્ષત્રિયો તથા નગરવાસી મુખ્ય જનોને બહુ સત્કારપૂર્વક જમાડ્યા, અને વસ્ત્રાદિક અલંકારોથી તેઓ સર્વનો યથોચિત સત્કાર કર્યો. સુખાસનો પર બેઠેલા પોતાના વિશ્વાસપાત્ર તે પ્રધાન જનોની આગળ ભૂપતિએ પોતાનો અભિપ્રાય જણાવ્યો, હે ક્ષત્રિય તથા પ્રધાન પુરૂષો ! પ્રથમનો પણ મારો એવો સંકલ્પ છે કે જે દિવસે રાણીના ગર્ભમાં આ બાલક આવ્યો તે દિવસથી આરંભી દિવસે દિવસે અધિક શુભ પાર્શ્વ (આજુબાજુનાં શુભ કાર્ય) થવા લાગ્યાં માટે જો આપની સંમતિ હોય તો આ બાલકનું નામ સુપાર્શ્વકુમાર રાખવું યોગ્ય છે. આ પ્રમાણે નરેંદ્રનો અભિપ્રાય જાણી સર્વ જનો ખુશી થઇ બોલ્યા, રાજન્ ! આપે જે કહ્યું તે નામ યથાર્થ ગુણયુક્ત છે તો પછી અન્ય કલ્પના કરવાની શી જરૂર ? એમ નિશ્ચય કરી સભા સમક્ષ શ્રી જગદ્ગુરૂનું નામ શ્રી સુપાર્શ્વકુમાર સ્થાપવામાં આવ્યું.

બાલ્યાવસ્થા. દેવોએ પ્રભુની આંગળીમાં ઇચ્છિત રસનો પ્રભાવ મૂક્યો, જેનું પાન કરવાથી પ્રભુને અમૃત આહારની તૃપ્તિ થાય છે. તેમજ પાંચ ધાત્રી (ધાવ્ય) માતાઓ પ્રભુનું પાલન કરે છે. અંતઃપુરની

સ્ત્રીઓ એક બીજીના હસ્તકમલમાંથી પ્રભુને પોતાના ઉત્સંગમાં રમાડતી છતી કૃતાર્થતા માને છે. મંદમંદ ગમન કરતા પુત્રને જોઇ માતાપિતા પણ આનંદસુખ અનુભવવા લાગ્યાં. કુબ્જ, વામન વિગેરે ખેલ કરનારા લોકો પોતાના અંગની વિભૂતિ સાથે કુમારને બહુ વિનોદ કરાવે છે. તેમજ સ્વર્ગાધિવાસની માફક દેવતાઓ પણ કુમારની સેવામાં હાજર રહે છે. વળી સંભ્રમ સહિત યુવતિજન પ્રભુનાં દર્શન કરી વિશાલ નેત્રોનું સફલપણું માને છે. એ પ્રમાણે પાલન કરાતા પ્રભુનું મુખારવિંદ મોતીની પંક્તિ સમાન નવીન દંતશ્રેણીથી મનોહર શોભવા લાગ્યું. મેરૂગિરિની ગુહામાં ઉછરતા કલ્પવૃક્ષની માફક જગત્પ્રભુ પ્રતિદિવસ વૃદ્ધિ પામવા લાગ્યા. અનુક્રમે શરીરના સર્વ અવયવો સંપૂર્ણ શોભવા લાગ્યા.

કુમાર અવસ્થા.

સમસ્ત જનોને આનંદદાયક અને રૂપલક્ષ્મીને રહેવાને કમલ સમાન પ્રભુને કુમાર અવસ્થા પ્રાપ્ત થઈ એટલે લગભગ પ્રભુ આઠ વર્ષના થયા. જેમનું મુખ તમાલ વૃક્ષના ગુચ્છ સમાન શ્યામ અને કુટિલ કેશવડે ભ્રમર વૃંદથી વ્યાપ્ત થએલા વિકસ્વર કમલની માફક શોભે છે. જેમના બન્ને કાન જનસમાજના મનરૂપી મૃગલાઓને બાંધવામાં પાશ સમાન સૌભાગ્ય ગર્વને વહન કરે છે. જેમનો કંઠભાગ આગામિ યૌવન અવસ્થાના પ્રવેશ માટે સ્થાપન કરેલા પરિપૂર્ણ વદનરૂપી કલશના સુપ્રતિગ્રહ (ગળા) ની માફક શોભે છે. લીલાવડે ઉચ્ચાર કરતા જેમની ઉજ્વલ દંતપંક્તિ શરીર સંબંધિ લાવણ્ય લક્ષ્મીનો મૌક્તિક હાર હોયને શું ? તેમ દીપે છે. વળી નખકાંતિરૂપી છે પુષ્પો જેમનાં અને હસ્તરૂપી લાલ પલ્લવો વડે અતિ રમણીય અને ઉત્તમ સ્થલમાં ઉત્પન્ન થએલી વિશાલ જેમની ભુજાઓ અશોક લતાની

માફક વિરાજે છે. જેમના વિશાલ વક્ષસ્થલમાં વિરાજમાન ઉત્તમ ફલદાયક શ્રીવત્સનું ચિન્હ સત્ય શ્રીવત્સની માફક જનોના હૃદયને આનંદ આપે છે. ઉન્નત વક્ષસ્થલ, તેમજ પુષ્ટ કટીતલ અને અતિ સૂક્ષ્મ ઉદર વડે જગત્પ્રભુ સિંહના ઉત્તમ બાળકની માફક શોભે છે. સૌભાગ્યની યાચના કરતી નિર્મલ નક્ષત્રની શ્રેણીઓ નખરૂપી મણિઓના મિષવડે જેમના ચરણકમલની નિરંતર સેવા કરે છે. બહુ શું કહેવું ? અતિ રમણીય સર્વ અવયવ અને સકલ દિવ્ય લક્ષણોથી વિભૂષિત કુમારના દર્શન માત્રથી કોનાં નેત્ર આનંદિત ન થાય ? ગર્ભાવસ્થામાં પણ જે જગદ્ગુરૂના ઉત્તમ ત્રણ જ્ઞાનરૂપી રત્નદીવાઓ ત્રણે ભુવનને પ્રકાશ આપે છે. વળી જેની માત્ર સોળ જ કલાઓ છે તે પણ નિષ્કલંક નથી તો તે ચંદ્ર કેવી રીતે પ્રશંસનીય ગણાય ? પણ આ કુમારની તો બોંતેર કલાઓ પણ કલંકરહિત સ્ફુરે છે. વળી જે કુમાર બાલ્યાવસ્થામાં પણ વિવિધ રસ અને ભાવથી ભરપુર સુંદર કાવ્યોની રચનાવડે સુપ્રસિદ્ધ કવિઓના હૃદયમાં ચમત્કાર પ્રગટ કરે છે. તેમજ જે કુમાર વિષમ અર્થવાળા શાસ્ત્રોના સૂક્ષ્મ અર્થના વ્યાખ્યાનવડે વિશેષ તર્કવાદમાં અતિ કુશળ એવા મુખ્ય પંડિતોના હૃદયનું આકર્ષણ કરે છે.

યુવાવસ્થા.

યુવતિજનોનાં હૃદય અને નેત્રોને આનંદદાયક અદ્ભુત શોભાજનક નવીન યૌવનઉદ્યાનમાં જગત્પ્રભુએ પ્રવેશ કર્યો. ક્રીડાપૂર્વક કામદેવના સૌંદર્યનો પરાજય કરી સર્વદા ભૂતળને અનુરંજિત કરી પવિત્ર કરતા શ્રીજિનેંદ્ર ભગવાન જગત્સમુદાયને [illegible] [illegible] કરે છે. વિદગ્ધ વારાંગનાઓના [illegible] [illegible] રૂપી [illegible] અધિષ્ઠિત [illegible] શું ? [illegible] [illegible] કરે છે. જેમના દેહરૂપી [illegible] [illegible]

તૃષ્ણા વડે આતુર થએલી તરૂણ સ્ત્રીઓ વિકસ્વર નેત્રાંજલિઓ વડે હમેશાં પાન કરે છે, છતાં પણ લાવણ્યજળ શરીરના અંદર સમાતું નથી. શીલ અને અવસ્થામાં સમાન એવા ઉત્તમ રાજકુમારો સાથે સુપાર્શ્વકુમારે યૌવન અવસ્થાને ઉચિત વિવિધ પ્રકારના વિલાસો અનુભવે છે. કદાચિત્ ગીતગોષ્ઠીમાં નિપુણતા ધરાવતા પંડિતોની સભાની અંદર ગીતસંબંધિ વિશેષ સ્વરોના શાસ્ત્રાર્થમાં હાહા, હુહુ વિગેરે દેવ ગાંધર્વોને પણ આશ્ચર્ય ઉપજાવે છે. કદાચિત્ હર્ષથી મિચાઇ ગયાં છે નેત્રો જેમનાં એવા જગત્પ્રભુ એકાંતમાં કિંનરીઓએ મધુર ધ્વનિથી ગાએલું પોતાનું સુચરિત્ર સાંભળે છે. કદાચિત્ ધનુષ્ક્રીડાના પરિશ્રમને દૂર કરવા માટે સ્નાન કરતી વારાંગનાઓનાં મુખવડે કમલોની ભ્રાંતિને ઉત્પન્ન કરતી દીર્ધિકા (વાપી) ઓમાં જગત્પ્રભુ જલક્રીડા કરે છે. કદાચિત્ અશ્વખેલનની ક્રીડામાં બહુ વેગથી અશ્વ ચલાવતા પ્રભુ લાવણ્ય કાંતિવડે જાણે સ્વેદ જળથી વ્યાપ્ત હોયને શું ? તેમ શોભે છે. કદાચિત્ સ્થિર આસન કરી દુઃખે દમન કરી શકાય તેવા મદોન્મત્ત હસ્તિઓનાં કુંભસ્થલોમાં તીક્ષ્ણ અંકુશ ધારણ કરી તેઓનો મદ ઉતારે છે. એ પ્રમાણે વિવિધ ક્રીડારસ અનુભવતા પ્રભુના લેશમાત્ર પણ ચરિત્રનું પરમતત્ત્વની માફક જે પુરૂષ શિક્ષણ લે છે તે વિદ્વાનનો સમય આનંદમાં વ્યતીત થાય છે, તેમજ તેની કીર્ત્તિ સર્વ દિશાઓમાં પ્રસાર પામે છે, એટલુંજ નહીં, પરંતુ અત્યંત બલ, વીર્ય અને વિશેષ વિજ્ઞાનપણું પ્રાપ્ત થાય છે. વળી જગત્પ્રભુના નિવાસ માટે દેવોએ જેની અંદર સુવર્ણ, મણિ અને વૈડૂર્ય રત્નો રહેલાં છે એવા મેરૂની માફક સર્વ સમૃદ્ધિઓથી સંપૂર્ણ ભરેલો અને આકાશતલને સ્પર્શ કરતો મહાન એક પ્રાસાદ રચ્યો, જેમાં ભોજન, સ્નાન અને વિલાસ કરવાના મંડપોની પૃથક્ પૃથક્ રચના કરેલી છે, વળી

જે પ્રાસાદ પોતાની સંપત્તિવડે ઇંદ્રના વિમાનને પણ માન રહિત કરે છે. તેમાં વાસ કરતા જગત્પ્રભુ પોતાના હૃદયમાં જે કંઇ પણ સુંદર ભાવના કરે છે તે સર્વ વસ્તુઓને કિંકરની માફક દેવતાઓ લાવી તત્કાલ હાજર કરે છે.

રિપુમર્દન રાજાનો દૂત

એક દિવસે સુપ્રતિષ્ઠ રાજા સભામાં બેઠા હતા તેટલામાં પ્રતીહારીએ નમસ્કારપૂર્વક વિનંતિ કરી, દેવ ! અમરાવતી નગરીમાંથી રિપુમર્દન રાજાનો દૂત આપના દર્શન માટે આવી ઉભો છે, માટે આપ આજ્ઞા કરો. રાજાએ તરતજ ભ્રકુટીના સંચારથી પ્રવેશની આજ્ઞા આપી એટલે વિલંબ રહિત ઉજ્વલ ખડ્ગથી વિભૂષિત છે હસ્ત જેનો એવા દ્વારપાલે દૂત સાથે પુનઃ પ્રવેશ કર્યો. દૂત પણ પૃથ્વીપર મસ્તક નમાવી નરેંદ્રને પ્રણામ કરી તત્કાલ ગોઠવેલા આસન ઉપર આનંદપૂર્વક બેઠો. ભૂપતિએ સરલ દૃષ્ટિથી સંભાવના કરી પ્રેમપૂર્વક દૂતને કુશલ વૃત્તાંત પૂછ્યું કે તમારો અધિપતિ ખુશી આનંદમાં છે ? વળી તમ્હારે આવવાનું શું કારણ ? અતિદક્ષ અને વિનયી દૂત પણ મસ્તકે હાથ જોડી બોલ્યો, આપના પ્રસાદથી અમારા સ્વામીનું હમેશાં કુશલ હોય તેમાં શી નવાઇ ? રણસંગ્રામમાં પ્રચંડ પરાક્રમ જેનો પ્રસરી રહ્યો છે એવા હે નરેંદ્રધુર્ય ! વળી મ્હારે અહીં આવવાનું કારણ આપ સાંભળો. અમારા સ્વામીની ચંદ્રવદના નામે ભાર્યા છે, અને તે સમસ્ત અંતઃપુરમાં ચૂડામણિ સમાન ગણાય છે, તેમજ તે વિલાસ ભોગમાં પ્રથમ પદને ધારણ કરે છે. અને બહુ ગુણશાલિની સૌભાગ્ય મંદિરની અધિષ્ઠાયી દેવી સમાન સર્વાંગ સુંદર સોમા નામે તેમની પુત્રી છે, હાલમાં તે સર્વ કલાઓ સાથે યૌવન દશાને અનુભવે છે. પ્રતિદિવસે ચંદ્રકલાની માફક તેના શરીરની લાવણ્યતા વધતી જાય છે. જેથી

ચંચલ પક્ષ્મ (પાંપણો) વડે ઉજ્વલ અને સ્ફાર એવાં તે કુમારીનાં નેત્ર વારંવાર સ્ફુરે છે તેટલાજ માટે કામદેવ પોતાનું ધનુષ્ ચઢાવી તેની પાછળ દોડ્યા કરે છે. હું માનું છું કે વિધિએ ચંદ્રની કલાઓનું ચૂર્ણ કરી અમૃતરસથી ભીંજાવી કામદેવને સજીવન કરવાની ઔષધિરૂપ તે કુમારી બનાવી છે. આ બહુ મનોહર છે વળી આની શોભા અલૌકિક છે. તેમજ આ બહુ વર્ણન કરવા લાયક છે, એ પ્રમાણે તે કુમારીના અંગોમાં ભાવના કરતા લોકો તૃપ્ત થતા નથી. માલવ દેશમાંથી કુંતલદેશમાં અને ત્યાંથી મધ્ય દેશમાં પથિકની માફક તેના સમસ્ત અંગોમાં યુવાન પુરૂષોની દૃષ્ટિઓ ચિરકાલ પરિભ્રમણ કરે છે.

મૂર્છાવસ્થા.

અન્યદા તે સોમા પોતાની સખીઓ સાથે પોતાના ઉદ્યાનમાં ફરવા ગઈ હતી. ત્યાં કિંનરીઓ ગાયન કરતી હતી, તેમાં બે ગાથાઓ કુમારીના સાંભળવામાં આવી. તદ્યથા---

सिरिसुपइट्ठनराहिव–विसालकुलगयणभूसणससंको ।
सयलकलाकलहंसी–लीलाकमलायरो कुमरो ॥ १ ॥
नामेण सुपासो सयल,–सुहयसिरसेहरो गुणाणुयही ।
तरुणियणहिययहरणो, धन्नाए इमो वरो होही ॥ २ ॥

સુપ્રતિષ્ઠ નરેંદ્રના કુલરૂપી ગગનાંગણને દીપાવવામાં ચંદ્રસમાન, સમસ્ત કલારૂપી રાજહંસીઓને ક્રીડા કરવા માટે કમલાકર (સરોવર) સમાન, સમગ્ર સુભગ જનોમાં ચૂડામણિ સમાન, તેમજ ગુણરત્નોના સાગર સમાન અને તરૂણી જનોના હૃદયને હરણ કરનાર શ્રી સુપાર્શ્વકુમાર મહા ભાગ્યવતી સ્ત્રીના સ્વામી થશે. આ પ્રમાણે કુમારનું ગુણકીર્ત્તન સાંભળવાથી તે કુમારી તરતજ ઈર્ષ્યાલુ કામદેવના તીક્ષ્ણ બાણોથી વીંધાઈ ગઇ. ત્યારબાદ

તે [illegible] ગર્ભ [illegible] તે શું ? અથવા નિદ્રાગત થઈ [illegible] શું ? [illegible] પદાર્થોની તેનામાં આવી પડી હોય તે [illegible] ગયાં અને ગાઢ મૂર્છાધીન થઈ [illegible] રાજાની તેની રાણીઓ આજુબાજુએ [illegible] પંખાનું તેણીઓ ઉપર આવ્યો નહીં, [illegible] થઈ ગઈ. અહો ! [illegible] ? એમ વિચાર કરતી કરતી તેટલામાં [illegible] શરીર [illegible] એમ જાણી [illegible] ધ્યાનમાં [illegible] કન્યાઓની [illegible] અને તેના માતાપિતાને [illegible] ! [illegible] આ [illegible] [illegible] કરતી તેણી [illegible] [illegible]

હકિકત જણાવી એટલે તે કંઈક સચેતન થઇ, પરંતુ પરમતત્ત્વની માફક માત્ર બન્ને ગાથાઓનું સ્મરણ કરતી તે કુમારી એકાંતમાં રહે છે, અને સખીવર્ગને જોવાથી પણ બહુ લજ્જા પામે છે. આહાર કરતી નથી; સ્નાન, શણગાર અને તાંબુલ ઉપર પ્રીતિ કરતી નથી, સારાં વસ્ત્રો પણ પહેરતી નથી. વળી દૂત લોકોએ ચિત્રપટ ઉપર ચિત્રિ લાવેલાં મ્હોટા રાજકુમારોનાં ચિત્રો તરફ દૃષ્ટિ કરતી નથી, એટલુંજ નહીં પરંતુ કામદેવના તીક્ષ્ણ બાણોથી તેનું શરીર ભેદાઈ ગયું છે. હે દેવ! હાલમાં તેનું શરણ સુપાર્શ્વકુમાર વા મરણ સિવાય અન્ય કોઇ નથી. રાજન્! આવી તેની અવસ્થા જોઈ મંત્રીજન સાથે વિચાર કરી રિપુમર્દન રાજાએ મતિસાગર મંત્રી સાથે સ્વયંવરમાં બહુ ઉત્સુક થએલી સોમા નામે પોતાની પુત્રીને શ્રી સુપાર્શ્વકુમાર માટે અહીં મોકલી છે. વળી હે દેવ! પ્રથમ આપને આ સર્વ વૃત્તાંત જણાવવા માટે મતિસાગર મંત્રીએ મ્હને અહીં મોકલ્યો છે. હવે આપની જેવી આજ્ઞા! એમ કહી તે મૌન રહ્યો.

વિવાહ માટે માતાની પ્રાર્થના

રાજાએ કહ્યું, ઠીક છે આ બાબત બરોબર વિચાર કરી કહીશું, હાલમાં પોતાના ઉતારે જાઓ. એ પ્રમાણે નરેંદ્રનો સત્કાર સ્વીકારી દૂત પોતાના ઉતારે ગયો. રાજાએ પણ તરતજ પૃથિવી દેવીને બોલાવી સર્વ વાર્તા કહી. તે સાંભળી દેવી બહુ ખુશી થઇ બોલી, સ્વામિન્! આપના ચરણપ્રસાદથી સર્વ સુખ અનુભવ્યાં પરંતુ આટલું બાકી છે. જો હાલમાં કુમારનો વિવાહમહોત્સવ દૃષ્ટિગોચર થાય તો હું કૃતાર્થ થાઉં ત્યારબાદ રાજાએ કહ્યું કે દેવિ! જો ત્હારો વિચાર એવોજ હોય તો જલદી તું કુમાર પાસે જા અને વિવાહ માટે ત્હેને જણાવ. સેવકવર્ગની સાથે પૃથિવીદેવી કુમાર પાસે ગયાં, પોતાની માતાને

આવતાં જોઈ માતા આદર કરતાં પોતે સામા આવ્યાં. આસન દાન વિગેરે બહુ સત્કાર કરાવ્યો. અને મસ્તકે અંજલિ જોડી નમસ્કારપૂર્વક વિનતિ કરી. હે માતાજી ! હાલમાં આપને અહીં આવવાનું શું પ્રયોજન ? પ્રભાવતીએ કહ્યું, પુત્ર ? મ્હને ત્હારા પિતાજીએ મોકલી છે. કારણ કે તે ત્હારો વિવાહમહોત્સવ જોવા માટે બહુ ઉત્સુક થયા છે. તેમજ અન્ય જનો પણ તે વિષે ઘણા ઉત્કંઠિત થયા છે અને મ્હને પણ એ બાબતની બહુ ચિંતા રહે છે કે હાલમાં ત્હારા પ્રસાદથી અન્ય સર્વ સુખો પ્રાપ્ત થયાં છે અને કોઈપણ મનોરથ અપૂર્ણ નથી, પરંતુ ત્હારો વિવાહમહોત્સવ કરવા માટે તું કબુલ કર.

વિવાહમહોત્સવ સ્વીકાર.

માતાનાં અરૂચિકારક વચન સાંભળી કુમારે જણાવ્યું, જનનિ ! મ્હારા હૃદયની તમને ખબર નથી ? અહો ! વિષયસુખ પણ શું તમે જાણતાં નથી ? ગૃહવાસ પણ કેવો દુઃખદાયક છે ? તે તમ્હારા જાણવા બહાર નથી. છતાં વિવાહ સંબંધી આ પ્રમાણે તમે શું બોલો છો ? માતા બોલ્યાં, સર્વ જાણીએ છીએ પણ શું પિતાનું વચન ન માનવું ? હે વત્સ ! વળી ઉત્તર અવસ્થામાં પણ ગૃહસ્થાશ્રમનો ત્યાગ સુખેથી કરી શકાય છે, અને પોતાના મનોરથ પૂર્ણ થવાથી ત્હારા પિતા પોતે પણ ત્હને પ્રતિકૂલ નહીં થાય, માટે દીક્ષા ગ્રહણનો વિચાર આગળ ઉપર રાખો. કુમાર બોલ્યો, જનનિ ! જે વિવાહ સમયમાં પ્રથમજ ચૉરીમંડપમાં ચાર વખત પરિભ્રમણ કરાવવામાં આવે છે, તે ઉપરથી સંસારમાં ચારે ગતિઓનું સેવન કરવું પડશે એમ જણાવે છે. ઘી અને મધના હોમના મિષથી સમસ્ત ગુણોનું દહન કરવામાં આવે છે. તેમજ કર્મરૂપી કરીયાણું ખરીદવા માટે કન્યાના પાણિગ્રહણના

મિપ વડે પ્રથમથીજ હસ્તસંજ્ઞા આપવામાં આવે છે. તરૂણી જનોનાં મંગલગીતો એમ સૂચવે છે કે સર્વ દિશાઓમાં અપકીર્તિ વિસ્તારવાનું આ એક સાધન છે. હવે બહુ કહેવાથી શું ? આ જગતની અંદર સૂક્ષ્મ બુદ્ધિએ જે જે વિચારવામાં આવે છે તે સર્વ વસ્તુ મ્હને રોમાંચિત કરે છે. માટે હે જનનિ ! આ દુરાગ્રહ છોડી મ્હને વ્રતગ્રહણ કરવાની આજ્ઞા આપો. એ પ્રમાણે પ્રભુએ અતિ આગ્રહ પૂર્વક જણાવ્યા બાદ પૃથિવી દેવી બોલ્યાં, કુમાર ! માતાપિતાની આજ્ઞાનો ભંગ કરવો તે શું ત્મ્હારા સરખા સજ્જનોને યોગ્ય ગણાય ? આ પ્રમાણે માતાનું વાક્ય સાંભળી જો કે બીલકુલ પોતાની ઇચ્છા નહોતી છતાં પણ માતાના આગ્રહને લીધે પ્રભુએ વિવાહમહોત્સવ સ્વીકાર્યો અને ત્યારબાદ દેવીએ પ્રસન્ન થઇ તે વાત પોતાના સ્વામીને નિવેદન કરી. તે સમયે સભામાં બેઠેલા નરેંદ્રની આગળ જેના હસ્તમાં કમળદંડ શોભતો હતો અને મસ્તકે જોડયો છે અંજલિ જેણે એવા દ્વારપાળે નમસ્કાર કરી જણાવ્યું કે દેવ ! રિપુમર્દન નરેશનો મતિસાગર નામે મુખ્ય મંત્રી આપના દર્શન માટે દ્વાર આગળ ઉભો છે. જેવો આપનો હુકમ ! રાજાએ કહ્યું; જલદી પ્રવેશ કરાવો ? એ પ્રમાણે આજ્ઞા થવાથી પ્રતીહારીએ તરતજ પ્રવેશ કરાવ્યો. મંત્રી નરેંદ્રને પ્રણામ કરી આપેલા આસન ઉપર બેઠો. ઉચિત પ્રસ્તાવે ભૂપતિએ સ્વાગત વચન પૂછ્યાં, એટલે આપના પ્રસાદથી સર્વ કુશળ છે એમ કહી મંત્રી બોલ્યો, રાજન્ ! આપના મિત્ર રિપુમર્દન રાજાએ સોમા નામે પોતાની સ્વયંવરા કન્યા શ્રી સુપાર્શ્વકુમાર માટે અહીં મોકલી છે. હવે તે સંબંધી આપનો શો હુકમ છે ? એવી રીતે મંત્રીનું વચન સાંભળી રાજાએ પણ તે માન્ય કરી તેમને રહેવા માટે એક વિશાળ પ્રાસાદ અપાવ્યો, તેમજ તેઓના

માટે વિવિધ પ્રકારની રસોઇ તૈયાર કરાવી ત્યાં મોકલાવી. ત્યારબાદ તત્કાળ ઉચિત સત્કાર કરી મંત્રીને પોતાના ઉતારે વિદાય કર્યો.

વિવાહસામગ્રી. ભૂપતિએ વિવાહને ઉચિત સામગ્રીઓ તૈયાર કરવાની આજ્ઞા આપી. એટલે અધિકારીઓએ મંડપોની અંદર મંચ ગોઠવી તે ઉપર સિંહાસન ગોઠવ્યાં. અનેક પ્રકારના કાર્યક્રમમાં નોકરો મૂકી દીધા. પોતપોતાનાં કાર્ય કરવામાં તેઓ રાત્રિ અને દિવસને પણ ગણતા નથી. બહુ રમણીય ઉત્તમ પ્રકારનો વરમંડપ તૈયાર કર્યો. જેની અંદર સુકોમળ કદળી સ્તંભ રોપ્યા છે, તેઓની ઉપર વિચિત્રધ્વજ પતાકાઓ વિરાજે છે. તેમજ મરકત મણિઓની કાંતિથી સુશોભિત સુંદર સુવર્ણ કલશોની સ્થાપનાઓ કરી છે. વળી સર્વત્ર નિર્માણ કરેલા દેદીપ્યમાન રત્નોની કાંતિને લીધે કોઈ ઠેકાણે અંધકાર તો નામ માત્ર પણ દેખાતો નથી. તેમજ સમયોચિત અન્ય કાર્યો પણ બહુ ત્વરાથી તૈયાર કરવામાં આવ્યાં.

લગ્નની તૈયારી. મતિસાગર મંત્રીએ રાજાને વિનતિપૂર્વક જણાવ્યું કે હાલમાં પાણિગ્રહણનું મુહૂર્ત્ત બહુ શ્રેષ્ઠ આવે છે, માટે કુમારને લઈ આપ જલદી અહીં પધારો. રાજાએ પણ પૃથિવીદેવીને કહ્યું કે કુમારને પુંખવાની તૈયારી કરાવો. કારણ કે મુહૂર્ત્ત બહુ નજીકમાં આવ્યું છે. ત્યારબાદ સર્વ રાણીઓ એકઠી થઈ બહુ પ્રમોદપૂર્વક વિવિધ પ્રકારે પુંખીને માંગલિક ઉપચાર કરી કુમારને નવરાવે છે. પછી અમૂલ્ય અને ઉજ્વલ વસ્ત્ર પહેરાવીને પોતાને કરવા લાયક સમસ્ત કાર્યો કરે છે. ગોશીર્ષ ચંદનના લેપથી કુમારનાં સર્વ અંગ શરદૃતુના ચંદ્રની કાંતિવડે ઉજ્વલ સુવર્ણગિરિ (મેરૂ) ની માફક દીપવા લાગ્યાં. મંદાર

પુષ્પોના સુગંધથી આચ્છાદિત જેનો કેશકલાપ તારાઓના સમૂહથી વિભૂષિત નભસ્તલની માફક શોભે છે. વળી સર્વાંગે સુંદર રત્નોનાં આભૂષણ ધારણ કરવાથી જે કુમાર જંગમ રોહણાચલની ઉપમાને વહન કરે છે. અધિક શું કહેવું? જેમના સ્વાભાવિક સ્વરૂપનું વર્ણન કરવા ઇંદ્ર પણ સમર્થ નથી તો વળી સુવર્ણ ભૂષણોથી વિરાજીત થયેલાની તો વાતજ શી? એ પ્રમાણે કુમારને સજ્જ કરી નરેંદ્રને સમાચાર આપ્યા, એટલે ભૂપતિએ પણ પોતાના પુરૂષોને આજ્ઞા આપી કે જલદી સમસ્ત જ્ઞાત ક્ષત્રિયવર્ગને બોલાવો, તેમજ નગરમાં મહોત્સવ કરવાની સૂચના આપો અને કુમારને માટે જયકુંજર નામે પ્રધાન હસ્તીને શણગારી જલદી અહીં લાવો, જેથી વિવાહ મંડપમાં જઈએ. આપની આજ્ઞામાં તૈયાર છીએ, એમ કહી રાજપુરૂષો ત્યાંથી વિદાય થયા. સમગ્ર રાજનિર્દેશ સર્વેને સંભળાવ્યો, શ્રવણ માત્રથી સર્વજનો તૈયાર થઇ ગયા, વળી અનેક શણગારોથી સજ્જ થયેલા શ્રી સુપાર્શ્વકુમાર જયકુંજર હસ્તી ઉપર આરૂઢ થયા. તેમજ પવનથી કંપતી પતાકાઓ વડે દ્રષ્ટિને હરણ કરતા મનોહર રથોમાં બેસી અનેક અલંકારોથી વિભૂષિત એવા રાજકુમારો સાથે સંચરવા લાગ્યા. રાજમાર્ગમાં બહુ હર્ષને આધીન થયેલી પ્રમદાઓ નૃત્યગાન કરવા લાગી. અનેક પ્રકારનાં માંગલિક વાજીંત્રોના નાદથી સમસ્ત દિશાઓ શબ્દમય થઇ રહી. અનહદ આનંદ અનુભવતા સુપ્રતિષ્ઠ નરેંદ્ર સુપાર્શ્વકુમારની પાછળ ચાલવા લાગ્યા તેમજ વૃદ્ધ કુંલાંગનાઓ આશીર્વાદપૂર્વક સ્તુતિ કરવા લાગી. વળી દરેક સ્થળે અગાશીઓમાં કુમારના દર્શન માટે આતુરતાથી ઉભેલા હજારો લોકો મુગ્ધ જનોને પોતાની આંગળીઓનો ઉદ્દેશ કરી કુમારનાં દર્શન કરાવે છે, એમ સર્વ જનોને આનંદ આપતા જગત્પ્રભુ અનુક્રમે મંડપ આગળ આવી પહોંચ્યા. દ્વારમાં પ્રવેશ

કરતાં દ્વારપાળોએ અન્ય લોકોને ત્યાં ઉભા રાખ્યા, માત્ર રાજકીય લોકો સાથે કુમારે અંદર પ્રવેશ કર્યો. એટલામાં સોમાને પણ તેના પરિજનોએ અનેક અલંકારોથી શણગારી તૈયાર કરી. જેના બન્ને કર્ણોમાં મણિમય કુંડલ દીપે છે તે જાણે તત્કાળ આવેલા કામદેવના રથનાં ચક્ર હોયને શું? વળી જેના કંઠનાળમાં મુખરૂપી ચંદ્રની ભ્રાંતિ વડે આવેલો તારાઓનો સમૂહ હોયને શું? એવો નવસરો મૌક્તિકહાર લંબાયમાન દીપે છે. વિશાળ આકાશપ્રદેશમાં દૃશ્યમાન ઇંદ્રધનુષ્યની રેખા સમાન જેના નિતંબ ભાગમાં પંચરંગી રત્નમેખલા શોભે છે, જેના હૃદયમાં નહીં માતો કુમાર સંબંધી અનુરાગ લાક્ષારસથી રંગેલા ચરણના પ્રતિબિંબના મિષથી જાણે ઝરતો હોય તેમ દેખાય છે. વિવિધ અલંકારોથી વિભૂષિત અને મદોન્મત્ત હસ્તિ સમાન ગતિવડે ઝાંઝરના સુંદર નાદ સાંભળવા માટે આવેલા રાજહંસોની ગતિ કેળીઓએ અટકાવી છે એવી રાજકન્યા-સોમા પણ પોતાની દાસીવર્ગ સાથે નેત્રોથી સુશોભિત વેદિકાભવનમાં આવી.

પાણિગ્રહણ વિધિ.

તત્કાલ આવેલા વિદ્વાન બ્રાહ્મણોએ ત્યાં આગળ હવનક્રિયાનો આરંભ કર્યો કે તેજ મંડપમાં મોટા વૈભવ સાથે પાણિગ્રહણનો સમારંભ થયો. તે સમયે અન્ય સ્ત્રીઓ વિનોદપૂર્વક માંગલિક ગીત ગાવા લાગી. [illegible]

તરતજ અગ્નિ હોમ કરી વર કન્યા બન્નેના ચૉરીમાં મંગલ ફેરા ફેરવ્યા, કરમોચન સમયે મતિસાગર મંત્રીએ બત્રીશ ક્રોડ રૂપીઆ તથા સોનૈયા આપ્યા. તે સમયે સુપ્રતિષ્ઠ રાજાએ પણ અપાર હર્ષને લીધે વધુને નાના પ્રકારનાં વસ્ત્રાભરણો અર્પણ કર્યાં, એ પ્રમાણે સંતોષદાયક વિવાહવિધિ સમાપ્ત થયો એટલે ભોજનાદિક સત્કાર કર્યા બાદ સર્વ લોકો પોતપોતાના સ્થાનમાં ગયા. મતિસાગર મંત્રી પણ પોતાના પરિવાર સહિત બહુ સંતુષ્ટ થઇ પોતાના નગરમાં ગયો. શ્રીસુપાર્શ્વકુમાર પણ સોમા સહિત પોતાના મ્હેલ તરફ ચાલ્યા. વિવિધ પ્રકારનાં માંગલિક વાજીંત્રોના ઘોષથી અને બંદીજનોના જયજય નાદથી દિશાઓ બધિર થઇ ગઈ. મુખ્ય હાથિણી પર વિરાજમાન થએલા જગત્પ્રભુ રાજમાર્ગમાં આવી પહોંચ્યા. તે સમયે કુમારશ્રીના દર્શન માટે બહુ ઉત્સુક થએલાં નાગારક જનોનાં મંડલો સ્થાને સ્થાને પ્રાકર અને ભવન શ્રેણીઓમાં ઉભાં રહ્યાં છે, એક બીજાનાં અંગોપાંગના દબાણથી જેઓને શ્વાસ લેવો પણ મુશ્કેલ થઈ પડયો છે. તેવીજ રીતે કુમારના અવલોકનમાં આતુર થએલી પૌરાંગનાઓના વિવિધ આલાપવિભ્રમ શરૂ થયા.

આલાપચેષ્ટિત. કુમારનું સ્વરૂપ નિહાળવાને અતિ ઉત્સુક થએલી કેટલીક સ્ત્રીઓ બહુ ભારે પોતાના નિતંબ ભાગની નિંદા કરે છે કે જો નિતંબનો વિભાગ હલકો હોત તો જલદી ગમન કરી શકત. વળી કોઇક સ્ત્રી લાક્ષારસથી અર્ધો રંગેલો પોતાનો ચરણ ખેંચી લઈ બહુ ઉતાવળથી કુમારના દર્શન માટે ચાલી જાય છે. કોઇક યુવતિ પુષ્ટ અને ઉન્નત સ્તનભારને લીધે દરેક સ્થલે સ્ખલના પામવાથી તરૂણ જનોને હાસ્યપાત્ર થાય છે. કોઈક તો ઉતાવળને લીધે પોતાના લલાટમાં કુંકુમના બદલે કાજળનું તિલક

કરી સંભ્રાંત ચિત્તે દોડે છે તે જોઈ હાસ્ય કરતા લોકોને પણ તે ગણતી નથી. વળી કોઈક સ્ત્રી કહે છે કે ત્રણ લોકમાં પૂજ્ય મનાતો આ કામદેવ છે, જો એમ ન હોય તો એની પાછળ બેઠેલી રતિદેવી અહીં ક્યાંથી હોય ? ત્યારબાદ અન્ય કોઈ યુવાત બોલી, મુગ્ધે ! આ ત્હારૂં બોલવું ઉચિત નથી કારણકે કામદેવનું તો અંગ પણ શંકરે બાળી નાખ્યું છે, તો કાંતિની વાર્ત્તા ક્યાંથી સંભવે ? અન્ય કોઈ વિદગ્ધા બોલી, સખી ! આતો ઇંદ્ર છે અને તેની પાછળ બેઠેલી તેની સ્ત્રી ઇંદ્રાણી છે. તે સાંભળી અન્ય સ્ત્રી બોલી, બાલે ! જરૂર ત્હારી બુદ્ધિમાં વિભ્રમ થયો લાગે છે, કારણકે ઇંદ્રનું શરીર તો સહસ્ર લોચનો (છિદ્રો) થી દૂષિત થએલું છે, માટે જરૂર આ સુપાર્શ્વકુમાર છે અને તેમની પાછળ સોમા નામે તેમની સ્ત્રી છે. પ્રિય સખિ ! રત્નાવલી હાર સમાન આ સોમાદેવીની બાહુલતા શ્રીસુપાર્શ્વકુમારના મનોહર કંઠસ્થલમાં લુઠન કરશે માટે આ જગત્‌માં સોમાદેવીજ ધન્યવાદને લાયક છે. તે સાંભળી અન્ય સ્ત્રી બોલી, સખિ! એ ધન્યતમ કેવીરીતે ગણી શકાય ! એને પણ સપત્ની (શૉક) નું દૂષણ તો અવશ્ય લાગવાનું છે, કારણકે આ કુમાર ત્રણ ભુવનના અધિપતિ છે. એ પ્રમાણે ચતુર યુવતિજનોનાં વિલાસવચનો શ્રવણ કરતા કુમારેંદ્ર પોતાના ભવન દ્વાર આગળ ગયા. અને હાથિણી ઉપરથી નીચે ઉતર્યા. ત્યાં વારાંગનાઓનાં વિવિધ મંગલ ગીતોનું અનુમોદન કરીને માતાપિતાના ચરણકમલમાં નમસ્કાર કર્યા બાદ પોતાના વાસભવનમાં ગયા. ત્યાં પણ નિરંતર પ્રમોદપૂર્વક દિવ્ય વિષયસુખ ભોગવે છે. અનુપમ પુણ્યાનુયોગને લીધે તેમનો કોઇપણ મનોરથ અપૂર્ણ રહેતો નથી, પોતાની ઇચ્છા પ્રમાણે અલંકાર, અમૂલ્ય ગંધ, વસ્ત્ર વિગેરે દરેક વસ્તુઓ ઇંદ્રની આજ્ઞાથી દેવતાઓ પૂર્ણ કરે છે. કાયિક અને માનસિક વિપત્તિઓ તેમજ સમસ્ત શત્રુવર્ગ જેમને

સ્પ્નમાં પણ દેખાતા નથી, વળી કદાચિત્ સેવા માટે આવેલા
ારદ મુનિએ પ્રારંભેલા પંચમ નાદ સહિત નૃત્ય કરતી દેવાંગના-
ોનું પ્રેક્ષણક (નાટારંગ) જુએ છે. કોઈક સમયે માતાપિતા પાસે
તય છે, કદાચિત્ નિર્ણય કરવા લાયક લોકવિવાદમાં આસક્તિ
ારાવે છે, આ પ્રમાણે કુમારેંદ્રનાં કેટલાંક વર્ષ વ્યતીત થયાં.

ાજ્યાભિષેક અને સુપ્રતિષ્ઠ નરેશનો સ્વર્ગવાસ.

અન્યદા સુપ્રતિષ્ઠ રાજાએ પોતાનો મરણ સમય નજીક જાણી રાજ્ય ગાદીને નહીં ઈચ્છતા એવા કુમારેંદ્રનો વિધિપૂર્વક રાજ્યાભિષેક કર્યો. ત્યાર બાદ પોતે નરેંદ્ર પણ પદ્મપ્રભુજીનોક્ત ધર્મની આરાધનાપૂર્વક વિધિ પ્રમાણે અનશન વ્રત ગ્રહણ કરી ઇશાન દેવલોકમાં ઉત્પન્ન થયા. વળી પૃથિવી દેવી ધર્મધ્યાન આરાધી મોક્ષે ગયાં.
સિદ્ધાંતમાં કહ્યું છે કે—

नागेसुं उसभपिया, सेसाणं सत्त जंति ईसाणे ।
अट्ट य सणंकुमारे, माहिंदे अट्ठ अणुकमसो ॥ १ ॥
आइजिणाणट्टगहं, गयाओ मोक्खम्मि अट्ठ जणणीओ ।
अट्ठ य सणंकुमारे, माहिंदे अट्ठ वच्चंति ॥ २ ॥

રૂષભદેવના પિતા નાગલોકમાં, તેમના પછીના સાત તીર્થંકરોના સાત પિતાઓ ઇશાન દેવલોકમાં, ત્યારબાદના આઠ સનત્કુમારમાં તેમજ બાકીના આઠ અનુક્રમે માહેંદ્ર દેવલોકમાં જાય છે. તેવીજ રીતે આદ્ય આઠ જીનેંદ્રની આઠ માતાઓ મોક્ષમાં, આઠ સનત્કુમારમાં, અને આઠ માહેંદ્ર દેવલોકમાંજાય છે.

શ્રીશેખરજન્મ.

સુપાર્શ્વ નરેંદ્ર પણ અદ્વિતીય પ્રતાપ વડે અતિ વિષમ એવા કિલ્લાઓ પોતાને સ્વાધીન કરી રાજ્ય શાસન ચલાવવા લાગ્યા. અખિલ ગર્વિષ્ઠ વૈરીઓનો માનમહિમા નિર્મૂલ કરી દિગંત

કીર્ત્તિ મેળવી. એ પ્રમાણે રાજ્ય વ્યવહારમાં કેટલાંક વર્ષ વ્યતીત થતાં સોમા દેવીએ ગર્ભ ધારણ કર્યો, અનુક્રમે પૂર્ણ સમયે પુત્ર પ્રસવ થયો. જેના સુકોમલ પાદ અને હસ્તનાં તળીયાં સુંદર લાલ ચળકતાં હતાં, જેના શરીરના અવયવો માન પ્રમાણ સહિત મનોહર લક્ષણોથી શોભતાં હતાં. તેમજ સૂક્ષ્મ કાંતિના ઉદ્યોતથી જન્મ સ્થાન વિમાન સમાન ઉજ્વલ દીપતું હતું, સર્વત્ર શુભ વાદ ફેલાયો. યોગ્ય સમયે મહોત્સવપૂર્વક શ્રી શેખર નામ સ્થાપન કર્યું. પાંચ ધાત્રી માતાઓથી પાલન કરાતો તે કુમાર પણ દિવસે દિવસે ચંદ્રકલાની માફક વૃદ્ધિ પામવા લાગ્યો. પોતાની મેળે વરવાની ઇચ્છા કરતી સમસ્ત કલાઓ ત્યાં આવી વિના પ્રયાસે કુમારને વરી.

વૈરાગ્ય ભાવના.

એક દિવસે સુપાર્શ્વ નરેંદ્ર પોતાના પ્રાસાદની અગાશીમાં બેઠા હતા, તેટલામાં અકસ્માત્ સૂર્યમંડલ નિસ્તેજ દેખાવા લાગ્યું, ક્ષણમાત્રમાં કરપત્ર (કરવત) સમાન વિકરાલ દંષ્ટ્રાઓવડે ભયંકર રાહુએ સઘળું તેનું બિંબ ઘેરી લીધું, વૃદ્ધ પુરૂષો પણ ઉંચાં મુખ કરી આકાશ તરફ જોવા લાગ્યા, હર્ષ સહિત સર્વત્ર પ્રસરતા અંધકાર રૂપી દુષ્ટ રાક્ષસે સમસ્ત નભોમંડલ સ્વાધીન કર્યું. તેવામાં પોતાના પુત્રો સહિત બ્રાહ્મણની સ્ત્રીઓ " હે રાહુ ! સૂર્યને છોડી દે " એ પ્રમાણે મહાન્ પોકાર કરવા લાગી. તે સાંભળી રાજાની દૃષ્ટિ ભૂમિ તરફ ખેંચાઇ, ત્યાં ચક્રવાકનાં જોડલાં રાત્રીના શંકાથી વિયુક્ત થએલાં જોયાં, તેમજ ઉલૂક (ઘુવડ) પક્ષિઓના ભયને લીધે અંગોપાંગ સંકોચી કાગડા અને કાગડીઓના ટોળાં વનની અંદર ભરાઇ ગયાં. વળી સૂર્યને મુક્ત કરવા માટે યાજ્ઞિક લોકોએ મંત્રોવડે શુદ્ધ કરેલા ઘી મધ વગેરે દ્રવ્યથી અગ્નિમાં હોમનો પ્રારંભ કર્યો, તેમાંથી નીકળતા ધૂમના ગોટાઓ આકાશમાં ફેલાઇ ગઇ, તેથી વર્ષાકાલની

શંકા ધારી રાજહંસો માન સરોવર તરફ પ્રયાણ કરતાં જોવામાં આવ્યા. તેમજ વર્ષાકાલના સમયમાં પોતાના પતિ ઘર તરફ આવશે એમ જાણી તેઓના માર્ગ તરફ દષ્ટિ કરતી પાડોશમાં રહેલી મુગ્ધ સ્રીઓ તેમના જોવામાં આવી. ત્યારબાદ પોતાનો ભોગ્યકાળ પૂર્ણ થયો કે તરતજ ધૂમ વડે મીણક (મધપુડા) ની માફક રાહુથી સૂર્યમંડલ મુક્ત થયું. નરેંદ્ર જેટલામાં ચરાચર ભૂમંડલને સ્વસ્થ અવસ્થામાં જુવે છે તેટલામાં ફરીથી તેમની દષ્ટિ આકાશ તરફ ગઈ. દિગ્મંડલ પ્રકાશમય દેખાવા લાગ્યું. બહુ પ્રતાપી સૂર્યમંડલ અતિશય તેજને લીધે દુર્દૃશ્ય થઈ પડયું. આ પ્રમાણે ક્ષણમાં નષ્ટ અને દૃષ્ટ એવો આ દેખાવ જોઇ રાજા ક્ષણિકપણાની ભાવના ભાવવા લાગ્યા કે જેમ આ સૂર્યને બલાત્કારે રાહુએ ગ્રહણ કર્યો તેમ જરૂર આ સંસારમાં મૃત્યુવડે પ્રાણીઓ ગ્રહણ કરાય છે. તેમજ આ દુનિયા સંબંધિ ચારે ગતિમાં ભ્રમણ કરતા જીવોને જે કંઇ સુખ લાગે છે તે પણ દુઃખ ગર્ભિત છે. છતાં પણ અહો ! આ સંસારમાં લોકો વ્યામૂઢ બની રહ્યા છે. વળી સ્રીઓના કટાક્ષરૂપી જાળમાં ફસાએલા કેટલાક પુરૂષો અનહદ દુઃખો સહન કરે છે. કામરૂપી મહા વ્યાધનાં તીક્ષ્ણ બાણોથી વીંધાએલા કેટલાક પ્રાણીઓ કોઈ પણ સ્થળે સુખી થતા નથી. તેમજ આત્મરક્ષક સદ્ગુરૂ નહીં મળવાથી તેઓ સાંસારિક દુઃખરૂપી દાવાનલમાં વારંવાર ઈંધન સમાન થઈ પડે છે. માટે આ સંસારરૂપી કારાગૃહમાંથી સ્રીપુત્રના સ્નેહરૂપી બેડીને ભાગી નાખી હાલમાં નીકળી જવું તે ઉચિત છે.

લોકાંતિક દેવ પ્રાર્થના.

એ પ્રમાણે નરેંદ્ર ચિંતવતા હતા તેટલામાં દેવતાઓનાં આસન કંપ્યા એટલે અવધિજ્ઞાન વડે પોતાનું કાર્ય જાણી સારસ્વત, આદિત્ય, વન્હિ, વરૂણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, આ

ગ્નેય અને અરિષ્ટ નામે દેવતાઓ સુપાર્શ્વ નરેંદ્રની પાસે આવ્યા. જેમના નમાવેલા મસ્તકોમાંથી સુગંધિત મંદાર પુષ્પોના ઢગલા અલૌકિક શોભા આપી રહ્યા છે એવા તે દેવો વિનયપૂર્વક જીનેશ્વરની સ્તુતિ કરવા લાગ્યા. ભુવનશ્રેણીરૂપ કમલવનમાં પ્રચંડ સૂર્યસમાન અને કામરૂપી મદોન્મત્ત હસ્તિના કુંભસ્થલને ભેદવામાં મૃગેંદ્રસમાન હે જીનેંદ્ર ! સર્વત્ર આપનો જય વર્તે છે. તેમજ મુક્તિરૂપ વધૂનો કંઠાશ્લેષ કરવામાં ઉત્સુક ! મોહ મહાત્મ્યના મર્દન કરનાર ! ત્રણ ભુવનની રક્ષામાંજ તત્પર ! અને પરમ દયાલુ એવા હે ભગવન્ ! આપને વારંવાર નમસ્કાર. આ પ્રમાણે સ્તુતિ કર્યા બાદ હવે પ્રાર્થના કરે છે. દેવ ! અંધકારને દૂર કરનાર સૂર્યની આગળ ખદ્યોતની માફક આપની આગળ અમારી શી ગણતરી ? તોપણ અમારા અધિકાર પ્રમાણે અમે પણ જે એક વિનતિ કરીએ છીએ, તે આપની આગળ માત્ર સ્મરણરૂપ છે, ઉપદેશ તરીકે નથી. હે દયાનિધે ! સંસારના તીવ્ર દુઃખરૂપી વનને દહન કરવામાં અગ્નિ જવાલાને અનુસરતી એવી મુનિદીક્ષા ગ્રહણ કરી અને અનર્થ સાર્થને નિર્મૂલ કરનાર તીર્થમહિમા પ્રવર્ત્તાવો. હે પ્રભો ! નિર્મલ જ્ઞાનરૂપી રત્નદીપવડે પ્રચંડ પાખંડિ જનોની દેશનારૂપ તમોરાશિથી આચ્છાદિત એવા મોક્ષમાર્ગને પ્રગટ કરો. એ પ્રમાણે લોકાંતિક દેવોના ઉપદેશથી શ્રીસુપાર્શ્વપ્રભુ સિદ્ધિવધૂના સમાગમ વિષે વિશેષ ઉત્કંઠિત થયા. એ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી દેવતાઓ પોતપોતાના સ્થાનમાં ગયા.

વાર્ષિક દાન.

શ્રીસુપાર્શ્વ નરેંદ્ર વાર્ષિક મહાદાન આપવાનો વિચાર કરે છે, તેટલામાં સૌધર્મ દેવલોકમાં સુખાસન ઉપર વિરાજમાન થયેલા દેવેંદ્રનું સ્વચ્છ રત્નમય સિંહાસન ચલાયમાન થયું. તદનંતર અવધિજ્ઞાનથી

જીનેંદ્રનો માનસિક સંકલ્પ જાણી તત્કાલ ઉભો થઈ સાત આઠ ડગલાં તેમના સન્મુખ ગમન કરી ભગવાનની સ્તુતિ કરી અને વિચાર કર્યો કે શ્રીસુપાર્શ્વજીનેંદ્ર સાંવત્સરિક દાન આપવા ઇચ્છે છે, માટે બારમાસ સુધી તેમને જોઈએ તેટલી ધનસંપત્તિ પુરી પાડવી એ મ્હારૂં કાર્ય છે. એમ જાણી તેણે કુબેરને આજ્ઞા કરી કે; વાર્ષિક દાનને લાયક પુષ્કળ ધન સુવર્ણ રત્ન વિગેરે સંપત્તિઓથી પ્રભુના ભંડાર પૂર્ણ કરો. આ પ્રમાણે ઇંદ્રની આજ્ઞા સાંભળી તેણે પણ તત્કાલ જીનેંદ્ર ભવનમાં જંભક દેવો પાસે સુવર્ણાદિકની વૃષ્ટિ કરાવી. ત્યારબાદ ભગવાને પણ ત્રિક, ચત્વર, બજાર, શેરી, રાજમાર્ગ વિગેરે દરેક સ્થાનોમાં નિરપેક્ષપણે અનિવારિત જાહેર ઘોષણાપૂર્વક દાનની શરૂઆત કરાવી. તેમજ અવિવેક ન થાય તેટલા માટે જેઓ પ્રાર્થનાપૂર્વક ઉંચા હસ્ત કરે છે તે સમસ્ત જનોને નિરંતર સુવર્ણદાન આપવામાં આવે છે. પ્રતિદિવસે એક કરોડ અને આઠ લાખ સોનૈયા અપાય છે. નવીન પ્રગટ થએલા લવલીલતાના ફુલ સમાન અતિ ઉજ્વલ, સુવર્ણ દાનથી ઉત્પન્ન થએલી સુપાર્શ્વ નરેંદ્રની કીર્ત્તિવડે સર્વ દિશાઓ ભાસવા લાગી. વળી કેટલાક યાચકો દાન લેવા માટે દેશાંતરમાંથી આવે છે, અને અન્ય કેટલાક દાન લઇ ચાલ્યા જાય છે. તેથી વારાણસી નગરીની શેરીઓ બહુ વિશાળ છે, છતાં પણ નિર્દયપણે લોકો એક બીજાનાં હૃદય પીલીને મહા કષ્ટે ચાલી શકે છે. વળી યાચક જનોને આપવા માટે એક તરફ સુવર્ણના ઢગલા કરાવે છે, એક બાજુએ વસ્ત્રોના થોકડા થયે જાય છે, અન્ય બાજુએ હાથી, ઘોડા, રથ વિગેરેના નિવેશ કરાવે છે, એક તરફ વિદેશી જનોને ભોજન માટે વિશાળ ભોજનશાળાઓ કરાવે છે, એ પ્રમાણે દાન નિમિત્તે એક વર્ષ પર્યંત નિયુક્ત કરેલા પુરૂષોએ કોઈપણ પ્રતિબંધ રહિત જે દાન આપ્યું, તેનું વર્ણન કરવું પણ અશક્ય છે,

પરંતુ એકંદર આપેલા સોનૈયાની સંખ્યા ત્રણુસો અઠ્ઠાસી કરોડ અને એંશી લાખ થઈ, અન્યનો તો હિસાબજ નથી. આ પ્રમાણે સાંવત્સરિક દાન આપી સમસ્ત ભુવનવાસી લોકોને સંતુષ્ટ કરી સર્વથા યાચકવૃત્તિનો અભાવ કર્યો. ત્યારબાદ રાજાએ મંત્રી, દુર્ગપાલ, સેનાપ્રતિ, કોશાધિપતિ અને મુખ્ય નાગરિક લોકો સહિત માંડલિક રાજાઓને બોલાવી સર્વ સમક્ષ શ્રીશેખર કુમારને સર્વાંગ પોતાનું રાજ્ય સોંપી નીતિ પ્રમાણે પ્રજાજનને ઉપદેશ આપ્યો, "હે દેવાનુપ્રિય! બંધુઓ! હવે હું પ્રવૃત્તિ માર્ગ છોડી દીક્ષા ગ્રહણ કરૂં છું માટે હવેથી આ કુમાર તમ્હારો અધિપતિ છે, તેથી તેની આજ્ઞામાં હમેશાં વર્ત્તવું." આ પ્રમાણે અસહ્ય વચન સાંભળી તેઓ વિસ્મિત થયા અને ગદગદ સ્વરે બોલ્યા કે, પ્રભો! અમારા શ્રવણપુટ જરૂર વજ્રમય છે, અન્યથા આપના વચનરૂપ વજ્રનો પ્રહાર કેમ સહન કરે? વિગેરે કરૂણ વચન બોલી તેઓએ નરેંદ્રનો બહુ આગ્રહ જોઈ મહા કષ્ટે તે વાત કબુલ કરી.

દીક્ષામહોત્સવ સ્વીકાર.

અશ્રુપાતવડે ગંડસ્થલોને મલીન કરતા શ્રી શેખરભૂપતિએ શ્રી જગદ્ગુરૂના ચરણમાંપડી વિનતિ કરી, જગત્પ્રભો! આપ તો મોહાતીત થઇ સર્વ વિરતિ વડે વિરક્ત થયા છો, પરંતુ મ્હારી ઉપર કૃપા કરી આપ દીક્ષામહોત્સવનો સ્વીકાર કરો. એમ રાજાના ઘણા આગ્રહને લીધે શ્રીસુપાર્શ્વ પ્રભુએ દીક્ષામહોત્સવ માન્ય કર્યો. ત્યારબાદ ભૂપતિએ વૈત્રિક જનોને આજ્ઞા આપી કે તરતજ તેઓએ એક હજાર અને આઠ સુવર્ણ કલશ ત્યાં મંગાવ્યા. તેમજ અતિ શુદ્ધ તીર્થજલ, દિવ્ય ઔષધિઓ, કર્પૂરમિશ્ર ચંદન વિગેરે સુગંધિત વિલેપનો ઉન્મજ્જન માટે મંગાવ્યા. તે સમયે બત્રિશ સુરેંદ્રોનાં સિંહાસન

કંપ્યાં એટલે અવધિજ્ઞાનના ઉપયોગથી જીનેંદ્રનો દીક્ષામહોત્સવ જાણી તેઓ મનોહર વિમાનોમાં આરૂઢ થયા. જેઓનાં નેત્ર વિકસ્વર કમલસંપત્તિને અનુસરે છે, વળી યૌવનના ઉત્કટ વિલાસોવડે અદ્ભુત શોભાને ધારણ કરતા, તેમજ કોટાકોટિ દેવતાઓના પરિવારથી વીંટાએલા અને સુંદરરૂપ સૌભાગ્યથી દેદીપ્યમાન એવા તે સર્વ દેવેંદ્રો નભસ્તલને ગર્જાવતા પટહ, શંખ, કાહાલાં, મૃદંગ, તાલ અને ભેરી વિગેરે દિવ્ય વાજીંત્રોના ઘોષવડે બ્રહ્માંડને બધિર કરતા જીનેંદ્ર ભગવાનની પાસે આવ્યા, અને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક જીનવરના ચરણકમલમાં પ્રણામ કરી તેઓ પ્રભુના ચરણન્યાસથી પવિત્ર થયેલા ભવનાંગણમાં વિનયપૂર્વક બેઠા.

દીક્ષાઅભિષેક. અચ્યુતેંદ્રે પોતાના દેવોને આજ્ઞા આપી કે પ્રભુના જીનેંદ્રનો દીક્ષામહોત્સવનો સમય છે, માટે નિષ્ક્રમણ (દીક્ષા) અભિષેકની સમસ્ત સામગ્રી તૈયાર કરો. એ પ્રમાણે ઇંદ્રનું વચન સાંભળી નમસ્કાર કરી તરતજ દેવતાઓ ત્યાંથી નીકળ્યા. ક્ષીરસાગરના જલથી સંપૂર્ણ ભરેલા સુપ્રશસ્ત સુવર્ણાદિક કલશ, તેમજ સુગંધિત પુષ્પ અને અન્ય ઉચિત સાર વસ્તુઓ લઇ અચ્યુતેંદ્રની પાસે આવ્યા. ત્યારબાદ તે દેવતાઓ સહિત અચ્યુતેંદ્રે જેની અંદર દિવ્યૌષધીઓ નાખેલી છે એવા એક હજાર અને આઠ સુવર્ણાદિ કલશો વડે મંદિર રૂપી મંદરાચલમાં વિરાજમાન થએલા જીનેંદ્રનો બહુ ભક્તિપૂર્વક અભિષેક કર્યો. એજ પ્રમાણે બાકીના ચંદ્ર અને સૂર્ય પર્યંત સર્વ સુરેંદ્રોએ પણ જીનદીક્ષાભિષેક કર્યો, અને પોતપોતાના સ્થાને બેઠા, એટલે શ્રીશેખર ભૂપતિએ દુકૂલાંચલથી મુખકોશ બાંધી સાવધાન થઇ વિનયપૂર્વક તીર્થોદક ભરી પ્રથમ લાવેલા હજારો સુવર્ણાદિ કલશોવડે જીનેંદ્રનો અભિષેક કર્યો. તે પ્રસંગે કેટલાક દેવો પ્રભુના બન્ને પડખાઓમાં ઉ-

જ્વલ ચામર વીંઝે છે, કેટલાક દેવો સ્વચ્છ કમલપત્રસમાન શ્વેત છત્રો ધરી રહ્યા છે, કેટલાક પ્રભુની આગળ નિર્મળ દર્પણ ધરી રહ્યા છે, કેટલાક તો સર્વ દિશાઓમાં અંધકાર ફેલાવતા અગુરૂ અને કર્પૂર વિગેરે ધૂપોનાં પાત્ર લઈ ઉભા રહ્યા છે, વળી કેટલાક દેવો સુગંધમાં લુબ્ધ થએલા ભ્રમરાઓના ગુંજારવ સહિત પંચરંગી પુષ્પોની માલાઓ તૈયાર કરે છે, તેમજ અન્ય દેવતાઓ ભગવાનની સેવામાં હાજર રહ્યા છે. એ પ્રમાણે અભિષેકમહોત્સવ પૂર્ણ થયા બાદ શ્રીશેખર મહીપતિએ ઉત્તરાભિમુખ એક બીજું સિંહાસન સ્થાપન કર્યું, તે ઉપર વિરાજમાન થએલા જીનેંદ્રને શ્વેત અને પીત રંગના કલશોવડે સ્નાન કરાવીને પૂર્વાભિમુખ સિંહાસન ઉપર બેસાડ્યા. પછી સુકોમલ ગંધ કાષાય વસ્ત્રોથી સર્વ અંગ લુછી નાંખ્યાં. ત્યારબાદ બહુ સુગંધમય ગોશીર્ષ ચંદનનો શરીરે લેપ કર્યો, સ્ફટિક રત્ન સમાન ઉજ્વલ બે દેવદૂષ્ય પહેરાવ્યાં, વક્ષસ્થલમાં નવીન અને નિર્મલ મુક્તાફલનો હાર પહેરાવ્યો. તેમજ બન્ને કર્ણોમાં ધારણ કરેલાં મણિમંડિત કુંડલોની કાંતિથી ગંડસ્થલ વિચિત્ર દીપવા લાગ્યું. અને રત્નમય મુકુટથી વિભૂષિત મસ્તક અનુપમ શોભવા લાગ્યું. એ પ્રમાણે સમસ્ત સંપત્તિયુક્ત શ્રીસુપાર્શ્વપ્રભુના ચરણકમલમાં નમસ્કાર કરી પૃથ્વીપર મસ્તક નમાવી સર્વ સુરાસુરેંદ્રો આશીર્વાદપૂર્વક પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા, હે દેવાધિદેવ ! આપ આ જગતમાં વિજય પ્રવર્તાવો, અનેક કુતીર્થોનો ઉદ્ધાર કરો, મહા મોહમલ્લના માહાત્મ્યને નિર્મૂલ કરો, મિથ્યાત્વનો ઉચ્છેદ કરો, વળી હે ભગવન્ ! મોક્ષમાર્ગનો પ્રકાશ કરો, ઉત્તમ મુનિધર્મની રક્ષા કરો, અને સમસ્ત આન્તરિક શત્રુઓની સેનાનો પરાજય કરો, તેમજ હે નાથ ! [illegible] અજય્ય એવા કામનો પણ પરાજય કરો. એ પ્રમાણે [illegible] પ્રમુદિત હૃદયવડે સુર, અસુર અને [illegible]

ગણુ સહિત સુરેંદ્રોએ પ્રભુની આગળ નાટારંગ કર્યો. ત્યારબાદ પિતાના ભાવિ વિરહના દુઃખથી ઉદ્વિગ્ન થએલા શ્રીશેખર નૃપતિએ પોતાના અનુચરોને આજ્ઞા કરી કે જગત્પ્રભુ માટે વિવિધ રચનાયુક્ત મનોરમા નામે મહા શિબિકા જલદી તૈયાર કરો. તેના મધ્ય ભાગમાં પાદપીઠ સહિત મણિમય સિંહાસન સ્થાપન કરો, અને ચંદન રસથી પ્રશસ્ત સ્વસ્તિક (સાથીઆ) ની રચના કરો. એ પ્રમાણે સ્વામિનું વચન સાંભળી તેઓએ પણ સર્વ તૈયાર કર્યું. તેટલામાં હર્ષથી ઉલ્લાસ પામતા સુરાધિપે પોતાના દેવોને જણાવ્યું. ભો ભો ! દેવો ! મૌક્તિક માલાઓથી વિરાજીત, અમૂલ્ય મણિગણથી વિભૂષિત, સહસ્ર પુરૂષોએ વહન કરવા લાયક અને કાંતિમાં મનોરમા સમાન એવી એક શિબિકા (પાલખી) રચીને મનોરમા મહા શિબિકાની અંદર સ્થાપન કરો. દેવોએ પણ ઇંદ્રની આજ્ઞા મુજબ સંતુષ્ટ થઇ સમસ્ત કાર્ય સંપાદન કર્યું.

દીક્ષાવરઘોડો. સમગ્ર અલંકારોથી વિભૂષિત અને કર્યું છે છઠ્ઠનું તપ જેમણે એવા શ્રી સુપાર્શ્વપ્રભુની આગળ સુરેંદ્રોએ વિનતિ કરી એટલે પોતે સિંહાસન પરથી ઉભા થઇ મહા શિબિકાની પ્રદક્ષિણા કરી અંદર પ્રવેશ કર્યો અને તેના મધ્યમાં રહેલા પૂર્વાભિમુખ મણિમય સિંહાસન ઉપર વિરાજમાન થયા. ત્યાર બાદ ધાત્રી (ધાવ) માતા પણ તેમની વામ બાજુએ બેઠી, તેમજ પવિત્ર થઇ ઉત્તમ નેપથ્ય ધારણ કરી કુલમહત્તરા (વૃદ્ધા) હંસ લક્ષણ શાટક (સાડી) પહેરી દક્ષિણ બાજુએ ભદ્રાસન ઉપર બેઠી. પ્રભુની પશ્ચિમ દિશાએ બીજી એક શ્રેષ્ઠ તરૂણી શ્વેત છત્ર ધારણ કરી ઉભી રહી છે. ઇશાન કોણમાં કોઇક અન્ય વિલાસિની ઐરાવત હસ્તિની સુંઢ સમાન નાળચાવાળો ભૃંગાર

(કલશ) ગ્રહણ કરી ઉભી છે. અગ્નિકોણમાં એક સુંદરી પ્રમોદપૂર્વક હસ્તકમળમાં વીંજણો લઈ ઉભી છે, તેમજ પૃષ્ઠ ભાગમાં ચંદ્ર સમાન ઉજ્જવળ અને વૈડુર્ય રત્નોથી જડિત છે દંડ જેમના એવાં સુંદર છત્રો ધરી કેટલાક દેવેંદ્રો ઉભા છે. વળી મહાશિબિકાના બન્ને પડખાઓમાં ઉભા રહેલા સુધર્મેંદ્ર અને ઇશાનેન્દ્ર શ્રીસુપાર્શ્વપ્રભુને સ્વચ્છ ચામરો વીંઝે છે. તેટલામાં શ્રીશેખર નરેંદ્રની આજ્ઞા થવાથી જેઓએ સ્વચ્છ વસ્ત્ર પહેર્યાં છે, તેમજ એક સરખી ઉમ્મરવાળા, પ્રવરરૂપ સૌભાગ્યથી વિભૂષિત, અંગોપાંગથી અક્ષત, અતિ બલવાન્ તેમજ સ્વકર્ત્તવ્ય જેમણે સિદ્ધ કર્યું છે અને રોમાંચિત છે અંગ જેમનાં એવા હજાર પુરૂષો મહાશિબિકા વહન કરી ત્યાંથી નીકળ્યા. માર્ગમાં ચાલતાં મહાશિબિકાની બન્ને બાજુએ મ્હોટા આનંદ સાથે સૌધર્મેંદ્ર અને ઇશાનેંદ્ર બન્ને જણ દક્ષિણ તથા ઉત્તર બાહુ પકડીને ચાલે છે. વળી શિબિકાના દક્ષિણ અને ઉત્તર નીચેના બાહુ ચમર અને બલિ નામે અસુરેંદ્રો વહન કરે છે તેમજ અવશિષ્ટ ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો અનુક્રમતા પ્રમાણે શિબિકા ઉપાડે છે. અહીં બહુ વર્ણન શું કરવું ? રોમાંચિત થયાં છે ગાત્ર જેમનાં એવા નરેંદ્રોએ પ્રથમ શિબિકા ઉપાડી. ત્યારબાદ અસુરેંદ્ર, સુરેંદ્ર અને નાગેંદ્ર વહન કરે છે. જ્યારે પ્રભુ ભવનમાંથી બહાર નીકળ્યા ત્યારે ગમનાગમન કરતા ચતુર્વિધ દેવતાઓના સમૂહોવડે [illegible], આકાશ, [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

તેમની આગળ ચાલવા લાગ્યાં. તેઓની પાછળ પૂર્ણ કલશ, ભૃંગાર, પતાકાઓ, લંબાયમાન કુરંટ વૃક્ષના પુષ્પોની માલાવાળું દિવ્ય છત્ર, વિશુદ્ધ મણિમય પાદપીઠ સહિત વિશાલ સિંહાસન, તેમજ ઉભય પાદુકા ગ્રહણ કરી એક પુરૂષ આગળ ચાલે છે. ત્યારબાદ સૂર્યના અશ્વ સમાન તેજસ્વી, સુવર્ણમય લગામોથી સુશોભિત અને દક્ષ પુરૂષોએ ક્રીડા પૂર્વક ચલાવેલા એકસો અને આઠ ઉત્તમ જાતિના ઘોડાઓ, તેમજ મનોહર છે સાત અંગ જેમનાં એવા એકસો ને આઠ મદોન્મત્ત હસ્તિઓ માવતોની પ્રેરણાથી ચાલે છે. ત્યારબાદ અશ્વ જોડેલા એકસો ને આઠ રથ અને દરેક રથ સાથે આયુધધારી એકસો આઠ સુભટો ચાલે છે. તત્ પશ્ચાત્ રથ, હાથી અને અશ્વોપર આરૂઢ થએલા સૈનિકો ઘણા વેગથી ચાલે છે. વળી ઉંચાઇમાં આકાશને માપતો હોયને શું ? એવો અતિ ચંચલ મહેંદ્રધ્વજ દેવોએ ઉપાડેલો છે, તદનંતર દંડધારી પુરૂષો, મુંડાઓ, હાસ્ય કરાવનાર ખડગી પુરૂષો, ગાનતાન કરનાર, વાજીંત્રીઓ, નર્તક, પ્રશંસા કરનાર, જયજય નાદ કરનાર, તેમજ હજારો માંગલિક શબ્દોના ઉચ્ચાર કરતા અને પ્રભુના ગુણોની સ્તુતિ કરતા સર્વ જનો જલદી ચાલવા લાગ્યા. વળી પોતપોતાનાં વાહનોપર આરૂઢ થઇ સેનાપતિ, મંત્રી, મ્હોટા ક્ષત્રિય અને શેઠીઆઓ પણ આગળ ચાલ્યા; શુદ્ધ વસ્ત્ર જેમણે પહેરેલાં છે અને શ્વેત ચામરોથી વીંઝાતા એવા શ્રીશેખર નરેંદ્ર ગંધહસ્તિ ઉપર બેસી પ્રભુની પાછળ ચાલવા લાગ્યા. એ પ્રમાણે બીજા અનેક દેવ અને મનુષ્યો પ્રભુની પાછળ ચાલવા લાગ્યા. પ્રભુનું શરીર ઉંચાઈમાં બસો ધનુષ પ્રમાણ અને સમચતુરસ્ર સંસ્થાન, વજ્ર રૂષભનારાચ (સંઘયણ) યુક્ત છે. વળી પૌરાંગનાઓ પ્રભુનાં દર્શન કરી પોતાનાં

વિશાલ નેત્રોનું સાર્થકપણું માનવા લાગી. ઘણા આનંદથી સમગ્ર દેવતાઓ જયજય શબ્દોનો ઉચ્ચાર કરવા લાગ્યા. ભોજન પાન વિગેરેનો ત્યાગ કરી દર્શનાભિલાષી પૌરજનો પ્રાસાદ ઉપર આરૂઢ થઈ પુષ્પોથી પ્રભુને વધાવવા લાગ્યા. બંદીજનો સ્તુતિ કરવા લાગ્યા. તે પ્રસંગે જરૂર આ સંસાર અસાર છે, કારણ કે આવા મહાન્ પુરૂષો પણ તેનો ત્યાગ કરે છે એ પ્રમાણે સુર, અસુર અને નરેંદ્રોના હૃદયમાં વિશુદ્ધ ભાવના ઉત્પન્ન થઈ. પોતાના આત્માને શોચતી વારાંગનાઓ મંગલાચરણ પૂર્વક મુક્તકંઠે પ્રશંસા કરવા લાગી. વળી એક તરફ શ્રીશેખર વિગેરે ક્ષત્રિઓ અને બીજી તરફ સોમા પ્રમુખ અંતઃપુરની સ્ત્રીઓથી પરિવૃત શ્રીસુપાર્શ્વ પ્રભુ અનુક્રમે **સહસ્રામ્રવન** ઉદ્યાનની સમીપે જઇ પહોંચ્યા. ઉછળતા કોયલના મધુર નાદવડે જાણે સ્વાગત શબ્દોનો ઉચ્ચાર કરતો હોયને શું ? પવનથી હાલતા અશોક વૃક્ષના નવપલ્લવરૂપી હસ્તવડે નૃત્ય કરતો હોયને શું ? નાના પ્રકારના પક્ષિગણોના વિશાળ શબ્દોવડે ગાયન કરતો હોયને શું ? મૃદુ પવનને લીધે નમી ગએલા વૃક્ષોનાં શિખરરૂપી મસ્તકોવડે પ્રણામ કરતો હોયને શું ? વિકસ્વર વિશુદ્ધ પુષ્પોવડે હાસ્ય કરતો હોયને શું ? પ્રફુલ્લ પુષ્પોમાંથી ઝરતા મકરંદ–રસવડે આનંદાશ્રુને વહન કરતો હોયને શું ? સુગંધમય પવનવડે અતિશય સુવાસવાળા ધૂપને ફેલાવતો હોયને શું ? પવનથી કંપાયમાન વૃક્ષો ઉપરથી ખરતાં પુષ્પોવડે જાણે પ્રભુને અર્ઘ પ્રદાન કરતો હોયને શું ? મયૂરોના ધ્વનિવડે કુશળ વૃત્તાંત પુછતો હોયને શું ? એવા તે ઉદ્યાનમાં પ્રવેશ કરી શ્રીસુપાર્શ્વ પ્રભુ મહાન્ અશોકતરૂની શીતળ છાયામાં સુરેંદ્રના હસ્તનું અવલંબન લઈ મહાશિબિકામાંથી નીચે ઉતર્યા. ત્યારબાદ પ્રભુએ સિદ્ધોને નમસ્કાર કરી આભરણ, પુષ્પ અને વસ્ત્રો ઉતારી નાખ્યા. ઇંદ્ર મહારાજે પોતાના હસ્તમાં લઈ તે સર્વ

શ્રીશેખર નરેંદ્રને આપ્યાં, પછી ઇંદ્રે બહુ હર્ષ પૂર્વક પોતાના સેનાપતિને આજ્ઞા આપી એટલે તરત જ તેણે દિવ્ય વાદ્ય વાગતાં બંધ કરાવ્યાં.

કુલમહત્તરા. મુક્તાફલ સમાન સ્થૂલ એવાં અશ્રુ બિંદુઓને વહન કરતી કુલવૃદ્ધા ગદ્ગદ્ કંઠે બોલી, દેવાધિદેવ ? ત્રણે લોકમાં કાશ્યપ ગોત્ર બહુ પવિત્ર ગણાય છે, તેમાં આપ ઉત્પન્ન થયા છો. સુપ્રતિષ્ઠ નરેંદ્રના નિર્મલ કુલરૂપી ક્ષીરસાગરમાં આપ કલ્પવૃક્ષ સમાન છો, વળી બન્ને પક્ષથી વિશુદ્ધ એવી પૃથિવી દેવીની કુક્ષિમાંથી તમે પ્રગટ થયા છો. તેમજ શારદચંદ્રની કાંતિસમાન નિર્મલ યશવડે અખંડ ભૂમંડલ આપે ઉજ્વલ કર્યું છે. અને અપરિમિત દિવ્યરૂપ, લાવણ્ય તથા સૌભાગ્ય ગુણોથી આપનો દેહ પરિપૂર્ણ શોભે છે. માટે કોઇપણ એવી રીતનો પ્રયત્ન કરો કે જેથી આપ જલદી શિવ સુખ પામો. એ પ્રમાણે કુલવૃદ્ધાનું વચન સાંભળી શ્રીસુપાર્શ્વ ભગવાન્ પોતાની બન્ને મુષ્ટિવડે કેશકલાપને ઉખેડવાનો આરંભ કરે છે તેટલામાં ગુરૂ ભક્તિથી કિંચિત્ નમ્ર થઇ ઇંદ્રે જીનેશ્વરના કરતલમાં રહેલા કેશ વજ્રવડે છેદી પોતાના દેવદુષ્યના છેડે બાંધી લીધા. એવી રીતે લોચક્રિયા પૂર્ણ થયા બાદ જીનવરની આજ્ઞા લઇ દુર્જનના હૃદય સમાન કુટિલ અને શ્યામ એવા તે સમસ્ત કેશ ક્ષીર સાગરમાં નાખ્યા.

ચારિત્રસ્વીકાર. જ્યેષ્ઠ સુદી ત્રયોદશીના દિવસે અપરાન્હ સમયે શ્રીસુપાર્શ્વ ભગવાને પોતેજ સિદ્ધોને નમસ્કાર કરી અભિગ્રહ ધારણ કર્યો, કે આજથી આરંભી સર્વ સાવદ્ય કાર્યનો મ્હારે ત્યાગ છે, એ પ્રમાણે નિરવદ્ય ચારિત્ર અંગીકાર કર્યું. તે સમયે આકાશ અને ભૂમિ ઉપર રહેલા દેવેંદ્ર, માનવ, વિદ્યાધર અને કિંનરોના ગણોએ

સ્કાર કરી ઉભા થયા. મ્હારા પિતાશ્રી સુરાસુરેંદ્રોને પૂજ્ય છે તેથી પ્રમોદયુક્ત અને તેમણે રાજ્ય તથા દેશનો ત્યાગ કરી અરણ્ય વાસ સ્વીકાર્યો એથી શોકાતુર થએલા એવા શ્રીશેખર રાજાએ પોતાના નગરમાં પ્રવેશ કર્યો. વળી દુઃસહ એવા પોતાના પ્રિયપતિના વિરહને લીધે બહુ શોકાતુર થયેલાં સોમાદેવીને પોતાના સ્થાનમાં લઇ ગયા બાદ મહાકષ્ટે શાંત કર્યાં.

इतिश्रीसुपार्श्वजिनचरित्रे जन्मनिष्क्रमणाभिधानकल्याण-
कथनप्रतिबद्धद्वितीयप्रस्तावः समाप्तः ॥

જીનેંદ્રપારણું. હે ભવ્ય પ્રાણિઓ ? એ પ્રમાણે સંસાર તારક એવું ચારિત્ર ગ્રહણ કર્યા બાદ સમસ્ત પ્રાણિઓના હિતકારક અને ચાર જ્ઞાનના ધારક શ્રીસુપાર્શ્વનાથ જીનેંદ્ર મેરૂશિખરની માફક નિશ્ચલ થઇ કાયોત્સર્ગે રહ્યા. અને ભવ્ય પ્રાણીરૂપી ચકોર પક્ષીઓને આનંદ આપવામાં ચંદ્ર સમાન જીન પરમાત્મા શાંતમૂર્ત્તિવાળા મુનિમંડલ સહિત તે દિવસે ત્યાં રહ્યા. ત્યારબાદ બીજે દીવસે ભગવાન મદોન્મત્ત ઐરાવત હસ્તિની માફક મંદ ગતિ કરતા પારણા માટે પાટલિખંડ નગરમાં ગયા, ત્યાં મધુકરવૃત્તિને અનુસરતા જીનેંદ્રપ્રભુ મહેંદ્ર શેઠના ઘર આગળ ગયા પ્રભુને આવતા જોઇ મહેંદ્ર શેઠ પણ હર્ષભરથી રોમાંચિત થઇ એકદમ ઉભા થઇ પ્રભુના સ્હામા ગયા અને નમસ્કાર કરી બહુ આનંદને લીધે બેસી ગયો છે સ્વર જેમનો એવા તે શેઠ વિનંતિ કરવા લાગ્યા હે જીનેંદ્ર ? હમેશાં પરિપકવ અને મધુર ફલદાયક એવા પારિજાત (કલ્પવૃક્ષ) ની માફક ચિરકાલથી સંચિત કરેલા મ્હારા અપૂર્વ પુણ્ય આજે સફલ થયાં, જેથી આપના પવિત્ર ચરણ કમલના સ્પર્શથી અતિ રમણીય આ

મ્હારૂં ભવન જરૂર હવે દેવતાઓને વંદનીય થયું. હે ત્રિલોકબંધો ? આપના મુખારવિંદમાં રહેલા લાવણ્ય રસનું જેઓ વિકસ્વર નેત્રપુટવડે પાન કરે છે, તેઓ ત્રણે લોકની સંપત્તિના શણગાર પાત્ર બને છે. વળી હે દેવ ? દ્રવ્ય અને ભાવ એમ બન્ને પ્રકારે સફલ એવું આપનું દર્શન સર્વત્ર કીર્ત્તિને વિસ્તારે છે, સંપત્તિઓને વધારે છે, તેમજ પાપ રાશિને નિર્મૂળ કરે છે. અહો ? ઉભયથા પણ મોહનિવર્ત્તક એવા આપના દર્શનથી સિદ્ધ ન થાય તેવી કોઈ પણ વસ્તુ આ દુનિયામાં નથી, હે પ્રભો ! ભૂતલને શાંત કરનારૂં, અકાલ વૃષ્ટિ સમાન અચિંતિત આપનું આગમન સંતાપને દૂર કરે છે. પરમ યોગેશ્વરો પણ ધ્યાનચક્ષુથી મહાકષ્ટે જેમનાં દર્શન કરે છે, તેજ આપ પરમાત્મસ્વરૂપ મ્હારી દૃષ્ટિગોચર થયા. ભોગોને સર્પની માફક, ધન સંપત્તિને મૃત્યુની માફક અને કમલને પણ મળ સમાન ત્યાગ કરતા એવા આપના સરખા સંસાર ત્યાગી મહાત્માઓ ભાગ્યોદય વિના કોના ઘેર આવે ? એ પ્રમાણે પ્રમોદસહિત જીનેંદ્રની સ્તુતિ કરી બહુમાન પરાયણ થઈ શેઠ પોતાની સ્ત્રીને કહેવા લાગ્યા. હે મૃગાક્ષિ ! આ જગતમાં ભાગ્યશાળી તુંજ છે. કારણકે ચરાચર પ્રાણિઓના અકૃત્રિમ બંધુ સમાન, જગતના એક અધિપતિ આ જીનેંદ્ર ભગવાન ઉત્તમ દાનપાત્ર તરીકે જે ત્હને પ્રાપ્ત થયા, માટે શુદ્ધ દ્રવ્યવડે એમને પારણું કરાવીને ગંભીર ભવ સમુદ્રને માત્ર ગોષ્પદની માફક ઉલ્લંઘન કરવાનો આ સમય છે. એ પ્રમાણે પોતાના પતિનાં વચન સાંભળી રોમાંચ ધારણ કરતી અને પોતાના આત્માને કૃતાર્થ માનતી શેઠાણીએ પ્રમોદ પૂર્વક ભક્તિવડે ઘી' સાકર સહિત સુંદર પરમાન્નથી ભરેલો સોનાનો થાળ જીનેંદ્રની આગળ ધર્યો, ત્યારે ભગવાને દ્રવ્યાદિક પદાર્થોમાં સમ્યગ ઉપયોગથી જોયું તો તે શુદ્ધાન્ન સર્વ ગુણોથી વિશુદ્ધ જાણી પોતાના કરસંપુટમાં ગ્રહણ કર્યું. તે સમયે દુંદુભિના

નાદથી દિગ્મંડલ ગર્જાવતા દેવોએ અહો ? ' આ દાન અદ્ભુત પ્રકારનું થયું એ પ્રમાણે હર્ષથી આકાશમાં ઉદ્ઘોષ કર્યો. તેમજ તેઓએ મહેંદ્ર શ્રેષ્ઠિના મંદિરમાં સાડાબાર કરોડ સોનૈયાની તથા સુગંધિત જલ અને પંચરંગી પુષ્પોની વૃષ્ટિ કરી. ત્યારબાદ તેઓ બોલ્યા અહો ? શક્તિ, અહો ? ભક્તિ, અહો ? સુપાત્ર આગમન, આવો દુર્લભ યોગ ક્યાંથી બને ? વળી હે મહેંદ્ર ? આ લોકમાં ધન્યવાન્ અને પુણ્યભાજન તમેજ છો. આ ભવસાગરમાં જીવોને મનુષ્ય ભવ બહુ દુર્લભ છે. તેમાં પણ સમર્થ પુરૂષાર્થને સિદ્ધ કરનારએવું ઉત્તમ પુરૂષપણું તો ઘણુંજ દુર્લભ છે. અને તેમાં વૈભવ એ સારામાં સારો મુખ્ય સાર ગણાય છે. જેના વિના અનેક વિશુદ્ધ ગુણો લોકમાં પવનથી ઉડતા શાલ્મલીના તૂલની લીલાને વહન કરે છે. વળી તે ધનમાં લુબ્ધ થએલા મુગ્ધ અને કૃપણ પુરૂષો મહા દુઃખે તેને મેળવીને પણ દાન બુદ્ધિ રહિત થયા છતાં તે સંપત્તિને ઈક્ષુ (શેલડી)ના પુષ્પની માફક વિફલ કરે છે. કદાચિત્ મનુષ્યોને દાનબુદ્ધિ હોય, પરંતુ જો ગુણવાન્ શુભ પાત્રની પ્રાપ્તિ ન થાય તો તે ક્ષારભૂમિમાં વૃષ્ટિની માફક નિષ્ફળજ થાય છે. દુર્ગતિમાં પડતા પોતાના અને પરના આત્માનું જે રક્ષણ કરે તે યથાર્થ પાત્ર ગણાય, વળી તે પાત્ર ત્રણ પ્રકારે સિદ્ધાન્તમાં બતાવેલ છે, તદ્યથા—

चारित्तनाणदंसण,—संजुत्तं हवइ उत्तमं पत्तं ।
दोहिं च मज्झमं तह, जहन्नमेगेण नायव्वं ॥ १ ॥

જ્ઞાન, દર્શન અને ચારિત્ર યુક્ત જે હોય તે ઉત્તમ પાત્ર, જ્ઞાન અને દર્શન સંપન્ન હોય તે મધ્યમ અને કેવળ દર્શનયુક્ત હોય તે જઘન્ય ગણાય છે. માટે હે મહેંદ્ર ! આ સંસાર સાગરમાં યાનપાત્ર સમાન ઉત્તમપાત્ર જીનેશ્વર ભગવાનજ છે અને તે ત્હારા પુણ્ય બળથી જ ત્હારે ત્યાં પધાર્યા છે. ઈત્યાદિક યથાર્થ વચનો-

थी गहेंद्र श्रेष्ठिनी प्रशंसा करी जीनेंद्रने नमस्कार करी देवताओ पोताना स्थानमां गया. त्यारबाद जीनेंद्र भगवान् त्यां उभारहीनेज पोताना पाणीतळमां रहेलुं ते शुद्ध अन्न वापरी गया. परंतु लोको तेने जोइ शकता नथी, सिद्धान्तमां कह्युं छे के—

परमाइसयजुयाणं, हवंति तित्थेसराणसयकालं ।
आहारानीहारा, अदिस्सा चम्मचक्खूणं ॥ १ ॥

सदाकाल परम अतिशयोथी युक्त तीर्थंकरोना आहार तथा निहार चर्म चक्षुवाळा प्राणीओ देखी शकता नथी. वळी पोतानां कर्म क्षीण करवामां उद्युक्त थयेला अन्य मुनिवरोए पण विधि प्रमाणे मळेली भिक्षाथी पारणुं कर्युं.

प्रभुनो विहार.

सर्वथा परिग्रहना त्यागी, मित्र अने शत्रुओने समान दृष्टिए अवलोकता, नाना प्रकारना अभिग्रहो धारण करता भगवान पण ग्राम, आकर, नगरादिकमां विहार करवा लाग्या. कोईक स्थलमां स्थिरचित्ते समस्त इंद्रिओने स्वाधीन करी शुद्ध ध्यानाग्निवडे समग्र पापरूपी वनने बाळी नाखे छे. कोइक स्थले लकुटासन, गरूडासन विगेरे स्थिति करवावडे जगत् प्रभु खुल्ला प्रकाशमां पण लोकोने पाषणनी मूर्त्तिनी शंका प्रगट करे छे. वळी कोइक ठेकाणे नवीन अने श्याम एवा कमलोना वननी माफक पोते हिमवडे बळता छतां पण निश्चल देहे पोताना ध्यानरूपी महा सरोवरमांथी किंचित् मात्र पण चलायमान थता नथी. भुजरूपी परिघनुं जेमणे अवलंबन कर्युं छे एवा जगत् प्रभु सूर्य समान तेजस्वी एवा तपरूपी अग्निवडे बाह्य अने आंतरिक देहमलनी शुद्धि करे छे. तेमज षष्ठ, अष्टम, दशम, द्वादशादि, मासार्ध, मासक्षपणादि अने भद्र, महाभद्र विगेरे उग्र तपश्चर्याओ करे छे. वळी बावीश परीषह सहन करवामां बहु शक्तिमान एवा प्रभुए

મોહમલ્લનો મહિમા સર્વથા ખંડિત કર્યો. તેમજ દઢ અને વિષમ સ્નેહરૂપી શૃંખલાને ક્ષણમાત્રમાં તોડી નાખી મદરૂપી સુભટનો સંચાર સર્વથા અટકાવ્યો. તેવીજ રીતે પોતાના પાદારવિંદના પવિત્ર પરમાણુઓવડે સમસ્ત મહીતલને શુદ્ધ કરતા, અશેષ આંતરિક શત્રુરૂપી સૈન્યબલનો ઉચ્છેદ કરતા; વારંવાર શુદ્ધ ભાવનાઓવડે આત્મધ્યાન કરતા, કર્મમલથી મલિન થયેલા આત્માને શાંતિરૂપ જળવડે નિર્મલ કરતા, અને ગંભીર સંસાર સાગરને જાનુ (ઢીંચણ) પ્રમાણ જાણતા એવા જીનેંદ્ર ભગવાને સર્વ સાવદ્ય કાર્યોનો ત્યાગ કરી છદ્મસ્થ દશામાં નવમાસ વ્યતીત કર્યા.

કેવલજ્ઞાન.

એ પ્રમાણે દેશ વિદેશમાં વિહાર કરી અન્યદા પોતાની જન્મભૂમિને પવિત્ર કરવામાં ઉત્સુક થયા હોય ને શું ? એવા શ્રીસુપાર્શ્વ પ્રભુ વારાણસી નગરીની ઇશાન કોણમાં રહેલા સહસ્રામ્ર વનમાં પધાર્યા. જેની અંદર વિકસ્વર નવીન પલ્લવોથી લાલ દીપતી છે શાખાઓ. જેની, વળી મનોહર સુમનસ્ (દેવ=પુષ્પો) ના સમૂહથી સુશોભિત દેવપુરી સમાન અને બહુપાત્ર (પત્ર). (પ્રધાનાદિ=પત્રો) ની શ્રેણીવડે વિભૂષિત છે ભૂમિ પ્રદેશ જેનો એવા નરેંદ્રને અનુસરતા શિરીષ વૃક્ષની નીચે પ્રભુએ વાસ કર્યો. ત્યારબાદ અનુત્તર પ્રભાવવાળાં, જ્ઞાન, દર્શન અને ચારિત્રવડે તેમજ આલય, વિહાર, માર્દવ, આર્જવ અને લઘુતા છે મુખ્ય જેની અંદર એવા અકિંચનતા, સત્ય, ત્રણ ગુપ્તિ, મુક્તિ અને ક્ષમા વિગેરે આચારોવડે વારંવાર સમ્યક્ પ્રકારે આત્મભાવના કરતા, યથાસ્થિત ભાવવાળી ભાવનાથી ભાવિત છે હૃદય જેમનું અને દયાના મહાસાગર, સમસ્ત જીવોને આત્મસમાન અવલોકતા, બાહ્ય વિક્ષેપથી વિમુક્ત, ઇંદ્રિયોની સાથે સમાધિવડે મનની એક્યતા કરીને તત્ત્વમાં લીન થયેલા, વળી આકાશની માફક નિર્લેપ, મેરૂ સમાન

નિશ્ચલ, પવનની માફક સર્વત્ર પ્રતિબંધ રહિત, તેમજ શુક્લ ધ્યાનરૂપી અગ્નિવડે સમસ્ત ઘનઘાતિ કર્મરૂપી વનને દહન કરતા, પવનના અભાવને લીધે સ્થિર રહેલાં સાગરની લીલાને વહન કરતા અને શુકલ ધ્યાનના છેલ્લા બે ભેદ નહીં પામેલા એવા જગત્ સ્વામી શ્રી સુપાર્શ્વપ્રભુને ફાલ્ગુન કૃષ્ણ ષષ્ઠીના દિવસે પૂર્વાન્હ કાલમાં તુલારાશિનો ચંદ્ર અને ઉત્તમ મુહૂર્ત્ત પ્રવૃત્ત થયે છતે નિર્બાધ, અનંત, પરિપૂર્ણ, નિરાવર્ણ, ભૂત ભવિષ્ય અને વર્ત્તમાન ભાવોને અવલોકવામાં નેત્ર સમાન તેમજ લોકાલોકને પ્રકાશ કરનાર એવું કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું.

સમવસરણ.

તે સમયે પોતાનું આસન કંપવાથી અવધિજ્ઞાનવડે ઇંદ્રે જાણ્યું કે જીનેંદ્ર ભગવાનને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું તેથી તે ઉભો થઇ સાત આઠ ડગલાં પ્રભુની સન્મુખ ગમન કરી ભક્તિભાવથી નમી ગએલા મસ્તકવડે ભગવાન શ્રી સુપાર્શ્વ તીર્થંકરને નમસ્કાર કરીને ઇંદ્રે પોતાના સેનાપતિને આજ્ઞા કરી કે હે ભદ્ર ! જલદી સૌધર્મ સભામાં જઇને શાશ્વતી ઘંટા વગડાવો, તેમજ ત્રણ વાર ઘોષણા કરાવી જાહેર કરાવો કે ભરતક્ષેત્રમાં સાતમા જીનેશ્વરને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે. તેથી ત્યાં ઇંદ્રને જવાનું છે માટે હે દેવો ? પોતપોતાના પરિવાર સહિત જલદી અહીં આવો. આ પ્રમાણે ઇન્દ્રની આજ્ઞા ગ્રહણ કરીને સેનાપતિ તત્કાલ સૌધર્મ સભામાં ગયો અને શાશ્વતી ઘંટા વગડાવી. જેના ગંભીર મહાનાદના આસ્ફાલન થી મહાન્ પ્રતિધ્વનિ ઉછળી ઉઠયો અને તે પ્રતિધ્વનિના ઘોષથી સમસ્ત સુરઘંટાઓનો મહાનાદ થયો. અને તે ભારે રણુકારાને લીધે દેવોનાં ચતુર્વિધ વાદ્યવાગવા લાગ્યાં, તેથી ગાંધર્વોનો ગીતનાદ પ્રાયઃ વિછિન્ન થઇ ગયો. તેમજ નાદનો ભંગ થવાથી તાલ અને લયનો વિવેક સર્વથા નષ્ટ થયો. તેથી અપ્સ-

રાઓનું નૃત્ય પણ વિખરાઇ ગયું અને અપ્સરાઓનો કલકલ ધ્વનિ સર્વ દિશાઓમાં ફેલાઈ ગયો. એ પ્રમાણે સમગ્ર દેવલોકમાં તેમજ સુરેંદ્રભવનમાં અહો ? અચિંત્ય આ શું છે ? એ પ્રમાણે મહાન્ કોલાહલ પ્રસરી ગયો. ક્ષણમાત્રમાં તે નાદ શાંત થયો એટલે સેનાપતિએ દેવતાઓને જણાવ્યું કે જીનેંદ્રને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે. તેમના મહોત્સવ માટે સુરપતિએ આજ્ઞા કરી છે. એમ કહી સર્વ વૃત્તાંત સંભળાવ્યું, એટલે તેઓ તત્કાલ પોતાના પરિવાર સહિત પોતપોતાના વિમાનોમાં બેસી ઈંદ્ર સાથે ચાલ્યા. ઉત્કૃષ્ટ આનંદથી વ્યાપ્ત, જય જય શબ્દોથી પૂરાયેલું, વિવિધ વિમાનોનાં રત્નોની કાંતિથી છવાયેલું તેમજ લક્ષ્મીદેવીના વિલાસવાળું હોયને શું ? એવા આકાશપ્રત્યે ગમનવડે લોકોના હૃદયમાં મહાન્ આશ્ચર્ય ઉત્પન્ન કરતા સર્વ દેવેંદ્રો સહસ્રામ્રવન ઉદ્યાનમાં ગયા. ત્યારબાદ સમસ્ત સુરેંદ્રો આનંદને લીધે ગદગદ કંઠે બોલ્યાઃ-હે ? દેવતાઓ ? શ્રી સુપાર્શ્વનાથ ભગવાન માટે અહીં સમવસરણ રચવાનું છે, માટે તેમાં જેમનું જે કાર્ય હોય તે તે જલદી સંપાદન કરીને કૃતાર્થ થાઓ. તે પ્રમાણે સુરેંદ્રોનું વચન સાંભળી વાયુકુમાર દેવોએ યોજન પ્રમાણ ક્ષેત્રમાં ધુળ, ઘાસ, કચરો વિગેરે સાફ કરી વૃક્ષ, કૂવા, ખાડા, ટેકરાદિક દુરસ્ત કરી સરખી જમીન કરી, ત્યારબાદ સંતુષ્ટ થયેલા મેઘકુમારોએ પવનથી ધુળ ન ઉડે તેટલા માટે સુગંધમય ગંધોદકની વૃષ્ટિ કરી, વળી કેટલાક દેવોએ ઘણા પુષ્પપરાગના રસમાં લુબ્ધ થએલા ભ્રમરાઓના સમૂહ સહિત હરિચંદન અને મંદાર કલ્પવૃક્ષોના પુષ્પોની વૃષ્ટિ કરી. ત્યારબાદ કલ્પવાસિ દેવોએ રોહણગિરિના ઉન્નતશિખર સમાન રત્નોનો પહેલો કિલ્લો બનાવ્યો. તેમજ જ્યોતિષિક દેવોએ ઉત્તમ સુવર્ણમય દ્વિતીય-બીજો ગઢ નિર્માણ કર્યો, જે કિલ્લો જીનેંદ્રની ઋદ્ધિ જોવાને આવેલો જાણે મેરૂગિરિ હોયને શું ? એમ શોભે છે. તે-

વીજ રીતે ભવનપતિ દેવોએ ત્રીજો રૂપાનો પ્રાકાર બનાવ્યો, જેની શોભા ચંદ્ર અને મોગરાના પુષ્પ સમાન ઉજ્વળ એવા હિમાલયની લીલાને વહન કરે છે. આની અંદર વિરાજમાન થઈ જગતપ્રભુ ચતુર્વિધ સંઘને ચાર પ્રકારનો ધર્મ નિવેદન કરશે એ હેતુથી તે કિલ્લાઓનાં ચારચાર દ્વાર નિર્માણ કર્યાં, દરેક દ્વારમાં સ્ફટિક રત્નોનાં સોપાન (પગથીયાં)થી વિભૂષિત અને નીલકમલોની શ્રેણીઓ જેઓની અંદર ખીલી રહી છે એવી મનોહર વાપીઓ રચી. તદનુ પવનથી કંપતા નવપલ્લવરૂપી હસ્તના સંકેતવડે સમસ્ત લોકોને બોલાવતાં ચંપક, પુંનાગ અને નાગકેસર વિગેરે વૃક્ષોનાં રમણીય વનો બનાવ્યાં. વળી તેના મધ્ય ભાગમાં ત્રણે લોકને પ્રકાશિત કરતા પ્રભુરૂપ સૂર્યસમાગમને ઇચ્છનાર, સુવર્ણમય, ઉદયાચલના શિખર સમાન અતિ વિશાલ સિંહાસન રચ્યું. તેમજ તેની ઉપર પવનથી ઉછળતા લતાઓના ગુચ્છોવડે ભરપૂર અને સુકોમલ નવીન પલ્લવોની ઘટનાથી બહુ રમણીય તેમજ પ્રમાણમાં તેમનાથી બાર ગણું મ્હોટું એક અશોક વૃક્ષ રચ્યું. ત્રણ ગુપ્તિના રક્ષક, ત્રણ દંડના જીતનાર, ત્રિકાલ જ્ઞાની અને ત્રિભુવનના અધિપતિ એવા જીનેંદ્ર ભગવાન્ છે, એમ જણાવવા માટે તેની ઉપર નિર્મળ ત્રણ છત્રોની રચના કરી. આ ભવસાગરમાં નૌકા સમાન જીનેંદ્રજ છે એમ કથન કરવા માટે પૃથ્વીદેવીએ ઉંચી કરેલી અંગુલી હોયને શું તેમ પ્રભુની આગળ ધર્મધ્વજ શોભે છે, પૃષ્ઠભાગમાં રત્નોની અદ્ભુત કાંતિથી વિભૂષિત ભામંડલ બનાવ્યું. તેમજ હર્ષ સહિત દેવોએ દુંદુભિનાદ કર્યો, બંને પાર્શ્વભાગમાં શક્રેંદ્ર અને ઇશાનેંદ્ર ચંદ્ર સમાન ઉજ્વલ ચામરો વીંઝે છે. વળી વિચિત્ર પુષ્પોની વૃષ્ટિ થાય છે, અગ્રભાગમાં પણ સ્વચ્છ રત્નોથી બનાવેલું ધર્મચક્ર સ્થાપન કર્યું. જે ચક્ર જગત્‌ભાનુથી પરાજીત થએલો સૂર્ય જાણે જીનેંદ્રની સેવા માટે આવ્યો હોયને શું? એમ દીપે છે.

તે સમયે દેવોએ રચેલી સુવર્ણ કમલોની શ્રેણી ઉપર ચાલતા, ચારણ મુનિઓવડે સ્તુતિ કરાતા, બહુ

સમવસરણમાં જીનેંદ્ર પ્રવેશ.

આદરપૂર્વક નર, કિંનર, ખેચર અને દેવતાઓના સમૂહોવડે નમસ્કાર કરાતા એવા જીનેંદ્રભગવાને સુરેંદ્રે બતાવેલા માર્ગે પૂર્વદ્વારમાંથી પ્રવેશ કર્યો. પોતે કૃતાર્થ છે તોપણ 'મ્હારે તીર્થને અવશ્ય નમવું જોઇએ' એ પ્રમાણે લોકોને પ્રત્યક્ષ કરાવતા જીનેશ્વરભગવાન્ 'નમોઽસ્તુ તીર્થાય, તીર્થને નમસ્કાર થાઓ' એમ બોલે છે. ત્યારબાદ અશોકવૃક્ષ સહિત સમવસરણના સિંહાસનની પ્રદક્ષિણા કરીને ત્રણ લોકને હિતકારી જગતપ્રભુ પૂર્વાભિમુખે તે ઉપર બિરાજમાન થયા. વળી બાકીની ત્રણ દિશાઓમાં તે સિંહાસન ઉપર અદ્‌ભુત પ્રભાવવાળાં ત્રણ જીનપ્રતિબિંબ દેવોએ સ્થાપન કર્યાં, તેઓ પણ તેમના પ્રભાવથી જીનેંદ્ર સમાનજ શોભે છે. ત્યારબાદ શ્રી સુપાર્શ્વપ્રભુ સ્વરૂપથી એક છતાંપણ ચાર રૂપ ધારી દીપવા લાગ્યા, ભગવાનને નમસ્કાર કરી કેટલાક દેવો ગાયન કરવા લાગ્યા, કેટલાક નૃત્ય કરવા લાગ્યા, કેટલાક ત્રિપદી વગાડવા લાગ્યા, કેટલાક સ્તુતિ કરે છે. કેટલાક જીનેંદ્રના ચરણકમલ ઉપર ઘણા પરાગબિંદુઓથી ભરપુર પંચરંગી કમલો સ્થાપન કરે છે. કેટલાક વસ્ત્રાંચલ વીંઝે છે. કેટલાક પ્રભુની આગળ ભુજદંડ ઉંચા કરી ભક્તિવડે પ્રચંડતાંડવ—નૃત્ય કરે છે. વળી સંગીતકલામાં બહુજ દક્ષ એવી રંભા વિગેરે અપ્સરાઓ હર્ષપૂર્વક હસ્તના અભિનય સાથે અપૂર્વ ભાવ બતાવતી છતી નૃત્ય કરે છે. તેટલામાં દેદીપ્યમાન મુકુટમણિઓની કાંતિથી દશે દિશાઓને પિશંગિત (પીળી) કરતા સર્વ સુરાસુરેંદ્રો ત્રણ પ્રદક્ષિણાપૂર્વક પ્રભુને નમસ્કાર કરી પોતપોતાના ઉચિત સ્થાને બેસી ગયા એટલે ઈંદ્રે સુરલોકોનો કોલાહલ તરતજ બંધ કર્યો. ત્યારબાદ ઉજ્વળ

દંતપંક્તિની કાંતિરૂપ જળવડે પ્રક્ષાલિત હોયને શું ? એવી નિર્મલ, તેમજ એક છતાં પણ અનેક જનોના સંશયોને હરનારી સુર, નર અને તિર્યંચોને સાધારણ સમજાય તેવી, મેઘ સમાન ગંભીર, સાંસારિક દુઃખોથી સંતપ્ત થએલા પ્રાણીઓના સંતાપને શાંત કરનારી અને યોજન પ્રમાણ સંભળાય તેવી મધુરવાણીવડે સભામાં શ્રી સુપાર્શ્વપ્રભુ જેટલામાં ધર્મદેશનાની તૈયારી કરે છે.

શ્રીશેખર નરેંદ્રગમન.

તેટલામાં જગદ્‌ગુરૂની અતિ અદ્ભુત સમૃદ્ધિ જોઇ વનપાલિકા બહુ વિસ્મિત થઇ સંભ્રમ સહિત શ્રીશેખર નરેંદ્રની પાસે આવી, નરેંદ્રને પ્રણામ કરી હર્ષને લીધે રૂદ્ધકંઠે વિનતિ કરવા લાગી, દેવ ? આજે અપૂર્વ એક વધામણી છે, દેવેંદ્ર અને નરેંદ્રોથી સેવાતા શ્રી સુપાર્શ્વપ્રભુ આપના ઉદ્યાનમાં આજે સાયંકાલે પધાર્યા છે. અને હાલમાં લોકાલોકવર્તિ સમસ્ત પદાર્થોને પ્રકાશ કરનાર, તેમજ સમગ્ર બાધ રહિત નિર્મલ કેવળજ્ઞાન તેમને ઉત્પન્ન થયું છે. પોતાના નિર્મલ યશવડે કાશ્યપ કુળજ એક ઉજવલ કર્યું છે, એટલુંજ નહિ પરંતુ તેમણે સમસ્ત ત્રણે લોકને દીપાવ્યા. સ્વામિન્ ? આ તરફ અવલોકન કરો, કિલ્લાની આગળ ચતુર્વિધ દેવોનાં રત્નમયવિમાનોથી દેવપુરીની માફક આપની નગરી શોભી રહી છે. રાજાએ બહુ ભક્તિભારથી નમી ગએલા મસ્તકે હાથ જોડી પ્રણામપૂર્વક શક્રસ્તવનથી જીનેંદ્રની સ્તુતિ કરીને વનપાલિકાને સાડાબાર લાખ સોનૈયા આપી વિદાય કરી. ત્યારબાદ પ્રતિહારને આજ્ઞા કરી કે નગરમાં મહોત્સવ કરાવો, તેમજ ગંભીર નગારાના ઘોષથી નાગરિક જનોને સૂચના કરાવો કે જીનેંદ્રને વંદન કરવા માટે ઉચિત શણગાર સજી તૈયાર થાઓ. પોતે પણ મદોન્મત્ત હસ્તિ, તુરંગ અને રથોમાં આરૂઢ થએલા અંતઃપુર, કુમાર, સામંત અને મંત્રીઓ સહિત પ્રયાણની તૈયારી

કરે છે, તેટલામાં સુંદર હાર લતાથી જેનાં સ્તન શિખરો શોભતાં હતાં અને હસ્તમાં સુવર્ણ દંડ ધારણ કરેલો એવી વિનયગુણસંપન્ન પ્રતિહારી પ્રવેશ કરી બોલી, દેવ? પ્રથમ આપે અંગ, બંગ, મગધાદિક દેશોના રાજકુમારોને મદનમંજરી કુમારીના સ્વયંવર નિમિત્તે બોલાવવા માટે ચતુરમતિ નામે જે દૂત મોકલ્યો હતો તે હાલમાં આપના દર્શન માટે દ્વારમાં આવી ઊભો છે. તરતજ રાજાએ હુકમ કર્યો કે પ્રવેશ કરાવો. પ્રતિહારીએ પ્રવેશ કરાવ્યો. ભૂતલપર મસ્તક નમાવી દૂત પણ નરેંદ્રની આગળ વૃત્તાંત કહેવા લાગ્યો, દેવ? કુમારીના સ્વયંવર માટે રાજકુમારોનું નિમંત્રણ કરવા આપની આજ્ઞા મુજબ હું ગયો હતો, બહુ ગુણિજનોથી અલંકૃત આ પૃથ્વીમાં અદ્ભુત કાંતિમય ઘણા રાજકુમારોને ઉચિત સત્કાર પૂર્વક મ્હેં જોયા, વળી સંબંધ વેત્તાઓ વરોની અંદર જે જે કંઈપણ જુએ છે તે કુલ, રૂપ અને વૈભવ વિગેરે વિશેષ ગુણો પણ તેઓની આગળ સામાન્ય છે. એ પ્રમાણે અખિલ કુમારોની યોગ્યતાનો તપાસ કરી આપની આજ્ઞા યથેષ્ટ સિદ્ધ કરી છે. અને તેઓ પણ તે પ્રમાણે નમ્રતા પૂર્વક સ્વીકાર કરીને તેજ સમયે પ્રયાણ ભેરીના ભંકારોથી દિગંતોને ગજાવતા ચતુરંગ સેના સહિત પોતપોતાના ગુરૂજનોની આજ્ઞા લઈ ત્યાંથી નીકળ્યા, બાદ કુમારીના ગુણ કીર્તનથી લોભાએલા તે પંચાણુ રાજકુમારો માર્ગમાં બહુ વિષમ સ્થાન ઉલ્લંઘન કરી હાલમાં અહીં આવ્યા છે, અને ઉદ્ધત છત્રીવાળા અશ્વોથી વ્યાકુલ એવાં તેઓનાં સૈન્યોવડે આપના નગરનું મેદાન સુંદર દેખાવ આપી રહ્યું છે. માટે જલદી આજ્ઞા આપો. આ પ્રમાણે સાંભળી રાજાએ વિચાર કર્યો કે આ પ્રસંગને લીધે તેઓ પણ જગત પ્રભુનાં દર્શન કરી જયલક્ષ્મીનું આલિંગન કરે તો ઠીક છે, એમ જાણી તેઓના પ્રવેશ ઉત્સવ માટે તરતજ પોતાનું

તૈયાર થએલું સૈન્ય ત્યાં મોકલ્યું, રાજકુમારોએ પણ સત્કાર પૂર્વક બહુ ઠાઠથી નગરમાં પ્રવેશ કર્યો, અનુક્રમે વિનય ગુણથી શોભતા તેઓ રાજમંદિરમાં આવ્યા. ભૂપતિએ આલિંગન દઈ સ્નિગ્ધ વચનોથી બહુ સંતુષ્ટ કર્યા બાદ જીનેંદ્ર ભગવાનનું આગમન જણાવ્યું એટલે રાજકુમારો પણ આનંદ પૂર્વક નરેંદ્રની સાથે ચાલ્યા. રાજા પોતાની માતા સાથે હાથીણી ઉપર આરૂઢ થયો, અપૂર્વ ભક્તિ રંગથી રંગાયા છતા જીનેશ્વરના સમવસરણ લગભગ ગયા કે તરતજ રાજા હાથીણી ઉપરથી નીચે ઉતર્યો, વિધિપૂર્વક ઉદ્યાનના મધ્ય ભાગમાં ગયા એટલે જીનેન્દ્રની અપાર લક્ષ્મીનો વિસ્તાર જોઈ નરેંદ્ર બોલ્યો. હે જનનિ ? આગળ દૃષ્ટિ કરો, કિંકર સમાન આચારવાળા દેવતાઓ જીનેંદ્ર શિવાય બીજા કોના ચરણકમલની સેવા કરે છે ? ત્રિભુવન સ્વામીના ચિન્હરૂપ અને ચંદ્ર સમાન ઉજ્વલ ત્રણ છત્રો જીનેશ્વર વિના અન્ય કોની ઉપર દેવતાઓ ચિરકાળ ધારણ કરે છે ? વળી હે માતઃ ! જીનેંદ્ર ભગવાન વિના રત્નાસન ઉપર બેઠેલા કોઈની ઉપર સુરેંદ્રો ચામર વીંઝે છે ? તેમજ મણિમય ધર્મચક્રના મિષથી સૂર્ય પણ શું કોઈની આગળ જાય છે ? દેવતાઓ કમલોની માફક કોના ચરણની સ્થાપના ઈચ્છે છે ? ભ્રમણ કરતા ભ્રમરાઓના ગુંજારવથી વ્યાપ્ત અને મુક્તિકટાક્ષોની માફક અતિ ચંચલ પુષ્પવૃષ્ટિ આકાશમાંથી કોની આગળ પડે છે ? એ પ્રમાણે પોતાની માતાને કથન કરતા ભૂપતિએ બહુ પ્રમુદિત થઈ પ્રથમ પ્રાકાર ઉલ્લંઘન કરી બીજા પ્રાકારમાં પ્રવેશ કર્યો. તેની અંદર ઘણા સંસાર ભ્રમણમાં ઉપાર્જન કરેલા મહા વૈરવાળા પ્રાણિઓનાં જોડલાં પરસ્પર મિત્ર ભાવથી બેઠેલાં જોઈ નરેંદ્ર ફરીથી બોલ્યો. હે જનનિ ? આ એક બીજાનું સ્વાભાવિક [illegible] જુઓ, જીનેંદ્રની સભામાં વૈરિઓ પણ સ્નેહભાવથી એકઠા થઈ બેઠા છે વળી માર્તંડના મસ્તક ઉપર પોતાના [illegible]

અણુતો ઉદર નિર્ભય થઈ જીનવચન સાંભળવામાં તલ્લીન થયો છે. વળી હે માતઃ ! તમે જુઓ છો ! અતિ પ્રચંડ વિષધારી સર્પના ફણાઓ ઉપર મિત્રભાવથી બેઠેલા દેડકાઓ લોકોને બહુ આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. સર્વથા દ્વેષ રહિત અને કિંચિત્ નેત્ર ઉઘાડી બેઠેલા સિંહની કેશવાલીને મૃગલો પોતાના શૃંગાગ્રવડે વિખેરે છે. આ જંગલી મહિષ (પાડો) પોતાના તીક્ષ્ણ શૃંગાગ્રથી અશ્વના નેત્ર સુધી ખણે છે; પરંતુ જીનવચન સાંભળવામાં બીલકુલ તેઓ પ્રમાદ સેવતા નથી. વળી જુઓ ! આ સર્પ સ્થિર રહેલી શ્યામ અને સુકોમલ મયૂરની ડોકમાં નવપલ્લવની માફક કુંડલાકાર બની જગત્ પ્રભુના વચનામૃતનું પાન કરવામાં એકાગ્ર મનવાળોથયો છે. તેમજ પીળી કેસરાલી–કેશવાળીની ઉદ્ધત અને કાંતિથી ભયંકર એવા સિંહોની અંદર કુંડલાકાર શુંઢ કરી હસ્તી નિર્ભય ચિત્તે કેવો ઉભો રહ્યો છે. એ પ્રમાણે આશ્ચર્યકારક અતિ અદ્ભુત બનાવ પોતાની માતાને બતાવતા શ્રી શેખર નરેંદ્ર ત્રિજા પ્રાકારમાં ગયા. નિરૂપમ ભક્તિરસમાં નિમગ્ન, સર્વાંગે રોમાંચિત થયેલ અને આનંદ સહિત સર્વ દેવતાઓવડે નિરીક્ષણ કરાતા એવા શ્રીશેખર રાજાવડે પોતાના પરિવાર સહિત ત્રણ પ્રદક્ષિણાપૂર્વક ભાલ સ્થળથી રત્નમય પાદપીઠના અગ્રભાગનો સ્પર્શ કરી જીનેશ્વરને નમસ્કાર કર્યા બાદ સર્વ રાજકુમારો સાથે મંદગતિ કરતા છતા પોતે ઇશાન કોણમાં શુદ્ધ ભૂતલ ઉપર બેઠા. તેમજ અંતઃપુરની સ્ત્રીઓ સહિત તેમની માતા પણ રાજાની પાછળ આનંદ પૂર્વક બેઠાં. ભાલસ્થલ સાથે અંજલિ જોડી સર્વ લોકો પણ સાવધાન થઈ બેઠા.

ધર્મ દેશના.

ત્યારબાદ શ્રી સુપાર્શ્વનાથ ભગવાને ધર્મદેશનાનો પ્રારંભ કર્યો, હે દેવાનુપ્રિય ! ભવ્ય પ્રાણિઓ ! આ સંસારમાં સારભૂત માત્ર એક મનુષ્ય જન્મ

[illegible] સુક્ષ્મ આદિ
[illegible] કર્મરૂપી અતિ
[illegible] અનંત કાળ
[illegible] નિવાસ કરે છે. ત્યાંથી
[illegible] પ્રત્યેક વનસ્પતિમાં પણ
[illegible] થાય છે. તેમાં પણ ઉત્પન્ન થયેલા [illegible]
[illegible] ની માફક [illegible] સ્થાનોમાં
[illegible] પરિભ્રમણ કરવા માટે [illegible] જાય છે. ત્યારબાદ પ્રત્યેક
[illegible] ભૂમિકામાંથી મહા મુશીબતે મુક્ત થયેલા તે
[illegible] પ્રવૃત્તિ [illegible] કરવાથી [illegible]
[illegible] થાય છે. તેમાં પણ કર્મોથી આવૃત થયેલા
સ્થાવર ભવના તે જીવાત્માઓ ચિરકાલ પર્વતની માફક સ્થિર રહી તાડનાદિક દુઃખોને સહન કરે છે. વળી તે જીવો અનંત અવસર્પિણી અને ઉત્સર્પિણી પર્યંત ત્યાં સ્થિરતા કરી દૈવયોગે મહા કષ્ટથી વિકલેંદ્રિયોમાં ઉત્પન્ન થાય છે. ત્યાં પણ ગાઢ અંધકારવડે અંધ બનેલા તે જીવો વૃક્ષોની શાખાઓમાં વ.ગોળોની માફક વિકલેંદ્રિય નીતતિમાંજ બહુ સમય પરિભ્રમણ કરે છે. અહો ? મહા ખેદની વાત છે કે વિકલેંદ્રિયના દુઃખોવડે જેઓની ઉપર વિધિ (દૈવ) તુષ્ટ નથી થતો તે જીવોને પંચેંદ્રિયપણું ક્યાથી સુલભ હોય ? તેમ છતાં પણ કોઈક કર્મ પરિણતિના વશથી જો દૈવયોગ અનુકુલ થયો હાય તો તે પણ પંચેંદ્રિયમાં દુર્ઘટ જન્મને સુઘટિત કરે છે, તોપણ તે ભવમાં તેવા પ્રકારની દુઃસહનારક વેદનાઓથી વિડંબનાઓ કરે છે કે જેમનું વર્ણન હજાર મુખેથી પણ કરી શકાય તેમ નથી. એ પ્રમાણે કિલષ્ટ કર્મોવડે ચારે તરફથી ઘેરાએલા, તેમજ નિરંતર બહુ પુદ્ગલ પરાવર્ત્તરૂપી આવર્ત્તોમાં વર્ત્તન કરતા, ગાઢ લક્ષ યોનિઓમાં કચ્છપ (કાચબા) રૂપી તીક્ષ્ણ દુઃખોથી પીડાએલા, કૃષ્ણાદિક લેશ્યાઓરૂપી મહા શૈવા-

જાથી વ્યાપ્ત થએલા, ક્રોધરૂપી પ્રચંડ વડવાનલથી તપ્ત થએલા, રાગરૂપી કાદવમાં ખુંચી ગએલા, મિથ્યાત્વરૂપી મોટા મત્સ્યો (માછલાં) થી ભય પામેલા, અને ક્લેશરૂપી જલમાં ડુબી ગએલા એવા પ્રાણીઓને અનાદિ અપાર એવા આ ભવસાગરમાં ઉત્તમ કુલજાતિ વિગેરે સદ્‌ગુણોથી વિભૂષિત મનુષ્ય ભવરૂપી યાનપાત્ર મળવું બહુ દુર્લભ છે. વળી કંથચિત્ મનુષ્ય ભવરૂપી વ્હાણુ પામીને પણ ત્હેનો ચલાવનાર સારો કર્ણધાર (નાવિક) ન મળે તો તેમાંજ તે ડુબી જાય છે, તો પછી ફરીથાં તેને તારવા માટે કોણ સમર્થ થાય ? હવે તે કર્ણધાર બે પ્રકારના હોય છે. કેટલાક ભવસમુદ્રમાં પડીને કુતીર્થોના માર્ગે ચાલનાર તેમજ સારા માર્ગથી વિમૂઢ હોય છે. વળી બીજા કેટલાક કર્ણધારો આ ભવસાગરના રસ્તે પ્રયાણ કરતાં સમસ્ત વિઘ્નોને દૂર કરવામાં સમર્થ અને દ્વીપાંતરોમાં શંબલ (ભાતુ) સંપાદન કરવામાં બહુ શક્તિવાળા હોય છે. માટે જો બરોબર પરીક્ષા કર્યા વિના પ્રથમ પ્રકારના કર્ણધારોના વચન ઉપર વિશ્વાસ રાખી જીવાત્મા પોતના માનવદેહરૂપી યાનપાત્રને ચલાવે છે તો ત માનરૂપી મઘરમચ્છોથી સ્ખલિત થઇ મત્સરરૂપી ગ્રાહ (ઝુંડ) ના મુખમાં સપડાય છે. વળી માયારૂપી વિસ્તાર પામેલી વેલીઓના ગાઢ વનમાં અત્યંત ગુપ્ત થયેલું, લોભરૂપી મહા ગિરિના ઉન્નત શિખરો સાથે અથડાવાથી વિશેષ ચૂર્ણ થયેલું, બહુ પ્રબળ કામરૂપી તરંગોમાં પડેલું હોયને શું ? તેમજ મોહરૂપી પર્વતની મ્હોટી ગુહામાં નિવાસ કર્તા અતિ દુર્નિવાર ઇંદ્રિરૂપી ચોરોથી લુંટાતું, ક્રોધરૂપી વડવાનલની વિકરાળ જ્વાલાઓથી વ્યાપ્ત, રૌદ્રધ્યાનરૂપી બીહામણે હરણ કરાતું, નીલરાગરૂપી માંહોએ પ્રસારેલી એવી ઉગ્ર શૃંગારરૂપ દંષ્ટ્રાઓથી ગ્રહણ કરાયેલું અને વિષયરૂપી ભયંકર વિષધારી સેંકડો સર્પોથી વીંટાયેલું હોયને શું ? તેવીરીતે અનેક વિઘ્નોમાં પડેલું,

અને તડતડ એવા શબ્દોથી ભેદાતું એવું તે યાનપાત્ર જોઇ હવે શું કરવું ? કયાં જવું ? અહીં કોણ શરણ ? એ પ્રમાણે વિમૂઢ બની તે જીવાત્માઓ તેનો ઉદ્ધાર કરવા સમર્થ થતા નથી, તેમજ તે ફુટી જવાથી જીવાત્માઓ સંસારસમુદ્રમાં ફરીથી પણ અનંતકાયાદિકમાં પડે છે, અને અનંત દુઃખોના ભોક્તા થઇ પડે છે. માટે હે ભવ્ય જીવો ? આ સંસારમાં સારી રીતે પરીક્ષા કરીને કુતીર્થે ચાલનારા એવા દુષ્ટ કર્ણધારોનો સર્વથા ત્યાગ કરો તેમજ શ્રેષ્ઠ કર્ણધારોનો સમાગમ કરો, વળી સંસારરૂપી મહાસાગરમાંથી તારવામાં શ્રેષ્ઠ કર્ણધાર સમાન અને ત્રણે લોકમાં વિખ્યાત એવા પ્રગટ મહિમાના ધારણ કરનારા તો પંચપરમેષ્ઠીજ છે, કારણકે ઉન્માર્ગે ગમન કરતા જીવાત્માઓને નિવારવામાં તેઓજ સમર્થ છે તેમજ સંસારસાગરનું યથાર્થ સ્વરૂપ પણ તેઓજ જાણે છે. વળી પૂર્વોક્ત વિઘ્નોના સમુદાયથી બચાવી નિર્વિઘ્ન માર્ગવડે આ માનવભવરૂપી નાવને ઉત્તમ ચારિત્રરૂપી દ્વીપ પ્રત્યે લઇ જવામાં તેઓનીજ શક્તિ છે. હવે તે દ્વીપમાં પણ સર્વ સાવદ્યવિરતિ નામે અતિ ઉન્નત એક પર્વત છે, તેની ઉપર તે વહાણને લઈ જઈ તેમાં ઉત્તમ પંચ મહાવ્રતરૂપી રત્નો ભરે છે. જેથી આ દુનીયામાં કોઈપણ વસ્તુ અસાધ્ય રહેતી નથી. અતિ રમણીય મહા આનંદ દાયક મોક્ષપુરી પણ સ્વલ્પ સમયમાં તેનાથી નિકટવર્ત્તિ થાય છે. વળી તે પર્વત ઉપર દશ પ્રકારના મુનિ ધર્મરૂપી એક સુંદર વૃક્ષ છે, તેના ઉપરથી અઢાર હજાર અસાધારણ શીલાંગરથરૂપી ફળોને મેળવાવે છે. તેમજ તેના અગ્રભાગમાં કેવલ જ્ઞાનરૂપી શિખર છે, ત્યાં કેટલાક દિવસ સુધી જીવાત્માને વિશ્રાંતિ કરાવે છે. ત્યારબાદ તેના અગ્ર પ્રદેશમાં સંસાર સાગરના પરમ તીર સમાન અતિભવ્ય મોક્ષપુરી રહેલી છે. તેમાં મનુષ્ય ભવરૂપી યાનપાત્રને મૂકીને પછી જીવાત્માને સ્થાપન કરે છે. જે નિર્વાણ નગરીમાં જન્મ, જરા,

મરણ, ક્ષુધા, તૃષા, ભય, રોગ, શોક, મદ, મોહ, આમોદ, મદ, ચિંતા, ખેદ, વિષાદ, નિદ્રા અને અરતિ વિગેરે કોઈપણ દોષ લેશમાત્ર પણ કદાપિ પ્રગટ થતા નથી. માત્ર મહા આનંદ રૂપી અમૃત રસથી અક્ષય સ્વરૂપ ધારી, નિરંજન, રત્નદીપ સમાન સ્થિર, લોકાલોકની અંદર સમસ્ત પ્રકાશ પદાર્થોનો ઉદ્યોત કરતો જીવાત્મા દ્રષ્ટિમાં અબાધિત સ્થિતિએ વિરાજે છે. આ પ્રમાણે જીનેંદ્ર ભગવાને દેશના આપી એટલે સર્વ રાજકુમારોએ વિનયપૂર્વક જીનેંદ્ર ભગવાનને પ્રશ્ન કર્યો, હે ભગવન્ ! આપે આ સંસારસાગરમાં વ્હાણ સમાન જે પંચપરમેષ્ઠી કહ્યા, તેઓનું પ્રત્યેક સ્વરૂપ અમારી ઉપર કૃપા કરીને કહો. ત્યારબાદ જીનેશ્વર ભગવાને તેઓને અરિહંતાદિકનું પ્રત્યેક સ્વરૂપ કહ્યું.

દીક્ષાપ્રદાન.

તે પ્રમાણે દેશના સાંભળી સર્વ રાજકુમારો સંસારથી વિરક્ત થઈ પ્રભુના ચરણકમળમાં પ્રણામ કરી બોલ્યા, જગદ્ગુરો ! પંચપરમેષ્ઠીઓમાં પ્રથમ એવા આપ ભવસાગરના પારગામી થયા છો. માટે હવે આપની કૃપાથી અમે પણ ઉત્તમ કર્ણધાર સમાન એવા આપના પ્રસાદથી મનુષ્યભવરૂપી વ્હાણમાં મહાકષ્ટે આરૂઢ થયા છીએ, અને આ દુસ્તર ભવસાગરમાંથી આપે કહેલા માર્ગનું અવલંબન કરી મોક્ષપુરીમાં જવા માટે અમારી ઇચ્છા છે. તે સાંભળી ભગવાને પણ તેમને સંમતિ આપી કે તમ્હારે આ પ્રમાણે પ્રવૃત્તિ કરવી ઉચિત છે. એવી રીતે તેઓનો ઉત્સાહ વધારી જગદ્ગુરૂએ પોતાના હાથે કેટલાક અન્ય લોકો સહિત પિંગલકુમાર પ્રમુખ પંચાણું રાજકુમારોને દીક્ષા આપી.

ચતુર્વિધ સંઘ-સ્થાપના.

નિરૂપમરૂપ સંપત્તિથી વિભૂષિત, અનેક પ્રકારની શક્તિઓના ધારણ કરનાર, સ્નેહબંધથી વિમુક્ત થએલા, વિશિષ્ટ કુલજાતિથી સંપન્ન, સર્વ સંગના ત્યાગી, સર્વોત્તમ શાસ્ત્રોના પાર

ગામી, સર્વ દેવતાઓને વાંદવા લાયક દુઃખે વહન કરી શકાય તેવા મુનિધર્મરૂપી ભારને વહન કરવામાં ધુરંધુર તેમજ અનેક ગુણોના નિધાન એવા તે પંચાણું મુનિઓ-શિષ્યોરૂપી કલભોથી પરિવૃત દિગ્ગજોની માફક પ્રભુ વિરાજે છે. વળી તે સમયે અન્ય નરેંદ્ર, શ્રેષ્ઠી અને સાર્થવાહના પુત્ર તથા સામંત, મંત્રી અને બીજા વિશિષ્ટ કુલ પુત્રો સંસાર વાસથી ઉદ્વિગ્ન થવાથી દીક્ષા ગ્રહણ કરવા માટે ઉત્કંઠિત થઇ શ્રીસુપાર્શ્વજીનેંદ્રની પાસે આવ્યા, એટલે ભગવાને પૂર્વોક્ત ક્રમ પ્રમાણે પોતાના હસ્તેજ તે સર્વેને દીક્ષા આપી. ત્યારબાદ ઉત્તમ શીલવાળી સામંત અને મંત્રીઓની સ્ત્રીઓ સહિત સોમાદેવી પણ સર્વ વિરતિની ઇચ્છાથી પ્રભુની આગળ આવી. એટલે તેઓને પણ પ્રભુએ પોતેજ દીક્ષા આપી. વળી જેઓ દીક્ષા લેવામાં અશક્ત હતાં તે સ્ત્રીપુરૂષોને પ્રભુએ શ્રાવક ધર્મમાં સ્થાપન કર્યાં. એ પ્રમાણે શ્રીસુપાર્શ્વનાથના પ્રથમ સમવસરણમાં સમગ્ર ગુણ રત્નોના આધારભૂત રોહણાચલ સમાન ચતુર્વિધ સંઘની સ્થાપના થઇ. હવે ભગવાને તે પંચાણું મુનિવરોને સમસ્ત અર્થના બોધવાળાં ઉત્પન્ન, વિગમ અને ધ્રુવ નામનાં ત્રણ પદ આપ્યાં. તે પદો ઉપરથી તત્કાલ ઉલ્લસિત બુદ્ધિના પ્રભાવવડે પૂર્વભવમાં ભણેલા શાસ્ત્રોના પરમાર્થવેત્તા એવા તે મુનિઓએ અંતર્મુહૂર્ત્તમાં દ્વાદશ અંગ રચ્યાં.

ગણધરસ્થાપના.

હવે જીનેંદ્રભગવાન પોતેજ તેઓને ગણધરપદ આપવા માટે વિચાર કરે છે, તેટલામાં પોતાનો અવસર જાણી શક્રેંદ્ર એક થાળમાં ઉત્તમ સુગંધમય વાસક્ષેપ ભરી તે લઇ તરતજ પ્રભુની આગળ આવી ઉભો. ત્યારબાદ જગત્પ્રભુએ પોતે ઉભા થઇ મુષ્ટિમાં વાસક્ષેપ લઇ પર્યાયગુણોવડે તમને આ તીર્થ સોંપ

વામાં આવે છે એમ બોલી તેઓના નમાવેલા મસ્તકો ઉપર તે વાસચુર્ણનો પ્રક્ષેપ કર્યો. તે સમયે બહુ હર્ષિત થએલા દેવોએ પણ ભ્રમરઓની શ્રેણીઓના ગુંજારવથી વાચાલિત પંચરંગી વાસક્ષેપ તેઓના મસ્તકે સ્થાપન કર્યો. ત્યારબાદ નિર્મલ શીલગુણના એક કુલભવનરૂપ સોમા આર્યાને પણ અન્ય સાધ્વીઓના સંયમ સંબંધી ઉદ્યોતના શિક્ષણ માટે પ્રવર્ત્તિની પદે સ્થાપન કરી. તેટલામાં પૌરૂષીના સમયને સૂચવનારો બલિ પ્રાપ્ત થયો, શ્રીશેખર રાજાએ ઉત્તમ ચોખાનો બલિ રચ્યો અને આઢક પ્રમાણ ચોખા ઉછાળ્યા તે ચોખાઓ સુરાસુર તથા નરોએ ગ્રહણ કર્યા. ત્યારબાદ સર્વે દેવેંદ્રો ત્યાંથી નંદીશ્વર દ્વીપમાં ગયા. ત્યાં જીનેંદ્રનો અષ્ટાહ્નિક મહોત્સવ કરી પોતપોતાના સ્થાનમાં ગયા. આ પ્રમાણે વ્યાખ્યાન કરી જીનેશ્વરભગવાન કેટલાક દિવસ ત્યાં રહ્યા, ત્યારબાદ સમસ્ત ગણધર, મુનિઓ અને સાધ્વીઓ સહિત જગત્ પ્રભુએ નવીન સુવર્ણ કમલોપર ગતિ કરતા ત્યાંથી વિહાર કર્યો. લંબાયમાન મોતીઓની માલાઓથી વિભૂષિત આકાશગામી ઉજ્જ્વલ છત્ર, શરચ્ચંદ્ર સમાન શ્વેતચામર, વિશાળ અને ગગન માર્ગે ચાલતું પાદપીઠ સહિત સિંહાસન તેમજ નભસ્તલમાં વ્યાપ્ત થએલો મહેંદ્રધ્વજ પ્રભુની સાથે વિરાજે છે, વળી ભક્તિભાવથી સંપૂર્ણ કોટી દેવો પ્રભુની પાછળ ચાલે છે. શીત, મંદ અને સુગંધમય પવનો અનુકૂલ રીતે વાય છે. માર્ગમાં કંટકગણોનાં મુખ નીચાં થઇ જાય છે. તેમજ માર્ગમાં રહેલા વૃક્ષોની પંક્તિઓ પણ ભક્તિભાવથી નમ્ર થઇ હોયને શું ? તેમ નમેલી દેખાય છે. વળી તીર્થંકર ભગવાન્ ભવ્ય પ્રાણીઓનો સર્વ વિરતિના દાનવડે ઉદ્ધાર કરતા ગ્રામ, પુર, આકર, નગર, મડંબ, ખેટ અને કર્બટ વિગેરે પ્રદેશોમાં વિચરતા છતા અનુક્રમે શ્રી નંદીવર્ધનપુરના ઇશાન કોણમાં રહેલા કુસુમકરંડ નામે ઉદ્યાનમાં પધાર્યા.

ત્યાં પૂર્વોકત ક્રમ પ્રમાણે દેવોએ સમવસરણ રચ્યું, તેમાં રત્નમય પ્રાકારની અંદર મણિમય સુંદર પાદપીઠ સહિત સિંહાસન પૂર્વાભિમુખે સ્થાપન કર્યું, ત્યારબાદ ત્રિજગત્પતિ શ્રી સુપાર્શ્વનાથ ભગવાન્ તે સિંહાસન ઉપર વિરાજમાન થયા. પછી પાદપીઠની પાસેજ સર્વ ગણધરો બેઠા તેમજ બીજા પ્રાકારમાં તિર્યંચો પોતપોતાના સ્થાને બેઠા. મુનિ તથા વૈમાનિક દેવીઓ અને સાધ્વીઓ અગ્નિકોણમાં બેઠાં, જ્યોતિષ્ક, ભવન અને વ્યંતરની દેવીઓ નૈઋત કોણમાં, ભવન, વાનવ્યંતર અને જ્યોતિષિક દેવો વાયવ્યકોણમાં, કલ્પવાસીદેવ, નર અને નારીઓ ઈશાન કોણમાં પૂર્વાદિકમાં પ્રવેશ કરીને રહી છે. તેટલામાં નંદિવર્ધન નગરમાં પણ પ્રસિદ્ધિ થઈ કે અહીં ઉદ્યાનમાં શ્રી સુપાર્શ્વનાથ તીર્થંકર પધાર્યા છે. તેથી શુદ્ધ થઈ ઉત્તમ શણગાર સજી હસ્તમાં વિવિધ પૂજાનાં ઉપકરણો ગ્રહણ કરી સર્વ નગરના લોકો જીનેંદ્રનાં દર્શન કરવા માટે ચાલ્યા જાય છે, તે જોઇ પોતાના પ્રાસાદના ઝરૂખામાં બેઠેલા શ્રી વિજયવર્ધન રાજાએ પોતાના મતિસાગર મંત્રીને પુછયું કે શું આજે ઈંદ્ર મહોત્સવ વિગેરે કોઈ ઉત્સવ છે? કારણકે આ સર્વ લોકો હસ્તમાં પુષ્પ કરંડિઆ લઇ ચાલ્યા જાય છે, તે સાંભળી મંત્રીએ નજીકમાં ઉભેલા કોઈક માણસને પૂછીને કહ્યું કે સ્વામિન્! અન્ય કોઇ મહોત્સવ નથી; પરંતુ બહાર ઉદ્યાનમાં શ્રી સુપાર્શ્વનાથ તીર્થંકર પધાર્યા છે એમ સંભળાય છે. તેથી આ સર્વ લોકો તેમને વંદન કરવા માટે જાય છે. તે સાંભળી નરેંદ્ર બોલ્યો હે મંત્રી! આપણે પણ તેમને વાંદવા માટે ચાલો જઈએ. પ્રભુ વંદન શિવાય અન્ય સાંસારિક કાર્યો કરવાથી શું? પ્રધાને પણ કહ્યું દેવ! તેમનું દર્શન માત્ર પણ કલ્યાણકારી છે, તો પછી ગમન, વંદન, પદ સેવા વિગેરે ભક્તિનું તો કહેવુંજ શું? માટે પ્રભુનાં દર્શન કરી પોતાનો મનુષ્યભવ

સફલ કરો. એ પ્રમાણે પ્રધાનના અનુમોદનથી વિજય નરેશ્વરે તત્કાલ પ્રયાણ કર્યું, અનુક્રમે જીનેંદ્રની પાસે ગયા, પંચવિધ અભિગમયુક્ત રાજા રોમાંચિત થઇ ત્રણ પ્રદક્ષિણા કરી પ્રણામ કર્યા બાદ વિશેષ ભક્તિભાવથી પરિપૂર્ણ થઇ જગત્ પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો, હે જગત્પ્રભો ! જેઓ આ ભુવનમાં મોહરૂપી અંધકારને હરવાવડે સૂર્યના પ્રચંડ પ્રતાપનો તિરસ્કાર કરે છે, એવા આપના ચરણોના નખરૂપી મણિઓના કીરણરૂપી દીવાઓ ચિરકાલ જયવંત વર્તો. સ્વામિન્ ! બહુ તીવ્ર પાખંડિ જનોથી વ્યાપ્ત એવા આ જગત્માં પ્રાણિઓને આપનું દર્શન પણ અનંત ભવમાં ઉપાર્જન કરેલા પુણ્યથીજ પ્રાપ્ત થાય છે. ભગવન્ ! આજે મ્હારાં મનોવાંછિત સિદ્ધ થયાં, નાથ ! આજે મ્હારો જન્મ સફલ થયો. કારણકે આપ બહુ સમયે દૃષ્ટિગોચર થયા, માટે હે જગદ્ગુરૂ ! શરદ્ચંદ્રની કાંતિ સમાન શીતલ એવી આપની વાણીવડે અમારા ભવરૂપી ગ્રીષ્મ રૂતુના સંતાપને જલદી દૂર કરો, એ પ્રમાણે સ્તુતિ કરી રાજા જીનેંદ્રના મુખારવિંદ તરફ દૃષ્ટિ પ્રસારીને મૌન રહ્યો.

ત્યારબાદ ભગવાને ધર્મદેશનાનો પ્રારંભ કર્યો, નરેંદ્ર ! જે પ્રાણીઓ ચોરાશી લાખ યોનિમાં ભ્રમણ કરી

પુનઃ ધર્મદેશના. મહાકષ્ટથી મનુષ્યભવ પામી ધર્મનું આરાધન કરતા નથી તેઓને પોતાના આત્માનું અહિત કરનારા જાણવા, કારણકે હસ્તતલમાં રહેલા જલબિંદુની માફક દરેક સમયે આયુષ્ ક્ષીણ થાય છે. જ્વરાદિક રોગો દેહને નિરંતર પીડે છે, અત્યંત કલેશથી મેળવેલી વિદ્યુત્ સમાન ચંચલ એવી લક્ષ્મી પણ ચૌરાદિકના હરણ કરવાના મિષથી ક્ષણમાત્રમાં ચાલી જાય છે. પિતા, માતા, મિત્ર, ભાર્યા, પુત્ર અને સ્વજનાદિકનો સમાગમ પણ સાગરના તરંગ સમાન ક્ષણભંગુર–ક્ષણ-

માત્રમાં દૃષ્ટ અને વિનષ્ટ થાય છે; વળી વિષયસુખ પણ પરિણામે વિરસ અને બહુ દુ:ખદાયી થાય છે. તેમજ યૌવન વિલાસ પણ ક્ષણમાત્ર રમણીય દેખાય છે. હે નરેંદ્ર ! બહુ શું કહેવું ! જીનેન્દ્ર ભાષિત ધર્મ વિના અન્ય કોઇપણ પદાર્થ શાશ્વત નથી, એમ જાણી તે ધર્મનુંજ તું અવલંબન કર, જેથી થોડા સમયમાં તું શિવસુખનો ભોકતા થઈશ. એ પ્રમાણે પ્રભુનાં વચન સાંભળી પરમ વૈરાગ્યયુકત વિજય નરેંદ્રે દાનવિરત નામે પોતાના કુમારને રાજ્યભાર આપીને પોતે પ્રમોદપૂર્વક મ્હોટી વિભૂતિ સાથે જીનેશ્વરની પાસે દીક્ષા ગ્રહણ કરી.

દાનવીરતરાજાનો પ્રશ્ન.

દાનવિરત રાજા પ્રભુને નમસ્કાર કરી બોલ્યો, હે જીનેંદ્ર ! અમે હંમેશાં રાજ્યકાર્યમાં ઉદ્યુકત થઈ ગૃહવાસમાં નિમગ્ન થયા છીએ તો અમને પણ કૃપા કરીને અમારે યોગ્ય ઉપદેશ આપો. જીનેંદ્ર ભગવાન્ બોલ્યા, નરનાથ ! ત્હારે નિરંતર સાવધાન થઈ શ્રાવકધર્મ પાળવો.

વળી તે શ્રાવકધર્મ બાર પ્રકારનો છે. જેમકે પ્રાણીવધ, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, દિશાનું પરિમાણ, ભોગોપભોગ, અનર્થદંડ, સામાયિક, દેશાવગાશિક, પૌષધ અને અતિથિ સંવિભાગ. વળી આ સમસ્ત ભેદોના પ્રત્યેક પાંચ પાંચ અતિચાર છે. તેમજ સર્વ ભેદ સહિત આ શ્રાવકધર્મનું મૂલ કારણ સમ્યકત્વ છે, તેના પણ પાંચ અતિચાર છે. માટે હે ભૂપતે ! સમ્યકત્વને અંગીકાર કરી નિરતિચાર બાર પ્રકારે શ્રાવક ધર્મની ઉપાસના તું કર. એ પ્રમાણે ભગવાનની વાણી સાંભળી દાનવિરત રાજા બોલ્યો, હે જીનેંદ્ર ! જેઓ નિરતિચાર તેમજ અતિચાર સહિત સમ્યકત્વ અથવા દ્વાદશ પ્રકારનો શ્રાવકધર્મ પાળે તેઓને શુભાશુભ કયા ફલની પ્રાપ્તિ થાય છે તે સવિસ્તર

શ્રવણ કરવાની મ્હારી ઈચ્છા છે માટે આપ કૃપા કરી જે ફલ થતું હોય તે દૃષ્ટાંત સહિત અમને સંભળાવો. તે સાંભળી જીનેંદ્રભગવાને પણ તે કહેવાનો પ્રારંભ કર્યો.

॥ इतिश्री सुपार्श्वजिन चरित्रे केवलज्ञान श्री प्राप्तिः ॥

चंपकमाला कथा.

સમ્યક્ત્વવ્રત.

દાનવિરત રાજાએ પ્રભુને નમસ્કાર કરી પ્રશ્ન કર્યો, ભગવન્ ! સ્થિરતાપૂર્વક સમ્યક્ત્વની આરાધના કરવાથી મનુષ્યને કઇ ગતિ પ્રાપ્ત થાય છે, તે આપ કૃપા કરી કહો. જગત્પ્રભુ બોલ્યા,

સમ્યક્ત્વફલ.

રાજન્ ! સમ્યક્ત્વ એ ધર્મનું મૂળતત્ત્વ છે, માટે તેમાં સાવધાન રહી સ્થિરચિત્તે જીનશાસનની ઉન્નતિમાં જેઓ ઉધુક્ત રહે છે તે ભવ્ય પ્રાણીઓ ચંપકમાલાની પેઠે તેજ ભવમાં મોક્ષગામી થાય છે.

રાજા—ચંપકમાલા કઇ જાતિમાં જન્મી હતી ? અને કેવીરીતે સમ્યક્ત્વ પામી ? તેમજ શિવસુખની પ્રાપ્તિ તેને કેવીરીતે થઈ ? શ્રી સુપાર્શ્વપ્રભુ—જંબુદ્વીપ નામે દ્વીપમાં ભારતક્ષેત્રની અંદર બહુ ઉત્તમ શાલ એટલે કિલ્લો, શાલાઓ અને વૃક્ષોની વિશેષ રમણીયતાને લીધે ત્રણે પ્રકારે વિશાલા એવા નામની સુંદર નગરી છે. જેની અંદર ઉપસર્ગ, ગુરૂલઘુતા, ગુણનો બાધ કરનારી વૃદ્ધિ, વર્ણોનો નિપાત અને વર્ણવિકૃતિ એ તો માત્ર વ્યાકરણ શાસ્ત્ર માંજ છે; પરંતુ લોકોમાં નથી. હવે તે નગરીમાં યાચક જનોના મનોવાંછિત પૂરવામાં બહુ દક્ષ અને મનુષ્યરૂપી કુમુદવનને પ્રફુલ્લ

કરવામાં ચંદ્ર સમાન લલિતાંગ નામે રાજા હતો. વળી તે ભૂપતિ લાખો વૈરીઓનો નિહંતા હતો, તેમજ કમલપત્ર સમાન વિકસ્વર નેત્રશોભાને ધારણ કરતો, અખિલ કલાઓમાં બહુ નિપુણ અને જીનધર્મમાં દૃઢતર લક્ષ્યધારી, એવો તે રાજા નિરંતર દેશની હિતરક્ષામાંજ તત્પર રહેતો હતો. અસાધારણ લજ્જાવાળી, વિશદશીલગુણવડે લોકોમાં આશ્ચર્ય ઉપજાવતી, સદ્ધર્મની પ્રવૃત્તિ કરવામાં અતિ પ્રેમવાળી અને નિરવદ્ય સ્વભાવથી સુશોભિત એવી પ્રીતિમતી નામે તેની ભાર્યા હતી. તે સ્ત્રીપુરૂષ બન્ને જણાં પરસ્પર ગાઢ પ્રીતિપૂર્વક વિષયસુખ અનુભવતાં હતાં, અનુક્રમે તેઓને પાંચ પુત્ર અને એક ઉત્તમ રૂપવતી પુત્રી થઇ. પ્રતિ દિવસે શરીરની પુષ્ટિ તથા ગુણોના સંગ્રહવડે પર્વતની ગુફામાં રહેલી ચંપકલતાની માફક તે પુત્રી વૃદ્ધિ પામવા લાગી તેથી તે પુત્રીનું નામ તેના માતાપિતાએ ચંપકમાલા પાડયું. કેટલોક સમય વ્યતીત થતાં તેની યોગ્યતા જાણી લલિતાંગ રાજાએ કુમુદચંદ્ર અધ્યાપકની પાસે તે બાલાને અભ્યાસ માટે મુકી. ચંપકમાલા પણ પોતાની બુદ્ધિ પ્રમાણે વ્યાકરણ, ન્યાય, સાહિત્ય અને જ્યોતિષ વિગેરેનો બહુ ખંતથી અભ્યાસ કરવા લાગી.

અમરગુરૂ આગમન.

એક દિવસે લલિતાંગ રાજા પોતે રાજસભામાં બેઠા હતા. તેમજ સામંત, મંત્રી, સુભટ વિગેરેથી સભા ચિકાર ભરાઇ હતી, તેવામાં કુણાલા નગરીના અધિપતિ અરિકેસરી રાજાનો અમરગુરૂ નામે રાજગુરૂ ત્યાં આવ્યો, એટલે દ્વારપાલે રાજાની આજ્ઞા લઇ રાજસભામાં તેનો પ્રવેશ કરાવ્યો. રાજાએ પોતે ઉભા થઇ આદર સહિત આલિંગન આપી તેને ઉચિત આસને બેસાડી અરિકેસરી રાજાનું કુશલ વૃત્તાંત પુછયું. તેટલામાં [illegible] સહિત ચંપકમાલા પણ કલાચાર્યની સાથે

રાજસભામાં આવી. તેણીએ રાજાને પ્રણામ કર્યો એટલે ભૂપતિએ તેને પ્રેમપૂર્વક પોતાના ઉત્સંગમાં બેસારીને પૂછયું. હે પુત્રિ! ત્હારે શાસ્ત્રનો કેટલો અભ્યાસ થયો છે? તે મૂળથી આરંભી સર્વ અભ્યાસ અમને કહી બતાવ? શરમને લીધે તે બાલા કંઇપણ ન બોલી ત્યારે કુમુદચંદ્ર પંડિત બોલ્યો, રાજન્! આ આપની પુત્રીનો અભ્યાસ ઘણો પ્રશંસનીય છે; કેમકે નહીં ભણેલાં એવાં ઘણાં શાસ્ત્રોનો પણ પરમાર્થ આ બાલા જાણે છે. તે સાંભળી અમરગુરૂએ પોતાના મનમાં વિચાર કર્યો કે અરિકેસરી નરેંદ્રની આ બાલા સ્ત્રી થાય તો બહુ સારૂં એમ જાણી તેણે પૂછયું, હે વત્સે? શું તું ચૂડામણી શાસ્ત્ર જાણે છે? કુમારી બોલી, હા? હું જાણું છું. બહુ સારૂં જો તું જાણતી હોય તો ત્હારો પતિ કોણ અને તે કયારે થશે? તેમજ ત્હારી સાથે તે ત્હારો સ્વામી કેવી રીતે વર્ત્તશે? અને સંતતિમાં પુત્ર તથા પુત્રીઓ ત્હારે કેટલી થશે તે તું બોલ. પિત્રાદિકની લજ્જાને લીધે કુમારીએ કંઇપણ પ્રત્યુત્તર ન આપ્યો એટલે તેના ઉપાધ્યાયે કહ્યું, હે વત્સે! અહીં આ અવસરે લજ્જા રાખવાનું કંઇપણ પ્રયોજન નથી, ઉચિત જવાબ ખાસ આપવો જોઇએ કેમકે વિદ્યાની અવહેલના ન થવી જોઇએ. ત્યારબાદ ચંપકમાલા વિચાર કરી મધુર વચનોથી બોલી, આજથી એક વર્ષ પછી અરિકેસરી નરેંદ્ર મ્હારા પતિ થશે. તે બાર વર્ષ સુધી મ્હારી સાથે બહુ આનંદથી વર્ત્તશે, પછી છ માસ સુધી મ્હારાથી વિરક્ત રહી ફરીથી પ્રીતિ સહિત મ્હારી સાથે વર્ત્તશે તેમજ મારે બે પુત્ર અને એક પુત્રી થશે, વળી હે અમરગુરૂ? નહીં પુછવા છતાં વિશેષમાં હું તમને જણાવું છું કે આજથી દશમા દિવસ ઉપર તમ્હારો પુત્ર મરણ પામ્યો છે. અને તેજ રાત્રીના છેલ્લા પ્રહરમાં તમ્હારી સ્ત્રીને ઉત્તમ લક્ષણવાળો એક પુત્ર જન્મ્યો છે. તે સાંભળી વિષાદ અને સંતોષ માનતો અમરગુરૂ ચંપકમાલાને પૂછવા લાગ્યો કે, મ્હારો પુત્ર શાથી મરણ

પામ્યો ? વિશેષ પ્રકારે ચૂડામણિશાસ્ત્રનો અર્થ વિચારી, યથાસ્થિત સર્વ વૃત્તાંત જાણીને ચંપકમાલા બોલી, જ્યારે તમે તમ્હારા રાજાની આજ્ઞા લઇ ત્યાંથી અહીં આવવા નીકળ્યા ત્યારે તમ્હારો પુત્ર તમ્હારી પાછળ આવતો હતો તેને જોઇ તમોએ તેનો તિરસ્કાર કરી તેને પાછો વાળ્યો, ત્યારથી તે તેના મનમાં પોતાનું અપમાન સમજી પોતાના મિત્રો સાથે બાલક્રીડા કરતો છતો દિવસો વ્યતીત કરતો હતો. અન્યદા કોઇક પ્રસંગે ઉદ્યાનમાં મહોત્સવ થતો હતો તે વખતે ત્યાં જવા માટે તમ્હારા પૂર્વજોની તરવાર પોતાના હસ્તમાં ગ્રહણ કરી મિત્રો સાથે તે ચાલતો થયો. તેટલામાં તેની માતાએ ત્યાં આવી તેને કહ્યું કે પુત્ર! આ ખડ્ગરત્ન તો પૂજવા માટેજ રાખેલું છે, માટે જે સ્થાનમાં મૂકેલું છે ત્યાંથી તે ચલાયમાન કરી શકાયજ નહીં. જેથી હે વત્સ! આ ખડ્ગને મૂકીને ત્હારે જવું હોય તો સુખેથી તું જા, એમ પોતાની માના કહેવાથી પોતાનું મહાન્ અપમાન સમજી ઉત્સવમાં જવું બંધ રાખી તે બહુ શોકાતુર થઇ ગયો, તેટલામાં સૂર્ય પણ અસ્ત થયો, રાત્રિએ સર્વ પરિજન તથા તેની માતા વિગેરે નિદ્રાવશ થઇ ગયાં અને તમ્હારો પુત્ર પણ સુઇ ગયો. પ્રાચીન કર્મવશને લીધે સર્વે નિદ્રાધીન થયાં એટલે તે ધીમે ધીમે શયનમાંથી ઉઠી ઉપવનમાં ગયો. અને વાવમાં પડીને તેણે પોતાના દેહનો ત્યાગ કર્યો. પ્રભાતકાલમાં તેની માતા વિગેરે ઉઠ્યાં, પુત્રને નહીં જોવાથી તેઓએ સર્વત્ર તેનો શોધ કરાવ્યો; પરંતુ કોઇપણ સ્થળે તેની ખબર મળી નહીં ત્યારબાદ તેઓએ કુરંગ નામે દૂતને તમ્હારી પાસે મોકલ્યો છે હાલમાંજ અહીં આવશે, એમ કહીને તે બાલા શાંત રહી તેટલામાં દ્વારપાળની સૂચનાથી કુરંગ પણ ત્યા આવ્યો, નરેંદ્રને તથા અમરગુરૂને નમસ્કાર કરી જે પ્રમાણે કુમારીએ કહ્યું હતું તેજ પ્રમાણે તેણે સર્વ વૃત્તાંત નિવેદન કર્યું. પછી અમરગુરૂ બોલ્યો, અજ્ઞાનરૂપી અંધકારને હરણ કરનારી અને ત્રણે લોકમાં અલૌકિક રૂપવાળી

એવી આ કુમારી સાક્ષાત્ સરસ્વતી આપના ત્યાં અવતરી છે. તેમજ રાજસભામાં બેઠેલા અન્ય જનો પણ તેની બહુ પ્રશંસા કરવા લાગ્યા. ત્યારબાદ ચંપકમાલા પિતાની આજ્ઞા લઈ ત્યાંથી જવા માટે ઉભી થઈ, એટલે સંતુષ્ટ થએલા રાજાએ તથા સભ્યજનોએ પોત્રાના શરીરે ધારણ કરેલાં સમસ્ત આભરણો કુમુદચંદ્ર કલાચાર્યને પારિતોષિકમાં આપ્યાં, તેમજ ભૂપતિએ વિશેષમાં દરિદ્રતાને દૂર કરનારૂં લક્ષ સોનૈયાનું વર્ષાસન તેને બાંધી આપ્યું. ત્યારબાદ ચંપકમાલા સહિત કુમુદચંદ્ર પણ પોતાના સ્થાનમાં ગયો.

અરિકેસરિનો સંદેશો અને અમરગુરૂનો વિચાર.

ઉલિતાંગરાજાએ અમરગુરૂને જણાવ્યું કે હાલમાં તમ્હારે કુણાલા નગરીમાંજ જલદી જવું ઉચિત છે. કારણકે તમ્હારો પરિવાર બહુ દુઃખી અવસ્થામાં હશે તેથી તમે ત્યાં જઈ તેઓને શાંતિ આપો. વળી તમ્હારા રાજાધિરાજનો શો હુકમ છે? તે સંક્ષેપથીજ જલદી ફરમાવો. તે સાંભળી અમરગુરૂ બોલ્યો. આપના સીમાડામાં એક દુર્ગ છે તે અમને આપો અને તેના બદલામાં આપને ઉચિત લાગે તેવો બહુ સમૃદ્ધિવાળો અન્ય દુર્ગ સ્વીકારો. એવો અમારા અધિપતિનો હુકમ છે. રાજાએ કહ્યું કે, આ રાજ્ય પણ અરિકેસરી નરેંદ્રનુંજ છે. તો એક દુર્ગનો શો હિસાબ? અમરગુરૂ બોલ્યો, સુજનતામાં આપની સમાનતા બીજો કોણ કરી શકે? અહો! ધન્ય છે આપની ઉદારતાને. પછી રાજાએ તે દુર્ગ આપી બહુ પ્રકારે તેનો સત્કાર કર્યો. એટલે અમરગુરૂ પણ પોતાની નગરી પ્રત્યે ચાલતો થયો. પછી માર્ગમાં વિસ્મિત થઈ તે વિચાર કરવા લાગ્યો કે શરદૃતુના ચંદ્ર સમાન નિર્મલ કલાઓથી વિભૂષિત, તેમજ કળિકાલના કલાઓથી નિર્મુક્ત એવી આ બાળાના ત્રણ લક્ષણ અતિ આશ્ચર્યકારક છે, ૧ આ લોકમાં

દેશકાલથી ગુપ્ત (અપ્રાપ્ય) બાદર અને સૂક્ષ્મ પદાર્થોને પ્રગટ કરનારૂં જ્ઞાન, ૨ મુનિજનના હૃદયને પણ વિનોદ કરનાર સર્વાંગ સુંદર સ્વરૂપ, ૩ તેમજ સ્ત્રીજનની તુચ્છતા તથા વિષયશાસ્ત્રનો તિરસ્કાર કરનાર એવો સ્ફુટ વિનય, આ તેની વિશેષ રચનામાં અભ્યાસથી વિધાતાનું જ કુશલપણું છે. એ પ્રમાણે વિચાર કરતો અમરગુરૂ અનુક્રમે કુણાલા નગરીમાં અરિકેસરી રાજાની પાસે ગયો અને લલિતાંગ રાજાએ મોકલેલી ભેટની ચીજો તેની આગળ મૂકી ઉચિત સત્કાર પૂર્વક આસન ઉપર બેસી અમરગુરૂ બોલ્યો, દેવ! આપની આજ્ઞા લલિતાંગ રાજાએ પોતાના મસ્તકે વધાવી લીધી છે, વિગેરે કુશલ સમાચાર કહ્યા બાદ વિશેષમાં જણાવ્યું કે આ દુનીયામાં અપત્યવાન્ તો લલિતાંગ રાજા જ ગણાય છે, કારણ કે જેને ત્યાં ત્રિભુવનમાં એક ભૂષણ સમાન અતિ ઉત્તમ એક કન્યારત્ન જન્મી છે, જેણીના રૂપ આગળ રતિ, ગંગા અને પાર્વતી પણ દીનપણું ધારણ કરે છે. તેમજ તેના સૌભાગ્ય વડે રંભા પણ ગર્વહીન થાય છે. પ્રાયે કરી તે કુમારી સર્વ કલાઓમાં કુશલ છે. પરંતુ હે નરાધિપ! ચૂડામણિ શાસ્ત્રમાં તો તે એવી નિપુણ છે કે અન્ય કોઇ પણ તેની તુલના કરી શકે તેમ નથી. ત્હેં શાથી જાણ્યું? એમ તેના પૂછવાથી તેણે પોતાના પુત્ર મરણનો વૃત્તાંત સવિસ્તર તેણીના કહ્યા પ્રમાણે રાજાની આગળ કહી સંભળાવ્યો. વળી અમરગુરૂએ કહ્યું, કે હે નૃપ! અધિક શું કહેવું? જો આપના કર સ્પર્શનું સુખ તે બાલાને મળે તો તે સંયોગ જગતમાં પ્રશંસા કરવા લાયક અને અનુરૂપ ગણાય. એમ સાંભળી લલિતાંગ રાજાના હૃદયમાં એવો કામ ભરાઇ ગયો કે જેથી ક્ષણમાત્રમાં ઇર્ષ્યાને લઇને ગૌરવ અને ધૈર્ય તેના હૃદયમાંથી ચાલ્યાં ગયાં.

અરિકેસરીએ અમરગુરૂને કહ્યું કે તમે બુદ્ધિમાં બહસ્પતિ

અરિકેસરી અને લલિતાંગનો સમાગમ.

સમાન છો તેમ છતાં તમે તે કન્યાનું માગલું ન કર્યું એ તમ્હારી બહુ મ્હોટી ભૂલ ગણાય, હવે જો લલિતાંગ રાજા તે કન્યારત્ન આપણને નહિ આપતાં બીજા કોઈ રાજાને આપશે તો રત્નનો નિધિ બતાવી આપણાં નેત્ર ઉખાડી લીધાં એમ ગણાશે. ત્યારે અમરગુરૂ બોલ્યો, નરેંદ્ર ! તે કન્યા આપના વિના બીજા કોઈને આપવાની નથી, કારણકે એક વર્ષ પછી તે કન્યા તમનેજ વરવાની છે એમ તે કન્યાએ પોતેજ કહ્યું છે. રાજાએ કહ્યું, આ વાત સાંભળી મ્હારાં નેત્ર તે કન્યાના દર્શનામૃતનો સ્વાદ લેવા અતિ લંપટ બની ગયાં છે, જેથી ક્ષણમાત્ર પણ હવે મ્હારાથી અહીં રહી શકાય તેમ નથી. તેથી તે કન્યાની માગણી કરવા માટે જલદી તમે ત્યાં જાઓ, અને હું પણ અન્ય વેશ ધારણ કરી તમ્હારો સ્થગિધર થઇને અલક્ષિતપણે તમ્હારી સાથે આવું છું, એમ વિચાર કરી સૈન્ય સહિત તેઓએ વિશાલા નગરી પ્રત્યે પ્રયાણ કર્યું અને અનુક્રમે સિંહદ્વારમાં જઇ પહોંચ્યા. પ્રતીહારીએ રાજાને જણાવ્યું કે કુણાલા નગરીથી અમરગુરૂ આવ્યા છે. નરેંદ્રની આજ્ઞાથી રાજસભામાં અમરગુરૂએ તરતજ પ્રવેશ કર્યો. લલિતાંગ રાજાએ બહુ સ્નેહથી તેને આલિંગન કરી યોગ્ય આસને બેસાડી અરિકેસરી રાજાનું કુશલ વૃત્તાંત પુછ્યું. ત્યારબાદ રાજાએ અમરગુરૂને જણાવ્યું કે જલદી પાછું અહીં આવવાનું શું કારણ ? અમરગુરૂ બોલ્યો, આપની પુત્રીના ગુણો તેમજ એક વર્ષ પછી તે લગ્ન કરશે. એ પ્રમાણે મ્હારા મુખથી સાંભળી અરિકેસરી રાજા ઘણાજ ઉત્સુક થયા છે, રાજન્! ઘણું શું કહેવું ? જો આ કન્યારત્ન તેમની દષ્ટિગોચર નહીં થાય તો જરૂર તે પ્રાણ છોડી પરલોક ચાલ્યા જશે, એવી હકી-

૯

કત બની છે. માટે હવે આપને જેમ યોગ્ય લાગે તેમ કરો.
અમેતો આપના મિત્રનું આ દુઃખ નિવેદન કરી નિવૃત્ત થયા.
એ પ્રમાણે તેઓ બન્નેનો વાર્ત્તાલાપ ચાલતો હતો તેટલામાં અક-
સ્માત્ પોતાની સખીઓ સાથે તે કન્યા પણ પોતાના પિતાને
વંદન કરવા આવી. રાજાએ ઉત્સાહપૂર્વક ચંપકમાલાને ઉત્સં-
ગમાં બેસાડી પૂછ્યું, પુત્રી ! આ વિદ્વાન્ શા માટે અહીં આવ્યા
છે ? તે બોલી, આ સ્થગિધરને માટેજ તે આવ્યા છે. રાજા વિ-
સ્મિત થઇ વિચાર કરવા લાગ્યો, પુત્રીનું કહેવું સત્ય છે. કાર
ણકે આ સ્થગિધરે મ્હને મસ્તક નમાવ્યું નથી, તેમજ આસન
ઉપર પણ બેઠો નથી. વળી એની આકૃતિ ઉપરથી જરૂર આ
રાજાધિરાજ હોવો જોઇએ. એમ જાણી લલિતાંગ રાજા પોતે ઉભો
થયો અને અરિકેસરીને સિંહાસન ઉપર બેસાડી નમસ્કાર કર્યા બાદ
પોતે અન્ય આસન ઉપર બેસીને ચંપકમાલાને પૂછ્યું, પુત્રી ! પા-
ણિગ્રહણ કરવામાં ત્હેં એકવર્ષનો વિલંબ બતાવ્યો તેનું શું કારણ ?
લજ્જાને લીધે ચંપકમાલા પોતાના પગના અંગુઠા તરફ દૃષ્ટિ કરી
કંઇપણ બોલી નહી. એટલે રાજાએ જ્યોતિષિકને બોલાવી કહ્યું
કે આ કુમારીના પાણિગ્રહણનું શુભ મુહૂર્ત્ત ક્યારે આવે છે તે
નક્કી કરી જલદી કહો. તે પણ પૂર્વાપર શાસ્ત્રનો વિચાર કરીને
બોલ્યો, રાજન્ ! આ વર્ષમાં ઉત્તમ મુહૂર્ત્તો નથી. કારણકે-

गुरुक्षेत्रे गते भानौ, भानुक्षेत्रे गते गुरौ।
विवाहादि न कुर्वीत, वाञ्छन् शुभपरम्पराम् ॥

અર્થ-ગુરૂક્ષેત્રમાં સૂર્ય ગયો હોય અને સૂર્યના સ્થાનમાં ગુરૂ ગયો હોય તો શુભેચ્છક પુરૂષે વિવાહાદિક શુભ કાર્ય કરવાં નહીં આ નિયમ પ્રમાણે સૂર્યના સ્થાનમાં બૃહસ્પતિ રહેલો હોવાથી આ વર્ષ દૂષિત ગણાય છે. વળી ગુરૂ તેર માસ સુધી એ રાશીએ રહે છે તેથી આ વર્ષ ગયા બાદ વૈશાખ સુદિ ૧૧ શુક્ર

વાર, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો પ્રથમ ચરણ, હર્ષણયોગ, સૂર્યના નક્ષત્રથી દશમું નક્ષત્ર, વૃષલગ્ન, બવકર્ણ, ઉદયાદિશુદ્ધિયુક્ત બલિષ્ઠ એવા પંચગ્રહ સહિત સૂર્ય અને શુક્ર ઉચ્ચ સ્થાનમાં રહે છતે સૂર્યોદયથી સવાચાર ઘડીએ લાતાદિદોષ રહિત અતિ ઉત્તમ લગ્ન આવે છે. તે સાંભળી લલિતાંગ રાજાએ જ્યોતિષિકનું વચન માન્ય કરી લગ્નપત્રિકા લખાવી તે પુરોહિતને આપી. પછી જ્યોતિષિકને વિવિધ આભરણોથી સત્કાર કરી વિદાય કર્યો. ત્યારબાદ સભા વિસર્જન કરી અરિકેસરી નરેંદ્રને સ્નાન માટે મજ્જનશાલામાં લઈ ગયા. અંગમર્દન કરી લક્ષપાક તૈલવડે ખુબ ચોળીને સ્નાન કરાવ્યું. બાદ ટુવાલથી શરીર લુછી નાખી ચંદનનો લેપ કરીને ઉત્તમ વસ્ત્રો પહેરાવ્યાં. ત્યારબાદ તેને જીનમંદિરમાં લઈ ગયા. દેવપૂજન માટે પુષ્પ, ચંદન વિગેરે પૂજાની સામગ્રી આપી. અનભ્યાસને લીધે માત્ર વ્યવહારથી તેણે પણ પૂજા કરી અને પોતાનાપરિવાર સહિત દેવવંદનનો વિધિ કર્યો. પછી ત્યાંથી નરેંદ્રને જમવા માટે ભોજનશાળામાં લઈ ગયા. ભોજન કરી રહ્યા બાદ પાન, સોપારી આપી દીવાનખાનામાં પલંગપર વિરાજમાન થયા બાદ તેમના સમક્ષ પોતાના વડીલ વંશજને કહ્યું કે આવા પુરૂષ રત્નના આગમનથી આ સમસ્ત જનો અહીં આવ્યા છે, માટે એઓની પણ માન મર્યાદા સાચવી સારી રીતે સત્કારક્રિયા કરવી જોઈએ. એ પ્રમાણે કહી લલિતાંગ મહીપતિએ સર્વેને જમાડી ઉત્તમ વસ્ત્રો પહેરાવી અશ્વ, હાથી, રથ, અને મણિ રત્ન વિગેરે આભૂષણો વડે સત્કાર કરી તેઓને વિદાય કર્યા. ત્યારબાદ લલિતાંગ રાજાએ સુખાસને બેઠેલા અરિકેસરી નરેંદ્રને વિનતિ કરી કહ્યું કે રાજાધિરાજ ! જોકે મ્હારાં નેત્ર આપના દર્શનરૂપી અમૃતના રસસ્વાદમાં બહુ લુબ્ધ થયાં છે, તેમ છતાં મ્હારો વિચાર એવો છે કે આપને અહીં વધારે રોકવા તે યોગ્ય નથી. જેમકે કદાપિ

કોઈ કારણુને લીધે મરૂસ્થલમાં રાજહંસનાં દર્શન થાય અને પામરને હાથીની પ્રાપ્તિ થાય, તથાપિ તેઓની એવી યોગ્યતા હોતી નથી કે જેથી તેઓ બહુ સમય સુધી તેઓને ત્યાં રાખી શકે. માટે આપના નગર તરફ આપ જ્યારે પ્રયાણ કરશો ત્યારે અમારી પુત્રી ચંપકમાલા પણ આપની સાથેજ આવશે, વળી તેની સાથે મ્હારા પ્રધાન પુરૂષો પણ આવશે અને તેઓ નૈમિત્તિકે બતાવેલા મુહૂર્ત્ત પ્રમાણે આપની સાથે કન્યાનું લગ્ન કરાવશે, એમાં કોઈ પ્રકારનો સંદેહનથી. આ પ્રમાણે સંભાષણ થયા બાદ અરિકેસરી રાજાએ કહ્યું, નરાધીશ! આપ ઉચિત દેશકાલના જાણુનાર છો, તેમજ ધીર અને ગંભીર હૃદયવાળા છો, વળી આપ સજ્જનોમાં ધુરંધર છો. આપની પવિત્ર કીર્ત્તિને ત્રણે લોકમાં અન્ય કોણ ધારણ કરી શકે તેમ છે ? નરેંદ્ર ! નિરંતર સદ્‌ભાવ સ્નેહથી સુંદર એવા રસાયન સમાન આપના વિનયાલાપથી અમે તૃપ્ત થતા નથી. પરંતુ સર્વ મનોરથોનું એક નિવાસ મંદિર એવી આ ચંપકમાલા જ્યારે અમારા જોવામાં આવતી નથી ત્યારે મહાન્ કાર્યો ત્યજી દઈને અમારૂં હૃદય અહીં રહે છે. અર્થાત્ કાર્યોમાં અમારૂં ધ્યાન રહેતું નથી. એમ કહ્યા બાદ લલિતાંગરાજાએ અરિકેસરી નરેંદ્રને ચંપકમાલા સહિત પોતાના દેશ તરફ જલદી વિદાય કર્યો. કેટલાક મુકામ સુધી તે પોતે પણ સાથે ગયો પછી તેની આજ્ઞા લઈને પાછો વળ્યો.

અરિકેસરી અને ચંપકમાલાનો વિવાહ તથા ધર્મચર્ચા.

જેના રાજ્ય કાર્યભાર પાંચ પ્રધાનો ચલાવતા હતા, જેની અંદર હરેક સ્થાને ધ્વજ પતાકાઓ શોભતી હતી, જેના બજાર તથા શેરીઓનો દેખાવ આનંદ આપતો હતો અને જેમાં સંદુ... થએલી યુવતિઓ મંગળવાદ બોલતી હતી એવા પોતાના નગરમાં અરિકેસરી રાજાએ પ્રવેશ કર્યો એ પ્રમાણે મહોત્સવ પૂર્વક

નરેંદ્ર રાજમહેલ તરફ વળ્યો. અને ચંપકમાલાને રહેવા માટે એક મ્હોટો સુંદર મ્હેલ આપ્યો કે જેમાં રહેલી ચંપકમાલા હંમેશાં પોતાના સ્થાનમાં રહેલા નરેંદ્રના નેત્રોને આનંદ આપે છે. રાજા પણ નિરંતર ચંપકમાલાની પાસે જાય છે. એક દિવસે રાજા અમરગુરૂને સાથે લઈ ચંપકમાલાની પાસે ગયો. ત્યારબાદ અમરગુરૂએ પૂછ્યું, રાજપુત્રી! આજે કલા વિચારના સંબંધમાં કંઇક વિવેચન કરો. ચંપકમાલા બોલી, આ દુનીયામાં પાખંડી જનોએ જે અનેક પ્રકારના ધર્મ રચ્યા છે, તેઓમાંથી તમને કયો ધર્મ સંમત છે? ત્યારે અમરગુરૂ બોલ્યો, આ પ્રમાણે સંબંધ વગરનું તમે કેમ બોલો છો? ચંપકમાલા બોલી, શું ધર્મ સંબંધી પ્રશ્ન અપ્રસ્તુત ગણાય? વળી શું તમે ધર્મને કલા નથી માનતા? આલોક અને પરલોકમાં સુખદાયક તો ધર્મ એજ મુખ્ય કલા છે. તેમજ જેઓ સર્વકલાઓમાં શ્રેષ્ઠતર એવી ધર્મકલાને નથી જાણતા તેઓ બીજી કલાઓમાં નિપુણ હોય તો પણ અપંડિતજ જાણવા. અમરગુરૂ બોલ્યા, આ બાબતમાં કોઈપણ વિશેષ વિચારની જરૂર નથી, કેમકે જેના પૂર્વ પુરૂષોએ જે ધર્મ આચર્યો હોય તે તેનો ધર્મ જાણવો. પોતાની માતા સુશીલા છે અથવા દુઃશીલવાળી છે તેનો વિચાર કરવો પણ નિરર્થક છે, તેમજ ઔષધવિષયમાં જેમ વૈદ્યનો ઉપદેશ પ્રમાણભૂત ગણાય છે તેમ પોતાના ગુરૂજનોએ જે યજ્ઞાદિક ધર્મ જેઓને કહ્યો હોય તેજ ધર્મ તેઓને માન્ય છે. આવા અનર્થ ચિંતવનનું હાલમાં આપણે શું કામ છે? એમ કહી અમરગુરૂ ધર્મવાદમાં મૌન રહ્યો. ત્યારબાદ કોયલ સમાન કંઠવાળી ચંપકમાલા બોલી, જોકે તમ્હારૂં કહેવું બહુ સુંદર છે, તોપણ આપના સરખા પંડિત પુરૂષોને આ પ્રમાણે બોલવું અનુચિત છે. કારણકે ઉત્તમ પુરૂષાર્થરૂપ ધર્મ સંબંધી વિચાર કરવો તે યોગ્ય ગણાય છે. વળી તે પુરૂષાર્થ ત્રણ પ્રકારનો છે,

તેઓમાં ધર્મનું મુખ્યપણું છે, કારણકે અર્થ અને કામનું મુખ્ય કારણ ધર્મજ છે. નીતિ શાસ્ત્રમાં કહ્યું છે કે—

धर्माद्‌र्थोऽर्थतः कामः, कामात्सुखफलोदयः ।
आत्मानं हन्ति तौ हत्वा, योयुक्त्या न निषेवते ॥

અર્થ—ધર્મ સેવનથી ધનની પ્રાપ્તિ અને ધનથી કામની પ્રાપ્તિ તેમજ કામથી સુખકારી ફલનો ઉદય થાય છે. માટે અર્થ અને કામનો ત્યાગ કરી જે પુરૂષ યુકિતપૂર્વક ધર્મ સેવતો નથી તેને આત્મઘાતી જાણવો. જોકે પુણ્ય અને પાપનો અભાવ તે મોક્ષ કહેવાય છે, તો પણ તેનું કારણ પુણ્ય પ્રકૃતિ ગણાય. વિપાક કાર્ય તો લોકમાં સુપ્રસિદ્ધ છે. હે પંડિતવર્ય ! વળી ક્રમપરંપરાથી પ્રાપ્ત થયેલો જે ધર્મ જેઓનો હોય તે ધર્મ તેઓને પ્રમાણભૂત ગણાય તે પણ તમ્હારૂં કહેવું અસંગત છે, કેમકે પૂર્વજોની પરંપરાથી દારિદ્રય અને વ્યાધિઓ ચાલ્યા આવતા હોય તો શું તેઓના વંશજોએ તેઓનો બહિષ્કાર ન કરવો ? તેમજ તમોએ જે જનનીનું દૃષ્ટાંત આપ્યું તે પણ અયોગ્ય છે. કારણ કે જો વ્યભિચારિણી માતાનો ત્યાગ કરવામાં ન આવે તો તે પણ પોતાના પુત્રને ઈર્ષ્યાથી મારી નાખે છે એ વાર્ત્તા સર્વ લોકમાં સુપ્રસિદ્ધ છે. તેમજ ઔષધના દૃષ્ટાંતથી તમોએ ગુરૂના ઉપદેશને પ્રમાણભૂત કહ્યો તે ઠીક છે, પરંતુ તે ગુરૂ રાગ દ્વેષથી વિમુકત અને પરમાર્થ સ્વરૂપના જ્ઞાતા હોવા જોઈએ, વળી તેવા સર્વજ્ઞ ગુરૂ તો પોતે તીર્થંકર ભગવાનજ છે. અથવા તેમના વચનના જાણકાર તેમજ તેમની આજ્ઞામાં વર્ત્તવાવાળા જેઓ હોય તેઓ ગણાય. વળી યોગ્ય સમયે ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ કરનાર અને માત્સર્ય તથા રાગાદિરહિત જેવા અર્હન્ દેવ છે, તેવા અન્ય દેવ નથી એની શી ખાત્રી ? એમ અમરગુરૂના પૂછવાથી ચંપકમાલા બોલી, એમાં પ્રમાણ એ છે કે તેઓના દરેક

શાસ્ત્રોમાં તેઓનું સ્વરૂપ આ પ્રમાણે કહેવામાં આવ્યું છે કે તેઓ આ લોકના કર્તા નથી તેમજ જગતકર્તા છે એમ કહેવા પણ નથી, કેમકે લોકોનીઉત્પત્તિ સ્થિતિ, અને સંહાર કરવાવડે અન્ય દેવોને રાગાદિકની પ્રાપ્તિ થાય છે, પરંતુ જીનેંદ્રો તો રાગાદિકથી વિમુખ હોય છે. વળી અન્ય દેવ અને અર્હિંતનો વિભેદ તેઓની મૂર્તિઓ પણ બતાવે છે તદ્યથા-

> इह हि रमणीशस्त्राक्षालीधराः सुरमूर्तयो-
> निपुणमुणमान् रागद्वेषभ्रमान् गमयन्त्यलम् ।
> तव पुनरियं त्यक्तासङ्गा तनुः स्वकृतार्थतां,
> प्रसभमुदती स्वामिन् ! सत्यं प्रवक्ति तदत्ययम् ॥

અર્થ—આ લોકમાં સ્ત્રી, શસ્ત્ર અને અક્ષમાલાથી વિભૂષિત એવા હરિહરાદિક દેવતાઓની મૂર્તિઓ દક્ષ પુરૂષોને સુગમ એવા રાગદ્વેષના ભ્રમને સંપૂર્ણ રીતે પ્રગટ કરે છે. વળી સ્વામિન્! સર્વસંગરહિત અને અતિ ઉત્કટ રીતે કૃતાર્થપણાને વહન કરતી આપની મૂર્તિ તેઓના દોષ ખુલ્લી રીતે બતાવે છે. ઇત્યાદિક અનેક સુક્તિઓથી અમરગુરૂને ચંપકમાલાએ નિરૂત્તર કર્યો કે જેથી અરિકેસરિ સહિત અમરગુરૂએ જૈનધર્મમાં સ્થિરતા કરી. પછી તે બોલ્યો, હે રાજકુમારી ! આ સંસારસાગરમાં નાવ સમાન તું અમને પ્રાપ્ત થઇ અને ઉન્માર્ગે પ્રવૃત થયેલા અમને તેં જૈનધર્મમાં સ્થાપન કર્યા. એ પ્રમાણે હમ્મેશાં વાર્ત્તાવિનોદ કરતાં અરિકેસરી રાજાએ યુગ સમાન એવું તે વર્ષ બહુ દુઃખે નિર્ગમન કર્યું. બાદ લગ્નનો સમય પ્રાપ્ત થયો એટલે તે ચંપકમાલા સાથે પરણ્યો, અને તેની સાથે પાંચ પ્રકારના વિષયસુખને અનુભવતો ઇદ્રની માફક ગતકાલને તે જાણતો નથી.

એક દિવસે અમરગુરૂ રાત્રિએ સુતા હતા તેવામાં તેણે સ્વ-

અમરગુરૂની દીક્ષા તથા મોક્ષ ગમન.

આમાં પોતાને ઊંટ ઉપર બેસી દક્ષિણ દિશા તરફ પ્રયાણ કરતો જોયો. જેથી જાગ્રત થઇ તે વિચાર કરવા લાગ્યો, કે જો આ સ્વપ્નની વાર્તા સત્ય થાય તો જરૂર મ્હારૂં મૃત્યુ નજીકમાં આવી પહોંચ્યું છે એમ સમજવું. પરંતુ ધાતુ ક્ષોભાદિકને લીધે પણ આવાં અસત્ય સ્વપ્નો આવે છે. એમ સંકલ્પ વિકલ્પ કરતો તે અમરગુરૂ રાજાની પાસે ગયો અને કહેવા લાગ્યો કે સ્વામિન્! મ્હારૂં આયુષ કેટલું બાકી રહ્યું છે તે સંબંધી આપ ચંપકમાલા દેવીને પુછી જુઓ. રાજા તેને સાથે લઇ દેવી પાસે ગયો અને તેણે કહ્યું, અમરગુરૂ! તમે પોતેજ પુછો, તરતજ દેવીએ પુછ્યા શિવાય અમરગુરૂના સ્વપ્નની સમસ્ત વાર્તા કહી અને છેવટમાં કહ્યું કે તમ્હારૂં આયુષ હવે દશ માસ બાકી રહ્યું છે. એ પ્રમાણે સાંભળી અમરગુરૂએ કહ્યું કે હે ધર્મજનની! હવે મારે ધર્મ કાર્ય કરવુંજ ઉચિત છે, માટે હાલમાં ધર્મ ગુરૂ ક્યાં છે? ચંપકમાલા બોલી ભરતક્ષેત્રના બીજા અર્ધમાં સમૃદ્ધિવડે સ્વર્ગ સમાન પુરાણપુર નામે નગર અહીંથી સો યોજન દૂર છે, ત્યાં ધર્મગુરૂ વિરાજે છે, અમરગુરૂએ રાજા અને રાણીની પ્રાર્થના કરી કહ્યું કે મહારાજ! જે કંઇપણ મ્હારાથી આપનો અપરાધ કરાયો હોય તેની હું ક્ષમા માગુ છું કારણ કે હવે તે ગુરૂ મહારાજના ચરણ કમલજ મ્હારૂં શરણ છે. તે સાંભળી અશ્રુધારા વરસાવતો અરિકેસરી રાજા ગદ્ગદ્ કંઠે બોલ્યો વિદ્વન્! કેટલાક ત્હારા અપરાધો સહન કરવા શક્ય છે, પરંતુ એક કાર્ય તમે એવું કર્યું છે કે જેની ક્ષમા કરવી બહુ દુષ્કર છે. તે કાર્ય એ છે કે આ લોક અને પરલોકનાં સેંકડો સુખોને ઉત્પન્ન કરનારી એવી આ ચંપકમાલા દેવી તમે દેશાંતરથી લાવ્યા. એમ કહી અરિકેસરી રાજાએ તેના પુત્રને બોલાવી તેને તેના સ્થાનમાં સ્થાપન કર્યો. તેમજ અન્ય રા-

જલોક સમક્ષ અનેક પ્રકારે તેનું સન્માન કર્યું. કારાગૃહમાંથી બંદીજનોને મુક્ત કર્યા. સર્વત્ર અમારી પટહ વગડાવ્યો. વળી અમરગુરૂ પાસે દીન અને અંધ જનોને અનેક પ્રકારનાં દાન અપાવરાવ્યાં, સમસ્ત સાધર્મિક જનોનો સત્કાર કરાવ્યો. જીન-મંદિરોમાં હૃદય અને નેત્રોને આનંદદાયક અષ્ટાહ્નિક મહોત્સવ પ્રવર્ત્તાવ્યા. વિગેરે તત્કાલ ઉચિત સર્વધર્મ કાર્યો કરાવી તેવા કાર્યોમાં યોગ્ય રીતે પુષ્કલ દ્રવ્ય આપ્યું. અને અતિ બળવાન્ વેગવાળાં વાહન તથા માર્ગમાં સહાયકારક સુભટો આપ્યા. તેમજ અન્ય પણ કેટલાંક કાર્ય સિદ્ધ કરી વિશેષમાં રાજ્ય તથા ધર્મનાં યોગ્ય કાર્યો પણ તેને પુછી લીધાં. ત્યારબાદ શુભ મુહૂર્ત્તમાં અમરગુરૂએ ઉત્તમ શકુન જોઇ પુરાણપુર નગર પ્રત્યે પ્રયાણ કર્યું, અરિકેસરી રાજા પણ પ્રથમ પ્રયાણ સુધી સાથે ગયો. ત્યાંથી બહુ માન પૂર્વક અમરગુરૂને દીક્ષા માટે વિદાય કરી રાજા પોતાના નગરમાં આવ્યો. શરૂઆતમાંજ ધાર્મિક દ્રવ્ય આપી માર્ગમાં આવતાં જીન મંદિરોમાં મહોત્સવાદિક ધર્મ કાર્ય પ્રવર્ત્તાવતા અમરગુરૂ શ્રી સમયસાગર કેવલીની પાસે જઇ તરતજ દીક્ષા લઇ શાશ્વત સુખના સ્થાનભૂત એવી મોક્ષપુરીમાં ગયા.

દુર્લભદેવીની કપટકલા.

અરિકેસરી રાજાને પ્રથમ પરણેલી દુર્લભદેવી નામે બહુ વ્હાલી સ્ત્રી હતી, પરંતુ તે બહુ કૂડકપટની ભરેલી હોવાની ચંપકમાલા ઉપર પોતાના પતિનો ઘણો પ્રેમ જોઇ તેણીની ઉપર બહુ દ્વેષ કરવા લાગી. અને તેના હૃદયમાં એવું ભરાઇ ગયું કે બન્નેનો પ્રેમ છિન્નભિન્ન કરાવું તોજ હું ખરી ! એ પ્રમાણે વિચાર કરી સુલસા નામે એક ધૂર્ત્તપ્રવ્રાજીકા (યોગિની) હતી તેની તે સેવા કરવા લાગી. અનુક્રમે બન્નેનુ એકચિત્ત થવાથી દુર્લભદેવીએ પોતાનો વિચાર પ્રવ્રાજીકા-

ને જણાવ્યો કે હે ભગવતિ! કોઇપણ આરોપ મૂકી તમે ચંપક-માલાને કલંકિત કરો, જેથી વિષમિશ્રિતની શંકાથી જેમ મિષ્ટ ભોજન ત્યજાય છે તેમ રાજા ચંપકમાલાનો જલદી ત્યાગ કરે. પ્રવ્રાજીકા બોલી—સ્ત્રીઓના બહુ ઉત્તમ ગુણોને લીધે રાજાએ ત્હેને બહુ માન આપ્યું નથી; પરંતુ તે મૂઢાત્મા રાજા એમ જાણે છે કે મોક્ષાસ્થાનનું મૂલ કારણ જે જીનોક્તધર્મ છે તેમાં મ્હને ચંપકમાલાએ સ્થિર કર્યો છે. માટે હે દેવી ! ચંપકમાલાને પ્રથમ ધર્મથી ભ્રષ્ટ કરીશું એટલે રાજા વિચાર કરશે કે, આ સ્ત્રી બહુ ધૂર્ત્ત છે, પોતે બોલે છે તે પ્રમાણે વર્ત્તતી નથી, અને આ સ્ત્રીનું સર્વ પ્રવર્ત્તન માત્ર બોલવામાંજ છે. એ પ્રમાણે નિશ્ચય કરી રાજા ત્હેનો ત્યાગ કરશે. તે સાંભળી પ્રવ્રાજીકાએ કહ્યું કે હવે હું પ્રથમ તેજ કાર્યમાં પ્રવર્ત્ત થઇશ, તેનાથી જો આપણું ધાર્યું નહીં બને તો છેવટે તેની ઉપર કલંક મૂકીને પણ તમ્હારો મનોરથરૂપી વૃક્ષ સફલ કરીશ. એમ નિશ્ચય કરી પ્રવ્રાજીકા પોતાની મઠીમાં ગઇ, દુર્લભદેવી પણ હંમેશાં તેની વિશેષ સેવામાં પ્રવૃત્ત થઇ. પ્રવ્રાજીકા પોતાના હૃદયમાં ચિંતવવા લાગી કે છેતરવાના ઉપાય તો ઘણા છે પરંતુ કયો ઉપાય કરવાથી તે જૈનધર્મને જલદી છોડી દે ? હા સમજણ પડી, ત્હેને પુત્ર નથી, માટે પ્રભાતમાં તેની પાસે જઇ આશીર્વાદ આપી ત્હેને સંતુષ્ટ કરી પુત્ર થવાનો ઉપાય બતાવીશ, રક્ષાબંધન, સ્નપન વિગેરે વશીકરણ પ્રયોગોનો ઉપચાર કરીશ, અને કાલિકા દેવીની બાધા પણ રખાવીશ. તેથી કરીને જરૂર તે જૈનધર્મથી પતિત થશે. એમ વિચાર કરી પ્રાતઃકાલમાં ઉઠી તેવી તરતજ તે ચંપકમાલાના વાસભવનમાં ગઇ પ્રતિહારીને તે પ્રથમ મળેલી હતી તેથી તેઓ બન્નેને પરસ્પર સ્નેહ હતો એટલે તેણીએ પ્રતિહારીને કહ્યું કે મ્હારે ચંપકમાલા દેવીના દર્શન કરવાં છે માટે ત્હેમને વરધી આપો. પ્રતિહારીએ

આજ્ઞા લઇને પ્રતિહારીએ પ્રકાશિકાને પ્રવેશ કરાવ્યો. ચંપકમાલાને આશીર્વાદ આપી તે તેની આજ્ઞા લેઈ અને એકાંતમાં જઈ તે બોલી, દેવિ ! આપને પુત્ર નથી, પુત્રહીન સ્ત્રીઓ પતિને બહુ પ્રિય હોય તોપણ લાંબા વખત સુધી તેઓ ઉપર પતિનો પ્રેમ ટકી શકતો નથી, તેમજ પુત્ર વિના સદ્ગતિ પ્રાપ્ત થતી નથી, માટે માનવા લાયક એવું મ્હારું એક વચન સાંભળો. રક્ષાકાંડ સહિત મંત્રેલી શુદ્ધ કરેલી એવી આ એક જડી ગ્રહણ કરો, તેમજ સ્નપનાદિક ક્રિયાઓ મ્હારા હસ્તક વિધિપ્રમાણે કરાવો. અને કાલિકાદેવીની પૂજા કરીને સંતોષપૂર્વક પુત્ર સંબંધી માનતાનો સંકલ્પ કરો, તેથી તમ્હારે જરૂર પુત્ર થશે, એ પ્રમાણે તેનાં કટુ વાક્ય સાંભળી સમસ્ત ઇંદ્ર સહિત દેવોએ પણ સમ્યક્ત્વથી નહીં ચલાયમાન કરવા લાયક એવી ચંપકમાલા બોલી—હે પ્રકાશિકા ! તમ્હે અન્ય જનોને છેતરી શકો; પરંતુ જેઓએ જૈનસિદ્ધાંત જાણી દુઃખરૂપી સંસારનું સ્વરૂપ જાણ્યું છે તેઓને તમ્હારૂં વચન અસર કરી શકશે નહીં, કારણકે કોઇપણ રીતે અમૃતમાં વિષ ટકી શકેજ નહીં. માટે હે અતિચતુરબુદ્ધિવાળી! યોગિની? "તમ્હે પુત્રહીન છો" એમ જે તમે પ્રલાપ કર્યો તે સર્વથા નિર્મૂલ છે. કારણકે ચક્રવર્ત્તિ રાજાઓની સ્ત્રી રત્નોને સર્વથા પુત્રો ક્યાં હોય છે ? છતાં પૂર્વભવોના અભ્યાસ બલથી તેઓને પરસ્પર અદ્વિતીય પ્રેમ હોય છે. વળી "અપુત્રીયાઓની સદ્ગતિ થતી નથી" એવું તમ્હારૂં માનવું પણ મોહ ભરેલું છે. કારણકે પુત્રો એતો અબ્રહ્મચર્યના હેતુ છે. અને ધર્મ તો બ્રહ્મચર્યમાં રહ્યો છે. માટે સુગતિ તો ધર્મ સેવનથી જ થાય છે, જો પુત્રથી સ્વર્ગે જવાતું હોય તો ઉકરડામાં રહેનારી એવી ભુંડણી, કુતરી, કુકડી અને કાચબી વિગેરે પ્રાણીઓ પ્રથમ સ્વર્ગે જવાં જોઇએ, વળી જો રક્ષાકાંડાદિક બાંધવાથી પુત્ર થતા

હોય તો આ જગતમાં કોઈપણ પુત્રહીન રહેજ નહીં. માટે તમે વૃથા આડંબર કરી લોકોને ભ્રમમાં શા માટે નાખો છો ? " વળી કાલિકાની પૂજા " વિગેરે જે કહ્યું તેમાં કાલિકા એટલે શું ? માંસ મદિરામાં જે લુબ્ધ હોય તે શું દેવી કહેવાય ? વળી હે પ્રવ્રાજીકા ? જીનેંદ્ર ભગવાન્ અને તેમના મતાનુયાયિઓ વિના અન્યને હું નમતી નથી, જેઓએ હસ્તીંદ્રની સ્વારી કરી હોય તેઓ કોઈપણ ગધેડાપર બેસે ખરા ? એ પ્રમાણે અનેક યુક્તિઓ વડે તે ધૂર્તાનો ઘણો તિરસ્કાર કર્યો, પરંતુ ત્યાંથી તે ઉઠી નહીં. એટલે ચંપકમાલાની આજ્ઞાથી પ્રતિહારીએ બે હાથ પકડી ધક્કા મારી ત્હેને ત્યાંથી કાઢી મૂકી.

ચંપકમાલાનો ત્યાગ.

ત્યારબાદ પ્રચંડ ક્રોધાયમાન થએલી પ્રવ્રાજીકાએ પ્રથમ સિદ્ધ કરેલી એવી વિદ્યાદેવીનું સ્મરણ કર્યું એટલે તરતજ તે દેવી પ્રગટ થઈ, અને તેની આગળ આવી બોલી ભગવતિ ! મ્હારૂં સ્મરણ શા માટે કર્યું ? પ્રવ્રાજીકા બોલી—આ અધિકારી નહિં [illegible] ચંપકમાલા પોતાના જ્ઞાનગર્વથી ઉદ્ધત બની મ્હારી બહુ અવજ્ઞા કરે છે, માટે રાજા તેનો ત્યાગ કરે અને તે શારીરિક [illegible] માનસિક અનેક દુઃખોને ભોગવે તેવી રીતે શીઘ્ર [illegible] કલંક તેનું લોકમાં જાહેર થાય તેમ કરો. એ પ્રમાણે તેની આજ્ઞાનો સ્વીકાર કરી તરત તે વિદ્યાદેવી રાત્રિએ ચંપકમાલાના શયન ભવનમાં ગઈ અને તેની સાથે ક્રીડા કરતો કોઈક પુરુષ [illegible] રાજાને બતાવ્યો. રાજા [illegible]

વિનયાદિક ગુણો, લજ્જા, માન, મર્યાદા, મીઠાં મધુર વચન, તીક્ષ્ણ અથવા કોમળ વાણી, વૈભવ, યૌવન અને આદરપૂર્વક રમણ કરવાથી પણ સ્ત્રીઓનું હૃદય ગ્રહણ કરી શકાતું નથી, અર્થાત્ તે સર્વથા દુર્ગ્રાહ્ય છે. કામથી વિમૂઢ બની જે પુરૂષ યુવતિ વર્ગમાં સદ્‌ભાવ માને છે તે અજ્ઞાની જન દુસ્તર એવા દુઃખસાગરમાં ડુબે છે. એમાં કાંઈપણ સંદેહ નથી. આ સ્ત્રી જૈનસિદ્ધાંતમાં પ્રવીણ, વિશુદ્ધ કુળમાં જન્મ અને શિલગુણમાં અગ્રણી છે તોપણ આવી કુશીલા છે તો અન્ય સ્ત્રીઓની શી વાત ? એમ જાણી રાજાનું મન તેના ઉપરથી વિરક્ત થયું અને તેણે વિચાર કર્યો કે જરૂર આ સ્ત્રી ભોગવવા લાયક નથી. પરંતુ એને બોલાવવી તો જોઈએ, કારણ કે મ્હને જૈન ધર્મમાં સ્થાપન કર્યો એ એક મ્હોટો ઉપકાર તેણીએ કર્યો છે અને તેનો પ્રત્યુપકાર મ્હારાથી અનંત ભવમાં પણ થઈ શકે તેમ નથી. કાગડાથી ઉચ્છિષ્ટ થયેલા ભોજનની કોઈ પણ ઇચ્છા કરે ખરૂં ? અથવા બિલાડાથી સ્પૃષ્ટ થએલું એવું અમૃત પણ વિદ્વાનોને ભોગવવા લાયક રહેતું નથી. એ પ્રમાણે નિશ્ચય કરી રાજાએ તેણી સાથે સંભોગ ન કરવો એવું પોતાના હૃદયમાં ગુપ્ત રાખી બાહ્યવૃત્તિ ગોપવીને ચંપકમાલાની પાસે ગયો. સ્વામિને આવતા દેખી ચંપકમાલા પૂર્વની માફક હસ્ત જોડી એકદમ આસન ઉપરથી ઉભી થઈ. નરેંદ્ર પણ શયનાસન ઉપર આરૂઢ થયો. ક્ષણમાત્ર તેણીની સાથે વાર્ત્તાલાપ કરીને રાજા પોતાના સ્થાનમાં ચાલ્યો ગયો. એ પ્રમાણે દરરોજ તે વાર્ત્તાલાપ કરે છે પરંતુ સંભોગ ક્રીડા કરતો નથી. તેથી ચંપકમાલા વિચાર કરવા લાગી, પ્રદીપની માફક મંદ સ્નેહવાળો રાજા ક્ષણમાત્ર દર્શન આપી પોતાના સ્થાનમાં જાય છે તેનું શું કારણ ? એમ વિચાર કરતાં તેણીએ શબ્દોચ્ચાર પૂર્વક ચુડામણિ વિદ્યાનો ઉપયોગ કર્યો. તેથી આ સમગ્ર કાર્ય

પ્રવ્રાજીકાએ પોતાની વિદ્યાના ચમત્કારથી કરેલું છે એમ તેના જાણવામાં આવ્યું. પરંતુ ચંપકમાલાએ તેના ઉપર લેશમાત્ર પણ દ્વેષ કર્યો નહીં, અને તે સમજી કે આ છ માસનો ભોગાંતરાય હતો તે મ્હારે નિર્ગમન કરવો જોઈએ. વળી અનાદિ અભ્યાસથી નચાવતા અને મોહને વશ થએલા વિદ્વાનો ધર્મના અંતરાયમાં આવા પ્રકારના ભોગો સેવે છે, માટે હું પણ ભોગના અંતરાયમાં વિશેષ પ્રકારે ધર્મોદ્યમ કરૂં. કારણકે ધર્મ એજ સમસ્ત સુખોનું મુખ્ય કારણ છે. એમ વિચાર કરી ચંપકમાલા કોઈક સમયે કોયલની માફક મધુર સ્વરે સ્વાધ્યાય કરે છે, કદાચિત્ સુગંધિત ચંદન પુષ્પાદિક ગ્રહણ કરી દેવપૂજન કરે છે, કદાચિત્ પોતાના હૃદય કમલમાં સંસાર ભ્રમણની બહુ ઉચ્ચ ભાવના ભાવે છે, અને કદાચિત્ શુદ્ધ મનોહર જીનોક્ત ધર્મમાં મનને લીન કરે છે. એવા વિનોદોવડે તે પોતાના દિવસો નિર્ગમન કરે છે અને શુદ્ધ બુદ્ધિવાળી સખીઓ સહિત ધર્માનુષ્ઠાનમાં એકાગ્રચિત્તે આનંદથી રાત્રિઓ પણ વ્યતીત કરે છે.

ચંપકમાલાનો અપવાદ તથા દિવ્ય.

કોઈ એક દિવસે એક વૃદ્ધ સ્ત્રીએ એકાંતમાં આવી ચંપકમાલાને પૂછ્યું, હાલમાં તમ્હારા ઉપર રાજાનો સ્નેહ મંદ કેમ દેખાય છે? ચંપકમાલા બોલી, ચંદ્રકલાની માફક સ્ત્રી પુરૂષોનો સંયોગ તથા વિયોગ ચાલ્યા જાય છે. ફરીથી પણ કોઈ સમયે સંયોગ થશે, એમાં કંઈ ચિંતા કરવા જેવું નથી. વળી કિંપાક ફલની માફક પરિણામમાં દુઃખદાયક એવા વિષયોનો બુદ્ધિમાન્ જનોએ સર્વથા ત્યાગ કરવોજ ઉચિત છે. પરંતુ તે વિષયો જો પોતાની મેળેજ દૂર જાય તો શું ખોટું છે? વૃદ્ધા બોલી, ભગવતિ! તે તો તમ્હારૂં કહેવું યોગ્ય છે, પરંતુ લોકમાં તમને પર પુરૂષના સંગનો અપવાદ

લાગ્યો છે, તેથી સજ્જનોનાં હૃદય બહુ દુઃખી થયાં છે. ચંપકમાલા બોલી, લોકો કેવી રીતે મ્હને અપવાદ આપે છે? વૃદ્ધા બોલી–તમ્હે કોઈ વિદ્યાધર સાથે રાત્રિએ ક્રીડા કરો છો. તે સાંભળી ચંપકમાલાએ ચૂડામણિ વિદ્યાનું સ્મરણ કરી તપાસ કરતાં જાણ્યું કે લોકમાં ખરેખર આ અપવાદથીજ મ્હારી અપકીર્ત્તિ ફેલાઈ રહી છે. એમ જાણી ફરીથી ચંપકમાલા બોલી, હે જનની! પરદુઃખે દુઃખી એવા તમ્હારા સરખા સજ્જનોનાં મુખારવિંદ પ્રફુલ્લ થાય તેવીરીતે આ અપવાદ દૂર કરવા માટે હું કોઈપણ ઉપાય કરીશ. બહુ સારૂં. એમ આશિષ આપી કુલ વૃદ્ધા પોતાના સ્થાનમાં ગઈ. રાજા પણ પોતાના સમય પ્રમાણે રાણીના નિવાસ ભવનમાં ગયો. ત્યારે ચંપકમાલા અભ્યુત્થાન આપી વિનયપૂર્વક બોલી, નરરત્નોમાં ચૂડામણિ સમાન હે સ્વામિન્! આપના અપાર ગુણોનો પાર પામવા કોઈપણ સમર્થ નથી, આપ બહુ વિવેકી છો. મ્હારો દોષ પ્રત્યક્ષ આપના જોવામાં આવ્યો છતાં પણ અહો! મ્હારી ઉપર આટલી દયા? ઉચ્છિષ્ટ ભોજનના માફક આપે જ્યારે મ્હારો ત્યાગ કર્યો ત્યારે મ્હેં ચૂડામણિ શાસ્ત્રનો ઉપયોગ કરી જાણ્યું કે શય્યામાં મ્હારી સાથે ક્રીડા કરતો પરપુરૂષ આપના જોવામાં આવ્યો, તેથી આપનું મન મ્હારા ઉપરથી ઉતરી ગયું, અને લોકમાં મ્હારી અપકીર્ત્તિ પણ ગવાયછે, તે મ્હેં ચૂડામણિથી જાણ્યું છે. માટે હે નાથ! લોકોની સમક્ષ કોઈપણ પ્રકારે દિવ્ય (પ્રતિજ્ઞા) કરવાની મ્હને આજ્ઞા આપો. જેથી આ મ્હારો અપયશ ડંકો શાંત થાય. તેમજ દિવ્યથી ઉત્તીર્ણ થયા બાદ આપને હું સત્ય વાત જણાવીશ એટલે આપ ઇંદ્રજાળ સમાન આ સર્વ હકિકતને અસત્ય માનશો. રાજા બોલ્યો, તે દિવ્ય ત્હારે ક્યારે કરવું છે? ચંપકમાલા બોલી, પ્રભાતકાલમાં કરવાનો મ્હારો વિચાર છે. રાજા બોલ્યો,

તે પ્રતિજ્ઞા કેવા પ્રકારની કરવી છે ? ચંપકમાલા બોલી. નગર વાસી સત્પુરૂષોને જે પ્રમાણે માન્ય હોય તે પ્રમાણે કરવા હું તૈયાર છું, ઠીક છે એમ સંમતિ આપી રાજા ચંપકમાલાને પૂછી પોતાના મ્હેલમાં જઈ નિત્યનિયમ કરી સુઈ ગયો. રાત્રિના છેલ્લા પ્રહરમાં જાગ્રત્ થઇ વિચાર કરવા લાગ્યો કે મ્હારી સ્ત્રી કદાચિત્ દિવ્ય કરવાથી શુદ્ધ નહીં થાય તો બહુ દુઃખ આવી પડશે. એમ ચિંતા થવાથી તેનું હૃદય ડોલાયમાન થઈ ગયું તેટલામાં કાલનિવેદકો (બંદિજનો) એ સૂર્યોદય થયો છે એમ તેમને જણાવ્યું. તે આ પ્રમાણે—

आसीस्त्वं निशि राजभक्तहृदये–तीर्ष्यालुना वज्रिणा,
प्रातः शङ्कित एव दिव्यपदवीं गत्वात्मनः शुद्धये ।
और्वोत्तापितवार्द्धितापकतलादाकृष्य मुक्तो वहिः,
प्राच्यामौ नृप ! तप्तमाषक इव प्रद्योतनो द्योतते ॥

અર્થ—તું રાત્રિએ રાજભકતને આનંદ આપે છે એથી ઈર્ષ્યાલુ ઈંદ્ર પ્રભાતકાલમાં શંકિત થવાથી પૂર્વદિશા પોતાની શુદ્ધિ માટે દિવ્યસ્થાન ઉપર જઇ સમુદ્રમાં ઝંપાપાત કરીને હે નરેંદ્ર ! વડવાનલથી તપી ગએલા સમુદ્રના તલીએથી બહાર મૂકેલા તપાવેલા ગોળાની માફક આ સૂર્ય શોભે છે. તે સાંભલી રાજા સમજ્યો કે જરૂર આ રાણી દિવ્ય કરવાથી શુદ્ધ થશે, તેથીજ આ બંદિજનોએ દિવ્ય વાણીવડે દિવ્ય કરવાની હકીકત સૂચવી, માટે રાણીને દિવ્ય કરવું એજ ઉચિત છે. એમ નક્કી કરી અરિકેસરી રાજાએ પ્રાતઃકાલનું નિત્યકાર્ય સમાપ્ત કરી પોતાના પરિજન તેમજ નાગરિક જન તથા ધર્માધિકારી લોકોને બોલાવીને કહ્યું કે હે ! હે ! સભ્ય જનો ! આ ચંપકમાલા દેવી શીલવ્રતથી ભ્રષ્ટ થએલી છે એવો લોકાપવાદ દેવીના સાંભળવામાં આવ્યો છે અને તેથી

તેણીએ એવો નિશ્ચય કર્યો છે કે જ્યારે દિવ્યથી હું શુદ્ધ થઈશ ત્યારે જમીશ. આ વિષયમાં મ્હારો તો એવો વિચાર છે કે દેવી અગ્નિમાં તપાવેલો લોહાનો ગોળો ઉપાડીને શુદ્ધ થાય. તે માટે સમસ્ત સામગ્રી તૈયાર કરો. લોકો બોલ્યા, નરેંદ્ર ! પામર અને અજ્ઞાત લોકોના માત્ર બોલવાથી આવું ભયંકર દિવ્ય કરવું શું ઉચિત ગણાય ? રાજા બોલ્યો, બેશક ! દિવ્ય કરવું તેજ હું યોગ્ય ધારૂં છું, કારણ કે લોકાપવાદ તે વિના દૂર થઇ શકે નહીં. વળી તે લોકાપવાદ એવો છે કે જે મોટા પુરૂષોના પ્રભાવને પણ નિર્મૂલ કરે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે—

विरुद्धस्तथ्यो वा, भवतुवितथो वा किमपरं,
प्रतीतः सर्वस्मिन् , हरति महिमानं जनरवः ।
तुलोत्तीर्णस्यापि, प्रकटनिहताऽशेषतमसो—
रवेस्तादक्तेजो—नहि भवति कन्यां गत इति ॥

અર્થ—લોકાપવાદ સત્ય, અસત્ય અથવા વિરૂદ્ધ હોય પરંતુ તે સર્વત્ર પ્રસિદ્ધ થવાથી સત્કીર્તિનો નાશ કરે છે. કારણ કે સમસ્ત અંધકારને નાશ કરવામાં પ્રસિદ્ધ એવાં સૂર્યનું તેજ કન્યારાશીને પ્રાપ્ત થવાના અપવાદને લીધે તુલા રાશીથી ઉત્તીર્ણ થએ છતે પણ પ્રથમના જેવું હોતું નથી. તે સાંભળી લોકો બોલ્યા નરાધીશ ! આપની જેવી ઇચ્છા ! એમ કહી સર્વ જનો મૌન રહ્યા. ત્યારબાદ પરિવાર સહિત રાજા દિવ્ય સ્થાનમાં ગયો અને એક વૃદ્ધ સ્ત્રીને મોકલી ચંપકમાલા રાણીને ત્યાં બોલાવી. તે સમયે ચંપકમાલા પૌષધવ્રત લઇ બેઠી હતી, તે સમાપ્ત કરીને વિધિપૂર્વક જીનેંદ્ર ભગવાનની પૂજા કરી પાલખીમાં બેસી દિવ્ય ભૂમિમાં આવી. તેમજ રાજાની આજ્ઞાથી એક વૃદ્ધ સ્ત્રી દુર્લભદેવીની પાસે ગઇ અને તેણીએ કહ્યું કે આપ પણ દિવ્ય

સ્થાનમાં ચાલો એટલે દુર્લભદેવી રાજાની પરવાનગી મેળવી અંતઃપુરની સ્રીઓ સહિત ત્યાં આવી અને દિવ્ય જોવાના આનંદથી તેઓ સર્વે જવનિકાની અંદર બેઠી. બાદ નગરમાં સર્વ ઠેકાણે ક્ષોભ ફેલાઈ ગયો. વળી લોકો પણ જથાબંધ ભરાઈ ગયા. આજે ચંપકમાલા દેવીને જય થાઓ એ પ્રમાણે સર્વ દિશાઓમાં કોલાહળ પ્રસરી ગયો. તેટલામાં કાર્યવાહકોએ એક ભઠ્ઠીમાં અગ્નિ સળગાવ્યો. તેની ઉપર કઢાઈ મૂકી તેમાં તેલ ભરી બહુ ઉકાળ્યું. ચંપકમાલાની આગળ જેમ જેમ અગ્નિ બળે છે અને બહુ તરંગોથી તેલ ઉછળે છે તેમ તેમ લોકોનાં હૃદય જાણે તેની અંદર પડ્યાં હોયને શું ? તેમ અત્યંત બળવા લાગ્યાં. પછી તે ઉકળતા તેલમાં કર્માધિકારી પુરૂષોએ લોઢાનો ગોળો નાંખ્યો. તરતજ તે ગોળો પ્રલયાગ્નિ સમાન અતિ ભયંકર થઈ ગયો અને તટતટ એવા શબ્દો થવા લાગ્યા. જેથી આકાશમંડળ શબ્દમય થઇ ગયું, ખટખટ શબ્દ કરતાં હવેલીઓનાં શિખરો તુટવા લાગ્યાં, ત્રટત્રટ એવા શબ્દો સાથે કિલ્લાના વિભાગો વિખરાઇ જવા લાગ્યા. માતા અને પુત્ર વિગેરે સમસ્ત જનો ઘરના છજાઓમાં ઉભા રહી મ્હોટા શબ્દોથી પોકાર કરવા લાગ્યાં. કોઇક રૂદન તો કોઇક વિલાપ કરવા લાગ્યાં. હા ? હા ? હા ? પુત્ર ! હે જનનિ ! એવા લોકોના અનેક પ્રકારના શબ્દોથી આકાશ ભરાઈ ગયું. તે પ્રસંગે આકાશમાં શાસનદેવી બોલી, ચંદ્રકલા સમાન વિશુદ્ધ શીલવાળી આ ચંપકમાલા દેવીને કલંકિત કરવાથી હે આત્મવૈરીઓ ! તમ્હારૂં અહીં શું વળવાનું છે ? એ પ્રમાણે આકાશવાણી સાંભળી નગરવાસી લોકો ભયભીત થઇ ગયા. અને ચંપકમાલાના ચરણમાં પડી તેના સન્મુખ ઉભા રહી હાથ જોડી પ્રાર્થના કરવા લાગ્યા, દેવિ ! આ સમયે આ નગરની રક્ષા કરવી આપના હાથમાં છે, બળતા પ્રાણીઓનો ઉદ્ધાર કરવો ઉચિત છે. જો કે સેવકજનોનો અપરાધ હોય તો પણ તેમનાથી સજ્જનો પરાઙ્મુખ થતા નથી. અન્યત્ર પણ કહ્યું છે કે—

उपजीवकेषु विमुखाः, सुजाना न भवन्ति दुर्विनीतेषु ।
वत्सव्यथितेऽप्यूधसि, सुरभिर्नो शयमेति क्षीरम् ॥

સજ્જન પુરૂષો વિનય રહિત સેવકોપર વિમુખ થતા નથી, કારણ કે વાંછડું ઉધસ પીડે છે તોપણ ગાય આંચળમાંથી દૂધ ખેંચી લેતી નથી. ત્યારબાદ રાજા પણ બોલ્યો, દેવી ! સ્ફટિક સમાન ઉજ્વલ ત્હારા શીળવંતમાં આ મૂઢ લોકોએ જે મિથ્યા અપવાદ મૂકયો છે તેજ પાપરૂપી આ વિષવૃક્ષનાં પુષ્પોનો તેઓને અનુભવ થાય છે. હવે તું તેઓની ઉપર દયા કર. ત્હારા શિવાય તેઓનું અન્ય કોઇ શરણ નથી. ચંપકમાલા બોલી. જો મ્હારા હૃદયની અંદર અરિકેસરી નરેંદ્ર વિના અન્ય કોઈ પુરૂષ વાસ ન કરતો હોય તો આ બળતો અગ્નિ એકદમ શાંત થાઓ. તેમજ બળી ગએલી અને બળતી સર્વ વસ્તુઓ સ્વસ્થ અવસ્થા અનુભવો. એ પ્રમાણે ચંપકમાલાની પ્રતિજ્ઞાથી તરતજ શાસનદેવીએ સર્વત્ર શાંતિ ફેલાવી. ત્યારબાદ કુતૂહલ અને ભક્તિથી ત્યાં આવેલા દેવોએ મ્હોટો નાદ કરી કહ્યું કે સર્વ ઠેકાણે સત્યશીલનો જય થાયછે એમ જણાવી ચંપકમાલાને પુષ્પ વૃષ્ટિથી વધાવી, આકાશ મંડલમાં જય જય શબ્દો સાથે દેવ દુંદુભિ વાગવા લાગ્યા. અપ્સરાઓ લીલા સહિત નૃત્ય કરવા લાગી. તેમજ નગરમાં સર્વ સ્થલે ભૂમિ ઉપર કંકુના સ્થાપા દેવાય છે, દરેક સ્થાને વંદનમાલા સહિત તોરણો બંધાય છે. પડતાં આખડતાં અને છીંકતાં છતાં પણ સર્વ લોકો 'ચંપકમાલા ઘણું જીવો' એમ આનંદપૂર્વક ઉચ્ચાર કરતાં ત્યાં આવજાવ કરે છે. આ પ્રમાણે તાત્કાળિક આશ્ચર્ય જોઇ પ્રજાઓ ભયભીત થઈ પોતાના હૃદયમાં વિચાર કરવા લાગી. આ સર્વ અનર્થનું મૂલ કારણ તો હું જ છું માટે જરૂર હવે મરણ શિવાય અન્ય કોઇ મ્હારૂં શરણ નથી. તેમજ જન્માંતરમાં પણ અનેક દુઃખો સહન કરવાં પડશે, કારણ કે મ્હેં પાપાત્માએ અનેક પાપો

આચર્યાં છે, કંઈ પણ બાકી રાખ્યું નથી. હવે તો જીન મતના જાણકાર જ્ઞાની પુરૂષો જેને ઘોર નરકસ્થાન કહે છે ત્યાં જવાથી મ્હારા આ ઘોર પાપનો છુટકારો થશે. પરંતુ હાલમાં દિવ્ય સ્થાનમાં જઈ સર્વ લોકો સમક્ષ પોતાનું દુશ્ચરિત્ર જાહેર કરી મહાસતીના ચરણકમલમાં પ્રણામ કરૂં, એમ કરવાથી મરણ તો અવશ્ય થવાનું છે, પરંતુ અપરાધની ક્ષમા માગવાથી કંઇક પાપનો ભાર ઓછો થશે, તેથી કંઈ અનિષ્ટ થવાનું નથી. એ પ્રમાણે સાહસ કરી પ્રવ્રાજીકા જલદી દિવ્ય ભૂમિમાં જઈ ઉંચા હાથ કરી સભા સમક્ષ બોલી. આ જીન શાસન સદૈવ જયવંત વર્તે છે. મહા સતીઓ મહા પ્રભાવશાળી હોય છે. હાલમાં પણ તે પ્રમાણે જીન શાસનમાં પ્રગટ રીતે દેખાય છે. એમ વિવેચન કરી ચંપકમાલાના ચરણમાં નમસ્કાર કરી તે બોલી, હે દેવિ! સમ્યકત્વવ્રતમાં તમ્હારો દૃઢ નિશ્ચય છે, તેમજ તમ્હારૂં અદ્‌ભુત પ્રકારનું શીલ જયવંત વર્તે છે. આજથી આરંભી તમ્હારા પ્રસાદથી મ્હને પણ સમ્યક્ત્વ પ્રાપ્ત થાઓ. વળી તમ્હારા જે દેવગુરૂ છે તેઓજ મ્હારાપણ જીવન પર્યંત દેવગુરૂ થાઓ. એ પ્રમાણે વિનયપૂર્વક પ્રવ્રાજીકાએ સમ્યકત્વ અંગીકાર કરી ચંપકમાલાનું કલંક દૂર કરવા માટે દુષ્કર્મને લીધે આચરેલું પોતાનું દુશ્ચરિત્ર જાહેર કરે છે. સતી સ્ત્રીઓમાં શિરોમણિ સમાન એવી આ દેવીની સાથે ક્રીડા કરતો પુરૂષ વિદ્યાના બળથી નરેંદ્રને મ્હેં બતાવ્યો હતો. અને વિદ્યા-બળથીજ રાજપરિવાર તથા સર્વ નાગરિક જનોમાં આ અપવાદ મ્હેં પ્રસિદ્ધ કર્યો હતો. તે સાંભળી રાજાએ ત્હેને પૂછ્યું કે ત્હારે એમ કરવાનું શું કારણ ? પ્રવ્રાજીકા બોલી, સ્વામિન્ ! કૂટકપટ રૂપી દુષ્કૃત્યની એક હું કોટડી છું, તો પછી મ્હારે અન્ય હેતુની શી જરૂર ? રાજા બોલ્યો-જેવી રીતે ત્હેં ત્હારૂં દુષ્કૃત્ય યથાર્થ જાહેર કર્યું તેવી રીતે ત્હેનું કારણ પણ પ્રગટ કરવું પડશે,

અન્યથા જરૂર તું મરણવશ થઈશ. પ્રવ્રાજીકા બોલી—મ્હારા દુષ્કૃત્યનું આ ફળતો કિંચિત્‌માત્ર છે, હજુ તો નરકસ્થાનોમાં મ્હારે અનેક દુઃખો ભોગવવાં પડશે. રાજા બોલ્યો, રે રે સુભટો! આ ઉકળતા તેલનું એના શરીરે સિંચન કરો, જેથી એના મનોભવન દ્વારમાંથી ધૃષ્ટતારૂપી જયમુદ્રા ગળી જાય. એ પ્રમાણે રાજાના હુકમને અનુસરી કિંકરો તેલ છાંટવા ઉભા થયા તેટલામાં સંભ્રમ સહિત ચંપકમાલા બોલી, સ્વામિન ! આ સેવકોને તેલ છાંટતા બંધ કરો ! બંધ કરો ! આપને મ્હારે કંઇક જણાવવાનું છે. રાજાએ તેઓને તેમ કરતા બંધ કર્યા. પછી ચંપકમાલા બોલી, પ્રાણપ્રિય ! વિવેકરૂપી ઉત્તમ રત્નોને ધારણ કરવામાં રોહણાચલ સમાન એવા આપના સરખા સજ્જનોને કરૂણા રસના સરોવર સમાન એવી આ પ્રવ્રાજીકા ઉપર આવી ભયંકર પ્રવૃત્તિ કરવી શું યોગ્ય ગણાય ? આ પ્રવ્રાજીકા પોતાના પ્રાણને નહીં ગણતી છતી પરપ્રાણોનો બચાવ કરવા ઇચ્છે છે, સ્વામિન ! મરણથી ભીરૂ એવા આ જીવલોકમાં આ પ્રમાણે અન્ય કોણ સાહસ કરે ? વળી જેના હૃદયમાં ભાવથી જીનવચન ન પરિણમ્યું હોય તો કોણ આવા સંકટ સમયમાં પોતાનું દુશ્ચરિત્ર પ્રગટ કરવા શક્તિમાન્ થાય ? તેમજ જે અવસ્થામાં આ પ્રવ્રાજીકા વિષકંદલી સમાન હતી તે અવસ્થા હાલમાં તેની બદલાઈ ગઈ છે. માટે હાલમાં ત્હેને સહાય આપવી ઉચિત છે. અર્થાત્ વાત્સલ્યપણું કરવું. પરંતુ કોઈ પણ રીતે તેને દુઃખ દેવું યોગ્ય નથી. અન્યત્ર પણ કહ્યું છે કે—

साधर्मिकवत्सलता, कल्पलता सकलसंपदां प्रसवे ।
यस्मात्तस्मात्तत्र–व रत्नधियः कुर्वते यत्नम् ॥

અર્થ—જેથી સાધર્મિક જનોની સેવા સર્વ સંપત્તિઓ પ્રગટ કરવામાં કલ્પલતા સમાન ગણાય છે માટે બુદ્ધિમાન્ પુરૂષો સ્વામી-

વાત્સલ્યમાંજ પ્રયત્ન કરે છે. તે સાંભળી રાજાએ પ્રવ્રાજીકાનો સર્વ અપરાધ માફ કર્યો. અને યોગ્યાયોગ્ય સર્વ કાર્યો દેવી પોતે જાણે છે એમ કહી ચંપકમાલા સહિત અરિકેસરી રાજા પોતાના સ્થાનમાં ગયો. તેમજ સર્વ લોકો પણ પોતપોતાના સ્થાનમાં ગયા. પ્રવ્રાજીકા પણ સ્વસ્થ ચિત્તે નિરંતર ધર્મ સાંભળે છે અને ચંપકમાલાની પાસે યથાશક્તિ ગૃહસ્થાશ્રમને લાયક એવાં ધર્મકાર્ય કરે છે.

દુર્લભદેવીનો પશ્ચાત્તાપ તથા પ્રીતિ.

દુર્લભદેવી બહુ પશ્ચાત્તાપમાં પડી અને વિચાર કરવા લાગી કે આ સર્વ મ્હારૂં કપટવૃત્તાંત જાહેર થયું. હવે મ્હારે શું કરવું ? કયાં જવું ? એમ અશાંતહૃદયની વેદનાને લીધે વિષ ઘોળી પોતાનું જીવિત ત્યાગ કરવા તૈયાર થઈ તેટલામાં તે વાત ચૂડામણિના સ્મરણથી ચંપકમાલાના જાણવામાં આવી એટલે તરતજ તે દુર્લભદેવીની પાસે ગઈ અને ત્યાં તેના હસ્તમાં વિષ ભરેલો પ્યાલો જોઈ તે બોલી, તમ્હારા હાથમાં આ શું છે ? દુર્લભદેવી તેના ચરણમાં પડી બોલી, જે કંઇ છે તે સર્વ તમે જાણો છો, બીજો કોઈ હેતુ નથી તે પણ તમ્હારા જાણવા બહાર નથી. ચંપકમાલા બોલી, આ વિષપાન કરવા તમે તૈયાર થયાં છો તે તમ્હારા અપરાધનું નિવારણ ન ગણાય. ઉલટું આ પ્રમાણે આત્મઘાત કરવાથી ચંદ્ર જ્યોત્સ્ના સમાન ઉજ્વલ એવા ત્રણે કુલમાં દુષ્કીર્ત્તિનો પટહ વગાડવા જેવું થાય છે. હાલમાં તમે ધર્મસાધન કરો, અન્ય ચિંતા કરવાનું કંઇપણ કારણ નથી, આગળ ઉપર આ દુષ્કૃતને ટાળવા માટે હું તમ્હને યોગ્ય ઉપાય બતાવીશ. આ પ્રમાણે સાંભળી દુર્લભદેવી બોલી, અપરાધી જનોનો ઉપકાર કરવામાં તત્પર અને પારકાનાં છિદ્રો ઢાંકવામાં મુખ્ય વ્યસનવાળી એવી હે ચંપકમાલા ? વાર

વાર આપને મ્હારા નમસ્કાર, ઉત્તમકુલમાં ઉત્પન્ન થઈ તમ્હે જન્મ સફલ કર્યો એમ બોલતી દુર્લભદેવી પૃથ્વીપર મસ્તક નમાવી બહુ ભાવથી વારંવાર પ્રણામ કરી આ તમ્હારા ચરણજ મ્હારૂં શરણ છે એમ બહુ પ્રાર્થના કરી ફરીથી બોલી, હે સુતનુ! અપરાધી પ્રાણીઓ ઉપર પણ સજ્જનો ઉપકારી થાય છે. તેવું મહાત્માઓનું વચન ત્હેંજ સત્ય કર્યું. કહ્યું છે કે—

निर्गुणेष्वपि सत्त्वेषु, दयां कुर्वन्ति सज्जनाः ।
न हि संहरति ज्योत्स्नां, चन्द्रश्चाण्डालवेश्मसु॥

અર્થ—સંતપુરૂષો ગુણહીન પ્રાણીઓ ઉપર પણ દયા કરે છે, કારણકે ચંદ્ર ચાંડાલોના ઘરો ઉપર પોતાના તેજનો ત્યાગ કરતો નથી. એ પ્રમાણે દુર્લભદેવી ચંપકમાલા સાથે બહુ હેતભાવથી વર્ત્તવા લાગી. અને તેઓનો પરસ્પર બહુ મૈત્રીભાવ વધી ગયો, તે જોઇ રાજા વિસ્મિત થઈ ચિંતવવા લાગ્યો. અહો! આ ચંપકમાલાનો સત્કુલમાં જન્મ અને તેની ગુણજ્ઞતા સારી રીતે સફલ થઈ, તેમજ આ શાસ્ત્ર વચનનો અર્થ પણ ત્હેને યથાર્થ અનુભવમાં આવેલો છે. તે નીચે પ્રમાણે—

वरं ज्वालाकुले वन्हा–वन्हाय निहितं वपुः ।
न पुनर्गुणसंपन्ने, कृतःस्वल्पोऽपि मत्सरः ॥

અર્થ—જ્વાલાથી વ્યાપ્ત થયેલા અગ્નિમાં સહસા શરીરનો હોમ કરવો શ્રેષ્ઠ છે, પરંતુ ગુણવાન્ પ્રાણી ઉપર થોડોપણ દ્વેષ કરવો સારો ગણાતો નથી. એ પ્રમાણે સર્વત્ર ગુણો ઉપર બહુ માન આપતો નરેંદ્ર જીનધર્મમાં વિશેષ પ્રવૃત્તિ કરવા લાગ્યો. તેમજ પોતાના દેશના દરેક નગર અને ગામોમાં જીનમંદિર બંધાવવાનો તેણે પ્રારંભ કરાવ્યો. વિશેષ પ્રકારે ધર્મિષ્ઠ જનોની ભક્તિ તથા બહુ માનપૂર્વક તેઓને રહેવા માટે જગ્યા આપવી વિગેરે કાર્ય કરવામાં સ-

યથોચિત નીતિ પ્રમાણે પોતાના અધિકારી જનોને આજ્ઞા આપી અને મોક્ષસુખના મુખ્ય સાધનરૂપ સાધર્મિક વાત્સલ્યને પણ કરે છે. તેમજ જૈન સિદ્ધાંતનાં તત્ત્વો નિરંતર સાંભળે છે. ગુન્હેગાર દુષ્ટજનોને પણ મરણાંત શિક્ષા કરતો નથી, સર્વત્ર ' અમારી ' શબ્દનો પડઘો વગડાવે છે. શ્રાવક લોકોનો દાણવેરો સર્વથા બંધ કર્યો. એ પ્રમાણે ચંપકમાલા સહિત રાજા ધર્મપરાયણ થઇ સમ્યક્ પ્રકારે નીતિ મુજબ રાજ્ય પાલન કરે છે, અને હંમેશાં પુણ્યકાર્યોમાં સ્વચ્છ બુદ્ધિથી પ્રવૃત્તિ કરે છે.

ભુવનાનંદનો જન્મ તથા આત્મબોધ.

ત્યારબાદ વિષયસુખ ભોગવતાં અનુક્રમે ચંપકમાલા સગર્ભા થઇ, અને ગર્ભના દિવસો પૂર્ણ થયે છતે પૂર્વદિશાની માફક ચંપકમાલાએ લાલકાંતિમય સૂર્ય સમાન ઉત્તમ લક્ષણવાળા પુત્રને શ્રેષ્ઠ મુહૂર્ત્તમાં જન્મ આપ્યો. પ્રિયવંદા નામે અંતઃપુરની દાસીએ પુત્ર જન્મની વધામણી આપી. એટલે રાજાએ મુકુટ સિવાય શરીરે પ્હેરેલાં બાકીનાં સર્વ આભરણો પ્રિયવંદાને અર્પણ કર્યાં, જેથી ત્હેનું દારિદ્ર પણ દૂર થઈ ગયું. ત્યારબાદ રાજાએ પ્રતિહારને આજ્ઞા આપી કે જીનમંદિરોમાં પૂજાઓ તથા પુત્ર જન્મની વધાઈઓ કરાવો. તેણે પણ નરેંદ્રની આજ્ઞા પ્રમાણે પુરૂષો મોકલી સર્વત્ર મહોત્સવો પ્રવર્ત્તાવ્યા તેમજ લોકોએ ધ્વજ પતાકાઓથી વિભૂષિત દુકાનોની પંક્તિઓ વડે સર્વ નગર સુશોભિત કર્યું. એક માસ પૂર્ણ થયે છતે ઉત્તમ મુહૂર્ત્ત જોઇ મ્હોટા ઉત્સવ સાથે ભુવનાનંદ એવું તે પુત્રનું નામ સ્થાપન કર્યું. અનુક્રમે તે કુમાર સમસ્ત કલાઓમાં દક્ષ થયો. સદાચારમાં નિપૂણ અને સમસ્ત જનોને આનંદ આપતા એવા તે કુમારની યોગ્ય અવસ્થા જાણી રાજાએ તેને રાજ્યપદવીની માફક યુવરાજ પદવી આપી. ત્યારબાદ

ચંપકમાલાને બીજે પણ પુત્ર જન્મ્યો, જેનું કુમાર કરિસિંહ એવું નામ પાડયું; બાદ એક કન્યા જન્મી તેનું નામ જયસુંદરી પાડયું. એમ કેટલોક સમય વ્યતીત થતાં એક દિવસે ચંપકમાલાએ પોતાના પતિને કહ્યું, નરેશ્વર ! આપને દીક્ષા ગ્રહણ કરવાનો આ અમૂલ્ય સમય ચાલ્યો જાય છે. નરેંદ્ર બોલ્યો, તમ્હારૂં વચન સત્ય છે, પરંતુ હે મૃગાક્ષી ! કર્મબળને લીધે અદ્યાપિ ત્હારા મુખ કમળના અવલોકનથી હું તૃપ્ત થયો નથી. ચંપકમાલા બોલી, સ્વામિન્ ! આવું વચન બોલવું તે આપને ઉચિત નથી માટે આવા ઉપદેશ વડે જીવાત્માને હિતશિક્ષા આપો. તે શિક્ષા આ પ્રમાણે-હા ! હા ! રે ! હીનગતિવાળા જીવ ! દુર્લભ એવો આ મનુષ્યભવ પામીને પણ જે સ્ત્રીઓને માટે તું તે હારી જાય છે તે સ્ત્રીઓમાં ત્હેં શું સુંદરપણું જોયું ? જે મધ્યમાં છે તે જો બહાર હોય અને જે બહાર છે તેજ મધ્યમાં હોય તો સ્ત્રી અને કુતરીના શરીરમાં શો વિભેદ છે ? અર્થાત્ બન્ને સમાન ગણાય છે. ચર્મ, અસ્થિ (હાડકાં) માંસ અને રૂધિરમય, તેમજ મૂત્ર, આંતરડા, નસો અને ચરબીની દુર્ગંધથી વ્યાપ્ત એવા સ્ત્રીના દેહમાં શું સુંદરપણું છે ? કામદેવરૂપી દુર્ભેદ્ય અને દુરાચારી એવા ભિલ્લના બહુ તીક્ષ્ણ ભાલાઓથી જે વીંધાય છે તે પુરૂષજ સ્ત્રીઓના મનોહર શરીરનો સ્પર્શ કરવામાં આસક્ત થાય છે. રે જીવ ! જેવી તરૂણી ઉપર ત્હારી પ્રીતિ છે તેવી જો જૈનધર્મમાં રાખે તો તેજ ભવમાં તું મુક્તિસ્થાન પામે તેમાં કંઇ સંશય નથી. વળી રે જીવ ! સ્ત્રીજન ઉપર સ્નેહબંધન કરવામા શો સાર છે ? તેનાથી શું કલ્યાણ થવાનું છે ? આકાશમાંની વિજળીની માફક જેઓનો સ્નેહ અતિ ચપળ દેખાય છે, તેમજ કટાક્ષ દૃષ્ટિથી જોતી, અનિત્ય વિવેક સ્નેહને વહન કરતી અને અશુચિની કોટડી સમાન એવી અબળાઓ જેઓને સત્વથી

ભ્રષ્ટ કરે છે તેવા વિદ્વાનોની પણ જીહ્વારેખા દૂર કરવી જોઈએ. વળી પુરૂષાકારને ધારણ કરતા અને તૃણમય પુરૂષોની માફક વર્ત્તતા એવા તેઓને વિશેષ શું કહેવું ? હાહા ! રે જીવ ! તું અનાર્ય કાર્યમાં ઉદ્યુકત થયો છે, અમે અધિક શું કહીએ. મહાકષ્ટે જીનશાસન પ્રાપ્ત થયું છે તેને તું વૃથા ગુમાવે છે. અને વિષયસુખમાં રાચી રહે છે. વળી મદોન્મત્ત હસ્તિની માફક શુભ શીલરૂપી મ્હોટી વનરાજીને મૂળથી ઉખેડી નાખે છે, અને દેશનારૂપી તીક્ષ્ણ અંકુશના પ્રહારથી ચેતતો પણ નથી. હે હતાશ હૃદય ! જૈનમત પામી માર્ગાંતરમાં ભૂલો પડીને જે વિષયસુખની વાંછા કરે છે, તે તો જીવન માટે હલાહલ વિષપાન સમાન છે. રે જીવ ! તું જાણવા છતાં પણ વિષયોમાં સુખ શોધે છે તેથી એમ જણાય છે કે તું વિષપાન કરવાથી મૂર્છિત થયો છે. અથવા તેં શું ધંતુરાનો રસ પીધો છે ? અથવા તો તું શું મોહરાજાના પાશમાં ફસાયો છે ? વિશેષ શું કહેવું ? ત્હારી નિપુણતાને ધિક્કાર છે. ત્હારા ગુણોનો મહિમા પણ નિરર્થક છે. કારણ કે તું વિવેકી થઈને પણ વિષયભોગની ઇચ્છા કરે છે. બુદ્ધિનો નાશ કરવાથી વિષ સમાન અને છેદન કરવાથી ખડ્ગ સમાન તેમજ યશને મલિન કરવાથી મષિ સમાન એવા વિષયોને જાણી તેઓનો ત્યાગ કરવો. રે જીવ ! ક્ષણમાત્ર પણ વિષયોમાં મન રાખવું ઉચિત નથી. આ જીવન ઇંદ્રધનુષ સમાન અતિ ચંચળ હોવાથી વિષયોમાં તૃષ્ણા રાખવી તે વૃથા છે. રે જીવાત્મન્ ! આ પ્રમાણે લક્ષ્યપૂર્વક મનને સ્થિર કરી નિરંતર ભવસ્વરૂપનું ધ્યાન કરવું, જેથી કરીને જરા મરણને દૂર કરનાર વૈરાગ્યરસ પ્રાપ્ત થાય. આ પ્રમાણે પોતાની સ્રીનાં વચન સાંભળી તત્કાલ વૈરાગ્યભાવમાં રક્ત થઈ અપાર હર્ષને લીધે રોમાંચ ધારણ કરતો અરિકેસરી રાજા સ્નેહપૂર્વક ચંપકમાલા પ્રત્યે બોલ્યો, હે પ્રાણપ્રિયે ! પ્રથમ ત્હેં

મિથ્યાત્વપંકથી ઉદ્ધાર કરી ધર્મમાર્ગમાં મ્હને સ્થાપન કર્યો. જેથી આજે ઉભય લોકના પરમ સાધનોમાં હું ઉદ્યુક્ત થયો છું, હવે રાજ્યકારભાર ધારણ કરવામાં ધુરંધર પુત્ર થયો છે. છતાંપણ પૂર્વભવના અભ્યાસથી રાગરૂપી અગ્નિ વડે દગ્ધ થએલા એવા મારા ઉપર રાગરૂપી સંતાપને શાંત કરવા માટે ત્હારા મુખરૂપી સુવર્ણ કલશમાંથી ઉછળતા સંવેગસ્વરૂપી જલની વૃષ્ટિ પ્રસરી રહી છે. માટે હવે શરણ હીન અને પુણ્યરહિત એવા આપણે મરણરૂપી સુભટના હાથમાં ન સપડાઇએ તેટલા સમયમાં જલદીથી પોતાનું આત્મહિત કરી લેવું ઉચિત છે.

શ્રુતસાગરમુનિ અને રાજદીક્ષા.

આ સમય બહુ લાભનો છે એમ જાણી ઘણા મુનિઓના પરિવાર સહિત ઉત્તમ જ્ઞાનધારક શ્રુતસાગર નામે સૂરીશ્વર ત્યાં નંદનવનમાં પધાર્યા. ઉદ્યાનપાલે અરિકેસરી રાજાને સમાચાર આપ્યા. રાજાએ પણ બહુ ખુશી થઈ પારીતોષિક દાન આપી ઉદ્યાનપાલનું દરિદ્ર દૂર કર્યું, ત્યારબાદ રાજાએ સાત આઠ ડગલાં સૂરીંદ્રની સન્મુખ ગમન કરી પ્રેમપૂર્વક નમસ્કાર કર્યો. દેવોથી પરિવૃત ઇંદ્રની માફક પોતાની રાણીઓ, ભુવનાનંદ કુમાર અને અન્ય મંત્રી પ્રમુખ નાગરિક લોકો સહિત રાજા પણ ગજેંદ્ર ઉપર આરૂઢ થયો. ઉછળતી આનંદની લહેરોથી રાજાનું સર્વ શરીર રોમાંચિત થઇ ગયું તેથી જાણે સમગ્ર શરીર જટાધારી થયું હોયને શું ? એવી ઉત્કંઠાસહિત વિનયવાન્ રાજા પાંચ પ્રકારના અભિગમપૂર્વક સૂરિ મહારાજની પાસે ગયો. ચંપકમાલા, દુર્લભદેવી વિગેરે અંતઃપુર સહિત પોતે સૂરીશ્વરના ચરણારવિંદમાં વંદન કરી ભૂમિ ઉપર બેઠો. સૂરીશ્વરે ધર્મલાભ આપી મેઘ સમાન ગંભીર વાણીવડે સમસ્ત સંસાર સ્વરૂપની સવિસ્તર વ્યાખ્યા કરી સારી રીતે સર્વને સમજાવ્યા. તે સાંભળી રાજાએ

મસ્તકે હાથ જોડી સદ્‌ગુરૂને વિનતિ કરી, સ્વામિન્ ! દીક્ષારૂપી નાવવડે આ સંસાર સમુદ્રમાંથી હવે મ્હારો ઉદ્ધાર કરો. સૂરીંદ્ર બોલ્યા, નરેંદ્ર ! નિર્વિઘ્નપણે ત્હારૂં કાર્ય સિદ્ધ થાઓ. કોઇપણ પ્રકારનો પ્રતિબંધ થશે નહીં, તેથી રાજા એકદમ મુનિના અવગ્રહની પાસે રહેલા ઇક્ષુવાટક (શેરડીના ક્ષેત્ર) માં ગયો, ત્યારબાદ કુમાર,, રાણીઓ તેમજ મંત્રી લોકોની સાથે વિચાર કરી રાજાએ કુમારને રાજ્યગાદી સોંપી. મુખ્ય મંત્રીઓને કહ્યું કે આ ભુવનાનંદ કુમારને તમ્હારી સમક્ષ મ્હેં મ્હારા સ્થાનમાં સ્થાપન કર્યો છે. માટે આજસુધી તમે સર્વે જેમ મ્હારી આજ્ઞા માનતા હતા, તેવીજ રીતે હવે આ કુમારની આજ્ઞા માનવી. એમ કહી પોતાના કંઠમાંથી હાર ઉતારી કુમારના કંઠમાં પ્હેરાવ્યો, તેમજ રત્નોથી વિભૂષિત અને વિશાલ એવો પોતાનો મુકુટ પણ તેના મસ્તકે સ્થાપન કર્યો. ભાલમાં ચંદનનું તિલક કરી પરિવાર સહિત રાજાએ તેને પ્રણામ કરી કહ્યું કે પુત્ર ! હવેથી આ સમસ્ત પ્રજાવર્ગને મ્હારી માફક ત્હારે સૌમ્યદૃષ્ટિથી સંભાળવો. તેમજ હે સજ્જનો ! આ નરેંદ્રની આજ્ઞા મ્હારી આજ્ઞા સમાન જાણી તમ્હારે પણ વર્ત્તવું એ પ્રમાણે પરિજનને ઉપદેશ આપ્યો. દુર્લભદેવી તથા ચંપકમાલા વિગેરે રાણીઓએ આશીર્વાદપૂર્વક કુમારના મસ્તકપર અક્ષત નાખ્યા. ચંપકમાલા બોલી, પુત્ર! ક્રમ પરંપરાથી પ્રાપ્ત થયેલું આ રાજ્યરૂપી રૂણ ત્હારા પિતાએ ત્હને સોંપ્યું, માટે તેમાંથી ત્હારે પ્રયત્નપૂર્વક મુક્ત થવા નીતિ પ્રમાણે ચાલવું. હે વત્સ ! આ દુનીયામાં અર્થશાસ્ત્રના નિયમ પ્રમાણે ત્રણ પુરૂષાર્થ કહ્યા છે. ધર્મ, અર્થ અને કામ. તેઓમાં પણ અર્થ અને કામ એ બન્ને ધર્મ સેવનથી જ ઉત્પન્ન થાય છે. વસ્તુગત મોક્ષનું કારણ પણ ધર્મજ છે, અન્ય કોઈ નથી. કારણ કે ફક્ત અર્થ ને કામની સેવાથી તો સાંસારિક દુઃખજ પ્રાપ્ત થાય

છે. તો પછી તેઓમાં પુરૂષાર્થપણું ક્યાં રહ્યું ? પ્રિય પુત્ર ! રાગ દ્વેષ રહિત એવા જીનેશ્વર ભગવાને જે ધર્મ કહ્યો છે તેજ ખરો પુરૂષાર્થ ગણાય છે, અને ધર્મ પણ તેજ ગણાય છે. માટે વત્સ ! પ્રમાદ રહિત ત્હારે હમેશાં આત્મધર્મની પ્રવૃત્તિ કરવી; અને સમસ્ત પ્રજાને પોતાના અપત્ય સમાન માનવી એમ જીનોક્ત ધર્મમાં કહ્યું છે. આ નિયમ કદાચિત્ રાજધર્મની અપેક્ષાએ ત્હારાથી ન પાળી શકાય તોપણ તેમાં પ્રયત્ન છોડવો નહીં. પુત્ર ! સર્વ કલાઓમાં તું બહુ કુશલ છે, તેમજ જીન ધર્મનો અભ્યાસ પણ ત્હેં સારી રીતે કર્યો છે, છતાં આજે તને જે શિક્ષા આપવામાં આવે છે તે ખરેખર પુત્ર સ્નેહને લઇનેજ છે. એમ કહી ચંપકમાલા મૌન રહી. આ પ્રમાણે શ્રવણાંજલિવડે અમૃત સમાન ઉપદેશનું પાન કરી ભુવનાનંદ રાજા ઉભો થઇ પ્રથમ પિતાને નમ્યો ત્યારબાદ દુર્લભદેવી, ચંપકમાલા વિગેરે પોતાની માતાઓને પણ નમ્યો. હવે કુમાર, રાણીઓ અને પરિજન સહિત અરિકેસરી રાજાએ મુનીંદ્રના ચરણ કમલમાં જઈ વંદન કર્યું. અને પોતાની વૈરાગ્યભાવના જણાવી, ત્યારબાદ મોક્ષસુખમાં લીન થએલા રાજાએ ચંપકમાલા પ્રમુખ અન્ય રાણીઓ સહિત તરતજ દીક્ષા ગ્રહણ કરી, તેમજ સુલસા નામે પ્રવ્રાજીકા અને શંકર નામે તેના ગુરૂએ પણ પોતાના સમસ્ત પરિવાર સહિત સૂરીશ્વરની પાસે વિધિપૂર્વક દીક્ષાવ્રત સ્વીકાર્યું. સાક્ષાત સંયમની લક્ષ્મી સમાન તેજસ્વી આનંદશ્રી નામે મહત્તરા (પ્રવર્ત્તિની) ને ચંપકમાલા વિગેરે આર્યિકાઓને સોંપીને સૂરીશ્વરે કહ્યું કે આ સર્વ સાધ્વીઓને યથાર્થ ઉપદેશ આપવો અને ધર્મ પ્રવૃત્તિ કરાવવી. હવે ભુવનાનંદ રાજા પણ જીનેંદ્ર તથા મુનિઓને વંદન કરી નમ્ર હૃદય અને વિષાદથી વ્યાકુલ થયો છતો પોતાના સ્થાનમાં ગયો અને ચિંતવવા લાગ્યો કે મ્હારા પિતાશ્રીના સમક્ષમાં

જે પ્રદેશો જેવા સ્વરૂપમાં દીપતા હતા તેનાથી હાલ વિપરીત કેમ ભાસે છે ? આ નગરી અને આ હવેલીઓ પણ અન્ય હોય તેવી દેખાય છે. જેમ રાત્રિએ ચંદ્ર વિના આકાશમંડલ શોભતું નથી તેમ પિતાના વિયોગથી આ નગર પણ દીપતું નથી. એમ અનુક્રમે શોકનો ત્યાગ કરી સમસ્ત વૈરીઓને વશ કરી સર્વત્ર વિજય મેળવી શ્રી ભુવનાનંદ રાજા લોકમાં આશ્ચર્ય ઉત્પન્ન કરતો નીતિ પૂર્વક રાજ્ય ચલાવવા લાગ્યો.

અરિકેસરી મુનિ તથા ચંપકમાલા સાધ્વીનો મોક્ષ.

અરિકેસરી મુનિરાજ પણ રાત્રિ દિવસ સૂત્રાર્થનો અભ્યાસ કરવા લાગ્યા. તીવ્ર બુદ્ધિના પ્રભાવથી થોડા સમયમાં સૂત્રાર્થમાં બહુ નિપુણતા મેળવી અને અનુક્રમે ગીતાર્થ પણ થયા. યોગ્યતા જાણી ગુરૂએ તેમને સૂરિપદે સ્થાપન કર્યા. પોતાની સાથે દીક્ષિત થએલા મુનિઓ તથા સર્વ સાધ્વીઓને પોતાનો પરિવાર જાણી આજ્ઞા પ્રમાણે ધર્મ પ્રવૃત્તિ કરાવવા લાગ્યા. ત્યાંથી ભવ્ય જનોને ઉપદેશ આપતા વિહારમાં પડ્યા, અનુક્રમે જ્ઞાનના પ્રભાવથી ઘાતિ કર્મરૂપી ગાઢ અંધકારનો ક્ષય થયો. અને ધ્યાનરૂપી પૂર્વાચલના શિખર ઉપર કેવળજ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થયો. ત્યારબાદ ચિરકાલ ભવિક જનોને પ્રતિબોધ આપી આયુષબલ ક્ષીણ થયે છતે શૈલેશીકરણ આરાધીને અરિકેસરી સૂરીશ્વર મોક્ષપદ પામ્યા. તેમજ દુર્લભદેવી અને સુલસા પ્રમુખ સાધ્વીઓ સહિત ચંપકમાલાએ પણ એકાદશ અંગનો અભ્યાસ કર્યો. ત્યારબાદ તેને પ્રવર્ત્તિનીપદે સ્થાપન કરી. અનેક પ્રકારની તપશ્ચર્યામાં બહુ કુશળ અને પૃથ્વી પર અનેક ભવ્ય જનોનાં નરકાદિક દુઃખોનો ઉદ્ધાર કરતી ચંપકમાલા સાધ્વી વિહાર કરવા લાગી. ગુરૂશ્રીની સેવાવડે કર્મમલની શુદ્ધિ કરી વૈયાવૃત્ત્યના પ્રભાવથી તમોવૃત્તિ સર્વથા નષ્ટ થઈ. તેથી

અપૂર્વ કરણના ક્રમ સહિત ક્ષપકશ્રેણી આરાધી અતિ દુસ્તર મોહરૂપી મહાસાગરને ક્રીડામાત્રમાં તરી ગઈ. ત્યારબાદ વિશુદ્ધ ચારિત્રના પ્રભાવથી આંતરિક શત્રુઓનો ઉચ્છેદ કરી અતિ નિર્મળ કેવળ જ્ઞાનવડે હસ્તામલકવત્ સમસ્ત ભુવનોને અવલોકન કરતી એક માસ અનશન પાળી ઉત્તમ સાધ્વીઓ સહિત ચંપકમાલા વિલંબ રહિત મોક્ષસુખ પામ્યાં.

इति श्री सम्यक्त्वप्रशंसायां चंपकमालाकथानकं समाप्तम् ॥



मणिसिंहकथा.

શંકાતિચાર.

સમ્યકત્વપ્રભાવ. દાનવિરત રાજા—ભગવન્ ! સમ્યકત્વનો મહિમા આપે અપૂર્વ વર્ણવ્યો, પરંતુ તે સિવાય ધર્મારાધન કરવાથી આત્મસિદ્ધિ થાય ખરી ?

શ્રીસુપાર્શ્વપ્રભુ—રાજન્ ! ગ્રહાદિકનો આધાર આકાશ, અમૂલ્યરત્નોનો આધાર રોહણાચળ અને નદીઓનો આધાર જેમ સમુદ્ર ગણાય છે તેમ શિવસુખનો આધાર સમ્યકત્વ છે. વળી જેમ મુનિઓને ઉપશમ, ધનાઢ્ય પુરૂષોને દાન અને સ્રીઓને શીલવ્રત ઉત્તમ વિભૂષણ ગણાય છે, તેમ ગૃહસ્થાશ્રમી અને મુનિઓને સમ્યકત્વ અપૂર્વ અલંકાર ગણાય છે. માટે હે નરેંદ્ર ! જે પુરૂષ જૈનધર્મમાં શંકિત થઇ સર્વથી અથવા તો દેશમાત્રથી સમ્યકત્વ મલીન કરે છે. તેનું મણિસિંહની માફક સર્વ ધર્માનુષ્ઠાન નિષ્ફલ થાય છે

દાનવિરત—પ્રભો ! તે મણિસિંહ કોનો પુત્ર ? અને તેણે કેવારીતે સમ્યકત્વને મલિનતા કરી વિગેરે કૃપા કરી કહો.

શ્રીસુપાર્શ્વપ્રભુ—પદ્મલતાની માફક ભ્રમરહિતા (ભ્રમરાઓને હિતકારી=ભ્રમ એટલે શંકા રહિત) સુંદર ગોળાકાર પત્રો (ઉત્તમ વ્રતધારી શુદ્ધ પાત્રો) થી વિભૂષિત અને લક્ષ્મીના મુખ્ય નિવાસસ્થાન ભૂત કમલિની સમાન એવી મથુરા નામે સુપ્રસિદ્ધ નગરી છે. તેમાં યાચકોનાં મનોવાંછિત પૂરવામાં કુબેર સમાન અને નાગરિક લોકોમાં બહુમાન પામેલો વૈશ્રમણ નામે સમ્યકદૃષ્ટિ શ્રેષ્ઠી હતો. બહુ સુંદર રૂપવાળી રૂપિણી નામે તેની સ્ત્રી હતી. પરંતુ તે મિથ્યાત્વમોહિત હતી, છતાંપણ પોતાના પતિને બહુ વ્હાલી હતી. વિવિધ વિષયસુખ અનુભવતાં તેઓને યોગ્ય સમયે સુંદર રૂપવાળા મણિસિંહ અને મણિરથ નામે અનુક્રમે બે પુત્ર થયા.

મુનિઉપદેશ.

રામલક્ષ્મણ વચ્ચેનો જેવો પ્રેમ શાસ્ત્રમાં વર્ણવ્યો છે તેવો સ્નેહ જન્મથીજ તે બન્ને ભાઈઓને બંધાયો. અન્યદા આનંદથી બન્ને ભાઈઓ યમુના નદીના કીનારે ક્રીડા કરતા હતા, તેવામાં ત્યાં સુંદર કાંતિવાળા એક ચારણમુનિ પધાર્યા. સાક્ષાત કામદેવ સમાન તેજસ્વી તે મુનીંદ્રને જોઈ ગુરૂભક્તિના પ્રેમથી અપાર આનંદરસમાં નિમગ્ન થએલા તે બન્ને જણા નમસ્કાર કરી મુનિની આગળ બેઠા. મુનિશ્રીએ ધર્મલાભ આપી કુશલ વૃત્તાંત પૂછ્યા બાદ વિશેષ પ્રકારે તેઓને હિતકારક એવી જીનેંદ્રકથિત ધર્મદેશનાનો પ્રારંભ કર્યો, હે ભવ્યાત્માઓ! અનાદિ અપાર આ ભવસાગરમાં ભ્રમણ કરતા તમોએ યુગશમી (ધુંસરૂં અને સમોલ) ના દ્રષ્ટાંત વડે મહા દુઃખથી આ મનુષ્યભવ મેળવ્યો છે. તેમાં પણ ઉત્તમ એવું આર્યક્ષેત્ર, શ્રેષ્ઠ જાતિ અને કુલ વિગેરે સંપત્તિઓ પ્રાપ્ત થઇ છે, વળી સર્વ ઇંદ્રિયોની પટુતાપણ તમ્હારા પુણ્યબળથી તમ્હને પ્રાપ્ત થઇ છે. તેમજ અન્ય પણ જે

કંઈ શુભ પ્રસંગો સંસારવાસી જીવોને પ્રાપ્ત થાય છે તે પણ તેઓના પુણ્યનોજ પ્રભાવ છે. અન્ય સ્થળે પણ કહ્યું છે કે—

यद्वपुरतिरमणीयं, स्त्रीजनकमनीयमनभिभवनीयम् ।
यत्साम्राज्यमखण्डं, तत्खण्डं धर्मलाभेक्षोः ॥

સ્ત્રીજનને અતિપ્રિય એવું જે અતિ રમણીય શરીર તેમજ કોઈથી નહીં જીતી શકાય તેવું અખંડિત સામ્રાજ્ય મળવું તે ધર્મલાભરૂપી ઈક્ષુદંડનો એક ખંડ છે. વળી ખેતીનું સામાન્ય ફલ જેમ ઘાસ ગણાય છે તેમ તે જાણવું. પરંતુ ખરૂં જોતાં ચિરકાલથી મેળવેલા ધર્મનું ફલતો મોક્ષ છે. જીનેંદ્ર ભગવાને પ્રરૂપેલો એવો તે ધર્મ સત્ય જાણવો. માટે હે ભવ્ય જીવો! પ્રથમ નહીં પ્રાપ્ત થએલા જૈનધર્મ ઉપર સારી રીતે આદર કરો અને તેથી દુઃખ તરંગો વડે ભયંકર એવા સંસારસમુદ્રને જલદી તરી જાઓ. રાગ દ્વેષ તથા મોહ રાજાને જીતનાર જીનેશ્વર ભગવાને તે ધર્મ સાધુ અને ગૃહસ્થ એમ બે પ્રકારે કહ્યો છે. તેમાં સાધુ ધર્મ મહા વ્રતાદિક પાંચ પ્રકારનો અને ગૃહીધર્મ બાર પ્રકારનો વર્ણવ્યો છે. તે બન્નેનું મૂલ કારણ તો સમ્યક્ત્વ છે. શંકાદિ રહિત જીવાદિ તત્ત્વોની શ્રદ્ધા, સુરેંદ્ર તથા નરેંદ્રો વડે સેવાતા અરિહંત તે દેવ અને ઉત્તમ સાધુઓ તે ગુરૂ એવો જે નિશ્ચય તે સમ્યક્ત્વ જાણવું, અન્યથા મિથ્યાત્વ કહેવાય. એ પ્રમાણે ધર્મદેશના સાંભળી ભાલસ્થલમાં અંજલિ જોડી મણિસિંહે નમસ્કાર પૂર્વક વિનતિ કરી, હે ભગવન્! મુનિધર્મ પાળવા માટે અમે અશક્ત છીએ. તેમજ ગૃહીધર્મને પણ અમે લાયક નથી, પરંતુ આપનું દર્શન સફલ થવું જોઈએ. માટે જો અમારી યોગ્યતા હોયતો કૃપા કરી અમને સમ્યક્ત્વ માત્ર આપો. મુનિ બોલ્યા, દેવાનુપ્રિય! રત્નો બહુ અમૂલ્ય હોય છે, પરંતુ શું રત્નનિધિ તેઓનું સ્થાન

ન હોય ? એમ કહી દયાલુ મુનિએ તે બન્નેને વિધિપૂર્વક સમ્યક્ત્વ દાન આપ્યું અને સવિસ્તર તેના (સમ્યક્ત્વના) ગુણ દોષોનું વર્ણન કર્યું, તેમજ તેના આરાધકને સ્વર્ગાદિક સુખ તથા તેના વિરાધકને નરકાદિક દુઃખો પ્રાપ્ત થાય છે એવી રીતે ફલ પણ બતાવ્યું. ત્યારબાદ તે મુનીંદ્ર આકાશમાર્ગે ચાલતા થયા અને કુમારો પણ પોતાના સ્થાનમાં ગયા.

મણિસિંહ તથા મણિરથની ધર્મપ્રવૃત્તિ.

પોતાને ઘેર જઈ બન્ને ભાઇઓ પિતાને કહેવા લાગ્યા. હે તાત ! આજે અમે યમુનાના તટ ઉપર ગયા હતા, ત્યાં સમ્યક્ત્વરૂપ મૂલ છે જેનું, પ્રસરેલા શુદ્ધ મહાવ્રતરૂપી વિશાલ છે સ્કંધ જેનો, અતિ વિશાલ સમિતિ અને ગુપ્તિરૂપી મ્હોટી શાખાઓ છે જેની, ઇંદ્રિયોના દમનરૂપી છે નવાંકુર જેના, સુરનરના સુખરૂપી છે કુસુમ જેનાં, ધૈર્યાદિક ગુણરૂપી ગંધ છે જેનો, તેમજ રાગરૂપી દાવાનલથી વિમુક્ત, પક્ષીરૂપી ગુણીજનોથી શબ્દાયમાન, મોક્ષરૂપી ફલ વડે સંયુક્ત, ક્ષમારૂપી પૃથ્વીમાં આરૂઢ થએલા, સંસારરૂપી ગ્રીષ્મ ઋતુના તાપથી પીડાએલા પ્રાણીઓને શાંતિ આપનાર, દેશનારૂપી શીતલ છાયા કરનાર અને વિનીત જનોને કલ્પવૃક્ષ સમાન એવા એક મુનિવરનાં અમને દર્શન થયાં. તે મુનિએ અમારા હૃદયક્ષેત્રમાં મોક્ષરૂપી મહાતરૂના બીજ સમાન સમ્યક્ત્વની સ્થાપના કરીને શ્રદ્ધારૂપી શુદ્ધ જલ વડે સિંચન કર્યું છે. તે સાંભળી વૈશ્રમણ શ્રેષ્ઠી મનમાં બહુ ખુશી થઈ બોલ્યો કે તમોએ બહુ સારૂં કામ કર્યું, પરંતુ આ વાત તમારી માતાને જો પ્રસન્ન પડે તો ઠીક. ત્યારબાદ પુત્રોએ તે વાત પોતાની માતાની આગળ કહી. મા બોલી પુત્રો ! તમે બન્ને બહુ સ્વેચ્છાચારી થઇ ગયા છો તે કંઈ [illegible] [illegible] [illegible] નથી. નગરના દરેક વિભાગમાં, ઉદ્યાન, [illegible]

અને નદીના કીનારે નિરંકુશ હસ્તિસમાન કોઈનાં દાબ વગર ભ્રમણ કરી અત્યારે અહીં આવ્યા ? રે દુષ્ટો ? પોતાની દુકાને બેસાડેલા ઘડીભર તમે ટકતા નથી, શું ? આ કંઈ ત્હમારો ધર્મ શ્રવણ કરવાનો સમય છે ? પોતાનો વ્યાપાર ધંધો કરવો નથી તેમજ ખીલું પણ કંઈ કરતા નથી, અને અમે ધર્મ સાંભળી આવ્યા ? આ પ્રમાણે માતાનાં ઠપકાનાં વચન સાંભળી જ્યેષ્ઠ પુત્ર બોલ્યો, જનનિ ? આટલો અપરાધ ક્ષમા કરો, ફરીથી આ કામ હું નહીં કરૂં, લઘુપુત્ર વિચાર કરવા લાગ્યો કે પોતાના હસ્તમાં મહા મુશ્કેલીથી પ્રાપ્ત થએલા ચિંતામણિને ભલે પ્રાણ જાય તોપણ શું ડાહ્યો માણસ ત્યાગ કરે ? અથવા કોઇ એક દયાલુપુરૂષે મહારોગીને અમૃતપાન કરાવ્યું હોય અને તેથી તેનો રોગ પ્રતિક્ષણે ક્ષીણ થતો હોય તો તે રોગીમાણસ ક્રોધાતુર થઈ પ્રિયજનોના કહેવાથી શું અમૃતનું વમન કરેખરો ? માટે ભલે ગમે તેમ માતા બોલે પરંતુ દેહાંત સુધી હું તો ધર્મનો ત્યાગ કરીશ નહીં. પ્રથમ નહીં પામેલું આ સમ્યક્ત્વરત્ન હાલમાં મ્હને પ્રાપ્ત થયું છે. માટે માતા ભલે મારે, બાંધે વિગેરે અનેક પીડાઓ આપે તો પણ હું સહન કરીશ. પ્રલયકાલનો પવન જેમ મેરૂ પર્વતને ચલાયમાન કરવા અશક્ત છે તેમ યક્ષ, રાક્ષસ અને ઇંદ્ર પણ મ્હને ચલાયમાન કરવાને સમર્થ નથી. એમ પોતાના મનમાં દૃઢ નિશ્ચય કરી તે હમેશાં જીનમંદિર અને ઉપાશ્રય વિગેરે ધર્મ સ્થાનોમાં જાય છે. ત્રણે કાલે ઉપયોગ પૂર્વક ઘર દેરાસરમાં જઈ જીનપ્રતિમાઓની પૂજા કરે છે. અને ભાવ સહિત વંદનાદિક કરે છે. તે પ્રમાણે નાના ભાઇની પ્રવૃત્તિ જોઈ મણિસિંહ બોલ્યો, હે વત્સ ? આ ત્હારી પ્રવૃત્તિ આપણી માને બીલકુલ ગમતી નથી, કારણકે ગૃહ દેરાસરની પ્રતિમાઓની પણ પૂજા આપણા પિતાશ્રીએ કોઈ દિવસ કરી નથી, તેથી તું પણ તે નવિન પ્રવૃત્તિ બંધ કર.

વત્સ ! ત્હારૂં કહેવું સત્ય છે. પરંતુ એમાં શું પ્રમાણ ? કારણકે જીનેશ્વરમાં પણ મને તો સંદેહ છે. તો ધર્મની તો વાતજ દૂર રહી કેમકે કારણ સિવાય કાર્યનો અભાવ છે. આ પ્રમાણે સંશયરૂપી ગાઢ કાદવમાં મણિસિંહને ખુંચી ગએલો જાણી મણિરથે તેના ઉદ્ધારને માટે કહ્યું કે હે બંધો ? આ પ્રમાણે શંકા કરવાથી વિષેણ વિદ્યાધરની માફક આસંસારમાં તમ્હારે બહુ દુઃખ ભોગવવું પડશે.

વિષેણદૃષ્ટાંત

વિદ્યાનાસાધક એવા હજારો પુરૂષો જેના ચરણમાં નમે છે, મંત્રરૂપ કમલોના સરોવર સમાન અને બહુ પ્રસિદ્ધ વિદ્યાઓના સ્થાનભૂત એવી પદ્માવતી નામે દેવી છે. બહુ સુંદર એવા જીનમંદિરનાં બહારના ભાગમાં રહેલું, દેખાવમાં બહુ મનોહર તેમજ જીન મંદિર સમાન વિવિધ રત્નોથી વિભૂષિત એવું તે દેવીનું મંદિર અષ્ટાપદ પર્વતના શિખર ઉપર આવેલું છે. કોઈ એક દિવસે વૈતાઢ્ય પર્વતમાંથી વિમલા અને કમલા નામે વિદ્યાધરીનું જોડલું તે જીનમંદિરમાં ગયું. જીન પ્રતિમાઓનું પૂજનકરીને વંદન કર્યું; ત્યાર બાદ તેઓએ સારંગીના નાદસાથે જીનેંદ્ર ભગવાનના ગુણોની રચનાવાળાં વિશુદ્ધ પદ્યમય ગીતોનો પ્રારંભ કર્યો. તેટલામાં જયજય શબ્દોના ઉચ્ચાર કરતા, પરસ્પર અભિમાનથી પ્રથમ ગમન કરવામાં તત્પર થએલા અને જીન પ્રતિમાઓને પૂજવા માટે મંદિરમાં પ્રવેશ કરતા વિદ્યાધરોનો બહુ કોલાહલ અકસ્માત્ પ્રસરી ગયો. જેથી–તે કોલાહલને લીધે સારંગીનો નાદ દંકાઈ ગયો એટલે તે વિદ્યાધરીઓ બહાર નીકળી પદ્માવતીના મંદિરમા જઈ ગાવા લાગી. જેમ મધુર ગાયન સાંભળવાથી ગોચર સ્થાનમાં રહેલા મૃગલાઓ આકર્ષાય છે તેમ તેઓના ગીત ધ્વનિથી ખેંચાએલા સેન અને વિષેણ નામે બંને વિદ્યા-

ધરો દેવીના મંદિરમાં ગુપ્ત ઉભા રહી તેઓનાં મધુર ગીત સાંભળવા લાગ્યા, અહો ? જેઓનો આવો નાદ નીકળે છે તો તેઓનું સ્વરૂપ કેવું હશે ? એમ આશ્ચર્ય પામી તેઓની પાસે તેઓ ગયા અને તેઓના સ્વરૂપ તરફ દૃષ્ટિ કરી. તેટલામાંજ કામદેવે તીક્ષ્ણ બાણો વડે ઈર્ષ્યાને લીધે વીંધ્યા હોય ને શું ? તેવી સ્થિતિ તેઓ અનુભવવા લાગ્યા, તેમજ તે વિદ્યાધરીઓ પણ તેઓનું સ્વરૂપ જોઇ એવીતો કામાતુર થઈ ગઈ કે પોતાના હસ્તમાંથી સારંગીઓ પડી ગઇ તેનું ભાન પણ તેઓને રહ્યું નહીં. એટલામાં તે વિદ્યાધરોને ત્યાંથી જવાનો સમય થયો, તેથી તેમના પિતા સુષેણે બન્નેને બોલાવ્યા એટલે તે બન્ને જણા પોતાનાં હૃદય વિદ્યાધરીઓને સોંપી અને તેઓનાં મન પોતે હરણ કરી પોતાના સ્થાનમાં ગયા. તરતજ તેઓના વિયોગથી બન્ને વિદ્યાધરીઓ મૂર્છિત થઈ પૃથ્વી પર પડી ગઇ. તે જોઇ પદ્માવતી દેવીને દયા આવી અને તેથી તેઓને સચેતન કરી દેવીએ કહ્યું કે થોડા સમયમાં તમ્હારો બન્નેનો તે બેમાંથી એકજ ભર્તાર થશે. માટે ખેદ કરશો નહીં, અહો ! આપનો મ્હોટો ઉપકાર એમ કહી બહુ સંતુષ્ટ થઈ તે બન્ને વિદ્યાધરોનુંજ મનમાં સ્મરણ કરતી તે બન્ને વિદ્યાધરીઓ પોતાના પિતાના ઘેર ગઈ. ત્યારબાદ તે બન્ને વિદ્યાધરો કંઈક મિષ કરી પિતાને સમજાવી તે દેવીના મંદિરમાં પાછા આવ્યા, અને જોયું તો વિદ્યાધરીઓ ત્યાં ન દીઠી તેથી તેઓ સર્વસ્વહીન થયા હોયને શું ? એમ વ્યાકુલ થઈ ગયા. ત્યારે દેવી બોલી કે અહીં માત્ર મ્હારે રહેવાના સ્થાન રૂપજ સંબંધ છે, વસ્તુતઃ મ્હારા હૃદયમાં જૈનધર્મની [illegible] નથી. માટે જો તમે જૈનધર્મનો અસદ્ આગ્રહ છોડીને મિથ્યાત્વી થાઓ તો હું તમોને તેઓનો મેળાપ કરાવી આપું. બન્નેમાંથી [illegible] વિચાર કરી બોલ્યો, દેવિ ! ત્હારૂં કહેવું સત્ય છે. પરંતુ

અને સંદેહવાળા જૈનધર્મનું મ્હારે કંઈપણું પ્રયોજન નથી, આ જથી હું તેનો ત્યાગ કરૂં છું. ત્યારબાદ સેન બોલ્યો, દેવિ ! લક્ષ યુક્તિઓથી સિદ્ધ થએલો અને ચિંતામણિ, કામધેનુ તેમજ કલ્પવૃક્ષથી પણ અધિક એવા જૈનધર્મનો ત્યાગ કરવાથી જો કોઇ કાર્ય સિદ્ધ થતું હોય તો તેવા કાર્યની મ્હારે જરૂર નથી. વળી તમ્હારે જો તેમ કરવાની જરૂર હોય તો તે કેવલ તમ્હારા હૃદયનો મોહજ છે. તે સાંભળી દેવી હૃદયમાં બહુ તુષ્ટ થઇ, પરંતુ તેની પરીક્ષા માટે બહારથી ભયંકર ભ્રકુટી ચઢાવી દેવી બોલી, રે મૂઢ! શું તું મ્હને મૂઢ બનાવે છે ? રે દુષ્ટ ! હાલ તું મૃત્યુવશ થઈશ. સેન બોલ્યો, તું તો એકવાર મરણ આપવાને સમર્થ છે. તેનો પણ નિશ્ચય નથી. પરંતુ જૈન ધર્મનો ત્યાગ કરવાથી તો મ્હને અનંતવાર મરણ પ્રાપ્ત થાય, તેનું મ્હારે શું કરવું ! તે સાંભળી અતિ ક્રોધાતુર થઈ તે દેવી સેનને ઉપાડી આકાશમાં ઉડી ગઇ: વિજયપુર નગરના ઉદ્યાનમાં ઉતરી ત્યાં સિંહાસન ઉપર તેને બેસાડી કહેવા લાગી, મહાશય ! સત્પુરૂષોમાં વખાણવા લાયક પ્રથમ રેખા ત્હનેજ ઘટે છે. ક્ષણમાત્ર કપટ વચનોવડે મ્હેં ત્હને દુઃખી કર્યો તેની હું ક્ષમા માગું છું, વળી અવકાશને લીધે ત્હારા હૃદયમાં જે બે કન્યાઓ રહેલી છે તેઓનો પિતા સુદંષ્ટ્ર નામે વિદ્યાધરેંદ્ર આ નગરમાં રહે છે. અને તે કન્યાઓને ત્હારી સાથે યોગ કરી આપવા હું બંધાએલી છું. તે સમયે મોટી મહેરબાની એમ બોલી તે કન્યાઓએ તે વાત કબુલ કરી છે. માટે તમે અહીં બેસો અને હું તેઓની પાસે જાઉં છું. એમ કહી દેવી સુદંષ્ટ્રને ઘેર ગઈ. હવે બન્ને કન્યાઓને કામાતુર જોઈ તેમનાં માતાપિતા ગાઢ શોકથી પ્રલાપ કરતાં દુઃખી અવસ્થા અનુભવતાં હતાં. પિતાએ દેવીને જોઈ સત્કાર કર્યો પછી દેવી બોલી, કુમારીકાઓ ! મ્હારૂં વચન તમે ભૂલી ગયા ? અને તેથી આવી દશા આવી પડી ! તમ્હારા બન્નેના

ઇષ્ટ સ્વામીને હું અહીં લાવી છું. તે સાંભળી વિદ્યાધરેંદ્ર બોલ્યો, તે કોણ છે ? દેવી બોલી, દક્ષિણ શ્રેણિમાં રથ ચક્રવાલનો અધિપતિ સુષેણ નામે વિદ્યાધર છે તેનો સેન નામે ગુણવાન્ પુત્ર છે, તે સેન આપની આ બન્ને કુમારીઓ ઉપર ઘણોજ આસક્ત થયો છે અને તે અહીં ઉદ્યાનમાં હાલ આવીને રહ્યો છે. તે સાંભળી વિદ્યાધરેંદ્રે નગરમાં મહોત્સવની આજ્ઞા આપી અને હર્ષપૂર્વક વાજતે ગાજતે પોતે દેવી સહિત ઉદ્યાનમાં જઇ સેનને ગજેંદ્ર ઉપર બેસાડી કન્યાઓની પાસે લાવ્યો. અચેતન અવસ્થામાં રહેલી કન્યાઓને તે નજરે પડવાથી અમૃતસિંચનની માફક તેઓ સચેતન થઇ અને કટાક્ષથી કુમારને જોવા લાગી. ત્યારબાદ પદ્માવતી દેવી બોલી, હે નરેંદ્ર આ સેન વિદ્યાધર જૈન ધર્મમાં બહુ દઢ છે. તેનો તે દઢ આગ્રહ છોડાવવા માટે તેના નાનાભાઇ વિષેણે બહુ પ્રયાસ કર્યો પરંતુ એણે પોતાનો નિશ્ચય છોડ્યો નહીં એટલે ઇર્ષ્યાને લીધે વિષેણે પોતાની બુદ્ધિનો પ્રકાશ કરવા માટે નગરમાં જાહેર કર્યું છે કે સેન ઘણા દારૂણ દુઃખમાં આવી પડ્યો છે. તે સાંભળી તેનાં માતપિતા, સ્વજન પરિવાર અને નગરના લોકો પણ દુઃખ સાગરમાં ડુબી ગયા છે, માટે તેઓનો ઉદ્ધાર કરવા હું ત્યાં જાઉં અને તેઓને શાંતિ આપું. એમ કહી પદ્માવતી દેવી સુષેણ વિદ્યાધરને ત્યાં ગઇ અને સેન સંબંધી સવિસ્તર કુશલ વાર્ત્તા જણાવીને એકદમ અદૃષ્ટ થઇ ગઇ. સુષેણ રાજાએ પણ પુત્રનું અમંગલ દૂર કરવા માટે જીન મંદિરોમાં પૂજા તથા વધામણાં કરાવ્યાં. તેમજ અત્યંત આનંદથી વ્યાપ્ત એવા સમસ્તનગરના લોકો પણ પૂર્ણ પાત્ર સહિત નૃત્ય અને ગાયન કરતા છતા પરસ્પર હાસ્ય વિનોદ કરે છે. ત્યારબાદ દેવીના જણાવવાથી સેનને આનંદિત જાણી વિષેણ પોતાનું અપમાન સમજી બહુ ચિંતાતુર થઇ ગયો અને નગરવાસી લોકો પણ તેને કટાક્ષથી જોવા લાગ્યા. તેમજ તેનું મુખ પણ ઝાંખું પડી ગયું, અને બહુ ઇર્ષ્યાને લીધે લોકોમાં તે અપ્રિય

થઈ પડ્યો તેથી કરીને તે વિષેણ સ્વજન વર્ગનો ત્યાગ કરી દેશાંતરમાં ભ્રમણ કરવા લાગ્યો. આર્ત્તધ્યાનવડે બહુ દુઃખી થઈ કાલાંતરે મરણ પામી તે ચિરકાલે સંસાર માર્ગમાં દીન અને દુઃખી અવસ્થામાં પ્રાયે પરિભ્રમણ કરવા લાગ્યો. ત્યારબાદ સેનને સુષેણ રાજાએ પોતાના સ્થાનમાં સ્થાપન કર્યો; પછી તે સેન વિદ્યાધર વિવાહ થયા બાદ કેટલાક સમયે પોતાના નગરમાં આવ્યો, ત્યાર બાદ વિમલા અને કમલાની સાથે સેન વિદ્યાધર બહુ સમય સુધી વિલાસ સુખ ભોગવી સમયોચિત વિદ્યાધરની રાજ પદવી પૂર્ણ રીતે અનુભવીને સાંસારિક દુઃખોને નિવૃત્ત કરનાર જીનશાસનની વૃદ્ધિ કરતો છતો રાજ્યભાર વહન કરવામાં ધુરંધર એવા કમલાના પુત્રને રાજ્ય ગાદીએ બેસાડી સેનવિદ્યાધર વિમલા, કમલા, તેમજ અન્ય પરિવાર અને મુખ્ય કેટલાક પૌરજનો સાથે દીક્ષા ગ્રહણ કરી શાશ્વત સુખમય મોક્ષ સ્થાનમાં ગયો, માટે હે મણિસિંહ! જૈન ધર્મની પ્રાપ્તિ થયે છતે શંકારૂપી વિષની વાસનાથી વિષેણ વિદ્યાધરની માફક તું પણ દુઃખી થઈશ. હવે આ ઉપદેશ રૂપી અમૃતે જ્યારે મણિસિંહના હૃદયમાં કાંઈ પણ અસર ન કરી ત્યારે મણિરથે તેને ગુણહીન જાણી પોતાનો બંધુ છતાં પણ તેની ઉપેક્ષા કરી અને પોતે ધર્મ કાર્યમા પ્રવૃત્ત થયો. તે દુરાચારી મણિસિંહ દુઃખ દાવાનલથી દગ્ધ થઇ સંસાર વનમાં બહુ કાલ પરિભ્રમણ કરશે, અને છેવટે કેટલો સમય વ્યતીત થયા બાદ હેને જૈન ધર્મની પ્રાપ્તિ થશે. વળી મણિરથ વિદ્યાધર તો ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી વિધિપૂર્વક ચારિત્ર ધર્મ પાળી તેજ ભવમાં મોક્ષ પદ પામ્યો, માટે હે ભવ્ય પ્રાણીઓ! નિઃશંક હૃદયવડે સમ્યક્ત્વ વ્રત પાલવામા તમે આદરવાળા થાઓ.

इति सम्यक्त्वद्वारे शङ्कोदाहरणे मणिसिंह-
मणिरथकथानकम् ॥

सुंदरवणिक्कथा.

આકાંક્ષાતિચાર.

સુંદરવણિક્દ્રષ્ટાંત. દાનવિરત રાજા—જગત્ પ્રભો ! આ દુનીયામાં અનેક પ્રકારનાં શાસ્ત્રો જોવામાં આવે છે અને વળી તેઓમાં તત્ત્વ નિરૂપણા પણ પૃથક્ પૃથક્ કરેલી છે, તો તે દરેકમાં શ્રદ્ધા રાખવાથી કલ્યાણ થાય ખરૂં ? શ્રીસુપાર્શ્વપ્રભુ—ભિન્ન ભિન્ન દર્શનોની આકાંક્ષા કરવાથી જેનું હૃદય આકર્ષાય છે, તે પુરૂષ સુંદરની માફક ધર્મથી ભ્રષ્ટ થાય છે. એટલુંજ નહીં પરંતુ તેનો સંસાર બહુ વૃદ્ધિ પામે છે. તદ્યથા—રાજહંસો (ઉત્તમ રાજાઓ) ની શ્રેણી વડે શોભાયમાન, સ્વચ્છ પયસ્ (જલ=પ્રજા) થી ભરપુર, તેમજ બહુ વિશાલ, લક્ષ્મીનું મુખ્ય નિવાસસ્થાન, અને ઉત્તમ લક્ષણવાળા પુરૂષો વડે વિભૂષિત કમલ સરોવરની માફક રાજગૃહ નામે નગર છે. તેમાં ઉદ્ધત વૈરીરૂપી હસ્તિઓના ગંડસ્થલોને ભેદવામાં સિંહસમાન અને શત્રુઓની સ્ત્રીઓને વૈધવ્યવ્રત આપવામાં દીક્ષાગુરૂ સમાન નરકેસરી નામે રાજા છે. વળી તેજ નગરમાં દાન આપવામાં અતિ દક્ષ હસ્તિ સમાન, તેમજ ઉચ્ચ કુલમાં જન્મેલા ભદ્ર અને મહાભદ્ર નામે ધનાઢ્ય શેઠીઆઓ રહે છે. ભદ્ર શેઠની ભાર્યાનું નામ જયા અને મહાભદ્રની સ્ત્રીનું નામ વિજયા હતું, તેમજ તેઓને સુંદર અને ક્ષેમચંદ્ર નામે અનુક્રમે એક એક પુત્ર હતો. ઉત્તમ વિનય, નીતિ અને પરાક્રમ વડે ક્ષેમચંદ્ર ઘણો જ વિખ્યાત હતો. એક દિવસે લોકોને બહુ આનંદ આપતો ક્ષેમચંદ્ર પોતાના પરિવાર સહિત સુંદર સાથે ઉદ્યાનમાં ગયો અને નંદન વનમાં અપ્સરાઓ સાથે વિલાસ કરતા ઇંદ્રની માફક તે પણ વિલાસવતી સ્ત્રીઓની સાથે આનંદપૂર્વક ક્રીડા કરવા લાગ્યો.

સુંદરનેસર્પદંશ.

હેમચંદ્રનો બાલમિત્ર સુંદર પોતાની ઇચ્છા પ્રમાણે નજીકના પ્રદેશમાં રમતો હતો, તેવામાં તેના પગની આંગળીએ એક સર્પ કરડયો, તેથી તરતજ તેના સર્વ શરીરે વિષ પ્રસરી ગયું અને ગતિ પણ બંધ પડી ગઈ, જેથી ક્ષણમાત્રમાં મૂર્છિત થઈ તે પૃથ્વીપર પડી ગયો. તેમજ નેત્ર મીચાઈ ગયાં, આકૃતિ શ્યામ દેખાવા લાગી. આજુબાજુના લોકોએ હાહાકાર કરવાથી હેમચંદ્ર તત્કાલ તેની પાસે આવી શું છે? શું છે? એમ એકદમ પૂછવા લાગ્યો. સર્પ કરડવાથી મૂર્છિત થઈ ગયો છે એમ જાણી વિષ ઉતારવા માટે પોતાના બાજુબંધના મણિને ઘસવા સારૂ જલ મંગાવવાની તૈયારીમાં હતો તેટલામાં તે બાજુબંધ પણ સર્પ થઈ ગયો. ત્યારબાદ તે દર્ભની સળીઓ લઈ ગારૂડિક મંત્રનું સ્મરણ કરી ઉપાય કરવા જાય છે તેટલામાં તો દર્ભની સંખ્યા જેટલા વીંછી પ્રગટ થયા. તેથી તે હેમચંદ્ર બહુ ક્ષોભાયમાન થઈ અન્ય ઉપાયનો વિચાર કરતો હતો. તેવામાં ત્હેને એક પુરૂષે ત્યાં આવી કહ્યું કે આ મારો મિત્ર ગારૂડિક વિદ્યામાં બહુ પ્રસિદ્ધ છે. વળી આ બે ભાઈઓ છે. તેઓ જ્યારે મંત્રશાસ્ત્રનો અભ્યાસ કરી પહેલવહેલા પોતાના દેશ તરફ પાછા ફર્યા ત્યારે તેઓ મ્હોટા ભયંકર જંગલમાં આવી પડયા, ત્યાં બહુ તૃષાને લીધે વ્યાકુલ થઇ બન્ને પાણીની શોધમાં ફરતા હતા તેવામાં એક નદીની અંદર પાણીનો-હ્રદ (ધરો). જોવામાં આવ્યો, અને તેમાંથી બહાર નીકળતો મ્હોટો સર્પ પણ તેમની નજરે પડયો. વળી તેની પીઠ ઉપર પડેલો, શરીરે શ્યામ, ફણામાં રહેલા મણિની કાંતિ વડે પિંજાશપર દેખાતો અને બહુ ઉદ્ધત એવો એક નાનો સર્પ જોયો. આ આશ્ચર્ય જોઇ ન્હાનો ભાઇ બોલ્યો, બાંધવ ! એક રેખા ખેંચી હું તેઓની ગતિ અટકાવું ? મ્હોટો ભાઇ બોલ્યો, આ સર્પ ત્હારી આજ્ઞા માને તેમ નથી

વળી આ ઉપર રહેલો લઘુ સર્પતો તાલપુટ વિષ કરતાં પણ અતિ પ્રચંડ વિષથી ભરેલો છે. તેમજ આ ક્ષત્રિય જાતિનો છે. માટે એને મંત્ર અસર કરે તેમ નથી. એ પ્રમાણે મ્હોટા ભાઈએ ના પાડી તોપણ તેણે મંત્રોચ્ચારપૂર્વક આજ્ઞા દેઈ તેઓની આગળ રેખા કરી એટલે મ્હોટા સર્પની ગતિ બંધ થવાથી તેજ ઠેકાણે તે ઉભો રહ્યો, જેથી લઘુસર્પ તેની પીઠપરથી નીચે ઉતરી રેખા ઉપર આળોટી રેખાને ભૂંસી નાખી ફરીથી તેની પીઠ ઉપર બેસી ગયો. તેથી મ્હોટો સર્પ તેના પ્રભાવથી આગળ ચાલતો થયો. તેવામાં ત્યાં એક હસ્તિઓનું ટોળું આવતું હતું, તેઓનો મ્હોટો ગર્જારવ ઉચ્છળી ઉઠયો, અને તેથી આકાશ મંડલ પણ શબ્દમય થઈ ગયું. તે જોઇ જ્યેષ્ઠ બંધુ બોલ્યો, વત્સ ! ચાલ આપણે વૃક્ષ ઉપર ચઢીને તપાસ કરીએ. આ મદોન્મત્ત હસ્તિઓનું ટોળું આવે છે. તેથી આપણે આપણા આત્માની રક્ષા કરવી જોઈએ. વળી આ ધરાનું પાણી વિષથી દૂષિત થએલું દેખાય છે. કારણકે જલનો રંગ ઘણો વિપરીત દેખાય છે, અને બહુ લીલાશ પ્રસરી ગઇ છે, તેથી ખાસ તપાસ કરવાની જરૂર છે. આ હસ્તિઓ પાણી પીએ અને તે પીવાથી તેઓનું શું થાય છે ? તે આપણે જોઇએ એમ વિચાર કરી બન્ને જણ વૃક્ષ ઉપર ચઢ્યા. એટલામાં સિંહની ભીતિમાં આવી પડેલા હસ્તિના ટોળાને પાછળ મૂકી ભયને લીધે મૂત્ર વિષ્ઠાનો ત્યાગ કરતા નાના બચ્ચાઓને પોતાના ગંડસ્થલને વિષે ધારણ કરતો એવો તે ટોળાનો અધિપતિ હાથી સિંહના સ્હામો દોડતો આવ્યો તેટલામાં સિંહ ફાળમારી હસ્તિના મસ્તકપર ચઢી બેઠો. જેથી હાથીએ રોષથી મસ્તક કંપાવ્યું, તેથી સિંહ પૃથ્વીપર પડી ગયો કે તરતજ હસ્તિએ તેને પગથી પીલી નાખ્યો. જેથી તે તત્કાલ મૃત્યુ શરણ થયો. ક્ષણમાત્રમાં હાથણીઓ તથા હસ્તિઓ નિર્ભય થઇ બહુ તૃષાને

લીધે નદીમાં ઉતરી ધરા તરફ ગયાં. મુખ્ય હસ્તિએ આગળ જઈ પરીક્ષા કરીને તેઓને જણાવ્યું કે આ પાણી વિષને લીધે શંકરના કંઠ સમાન નીલ વર્ણનું છે તેથી કોઇએ પીવું નહીં, એમ કહી તે પોતે વનની અંદર લતા મંડપમાં ગયો. સુંઢ વડે એક વૃક્ષની ડાળી તોડી લાવીને દ્રહના કીનારે પત્થરપર તેને ઘસી જળમાં નાખી, તેજ સમયે શંકરના હાસ્ય સમાન ઉજ્વલ તે પાણી વિષ રહિત—અમૃત સમાન થઇ ગયું. ત્યારબાદ મુખ્ય હસ્તિએ પોતાની સંજ્ઞાથી તે ટોળાને ત્યાં આગળ બોલાવ્યું. સ્વેચ્છા પ્રમાણે જલપાન કરી આનંદથી તે ટોળું ત્યાં રમવા લાગ્યું, પછી પાણીમાંથી બહાર નીકળી તે હસ્તિઓનું ટોળું અન્ય સ્થાનમાં ચાલ્યું ગયું. ત્યારબાદ તે બન્ને જણા વૃક્ષ ઉપરથી નીચે ઉતરી દ્રહને કીનારે ગયા, સજ્જનના હૃદય સમાન અતિ સ્વચ્છ જલનું પાન કરી શાંત થયા. ત્યાંથી ચાલતી વખતે તેજ ઔષધિની ડાળી લઈ તેઓ અહીં આવ્યા છે. વળી માર્ગમાં આવતાં તેઓએ કેટલાક ગારૂડિકોને છત્યા છે. તેમજ વિષથી પીડાએલ ઘણા લોકોને તેમણે તે ઔષધિના પ્રભાવથી સજીવન કર્યા છે. હવે તેઓમાંથી આ જયેષ્ઠ બંધુ મ્હારી પાસે આવ્યો છે. વળી બહુ કહેવાથી શું ? સાક્ષાત્ 'કાળે' દંશ કરેલો હોય તેને પણ સજીવન કરે એવી તેની શકિત છે. એમ મ્હારૂં માનવું છે. તે સાંભળી હેમચંદ્ર બોલ્યો. નરશિરોમણે ! મ્હારા ઉપર કૃપા કરી મ્હારા મિત્રને સજીવન કરો. આપને હું લક્ષ સોનૈયા બક્ષિશમાં આપીશ. પછી ગારૂડિકે તૈયાર થઇ ઔષધિનું મૂળીયું જળ સાથે ઘસી શાંતિ માટે સુંદરના શરીરે સિંચન કર્યું કે તરતજ કઢાઇમાં તપાવેલા તેલ સમાન ધગધગતા જલના બિંદુઓથી સર્વ શરીરે હજારો ફોલ્લાઓ ફુટી નીકળ્યા તે જોઇ સર્વે લોકો આશ્ચર્ય પામ્યા. ઔષધિનો પ્રભાવ૦. ક્યાંઇ ચાલ્યો ગયો પણ ઉલટી તેના શરીરે અસહ્ય

વેદના વધી પડી. તે જોઇ ગારૂડિક બોલ્યો. આ વિષ મ્હારાથી ઉતરી શકે તેમ નથી અને આ સંબંધમાં મારી કોઈપણ પ્રકારની શક્તિ ચાલે તેમ નથી એમ કહી તે મંત્રવાદી ચાલ્યો ગયો.

વિષ ઉતારવાના પ્રયોગ.

ત્યારબાદ કોઈએક પુરૂષ એક કાર્પટિકને લઈ ત્યાં આવ્યો અને ક્ષેમચંદ્રની આગળ તેની મંત્રશક્તિનું બહુ વર્ણન કરી તેણે કહ્યું કે હું મ્હારા પુત્રને સાથે લઈ ગામ જતો હતો. અનુક્રમે માર્ગમાં મ્હારો પુત્ર ઘોડા ઉપરથી પેશાબ કરવા નીચે ઉતર્યો, તેવામાં તેના પગ તળે દબાવાથી સર્પે બહુ જોસથી ડંસ કર્યો. મારી દૃષ્ટિસમક્ષ ક્ષણમાત્રમાં વિષનો વેગ બહુ વધી પડવાથી તે પૃથ્વીપર પડી ગયો. મ્હેં લોકોને બોલાવવા માટે બહુ નાદ કર્યા પરંતુ શૂન્ય સ્થાનમાં કોઇ નહી હોવાથી હું એકાકી ટળવળતો હતો, મ્હારા ગુરૂની આજ્ઞા પ્રમાણે વિષ ઉતારવા માટે મ્હેં પણ ઘણા ઉપચાર કર્યા પરંતુ કંઇ ફાયદો થયો નહી એટલે હું પણ બહુ બેભાન બની ગયો. પછી મ્હેં જાણ્યું કે તે મરી ગયો. જેથી નગરમાં જઇ કેટલાક લોકોને હું બોલાવી આવ્યો. તે લોકો પણ મુડદાને બાળવા સંબંધી સર્વ સામગ્રી લઇ જલદી ત્યાં આવ્યા. ત્યારબાદ મુડદાને સ્મશાનમાં લઈ જવા માટે સુંદર પાલખી બાંધી અને પુષ્પાદિકથી બહુ શણગારી તેમાં શબને બેસારી વાજીંત્રોના નાદ સાથે તીર્થ સ્થાન પ્રત્યે અમે જતા હતા, તેવામાં વાજીંત્રોનો મરણ સૂચક વિશેષ નાદ સાંભળી કેટલાક મુસાફરો સાથે ચાલતા એવા કાર્પટિકે જાણ્યું કે અહો ? આ અનાથ જીવતા પ્રાણીને આ લોકો બાળી નાખશે તેથી તેણે પથિક જનોને કહ્યું કે તમે આ લોકોને ખબર આપો કે હું તે મુડદાને સજીવન કરીશ. તે સાંભળી પથિકે પોતાનો માણસ મોકલી અમે તેને બાળવાની તૈયારીમાં હતા તેવામાં

કહેવરાવ્યું કે ક્ષણમાત્ર તમે આમને આમજ વાટ જુઓ, તમ્હારી સમક્ષ કોઇ મંત્રવાદી અહીં આવીને આ વિષ ઉતારવાનો ઉપચાર કરશે. તે સાંભળી અમે બહુ વિસ્મય પામ્યા અને દહન ક્રિયાબંધ રાખી. ત્યારબાદ કાર્પટિક ત્યાં આવી મુડદાને જોઇ બોલ્યો, હે પથિક ? ત્હારી પાસે કંઇ ભાતુ છે ? પથિક બોલ્યો-હા ! દહીં તથા ભાતનો કરંબક તૈયાર છે, કાર્પટિક તે લઇ ખાઇ ગયો. તેથી તે વિષથી પીડાએલો તેનો પુત્ર તરતજ જેમ નિદ્રામાંથી જાગ્રત્ થાય તેવી રીતે એકદમ બેઠો થયો. પછી તે બહુ દુ:ખમાંથી ઉઠયો હતો તોપણ તેને વાજતે ગાજતે અમે તેની પાસે લઇ ગયા, કાર્પટિકના ચરણમાં મસ્તક નમાવી તેનો બહુ સત્કાર કર્યો, અને સમસ્ત પરિજન પાસે જે જે આભરણો પ્હેરેલાં હતાં તે સર્વ કાર્પટિકને બક્ષિસ તરીકે આપવામાં આવ્યાં, પથિકે કાર્પટિકને પૂછયું કે કરંબનું ભોજન તમે કર્યું અને વિષ તેનું ઉતરી ગયું તેનું શું કારણ ? આથી તેની પાસે ઉભેલા સમસ્ત લોકોએ સંમતિ આપી કે એનો પ્રશ્ન બરોબર છે. તે સાંભળી કાર્પટિકે વમન કરી કરંબકને બહાર કાઢયો તો હાલા હલવિષ સમાન નીલવર્ણનો તે દેખાવા લાગ્યો. તે જોઇ લોકો વિસ્મય પામ્યા અને કહેવા લાગ્યા કે અહો ? આપનો મહિમા અચિંત્ય છે. આપને નમસ્કાર, વળી આ પથિક પણ અમારો પરમ ઉપકારી છે એમ પોતાના હૃદયમાં નિશ્ચય કરી તે બન્ને જણાઓને બહુ સન્માન પૂર્વક હું મ્હારા ઘેર લઇ ગયો, ત્યારબાદ સુવર્ણ વસ્ત્રાદિક વસ્તુઓવડે બહુ સન્માન કરી પથિકને વિદાય કર્યો અને કાર્પટિકને કેટલાક દિવસ મ્હેં મ્હારા ઘેર રાખ્યો. હાલમાં તે પોતાના દેશમાં જવા માટે નીકળ્યો છે. અને હું પણ તેની સાથે અહીં આવ્યો છું. તે સાંભળી ક્ષેમચંદ્ર બોલ્યો, બહુ સારૂ કર્યું, પછી કાર્પટિકે પણ પ્રથમ કહ્યા પ્રમાણે ઉપચા-

રની યુક્તિ લગાવી પરંતુ વિષ સંબંધી કંઈપણ ફેરફાર થયો નહીં. તેથી કાર્પટિક પણ ઝાંખો પડી ચાલ્યો ગયો. આ પ્રમાણે વિષ ઉતારવાની જે જે ક્રિયાઓ કરી તે સર્વે નિષ્ફલ થઈ એટલુંજ નહી પણ ઉલટી વિપરીત થઈ પડી. તેથી કરીને બહુ ઉદ્વિગ્ન થઈ ક્ષેમચંદ્ર બેઠો હતો તેટલામાં કોઈક પુરૂષે ત્યાં આવી કહ્યું કે જેમની દૃષ્ટિ નાસિકા ઉપર સ્થિર રહેલી છે, જેમની અતિ સુકોમલ શરીરની કાંતિ દયાલુતાને સૂચવેછે, જેમના આસન તરફ લક્ષ્ય કરતાં પરમ યોગી હોય તેવા જણાય છે અને આંબાના ઝાડ નીચે બેઠેલા એવા એક મુનિમહારાજનાં મ્હને દર્શન થયાં છે. માટે આ તમ્હારા મિત્રને એમના ચરણમાં લઈ જાઓ અને તે મને પ્રાર્થના કરી કહો કે હે પરમ દયાલુ ? આને સર્પ ડસ્યો છે, તે સંબંધી અમે સર્વ ઉપાય કરી ચુકયા છીએ. હવે આપનુંજ શરણ છે. માટે એને સજીવન કરો. એ પ્રમાણે તે પુરૂષનું વચન માન્ય કરી સુંદરને પાલખીમાં બેસાડી મુનિપાસે લઈ ગયા, અને પ્રાર્થના કરી ક્ષેમચંદ્રે કહ્યું કે સ્વામિન્ ? આપતો દયા ધર્મનો ઉપદેશ આપો છો અને જૈન સિદ્ધાંતનો યથાર્થ સાર સારી રીતે જાણો છો માટે આ મ્હારા મિત્રને સજીવન કરો, એ પ્રમાણે ક્ષેમચંદ્રની પ્રાર્થના સાંભળી મુનિમહારાજ કંઈપણ હા ના બોલ્યા નહીં.

યક્ષવચન.

તેટલામાં કોઈ એક યક્ષ એક મનુષ્યના શરીરમાં પ્રવેશ કરી બોલ્યો કે મ્હારે રહેવાનું સ્થાન એક અશોક વૃક્ષ છે. તેની ડાળી એણે ગમ્મતમાં તોડી નાખી તેથી એના ઉપર ક્રોધાયમાન થઈ મ્હેં આ સર્પ દંશ વિગેરે સમસ્ત કાર્ય કર્યું છે. માટે હવે તમે બીજા ઉપાય છોડી દ્યો અને એના લલાટમાં મુનિના ચરણ રજનું તિલક કરો, જેથી તે વિના પ્રયાસે વિષની વેદનાથી વિમુક્ત થશે.

દર્શનોમાં ઇચ્છા રાખવી તે કાંક્ષા કહેવાય. તે કાંક્ષાને સમ્યક્ત્વધારી પ્રાણીઓએ અતિ દૂરથી ત્યજવી જોઇએ. અમૂલ્ય રત્નલાભ થયા બાદ કાચમણિની કોણ ઇચ્છા કરે ? વિગેરે વિસ્તાર સહિત સમ્યક્ત્વમૂલ જીનધર્મની વ્યાખ્યા શ્રવણ કર્યા બાદ ક્ષેમચંદ્ર શ્રેષ્ઠી તથા સુંદર પ્રમુખ લોકોએ મુનીંદ્રના ચરણ સમક્ષ વિધિપૂર્વક સમ્યક્ત્વવ્રત ગ્રહણ કરી મિથ્યાત્વનો ત્યાગ કર્યો. ત્યારબાદ તેઓ મુનિને નમસ્કાર કરી પોતપોતાને ઘેર ગયા અને અતિચાર રહિત સમ્યક્ત્વ પાળવામાં બહુ આદર યુક્ત થયા.

સુંદરનો—અસદાગ્રહ.

એક દિવસે સુંદર ચંચલ સ્વભાવને લીધે કૌતુક જોવાની ઇચ્છાથી ભિક્ષુકોના મઠમાં ગયો. ત્યાં તે લોકોની ધર્મચર્ચા ચાલતી હતી. પોતે પણ તે સાંભળવા બેઠો. તે વાત ક્ષેમચંદ્રના સાંભળવામાં આવી, તેથી તેણે બહુ સમજાવી તેને કહ્યું કે આપણે મિથ્યાત્વિઓના મઠમાં જવું યોગ્ય નથી. તે સાંભળી સુંદર તેનું અપમાન કરી બોલ્યો કે આ લોકો પણ 'જ્ઞાનધ્યાન એ મોક્ષનું સાધન છે' એમ કહે છે તેમાં શું ખોટું છે ? ક્ષેમચંદ્ર બોલ્યો કે જેઓ ઇંદ્રિયોને આધીન થઇ વર્તે છે, તેઓનું જ્ઞાનધ્યાન હાથીના સ્નાન સમાન વૃથા ગણાય છે. વળી તેઓનો ઉપદેશ નીચે પ્રમાણે પ્રસિદ્ધ છે—

મનોજ્ઞં ભોજનં ભુક્ત્વા, મનોજ્ઞં શયનાસનમ્ ।
મનોજ્ઞેષુ અગારેષુ, મનોજ્ઞં ધ્યાયતિ મુનિઃ ॥

અર્થ—"મુનિએ સુંદર ભોજન કરવું, મનોહર શયન તથા આસન ભોગવવાં, સુંદર આવાસોમાં રહેવું અને સુંદર આનંદદાયક ધ્યાન કરવું, એજ મોક્ષનું સાધન છે." વળી અન્યત્ર પણ કહ્યું છે કે—

मृद्वीशय्या प्रातरुत्थाय पेया, मध्ये भक्तं पानकं चापराह्णे ।
द्राक्षाखण्डं शर्करा चार्द्धरात्रे, मोक्षश्चान्ते शाक्यपुत्रेण दृष्टः ॥

અર્થ—" સુવા માટે સુકોમળ શય્યા, પ્રભાતમાં ઉઠ્યા કે તરતજ સ્વાદિષ્ટ દુગ્ધપાન, મધ્યાન્હ સમયે મધુર ભોજન, તેમજ અપરાન્હકાલમાં ફરીથી દુગ્ધપાન અને અર્ધરાત્રિએ દ્રાક્ષ તથા સાકરનું સેવન કરવાથી પરિણામે મોક્ષ થાય છે, " એ પ્રમાણે બૌદ્ધનું માનવું છે. માટે હે મિત્ર ! આ પ્રમાણે વિપરીત આચરણ કરવું તે નદીના સ્હામાપુરે ચાલવા જેવું છે. વળી તેમ કરવાથી સંસાર વૃદ્ધિ પામે છે, અને બહુ દુઃખ પરંપરાનું તે મુખ્ય કારણ બને છે. જ્યારે ઇંદ્રિયોનો અધિકાર પોતાના કબજામાં હોય ત્યારેજ જ્ઞાન અને ચારિત્ર સફલ થાય છે. માટે હે મિત્ર ! તું બ્રાંત થઇને સોનું અને પિત્તળને સરખાભાવે ગણે છે. વૈડૂર્યમણિ તથા કાચનો કકડો બન્ને સમાન છે. એમ જ્યારે તું બોલીશ ત્યારે લોકો ત્હારૂં ઉપહાસ્ય કરવામાં બાકી રાખશે નહીં. એ પ્રમાણે બહુ યુક્તિપુરઃસર ક્ષેમચંદ્રે સુંદરને બહુ સમજાવ્યો, પરંતુ ભવિતવ્યતાને લીધે તેણે ભિન્ન ભિન્ન દર્શનોનો અસદાગ્રહ છોડ્યો નહીં.

નવીન આકાંક્ષાનું દૃષ્ટાંત.

એક દિવસ સુંદરને સાથે લઇ ક્ષેમચંદ્ર સૂરીશ્વરની પાસે ગયો. વિનયપૂર્વક વંદન કરી બન્ને ઉચિતસ્થાને અંજલિ જોડી બેઠા. ક્ષેમચંદ્રે સૂરીશ્વરને પ્રથમથી સુંદરનું વૃત્તાંત સવિસ્તર જણાવેલું હતું, તેથી સૂરીશ્વરે ધર્મ દેશનાનો પ્રારંભ કર્યો. પ્રસ્તુત વિષય ઉપર આકાંક્ષાના બહુ દોષ વર્ણવ્યા, બાદ એક દૃષ્ટાંત કહ્યું તે નીચે પ્રમાણે—સારા આચારવાળા બૃહસ્પતિવડે શોભાયમાન, તેમજ દેવોવડે હૃદયને સંતોષદાયક

અને ઇંદ્રે રક્ષણ કરેલા એવા સ્વર્ગની માફક વ્રતાદિક આચારોમાં પ્રવીણ, પ્રજાઓથી વિભૂષિત, વિવિધ શાસ્ત્રવાદી પંડિતોવડે મનોહર અને પૃથ્વીપતિઓ જેમાં રહેલા છે એવું લક્ષ્મીથી ભરપુર ગજપુર નામે નગર છે. તેમાં ઉદ્ધત શત્રુરૂપી પતંગીઆઓને નાશ કરવામાં અગ્નિ સમાન અને યાચકોના દારિદ્રયરૂપી કાષ્ઠને બાળવામાં દાવાનલ સમાન ભૂપતિ નામે બહુ સમર્થ રાજા હતો. હવે ભુજા માત્ર જેનું બળ હતું એવો કેતક દેશનો કોઇએક સુભટ ત્યાં આવ્યો. રાજાને પ્રણામ કરી તેણે સેવા માટે રહેવાની ઇચ્છા બતાવી. ભૂપતિના પૂછવાથી દરેક વર્ષે લાખ સોનૈયાની તેણે માગણી કરી. ભૂપતિએ પૂછયું કે ત્હમારામાં કોઇ પ્રકારની તેવી શક્તિ છે ? સુભટ બોલ્યો, કોઈપણ શક્તિ તો નથી, પરંતુ મ્હારા પુણ્યની સ્થિતિ સારી છે. અન્યથા આપનાં દર્શન થાય નહીં. ત્યારબાદ તેનો ખડ્ગધારી પુરૂષ ભૂપતિને પ્રણામ કરી બોલ્યો કે રાજન્ ! સમસ્ત ગુણોના આધારભૂત એવા આ મ્હારા સ્વામિની જે બે શક્તિઓ સ્ફુરે છે તે અન્ય જનોને બહુ દુર્લભ છે. એક તો સંગ્રામભૂમિમાં મ્હારા સ્વામી કોઇપણ સમયે હારે નહીં; તેમજ બીજું તેમનું અપૂર્વ બુદ્ધિબળ એવું છે કે ગમે તેવા વિરોધી શત્રુને પણ ક્ષણમાત્રમાં પ્રસન્ન કરે છે. તે સાંભળી ભૂપતિ નરેંદ્ર બહુ ખુશી થયો અને તેના તાબામાં કેટલુંક સૈન્ય સોંપ્યું. ત્યાર બાદ કેટલાક દિવસે રાજાએ તેની પરીક્ષા જોવા માટે જેનો વાસ વિંધ્યાચલના વિષમ પ્રદેશમાં રહેલો છે, જેની સેવામાં સેંકડો અતિ શૂરવીર અને નિખાલસ સેવકો કામ કરી રહ્યા છે, તેમજ અનેક રણસંગ્રામોમાં જેણે વિજય મેળવ્યો છે, એવા સમરવીર નામે પલ્લીપતિને જીતવા માટે તે સુભટને મોકલ્યો. રાજાની આજ્ઞા પ્રમાણે સુભટે પણ પોતાના સીમાડામાં જઇ પડાવ કર્યો, અને પોતાના દૂતને પલ્લીપતિ પાસે મોકલીને જણાવ્યું કે ભૂપતિ રાજાએ

સૌભટ નામે સુભટને તમારી ઉપર મોકલ્યો છે. માટે જો તમ્હે તમ્હારા આત્માનું હિત ઇચ્છતા હો તો તેમની સેવા સ્વીકારો, નહીંતો યુદ્ધ કરવા માટે તૈયાર થાઓ. એ પ્રમાણે દૂતનું બોલવું સાંભળી પલ્લીપતિ બોલ્યો, તું દૂત છે એમ જાણી હું ત્હારી જીભ ખંડિત કરતો નથી. પરંતુ ત્યાં જઇ ત્હારા સૌભટને સમાચાર આપ કે હું યુદ્ધ કરવા તૈયાર છું, વળી જો ત્હારે મૃત્યુના મુખમાં પ્રવેશ કરવાની ઇચ્છા હોય તો દશ દિવસ ત્યાં રહીને તું વાટ જો અને શું થાય છે તેનો તપાસ કર. આ પ્રમાણે ધિક્કાર પામેલા દૂતે ત્યાં જઇ સૌભટને સર્વ સમાચાર આપ્યા. તેથી ક્રોધાતુર થઇ સૌભટ યુદ્ધની તૈયારી ઉપર ચાલ્યો. સૈન્ય સહિત પલ્લીપતિ પણ સ્હામો આવ્યો, બન્ને સૈન્ય તૈયાર થઇ એકઠાં થયાં. સૌભટે પોતાના સૈનિકોને કહ્યું કે તમારી ઉપર શત્રુઓનો પ્રહાર ન થઇ શકે તેવી રીતે તમ્હારે મ્હારી પાછળ સાવધાન થઇ એક સરખા લાઇનમાં ઉભા રહેવું, આ પ્રમાણે સૌભટની ગોઠવણી જોઇ પલ્લીપતિએ વિચાર કર્યો કે આ સૌભટ એકલોજ છે, પણ એની સાથે સૈન્ય જણાતું નથી. એમ જાણી તેણે સૌભટને કહ્યું કે તું એકલો શું કરવાનો છે ? માટે શસ્ત્ર છોડી દે, હજુપણ હું ત્હારી રક્ષા કરીશ. સૌભટ બોલ્યો. હું જ્યારે રૂષ્ટ થઇશ ત્યારે ત્હારા પોતાના પ્રાણ પણ ત્હારે બચાવવા મુશ્કેલ થઇ પડશે. મ્હારાં જેવા સિંહની આગળ ત્હારા જેવા શિઆળીઆઓની શી ગણતરી ? આ પ્રમાણે તેનાં ઉદ્ધતાઇ ભરેલાં વચન સાંભળી પ્રચંડ ક્રોધાતુર થઇ સૈન્ય સહિત પલ્લીપતિ ક્ષાત્રધર્મનો ત્યાગ કરી એક સાથે એકલા સૌભટની ઉપર અનેક શસ્ત્રોના પ્રહાર કરવા તુટી પડયો. પરંતુ જેઓએ જે શસ્ત્રો સૌભટને માર્યાં હતાં તે સર્વે તેના શરીરમાંથી નીકળી તેઓનાજ શરીરમાં પ્રવેશ કરી બહુ દુઃખદાયક થયાં. તેથી પલ્લીપતિના સૈન્યમાં હાહાકાર થઇ રહ્યો. આ પ્રમાણે પોતાના

શસ્ત્રોથી ક્ષીણ થએલું પલ્લીપતિનું સઘળું સૈન્ય જીવ લઈ નાસી ગયું. ત્યારબાદ સૌભટના કેટલાક સૈનિકો પલ્લીપતિને ઉપાડીને પોતાના સૈન્યમાં લઇ ગયા, અને સૌભટે પોતે પલ્લીપતિના સ્થાનમાં જઈ તપાસ કરી સર્વ શસ્ત્ર, આભૂષણ તથા હાથી ઘોડા વિગેરે ઉત્તમ વાહનાદિક સર્વસ્વ તેનું લઈ લીધું. પછી તૈલાદિક મર્દનના ઉપચારથી પલ્લીપતિનું શરીર સજ્જ કર્યું, અનુક્રમે તે સારીરીતે સ્વસ્થ થયો એટલે સૌભટે સર્વ સંપત્તિ સહિત પલ્લીપતિને ભૂપતિ પાસે મોકલ્યો, તે પણ ભૂપતિને નમસ્કાર કરી વિનયપૂર્વક બોલ્યો કે સ્વામીન્! મ્હારા ઉપર આપની શી આજ્ઞા છે? ભૂપતિએ તેજ સમયે તેને ભૃત્યની જગોએ સ્થાપન કર્યો. ત્યારબાદ સૌભટને બોલાવી રાજાએ ખુશી થઇ અનેક પ્રકારનો સત્કાર કર્યો. પછી ચમત્કારી એવા તે યુદ્ધનું વૃત્તાંત સાંભળી વિસ્મય પામેલા રાજાએ પ્રશ્ન કર્યો કે આવી અદ્ભુત શક્તિ હેં કેવી રીતે મેળવી? સૌભટ બોલ્યો—પ્રભો! સંગ્રામોદ્ભામરી (સંગ્રામમાં જય આપનારી) નામે મહાપ્રભાવશાળી વિદ્યા છે. અને તે વિદ્યા જયંત નામે યોગીએ મ્હને આપી છે. મ્હેં વિધિપૂર્વક તેની સાધના કરી સિદ્ધ કરી છે. માટે તે વિદ્યાનો આ પ્રભાવ છે. તે સાંભળી રાજા વિચાર કરવા લાગ્યો કે એણે સંગ્રામમાં તો ઉત્તમ પ્રકારે વિજય મેળવ્યો, હવે તેની બુદ્ધિનો પ્રભાવ જાણવો જોઈએ, એમ જાણી એક દિવસે રાજાએ તેને બોલાવીને એક [illegible] હાથીઓ ભેટ તરીકે આપવા ઉજ્જયિનીના રાજા પાસે મોકલ્યો અને વિદાયમાં કહ્યું કે હે સૌભટ? બહુ દૂરદેશ હોવાથી [illegible] નરેન્દ્રની સાથે આપણો. પ્રેમ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે તેમ કરજો. વળી આપણે તેમની સાથે વિરોધનું કંઈપણ કારણ નથી. [illegible] તે અને આપણે જો પોતાને બહુમાન્ય તરીકે ગણીએ તો તેઓ [illegible] [illegible] વેર વધવા જેવું થાય, માટે સરલ બુદ્ધિથી [illegible]

નખની માફક અન્યો અન્ય પ્રીતિ રહે તેમ કરવું. જેવી આજ્ઞા ! એમ કહી સૌભટ ત્યાંથી વિદાયગિરી લઇ ચાલતો થયો, અને અનુક્રમે ઉજ્જયિનીમાં ગયા બાદ તે રાજદ્વારમાં ગયો. દ્વારપાળની આજ્ઞાથી રાજસભામાં પ્રવેશ કર્યો અને પોતાના અધિપતિએ આપેલો ડાબડો રાજાની આગળ ભેટ મૂકી નમસ્કાર કરી રાજાની આજ્ઞાથી યોગ્ય આસનપર બેઠો. ત્યારબાદ રાજાએ ડાબડાનું સીલ તોડયું એટલે અંદરથી બીજી એક ડબ્બી નીકળી. તેને ખુલ્લી કરી જોયું તો અંદર વિભૂતિ (ભસ્મ) જોઇ. રાજા વિચારમાં પડયો, અને ક્ષણમાત્રમાં તેની ભ્રકુટી ભયંકર થઇ ગઇ, નેત્ર લાલ થઇ ગયાં તેમજ તેણે જાણ્યું કે જરૂર દર્પાંધ થઇ તે દુષ્ટે આ મ્હારો તિરસ્કાર કર્યો છે. માટે તે રાજાને અને તેની આજ્ઞામાં વર્ત્તનાર આ દુષ્ટ દૂતને પણ આનું ફળ બતાવીશ. ત્યારબાદ ડબ્બીમાંથી ભસ્મ લઇ દૂતને બતાવી અને તે બોલ્યો કે હે દૂત ! આ શું ભેટનું લક્ષણ ? સૌભટ બોલ્યો, સ્વામિન્! અમ્હારા રાજાએ લક્ષહોમ કરાવ્યો છે. અને તેના પુણ્યના વિભાગ માટે આપની ઉપર આ વિભૂતિ મોકલી છે. આ પ્રમાણે દૂતનું વચન સત્ય માની મહેંદ્રરાજનું હૃદય તેના પહેલાજ ઉપચારથી પીગળી ગયું અને તરતજ રાજાએ તેને પોતાના આસન ઉપર બેસાડી તેની પીઠ ઉપર હસ્તસ્પર્શ કરી કહ્યું કે હે નરરત્ન ! મ્હારો પ્રિયમિત્ર ભૂપતિ રાજા ખુશી આનંદમાં છે ? સુભટ બોલ્યો, તેમને સદાકાળ આનંદજ વર્ત્તે છે, વળી હાલમાં તો આપના અધિક સ્નેહથી તેમને અધિક આનંદ વર્ત્તે છે. વિગેરે બહુ પ્રેમથી વાર્ત્તા પ્રસંગ ચલાવ્યો. રાજાએ કેટલાક દિવસ સૌભટને પોતાને ત્યાં રાખ્યો ત્યારબાદ વસ્ત્ર, અલંકાર અને અશ્વ વિગેરે તુષ્ટિદાન આપી પોતાના પ્રધાન પુરૂષની સાથે બે ઉત્તમ હાથી, અમૂલ્ય રત્ન તથા અલંકાર ભૂપતિ રાજાને ભેટ વાસ્તે આપીને

વિશેષમાં રાજા ઉપર સમાચાર કહેવરાવ્યા કે આ દેશ, ખજાનો તેમજ સર્વ સૈન્ય વિગેરે તમ્હારૂંજ છે એમ જાણી કાર્યપ્રસંગે તે સર્વનો તમ્હારે ઉપયોગ કરવો, એ પ્રમાણે સમાચાર કહીને મહેંદ્ર રાજ નૃપતિએ તે સૌભટને વિદાય કર્યો. અનુક્રમે તે ગજપુરમાં જઈ પહોંચ્યો. હવે ભૂપતિ રાજાએ સૌભટની સાથે જે પોતાનો ખાસ વિશ્વાસુ ચર મોકલ્યો હતો તેણે પ્રથમ આવીને જે પ્રમાણે સર્વ વૃત્તાંત રાજાને નિવેદન કર્યું હતું, તેજ પ્રમાણે મહેંદ્રરાજના પ્રધાન પુરૂષ સહિત સૌભટે પણ વિનયપૂર્વક રાજાને પ્રણામકરી ઉચિતાસને બેસી પોતાના સમાચાર કહ્યા, અને ઉજ્જયિનીના પ્રધાને પણ પોતાના સ્વામિ તરફથી ભેટ મૂકી મહેંદ્રરાજના કુશલ સમાચાર કહ્યા. પછી તે રાજાએ મોકલેલી ભેટ સ્વીકારી તેના પ્રધાનનો સત્કાર કરી ફરીથી રાજા ઉપર સામી ભેટ મોકલી પ્રધાનને વિદાય કર્યો. ત્યારબાદ સર્વત્ર વિજયવાન્, સમસ્ત રાજાઓને પોતાની આજ્ઞા મનાવતો, સર્વ જનોવડે નમસ્કાર કરાતો, તેમજ સર્વત્ર અસ્ખલિત આજ્ઞા પ્રવર્ત્તાવતો ભૂપતિરાજા નીતિપૂર્વક રાજસંપત્તિ ભોગવવા લાગ્યો.

કુબેરરાજા.

ત્યારબાદ ભૂપતિ નરેંદ્રનો પરંપરાગત શત્રુ અને બહુ ક્ષુદ્ર બુદ્ધિવાળો કુબેર નામે રાજા અરિંજીત નામે નગરીમાં રાજ્ય કરતો હતો, તેની સાથે આ સૌભટે ગુપ્ત રીતે મૈત્રીભાવ કર્યો. અનુક્રમે પરસ્પર સ્નેહનો વહીવટ ચાલુ થયો. પ્રચ્છન્ન રીતે સૌભટ તે રાજાની સેવા કરે છે અને રાજા પણ સૌભટની સેવાના બદલામાં ગુપ્ત સન્માન કરે છે. વળી ભૂપાલ નરેંદ્રનું કોઈપણ કાર્ય મારાથી બગડે નહિ એવી બુદ્ધિથી તે સૌભટ કુબેર તરફની ભેટ વિગેરેનો સ્વીકાર કરે છે. તેમજ તેણે જાણ્યું કે આ કુબેરનૃપતિ મ્હોટો રાજા છે તો તેને અનુસરવાથી તેપણ કોઈક વખતે સહા-

થઇ થાય, કારણકે મ્હોટાઓની સેવા કોઈપણ સમયે નિષ્ફલ થતી નથી. ત્યારબાદ કેટલીક સમય જતાં ભૂપતિ રાજાના જાણુવામાં તે વાત આવી. તેથી રાજાએ વિચાર કર્યો કે આ સોભટ પણો ઉદ્ધત અને સ્વતંત્ર થઇ ગયો છે, માટે તેને દબાવી દેવો એજ ઉચિત છે, નહિતો કોઇક વખતે આપણને તે નુકશાન કર્યા સિવાય રહેશે નહીં. એમ જાણી તેણે તેને વિષ ખવરાવ્યું તેથી તે સોભટ તત્કાળ મરણ પામ્યો. આ પ્રમાણે સોભટની આકાંક્ષા ફક્ત એકજ પ્રતિપક્ષ ઉપર હતી તોપણ તે તેને દારૂણ દુઃખદાયક નીવડી, તો અનેક પ્રતિપક્ષ સંબંધી આકાંક્ષા શું ન કરે ? માટે હે સુંદર ! દૃઢ સમ્યક્ત્વ ધારણ કરી તું અનંત મોક્ષસુખનો ભોગી થા. આકાંક્ષાના આધીન થવાથી વારંવાર ત્હારે સંસારવનમાં ભ્રમણ કરવું પડશે. આ પ્રમાણે મુનીંદ્રની દેશના સાંભળીને ત્યાં બહુ પ્રાણીઓ પ્રતિબોધ પામ્યા. છતાં સુંદરે વિચાર કર્યો કે આ મુનિ આ પ્રમાણે બોલીને કંઇને નકામો શા માટે સૂકાવે છે ? મ્હારે તો સર્વ પ્રાણીઓ સંમત અને પૂજનીય છે, એવી બુદ્ધિથી સુંદર વણિક્ મરણ પામી સંસારરૂપી અટવીમાં ભ્રમવા લાગ્યો. વળી પ્રેમચંદ્ર વિધિપૂર્વક નિરતિચાર સમ્યક્ત્વ પાળી સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયો. અને તેણે અનુક્રમે મોક્ષસુખ પણ મેળવ્યું.

॥ इत्याकांक्षायां सुंदरकथानकं समाप्तम् ॥



भास्कर ब्राह्मणनी कथा.

વિચિકિત્સાતિચાર.

દાનવીર્યરાજા—જગત્પતે ! મુનિનિંદા તેમજ જૈનધર્મની શંકા કરવાથી પ્રાણીની શી ગતિ થાય ?

શ્રી સુપાર્શ્વપ્રભુ—રાજન્! સાધુઓની નિંદાથી અને સ્તંભમાં પડવાથી શું ફળ થાય? તેવી શંકા કરવાથી ભાસ્કરદેવની માફક અનેક પ્રકારનાં દુઃખ પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે— હે રાજેન્દ્ર! આ ભરતક્ષેત્રમાં વિશાલ નેત્રોવડે વિભૂષિત અને [illegible] રચનાથી મનોહર, કામિનીના મુખ સમાન સુંદર તેમજ અનેક વૃક્ષાદિકની પંક્તિઓથી રમણીય અને બહુ સુખકારક [illegible] ચોટાં, ત્રિક વિગેરે સ્થાનોવડે વિરાજીત ત્રિપુર નામે નગર છે. તેની અંદર શાંતિક્રિયાઓમાં સર્વથા કુશળ [illegible] અથવા ગૃહક્રિયામાં પ્રીતિવાળો અને સ્વેચ્છાચારી છતાં [illegible] એટલે ઉત્તમ આચારવાળી છે વશા-સ્ત્રી જેની [illegible] અતિ દક્ષ વિશ્વભૂતિ નામે બ્રાહ્મણ હતો. [illegible] ધાન્ય સંપત્તિની સરણી સમાન, તેમજ [illegible] બહુ ભક્તિવાળી છતાં પણ ભર્તાને નહીં અનુકૂળ [illegible] નામે તેની સ્ત્રી હતી. તેઓને ભાસ્કર અને [illegible] બે પુત્ર હતા. નવીન યૌવનદશાને અનુભવતા [illegible] વિગેરે મનોહર પ્રદેશોમાં નિરંતર ક્રીડા [illegible] વસંતઋતુ શરૂ થવાથી [illegible]

[illegible]

ની નજીક આવી અને ધ્યાનપૂર્વક તેણીએ પૂછયું કે આવા કાંતિમય શરીરથી કામદેવનું હાસ્ય કરતા એવા તમે કોણ છો ? અને આવી મોહદશામાં કેમ આવી પડ્યા છો ? તેમજ અચેતન થવાનું શું કારણ ? તેઓ બોલ્યા, કોઇ સમયે નહીં દેખેલું એવું આ ત્હારૂં અદ્‌ભુત સ્વરૂપ જોઇ અમે એકાગ્રચિત્તથી ત્હને જોયા કરીએ છીએ. એમ તેઓનો વિકારયુક્ત પ્રત્યુત્તર સાંભળી મૃગ સમાન વિશાલ નેત્રવાળી તે યુવતિ તેઓનાં હૃદય હરવા માટે કમળ વીણવા ધીમી ધીમી ગતિથી ચાલી ગઈ. તેથી તે બન્ને તેની ઉપર કોપાયમાન થયા હોય ને શું ! તેમ ઉતાવળથી તેની પાછળ પાછળ ચાલવા લાગ્યા. સુંદર ગમન કરતી તે યુવતિ ક્ષણમાત્રમાં તેઓની દૃષ્ટિ ચુકાવી એક લતામંડપમાં સંતાઇ ગઈ. તેથી તેઓ પણ બેભાન બની ભ્રમિત મનથી તે દિશાને અનુસારે ચાલવા લાગ્યા. આમતેમ તેણીની શોધમાં તેઓ ફરતા હતા તેટલામાં આગળ જતાં મૂર્ત્તિમાન્ કામદેવ સમાન એક મુનિ મહારાજ તેઓના જોવામાં આવ્યા. એટલે તેઓના હૃદયમાંથી વિષયવાસના તત્કાલ પલાયન થઇ ગઈ. કારણકે સિંહની આગળ મૃગલાઓનો સંભવ અશક્ય હોય છે. ત્યારબાદ તેઓ ગુરૂભક્તિવડે મુનિના ચરણ કમલમાં વંદન કરી ભ્રમરની માફક ત્યાં બેસી પ્રમોદપૂર્વક દેશનારૂપી મિષ્ટરસનું પાન કરવા લાગ્યા. ધર્મદેશના પૂર્ણ થયા બાદ મસ્તકે હાથ જોડી ભાનુ બોલ્યો, “ ભગવન્ ! આપનો આ દેહ પણ રાજચિન્હોથી પ્રથમ વિભૂષિત હોય તેમ દેખાય છે. એટલે ઉત્તમ રાજલક્ષ્મીનો અનાદર કરી આપે દીક્ષા ગ્રહણ કરી છે એમ મ્હારૂં માનવું છે. વળી પ્રમદાઓને પ્રાર્થના કરવા યોગ્ય અદ્‌ભુત યૌવન વયમાં આપને વૈરાગ્ય થવાનું કારણ શું ? મુનિ બોલ્યા, હે ભવ્ય ! સમગ્ર આ ભવસ્વરૂપ કેવલ દુઃખરૂપ હોવા છતાં માત્ર અજ્ઞાની જનોને

રમણીય લાગે છે. હે ભદ્ર! વિચાર કરવાથી આ દુનીયાના સમસ્ત પદાર્થો વિવેકી જનોને વૈરાગ્યજનકજ ભાસે છે. કહ્યું છે કે—

अज्ञस्य सुखदुःखाभ्यां, भिन्ना वृत्तिः प्रकाशते ।
विवेकिनस्तु संसारे, दुःखमेव हि केवलम् ॥
सर्वं हेममयं यद्वत्, पश्यत्युन्मत्तकेऽशिते ।
तद्वदज्ञानसंभ्रान्तो--भवेऽपि सुखमीक्षते ॥

અર્થ—" અજ્ઞાની પુરૂષને સુખ અને દુઃખથી ભિન્નવૃત્તિ ભાસે છે. પરંતુ વિવેકી પુરૂષને તો આ સંસારમાં કેવલ દુઃખજ દેખાય છે. જેમ ધત્તૂરાના રસનું પાન કરવાથી ઉન્મત્ત થએલાની દૃષ્ટિએ સર્વ વસ્તુ સુવર્ણમય દેખાય છે, તેમ અજ્ઞાનથી ભ્રાંત થએલો માણુસ પણ સંસારમાં સર્વત્ર સુખ માને છે." હે ભદ્ર ! મ્હારા વૈરાગ્યનું કારણ તો વિશેષે કરીને મ્હારી સ્ત્રી થએલી છે. તે સાંભળી ભાનુ બોલ્યો, મુનીંદ્ર ! તેમ થવાનું શું કારણ ! ત્યારબાદ મુનિ પણ પોતાનું વૃત્તાંત કહેવા લાગ્યા.

મુનિ વૃત્તાંત.

આ ભરતક્ષેત્રમાં દુર્ગાંગ (પાર્વતીનું અંગ=કિલ્લો અને રાજ્યનાં સાત અંગ) વડે સંયુક્ત, ભૂતિ (ભસ્મ=સંપદાઓ) થી સુશોભિત, શંકરના સ્વરૂપ સમાન સમસ્ત નગરોમાં મુખ્યતાને ધારણ કરતું શૌર્યપુર નામે નગર છે, તેની અંદર પ્રતાપમાં સૂર્ય સમાન છે છતાં પ્રચંડ કર (કીરણ–વેરો) ગ્રહણ કરતો નથી, વળી કીર્ત્તિમાં ચંદ્ર સમાન છે છતાં પણ મદરૂપી કલંકથી વિમુક્ત એવો ધર્મમાં દૃઢ શ્રદ્ધાળુ દૃઢધર્મ નામે રાજા રાજ્ય કરે છે અને ગુણસુંદરી નામે તેની ભાર્યા છે. તેઓને ગુણરાજ નામે એક પુત્ર થયો. અનુક્રમે તે યુવાન થયો. તેવામાં વસંતપુર નગરમાં ઈશાનચંદ્ર રાજાની કનકવતી નામે પુત્રીનો સ્વયંવર થતો હતો, ત્યાં પોતાના

કેટલાક સુભટો સહિત તે ગુણરાજકુમાર ગયો. બાદ રાજા તરફથી મળેલા આવાસમાં ઉતારો કરી સ્વયંવર મંડપમાં તે દાખલ થયો. તે પ્રસંગે ઉત્તમ શણગાર સજી બહુ ગુણવંત અન્ય રાજકુમારો પણ પોતપોતાના ઉત્સાહપૂર્વક ત્યાં હાજર થયા હતા, ત્યાર બાદ યોગ્ય પરિવાર સહિત ઇશાનચંદ્ર રાજા પણ પોતાને ઉચિત દિશામાં યોગ્ય આસન ઉપર વિરાજમાન થયો હતો. તેટલામાં નરેંદ્રની આજ્ઞાથી ધાત્રી તથા પ્રતિહારી સહિત કનકવતી કન્યા પણ ત્યાં આવી અને પિતાના ચરણકમલની નજીકમાં બેઠી. તત્કાલ કનકવતીએ વક્ર પ્રસરતા કટાક્ષરૂપી દોરીવડે ગુણરાજને બાંધી પોતાના હૃદયમાં સ્થિર કર્યો. વળી કુમારે પણ કનકવતી તરફ દૃષ્ટિ અને મન જવાથી તેનું ચેષ્ટિત જોઈ લીધું અને જાણ્યું કે આ કન્યા મ્હારા વિષે અનુરક્ત છે. કારણકે સ્નિગ્ધ અને મધુર દૃષ્ટિ, મંદ ગતિ અને અધિક અંગ વિમોટન વિગેરે સમગ્ર ચેષ્ટાઓ સ્ત્રીઓના સ્નેહને સૂચવે છે. હવે જેટલામાં પ્રતિહારી ઉભી થઇ નામ, ગોત્રાદિકના ઉચ્ચારપૂર્વક રાજકુમારોની પ્રશંસા કરવા લાગી, તેટલામાં કનકવતી પોતાના માતા પિતાની આગળ કંઈક નેત્ર મીંચી પોતાના શરીરે અસ્વસ્થપણું બતાવી પોતાના આવાસમાં ચાલી ગઈ. અકસ્માત્ કુમારીને શૂલનો ઉપદ્રવ થયો છે એમ જાણી તેની માતા વિગેરે સર્વે લોકો ઔષધાદિક ઉપચાર કરવા લાગ્યા. ત્યારબાદ રાજા મંડપની અંદર ઉભો થઇ સર્વે રાજકુમારોને હાથ જોડી કહેવા લાગ્યો કે હાલ અમારી કુમારીનું શરીર માંદગીમાં આવી પડયું છે, તેથી કૃપા કરી આપ સર્વે પોતપોતાના મુકામે પધારો. તમ્હારા અને અમ્હારા પુણ્યથી જો સારૂં થાય તો આ સ્વયંવરનો સમારંભ સફલ થાય. રાજન્! 'સર્વ સારૂં થશે' એમ કહી રાજકુમારો સ્વયંવર મંડપમાંથી પોતાના આવાસમાં ગયા. અને રાજા પણ પોતાના સ્થાનમાં ગયો.

કનકવતીનો સંદેશો.

ત્યારબાદ પોતાનો ખાનગી દૂત મોકલી મધ્યવયની પોતાની સખીને બોલાવી સંધ્યા સમયે કનકવતીએ ગુણરાજ પાસે ગુપ્ત રીતે મોકલી. તે સખીએ ત્યાં જઈ કુમારીની ચિત્રેલી છબી ગુણરાજના હસ્તમાં મૂકી. ચિત્ર જોઈ ગુણરાજે જાણ્યું કે આ કુમારી વિરહાતુર થઈ બહુ દુઃખમાં આવી પડી છે. તે પ્રસંગે સખીએ જણાવ્યું, હે સુભગ! અમૃતમય શરીરવાળો તું કુમારીના હૃદયમાં સ્થિર થયો છે. તે અમૃત તેણીના હૃદયને બહુ બાળે છે. માટે અમૃતમાંથી વિષ પ્રગટ થયું છે. વળી હે કુમારેંદ્ર! અતિ નિર્મલ, મ્હોટા ગુણોનો આશ્રયભૂત, અમૂલ્ય અને ગોળાકાર મૌક્તિક રત્નોનો આ હાર પોતાના હૃદય સમાન જાણી કુમારીએ આપના માટે મોકલ્યો છે. તે આપ પોતાના વક્ષઃસ્થલમાં ધારણ કરો. એમ તેના કહેવાથી કુમારે તે પ્રમાણે હારનો સ્વીકાર કરી તેના ઉપર બહુ પ્રસન્ન થઈ અમૂલ્ય પોતાનાં સર્વાંગ આભરણો કુમારી માટે અર્પણ કર્યાં. ત્યારબાદ સખી બોલી, કુમારેંદ્ર! મ્હારે એકાંતમાં આપને કંઈક વાત કરવાની છે. તત્કાલ કુમારની દૃષ્ટિથી પ્રેરાએલા આજુબાજુના લોકો ઉઠી ગયા. પછી સખીએ કુમારને વિનતિ કરી કહ્યું કે કનકવતી આપને એમ જણાવે છે કે હે નાથ! મ્હારૂં જીવન આપને આધીન છે. પરંતુ મ્હારા મંદ ભાગ્યને લીધે હાલમાં ભોગકર્મનો અંતરાય હોવાથી આપના સંયોગમાં તે વિઘ્નભૂત થાય છે. માટે જ્યારે તે ભોગના અંતરાયનું કારણ દૂર થશે ત્યારે કેટલાક દિવસ પછી તમ્હારી સાથે સંભોગની યોગ્યતાવાળી હું થઈશ. એ પ્રમાણે આપને જણાવવા માટે એકદમ લોકોને માંદગી બતાવી આજે તેણીએ સ્વયંવરમાલા પહેરાવી નથી, પરંતુ પ્રભાત સમયમાં સ્વયંવરમાલા પહેરાવશે. એ પ્રમાણે દૂતીનાં વચન સાંભળી ગુણરાજ કુમાર

બોલ્યો કે રાજકુમારીએ જે સંજોગનો વિલંબ બતાવ્યો છે તે મ્હને બહુ દુઃખદાયી થઇ પડશે. પરંતુ કુમારીએ જે આજ્ઞા કરી છે તે અમારે પ્રમાણ છે એમ સ્વીકાર કરી દૂતીને વિદાય કરી. બાદ દૂતીએ પણ કુમારી પાસે જઇ એકાંતમાં સર્વ વૃત્તાંત નિવેદન કર્યું.

કનકવતી વિવાહ. બીજે દિવસે પ્રભાત સમયે સ્વયંવર મંડપમાં સમસ્ત રાજકુમારોની સમક્ષ ગુણરાજના કંઠમાં સુગંધિત પુષ્પોની વરમાલા કુમારીએ પ્હેરાવી. ત્યારબાદ ભૂપતિએ બાકીના સર્વ રાજકુમારોનો સત્કાર કરી વિદાય કર્યા અને ગુણરાજ કુમારનો બહુ ઉત્સાહ સાથે વિવિધ મંગળપૂર્વક વિવાહ મહોત્સવ થયો. ત્યાર બાદ કેટલોક સમય ત્યાં રહી કનકવતી સહિત ગુણરાજ કુમાર શૌર્યપુર નગરમાં આવ્યો ત્યાં કનકવતીને રહેવા માટે બહુ ભારે ઉપચાર સહિત એક મોટો મ્હેલ આપ્યો અને કુમાર પણ પોતાના ભવનમાં ગયો. ત્યાં દોગુંદક દેવની માફક પોતાના મિત્રો સાથે હમેશાં તે વિચિત્ર ક્રીડાઓ કરે છે, અને દરરોજ કનકવતીના વિલાસભવનમાં જાય છે. તેમજ અનેક ક્રીડાઓ વડે કનકવતીની સાથે આનંદ પૂર્વક ગુણરાજના દિવસો વ્યતીત થવા લાગ્યા. ગુણરાજ પોતે બહુ વિચક્ષણ છે. પરંતુ કનકવતીનો અભિપ્રાય શો છે તે તેના જાણવામાં આવતું નથી. તેથી તે ખેદાતુર થઇ વિચાર કરવા લાગ્યો કે હવે શો ઉપાય કરવો કે જેથી એના વિચારની સમજ પડે! જો આ સ્ત્રી પોતેજ ઉત્કંઠિત થઇ મ્હારા કંઠનું આલિંગન ન કરે તો આ ધન, યૌવન, રૂપ લાવણ્ય અને જીવિત પણ નિરર્થક છે.

વિદ્યા સાધક પુરૂષ. એક દિવસ ગુણરાજ પોતાના ભવનમાં બેઠો હતો તેટલામાં દ્વારપાળે પ્રણામ કરી જણાવ્યું કે સ્વામિન્! ભાલ સ્થળમાં શ્વેત તિલક કરી, ઉજ્વલ વસ્ત્ર પહેરી, હસ્તમાં પુષ્પો લઇ કોઇક પુરૂષ

આપના દર્શન માટે દ્વારમાં ઉભો રહ્યો છે. આપની શી આજ્ઞા છે ? ગુણરાજ બોલ્યો, તેને જલદી પ્રવેશ કરાવો. તત્કાલ દ્વાર પાળે ત્હેને અંદર પ્રવેશ કરાવ્યો. આશીર્વાદ આપી વિદ્યાસાધક પુરૂષ ગુણરાજે બતાવેલા આસન ઉપર બેઠો. ત્યારબાદ ગુણરાજે પૂછયું, તમ્હારે અહીં આવવાનું શું કારણ ? તે બોલ્યો, મહાશય ! યશોધર નામે સિદ્ધપુત્રે મ્હને એક અપૂર્વ વિદ્યા આપી છે. તેની પૂર્ણ સેવા બાર વર્ષ સુધી મ્હેં કરી છે. હવે આપના પ્રસાદ વડે તે વિદ્યા સિદ્ધ થશે. ગુણરાજ બોલ્યો, તે વિદ્યા સિદ્ધ થવાથી તેનું શું ફળ થાય ? પુરૂષ બોલ્યો, વિદ્યા સિદ્ધ થયા બાદ આકાશમાર્ગે ગમન કરી શકાય, મણિ, રત્ન, સુવર્ણ, વગેરે ધન સંપત્તિ પ્રાપ્ત થાય, ઇચ્છિત રૂપ પ્રગટ કરી શકાય અને લાભાલાભનું જ્ઞાન પણ પૂર્ણ રીતે થાય. ગુણરાજ બોલ્યો, જો એમજ હોય તો મ્હારૂં જે કાર્ય હોય તે મ્હને સુખેથી ફરમાવો. તેણે જણાવ્યું કે રાજન્ ! એક રાત્રિ માટે તમ્હે મ્હારા ઉત્તર સાધક થાઓ. તે સાંભળી પરોપકારમાંજ રસિક ચિત્તવાળા કુમારે તે પ્રમાણે તેનું વચન અંગીકાર કર્યું. કારણકે સત્પુરૂષો અન્ય જનોની પ્રાર્થનાથી શું શું નથી કરતા ?

મેઘનાદ ક્ષેત્રપાલ.

કાળી ચૌદશના દિવસે અર્ધરાત્રિના સમયે પોતાનો કવચ વિધિ પૂર્ણ કરી, વિદ્યા સાધક પુરૂષ ગુણરાજને સાથે લઈ અનેક રાક્ષસોથી વ્યાકુલ અને યમરાજના ગૃહ સમાન ભયંકર એવી સ્મશાન ભૂમિમાં ગયો. ત્યાં આગલ મંડલ કરી તેની અંદર ખેરનાં લાકડાં સળગાવ્યાં, અને તેમાં લાલકણેરનાં પુષ્પ, ચંદન અને ગુગલ વિગેરેનો મંત્રોચ્ચાર પૂર્વક હોમ કરવા લાગ્યો. ત્યાં આગળ ગુણરાજ હાથમાં ખડ્ગ લઈ તેની સન્મુખ ઉભો રહ્યો છે તેવામાં અકસ્માત્ ઉત્તર દિશામાંથી આવતો વિકરાલ સ્વરૂપધારી

કોઈક દેખાવ જોવામાં આવ્યો, ક્ષણમાત્રમાં હક્કારવવડે મહાવજ્રના ઘાતની માફક પર્વતના શિખરોને વિખેરતો, કલકલ શબ્દોવડે આકાશમંડલને પૂર્ણ કરતો, મુખમાંથી પ્રલયકાલના અગ્નિ સમાન જ્વાલાઓને વમન કરતો, મદથી ઉદ્ધત બનેલી સર્પની ફણાઓનો મુકુટ જેણે ધારણ કરેલો છે, વળી ડમડમ નાદ કરતા ડમરૂના આડંબરથી ઉત્કટ, કુટિલ અને પીળા કેશપાશથી વિરાજીત, સમગ્ર વૈરીઓનો વિનાશ કરવામાં અતિદક્ષ, બહુ શ્યામ એવી મષિ સમાન આકૃતિવાળો, અત્યંત રોષવડે લાલનેત્રોને વહન કરતો, પ્રચંડ શબ્દોના ઉચ્ચારથી વાદળાંઓને ફેંકતો, તેમજ સુમંગલ વાહન ઉપર આરૂઢ થએલો, અને ભક્તજનોને સુખદાયક એવો મેઘનાદ નામે ક્ષેત્રપાલ હસ્તમાં ખપ્પર લઈ ત્યાં આવ્યો. વળી અતિરૂષ્ટ થઈ તે બોલ્યો, રે ! રે ! અનાર્ય ! હજુસુધી પણ તું અહીંજ છે ? રે ધૃષ્ટ ! મ્હારી આજ્ઞા પણ ત્હેં ન માની ? અને અહીં વિદ્યા સાધવા બેઠો છે ? મ્હારી પૂજા કર્યા સિવાય તું સિદ્ધિની ઇચ્છા રાખે છે ? હવે તું જીવતો નથી રહેવાનો એમ સમજી ત્હારા ઇષ્ટદેવનું સ્મરણ કરી લે. તેમજ આ રાજકુમારને પણ ત્હેં છેતર્યો છે, તેથી તે બિચારો પણ તેના અવિનયનું ફલ ભોગવશે. કારણ કે કુસંગતિ શું શું ન કરે ? આ પ્રમાણે મેઘનાદનું વચન સાંભળી કુમારને એકદમ રોષ ભરાઈ ગયો. અને તે બોલ્યો કે રે ! રે ! નિર્લજ્જ ! અધર્મકારિન્ ! આજે જરૂર ત્હારા ઉપર યમરાજા કોપાયમાન થયો છે. આ વખતે એની રક્ષા માટે હું પાસે ઉભો છું, જેથી અત્યારે ઇંદ્ર પણ એને વિઘ્ન કરવા શું શક્તિમાન્ છે ? એમ નિઃશંકપણે બોલતો રાજકુમાર મેઘનાદની પાસે ગયો અને કહ્યું કે રે અનાર્ય ! દુષ્ટ ! માત્ર અસત્ય પ્રલાપ કરવાથી શું ? જો ત્હારામાં પરાક્રમ હોય તો મ્હારી સન્મુખ

આવ જેથી ત્હારો ગર્વ ઉતારૂં, તે સાંભળી મેઘનાદ બહુ ક્રોધ કરી કુમાર તરફ દોડતો આવ્યો. શસ્ત્ર રહિત તેને આવતો જોઈ કુમારે પણ પોતાના હસ્તમાંથી ખડ્ગ દૂર ફેંકી દીધો, તેમજ કેશ પાશ અને કમ્મર દૃઢ બાંધી મેઘનાદ સાથે યુદ્ધ કરવા લાગ્યો. કુમારે ક્ષણમાત્રમાં મેઘનાદનું હૃદય ભેદીને તેનો ગર્વ ઉતાર્યો, એટલામાં વિદ્યાદેવી સાક્ષાત્ પ્રગટ થઇ બોલી, હે કુમાર! ત્હારા પરાક્રમથી સંતુષ્ટ થઇ હું સિદ્ધ થઈ છું. માટે આજ્ઞા કર? ત્હારૂં મનોવાંછિત પૂર્ણ કરવા હું તૈયાર છું, કુમાર બોલ્યો, દેવિ! આ સિદ્ધ પુરૂષે ત્હારી આરાધના કરી છે માટે એને તું સિદ્ધ થા, અને એના મનોરથ પૂર્ણ કર. દેવી બોલી, કુમારેંદ્ર! ત્હારી સહાયતાથીજ હું એને સિદ્ધ થઇ છું, એમાં કોઇપણ પ્રકારે ત્હારે સંશય કરવો નહીં, પરંતુ તું પણ કંઇક મ્હારી પાસેથી માગ. ત્યારે કુમારે પૂછ્યું કે કનકવતી સાથે મ્હારે ભોગાંતરાય થવાનું શું કારણ? દેવી ઉપયોગ દઈ વિચાર કરી બોલી, ભોગાંતરાયનું વૃત્તાંત તું પોતેજ જાણી શકીશ, કેમકે મ્હારા વચન વડે ઇચ્છિતરૂપ ધારણ કરવાથી ત્હારૂં સર્વ કાર્ય સિદ્ધ થશે. તે સાંભળી 'ત્હારો મ્હોટો ઉપકાર' એમ કુમારે કહ્યું એટલે દેવી તત્કાલ પોતાના સ્થાનમાં ચાલી ગઇ. બાદ તે સિદ્ધપુરૂષે ગુણરાજને વિનીત થઈ જણાવ્યું કે ત્હારા પ્રતાપથી આ મ્હારો સઘળો મનોરથ સિદ્ધ થયો, માટે આ આજ્ઞાંકિત સેવક ઉપર તમે કોઇપણ આજ્ઞા ફરમાવો, જેથી હું અનૃણી થાઉં. ગુણરાજ બોલ્યો, હે સિદ્ધપુરૂષ! પોતાની ઇચ્છા પ્રમાણે આનંદ કરો એવી મ્હારી આજ્ઞા છે. સિદ્ધ બોલ્યો. હે ઉપકારિન! તેમ છતાં પણ કોઇકાર્ય પ્રસંગે તમ્હારે મ્હારૂં સ્મરણ કરવું, એમ કહી સિદ્ધપુરૂષ પણ ત્યાંથી વિદાય થયો. બાદ ગુણરાજકુમાર પોતાનો દેહ શુદ્ધ કરી રાત્રીનાં વસ્ત્રો બદલી પોતાના સ્થાનમાં ગયો. પ્રભાતકાલમાં ઉત્તમ શણગાર સજી ગુણ

[illegible] કનકવતીના આવાસમાં ગયો અને [illegible]
પ્રમાણોપેત કુસુમાયુધ કુમાર [illegible] થઈ ગયો. [illegible]
આવ્યો. પછી તે [illegible] કરી [illegible]
અદૃશ્યરૂપ ધારણ કરી [illegible] ત્યાં કનકવતીના આવાસમાં
ગયો. ત્યારબાદ ત્યાં [illegible] તેટલામાં
કનકવતી પણ પોતાની બે દાસીઓ સાથે ત્યાં આવી. આવીને
બોલી કે સુતનુ! કેટલી વાર થઈ? [illegible] દાસી બોલી, અર્ધ-
રાત્રીનો સમય થયો છે, માટે વિમાનને આવવાની તૈયારી છે. કનક-
વતીએ સ્નાન કરવા માટે સાડી વિગેરે ઉતારી મૂકી સ્નાન કરી
મજબુત શરીર લુંછી નાખી સુગંધિત અંગલેપ કર્યો. ત્યારબાદ
વસ્ત્ર તથા અલંકાર વિગેરે સર્વ શણગાર સજી તૈયાર થઈ, તેટલામાં
આકાશ માર્ગેથી એક દિવ્ય વિમાન ત્યાં આવ્યું. એટલે દાસી
સહિત કનકવતી વિમાનમાં બેઠી. તે વખતે તે કુસુમાયુધકુમાર પણ
અદૃશ્યરૂપે વિમાનમાં બેસી ગયો. ત્યારબાદ મનની માફક અત્યંત
વેગથી તે વિમાન નિર્વિઘ્નપણે ઉત્તર દિશા તરફ ચાલ્યું. અને અ-
નુક્રમે નંદનવનમાં જઈ પહોંચ્યું. ત્યાં રહેલા સરોવરના કાંઠા ઉપર
તે નીચે ઉતર્યું, તે પ્રસંગે ત્યાં આગળ આમ્રવૃક્ષની છાયામાં એક
વિદ્યાધર બેઠો હતો. તે કુમારની દૃષ્ટિગોચર થયો. પછી કનક-
વતી વિમાનમાંથી ઉતરી વિદ્યાધરની પાસે જઈ નમસ્કાર કરી
તેની આજ્ઞા પ્રમાણે નીચે બેઠી. થોડીવાર પછી રૂપમાં રતિ અને
રંભા સમાન, તથા ઉદ્ભટ યૌવનથી મનોહર આકૃતિવાળી બીજી
ત્રણ કુમારીઓ ત્યાં આવી તેઓ પણ વિદ્યાધરને પ્રણામ કરી તેની
આગળ બેઠી. ક્ષણમાત્ર શાંત થઈ તે વિદ્યાધર સ્નાન કરી શુદ્ધ વસ્ત્રો
પહેરી પ્રજ્ઞપ્તિદેવીના મંદિરમાં ગયો. દેવીને નમસ્કાર કરી કુંકુમ-
ચંદનથી એક મંડલ રચી પોતે જાપ કરવા બેસી ગયો. ત્યારબાદ
તેણે ભ્રકુટીના સંકેત કર્યો એટલે સર્વ કુમારીઓ ત્યાં આવી

પોતપોતાનું કાર્ય કરવા લાગી. તેઓમાંથી એક વીણા અને બીજી વાંસળી વગાડે છે. ત્યારે ત્રીજી મધુર સ્વરે ગાયન કરે છે. હવે કનકવતી પણ પોતાનો નૃત્ય કરવાનો વારો હોવાથી નૃત્ય કરવા લાગી. હાવભાવ સાથે વિચિત્ર અભિનય સહિત નાચના ઉમંગને લીધે કનકવતીની કટીમેખલામાંથી એક મનોહર ઘુઘરી તુટી પડી. તે કુમારના ચરણ પાસે આવીને પડી એટલે કુમારે તે ઘુઘરીને ગુપ્ત રીતે પોતાની પાસે લઇ લીધી. નાટ્ય પૂર્ણ થયું એટલે કનકવતીએ રંગભૂમિમાંથી ઉતરી ઘુઘરીનો સર્વત્ર તપાસ કર્યો પરંતુ તેનો પત્તો લાગ્યો નહીં.

ઘુઘરીનો તપાસ. વિદ્યાધરે વિમાન માર્ગે તે સર્વ કુમારીઓને વિદાય કરી એટલે તે કુમારીઓ વિમાનમાં બેસી પોતપોતાના સ્થાનમાં ગઇ. ગુણરાજ પણ અદૃશ્યપણે કનકવતીના દ્વાર આગળ વિમાનમાંથી ઉતરી રાત્રીના છેલ્લા પ્રહરે પોતાના સ્થાનમાં ગયો. પ્રભાતમાં ઉઠી પ્રાભાતિક આવશ્યક ક્રિયા સમાપ્ત કરી મતિસાગર નામે મંત્રીના હાથમાં તે ઘુઘરી આપીને કુમારે કહ્યું કે હું જ્યારે કહું ત્યારે કનકવતીને આ ઘુઘરી ત્હારે આપવી. એમ કહી તે બન્ને જણા કનકવતીની પાસે ગયા, કનકવતી તે બન્નેને આવતા જોઇ સંભ્રમપૂર્વક ઉભી થઇ અને તેઓને આસન આપ્યું. વળી પોતે પણ તેઓની પાસે બેઠી. ત્યારબાદ કુમાર અને કુમારીએ ચોપાટ ખેલવા માંડી, તેમાં કુમારીએ ગુણરાજને જીતી લીધો એટલે કનકવતી બોલી, સ્વામિન્? કંઇપણ ભેટ તરીકે મ્હને આપો. ગુણરાજ બોલ્યો, મતિસાગર? એને તે અમૂલ્ય ઘુઘરી આપો. મતિસાગરે પોતાની કેડમાંથી રત્નજડિત સુંદર ઘુઘરી કાઢી કનકવતીના હાથમાં મૂકી, એટલે તરત જ તેણીએ તે ઓળખી કે આ તો મ્હારી ઘુઘરી છે. અરે ? આ તેને ક્યાંથી મળી હશે?

દા ? દૈવગતિ વિચિત્ર છે. એમ મનમાં વિચાર કરતી કનકવતીએ પૂછયું કે આ મ્હારી કટીમેખલાની ઘુઘરી ત્હમને કયાંથી મળી ? તે બોલ્યો, આ કયા સ્થાને પડી ગઈ હતી ? તે તમે જાણો છો ? ફરીથી તે બોલી, હું તમને એટલુંજ પુછુ છું કે આ ત્હમને કયાંથી જડી ? મંત્રી બોલ્યો, જ્યાં પડી ગઈ હશે ત્યાંથી. કનકવતી બોલી કે તે હું જાણતી નથી, ત્યારે કુમાર બોલ્યો કે ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન વેદી આ ઉત્તમ નૈમિત્તિક છે, માટે એમને પુછવાથી સર્વ હકીકત મળી આવશે. કનકવતીએ મંત્રીને પૂછયું કે આ વૃત્તાંત મ્હને કૃપા કરી સંભળાવો. મંત્રીએ ગુણરાજનો અભિપ્રાય જાણી કહ્યું કે આ વાત કાલે કહીશું, એમ કહી ક્ષણમાત્ર તેજ પ્રમાણે ક્રીડા કરી મંત્રીસહિત ગુણરાજ પોતાના સ્થાનમાં ગયો

કનકવતીનું ફરીથી પ્રયાણ.

એટલામાં સૂર્ય અસ્ત થયો, સંધ્યા સમય વ્યતીત થયા બાદ રાત્રિના પ્હેલા પ્રહરમાં ગુણરાજ કનકવતીના ભવનમાં ગયો. તે દીવસે પણ કનકવતી પ્રથમની માફક વિમાનમાં બેસી વિદ્યાધરની પાસે ગઇ. કુમાર પણ ગુપ્ત રીતે તેની પાછળ ત્યાં ગયો. બીજી ત્રણ કુમારીઓ પણ ત્યાં આવી. પ્રથમ પ્રમાણે સ્નાન ધ્યાનાદિક કાર્ય કરી વિદ્યાધરે જાપ તથા હોમનો પ્રારંભ કર્યો. કુમારીઓએ દેવીની આગળ સંગીત ચલાવ્યું. કનકવતી વીણા વગાડતી હતી, અને તે પોતે વીણાના નાદમાં બહુ તલ્લીન થઇ ગઇ, એટલે તેના વામ ચરણમાંથી ગુણરાજે ગુપ્ત રીતે ઝાંઝર લઇ લીધું, ત્યારબાદ સંગીત સમાપ્ત થયું એટલે કનકવતીએ પોતાની દાસીને કહ્યું કે સખિ ? તપાસકર, કોઇએ ગુપ્ત રીતે મ્હારૂં ઝાંઝર ચોરી લીધું છે. તે સાંભળી દાસીએ વિનયપૂર્વક નૃત્ય ભૂમિમાં આવેલા સર્વે જનોને પૂછયું તેમજ સારી

રીતે તપાસ કર્યો પરંતુ ત્યાં તેનો પત્તો લાગ્યો નહીં; ત્યારબાદ સમય થવાથી સર્વ કુમારીઓ પોતપોતાના વિમાનમાં બેસી પોતાના સ્થાનમાં ગઈ અને કુમાર પણ પોતાના સ્થાનમાં જઈ સુઈ ગયો. પ્રાતઃકાલમાં ઉઠી પોતાનો નિત્ય વિધિ સમાપ્ત કરી ગુણરાજે રાત્રીએ લીધેલું નપુર મતિસાગર મંત્રીને આપ્યું અને પ્રથમના માફક બન્ને જણા કનકવતીની પાસે ગયા. બન્નેને આવતા જોઈ કનકવતી હાથ જોડી ઉભી થઈ અને યોગ્ય સત્કાર કરી ગુણરાજને આસન આપ્યું. તેમના [illegible] પોતે પણ બેઠી. ત્યારબાદ તેઓએ સમસ્યા પૂર્તિ અને પ્રહેલિકા [illegible] આનંદ [illegible] પ્રારંભ કર્યો. પ્રથમ ગુણરાજ બોલ્યો. - [illegible] નરત્નં જીવિતં ચ પ્રેમ ચ । જીવાના યૌવન [illegible] જીવિત. પ્રેમ. યૌવન અને ધન [illegible] પ્રમાન થએલા [illegible] કનકવતી બોલી [illegible] [illegible]

[illegible]

છે, કારણ કે જે મનુષ્ય જ્ઞાનવડે બન્નેનું યથાસ્થિતપણું જોઈ શકે છે." ઇત્યાદિક વિનોદવડે ક્ષણમાત્ર સમય વ્યતીત કરી કનકવતીએ મતિસાગર મંત્રીને પૂછયું, શું તમ્હે આજે જ્યોતિષ જોઇને આવ્યા છો?

મતિસાગર બોલ્યો—હા! આજે તમ્હારૂં બીજું પણ કંઇક ખોવાયું જણાય છે. એમ તેના કહેવાથી કનકવતી બોલી, તે ખોવાયેલી વસ્તુનું નામ શું? મંત્રી બોલ્યો, તમે જાણો છો? કનકવતી બોલી—હા હું જાણું છું પરંતુ તે ક્યાં પડી ગયું તે હું જાણતી નથી જો તમે જાણતા હો તો જણાવો. મંત્રી બોલ્યો—પ્રથમનું અને આજનું બન્નેનું પતન સ્થાન એકજ છે. તે સાંભળી કનકવતી બહુ વિસ્મય પામી વિચારમાં પડી કે ઘુઘરી ક્યાં પડી ગઇ તેનો નિશ્ચય નહોતો તેથી એમ અનુમાન થતું હતું કે કોઇપણ અન્ય સ્થળે અથવા અહીંજ પડી ગઇ હશે, જેથી તેના હાથમાં પ્રયોગ બળથી આવી હશે, પરંતુ ઝાંઝર પડી જવાનું સ્થાન તો હું નક્કી જાણું છું, છતાં આ તો બન્નેનું પતનસ્થાન એકજ બતાવે છે, માટે જ્યોતિષ વિદ્યાથી જાણતો હોય તો તે ભલે જાણે; પરંતુ દેવીની આગળ પડેલી આ ઘુઘરી ત્હેની પાસે કેવી રીતે આવે? કારણકે ત્યાં જવાની એની શક્તિ નથી. માટે સાહસ કાર્યમાં રસિક એવા આ મ્હારા સ્વામીનું જ આ સર્વ કર્ત્તવ્ય જણાય છે. એમ વિચાર કરી તે બોલી—શું તે ઝાંઝર પણ તમ્હારા હાથમાં આવ્યું છે? મંત્રી બોલ્યો—હા? શું અમારૂં બોલવું અસત્ય સમજો છો? કનકવતી બોલી, જો તે વાત સત્ય હોય તો તે મ્હને આપો. તેમ તેણીના કહેવાથી મંત્રીએ તરતજ તેની આગળ ઝાંઝર મૂકી દીધું. ઝાંઝર જોઇ કનકવતી બોલી, સ્વામિન્! જો આપને જ આ ઝાંઝર મળ્યું હોય તો સારૂં પણ કદાચિત્ બીજાને જો તે મળેલું હોય તો બહુ અનુચિ-

ત ગણાય. એટલુંજ નહીં પરંતુ અગ્નિમાં પ્રવેશ કરવાથી પણ મ્હારી શુદ્ધિ થવી અશક્ય છે. તે સાંભળી ગુણરાજ બોલ્યો ‘હે મૃગાક્ષિ ? અગ્નિમાં પ્રવેશ કરવાની શી જરૂર છે ? નિઃશંક થઇ તું મ્હારા હૃદયમાં પ્રવેશ કર.’ કનકવતી વિચાર કરવા લાગી. જરૂર આ કર્ત્તવ્ય મ્હારા પતિનુંજ છે. માટે હવેથી વિદ્યાધરની પાસે જવાની મ્હારે કંઇપણ જરૂર નથી. માંદગીનું બ્હાનું કરી અહીંજ રહીશ અને વિદ્યાધરને દાસી મારફતે કહેવરાવીશ, એ પ્રમાણે તે વિદ્યાધરના મનની પરીક્ષા કર્યા બાદ જેમ ઉચિત લાગશે તેમ કરીશ, ત્યારબાદ બીજે દિવસે કનકવતીએ વિદ્યાધરની પાસે દાસીને મોકલી એટલે કુમાર પણ પ્રથમની માફક દાસીની સાથે ત્યાં ગયો. દાસીએ વિદ્યાધરની પાસે જઇ જણાવ્યું કે આજે કનકવતી માંદગીમાં આવી પડી છે. તેથી તે આવી શકી નથી. તે સાંભળી વિદ્યાધર સંભ્રાંત બની વિચાર કરવા લાગ્યો. શું તેની માંદગીની વાત સત્ય હશે ? એમ શંકિત થઈ તેણે પ્રજ્ઞપ્તિ દેવાને પૂછયું એટલે દેવીએ કહ્યું કે તેનું શરીર તો સારૂં છે. તે સાંભળી વિદ્યાધર એકદમ ક્રોધાતુર થઇ ગયો અને બોલ્યો, રે અસત્ય વાદિની ? તેનું શરીર તો હું પછી સજ્જ કરીશ, પરંતુ પ્રથમ તું તો ઇષ્ટદેવનું સ્મરણ કરી લે. હે પાપે ? હવે ત્હારૂં મરણ નજીકમાં આવ્યું છે. એમ સાંભળવા છતા પણ કનકવતીએ દાસીને પ્રથમ કહ્યું હતું કે વિદ્યાધરનું સર્વ વૃત્તાંત ગુપ્ત રીતે ગુણરાજ જાણે છે. તથા હિમ્મત રાખી તે દાસી બોલી, રે નિર્દય ! પાપિષ્ઠ ? તું નિર્દોષ એવી મ્હને મારવા તૈયાર થયો છે, પરંતુ મ્હારૂં શરણ તો ગુણરાજ કુમાર છે તે સાંભળી વિદ્યાધર બોલ્યો, રે અધમે ? તે ગુણરાજ કોણ છે ? તેની વિશેષ સમજણ તો આપ દાસી બોલી—હે કુમારનું વૃત્તાંત પૂછયું તે બહુ સારૂં કર્યું, કારણકે કુમારનું ચરિત્ર કહી હું મ્હારા કાન પવિત્ર કરૂં. જેમકે

અત્યંત મલિન પદાર્થોને પણ ચંદ્રનું તેજ ઉજ્વલ કરી દીપાવે છે. વળી આ સમયે વિશેષે કરી તેમનું નામ લેવું એ મ્હારે યોગ્ય છે. કારણકે અંત સમયે ઇષ્ટદેવનું સ્મરણ અવશ્ય કરવું પડે છે. અને મ્હારે તો ઇષ્ટ પણ તેજ છે. તેમજ મ્હારી સ્વામિનીને પણ તેજ ઇષ્ટ દેવ છે. માટે હે અનાર્ય ? હાલ હું તે સત્પુરૂષનું ચરિત્ર કહું છું તે સાવધાન થઇ તું સાંભળ. રે દુષ્ટ ! જેણે અનેક રાજાઓની સમક્ષ ગુણ, રૂપ અને પરાક્રમવડે સૌભાગ્યની જય પતાકા સમાન મ્હારી સ્વામિનીનું પાણિગ્રહણ કર્યું છે, વળી સમગ્ર સદ્ગુણોના સ્થાનભૂત, અને અખિલ શાસ્ત્રોના પારગામી જે ગુણરાજકુમાર દૂર રહ્યા છતાં પણ કોઇ વિદ્યા બલથી રહને જાણે છે. સાહસ કાર્યમાં ઉદ્યુક્ત એવા તે કુમારના દર્શન માત્રથી તું મરણ વશ થવાનો છે. અને તેનાથીજ હું મ્હારા આત્માની રક્ષા કરવા ઇચ્છું છું. એ પ્રમાણે કર્ણકટુ દાસીનાં વાકય સાંભળી વિદ્યાધરની ભ્રકુટી ખસી ગઇ. તેમજ સંહાર કરવામાં બહુ રસિક એવા શંકરની માફક વિકરાલ મુખાકૃતિને ધારણ કરી વિદ્યાધર બોલ્યો, હે મહાપાપે ! તેનું શરણ લેતાં હાલજ તું મરી જવાની છે અને તે ગુણરાજકુમારના શરીરે પણ મ્હારા ખડ્ગનો તીવ્ર અગ્નિ વ્યાપ્ત થશે. એમ બોલી તેણે શ્યામ અને તીક્ષ્ણ ધારાવાળો પોતાનો ખડ્ગ ખેંચ્યો. આ પ્રમાણે વિદ્યાધરની ભયંકર સ્થિતિ જોઇ તેનો સર્વ પરિજન દૂર થઇ ગયો. એવો સમય જોઇ ગુણરાજ એકદમ ત્યાં પ્રગટ થયો અને હાસ્ય કરી બોલ્યો, રે રે ! અવિદ્યાના કુલગૃહ એવા હે વિદ્યાધર ! શું આ અકૃત્ય કરવાથી તને લજ્જા આવતી નથી ? અહો ! આ જગત્માં સમગ્ર લૌકિક તૃષ્ણાઓ નષ્ટ પ્રાય છે, તેમજ પોતાનો પાંચ ભૌતિક દેહ પણ પ્રત્યક્ષ રીતે નાશવંત છે. છતાં તું આ સ્ત્રીનો વધ કરવા ખડ્ગ ઉગામે છે. વળી સુતેલા, ઉન્મત્ત, પ્રમત્ત, બાલ

અને સ્રીજન ઉપર મર્યાદા છોડી જે પુરૂષ પ્રહાર કરે છે તેનું મુખ પણ જોવા લાયક નથી. તું સ્રી ઉપર સુભટપણું પ્રગટ કરે છે તેથી ત્હારી ઉપર પણ ખડ્ગ ખેંચતાં કયો વિદ્વાન્ લજ્જા ન પામે ? પરંતુ કોઈપણ પ્રકારે ક્ષત્રિઓએ દુષ્ટ પ્રાણીઓનો નિગ્રહ કરવો જોઈએ, તેથી તું હવે બચે તેમ લાગતું નથી, માટે વેલાસર સાવધાન થા, કેમકે તું પછી એમ કહીશ કે મ્હને તમે આગળથી કહ્યું નહોતું, એમ કહી કુમારે મ્યાનમાંથી તરવાર કાઢી. ત્યારબાદ વિદ્યાધર પણ બહુ ચકચાકત ખડ્ગ ધારણ કરી કોપાયમાન થઈ તેની ઉપર વળ્યો. બન્નેનો સંગ્રામ શરૂ થયો. ગુણરાજે પ્રચંડ પરાક્રમવડે તે દુષ્ટનો સંહાર કર્યો. ત્યારબાદ તેના તાબામાં રહેલી ત્રણ કુમારીઓ ગુણરાજને શરણે આવી અને તેઓ વિનયપૂર્વક બોલી, રાજન્ ! આ દુષ્ટ વિદ્યાધરના વચનથી અમે બંધાએલી હતી, તે આજે તમે અમને મુક્ત કરી. કુમાર બોલ્યો, તેના વચન છલમાં તમે કેવી રીતે આવી પડ્યાં હતાં ? તેઓમાંથી એક બોલી, મ્હારા પિતાને ત્યાં હું અગાશીમાં સુઈ રહી હતી. તેવામાં આ વિદ્યાધર મ્હને બલાત્કારે ઉપાડી અરણ્યમાં લઈ ગયો. પછી મ્હારી ઉપર તેણે યમજીહ્વા સમાન લાંબો ખડ્ગ ઉગામ્યો. તે જોઈ મ્હારૂં ધૈર્ય છુટી ગયું અને પવનથી કંપતા પત્રની માફક મ્હારૂં શરીર ધ્રુજવા લાગ્યું. ત્યારે તે પાપી બોલ્યો, જો મ્હારૂં વચન માનીશ તો તું જીવીશ. અન્યથા તારો મરણકાલ નજીક આવ્યો છે એમ નિશ્ચય માનજે. ત્યારે મેં કહ્યું કે આપનું વચન મ્હને સંભળાવો. પછી તે બોલ્યો, મ્હારે પ્રજ્ઞપ્તિ વિદ્યા સાધવાની છે, અને તે પ્રજ્ઞપ્તિ દેવીના મંદિરમાં હું છમાસ સુધી જાપ કરવાનો છું. માટે પ્રજ્ઞપ્તિ દેવીની આગળ છમાસ સુધી હમ્મેશાં સમાન ગુણ, વય અને લક્ષણવાળી રાજકુમારીઓએ સંગીત કરવાનું છે. તેમાં એક તો

પ્રથમ ત્હારે હું વિમાન મોકલીશ તેમાં બેસી દરરોજ અહીં આવવું. તેમજ ત્હારે પુરૂષનો સમાગમ મ્હારી આજ્ઞા સિવાય કરવો નહીં અને આ વાત કોઇને પણ કહેવી નહીં. તે બાબત તેણે કેટલાક મ્હને શપથ (સોગન) કરાવ્યા. પછી મ્હને વીણા વાદનની કલા તેણે શીખવી. તેવીજ રીતે બીજી ત્રણ કુમારીઓને પણ પકડી લાવીને પોતાનું વચન માન્ય કરાવી મ્હારી માફક તેઓને સંગીત કલાઓનું શિક્ષણ આપ્યું અને કહ્યું કે તમ્હારા માટે દરરોજ હું વિમાન મોકલીશ, વળી તમે જ્યાં હશો ત્યાં તે વિમાન રાત્રીએ આવશે, તેમાં બેસીને તરતજ તમ્હારે પ્રજ્ઞપ્તિ દેવીના મંદિરમાં આવવું. પણ તેમાં વિલંબ કરવો નહીં. ત્યાં આવીને ક્ષણમાત્ર નાટક કરી પછી પોતાના સ્થાનમાં તમારે જવું. આ પ્રમાણે તેની આજ્ઞા આટલા દિવસ સુધી અમે મસ્તકે ચઢાવી, પરંતુ તેણે અમને શીલભ્રષ્ટ નથી કરી તે તેનો મ્હોટો ગુણ છે. આપના પ્રસાદથી અમને હવે આનંદ થયો. કુમાર બોલ્યો, હવે તમ્હારે પોત પોતાના પિતાને ઘેર જવું તે યોગ્ય છે. કારણ કે તમ્હે મ્હારી બ્હેનો છો. પછી તેઓ બોલી કે અમે વિમાન વિના ત્યાં કેવી રીતે જઈએ ? ત્યારબાદ વિદ્યાવડે સિદ્ધ થએલા પુરૂષનું કુમારે સ્મરણ કર્યું કે તત્કાળ તે સિદ્ધ પુરૂષ કુમારની આગળ પ્રગટ થયો અને કુમારની આજ્ઞાથી તે કુમારીઓને વિમાનમાં બેસાડી પોત પોતાના પિતાને ત્યાં લઇ ગયો. તેમજ દાસી સહિત ગુણરાજને પણ તેના સ્થાનમાં મૂકી સિદ્ધ પુરૂષ પોતાના સ્થાનમાં ગયો.

વિદ્યાધરનો ઉપદ્રવ.

પોતાના ઘેર આવી દાસીએ વિદ્યાધરના મરણની વાર્તા કનકવતીને જણાવીને વિશેષમાં કહ્યું કે કે હે સ્વામિનિ! હવે નિર્ભય હૃદયથી કુમારની સેવા કરો. તે સાંભળી કનકવતી બોલી, હે નાથ! દુર્બલ હૃદયની હું આજસુધી

આપની સેવાથી વિમુખ રહી તે મ્હારા દુર્ભાગ્યનો જ ઉદય; પરંતુ હજી તે વિદ્યાધરનો એક બહુ ઉદ્ધત બંધુ છે, જેનાથી મ્હારૂં હૃદય બહુ કંપે છે. કુમાર બોલ્યો, પ્રાણપ્રિયે ! હવે તારે નિર્ભયપણે રહેવું. અને કોઇ પ્રકારે ચિંતા કરવી નહીં, કેમકે તે પણ તેના બંધુની દશાને જલદી પામવાનો છે. એ પ્રમાણે કનકવતીને શાંત કરી કુમાર સ્નેહરસમાં ગરક થયો છતો ક્ષણમાત્ર કાલ વ્યતીત કરી ત્યાંજ સુઇ ગયો. એવામાં તે વિદ્યાધરનો ક્ષુદ્ર બંધુ ત્યાં આગળ આવ્યો અને કનકવતી સહિત કુમારને આકાશમાર્ગે ઉપાડી સમુદ્રમાં ફેંકી દીધો. તેટલામાં ત્યાં કુમારને દૈવયોગે એક પાટીયું મળી આવ્યું, તેના આશ્રયથી તે અલ્પ સમયમાં સમુદ્રના કીનારે નિકળ્યો. ત્યાં તેને એક તાપસ કુમાર મળ્યો, અને તે ગુણરાજ કુમારને પોતાના આશ્રમમાં લઇ ગયો. તે વખતે ત્યાં બેઠેલી કનકવતીને કુમારે જોઇ, ત્યારબાદ તેણે કનકવતીને પૂછ્યું, હે મૃગાક્ષિ ! તે દુષ્ટ વિદ્યાધરે ત્હને કયાં નાખી હતી ? તે બોલી, મ્હને પર્વતમાં પડતી મૂકી તે દુષ્ટ ત્યાંથી ચાલ્યો ગયો. પછી બહુ આનંદ માનતા કુમારે કુલપતિને નમસ્કાર કર્યો. કુલપતિએ આશીર્વાદ આપી કેટલીક વાતચિત કરી કુમારને પૂછ્યું, આ ત્હારી સ્ત્રી છે ? કુમારે હા કહી. પછી કુલપતિએ કહ્યું, આ ત્હારી સ્ત્રી સમુદ્રના કાંઠે પોતે આત્મઘાત કરતી હતી તેવામાં અમે ત્યાં ઉભા હતા એટલે અમોએ તેને નિવારી શાંત કરી બહુ સમજાવીને કહ્યું કે આજથી ચોથે દિવસે ત્હારા સ્વામીનો અહીં જ તને મેળાપ થશે માટે ચિંતા કરીશ નહીં. એમ સમજાવી એને અમે અહીં આશ્રમમાં લાવ્યા છીએ. વળી અમારૂં કહેવું આજે સિદ્ધ થયું. ભગવન્ ! આપ દયાળુ છો. આપે મ્હારી ઉપર મ્હોટો અનુગ્રહ કર્યો. વિગેરે કેટલોક વિનય બતાવી ગુણરાજ કુમાર પોતાની સ્ત્રી પાસે ગયો અને બોલ્યો. હે સુંદરિ ! સ્વ-

સ્વછંદચારી એવા દૈવની ગતિ બહુ વિચિત્ર છે. તેજ પ્રમાણે દૈવ ગતિની વાર્તાઓ પ્રાચીન મુનિઓએ કહેલી સાંભળવામાં આવે છે કે દૈવ સુઘટિતને પણ વિયુક્ત કરે છે અને વિયુક્તને પણ ક્ષણમાત્રમાં સુઘટિત કરે છે. સંયોગ અને વિયોગ કરવામાં ઉદ્યુક્ત એવા દૈવની રચનામાં સર્વ જગત્ નાચી રહ્યું છે. આ જગત્‌માં કેટલાક જીવો પૂર્વ ભવમાં ઉપાર્જન કરેલા ભારે દુષ્કૃતને આધીન થએલા હોય છે. વળી સંસારમાં તેવું કોઇ પણ દુઃખ નહીં હોય કે જે આપણા અનુભવવામાં નહીં આવ્યું હોય. હે મૃગાક્ષિ ! તે કારણથી મહા ભાગ્યશાલી મુનિઓ સ્ત્રીઓનો ત્યાગ કરી શૂન્ય અરણ્યનો આશ્રય લે છે. ભોગરૂપી માંસમાં આસક્ત, ગૃહવાસ, ધન અને સ્ત્રીમાં લુબ્ધ થએલા મ્હારા સરખા અધન્ય પુરૂષો દુઃખી કેમ ન થાય ! ઇત્યાદિ ઉપદેશ આપતો ગુણરાજકુમાર કનકવતીને લઇ પર્વતની પાસમાં એક નદી ઉપર ગયો. અને ત્યાં સ્નાનાદિક ક્રિયા કરી ઇચ્છા પ્રમાણે ફલાહાર કર્યા બાદ તે બન્ને રાત્રી થવાથી ત્યાંજ સુઈ ગયાં. તેવામાં તેજ વિદ્યાધર ત્યાં આવ્યો અને તેઓને ઉપાડી ફરીથી પણ સમુદ્રમાં ફેંકી દીધાં. વળી દૈવયોગે પુનઃ તે બન્નેનો મેળાપ થયો, એટલે ચકિત થએલી કનકવતી બોલી, આર્યપુત્ર ! આ શું કહેવાય ! કુમાર બોલ્યો, હે સુંદરિ ! દૈવ વિલાસ વિના અન્ય કંઇ પણ નથી. કનકવતી બોલી, સ્વામિન્ ! આમ કેમ બોલો છો ! આપનું કહેવું ઉચિત નથી. કારણ કે અશક્ત પુરૂષો દૈવને આગળ કરી સર્વ દુઃખ સહન કરે છે. પણ જેઓ તેજસ્વી છે તેઓથી તો દૈવ પણ ભય પામે છે, માટે હે મહાશય ! આપનો પ્રતાપ અલૌકિક છે. તેથી આપ ઉત્સાહ ધારણ કરો, આપ જ્યાં સુધી મધ્યસ્થભાવે રહેશો ત્યાં સુધી શત્રુનું બળ સ્ફુરાયમાન રહેશે. વળી હે નાથ ! મહાન શત્રુઓને નિર્મૂલ કરનારૂં એવું તમારૂં પરાક્રમ કયાં ગયું ? જેથી સાધારણ માણસની માફક

આવી અસહ્ય દુઃખ પરંપરાને સહન કરો છો. આ પ્રમાણે [illegible] સ્ત્રીનું વચન સાંભળી કુમાર બોલ્યો, હે કમલાક્ષિ ! દેવની માફક આ વૈરી પણ દૃષ્ટિમાં આવતો નથી, એટલે એમાં પુરુષ શું કરી શકે ! એમ કહી કુમાર સાવધાન થઈ રાત્રીએ બેઠો હતો. તેટલામાં તે દુષ્ટ વિદ્યાધર ત્યાં આવ્યો એટલે તરતજ કુમાર તેના બન્ને ચરણ પકડીને આકાશમાં ભમાવી પૃથ્વીપર પછાડવાની તૈયારીમાં હતો તેટલામાં દીન મુખે પોકાર કરી તે બોલ્યો, હે કુમાર ! [illegible] રક્ષણ કરો ! રક્ષણ કરો ! શરણ આપનારાઓની હું [illegible] [illegible] આ પ્રમાણે અપમાન નહીં કરૂં. અને હું આપનો [illegible] આ પ્રમાણે તેનાં દીન વાક્ય સાંભળી કુમારે [illegible] તે વિદ્યાધરને છોડી દીધો. કારણકે સત્પુરુષો દીન [illegible] છે. ત્યારબાદ હર્ષથી પણ તે બન્ને [illegible] [illegible] અને કેટલાક દિવસ તેઓ ત્યાં [illegible] [illegible] સ્ત્રીઓની સાથે પ્રેમપૂર્વક [illegible] અને કુમારનો [illegible]
[illegible]

સ્થિર થયો, સૂરીશ્વરનો ઉપદેશ બહુ મધુર હોવા છતાં પણ કનકવતીને કડવો લાગવાથી તે રૂચ્યો નહીં. કારણકે જેઓને પિત્તનો પ્રકોપ થયો હોય તેવા મનુષ્યોને સાકર મધુર ક્યાંથી લાગે ? કુમાર બોલ્યો, સુંદરિ ! દુઃખના સાગર રૂપ આ સંસારમાં કાંઇ પણ સુખ નથી. વિચિત્ર કર્મના પરિણામથી સંસાર ગતિ મહા વિષમ છે. ગૃહાવાસમાં બહુ વિઘ્નો ભરેલાં છે. તેમજ ઇંદ્રિયો ઘણી ચંચલ છે. પ્રેમની ગતિ બહુ કુટિલ આકૃતિવાળી દેખાય છે. કોણ જાણે કાલે શું થશે ? ક્ષણમાત્ર પણ સ્થાયિભાવનો નિશ્ચય નથી. માટે હે સુમુખિ ! આ સર્વ દૃશ્ય પરિવારનો આપણે પોતેજ ત્યાગ કરીએ અને પૂર્વ પુરૂષોએ આચરેલા ધર્મમાર્ગને અનુસરીએ તો બહુ સારૂં, ત્યારબાદ કનકવતી બોલી, આપનો આ વિચાર સત્ય છે, પરંતુ બહુ વિકારોનું કુલભવન એવું આ યૌવનરૂપી અરણ્ય દુઃખવડે ઉલ્લંઘન કરવા લાયક છે. વળી કામ રૂપી સુભટનાં તીક્ષ્ણ બાણ ઘણાં વિષમ છે. અને આપણે હજી ઇચ્છા મુજબ ભોગ વિલાસ અનુભવ્યા નથી. માટે હે સ્વામિન્ ! રાજ્યલક્ષ્મી ભોગવ્યા પછી કોઇક જ્ઞાની મહાત્માને પુછી અંતિમ અવસ્થામાં જેમ યોગ્ય લાગશે તેમ આપણે કરીશું. કુમાર બોલ્યો, યૌવનનું દુર્લંઘ્યપણું જે તેં કહ્યું તે સત્ય છે, અને તેજ કારણને લીધે સુજ્ઞપુરૂષો યૌવન અવસ્થામાંજ દીક્ષાવ્રત ગ્રહણ કરી સ્થવિરની માફક નિર્વિકાર દશાને અનુભવે છે. કહ્યું છે કે—

મનસિ जरसा ऽभिभूता,–जायन्ते यौवनेऽपि विद्वांसः ॥
मूढधियः पुनरन्ये, भवन्ति वृद्धत्वयोगेऽपि ॥

અર્થ—"વિદ્વાન્ પુરૂષો યૌવન અવસ્થામાં પણ હૃદયની અંદર વૃદ્ધાવસ્થાને અનુભવે છે. અર્થાત્ તેઓને યોવન સંબંધી વિકારો પીડતા નથી. વળી મૂઢ બુદ્ધિવાળા પુરૂષો વૃદ્ધાવસ્થામાં પણ તે

દશાના કાર્ય જ્ઞાનને અનુભવતા નથી. વળી કામ સુભટનાં બાણ ભીરૂ પુરૂષોને ઘણુંજ વિષમ લાગે છે. પરંતુ ધીર પુરૂષોને તે અસર કરતાં નથી. જેમકે ખડ્ગની તીક્ષ્ણ ધારા માંસમાં સારીરીતે ચાલી શકે છે, પરંતુ વજ્રમાં તે કુંઠિત થાય છે. વળી હે કામિનિ! "યથેચ્છ ભોગ ભોગવ્યા નથી" તે પણ ત્હારૂં કહેવું અયુક્ત છે. ભોગ ભોગવવામાં બહુ દક્ષ એવો જીવાત્મા ઘીના હોમથી અગ્નિની માફક સ્વર્ગમાં પણ તૃપ્તિ પામતો નથી. વળી હે સુંદરાંગિ! આ વાત સિદ્ધ છે કે બહુ ભોગ સેવવાથી પરિણામે નરકગતિ પ્રાપ્ત થાય છે. અને તેઓનો ત્યાગ કરવાથી સ્વર્ગ તથા મોક્ષસ્થાન પ્રાપ્ત થાય છે; તેમજ "રાજ્યલક્ષ્મી ભોગવીને પશ્ચાત્ ઉચિત ધર્મનું આચરણ કરીશું" એ પણ તારૂં કહેવું અનુચિત છે. કારણ કે રાજ્ય વૈભવમાં તૃષ્ણા રહેવાથી જરૂર અધોગતિ થાય છે તેમજ આ લોકમાં પણ સુખ મળતું નથી. કહ્યું છે કે—

औत्सुक्यमात्रमवसादयति प्रतिष्ठां, क्लेशस्तु लब्धपरिपालनवृत्तिरेव ।
नैव श्रमापनयनाय यथा श्रमाय, राज्यं स्वहस्तधृतदण्डमिवातपत्रम् ॥

અર્થ—"કોઇપણ વસ્તુ મેળવવામાં ઉત્સુકપણું રાખવાથી પ્રતિષ્ઠાનો ભંગ થાય છે. અને પ્રાપ્ત થયેલી વસ્તુનું સંરક્ષણ કરવામાં બહુ કલેશ થાય છે. માટે પોતે ધારણ કરેલા છત્રની માફક રાજ્ય લક્ષ્મી સુખને માટે નથી પણ દુઃખ દાયકજ છે; તેમજ "જ્ઞાની મહાત્માને પૂછીને છેલ્લી વયમાં ધર્મસાધન કરીશું" એ પણ ત્હારૂં માનવું અયોગ્ય છે. હે તન્વંગિ? ધર્મ વિના આપણે જીવતાં પણ મરેલાં છીએ. કારણકે—

यस्य धर्मविहीनस्य, दिनान्यायान्ति यान्ति च ।
सलोहकारभस्त्रेव, श्वसन्नपि न जीवति ॥

અર્થ—"ધર્મહીન જે પુરૂષ પોતાના દિવસો આમતેમ પસ કરે છે, તે પુરૂષ લુહારની ધમણની માફક શ્વાસ લેતો છતો પણ મ લો જાણવો." એમ કહી ગુણરાજ જીનવરને નમસ્કાર કરી કનક તીને નગરની બહાર મૂકી પોતે નગરમાં ગયો. ત્યાં જુગારીઓ સાથે જુગાર ખેલી દ્રવ્ય મેળવ્યું અને તે પૈસાથી ભોજન તૈયા કરાવી લઈ જ્યાં આગળ કનકવતીને મૂકી હતી ત્યાં આવ્યો અ તે બન્ને ભોજન કરી ક્ષણવાર ત્યાં બેઠાં.

કનકવતીનો ગુણચંદ્ર સાથે સમાગમ.

ત્યારબાદ કનકવતીને ઉદાસ મનવાળી જોઈ કુમારને વિચા થયો કે આનું કંઈપણ કારણ હોવું જોઈએ સ્વજનોનું સ્મરણ થયું હોય! અથવા મા ર્ગના શ્રમથી થાકી ગઈ હોય! એમ આ લા છે. એવો વિચાર કરતો ગુણરાજ કુમાર પો શારીરિક શુદ્ધિ કરી જલદી પાછો આવ્યો તે વિરહિણીની માફક બહુ વિકારવાળી કનકવતીને જોઈ અને વિત કરવા લાગ્યો કે આ સ્ત્રી ચિત્રકર્મ આળેખે છે. તેમજ તેના કંઠમ પંચમ નાદનો ઉદ્‌ગાર સંભળાય છે. અને અશ્રુથી ભરાઈ ગયાં નેત્ર જેનાં એવી મૃગલીની માફક આ સુંદરી દિશાઓમાં દૃષ્ટિ ફે વી રહી છે. વળી વામહસ્તમાં મુખકમલ સ્થાપન કરી બહુ નઃશ્વા સા નાખતી મૌન મુખે બેઠી છે. તે ઉપરથી તેનું હૃદય કામવિકાર વાળું હોય તેવું દેખાય છે. કારણકે આ એનાં ચરિત્ર કામચેષ્ટા સ્પષ્ટ જણાવે છે. તે શું મ્હારા ક્ષણમાત્ર વિયોગથી! કિંવા અન્ય થા બનાવ બન્યો હશે! અથવા કંઇ બહુ વિતર્કની જરૂર નથી. મ્હને જોઇ તે સ્વસ્થ થશે તો મ્હારે વિષે તે રાગવાળી છે એ નિશ્ચય જાણવું અને જો પોતાનો વિચાર ગોપવી રાખશે તો તે દુષ્ટ પરિણામ ગણાય. એમ વિચાર કરી કુમાર કનકવતીની દૃષ્ટિ ગોચર થયો. એટલે તે એકદમ ઉભી થઈ કામચેષ્ટા છુપાવી કુમા

રના સન્મુખ આવી તેની આગળ બેઠી. કુમાર બોલ્યો, હે સુંદરી! આમ ઉદ્વિગ્ન તું કેમ દેખાય છે! શું સ્વજન સંબંધીઓનું ત્હને સ્મરણ થયું છે? કનકવતી બોલી, અહીં સ્વજનોનું શું કારણ છે! જ્યાં પોતાનો પ્રાણપ્રિય મળે ત્યાં અરણ્ય પણ વસ્તીવાળું ગણાય અને જ્યાં પ્રિયપતિનો વિરહ હોય તે ઉત્તમ સ્થાન પણ અટવી સમાન ગણાય છે. કુમારે જાણ્યું કે આ સ્ત્રી વિકારમય વચનો બોલે છે, માટે જરૂર આ નિઃસ્નેહી છે એમ એની વચન રચના ઉપરથી સ્પષ્ટ દેખાય છે. કારણકે કામચેષ્ટાને આધીન થએલા મનુષ્યોએ પણ સદ્ભાવ અને પ્રેમારૂઢ મનુષ્યોને વિષે ઉપચાર કરાય છે. આ આચરણ એને અહીં ક્યાંથી થયું! વળી ઉપચારોથીજ અન્ય લોકો ગ્રહણ કરાય છે, અને તેઓની શોભા તેમાંજ હોય છે. અન્યના ઉપર આસક્ત થએલા મનુષ્યો દ્વેષભાવ પ્રગટ કરે છે. માટે અહીં કોઇપણ હેતુ હોવો જોઈએ એમ જાણી કુમાર ત્યાંથી ઉઠો થયો, તે પ્રસંગે કનકવતીનાં નેત્ર નિદ્રાથી મીચાઈ ગયાં, એટલે કુમારે વનમાં પ્રવેશ કર્યો, ત્યાં તેને એક પુરૂષ મળ્યો. તેણે ગુણરાજને પૂછ્યું, રાજન્! અહીં કોઇ એક કુમાર આપના જોવામાં આવ્યો! ગુણરાજ બોલ્યો, તે કુમાર કોણ છે? પુરૂષ બોલ્યો, શ્રી વિજયચંદ્ર રાજાનો પુત્ર ગુણચંદ્ર કુમાર બહુ પ્રસિદ્ધ છે, તેને પણ શું તમો નથી જાણતા? તેમજ તે પુરૂષ ફરીથી બોલ્યો, આજે કોઈક રાજકન્યા તેમની પાસે આવેલી છે તેથી તે મધ્યાન્હ સમયે અહીં આવેલા છે અને તેમણે મ્હને કોઈ કાર્ય માટે અન્ય સ્થલે મોકલ્યો હતો. માટે મ્હારે તમ્હને પૂછવાની જરૂર પડી. ત્યારબાદ ગુણરાજકુમાર કનકવતીનું ચરિત્ર સમજી ગયો અને બોલ્યો કે તે ગુણચંદ્ર તો પોતાનું મનોવાંછિત સિદ્ધ કરી પોતાના સ્થાનમાં ગયો. પશ્ચાત્ તે પુરૂષ બોલ્યો, રાજકન્યાનો તેને મેળાપ થયો કે નહીં? ગુણરાજ બોલ્યો, મેળાપ એકલો નહી પરંતુ તેને પોતાના ભવનમાં તે લઈ ગયો

હતો. ઠીક થયું કેમકે કુમાર તેના ઉપર બહુ આસક્ત છે, તેથી આ પણ બહુ સારૂં થયું, એમ કહી તે પુરૂષ ઉદ્યાનમાંથી બહાર નીકળ્યો. ત્યારબાદ ગુણરાજે વિચાર કર્યો, અહો! સંસારવિલાસને ધિક્કાર છે. અહો!!! અતિ પ્રપંચથી ગુપ્ત એવા સ્ત્રી સ્વભાવોને હજાર વાર ધિક્કાર ઘટે છે. પવનથી કંપતા ધ્વજની માફક સ્ત્રીઓનું હૃદય ઘણું ચંચળ હોય છે. ગુણ, રૂપ, ઉપચાર અને જીવિતદાનથી પણ સ્ત્રીઓનું હૃદય સ્વાધીન થતું નથી. માટે તે પોતાના વિચાર પ્રમાણે આચરણ ન કરે તેટલામાં તેને તેના મામાને ત્યાં મૂકી આવીને હું મ્હારૂં કાર્ય સિદ્ધ કરૂં. એમ વિચાર કરી ગુણરાજ કનકવતીની પાસે ગયો. અને તેણે કહ્યું કે અહીં ત્હારા મામાનું ગામ નજીક છે, માટે ચાલ, તું આવે તો આપણે ત્યાં જઈએ. કનકવની બોલી, અત્યારે નહીં પણ સવારે જઈશું. કુમાર બોલ્યો, હાલમાં સાર્થ લોકો જાય છે માટે અહીં વિલંબ કરવો ઉચિત નથી. એ પ્રમાણે ગુણરાજનો આગ્રહ જોઈ કનકવતી પોતાનું હૃદય ત્યાં મૂકી માત્ર શરીરવડે ચાલી, બન્ને જણ ત્યાં ગયાં, તેના મામા વિગેરે સંબંધી જનોએ પણ તેમની સંભાવના કરી, કુમારે પોતાના હરણ થયાનું વૃત્તાંત નિવેદન કર્યું, બા... રાત્રીએ કનકવતીને સૂતી મૂકી ગુણરાજકુમાર ત્યાંથી ચાલી નીકળ્યો. અને પોતાના ધર્મગુરૂ પાસે જઈ વિધિપૂર્વક દીક્ષા અંગીકાર કરી. ત્યારબાદ તે મુનિરાજ સમગ્ર સૂત્રનો અભ્યાસ કરી ત્યાંથી એકાકી વિહાર પ્રતિમાને અંગીકાર કરી અહીં આવ્યા, તેજ ... પોતે અને મ્હારા વૈરાગ્યનું કારણ મ્હેં તમને કહી સંભળાવ્યું. માટે તમે બન્ને અત્યંત દુઃખના નિવાસભૂત આ ગૃહવાસનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરવામાં ઉદ્યુક્ત થાઓ.

આ પ્રમાણે વૃત્તાંત સાંભળી ભાનુ બોલ્યો, મુનીંદ્ર ? વૈરાગ્ય

કનકવતીનો દુરાચાર.

નાં કારણ સુલભ છે. પરંતુ આપની માફક જેઓ વિપુલ ભોગોનો ત્યાગ કરે તેવા પુરૂષો તો બહુ દુર્લભ છે. ત્યારબાદ ભાસ્કર બોલ્યો ભગવન્ ! તે દુરાચારિણી કયાં ગઇ અને તેની શી ગતિ થઇ ? મુનિ બોલ્યા, જેણીના રૂપથી મોહિત થઇ તમે અહીં આવ્યા છો તેજ તે સ્ત્રી છે. ભાસ્કર બોલ્યો, શા કારણથી ટોળામાંથી ભ્રષ્ટ થએલી મૃગલીની માફક તે એકલી અરણ્યમાં ભમે છે ? ગુણચંદ્રકુમારની સાથે તેની પ્રીતિ કેમ ન બંધાણી ? મુનિ બોલ્યા ગુણચંદ્રની સાથે પ્રેમથી જોડાયા બાદ શીલભ્રષ્ટ થવાથી તેણી ત્યાંથી પણ વિયુક્ત થઇ રખડે છે. કારણકે તેનો દુરાચાર જોઇ ગુણચંદ્રકુમારે તેને કાઢી મૂકી છે, તેથી તે અહીં ભ્રમણ કરતી મ્હારી દૃષ્ટિગોચર થઇ હતી, ત્યારે લજ્જાને લીધે નીચું મુખ કરી તે બેઠી હતી, પછી મ્હેં તેને પ્રતિબોધ આપ્યો, તેથી તેણીએ બારપ્રકારનો ગૃહસ્થધર્મ સ્વીકાર્યો અને તેજ પ્રમાણે સમ્યક્ત્વ મૂલ એવા તે ધર્મનું આરાધન કરે છે, તેમજ પોતે જીન પ્રતિમા રચી શક્તિ પ્રમાણે તેનું પૂજન કરે છે. ત્રણે કાળ વિધિ પ્રમાણે નિરંતર ચૈત્યવંદન કરે છે. સરોવર તથા ઝરણાદિકમાંથી પ્રાસુક (નિર્દોષ) જલ પીએ છે. પુષ્પ અને પત્રના ભક્ષણવડે શરીરનો નિર્વાહ ચલાવે છે. પ્રાયે અચિત્ત આહાર કરે છે. મન, વચન અને કાયાથી બન્ને પ્રકારે (કરવું કરાવવું) સર્વ પુરૂષોનો ત્યાગ કર્યો છે. પશ્ચાત્ યોગ્ય સમયે તે દીક્ષા ગ્રહણ કરશે અને આ ભવમાંજ મોક્ષ પણ પામશે. માટે હે મહાનુભાવો ! યતિ ધર્મમાં તમે ઉદ્યુક્ત થાઓ. અથવા તે પાળવા તમ્હારી શક્તિ ન હોય તો સમ્યક્ત્વ મૂલ ગૃહસ્થધર્મનો સ્વીકાર કરો. તે સાંભળી સમગ્ર વિરતિધર્મ પાળવામાં અશક્ત હોવાથી તે બન્ને જણે સમ્યક્ત્વધર્મ અંગીકાર કર્યો. અને બીજા પણ કેટલાક નિયમ લઇ

તેઓ પોતાના સ્થાનમાં ગયા. પછી હમેશાં જીનવંદન અને મૂર્ત્તિ પૂજન વિગેરે યથાવિધિ ધર્મસેવન કરવા લાગ્યા.

ધર્મનિંદા.

એક દિવસે ભાસ્કરે ભાનુને કહ્યું ' બાંધવ ! જીનધર્મ રૂપી વૃક્ષનું આરાધન કરવાથી શું ફલ પ્રાપ્ત થશે ? તે આપણે જાણતા નથી. વળી જીનધર્મનું સેવન કરનાર મુનિઓ શુદ્ધિ રહિત હોય છે. તે સાંભળી વિલક્ષ મુખ કરી ભાનુ બોલ્યો, આ પ્રમાણેનો ત્હારો વિચાર પણ અયુક્ત છે. કેમકે યથાર્થ વસ્તુ સ્વભાવના જાણનાર મુનિઓને તું શુદ્ધિ રહિત કહે છે તેપણ અનુચિત છે. કારણકે વિશુદ્ધ બ્રહ્મચર્યવ્રતના પાલક એવા મુનિઓ વિના બીજા કોણ શુદ્ધ છે ? મલિન વસ્ત્ર અને મલિન દેહધારી મુનિઓ સ્નાન તથા તાંબુલનો ત્યાગ કરવાથી અશુદ્ધ ન ગણાય. પરંતુ તેવી પ્રવૃત્તિ તો બ્રહ્મચર્યવ્રતનો ઉપાય છે, કહ્યું છે કે—

विभूषा स्त्रीषु संसर्गः, प्रणीतं रसभोजनम् ।
नरस्य त्रिकवशिनो–विषं तालपुटं यथा ॥

અર્થ—"અલંકાર, સ્ત્રીઓનો સંસર્ગ અને વિવિધ પ્રકારે રસભોજન એ ત્રણેને આધીન થએલા પુરૂષને તે તાલપુટ વિષ સમાન દુઃખદાયક થાય છે." તેવીજ રીતે અન્ય સ્થલે પણ કહ્યું છે કે—

निःस्पृहो नाऽधिकारी स्या–न्नाऽकामी मण्डनप्रियः ।
नाऽविदग्धः प्रियं ब्रूयात्, स्फुटवक्ता न वञ्चकः ॥

અર્થ—" અધિકારી પુરૂષ નિઃસ્પૃહી હોતો નથી, વળી [illegible] ચારીને આભૂષણ પ્રિય લાગતાં નથી, તેમજ અવિદગ્ધ પુરૂષ પ્રિયવાદી હોતો નથી, અને સ્પષ્ટવક્તા અન્યને ઠગનારો નથી."

વળી હે બાંધવ ? એ પ્રમાણે દુષ્ટ વિચાર કરવાથી તું મુ—

સમ્યકત્વથી ભ્રષ્ટ થઈશ અને તેથી વિરતિ ગુણોની આશા પણ ત્હને દુર્લભ થઈ પડશે. એ પ્રમાણે ઉત્તરોત્તર ગુણ વિમુક્ત થઈ બહુ અકૃત્ય કરી નરકાદિક ઘોર દુઃખમય સંસારવનમાં તું ભ્રમણ કરીશ. માટે ઉભયથા જુગુપ્સા છોડી દે. પ્રિયબંધો ? સમ્યકત્વરૂપી મેરૂ પર્વતના શિખર ઉપરથી પતિત ન થા, ફરીથી જીવોને આ સમ્યકત્વરત્ન મળવું બહુ દુર્લભ છે. આ પ્રમાણે ભાનુએ ભાસ્કરને બહુ સમજાવ્યો; પરંતુ તે કર્મવશથી ધર્મ નિંદા છોડતો નથી.

ભિક્ષા માટે મુનિનું આગમન.

એક દિવસે કોઇક ગૃહસ્થે ભાસ્કરને ભોજનમાટે નિમંત્રણ કર્યું, તેથી તે ભોજન સમયે શ્રેષ્ઠીના ઘરમાં જઇ બેઠો હતો, તેટલામાં ત્યાં ભિક્ષા માટે એક મુનિ આવ્યા. જેમનાં વસ્ત્ર જીર્ણ અને મલિન હતાં તેવા તે મુનિને જોઈ ગૃહસ્વામી ભક્તિપૂર્વક ઉભો થઇ પોતે ભોજન લઇ મુનીંદ્રને આપવા લાગ્યો. તેની અપૂર્વ ભક્તિ જોઈ તે મુનિના ગયા બાદ ભાસ્કર બોલ્યો, અહો ? મહા કષ્ટની વાત છે ? આવું પણ અજ્ઞાન ? તમ્હારા સરખા વિવેકી પુરૂષો પણ આ પ્રમાણે અયુક્ત આચરણ કરે છે. આવા શુદ્રની ભક્તિ કરવાથી શું ફળ ? વળી લોક વ્યવહારથી શૂન્ય, શૌચાચાર રહિત, મલિન અને જીર્ણ વસ્ત્રને ધારણ કરનાર, તેમજ નિરંતર જલ શુદ્ધિ હીન એવા આ લોકો હોય છે, તે તમે શું નથી જાણતા ? વણિક બોલ્યો, આપણે આ ચિંતામાં વ્યર્થ શા માટે કાલક્ષેપ કરવો ? કેમકે જે કોઇ ભિક્ષુક પોતાને ઘેર આવે તેને ભિક્ષા આપવી તે ગૃહસ્થનો ધર્મ છે. વળી તે ભિક્ષા જો બહુ માનપૂર્વક આપવામાં આવે, તો બહુ ફલદાયક થાય, અન્યથા અલ્પ ફલદાયક અથવા નિષ્ફળ પણ થાય છે. માટે અહીં આવાં અજ્ઞાન ભરેલાં વચનો બોલ-

વાન મ્હારે શું પ્રયોજન છે? ભાસ્કર બોલ્યો. જેમ આવેલા બ્રાહ્મણ ભિક્ષુકને સત્કાર પુર્વક દાન આપો. કેમકે તમ્હારા સરખા સજ્જન પુરૂષો બ્રાહ્મણ [illegible] અન્યનું સન્માન કરે તે જોઇ મ્હારૂં હૃદય [illegible] જાણે [illegible] વણિક બોલ્યો. ભદ્ર ! આ પ્રમાણે મ્હા[illegible] અનુ[illegible] કારણ કે જે બ્રા[illegible] [illegible] ગણી હોય

એવો ઉપાલંભ આપવા આવ્યો છે કે પ્રથમ ત્હેં મ્હારૂં વચન માન્યું તેથી ત્હારી આ દશા આવી પડી !! એમ છતાં ઠીક મ્હા... હવે બંધુનું કંઈ પ્રયોજન નથી માટે તમે જે માર્ગે આવ્યા તે... પ્રમાણે ચાલ્યા જાઓ. હું મ્હારા ભવિષ્ય પ્રમાણે સુખ દુઃખ ભોગવીશ. પરંતુ અશુચિપણાથી દૂષિત એવો જૈન ધર્મ કોઈપણ સમયે મ્હારી દૃષ્ટિ ગોચર ન થાય તેવી મ્હારી ઇચ્છા છે. એમ તેણે તિરસ્કાર કર્યો તો પણ તે દયાલુ ભાનુ ફરીથી કોઈક સમયે એને બોધ કરીશ એમ જાણી પોતાના સ્થાનમાં ગયો. નરકવાસી ભાસ્કર પણ અત્યંત દારૂણ અનેક પ્રકારની વેદનાઓ ભોગવી આયુષ પૂર્ણ કરી અગ્નિથી બળેલી વનભૂમિમાં મૃગ થયો. ત્યાં પણ ક્ષુધા, તૃષા, શીત, આતપ આદિ અનેક દુઃખો સહન કરતો વનમાં પરિભ્રમણ કરતો હતો તેવામાં કોઈક લુબ્ધકે તીવ્ર બાણ વડે વિંધી તેને મારી નાખ્યો. ત્યારબાદ અકામ નિર્જરા થવાથી તે ભાસ્કરનો જીવ અધમ દેવયોનિમાં ઉત્પન્ન થયો. ત્યાં પણ ભાનુ દેવ બોધ કરવા તેની પાસે ગયો. મૂળથી આરંભી તેના પૂર્વભવનું સર્વ વૃત્તાંત ભાસ્કરને તેણે કહી સંભળાવ્યું. એટલે ભાસ્કર બોલ્યો—બાધવ ? તું દઢ ભાવથી સમ્યકત્વપાળી વિમાનવાસી મહર્દ્ધિક દેવ થયો અને હું જૈનધર્મની નિંદા કરવાથી અતિ દુઃસહ દુઃખ પરંપરા પામ્યો તેમજ ત્હારી શિખામણ ન માની છતા પણ હે મહાશય ! મ્હારા જેવા અધમને આ પ્રમાણે તું પ્રતિબોધ આપે છે, વળી બહુ પાપિષ્ઠ અને અતિક્રોધી એવા મ્હારી ઉપર ત્હેં દયાનો ત્યાગ ન કર્યો તેથી હે બંધો ! હવે જૈનધર્મ જ મ્હારૂં શરણ છે એમ તેણે જૈનધર્મનો સ્વીકાર કર્યો. બાધવ ! આજે મ્હારો સર્વ પરિશ્રમ સફલ થયો. એમ કહી ભાનુદેવ તેની રજા લઈ પોતાના સ્થાનમાં ગયો.

ભાસ્કરનો પશ્ચાત્તાપ.

હવે ભાસ્કર પશ્ચાત્તાપ કરવા લાગ્યો કે મ્હારો નાનો ભાઈ મનુષ્ય ભવમાં પણ મ્હને સદુપદેશ આપતો હતો. પરંતુ કદાગ્રહને લીધે સુખમય જૈનધર્મની આરાધનાથી હું વિમુખ રહ્યો. હા ! મહા ખેદની વાત છે કે મનુષ્ય જન્મ વૃથા હારિ ગયો. હવે કોઈપણ ઉપાયે જો મનુષ્ય ભવ પામું તો પવિત્ર તેમજ પાપકર્મને દૂર કરનાર એવો જૈનધર્મ પાળી કોઈનો પણ તાબેદાર ન થાઉં, અર્થાત્ પૂર્ણ સ્વતંત્ર બનું. મહા દુઃખે પામવા લાયક એવો જૈનધર્મ પામીને પણ જેનો આત્મા જૈન વચનમાં રાગી થયો નહી તે પાપી જીવ પ્રમાદ રૂપી મ્હોટા વૈરીઓવડે આ સંસારમાં વારંવાર પરિભ્રમણ કરે છે. હા હા ! સદ્ધર્મના પ્રભાવયુક્ત મનુષ્યભવ મેળવીને પણ તે પ્રમાદથી મ્હેં મલિન કર્યો. તેથીજ આ દેવભવમાં મ્હને કિંકરપણું પ્રાપ્ત થયું. કેમકે રીસાએલો દૈવ આ સિવાય બીજું શું કરે ? એ પ્રમાણે પોતાના આત્માની નિંદા કરવા લાગ્યો, તેમજ દેવ તથા સદ્ગુરૂઓને ભક્તિપૂર્વક વંદન કરવા લાગ્યો. અનુક્રમે આયુષ પૂર્ણ થવાથી ત્યાંથી ચ્યવીને ચંપાનગરીમાં ઈશ્વરદત્ત શ્રેષ્ઠીને ત્યાં પુત્રપણે તે ઉત્પન્ન થયો. ત્યાં યોગ્ય સમયે ઉદાર એવી સંયમ દીક્ષા ગ્રહણ કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને ભાસ્કરનો જીવ મોક્ષે ગયો. તેમજ ભાનુનો જીવ પણ સૌધર્મ દેવલોકમાંથી ચ્યવીને ફરીથી મનુષ્યભવ પામી જૈન દીક્ષા ગ્રહણ કરી કર્મવૈરીને નિર્મૂલ કરી સિદ્ધિપદ પામ્યો.

॥ इति श्री सम्यक्त्वे विचिकित्सानामतृतीयातिचारे भानुभास्कर-
॥ विप्रकथानकम् ॥

—✻◎✻—

भीमकुमारनी कथा.

પાંખડી સંસ્તવાતિચાર.

પાંખડી પરિચય.

દાનવીર્ય રાજા નમ્ર થઇ બોલ્યો, ભગવાન ! પાંખડી-ઓનો પરિચય કરવાથી કેટલું નુકશાન થાય છે તે સંબંધી આપ દ્રષ્ટાંત સહિત ઉપદેશ આપો. શ્રીસુપાર્શ્વપ્રભુ બોલ્યા: રાજન્ ! પાંખડીઓની દેશના તેમજ તે-ઓના કથિત માર્ગે ચાલનાર મનુષ્યોનો સમાગમ ભીમકુમારની માફક બહુ દુ:ખદાયક થાય છે. તદ્યથા–કપિશીર્ષક (કાંગરાઓ) રૂપી બહુ પત્રોવડે યુક્ત, જૈન મંદિર રૂપી પરાગવડે વિભૂષિત, ગુણીજનોના વિશેષ ગુણરૂપી સુગંધવડે મનોહર અને પૃથ્વીરૂપી સરોવરને અલંકારભૂત, કમળ સમાન કમલપુર નામે નગર છે. તેમાં વૈરીરૂપ હસ્તિઓના સમૂહને વિદારવામાં સિંહસમાન જંગ-દ્વિખ્યાત મહા પરાક્રમી હરિવાહન નામે રાજા હતો. દ્વિતીયાના ચંદ્ર સમાન નિષ્કલંક છે શરીરરૂપી લતા જેની અને શ્રેષ્ઠ ગુણ (દોરા–દયાદિ ગુણ) વડે વિભૂષિત માલતી પુષ્પોની માલાની માફક માલતી નામે તેની સ્ત્રી હતી. પૂર્વ દિશા જેમ સૂર્ય બિંબને પ્રગટ કરે છે તેમ માલતી રાણીએ ઉત્તમ સ્વપ્નથી સૂચિત શ્રેષ્ઠ લક્ષણ સહિત, મહા પ્રતાપી અને સુંદર કાંતિના ખજાના રૂપ સત્પુત્રનો જન્મ આપ્યો. અનુક્રમે બાર દિવસ થયા એટલે માતા પિતાએ સર્વ જનોનો સત્કાર કરી મહોત્સવ પૂર્વક પ્રાચીન પુરૂષોના ક્રમ પ્રમાણે ભીમકુમાર એવું તેનું નામ પાડયું.

અનુક્રમે ભીમકુમાર દેહ અને કાંતિ સાથે સમસ્ત કળા

ભીમકુમાર.

એના અભ્યાસમાં શુકલ પક્ષના ચંદ્ર સમાન વધવા લાગ્યો. કુમારને જોઇને લોકોનાં હૃદય તથા નેત્ર આનંદમય વર્તવા લાગ્યાં. વળી બુદ્ધિલ નામે હરિવાહન રાજાનો મંત્રી છે, તેનો બુદ્ધિસાગર નામે પુત્ર, સમાનવયનો હોવાથી તે ભીમકુમારનો ખાસ મિત્ર હતો. પરસ્પર તે બન્ને જણા અભેદ દૃષ્ટિએ બાળક્રીડા કરવામાં સમય વ્યતીત કરતા હતા. એક દિવસે પ્રભાતના સમયે પોતાના ભવનમાંથી નીકળી બુદ્ધિસાગર સહિત ભીમકુમાર રાજસભામાં ગયો અને રાજાના ચરણકમલમાં પ્રણામ કર્યો. રાજાએ પણ પ્રેમપૂર્વક આલિંગન કરી પોતાના ખોળામાં કુમારને ક્ષણ માત્ર બેસાડયો, પશ્ચાત્ ત્યાંથી ઉઠી યોગ્ય આસન ઉપર બેસી કુમાર પોતાના સુકોમલ હસ્તવડે વિનય પૂર્વક નરેંદ્રના ચરણ પોતાના ખોળામાં સ્થાપન કરી સેવા કરવા લાગ્યો. વિશેષ ભક્તિમાં નિમગ્ન થઇ પિતાના મુખારવિંદમાંથી નિકળતા ઉપદેશ રસનું તે પાન કરતો હતો તેટલામાં ઉદ્યાનપાલક ત્યાં આવી નરેંદ્રને વિનતિ કરવા લાગ્યો, દેવ ! સમસ્ત ઇંદ્રો વડે સેવાતા એવા અરવિંદ મુનીંદ્ર પોતાના શિષ્ય ગણ સહિત કુસુમાકર ઉદ્યાનમાં પધાર્યા છે.

અરવિંદ મુનિ.

તે સાંભળી રાજા અત્યંત વિસ્તાર પામતા હર્ષ રૂપી તરંગોથી રોમાંચિત થઇ ગયો. અને મુકુટ સિવાય સર્વ આભરણો વનપાલને અર્પણ કર્યાં. તેમજ બહુ ઉમંગથી તત્કાળ સામંત, મંત્રી વિગેરે પરિવાર સહિત રાજા વંદન કરવા ચાલ્યો પાંચ પ્રકારના અભિગમપૂર્વક મુનીંદ્રના સ્થાનમાં તેઓ ગયા. ત્યાં અપૂર્વ સૂર્યબિંબની માફક તીવ્ર તપશ્ચર્યાના તેજથી દેદીપ્યમાન, દર્શન માત્રથી સંતાપને હરણ કરનાર, ભવિક રૂપી કુમુદ વૃંદને વિક-

યક, અનેક પ્રાણીઓને આનંદદાયક, પૂર્ણચંદ્રની માફક નિષ્કલંક, તેમજ કુટિલતા રહિત, જ્ઞાન, દર્શન તથા ચારિત્રાદિક નિર્મલ ગુણ રત્નોથી પરિપૂર્ણ, વળી અત્યંત ગંભીર અને ક્ષાર તથા જડપણાના દોષથી વિમુક્ત એવો જાણે અપૂર્વ સમુદ્ર હોય ને શું ? એવાં સૂરિશ્વરનાં દર્શન કરી રાજાએ ત્રણ પ્રદક્ષિણા પૂર્વક અભિવંદન કર્યું. એટલે સૂરિએ પણ શિવસુખદાયક ધર્મલાભ આપ્યો. રાજા બહુ વિવેકી હોવાથી પોતાના પરિવાર સહિત ઘણો દૂર તેમજ બહુ નજીક નહી તેવી રીતે બેઠો.

ગુરૂદેશના. ગુરૂ મહારાજે વિશુદ્ધ ધર્મદેશનાનો પ્રારંભ કર્યો. પ્રચંડ કર્મ રૂપી જલતરંગોથી વ્યાકુલ, આપત્તિ રૂપ મ્હોટા આવર્તોથી વ્યાપ્ત, સેંકડો દુઃખ રૂપી કાચબાઓ તથા માત્સર્ય રૂપી મગર મચ્છોના પુચ્છ વિલોડન વડે ભયંકર, અને ઇંદ્રિયો તથા કષાયથી દુષિત થયેલ મનોવૃતિ રૂપી પ્રચંડ પવન વડે દુસ્તર એવા આ ભવસાગરમાં જીવને મનુષ્યભવ રૂપી રત્ન મહાકષ્ટવડે પ્રાપ્ત થાય છે. તેમાં પણ એકસોને સાઠ વિજય છે અને ભરત તથા એરાવત દશ છે. એમ બન્ને મળી એકસોને સીત્તેર ક્ષેત્રો છે. તે દરેક ક્ષેત્રોના છ છ ખંડો છે, તેમાં પાંચ ખંડ અનાર્ય અને ફક્ત છઠ્ઠો ખંડજ આર્ય હોય છે. તે આર્યખંડમાં સાડી પચીશ દેશ માત્ર આર્ય છે. તે દેશોમાં પણ રાજ્યાંતર પર્વત દુર્ગ અને વનમાં વાસ કરતા જનો અને મિથ્યાત્વીઓ પ્રાયે સામગ્રીના અભાવથી અધર્મીજ હોય છે. હવે ધાર્મિક પ્રદેશોમાં પણ ચાંડલાદિક અસ્પૃશ્ય જાતિઓમાં ધર્મોપદેશક ગુરૂઓનો સમાગમ બહુ ઓછો હોય છે વળી સ્પૃશ્ય જાતિઓમાં પણ અધર્મિ અને પાખંડિ કુલોમાં જન્મેલા પ્રાણીઓ ધર્મપ્રવર્ત્તક ગુરૂઓને સેવતા નથી. તેમજ સત્કુલમા ઉત્પન્ન થએલ કેટલાક પ્રાણીઓ ભયંકર

આકૃતિવાળા હોય છે. કે જેઓનું દર્શન પણ અયોગ્ય થઇ પડે છે. તો તેઓને ધર્મ શ્રવણ ક્યાંથી થાય ? તેમજ કેટલાક ઉત્તમ આકૃતિવાળા હોય છે; પરંતુ તેઓમાં કેટલાકને અનેક પ્રકારના વ્યાધિઓ પીડે છે. જેથી ધર્મશ્રવણ કરવામાં તેઓની બુદ્ધિ સ્થિર થતી નથી. વળી નરક સમાન ગર્ભાવાસમાં અસહ્ય દુઃખો સહન કરી કેટલાક પ્રાણીઓ પાપજન્ય પરિણુતિને લીધે બાલ્યાવસ્થામાંજ ઉન્માર્ગે ચાલનારા થાય છે. મંદ ભાગ્યને લીધે તેઓ કૃત્યાકૃત્યનો વિવેક પણ જાણુતા નથી. જ્ઞાનિ પુરૂષોએ તેઓને ધર્મશ્રવણુનો લાભ બહુ દુર્લભ કહ્યો છે. વળી આળસ, મોહ, માન, ક્રોધ, પ્રમાદ, કૃપણુતા, ભય, શોક, અજ્ઞાન, વિક્ષેપ, કોતુહલ વિગેરે અનેક કારણોને લીધે અત્યંત દુર્લભ એવો આ મનુષ્યભવ પામીને પણ જીવાત્મા સંસાર તારક અને હિતકારક ધર્મ દેશનારૂપી અમૃતનું પાન કરતો નથી. સદ્દગુરૂએ પાયેલું તત્ત્વાર્થરૂપી અમૃત જેઓ વમન કરી કાઢી નાખે છે તેવા મિથ્યાભિનિવેશના આડંબરીઓમાં ધર્મશ્રદ્ધાની પરિણુતિ ક્યાંથી હોય ? તેમજ મંદ સત્ત્વવાળા પ્રાણીઓને સંયમ પ્રાપ્તિ બહુ દુર્લભ છે. સંયમ પ્રાપ્ત કર્યા પછી વૈરાગ્ય પણ દુર્લભ છે. જે વૈરાગ્યથી અનંત ભવમાં ઉપાર્જન કરેલાં દુઃખોનો ક્ષય કરનાર મોક્ષ પણ સુલભ થાય છે. માટે હે ભવ્ય પુરૂષો ! તમને ધર્મશ્રવણ કરવાની આ ઉત્તમ સામગ્રી પ્રાપ્ત થઇ છે, તેથી ઉત્તર ગુણોમાં સાવધાન થઇ ઉદ્યમ કરો અને આ ઇંદ્રિય પટુત્વાદિક સર્વ સાધન સામગ્રી સફલ કરો. હે દેવાનુપ્રિય ! દુસ્તર ભવસાગર તરવાને ઉદ્યુક્ત થાઓ, જો જૈન દીક્ષારૂપી નોકાનો આશ્રય કરો તો તમે જલદી આ સંસાર સાગર તરી જશો. કદાચિત્ દીક્ષા લેવાની શક્તિ ન હોય તો સમ્યકત્વ મૂલ ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કરો. જેથી કરીને અનુક્રમે ભવ સમુદ્રનો પાર પામશો. તે સાંભળી

ભાલસ્થલમાં અંજલિ જોડી હરિવાહનરાજા બોલ્યો, નાથ! હાલ યતિધર્મ પાળવામાં હું અશક્ત છું, માટે જો મ્હારી યોગ્યતા હોય તો મ્હને ગૃહિધર્મ આપો. ગુરૂ મહારાજે તેની શુદ્ધવૃત્તિ જોઈ ઉત્તમ વિધિ સહિત અણુવ્રતાદિકના નિયમો આપ્યા. ત્યારબાદ કેટલાક ભવ્યજનોએ સર્વ વિરતિ ધર્મ સ્વીકાર્યો. કેટલાક લોકોએ દેશવિરતિ ધર્મ સ્વીકાર્યો. તેમજ કેટલાક જનોએ સમ્યક્ત્વ માત્ર ધર્મ અંગીકાર કર્યો. પોતાના મિત્ર સહિત ભીમકુમારે પણ અતિચાર રહિત સમ્યક્ત્વવ્રત ગ્રહણ કર્યું, ત્યારબાદ સમસ્ત ભવ્યજનો મુનીંદ્રને નમસ્કાર કરી પોતાના સ્થાનમાં ગયા. આ પ્રમાણે દૃઢ સમ્યક્ત્વ ધારણ કરી ભીમકુમાર પોતાના મિત્ર સહિત દેવાર્ચનાદિક ધર્મ કાર્યમાં સમય વ્યતીત કરવા લાગ્યો અને હંમેશાં મુનિઓનો સમાગમ કરી સમ્યક્ત્વના અતિચાર સાંભળવા લાગ્યો.

કાપાલિકનું આગમન.

એક દિવસે મિત્ર સાથે ભીમકુમાર પોતાના ભવનમાં બેઠો હતો અને સૂરીશ્વરના ગુણોનું વર્ણન કરતો હતો. તેવામાં ત્યાં દ્વારપાલ આવ્યો, નમસ્કાર કરી વિનતિ કરવા લાગ્યો કે દેવ? કંઠમાં નરરૂંડમાલા પ્હેરી કોઈ વૃદ્ધ કાપાલિક દ્વારમાં ઉભો છે અને તે આપનાં દર્શન કરવા બહુ આતુર છે. 'બહુ સારૂં જલદી મોકલ' એમ આજ્ઞા થવાથી દ્વારપાલે તત્કાલ તે કાપાલિકને પ્રવેશ કરાવ્યો. આશીર્વાદ રૂપી ભેટ આપી તે નીચે બેઠો અને બોલ્યો કે હે કુમાર? ક્ષણમાત્ર મ્હારે આપની સાથે એકાંતમાં વાત કરવાની છે. કુમારે ભ્રકુટીના સંચારથી પોતાના પરિવારને દૂર કર્યો એટલે કાપાલિકે કુમારને પ્રાર્થના કરી કહ્યું; કે મ્હારી પાસે ભુવનક્ષોભણી નામે વિદ્યા છે, તેની પૂર્વ સેવા મ્હેં બાર વર્ષ સુધી કરી છે, પણ હાલમાં વિધિ પૂર્વક તેની ઉ-

ત્તર સેવા કરવાની બાકી રહી છે. તેથી કાળીચૌદશની રાત્રિએ શ્મશાનભૂમિમાં જઇ ઉત્તમ પરાક્રમી એવા તમને ઉત્તર સાધક કરી આ કાર્યની સિદ્ધિ કરવા મ્હારી ઇચ્છા છે. વળી તે કૃષ્ણ ચતુર્દશી આજથી દશમે દિવસે છે, માટે જરૂર ત્હારી સહાયથી તે વિદ્યા મ્હને સિદ્ધ થશે. કુમાર બોલ્યો—અસાર એવા આ શરીરવડે કોઇનો પણ જો ઉપકાર કરાય તો એથી અન્ય શું બાકી રહ્યું ? એમ કહી કુમારે તેનું વચન માન્ય કરી કહ્યું કે હે કાપાલિક ? આનંદથી તમે તમ્હારા સ્થાનમાં જાઓ, તે સાંભળી કાપાલિક બોલ્યો, હે સત્પુરૂષ ! આપની આજ્ઞા હોય તો ચૌદશ સુધી હું આપની પાસે રહું. કુમાર બોલ્યો—બહુ સારૂં. ત્યાંસુધી અહીં રહેશો તેમાં અમને કોઇ પ્રકારની અડચણ નથી. ત્યારબાદ કાપાલિક નિરંતર કુમારની પાસે રહે છે અને શયનાદિક પણ પાસેજ કરે છે.

મંત્રીસુત બુદ્ધિસાગર.

તે જોઇ મંત્રી પુત્ર બોલ્યો—કુમાર ? આ પાખંડી અહીં શા માટે રહ્યો છે ! કુમાર બોલ્યો, કંઇ કાર્ય માટે તે આવ્યો છે તો ભલે રહે, તેમાં આપણને શી હરકત છે ? મંત્રીસુત બોલ્યો—એનાથી આપણું શું કાર્ય થાય તેમ છે ? જેની સાથે આલાપ માત્ર પણ અનુચિત છે તેમજ ક્ષણમાત્ર પણ એનો પરિચય સમ્યક્ત્વને મલિન કરનારો છે. માટે હે કુમાર ! કૃપા કરી એ પાખંડીને કાઢી મૂકો. કારણકે આ જગતમાં રાજ્ય, વિદ્યા, ધન અને ધાન્ય વિગેરે સર્વ સંપત્તિઓ સુલભ છે. પરંતુ એક નિરતિચાર સમ્યક્ત્વ દુર્લભ છે. વળી જેમ પર્વતોમાં સુમેરૂ, દેવોમાં ઇંદ્ર, ગ્રહોમાં ચંદ્ર અને પૂજ્ય દેવોમાં જીનેંદ્ર ભગવાન્ તેમ સર્વ ધર્મોમાં સમ્યક્ત્વ વ્રત ઉત્તમ છે. તેમજ જે મનુષ્ય જન્મ તેજ જન્મ, જેમાં ઉત્તમ પ્રકારનો ધર્મ હોય તે મનુષ્ય જન્મ, અને જેમાં સદાકાળ નિશ્ચલ સમ્યક્ત્વ રહ્યું હોય તેજ

ધર્મ કહેવાય. વળી તે ધર્મ નિરતિચાર હોય તોજ તે સમ્યકત્વ નિશ્ચલ ગણાય. માટે જો તમ્હારે નિશ્ચલ સમ્યકત્વ પાળવું હોય તો આ પાખંડી કાપાલિકનું દર્શનમાત્ર પણ છોડી દો ! દુર્જનનો સંગ જો કે પ્રથમ મધુર લાગે છે, પરંતુ પરિણામે તે કાલકૂટવિષથી પણ અધિક દુઃખદાયક થાય છે. તે સાંભળી કુમાર બોલ્યો—દાક્ષિણ્યતાને લીધે મ્હેં તેનું વચન સ્વીકારેલું છે માટે મ્હારાથી તેનું કાર્ય કર્યા સિવાય તેનો ત્યાગ નહીં થઈ શકે. વિષધર (સર્પ) ની ફણામાં પણ રહેલો મણિ શું વિષશક્તિને નથી હરતો ? મંત્રીસુત બોલ્યો, જો આપ પ્રતિજ્ઞા પાળવામાં દઢ નિશ્ચયવાળા હો તો પ્રથમ અંગીકાર કરેલું સમ્યકત્વ વ્રત નિરતિચાર પાળો. વળી તમોએ જે વિષધર મણિનું દષ્ટાંત આપ્યું તે અહીં લાગુ પડતું નથી; કારણકે તે સર્પનો મણિ અભાવુક દ્રવ્ય છે. એટલે ત્હેને અન્ય પદાર્થની ભાવના લાગી શકતી નથી, અને જીવ એ ભાવુક દ્રવ્ય છે, તેથી ત્હેને સંગ દોષ લાગે છે, માટે આ દષ્ટાંત યથાર્થ વિચારતાં અહીં અનુપયોગી છે. એમ અનેક યુક્તિઓથી મંત્રી સુતે તેને બહુ સમજાવ્યો; પરંતુ દક્ષિમાનના અસત્ય આવેશમાં કુમારે તે પાખંડીને છોડયો નહીં.

સાધનાનુષ્ઠાન.

એમ કરતાં અનુક્રમે કાળીચોદશ આવી. મધ્યરાત્રી થઈ એટલે કાપાલિકના કહ્યા પ્રમાણે કુમાર તૈયારી કરવા લાગ્યો. બહુ કોમલ અને સૂક્ષ્મ એવું વસ્ત્ર દઢ ગાંઠ વાળીને પ્હેરી લીધું, માલ્યથંથિ વડે કેશપાશ બાંધ્યો અને હાથમાં ચળકતો ખડ્ગ લઈ ગુપ્ત રીતે પોતાના સ્થાનમાંથી બહાર નીકળી હાટપંજરોથી મહાભયંકર સ્મશાનભૂમિમાં કાપાલિકની સાથે તે ગયો. ત્યાં ગયાબાદ કાપાલિક ઝડપથી એક મંડલ ખેંચી તેની અંદર પોતાના ઇષ્ટદેવનું પૂજન

કરી કુમારની શિખા બાંધવા માટે ઉભો થયો. તેટલામાં કુમાર બોલ્યો–હે મહાભાગ! પોતાનું પરાક્રમ એજ હું શિખાબંધ માનું છું, તેથી તમે તમ્હારૂં કાર્ય નિર્ભયચિત્તે કરો. એ પ્રમાણે કાપાલિકને કહી ખેંચેલી તરવારરૂપી ચંચળ જીહ્વાવડે ભયંકર અને સાહસકાર્યમાં રસિક એવો સિંહ સમાન તે કુમાર કાપાલિકની પાસે સાવધાન થઈ ઉભો રહ્યો છે, કાપાલિકે કુમારનો કેશપાશ છુટો જોઈ પરાક્રમથી હાલ એનું મસ્તક ઉઠાવી લઉ છું, એમ વિચાર કરી તેણે હસ્તમાં મ્હોટી તરવાર લીધી. અને આકાશ સમાન પોતાનું સ્વરૂપ પ્રગટ કરી કૂપ સમાન કાન ફુલાવી બહુ વિકટ ગર્જના કરવા લાગ્યો. કૂર્માવતારે (કાચબાએ) પૃથ્વીના બહુ ભારને લીધે વિશ્રાંતિ માટે પોતાનો પૃષ્ટ ભાગ ફેરવ્યો હોય ને શું ? કિંવા વજ્રના પાતથી ગિરીંદ્ર ભેદાયો હોયને શું ? એવો તે દેખાવા લાગ્યો. શું આ ગંભીર શબ્દ દેવહસ્તિઓનો હશે ! અથવા શું અચિંત્ય મેઘગર્જના થઇ ? અથવા શું દિગ્ગજોએ ધરણેંદ્રની ફણાઓ પીલી નાખી ? કિંવા પર્વતોપર તટ્તટ્ શબ્દ કરતી શું વીજળી પડી હશે ? એ પ્રમાણે કાપાલિકનો ગર્જારવ સાંભળી વિસ્મય પામેલા દેવતાઓ વિચાર કરવા લાગ્યા. તેમજ રંભા વિગેરે અપ્સરાઓ ભયભીત થઈને હે સુરેંદ્ર! રક્ષણ કરો! રક્ષણ કરો ! ! એમ પ્રાર્થના કરવા લાગી. હવે કાપાલિકના હસ્તમાં રૂધિરથી ખરડાએલી તરવાર બહુ લાંબી યમજીહ્વા સમાન ભયંકર ચળકી રહી છે, તેની અંદર તે કાપાલિકનું પ્રતિબિંબ દેખાય છે, તે જાણે કુમારના વધ માટે પ્રગટ કરેલું તેનું બીજું સ્વરૂપ હોયને શું ? તેમ દીપે છે. આ પ્રમાણે તેનું ચેષ્ટિત કુમારના જાણવામાં આવ્યું, એટલે હસ્તિયોના ટોળા પ્રત્યે કોપાયમાન થયેલા સિંહસમાન અને દૃઢ ધૈર્યવાન્ કુમાર પણ યમજીહ્વા સમાન પોતાનો ખડ્ગ તૈયાર કરી ઉભો રહ્યો છે.

કાપાલિકનું કપટ.

તેટલામાં કાપાલિક બોલ્યો— રે ! ! બાળ ! હવે તું મ્હારા સકંજામાં આવી પડ્યો છે, એટલે તું ક્યાં જઇશ ? હું જાણું છું કે ત્હારી પ્રકૃતિ બહુ ચંચલ છે, તેથી ક્ષણમાત્રમાં ત્હારૂં મસ્તક છેદીને મ્હારા હાથમાં લઇશ. વળી જો મ્હારા વચનથી તું પોતેજ ત્હારૂં મસ્તક છેદી મ્હને અર્પણ કરે તો તું જન્માંતરમાં સુખી થઇશ. કુમાર બોલ્યો–રે ! પાખંડિ ! ચાંડાલ ! નિર્દય ! ભાગ્યહીન ! મૂર્ખ ! જે વિશ્વાસી જનોના મસ્તકોની આ ત્હેં માળા પ્હેરેલી છે, તેઓની વૈરશુદ્ધિ પણ આજે હું ત્હારૂં મસ્તક છેદીને કરવાનો છું. તે સાંભળી બહુ કોપાયમાન થઇ કાપાલિકે કુમાર ઉપર ખડ્ગવડે પ્રથમ પ્રહાર કર્યો, કુમાર-પણ નિપુણતાથી પોતાના ખડ્ગવડે તેનો બચાવ કરી એકદમ તેના ખભા ઉપર ચઢી ગયો. અને વિચાર કરવા લાગ્યો કે હાલજ ખડ્ગવડે આ પાપીના બે વિભાગ કરૂં; પરંતુ કપટથી પણ એણે મ્હારી સેવા સ્વીકારી છે, તેમજ બહુ શક્તિમાન્ પણ છે માટે કોઇપણ ઉપાયે જો આ ધર્મમાર્ગમાં આવી જાય તો જૈનશાસનનો ઉદ્યોત કરશે, એમ જાણી કુમાર તેના મસ્તકપર મુષ્ટિના પ્રહાર કરવા લાગ્યો, એટલે કાપાલિક પણ બહુ ઝડપથી તેને ખડ્ગ મારવા લાગ્યો અને જેટલામાં હસ્તવડે કુમારને પકડવા જાય છે, તેટલામાં કુમાર તેના વિશાલ કાનમાં પ્રવેશ કરી હાથમાં ખડ્ગ લઇ પર્વતની ગુફામાં સિંહની માફક વિરાજમાન થયો. ડુક્કર પોતાની દાઢાઓથી જેમ પૃથ્વી ખોદે છે તેમ કુમાર તીક્ષ્ણ નખના પ્રહાર વડે ખર ખર તેના કાન ખોતરવા લાગ્યો. ગંડસ્થળ ઉપર બેઠેલા સિંહના ત્રાસથી હાથી જેમ અશ્રાવ્ય ચીસ પાડે તેમ કાનની વેદનાને લીધે તે બહુ રૂદન કરવા લાગ્યો. ત્યારબાદ કોઇ યુક્તિથી તેણે મહા કષ્ટવડે કુમારને કાનમાંથી બહાર ખેંચી

કાઢી તેના બે ચરણ પકડી આકાશમાં ઉછાળ્યો. નીચે પડતો તે કુમાર દૈવયોગે એક યક્ષિણીના જોવામાં આવ્યો એટલે તરતજ તેણીએ પોતાના કરસંપુટમાં તેને ઝીલી લઈ પોતાના મંદિરમાં લઈ ગઈ. જે મંદિર ઉંચાઇમાં હિમાલયના શિખરને ઉલ્લંઘન કરે છે. વિસ્તારમાં નાગેંદ્રના ભવનનો પરાજય કરે છે. વળી જેની અંદર રાત્રીએ પદ્મરાગ મણિઓની કાંતિથી અરૂણોદયની શંકા કરતી દેવીઓ પ્રભાતનાં કાર્ય કરે છે. તેમજ સ્ફટિક રત્નોમાં પડેલાં પોતાનાં પ્રતિબિંબ જોઈ કેટલીક દેવીઓ સપત્ની (શોક્ય) ની શંકાવડે પોતાના સ્વામીને ઈર્ષ્યાદૃષ્ટિથી જુએ છે. એવા તે અલૌકિક ભવનમાં મણિ રત્નોથી જડેલા ઉત્તમ સિંહાસન ઉપર કુમાર પોતાને બેઠેલો જોઈ પોતાના મનમાં વિસ્મિત થયો છતો વિચાર કરવા લાગ્યો, અહો ! આ શું ? સ્વપ્ન કિંવા કોઇ દેવમાયા છે ? એમ વિતર્ક કરવા લાગ્યો.

યક્ષિણી.

તેટલામાં યક્ષિણી દેવી હાથ જોડી કુમારની આગળ આવી અને બોલી કે " મહાશય ? આ વિંધ્યાચલ નામે મ્હોટો પર્વત છે. તેમાં વિંધ્યા [illegible] નામની આ અટવી પણ સર્વ જગતમાં પ્રસિદ્ધ છે. તેમજ આ વિંધ્યગિરિની પાસમાં વૈક્રિયિક લબ્ધિથી રચેલું આ મ્હારૂં મંદિર છે, તેમાં હું ક્રીડા કરવા હમેશાં રહું છું. [illegible] કમલાક્ષા નામે હું યક્ષિણી છું. મ્હારા પરિવાર સાથે નિરંતર સ્વેચ્છા પ્રમાણે અહીં વાસ કરવામાં મ્હને બહુ આનંદ રહે છે. વળી આજે હું અષ્ટાપદ પર્વત ઉપર યાત્રા માટે ગઈ હતી, ત્યાંથી [illegible] વળતાં મ્હેં તમને કાપાલિકે આકાશમાં ઉછાળેલા જોયા, એટલે [illegible] પ્રયત્નથી મ્હેં તમને નીચે પડતા વચમાં મ્હારા કરસંપુટમાં [illegible] લીધા, અને અહીં બેસાર્યા છે. [illegible] કામદેવના [illegible] [illegible]

હે સત્પુરૂષ ! મ્હને આનંદ આપો. આ સમસ્ત પરિવાર પણ આપની સેવામાં હાજર રહેશે. મ્હારી ઉપર પ્રસન્ન થાઓ અને મ્હારી સાથે અહિં વિષયસુખ ભોગવો. ” એ પ્રમાણે યક્ષિણીનું વાક્ય સાંભળી કંઇક હસતે મુખે કુમાર બોલ્યો, અહો ! કામદેવનાં બાણ ઘણાં દુઃસહ છે. જેનાથી અમારા સરખા અણુજ્ઞ લોકો તો દૂર રહ્યા, પરંતુ તમ્હારા સરખા વિબુધજનો પણ આ પ્રમાણે વિષય વાસનામાં રાચી રહ્યા છે, કામને વશ થએલા જીવાત્માઓ હિત કિંવા અહિતને પણ જાણતા નથી. તેમજ ધર્મશ્રવણ તો કરતા જ નથી. કાર્ય અને અકાર્યનું જ્ઞાન પણ હોતું નથી. અપયશને બીલકુલ ગણતા નથી, યુક્ત અને અયુક્ત જાણવામાં સર્વથા કામી પુરૂષો અશક્ત હોય છે. વળી વિષય મોહમાં આસક્ત થએલા જીવાત્માઓ માદક (મદીરા પાન કરનાર) માણસની માફક નિર્મર્યાદિત પગલું ભરે છે. કમલપત્ર પર રહેલા જલબિંદુ સમાન ચંચળ અને પારણામે અતિવિર એવા વિષય સુખમાં લુબ્ધ થએલો પ્રાણી પર્યંતમાં હિમાલયના શિખર સમાન ઉત્તુંગ દુઃખ પરંપરાઓ પોતાને અવશ્ય ભોગવવી પડશે તે જાણતો નથી. અત્યંત દુઃસ્થિત (ખડ્ગ ધારા ઉપર રહેલા) એવા મધુ રસના ચાટવા સમાન વિષયસુખ ભોગવતો જીવ ભાવી દુઃખ જાણતો નથી કે આયુષરૂપી સ્તંભ તુટી પડવાથી અધોગતિમાં જવું પડશે અને જેની અંદર દુઃસહ દુઃખ સાગર ઉતરવો પડશે. જેમાં ક્ષણમાત્ર પણ વિશ્રાંતિ દુર્લભ છે. વળી દુઃખની શાંતિ માટે વિષય સુખના આભાસરૂપી દુઃખમાં કયો બુદ્ધિમાન્ પુરૂષ પ્રીતિ કરે ? જેથી અનેક દુઃખ ભોગવવાં પડે. જેમ તરૂણ સૂર્યના તાપથી તપી ગએલો માણસ વૃક્ષની છાયામાં ઉભો રહી તાપ નિવૃત્ત થવાથી સુખ માને છે. વળી ઘણા ઠંડા પવનથી સર્વાંગે પીડાતો પુરૂષ બળતા અગ્નિના

તાપથી ઉષ્ણતા અનુભવતો છતો સુખ જાણે છે. તેમજ બહુ જઠરાગ્નિનાં બળથી ક્ષુધાર્ત્ત મનુષ્યો ભોજન કરી ક્ષણમાત્ર ક્ષુધા શાંત થવાથી સુખ માને છે, પરંતુ પરિણામે તે ખાધેલું અન્ન વિષ્ઠારૂપ થઈ બહુ પીડા કરે છે અને તેનો ત્યાગ કરવાથી પુનઃ ક્ષુધા વેદના અત્યંત દુઃખદાયક થાય છે. તે પ્રમાણે વિષય સુખ પણ દુઃખરૂપજ છે; કારણકે દુઃખની શાંતિમાં સુખાભાસ થાય છે. જેમ ધત્તૂરાના રસનું પાન કરનારને સર્વ વસ્તુ સુવર્ણમય દેખાય છે. તેમ મોહથી અંધ બનેલા પ્રાણીઓને વિષયરસ પણ સુખ રૂપ ભાસે છે. જેમ નખવડે ખણવાથી ખસનો વ્યાધિ શાંત થતો નથી પરંતુ ઉલટો વૃદ્ધિ પામે છે, તેમ વિષય સેવનથી વિષય તૃષ્ણા વૃદ્ધિ પામે છે; પરંતુ ક્ષીણ થતી નથી. અન્ય સ્થળે પણ કહ્યું છે કે—

न जातु कामः कामाना–मुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव, भूय एवाऽभिवर्द्धते ॥

અર્થ—"વિષયોનો ઉપભોગ કરવાવડે કોઈ દિવસ વિષય તૃષ્ણા શાંત થતી નથી, પણ ઘી હોમવાથી અગ્નિની માફક તે ઉલટો વૃદ્ધિ પામે છે." માટે હે દેવિ ? હાલમાં તું દુઃસહ દુઃખના હેતુ ભૂત વિષય ભોગની ઇચ્છાનો ત્યાગ કર અને જીનેંદ્રભગવાનની વિશેષ પ્રકારે ભક્તિ કર, તેમજ તમારા પ્રરૂપેલા ધર્મની આરાધના કરવામાં તત્પર થા અને તેથી મ્હારું સર્વ કાર્ય સિદ્ધ થશે. યક્ષિણી બોલી, હે કુમાર ? હાલ મ્હારી પ્રીતિ માત્ર ત્હારા ઉપરજ છે. કારણકે આ પ્રમાણે આપના ઉપદેશથી મ્હારી મનોવૃત્તિ વિષય રહિત થઈ ગઈ છે. આપે જેવી રીતે એકાંત દુઃખ દાયક વિષયસુખનું સ્વરૂપ વર્ણવ્યું, તે પ્રમાણે વર્ણન કરવા બૃહસ્પતિ સમાન બીજો કોઈ પણ સમર્થ થાય નહીં. આપના પ્રસાદવડે આજથી મ્હેં [illegible]

ત્યાગ કર્યો, તેથી મ્હને પણ જન્માંતરમાં સર્વ સુખમય મોક્ષ ધામ દુર્લભ નહીં થાય. તેમજ આપને વિષે મ્હારી ઉત્તમ ભક્તિ છે. વળી હે સ્વામિન્ જે જીનેશ્વર ભગવાન્ તમ્હારા પૂજ્ય છે તેજ ભગવાન્ મ્હારા પણ જીવન પર્યંત શરણ થાઓ. એ પ્રમાણે અત્યંત વૈરાગ્ય ભાવથી પ્રગટ થએલી ભક્તિમાં લીન થઈ તે કંઈક બોલવા વિચાર કરતી હતી તેટલામાં અતિ મનોહર પ્રબંધ રૂપી સમૃદ્ધિથી વ્યાપ્ત સિદ્ધાંત વચનોનો મધુર નાદ કુમારના સાંભળવામાં આવ્યો. તેથી કુમારે દેવીને પૂછ્યું કે શું અહીં કોઈ અભ્યાસ કરે છે ! યક્ષિણી બોલી, સ્વામિન્ ! આ વિંધ્યાચલની મ્હોટી ગુહામાં મહા મુનિઓ ચાતુર્માસ કરતા રહેલા છે, તેથી પોત પોતાનો વિશેષ સ્વાધ્યાય કરતા તે તપસ્વીઓનો આ મધુર નાદ સંભળાય છે. તે સાંભળી કુમાર બોલ્યો આ આકસ્મિક વાદળ વિનાની વૃષ્ટિ સમાન, તેમજ મરૂદેશમાં કમળથી સુશોભિત સરોવર સમાન ગણાય. કારણકે અહીં પણ મ્હને પુણ્ય યોગે ઉત્તમ સાધુઓનો સમાગમ થયો. તેથી હવે તો બાકીની રાત્રી તેઓના ચરણ કમળમાંજ હું વ્યતીત કરીશ. આ પ્રમાણે કુમારનો અભિપ્રાય જાણી અહીં ચાલો એમ બોલતી યક્ષિણી માર્ગ બતાવવા માટે આગળ ચાલી. કુમાર પણ તેની પાછળ ચાલવા લાગ્યો અને અનુક્રમે મુનિઓના આશ્રમમાં ગયો. વળી તે યક્ષિણીએ કુમારને કહ્યું કે હું પ્રભાતમાં પરિવાર સહિત મુનિઓનાં દર્શન કરીશ. એ પ્રમાણે રજા લઇ તે પોતાના સ્થાનમાં ગઈ, અને ત્યાં આગળ રહી સ્વસ્થ ચિત્તે કુમારના કહ્યા પ્રમાણે ધર્મધ્યાન કરવા લાગી.

મુનિદર્શન.

ગુહાની બહાર ઉભા રહેલા કુમારે પરિવાર સહિત મુનીંદ્રને જોયા. કેટલાક મુનિઓ નાના પ્રકારનાં આસનો વાળી બેઠેલા હતા. કેટલાક સ્વાધ્યાય ધ્યાનમાં સ્થિરવૃત્તિ કરી બેઠા :હતા. વળી

તેઓમાં કેટલાક ઉંચા હાથ કરી બેઠેલા હતા, તેઓ અહીં ધર્મ માટે કષ્ટ સહન કરતા મનુષ્યો ઉર્દ્ધ્વલોક મેળવે છે એમ જાણે જણાવતા હોયને ? વળી તેઓની ઉપેક્ષા કરી અન્ય તરફ દૃષ્ટિ કરી તો કેટલાક મુનિઓ એક પગ ઉંચો રાખી ઉભા રહ્યા છે. તેથી જાણે સ્વર્ગગમનની ઇચ્છાવાળા એવા તેઓ આકાશમાં ઉડવાનો અભ્યાસ કરતા હોયને શું ? એ પ્રમાણે દુષ્કર તપશ્ચર્યા કરવામાં બહુ ઉત્સુક બનેલા મુનિઓને જોઇ પાંચ પ્રકારના અભિગમ વડે ભીમકુમાર વિનયપૂર્વક ગુરૂ પાસે ગયો. અને વિતર્ક કરવા લાગ્યો કે કરૂણ દૃષ્ટિ વડે લોકોના નેત્રોને આનંદ આપવા માટે રાહુના ભયથી અરણ્ય વાસ કરવા આવેલો આ ચંદ્ર તો નહીં હોય ? એમ જાણી કુમારનાં સર્વ ગાત્ર રોમાંચિત થઇ ગયાં. ત્યારબાદ મુનીંદ્રને વંદન કર્યું, શેષ મુનિઓને પણ ભક્તિ સહિત વંદના કરી એટલે ગુરૂ મહારાજે ધર્મલાભ આપ્યો. પછી કુમાર ભક્તિ ભાવથી નમ્ર થઇ પૃથ્વી પર બેઠો ત્યારબાદ મુનિપતિએ ધર્મદેશનાનો પ્રારંભ કર્યો. ક્ષણમાત્ર ધર્મામૃતનું પાન કરી વિસ્મિત થઇ કુમાર યોગ્ય અવસર જાણી આદર સહિત પ્રણામ કરી બોલ્યો, મુનીંદ્ર ! આ અટવી બહુ ભયંકર છે તેમ છતાં આપ શસ્ત્ર વિના નિર્ભયપણે અહીં કેવી રીતે રહો છો ? વળી હમેશાં ભોજન પાણીની વ્યવસ્થા વિના શરીરનો નિર્વાહ કેવી રીતે કરો છો ? મને આ મોટું આશ્ચર્ય લાગે છે. એમ કહી કુમાર મૌન રહ્યો એટલે મુનિપતિ ઉત્તર આપવાનો વિચાર કરતા હતા, તેટલામાં કુમારે આકાશમાંથી નીચે ઉતરતું એક યુગલ જોયું.

તે યુગલ બહુ લાંબી અને [illegible] [illegible] જાણે આકાશ-
લક્ષ્મીના [illegible] [illegible] હોય ને શું !

વિદ્યાધર યુગલ. [illegible] [illegible], [illegible], અને [illegible],
[illegible] ઉપર [illegible] [illegible] [illegible]

કૃતિરૂપ કાલનાગિણી હોય ને શું ? રક્તચંદનથી લિપેલી, અતિ કઠિન ચંચળ તેમજ ભયંકર આકૃતિવાળી અને લંબાયમાન એવી યમરાજાએ પ્રગટ કરેલી જીહ્વા હોય ને શું ? તેમ તે ભાસવા લાગી, ક્ષણમાત્રમાં વિસ્મયકારક એવી તે ભુજા તેઓની પાસે આવી પહોંચી, નિર્ભયપણે મુનિઓ તથા કુમાર વિગેરે તે જોવા લાગ્યા. એટલામાં એકદમ કુમારની પાસે તે ભુજા આવી અને તેના હાથમાંથી ખડ્ગ ખુંચી લઈ, તરતજ તે ભુજા પશ્ચાત્ મુખે આકાશમાર્ગે પાછી વળી તે; જોઇ કુમારે વિચાર કર્યો કે આ હાથ આવો વિચિત્ર કોનો હશે ? તેમજ મ્હારો ખડ્ગ લઈ જઈને તે શું કરશે ? તે મ્હારે જોવું જોઇએ, માટે જેનો આ હસ્ત છે તેને હું પોતે જોઉ તો ખરો ? એમ જાણી બહુ કૌતુકી એવો તે કુમાર મુનિને નમસ્કાર કરી સિંહની માફક આકાશમાં ફાલ ભરી તે ભુજા ઉપર ચઢી બેઠો. તે જોઇ સમસ્ત મુનિઓને આશ્ચર્ય થયું. અતિ શ્યામ ભુજા પર આરૂઢ થએલો અને અનુક્રમે નભસ્તલમાં ગમન કરતો એવો તે કુમાર કાલિય નાગના પૃષ્ઠ પર સુતેલા કૃષ્ણની લીલાને વહન કરવા લાગ્યો. તેમજ સ્થિર અને સ્થૂલ ભુજારૂપી પાટીયાનું અવલંબન કરી વિશાલ નભસ્તલરૂપી સમુદ્રને તરતો કુમાર ભાગી ગએલા વ્હાણવાળા વણિકની તુલનાને ધારણ કરવા લાગ્યો. અનુક્રમે બહુ વૃક્ષ ઘટાઓ, અનેક પર્વતો અને નદીઓનું અવલોકન કરતો ભીમકુમાર નિર્ભય ચિત્તે ચાલતો હતો, તેવામાં ત્યાં એક કાલિકાદેવીનું મંદિર તેના જોવામાં આવ્યું.

ભયંકરદેવી. તે ભવન રૂધિરથી વ્યાપ્ત, ચરબીના સંસર્ગથી બહુ ભયંકર અને દરેક ઠેકાણે પડેલા માંસના ટુકડાઓથી જાણે રક્તપુષ્પોવડે પૂજીત હોય ને શું ? તેમ દેખાતું હતું. કુમારે તરતજ તેની અંદર પ્રવેશ કર્યો. ત્યાં જેણીએ પોતાના કંઠમાં મનુષ્યોના મસ્તકો

ની માળા પ્હેરેલી હતી, નેત્ર અને મુખની આકૃતિ વિકરાલ ભાસતી હતી, તેમજ મહિષ (પાડો) જેનું વાહન હતું, જેના શરીરનો દેખાવ બહુ ભયંકર હતો, જેના વક્ષસ્થળમાં મનુષ્યના આંતરડાઓનો હાર વિચિત્ર દેખાવ આપતો હતો, વીસ હસ્ત અને દરેક હાથમાં જેણે વિચિત્ર આયુધ ધારણ કરેલાં હતાં એવી મહા ભયંકર રૂપવાળી કાલિકાની મૂર્ત્તિ જોઇ; તેમજ તેની આગળ ઉભેલો મહાક્રૂર અને પ્રથમનો કપટ કરનાર એવો તે દુષ્ટ કાપાલિક કુમારની દૃષ્ટિગોચર થયો. વળી તે કાપાલિકના વામ હસ્તમાં એક સુંદર કાંતિમય પુરૂષ કેશવડે પકડેલો હતો. જે ભુજા ઉપર બેસી કુમાર આવ્યો હતો તે આ કાપાલિકનો જમણો હાથ હતો, કેશથી પકડેલા પુરૂષને જોઇ કુમારે વિચાર કર્યો કે આ પાપિષ્ઠ હવે હાથમાં પકડેલા પુરૂષને શું કરે છે ? એનું આ ચેષ્ટિત ગુપ્ત રહી મ્હારે જોવું તો જોઈએ. પછી જેમ ઉચિત લાગશે તેમ હું કરીશ. એમ વિચાર કરી કુમાર તેની ભુજા ઉપરથી ઝટ નીચે ઉતર્યો અને તેને ખબર ન પડે તેવી રીતે તે દુષ્ટની પાછળ સંતાઇને ઉભો રહ્યો. પોતાની દક્ષિણ ભુજા આવી કે તરતજ કાપાલિકે ભીમકુમારનો ખડ્ગ લઇ વામ હસ્તમાં પકડેલા પુરૂષને કહ્યું કે રે અધમ ? હવે તું ત્હારા ઇષ્ટદેવનું સ્મરણ કરી લે. કારણકે આ ખડ્ગવડે ત્હારૂં શિરઃકમલ છેદીને આ કાલિકાદેવીનું હું પૂજન કરીશ. પુરૂષ બોલ્યો, સર્વ જગત્‌ના જીવોના નિષ્કારણ બંધુરૂપ શ્રીમાન જીનેંદ્ર ભગવાન મ્હારે સર્વદા સ્મરણીય છે, તે સિવાય અન્ય કોઇપણ નથી. પરંતુ જીનેંદ્ર ભગવાનના ઉપાસક અને પરંપરાથી પ્રાપ્ત થએલા મ્હારા સ્વામી કે જે ભક્તજન ઉપર બહુ દયાળુ છે, તેમજ જેમની સાથે બાલક્રીડામાં આજસુધીનો સમય મ્હેં વ્યતીત કર્યો છે, વળી જેમણે મ્હને બહુ માન્ય તરીકે માનેલો છે, અને પ્રથમથીજ મ્હેં તેમને ના પાડી હતી તોપણ

તેમણે પાપિષ્ટ એવા તે કાપાલિકનો જે વિશ્વાસ રાખ્યો, તેથી તેમને પણ તે કોઈ અન્ય સ્થલે લઈ ગયો છે, જેથી મ્હારૂં હૃદય જેમનું સ્મરણ કરે છે એવો તે ભીમકુમાર આ સમયે મ્હારૂં શરણ થાઓ. તે સાંભળી કાપાલિક બોલ્યો, રે રે ! અધમ ! જેનું તું શરણ લે છે તે ત્હારો સ્વામી પ્રથમ પણ મ્હારા ભયથી નાશી ગયો હતો, અન્યથા હું તેના મસ્તકવડેજ કાલિકાદેવીનું પૂજન કરવાનો હતો, પરંતુ તે નહીં મળવાથી દેવીની પૂજા ત્હારા મસ્તકવડે કરવી પડશે. માટે હે મૂઢ ! તે કુમાર ત્હારૂં શરણ કેવી રીતે થશે ? રે રે ? ભાગ્યહીન ? ત્હારો સ્વામી વિંધ્યાચલની ગુફામાં જૈન મુનિઓની પાસે રહ્યો છે. એમ મ્હને કાલિકાદેવીએ કહ્યું છે, અને આ ખડ્ગ પણ ત્હારા સ્વામીના લક્ષણો સહિત તેની પાસેથીજ હું લાવ્યો છું. તેમજ આ ખડ્ગથીજ ત્હારૂં મસ્તક છેદવાનો છું. માટે ત્હારો સ્વામી અહીં આવી કેવી રીતે ત્હારૂં રક્ષણ કરશે ! જો ત્હેં આ દેવીનું સ્મરણ કર્યું હોત તો હુંજ ત્હારૂં રક્ષણ કરત. આ પ્રમાણે બન્નેનું વૃત્તાંત સાંભળી કુમારને બહુ ક્રોધ ભરાયો અને વિચાર કરવા લાગ્યો. હા ? કષ્ટની વાત છે કે બુદ્ધિસાગર મંત્રીને આ પાપી કાપાલિક કેમ દુઃખ દે છે, ? એમ જાણી સન્મુખ આવી કુમારે સિંહનાદ કર્યો, રે રે ? અધમ ? દુષ્ટ ? નિર્લજ્જ ? ત્હનેજ હવે યમરાજાનો અતિથિ કરી સજ્જનોને શાંત કરીશ. આ સાંભળી કાપાલિક મંત્રીને છોડી દઈ કુમાર તરફ વળ્યો, એટલે કુમારે કમાડના પ્રહારવડે તેના હાથમાંથી ખડ્ગ નીચે પાડયો, પછી તેના કેશ પકડી પૃથ્વીપર છતો નાખી છાતી ઉપર પગ મૂકી ખડ્ગ લઈ તેનું મસ્તક છેદવા જાય છે તેટલામાં કાલિકાદેવી તે બન્નેના વચ્ચે પડી બોલી કે આ મ્હારો ઉપકારી સેવક છે, માટે એને મારશો નહીં, કેમકે આ કાપાલિક લોકોને છેતરી મનુષ્યોનાં મસ્તક લાવી મ્હારી ઈષ્ટ પૂજા

કરે છે. આ એક મસ્તકવડે એકસો આઠ મસ્તકરૂપ કમલોની પૂજા સંપૂર્ણ થાય છે, તેથી હું તેને પ્રત્યક્ષ થઈ સિદ્ધ થવાની હતી તેટલામાં હેકુમારેંદ્ર ? ત્હારૂં આગમન થયું. હવે હું ત્હારા પરાક્રમથી તુષ્ટ થઈ છું, માટે ત્હારી ઇચ્છા પ્રમાણે વરદાન માગ. કુમાર બોલ્યો, જો મ્હારી ઉપર તુષ્ટ થઇ હોય તો મન, વચન અને કાયાથી તું જીવ વધનો ત્યાગ કર, અને તેથી તપ અને શીલવ્રતના સેવવાવડે લોકોમાં ત્હારી ધર્મખ્યાતિ બહુ વિસ્તાર પામશે અને એમ કરવાથી તું ઉત્તમ ધર્મિષ્ઠ ગણાઇશ. વળી હે દેવિ ? ત્રસ જીવોનો ઘાત કરવાનું દુર્વ્યસન છોડી દે. કારણ કે જેમ મૂળ છેદવાથી વૃક્ષ નાશ પામે છે તેમ દયા વિના જીવાત્માઓને ધર્મ સિદ્ધ થતો નથી. માટે નિરર્થક પોતાની આગળ કોઇપણ પ્રાણીનો વધ કરાવવો નહીં, તેમજ સજ્જનોએ નિંદવા લાયક મદિરાથી પણ ત્હારે સંતોષ માનવો નહીં, વળી જેઓ કાર્યને લીધે પણ પ્રાણી વધ કરે, કરાવે અથવા અનુમતિ આપે તેઓને મહા પાપી જાણવા, પણ જેઓ કાર્ય વિના પ્રાણી વધ કરે, કરાવે અથવા અનુમોદે તેઓ તો તેઓના પણ શિરોમણી ગણાય. તેમજ કવલ આહારથી રહિત એવી ત્હારે જીવ વધનું શું પ્રયોજન છે. ? વળી હે દેવિ ? પૂર્વ ભવમાં પણ ત્હેં જીવદયામય જૈનધર્મ નથી કર્યો તેથી તું અધમ દેવયોનિમાં-કિલ્બિષિકા દેવી થઇ છે. માટે હવે તું સમજીને જીવવધનો ત્યાગ કર. જેથી ત્હારા ભક્ત પણ દયા પાળતાં શીખે, તેમજ તુ જીનેંદ્ર ભગવાન અને તેમણે પ્રરૂપેલા સદ્દર્શન મૂલ ધર્મની શ્રદ્ધા કર. અને તેમની પ્રતિમાઓની યથાશક્તિ ભક્તિ કર. વળી તેમજ જીન ધર્મના અનુયાયી મનુષ્યોનાં સર્વ કાર્યોમાં તુ સહાય કર. કેમકે તેમ કરવાથી તું મનુષ્ય ભવ પામી અનંત સુખધામ એવા મોક્ષ સ્થાને જઈશ. કાલિકા બોલી—કુમારેંદ્ર ? આજથી આરંભી

સર્વ જીવ રાશિને હું મ્હારા પ્રાણ સમાન ગણીશ. એ પ્રમાણે પ્રતિજ્ઞા કરી દેવી અદૃશ્ય થઈ ગઈ.

કુળદેવીનું આગમન. અનુક્રમે સમય પ્રાપ્ત થવાથી નેત્રમાં અશ્રુધારા વહન કરતા બુદ્ધિસાગર મંત્રીએ કુમારના ચરણ કમલમાં નમસ્કાર કર્યો. કુમારે પણ તેને દૃઢ આલિંગન આપ્યું અને પૂછયું કે હે સજ્જન શિરોમણે ? તું તો આ પાપી કાપાલિકનું દારૂણ પરિણામ જાણતો હતો; છતાં આ દુર્જનના પાશમાં કેમ આવી પડ્યો ? મંત્રી બોલ્યો—કુમારેંદ્ર ? રાત્રીના પ્રથમ પ્રહરમાં આપના વાસભવનમાં આપનાં પટરાણી ગયાં, ત્યાં આપને ન જોયા, તેથી બહુ વિસ્મિત થઇ તેણીએ પ્રાહરિક સિપાઈઓને પૂછયું કે આ વાસભવનમાં કુમારેંદ્ર કેમ દેખાતા નથી ? તેઓ સર્વે એકદમ સંભ્રાંત થઈ ગયા અને બોલ્યા કે હા ? છેતરાયા ! અમે જાગ્રત્ છીએ છતાં આ શું થયું ? એમ હાહાકાર થઇ ગયો. ત્યારબાદ સર્વત્ર શોધ કરાવ્યો પરંતુ આપનો પત્તો લાગ્યો નહીં. પછી કોઇક પુરૂષે આવીને આપના પિતાશ્રીને કહ્યું કે રાજન્ ? રાત્રીના પ્રથમ પ્રહરમાં કુમારનું કોઈક ધૂર્ત હરણ કરી ગયો છે. તે સાંભળી રાજા મૂછિત થઈ સિંહાસન ઉપરથી નીચે પડ્યો. તેમજ માલતી વિગેરે આપની સર્વે માતાઓ પણ તેવી જ રીતે મૂછિત થઈ પૃથ્વી ઉપર પડી ગઈ. ત્યારબાદ પરિજન વર્ગ વ્યાકુલ થઇ ગયો અને ચંદનાદિક શીતળ ઉપચારોથી રાજા વિગેરે સર્વે સચેતન થયાં એટલે મંત્રીવર્ગ સહિત રાજા અને રાણીઓ કંઈક વિલાપ કરવાની પ્રવૃત્તિ કરતાં હતાં તેટલામાં એક મધ્ય વયની સ્ત્રી આવી. જેના હસ્તમાં નગ્ન ખડ્ગ કંપતો હતો. મુખાકૃતિ બહુ પ્રકાશ આપતી હતી એવી તે પ્રમદા મસ્તક કંપાવતી બોલી, હે નરેંદ્ર ? ઉઠો ઉઠો થા અને સાવધાન થઈ

ભક્તિપૂર્વક મ્હારી પૂજા કર ? હું ત્હારી કુળદેવી છું, અને ત્હારા પુત્રની ચિંતા દૂર કરવા માટે હું આવી છું, માટે નરેશ્વર ? હવે વિષાદ કરવાની જરૂર નથી. એક અધમ પાખંડી કાપાલિક ત્હારા પુત્રને ઉત્તર સાધકના મિષથી રાત્રીએ અપહાર કરી લઇ ગયો છે. અને તે યુદ્ધ કરી કુમારનું મસ્તક છેદવાની તૈયારીમાં હતો, તેટલામાં યક્ષિણીદેવી ત્યાં આવીને પોતાના મંદિરમાં કુમારને લઈ ગઇ છે. વિગેરે સમાચાર કહ્યા, અને વિશેષમાં જણાવ્યું કે કેટલાક દિવસો ગયા બાદ તે મ્હોટી સમૃદ્ધિ સાથે અહીં આવશે એમ કહી કુલદેવી વિદાય થઇ. ત્યારબાદ કુલદેવીના વચનની સત્યતા તપાસવાના મિષથી હું શકુન જોવા માટે નગરની બહાર આવ્યો તેટલામાં અકસ્માત્ વામ અને દક્ષિણ બન્ને બાજુએ તિત્તિરિ (તેતર) પક્ષીએ ખુખુ એમ ત્રણવાર શબ્દોચ્ચાર કર્યો. શ્વાન પણ પોતાની મર્યાદા ભૂમિમાં જઇ ઉંચા સ્થાને બેસી જમણા પગવડે મસ્તક ખણવા લાગ્યો, તેમજ ડાબી બાજુએ આકાશયોગિનીનો શબ્દ પણ સાંભળવામાં આવ્યો. કાળી દેવચકલી વામભાગથી ઉચ્ચાર કરતી ક્ષીર વૃક્ષ ઉપર બેઠી. ઈત્યાદિક શુભ શુકન જોઇ બહુ ખુશી થઈ હું નગર તરફ વળતો હતો, તેટલામાં ગગનચારી આ પાપી એકદમ ત્યાંથી ઉપાડી મ્હને અહીં લાવ્યો, તેથી બહુ પુણ્યવડે થઇ શકે એવાં આપનાં દર્શન મ્હને થયાં અને આપના વિરહાનલથી વ્યથિત થએલો હું જલદી શાંત થયો. માટે હે કુમાર ? આ કાપાલિક મ્હારો બહુ ઉપકારી છે. તેથી મ્હારી ઉપર દયા કરી તમે એને ધર્મનો ઉપદેશ આપો. તે સાંભળી વિનયપૂર્વક કાપાલિક બોલ્યો—કુમારેંદ્ર ? આપે કાલીકાદેવીને જે ધર્મનો ઉપદેશ આપ્યો છે તેજ ધર્મ મ્હારા જેવા અધર્મીનું પણ શરણુ થાઓ અને તે ધર્મના ઉપદેષ્ટા જીનેશ્વર ભગવાન્ મ્હારા ઈષ્ટ દેવ થાઓ. હે મંત્રી ?

આપે મ્હારા જેવા અપકારી ઉપર બહુ ઉપકાર કર્યો માટે આપના ચરણમાં વારંવાર નમસ્કાર કરૂં છું. વળી ગુણરૂપી રત્નોના રોહણાચલ સમાન આ કુમારનો હું દાસ છું. એ પ્રમાણે તે બોલતો હતો તેટલામાં સૂર્યોદય થયો. કુમાર અને મંત્રી પરસ્પર વિચાર કરતા હતા તેવામાં સાત અંગથી વિભૂષિત હસ્તિનું રૂપ ધારણ કરી એક યક્ષ ત્યાં આવ્યો, તે મંત્રી સહિત કુમારને સુંઢવડે પોતાની પૃષ્ઠ પર બેસાડી દેવીના ભવનમાંથી નીકળી આકાશ માર્ગે ચાલતો થયો. ત્યારબાદ તેનો વેગ જોઇ કુમાર બોલ્યો—અહો ! સમસ્ત લોકમાં કોઈપણ સ્થળે આકાશગામી આવો અપૂર્વ હાથી દેખાય છે ? કિંવા ઉડતો જોયો ? મંત્રી બોલ્યો, કુમાર ! જીન વચનમાં દૃઢ શ્રદ્ધાવાળા બુદ્ધિમાનની આગળ કોઈપણ એવું કાર્ય નથી કે જે આ દુનીયામાં સિદ્ધ ન થાય ? પરંતુ તમ્હારા બહુ પુણ્યના પ્રભાવથી પ્રેરાયેલો એવો કોઇપણ આ ઉત્તમ દેવ છે. માટે ગમે ત્યાં તે લઈ જશે તેમાં કોઈ પ્રકારે આપણે ભય જેવું નથી. એમ તેઓ વાતચિત્ત કરતા હતા તેવામાં તે હાથી આકાશમાંથી નીચે ઉતરી એક શૂન્ય નગરની બહાર દરવાજા આગળ તેઓને મૂકી પોતે અદૃશ્ય થઇ ગયો.

નગરપ્રવેશ. કુમાર મંત્રીને બહાર મૂકી એકાકી નિર્ભય ચિત્તે નગરમાં ગયો, ત્યાં ઉત્તમ શાસ્ત્ર રચનાની માફક સુવર્ણ રાશિથી વિભૂષિત અને પુષ્કળ કાંતિમય અલંકારોથી ભરપૂર સોના ચાંદીનું એક બજાર જોયું. ત્યાં આગળ બીજી પણ કેટલીક દુકાનો સુગંધમય પદાર્થોનો સુવાસ આપતી હતી. તેઓનો સુંદર દેખાવ જોતો જોતો આગળ નીકળી ગયો. તેવામાં ત્યાં શૂન્ય અરણ્ય સમાન કોઇ એક પ્રદેશમાં તેણે નૃસિંહ રૂપ ધારણ કરી બેઠેલા કોઈ એક અદ્ભુત પ્રાણીને જોયો, તેના દાંતની બન્ને પંક્તિઓ

વચ્ચે નર્તકીની માફક નૃત્ય કરતી ચંચલ જીહ્વા જાણે શરદ્ ઋતુના વાદળની મધ્યે વિજળીના વિલાસને અનુસરતી હોયને શું ? તેમ દેખાતી હતી, વળી તેણે મુખમાં સુંદર કાંતિમય એક પુરૂષ પકડેલો હતો અને તે બહુજ રૂદનપૂર્વક પ્રાર્થના કરતો હતો કે મ્હને મારશો નહીં, એ પ્રમાણે તેનો દીન પોકાર સાંભળી કુમારે જાણ્યું કે આ કોઈ પણ અતિ દારૂણ ચમત્કાર છે. એમ વિચાર કરી કુમાર વિનયપૂર્વક નૃસિંહ રૂપની પ્રાર્થના કરવા લાગ્યો. મહાશય ! આ દીન પુરૂષને છોડી મૂકો. એને અભય દાન આપવું ઉચિત છે. દરેકને પોતાના પ્રાણ બહુ પ્રિય હોય, તે સર્વ જન વિદિત છે. એમ સાંભળતાંજ અકસ્માત્ તે દિવ્ય પુરૂષનાં નેત્ર ખુલ્લાં થઈ ગયાં, ત્યારબાદ કુમારને જોઈ મુખમાંથી તે પુરૂષને પડતો મૂકી તેને પોતાના બન્ને પગતળે દબાવી રાખ્યો અને તે બોલ્યો—અરે ! ભવ્ય પુરૂષ ! હું એને કેમ છોડું ? કેમકે મ્હને બહુ ક્ષુધા લાગી છે અને ઘણા દિવસે આજે તે ભક્ષ્ય તરીકે મળેલો છે. માટે મ્હારી ક્ષુધા તો આ પુરૂષવડે અવશ્ય હું શાંત કરવાનો. કુમાર બોલ્યો, તું વૈક્રિયરૂપધારી કોઈ દેવ હોય તેમ લાગે છે. તો આ પુરૂષ ત્હારૂં ભક્ષ્ય કેવી રીતે થશે ? કારણકે દેવતાઓ કવલાહારી હોતા નથી. વળી જો તું દેવ ન હોય તો પણ બીજા કોઇ પણ પ્રકારે ત્હારે શરીરનો નિર્વાહ કરવો ઉચિત છે. પરંતુ આ પુરૂષની હિંસા કરવી સર્વથા અયોગ્ય ગણાય. હે વિબુધ ! દુઃખ સહિત વિલાપ કરતા પ્રાણીઓનો વધ કરવો બહુ નિંદ્ય ગણાય છે, વળી જે રસાસ્વાદથી પ્રાણીઓને જેમ તેમ બાંધે છે, મારે છે અથવા હણે છે તે પ્રાણી દુઃસહ દુઃખ પરંપરાનો ભોક્તા બની ભવાટવીમાં વારંવાર ચિરકાલ પરિભ્રમણ કરે છે. તે સાંભળી દિવ્ય પુરૂષ બોલ્યો—હે કુમાર ! ત્હારૂં સર્વ કહેવું સત્ય છે. પરંતુ એણે મ્હને પૂર્વ ભવમાં બહુ દુઃખ દીધેલું છે. જેથી

એને સેવાર મારી નાખું તોપણ એ જીવતો હશે ત્યાંસુધી મ્હારો ક્રોધાગ્નિ શાંત નહીં થાય. માટે અનેક પ્રકારની પીડાઓ કરીને પણ એને માર્યા વિના મૂકીશ નહીં, કુમાર બોલ્યો–ભદ્ર ! જો તું અપકાર કરનાર ઉપર ક્રોધ કરતો હોય તો સર્વ પુરૂષાર્થનો વિનાશ કરનાર અને અનેક દુઃખોના કારણભૂત એવા ક્રોધરૂપી વૈરી ઉપર કોપ કેમ કરતો નથી ? માટે સમજીને આ દીનને છોડી દે. અને દયા રસમય સદ્ધર્મનું સેવન કર, જેથી અન્ય ભવમાં કર્મનો ક્ષય કરી મોક્ષપદ સુલભ થાય. એમ બહુ રીતે તેને સમજાવ્યો તોપણ તેણે તે પુરૂષને છોડ્યો નહીં. ત્યારે કુમારે વિચાર કર્યો કે સામ, દાન અને ભેદ એ ત્રણ ઉપાયથી આ સાધ્ય નથી, કારણ કે આ બહુ ક્રોધી અને ઉદ્ધત છે. એમ જાણી કુમારે એકદમ તેના પગ નીચે દબાવેલા પુરૂષને ખેંચી લઇ પોતાની પાછળ ઉભો રાખ્યો, તેથી તે દેવ બહુ કોપાયમાન થઇ શુક્ર સમાન મુખ વિકાસ કરી કુમારને ગળવા માટે તે તરફ ઝડપથી દોડ્યો, પોતાના સન્મુખ આવતો જોઈ કુમાર તેના બન્ને ચરણ પકડી મસ્તક ઉપર ફેરવે છે તેટલામાં તે સૂક્ષ્મ રૂપ કરી કુમારના હસ્તમાંથી નીકળી અદૃશ્ય રૂપે કુમારના ગુણોવડે ખુશી થઇ ત્યાંજ ઉભો રહ્યો. ત્યાર બાદ તેને નહીં જોવાથી કુમાર તે નગરવાસી (તેના મુખમાંથી છોડાવેલા) પુરૂષનો હાથ ઝાલી કૌતુક જોવાની ઇચ્છાથી રાજકુલમાં ગયો. ત્યાં માતંગો (ચાંડાલ=હસ્તિઓ) ના સમૂહવડે વ્યાકુલ, ઉત્તમ સૂત્રથી ભરેલી અને દેખાવમાં એક સરખી આકારવાળી વણકરોના મકાન સમાન હસ્તિઓની શાલાઓ તેના જોવામાં આવી. અન્ય બાજુએ તરૂશાખાઓ તેમજ બહુ વેલીઓથી વીંટાએલી મ્હોટી અશ્વશાલાઓનું નિરીક્ષણ કરતો કુમાર નિઃશંકપણે ચાલ્યો જાય છે, આગળ ચાલતાં અનેક શસ્ત્રોના

પરિતાપથી શુદ્ધ એવી વિદ્વાનોની બુદ્ધિ સમાન દેદીપ્યમાન, વિવિધ પ્રકારના શસ્ત્રોથી ભરેલી ઉત્તમ આયુધશાળાઓ જોઈ, પરંતુ ત્યાં કોઈ મનુષ્ય જોવામાં આવ્યાં નહીં, આવું રાજભવન ખરેખર ઉજ્જડ શાથી થયું હશે ! એમ વિચાર કરતા તે કુમારે તે પુરૂષ સાથે રાજભવનની અંદર પ્રવેશ કર્યો, ત્યાં અનુક્રમે બહુ મનોહર રચનાથી નિર્માણ કરેલો અને વિચિત્ર ચિત્રોવડે સુશોભિત સાત માળનો એક પ્રાસાદ આવ્યો, એટલે કુમાર તેની ઉપર ચઢ્યો અને સર્વ રચના જોઈ તેના હૃદયમાં આશ્ચર્યરસ ભરાઇ ગયો. તેટલામાં સ્તંભો ઉપર સ્થાપન કરેલી ઉત્તમ પ્રકારની પુતળીઓ હાથ જોડી કહેવા લાગી, હે ભીમકુમાર ! પધારો, એમ સત્કાર કરી જલદી સ્તંભ ઉપરથી નીચે ઉતરીને તેઓએ બહુ માનપૂર્વક કુમારને સુવર્ણમય આસન આપ્યું. પુરૂષ સહિત કુમાર આસન ઉપર બેઠો, તેટલામાં સ્નાન કરવાની સમસ્ત સામગ્રી આકાશમાંથી તૈયાર થઇ ત્યાં આવી, તે જોઇ શાલભંજીકાઓ (પુતળીઓ) બોલી, અમારી ઉપર કૃપા કરી આ વસ્ત્ર પહેરી લ્યો અને આપ સ્નાન કરો. કુમાર બોલ્યો–મ્હારો મિત્ર અહીં નગરની બહાર ઉદ્યાનમાં રહેલો છે તેને જલદી અહીં બોલાવો. એમ સાંભળી તેઓએ મંત્રીને તત્કાલ ત્યાં બોલાવ્યો. પછી મંત્રી સહિત કુમારને સ્નાન કરાવી ભોજન વિધિ થયા બાદ પાન સોપારી વિગેરે મુખવાસ લઇ પોતે પલંગ ઉપર બેઠો તેટલામાં જેના કાનમાં ચકચકિત મણિ કુંડલ શોભતાં હતાં અને જેઓની કાંતિ ગંડસ્થલપર પડવાથી મુખાકૃતિ વિવિધ પ્રકારની મનોહર લાગતી હતી, એવો સુંદર કાંતિવાળો કોઈક દેવ ત્યાં આગળ આવ્યો. વળી તે દેવ હસ્ત જોડી વિનયપૂર્વક બોલ્યો, હે ભીમકુમાર ! ત્હારા વિશેષ પરાક્રમથી હું તુષ્ટ થયો છું, માટે તું ઇચ્છિતવર માગ. કુમાર બોલ્યો, જો તું પ્રસન્ન થયો હોય તો બોલ કે તું કોણ છે ? આ નગરનું નામ શું છે ? અને તે શૂન્ય થવાનું શું કારણ ?

કરૂણદ્રષ્ટિથી દેવ બોલ્યો, હે કુમાર! આ કનકપુર નામે નગર છે. વળી આ નગરનો સ્વામી કનકરથ નામે રાજા છે, અને તેનીજ મ્હેં દુઃખ ગમગે કથા કરી. વળી તેજ રાજાનો હું ચંડ નામે પુરોહિત છું, હમેશાં હું નગરવાસી સર્વ લોકો ઉપર કોપાયમાન રહું છું. તેથી સર્વ નાગરિક લોકો મ્હારી ઉપર બહુ દ્વેષી થયા છે, જેથી અહીં કોઈ રસ્તે જનાર પણ મારો મિત્ર થતો નથી. આ નગરનો રાજા પણ કાનનો બહુ કાચો અને સ્વભાવે બહુ ક્રૂર છે, તેથી અપરાધની શંકા માત્રથી પણ લોકોનો બહુ ભયંકર દંડ કરે છે. તેવામાં એક દિવસે કોઈ એક મ્હારા દ્વેષીએ રાજાને જુઠી વાત ભરાવી કે આ પુરોહિત ચાંડાળની સ્ત્રી સાથે વ્યભિચાર કરે છે. તે સાંભળી રાજા મ્હારી ઉપર બહુ ગુસ્સે થયો, મ્હેં રાજાને ઘણા પુરાવા સાથે આજીજી કરી મ્હારી સત્ય વાત જણાવી તોપણ તે વાત તેણે અસત્ય માની, મ્હને સણથી વીંટી લીધો અને તે ઉપર તેલ છાંટી અગ્નિદાહ કર્યો, કે જેથી અનેક પ્રકારે આક્રંદ કરતો હું બહુ દુઃખી થઇ પ્રાણવિમુક્ત થયો. ત્યારબાદ ભવિતવ્યતાને લીધે અકામ નિર્જરાથી અહીં સર્વગિલ નામે હું રાક્ષસ થયો છું. અને પ્રથમનું વૈર સંભારી તેનો બદલો વાળવા અહીં આવી સર્વ નગરવાસી લોકોને મ્હેં ગુપ્ત કર્યા છે. તેમજ નૃસિંહરૂપ ધારણ કરી મ્હેં આ નરેંદ્રને પકડયો હતો. તેટલામાં અદભુત પરાક્રમી એવા ત્હમોએ દયાને લીધે એને મુક્ત કર્યો. તે જોઇ મ્હને મ્હોટું આશ્ચર્ય લાગ્યું. તેથી અદૃશ્ય રહી ભક્તિવડે આ સમગ્ર સ્નાન વિગેરે તમ્હારો સત્કાર મ્હેં દીવ્ય શક્તિથી પ્રગટ કર્યો છે. તેમજ હવે આપની ઇચ્છાથી સમસ્તપુરના લોકોને યથાસ્થિત પ્રગટ કરૂં છું, એમ કહી સર્વગિલ રાક્ષસે સર્વનગર આબાદ કર્યું, કુમારે તત્કાળ સર્વ નાગરિક લોકોને હરતા ફરતા જોયા. ત્યાં

કનકપુરનગર.

આ પ્રમાણે પ્રવૃત્તિ ચાલતી હતી તે પ્રસંગે દેવતાઓ જેમની સ્તુતિ કરતા હતા, મોહરાજાના પ્રબળ વૈરી સમાન અને આકાશમાર્ગે ઉતરતા એવા ચારણ મુનીંદ્રને કુમારે જોયા. જ્યાં બુદ્ધિસાગર મંત્રી પ્રથમ બેઠો હતો તે સ્થાનકે દેવોએ રચેલા કમલાસન ઉપર તે મુનીંદ્ર બેઠા. કુમાર બોલ્યો, રાક્ષસેંદ્ર! આ મ્હારા ગુરૂ આવ્યા છે, માટે ચાલો તેમને વંદન કરવા આપણે ત્યાં જઈએ અને આપણો જન્મ સફલ કરીએ.

મોહરિપુમુનિ.

એમ સાંભળી રાક્ષસ તત્કાળ હા કહી તૈયાર થયો. એટલે મંત્રી, કનકરથ રાજા, કુમાર અને સર્વાંગિલ રાક્ષસ વિગેરે સર્વે ભક્તિપૂર્વક મુનીંદ્રની પાસે ગયા. મોહરિપુ નામે મુનીશ્વર સુવર્ણ કમળના આસન ઉપર વિરાજમાન હતા, સુર, નર અને વિદ્યાધરેંદ્રો તેમની સ્તુતિ કરતા હતા. તેમના તપોબળની કાંતિ સર્વત્ર પ્રસરી રહી હતી, નરેંદ્રાદિક સર્વે વંદન કરી નીચે બેઠા. અમૃત રસથી સિંચાએલા હોયને શું? એમ સમસ્ત નગરવાસીજનો પણ મુનિને પ્રણામ કરી ભક્તિમાં નિમગ્ન થયા છતા વિનયપૂર્વક બેઠા. એટલે મુનિએ તેઓના હિત માટે ધર્મ દેશનાનો પ્રારંભ કર્યો. ક્રોધરૂપી દુષ્ટ ગ્રહથી ગ્રહણ કરાએલો પ્રાણી ભવરૂપી અરણ્યમાં ભટકે છે. તેમ ક્રોધના વશ થએલો જીવ અનેક પ્રકારની પાપ રચનાઓ કરે છે. કેટલાકને વધ બંધનાદિક દુઃખ આપે છે, તેથી તે પ્રાણી નરકગતિની પ્રચંડ વેદનાઓ ભોગવે છે. વળી જેનું હૃદય ક્રોધથી ભરેલું રહે છે તે પ્રાણી કાર્ય અને અકાર્ય પણ જાણતો નથી; તેમજ યોગ્ય અને અયોગ્ય તથા ગ્રાહ્ય અને અગ્રાહ્યનું પણ તેને ભાન રહેતું નથી. માત્ર અનિષ્ટ ધાંધલમાં પડે છે. જ્યાં આગળ અગ્નિ લાગે છે, ત્યાં સર્વ વસ્તુઓનો તે દાહ કરે છે. પાસે રહેલી વસ્તુઓ પણ તણખાઓથી સળગી જાય છે, પરંતુ

બચાવ તો કવચિતજ થાય છે, તેવીજ રીતે જેના હૃદયમાં ક્રોધ હોય છે તે પુરૂષ પોતાને અને પરને સંતાપીને પરલોકમાં પણ બહુ હાનિ કરે છે. એમ જીનેશ્વર ભગવાને કહ્યું છે. વળી જે પુરૂષ રોષથી અન્ય પુરૂષ ઉપર આળ ચઢાવે છે તે મનુષ્ય તેનાથી પરાજીત થઇ પોતાના હૃદયમાં બહુ દાહ થવાથી અનેક દુઃખ ભોગવે છે, ત્યારબાદ તે અસદ્ અભ્યાખ્યાન કરનારને વૈરી તરીકે ગણીને આલોકમાં પણ તે તેને મારે છે. કારણ કે મૂર્ખ પ્રાણી પ્રચંડ પાપરાશિને ગણતો નથી. ક્રોધાનળથી પ્રદીપ્ત થએલો માણસ ક્ષણમાત્રમાં ઘણા કાળથી સંચિત કરેલા ધર્મરૂપી ભંડારને બાળી નાખે છે. રોષરૂપી પિશાચને વશ થએલો પ્રાણી અહીંયાં ભોજન કરતો નથી તેમ સુખે નિદ્રા પણ લેતો નથી અને અત્યંત પ્રિય એવી ધનસંપત્તિ પણ તેવા મનુષ્યને દોષ વિના ત્યજી દઇ ચાલી જાય છે. જેમ કોઇ પુરૂષ કડાં, કંકણ, બાજુબંધ, કુંડલ અને મુકુટાદિકથી વિભૂષિત હોય; પરંતુ વિનયહીન હોય તો તે શોભાને પાત્ર ગણાતો નથી. તેમ પંડિત, દાની તથા બહુ તપસ્વી હોય પરંતુ રોષ હીન ન થયો હોય ત્યાં સુધી તે સુગતિ માર્ગમાં ગમન કરવા યોગ્ય થતો નથી. રોષથી પ્રવૃત થએલો જીવ મૂઢ થઇ જે જે કાર્ય કરે છે તેનાથી તે પ્રાણી પાપ ઉપાર્જન કરી દરેક ભવમાં દુઃખી થઇ પરિભ્રમણ કરે છે.

એ પ્રમાણે મુનીંદ્રની દેશના સાંભળી સર્વગિલ રાક્ષસ પ્રણામ કરી ઉભો થઇને બોલ્યો, હે મુનીંદ્ર! આ

સર્વગિલરાક્ષસ

પાપરૂપી અકાર્યમાંથી આપે આજે મ્હારો ઉદ્ધાર કર્યો, પણ ખરૂં જોતાં તો આ ઉપકાર કુમારનો જ ગણાય. કારણ કે આપના દર્શન કરાવવામાં મુખ્ય કારણ આ કુમાર છે. વળી કુમારના પ્રભાવથીજ આ નગરના લોકો

ઉપર જે મ્હારૂં વૈર હતું તેનો મ્હેં સર્વથા ત્યાગ કર્યો છે. તેમજ હે મુનીંદ્ર ! આપના પ્રભાવથી હવે કનકરથ રાજા ઉપરથી પણ મ્હારો ક્રોધ ઉતરી ગયો છે. મુનીંદ્ર બોલ્યા– હે રાક્ષસ ! ઉપકાર જાણી ક્રોધની પરિણતિનો આ ઉપદેશ ખાસ ત્હારા માટેજ આપ્યો છે. અન્યથા તે ઉપકાર મોહપ્રકૃતિને આધીન થએલા પ્રાણીઓ ઉપર થતો નથી. વળી અતિ ભયંકર મિથ્યાત્વના પ્રભાવથી સમ્યક્ત્વમાં પણ જીવાત્માઓને દુરંત અતિચારો પ્રાપ્ત થાય છે, તે અતિચાર સેવવાથી ભવાંતરમાં દારૂણ દુ:ખની પરંપરાઓ ઉત્પન્ન થાય છે અને જેઓના ભોકતા બની પ્રાણીઓ વારંવાર જન્મ, મરણ અનુભવે છે. એ પ્રમાણે મુનિનાં વચન સાંભળી કુમાર બોલ્યો, સ્વામિન્ ! આપનું વચન સત્ય છે, તેટલામાંજ ગર્જારવ કરતો તે હસ્તી ત્યાં આવ્યો. મદોન્મત્ત એવા તે ગજેંદ્રને જોઈ સમસ્ત સભ્યજનો ક્ષુભિત થઈ ગયા. કુમાર ગજેંદ્રને શાંત કરવાના મિષથી ચાટુ વચન બોલી વિલાસ કરવા લાગ્યો. એટલે હસ્તી શાંત થઈ પોતાની સુંઢ સંકુચિતકરી સ્થિર ઉભો રહ્યો, ત્યાર બાદ તે હસ્તીએ સભ્યજન સહિત મુનીંદ્રની ત્રણ પ્રદક્ષિણા કરી ભકિતવડે મુનિને નમસ્કાર કર્યો, પછી હસ્તીનું સ્વરૂપ ત્યાગ કરી ચંચળ કુંડલધારી તે યક્ષ પ્રગટ થયો. ત્યારબાદ મુનિપતિ બોલ્યા, હે યક્ષ ! પોતાના પૌત્ર એવા આ કનકરથરાજાને માટે આ કુમારને અનુસરી ગજેંદ્રરૂપ ધારણ કરી તું અહીં આવ્યો છે. પ્રથમ પણ કનકરથરાજાની રક્ષા માટે કુમારને તું અહીં લાવ્યો હતો. વળી હાલમાં કુમારને પોતાના નગરમાં, પહોંચાડવા માટે ત્હારો ઉત્સાહ છે. એ પ્રમાણે સત્ય હકિકત સાંભળી યક્ષ બોલ્યો, સ્વામિન ! આપે જે વૃત્તાંત કહ્યું તે સત્ય છે. આ કનકરથરાજા પૂર્વભવમાં મ્હારો પૌત્ર હતો. હે ભગવન્ ! વળી આપને મ્હારે જણાવવાનું છે કે પ્રથમ મ્હેં સમ્યક્ત્વવ્રત

અંગીકાર કર્યું હતું; પરંતુ મ્હારા મનોભવનમાં પાખંડીના સમાગમરૂપી અગ્નિ પ્રગટ થયો. તેથી મ્હારી સમ્યકત્વ રત્નરૂપ ઉત્તમ પ્રકારની સમૃદ્ધિ ભસ્મભૂત થઇ ગઇ. હા ? ધિક્કાર છે. કે જેથી હું વ્યંતર યોનિમાં રૃદ્ધિ રહિત યક્ષપણે ઉત્પન્ન થયો. સ્વામિન્ ! હવે કૃપા કરી મ્હને સમ્યકત્વ દાન આપો. તેવીજ રીતે કનકરથ વિગેરે સર્વ જનોએ પ્રાર્થના કરી કહ્યું કે હે મુનીંદ્ર ! અમને પણ તેજ પ્રમાણે સમ્યકત્વ દાન આપી. કૃતાર્થ કરો. મુનિએ નરેંદ્ર, યક્ષ અને રાક્ષસ વિગેરેને વિધિસહિત સમ્યકત્વનો ઉપદેશ આપ્યો. ત્યારબાદ ફરીથી કુમારે પ્રાર્થના કરી કે હે પ્રભો ! મ્હને શુદ્ધ કરો. કારણકે મ્હેં ખરાબ મુહૂર્ત્તમાં સમ્યકત્વવ્રત ગ્રહણ કરી પાખંડી કાપાલિકના સંગથી તે દૂષિત કર્યું છે, તેથી અતિચાર લાગ્યો. માટે અતિચારરૂપી કાદવથી મલિન થએલા મ્હારા હૃદયને શુદ્ધ પ્રાયશ્ચિત્તરૂપી જલ વડે નિર્મલ કરો. મુનિએ પણ તે પ્રમાણે ઉપદેશ આપી તેના અંતઃકરણની શુદ્ધિ કરી. ત્યારબાદ નિર્મલ સમ્યકત્વ ધારી કુમાર મુનિને વંદન કરી રાક્ષસાદિ સહિત કનકરથરાજાના ભવનમાં ગયો.

કનકરથરાજા.

કનકરથરાજા પણ અમાત્ય, સામંત અને મંત્રીવર્ગ સહિત કુમારને પ્રણામ કરી બોલ્યો—જે આ જીવિતવ્ય, રાજ્યસંપદ્, નગરના લોકો તેમજ તેઓની અનેક પ્રકારની સંપદાઓ અને આ સમ્યક્ત્વવ્રતની પ્રાપ્તિ તે સર્વ આપનો જ મહિમા છે. માટે હે કુમારેંદ્ર ! આપનો હું સદાને માટે કિંકર છું, જેથી યોગ્ય કાર્યમાં નિયોગ કરી મ્હારી ઉપર અનુગ્રહ કરવો. કુમાર બોલ્યો— સંસારમાં રહેલા જીવોને જેમ જન્મમરણનો પરસ્પર સંબંધ હોય છે, તેમ સુખદુઃખ પણ હોય છે. વિપત્તિ અને સંપદાઓ પણ અનુક્રમે આવી પડે છે, તો અન્ય હેતુની શી ગણના ! વળી

તમે સર્વે સત્કુલમાં ઉત્પન્ન થયા છો, તેમજ અત્યંત દુર્લભ એવો આ જૈનધર્મ તમને પ્રાપ્ત થયો છે, માટે હવે તમ્હારે ધાર્મિક વ્યાપારમાં પ્રમાદ કરવો નહીં, સાધર્મિક જનો ઉપર સહોદરભાવ રાખવો, સાધુ વર્ગની ભક્તિપૂર્વક સેવા કરવી, જૈનશાસનની પ્રભાવના કરવી અને પાપસ્થાનકોમાં કોઇ દિવસ પણ પ્રવૃત્તિ કરવી નહીં. આ પ્રમાણે નિરંતર તમ્હારે નિયમસર ચાલવું. તે સાંભળી કનકરથરાજા વિગેરે બોલ્યા, ઉપકારી જનોમાં ચૂડામણિ સમાન એવા હે કુમાર ! હાલમાં થોડા દિવસ આપ અહીંયાં વાસ કરો, જેથી અમે જૈનધર્મમાં પ્રવીણ થઇએ.

કાલિકાદેવી.

એમ તેઓનું વચન સાંભળી કુમાર કંઇક પ્રત્યુત્તર આપવાની તૈયારીમાં હતો, તેટલામાં ડમડમ એ પ્રમાણે ડમરૂના ભારે નાદથી સર્વ લોકોને ત્રાસ આપતી અને વીસ ભુજાઓથી શોભતી તે કાલિકાદેવી કાપાલિક સહિત ત્યાં આવી, કુમારને નમસ્કાર કરી તેની પાસે બેઠી અને બોલી, હે કુમાર ! જે સમયે ગજેંદ્ર ત્હને અહીં લાવ્યો ત્યારે અવધિજ્ઞાનથી મ્હેં જાણ્યું હતું કે આ હસ્તી કુમારનો હિતકારી છે, તેથીજ હું નિવૃત્તિ પૂર્વક ત્યાં રહી હતી. ડગલું માત્ર પણ ત્યાંથી ચલાયમાન થઇ નહીં. વળી હાલ હું કોઈ કાર્યને લીધે તમ્હારા નગરમાં ગઇ હતી, ત્યાં તમ્હારા પિતા, માતા, સ્વજન તેમજ નાગરિક લોકો તમ્હારા ગુણ સંભારી વારંવાર રૂદન કરતા હતા. તેઓને શાંત કરી હું અહીં આવી છું. વળી હે કુમાર ! તેઓની આગળ મ્હેં પ્રતિજ્ઞા કરી છે કે બે દિવસની અંદર કુમારને જરૂર હું અહીં લાવીશ. અને તેમને વિશેષ સમાચાર પણ કહ્યા છે કે કુમારે ઘણા લોકોને જૈનધર્મમાં સ્થિર કર્યા છે. તેમજ ઘણા લોકોને મરણના ભયમાંથી બચાવ્યા છે. વળી બુદ્ધિસાગર મંત્રી સહિત

કુમાર હાલ કનકરથરાજાના નગરમાં આનંદપૂર્વક વિલાસ કરે છે, જેથી તમારે બહુ આનંદ માનવા જેવું છે, માટે વિષાદ કરશો નહીં. એ પ્રમાણે કહી હું અહીં આવી છું. આ પ્રમાણે કાલિકાનું વચન સાંભળી કુમાર બહુ ઉત્સુક થયો અને પોતાના નગરમાં જવા માટે પ્રયાણની તૈયારી કરવા લાગ્યો.

તે સમયે મ્હોટાં નગારાં, નિશાન, ભેરી અને ઢક્કાદિનો મહાન શબ્દ આકાશમાં ઉછળી ઉઠ્યો. ક્ષણમાત્રમાં

કમળાક્ષાયક્ષિણી.

વિમાનોની પંક્તિઓ દેખાવા લાગી. તેઓની અંદર મધ્યવિમાનમાં અદ્દભુત આકૃતિવાળી એક દેવી બેઠેલી હતી. તેના વક્ષઃસ્થલમાં મૌક્તિકનો સુંદર હાર દીપતો હતો. ગંડસ્થલો ઉપર દેદીપ્યમાન રત્નમય કુંડલોની અનુપમ કાંતિ પ્રસરી ગઈ હતી. શારીરિક કાંતિના સમૂહવડે સર્વ દિશાઓ સ્વચ્છ કાંતિમય ભાસતી હતી. અકસ્માત્ તેવો દેખાવ જોઈ આ શું ? એમ સંભ્રાંત થઇ રાક્ષસ એકદમ સાવધાન થઇ ઉભો થયો. તેમજ યક્ષ પણ પોતાનો મુદ્ગર હસ્તમાં લઈ ગર્જના કરવા લાગ્યો. અને કાલિકાદેવી પણ ભયંકર તરવાર નચાવતી સાવધાન થઈ ગઈ છતાં કુમાર તો પોતે સ્વસ્થ ચિત્તે બેઠો હતો. તેટલામાં 'હે હરિવાહન રાજાના પુત્ર ભીમકુમાર! ત્હારો સર્વત્ર જય થાઓ, તું ચિરકાલ આયુષ્માન્ થા. આ દુનીયામાં સદા તું આનંદ ભોગવ' એમ મોટા નાદ સાથે બોલતા દેવ તથા દેવીઓ કુમારની પાસે આવ્યાં અને તેઓએ કમલાક્ષા યક્ષિણીનું આગમન કહ્યું. તત્કાળ તે યક્ષિણી પણ વિમાનમાંથી નીચે ઉતરી કુમારને નમસ્કાર કરી નીચે બેઠી, અને વચન બોલવામાં બહુ કુશળ એવી તે યક્ષિણી બોલી, મહાશય ! તે સમયે મ્હને સમ્યક્ત્વ આપી આપ વિંધ્યાચલની ગુફામાં મુનિઓની પાસે રહ્યા હતા. પ્રભાતમાં હું મ્હારા પરિજન સાથે ત્યાં ગઈ. આપના પ્રસાદથી ભક્તિપૂર્વક મુનિઓને વંદન

કરી જન્મ સફલ કર્યો. પરંતુ આપનાં દર્શન ત્યાં થયાં નહીં, તેથી તે સંબંધી મુનિઓને મ્હેં પૂછ્યું પરંતુ તેમણે કંઈપણ પ્રત્યુત્તર આપ્યો નહીં. તેથી મ્હારૂં હૃદય બહુ વ્યાકુળ થયું. ત્યારબાદ અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યો તો અહીં સ્નાનવિધિ કરતા આપને મ્હેં જોયા અને તેથી તરતજ આપના દર્શન માટે ઉત્કંઠિત થઇ ત્યાંથી હું ચાલી. પરંતુ હે કુમારેંદ્ર! કોઈ મ્હોટા કાર્યને લીધે અહીં આવતાં કેટલોક મ્હને વિલંબ થયો.

કમલપુરનગર પ્રત્યેપ્રયાણ.

ત્યારબાદ યક્ષે વિમાન વિકુર્વી કુમારને કહ્યું કે આ વિમાન આપના માટે તૈયાર કર્યું છે, તેમાં આપ જલદી બેસી જાઓ. કારણકે ટુંક મુદતમાં કમલપુર નગરમાં આપણે જવાનું છે. તે સાંભળી કુમાર કનકરથરાજાની આજ્ઞા લઇ ઉભો થયો અને મંત્રી સહિત પોતે વિમાનમાં બેસી ગયો. આકાશમાર્ગે ચાલતાં કુમારની આગળ કેટલાક દેવો ગાયન કરે છે. કેટલાક નૃત્ય કરે છે, કેટલાક હસ્તિનાદ, કેટલાક અશ્વનાદ અને કેટલાક મધુર વાજીંત્રોના નાદવડે સમસ્ત નભસ્તલને બધિર કરતા છતા કમલપુરની નજીકના ગ્રામમાં આવી પહોંચ્યા, એટલે ત્યાં પડાવ કરી યક્ષ, રાક્ષસાદિક દેવ સહિત કુમાર જીનમંદિરમાં દર્શનાર્થે ગયો. જીનેંદ્ર ભગવાનને વિધિસહિત વંદન કરી મહોત્સવ કરવાની આજ્ઞા આપી કે તરતજ ઢોલ, નગારાં, ઘંટા, ઝલ્લરી વિગેરે અનેક વાજીંત્રોનો ગંભીર નાદ ઉછળવા લાગ્યો. હરિવાહન રાજાએ તે નાદ સાંભળી એકદમ વિસ્મિત થઈ પોતાના મંત્રીને પૂછ્યું કે શું આજે કોઈ મુનિને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે? જેથી આ દેવ દુંદુભિનો નાદ સંભળાય છે. મંત્રીલોકો ઉહાપોહ કરી કંઇક પ્રત્યુત્તર આપતા હતા તેટલામાં તે ગામનો એક પુરૂષ ત્યાં આવ્યો અને રાજાને વધામણી આપી કે હે દેવ? દેવદે-

વીના પરિવાર સહિત ભીમકુમાર અમારા ગામમાં આવ્યા છે અને કુમારે તે દેવોની પાસે જીનમંદિરમાં સુંદર મહોત્સવ કરાવ્યો છે. તે સાંભળી રાજાએ મુકુટ સિવાય પોતાના શરીરે પ્હેરેલાં સર્વ આભરણો તે પુરૂષને અર્પણ કર્યાં, ત્યારબાદ દ્વારપાલને આજ્ઞા આપી કે સમસ્ત સામંતાદિક લોકોને ખબર આપો કે કાલે કુમારનું સામૈયું કરવાનું છે. માટે સવારમાં સર્વ લોકોએ તૈયાર થવું. દ્વારપાલે પણ તેજ પ્રમાણે સર્વત્ર જાહેર ખબર આપી, તેમજ સર્વ નગરમાં ધ્વજ પતાકાઓવડે બજારની શોભા બહુ વધારવામાં આવી.

કુમારનું આગમન.

પ્રભાતમાં તૈયાર થઈ પરિજન સહિત હરિવાહનરાજા મ્હોટા ઉત્સવ સાથે કુમારની સ્હામા ચાલ્યા. માર્ગમાં આવતો કુમાર પોતાના પિતાને જોઈ તત્કાલ વિમાનમાંથી નીચે ઉતરી નરેંદ્રના ચરણમાં પડયો. ત્યારબાદ પોતાની જનની વિગેરેને નમી અન્ય લોકોનો યથોચિત સત્કાર કરી પોતાના પિતાની આજ્ઞા લઈ ભીમકુમાર ગજેંદ્ર ઉપર આરૂઢ થયો, બુદ્ધિસાગર મંત્રીએ પણ સર્વ લોકો સાથે યથાયોગ્ય સદાચાર બતાવ્યો. પછી કુમારે તેને હસ્તિ ઉપર પોતાની પાછળ બેસાડયો. એટલે આનંદ પૂર્વક સર્વ લોકો ત્યાંથી ચાલતા થયા, અનુક્રમે પિતાની સાથે સેંકડો મંગળ વાકય સાંભળતો કુમાર રાજભવનમાં ગયો. બાદ સામંતાદિક લોકોને યથોચિત સત્કાર પૂર્વક રાજાએ વિદાય કર્યા. ભોજન કર્યા પછી ભૂપતિએ કુમારનું ચરિત્ર પૂછયું એટલે બુદ્ધિસાગર મંત્રીએ યથાર્થ સર્વ વૃત્તાંત નિવેદન કર્યું. ત્યારબાદ ભૂપતિએ કુમારને બહુ સ્ત્રીઓ પરણાવી, તેમજ પોતાના રાજ્યમાં તેનો પટ્ટાભિષેક કર્યો. હવે પોતાની યોગ્ય અવસ્થા જોઈ હરિવાહન રાજાએ દીક્ષા ગ્રહણ કરી અને તેઓ અનુક્રમે સિદ્ધ પદ પામશે. વળી ભીમ નરેંદ્ર પ્રજાનું રક્ષણ કરતો છતો જૈનશાસનનો ઉદ્યોત

કરવા લાગ્યો. અનુક્રમે દીક્ષા લઈ ધર્મધ્યાન કરી નિર્મળ ચારિત્ર પાળી તે પણ મોક્ષપદ પામ્યો. હે દાનવીર્ય ! આ પ્રમાણે સ્વલ્પ એવો પણ પાખંડીનો સમાગમ આ લોકમાંજ દુઃખદાયક થાય છે. વળી જો પ્રાયશ્ચિત્ત ન લીધું હોય તો તેના સેવનથી નરકાદિક ગતિમાં પણ અનેક દુઃખ ભોગવવાં પડે છે. અહીં ભીમકુમારને જે દુઃખ પડયું તે પાખંડીના સમાગમથી અને જે સુખ અનુભવ્યું તે સમ્યકત્વનો પ્રભાવ છે, એમ સજ્જન પુરૂષોએ જાણવું.

"इति श्री पाखंडिसंस्तवे भीमकुमारोदाहरणं समाप्तम्"



मंत्रितिलकमंत्रीनी कथा.

પાખંડીપ્રશંસાતિચાર.

પાખંડીની પ્રશંસા.

દાનવીર્ય રાજા બોલ્યો ભગવન્ ! પાખંડીનો પરિચય કરવાથી જે દુઃખ અનુભવાય છે તે સંબંધી આપે યથાર્થ બોધ આપ્યો, તેવીજ રીતે પાખંડીની પ્રશંસા કરવામાં શો દોષ છે? તે પણ કૃપા કરી કહો. સુપાર્શ્વ પ્રભુ બોલ્યા–રાજન ! પાખંડીની પ્રશંસા કરવાથી પાપની પુષ્ટિ અને સંતાપની વૃદ્ધિ થાય છે, એમ સમજી મંત્રીતિલક નામે મંત્રીની માફક સર્વથા પાખંડી લોકોની પ્રશંસા કોઇએ કરવી નહીં. તદ્યથા–સત્પુરૂષોનું ઉત્પત્તિ સ્થાન, જેની અંદર નિરંતર ધર્મ સામગ્રીઓ પ્રવર્ત્તે છે તેમજ ભૂમિરૂપી સ્ત્રીને તિલક સમાન, અને સુપ્રસિદ્ધ વિજયની માફક અતિ રમણીય વિજયપુર નામે નગર છે. તેની અંદર દુર્વાર વૈરીઓની સ્ત્રીઓનાં હૃદયરૂપ કાષ્ઠને દહન કરવામાં દાવાનલ સમાન અને પોતાના સજ્જ ભુજરૂપી વજ્ર પંજરમાં

જેણે લક્ષ્મીરૂપી સારિકા (મેના) સ્થિર કરી છે એવા નલ નામે રાજા છે, જેના શરીરે, દંતવણ (દંતવન) દંતક્ષત (પર્વતના એકદેશિયવન) વડે સુશોભિત, સગુણ (શુક્તિ-પક્ષિઓ) વડે સેવવા લાયક અને ઉત્તમ છાયા સહિત વનરાજીની માફક સ્વચ્છ કાંતિમય રાજ્ય લક્ષ્મી શોભે છે. તેમજ ગંભીર મનરૂપી સમુદ્રને ઉલ્લાસ આપવામાં પૂર્ણિમાના ચંદ્ર સમાન અને પ્રેમ વિલાસના ખાસ મંદિરરૂપ સૌભાગ્ય મંજરી નામે તેની સ્ત્રી હતી. વળી દુષ્ટ જનોનો વિલય કરનાર, સમસ્ત જનોની પરીક્ષા કરવામાં અતિ દક્ષ, સુબુદ્ધિરૂપી રત્નોનો રોહણ ગિરિ સમાન અને નીતિરૂપી તિલકવૃક્ષોને ધારણ કરવામાં મલયાચલ સમાન મંત્રિતિલક નામે તેનો મંત્રી હતો. તેના સર્વ રાજ્યમાં પ્રમાણભૂત તેમજ લોકમાન્ય પણ તેજ ગણાતો હતો. અને તે વૃદ્ધ જનોના માર્ગને અનુસરી નિરવદ્ય કાર્યમાં સદા રક્ત હતો. વળી સામ, દામ, દંડ, અને ભેદ વિગેરે નીતિમાર્ગ સિવાય પદમાત્ર પણ પ્રવૃત્તિ કરતો નહોતો.

વનમાંપ્રવેશ.

એક દિવસે નલરાજા ઘોડે સ્વાર થઈ મૃગયા કરવા નીકળ્યો. મંત્રી પણ તેની સાથે અશ્વ ઉપર બેસી ચાલતો થયો. તેઓ બંન્ને ઝડપથી વનમાં ગયા. તેટલામાં તેઓની પાછળ સૈન્ય પણ ત્યાં પ્રસાર થઈ ગયું. મંત્રીની સાથે બહુ વેગથી રાજા મધ્ય વનમાં નીકળી ગયો. તેવામાં ત્યાં આગળ લાંબાં અને મજબુત શીંગડાં વાળો એક મૃગલો તેણે જોયો કે તરતજ રાજા ધનુષ ચઢાવી તેને બાણ મારવાની તૈયારી કરે છે, તેટલામાં તે મૃગ બોલ્યો, રાજન્! તું ક્ષત્રિય થઈ આ શું કરે છે ? શું આ કાર્ય તને ઉચિત છે ? વ્યસનમાં આસક્ત થઈ તું મ્હને બાણ મારે છે. શું આવું નિંદ્ય કાર્ય કરતાં તને લજ્જા પણ નથી આવતી ? વળી તું ક્ષત્ર શબ્દનો બીલકુલ અર્થ સમજતો નથી. કારણકે જેઓ સમસ્ત પ્રાણી વર્ગને ભયથી

બચાવે તેજ ક્ષત્રિય કહેવાય છે. તેમજ જેઓ ઉભયકુલ વિશુદ્ધ હોય અને ક્ષત્રિય કુળમાં ધ્વજ સમાન ઉદ્યોતકારી હોય તેવા પુરૂષો તો બહુ નિંદવા લાયક એવા શત્રુ ઉપર પણ પ્રહાર કરતા નથી. વળી જેઓ મૂઢ હોય તેઓજ અપરાધ વિનાના અને શસ્ત્રાદિક રહિત કુક્કર તથા મૃગ વિગેરે દીન પ્રાણીઓનો સંહાર કરે છે. તેથી તેઓને ક્ષત્રિયના ધર્મથી ભ્રષ્ટ થએલા પાપિષ્ઠ જાણવા. રાજન્! શું તમારા ધનના ખજાનાઓ અમે લુંટી લીધા છે.? અથવા શું તમારા અંતઃપુર, નગર કે સૈન્યને દુઃખ દીધું છે? જેથી તમે અનાથ પ્રાણીઓને મારો છો? તેથી તમારા ક્ષત્રિયપણાને પણ ધિક્કાર છે. બિચારા મૃગલાઓ વનની અંદર ચરે છે, ઝરણોનાં જળ પીએ છે અને કોઇનો પણ અપરાધ કરતા નથી, તેમ છતાં પણ તમારા તરફથી આવી દુઃસહ પીડાઓ તેમને ભોગવવી પડે છે. માટે હે સત્પુરૂષ! ક્રોધનો ત્યાગ કર; કેમકે સ્વભાવ સરલ કરવામાં બહુ ફાયદો છે. સર્વ પ્રાણીઓ ઉપર દયા ભાવ રાખવો ઉચિત છે. એ પ્રમાણે મૃગલાનાં વચન સાંભળી વિસ્મિત થઇ રાજા બોલ્યો, હે મંત્રિ તિલક! શું પશુઓ પણ નિર્ભયચિત્તે મનુષ્ય વાણી બોલી શકે છે? મંત્રી બોલ્યો, સ્વામિન્! આ દેવ અથવા કોઈ દાનવ હોવો જોઈએ અને કોઇપણ કારણને લીધે મૃગનું સ્વરૂપ ધારણ કરી તે અહીં આવ્યો છે. માટે જલદી આપણે અહીંથી ચાલો. અશ્વની લગામ ખુલ્લી મૂકો અને આ મૃગલો શું કરે છે? તે આપણે જોઇએ. રાજા તે પ્રમાણે અશ્વ ચલાવી મૃગની પાછળ થયો. મૃગ પણ પવનવેગે ઉન્નત ફાળો મારતો આગળ ચાલ્યો, પછવાડે રાજા અને મંત્રી ચાલ્યા જાય છે.

મુનિદર્શન.

અનુક્રમે મધ્ય વનમાં ગયા તેટલામાં ત્યાં શુદ્ધ સુવર્ણ સમાન કાંતિવાળા, જેમની ભુજલતાઓ જાનુપર્યંત લાંબી છે, ચંદ્ર સમાન દર્શનીય છે મૂર્તિ જેમના, વળી દેહની શોભાવડે કામદેવને

પણ તિરસ્કાર કરતા અને એકાંતમાં બેસી પરમતત્ત્વનું ધ્યાન ધરતા એવા એક મૌનધારી મુનીંદ્ર જોયા, શરીરની ચેષ્ટા ઉપરથી તેઓ સર્વથા વિમુક્ત દેખાતા હતા. તેમજ તેમની પોતાની દૃષ્ટિ નાસિકાના અગ્રભાગ ઉપર સ્થિર હતી. યોગ્ય પ્રસંગ જોઈ મૃગ બોલ્યો, ભો ? ભો ? આ મહાભાગ્યવંત મુનિવરના ચરણ કમળમાં તમે ભક્તિપૂર્વક વંદન કરો. તે સાંભળી રાજા અને મંત્રીએ અશ્વ ઉપરથી નીચે ઉતરી મુનીશ્વરને વિનયપૂર્વક વંદના કરી. મુનિએ પણ તેઓને શિવ સુખદાયક ઉત્તમ ધર્મલાભ આપ્યો. બન્ને જણ ભૂમિ ઉપર બેઠા તેટલામાં તેઓનું સૈન્ય પણ ત્યાં આવી પહોંચ્યું. મુનિએ તેઓના હિત માટે ધર્મદેશનાનો પ્રારંભ કર્યો, હે ભવ્યાત્માઓ ? અનાદિ કાળથી દરેક સમયે ઉપાર્જન કરેલા કર્મબંધનને લીધે જીવાત્મા સેંકડો દુઃખરૂપી આવર્ત્તોવડે અતિ દુર્ગમ એવા સંસાર સમુદ્રમાં પરિભ્રમણ કરે છે. તેમાં પણ ત્રસ અને સ્થાવર પ્રાણીઓને દુઃખી કરવાથી નરકસ્થાનમાં અનેક શસ્ત્રોના આઘાત વડે નાના પ્રકારની વેદનાઓ અનુભવે છે. તિર્યગ્ યોનિમાં પણ ક્ષુધા, તૃષાદિકથી શ્રાંત થઈ વાહન, દહન, અંકન અને કર્ણછેદ વિગેરે અનેક દુઃખો સહન કરવાં પડે છે. મનુષ્ય ભવમાં પણ દરિદ્રતા, વ્યાધિ અને દૌર્ભાગ્ય વિગેરે દુઃખોવડે પીડાવું પડે છે. વળી એક તરફ વિષય તૃષ્ણા નચાવે છે છતાં બહુ પ્રયત્નથી પણ તે તૃષ્ણા નહીં શાંત થવાથી શોચનીયદશા અનુભવતો તે વૃથા કાલક્ષેપ કરે છે. વળી કોઈ પ્રકારે વિષયો પ્રાપ્ત થાય છે, તો તેઓમાં બહુ આસક્ત થવાથી વિષયાભિલાષા અતિ વૃદ્ધિ પામે છે, પરંતુ તૃપ્તિ તો થતીજ નથી. કદાચિત્ તેઓનો વિયોગ થાય તો પ્રથમ સેવેલા વિષયોનું સ્મરણ કરી તે બહુજ દુઃખી થાય છે. જેથી નિદ્રા પણ આવતી નથી. તેમજ દેવભવમાં પણ મહર્દ્ધિક દેવતાઓની અધિક સમૃદ્ધિ જોઈ બીજા અભિ-

ચોગિક અને કિલ્બિષિક દેવો ઇર્ષ્યાળુ થઇ બહુ વ્યથા છે તે કેવલ દુઃખનું જ સ્થાન છે. વળી તેઓ શોક કરે પૂર્વ ભવમાં મ્હેં અને એણે એક ગુરૂની પાસે તપશ્ચર્યા છતાં ધિક્કાર છે કે મ્હને પ્રમાદનું ફળ મળ્યું અને એને દનું એટલે શુભ ફળ મળ્યું. દેવપણું તુલ્ય છતાં પણ એક ક્રોધ સહિત અન્યને આજ્ઞા આપે છે. તેમાં તે વૈરીને આપણે શું કહેવું ? માત્ર ધર્મ પ્રમાદ એજ મુખ્ય દોષ છે. તિર્યગ્, નર અને દેવભવમાં વિષય સેવન કરવાથી જે સુખાભાસ દેખાય છે તે પણ દુઃખ જ છે, કારણકે તેનાથી પરિણામે ભારે દુઃખ પરંપરા પ્રગટ થાય છે. એમ સમજી નિરંતર દુઃખમય આ સંસારમાં જીનેંદ્ર કથિત સિદ્ધાંતોમાં કહેલા ધર્મનું સેવન કરો કે જેથી કરી ભવ સમુદ્ર તરવો સુલભ થાય.

નરેંદ્ર બોલ્યો, જગદ્ગુરો ? સંસાર સ્વરૂપ તો એવું જ છે; પરંતુ આપને વૈરાગ્ય થવાનું વિશેષ કારણ શું થયું ? તે જાણવા મ્હારી ઈચ્છા છે.

મુનીંદ્રનાવૈરાગ્યનું કારણ.

મુનીંદ્ર બોલ્યા, રાજન્ ? સિદ્ધપુર નામે સુપ્રસિદ્ધ નગર છે. તેમાં ભુવનસાર નામે રાજા રાજ્ય કરે છે. કનકશ્રી નામે તેની સ્ત્રી છે; તેમજ યથાર્થ નામધારી મતિસાગર નામે તેનો મંત્રી છે. અનુક્રમે તેઓ પોતપોતાનાં કાર્ય ચલાવતા હતા, તેવામાં એક દિવસે દક્ષિણ દેશમાંથી વાજીંત્ર અને નૃત્ય કળામાં બહુ કુશળ એવા ગાંધર્વ લોકોનું એક ટોળું ત્યાં આવ્યું. દ્વારપાલની સૂચનાથી તેઓને રાજસભામાં દાખલ કર્યા એટલે તેઓએ રાજાને સલામી આપી સંગીતનો પ્રારંભ કર્યો, અપૂર્વ નાટ્ય જોવા માટે રાજાએ કંચુકી દ્વારા અંતઃપુરમાં સમાચાર મોકલાવ્યા, એટલે સર્વ રાણીઓ પોતપોતાના પરિવાર સહિત ત્યાં આવીને જવનિકાની અંદર બેઠી અને છિદ્રો દ્વારા

નાટય જોવા લાગી. તેમજ વાંરાંગનાઓ પણ સભામાં બેસી બહુ પ્રમોદ પૂર્વક જોવામાં તલ્લીન બની ગઈ. વળી રૂપ વૈભવમાં દેવાંગના સમાન, લીલા વિલાસમાં સુંદર કલાવાળી, નાના પ્રકારના અલંકાર તેમજ ઉજ્વલ શણગાર પ્હેરી સજ્જ થએલી, મેઘ સમાન શ્યામ એવા કેશપાશમાં રહેલી પુષ્પોની માલાઓવડે દિશાઓને સુગંધિત કરતી, કસ્તૂરીના સુગંધને લીધે સંપૂર્ણ શોભાને વહન કરતી, મદિરાના મદથી જેઓનાં નેત્ર કિંચિત્ તામ્ર અને ચક્રી ખાઈ કંઈક મીચાઈ જાય છે, તેમજ સ્વચ્છ પરસેવાના બિંદુઓવડે જેઓનું ભાલસ્થલ દંતુરિત દેખાય છે એવી કેટલીક વારાંગનાઓ પણ નરેંદ્રના ચરણ કમલની સેવામાં હાજર હતી. તેમાંની કેટલીએક ચામર વીંઝતી હતી. એમ બહુ ઠાઠથી રાજા સંગીત સાંભળતો હતો.

અષ્ટાંગવેદીબટુક તે સમયે અકસ્માત્ દ્વારપાલે આવી વિનતી કરી કહ્યું કે, પૃથ્વી નાથ ? અષ્ટાંગ નિમિત્તનો જાણકાર એક બટુક આવી દ્વારમાં ઉભો છે, તેના હસ્તમાં પુસ્તક છે, શ્વેત વસ્ત્ર પહેરેલાં છે, અને માત્ર આપના દર્શનની ઈચ્છા તે જણાવે છે. આપની તે માટે શી આજ્ઞા છે ? તે સાંભળી સંગીતમાં લુબ્ધ થએલો રાજા બોલ્યો, અહીં એની કંઈ જરૂર નથી. એને કહો કે હાલ અહીં તેના માટે કંઇ પ્રસંગ નથી. કારણ કે દેવતાઓને પણ દુર્લભ એવા આ સંગીત સમયમાં તેનું અહીં કંઈ પણ પ્રયોજન નથી. તે સાંભળી મતિસાગર મંત્રી બોલ્યો, ભૂપતે ? કૃપા કરી જલદી તે બ્રાહ્મણને અહીં બોલાવો, કારણકે તે અષ્ટાંગ નિમિત્તનો જાણકાર છે, એવો પુરૂષ હાલમાં પૃથ્વીપર પ્રાયે કોઇ પણ દેખાતો નથી. આપના પ્રસાદથી નાટારંગ તો ફરીથી પણ પ્રતિદિવસે જોવામાં આવશે. આ સાંભળી રાજાએ

દ્વારપાલને આજ્ઞા કરી કે તરતજ તેણે બટુકને મોકલ્યો, મંત્રોચ્ચારપૂર્વક આશીર્વાદ આપી રાજાના મસ્તકપર અક્ષત નાખી બટુક ઉચિત આસન ઉપર બેસી ગયો. સંગીત પૂર્ણ થયું એટલે રાજા બટુક તરફ દૃષ્ટિ કરી બોલ્યો, હે બટુક ! સદાકાલ આપને આનંદ વર્ત્તે છે ? બટુક બોલ્યો, નરનાથ ? મ્હેં મ્હારા જ્ઞાનથી નિશ્ચય કર્યો છે કે મ્હારૂં, તમ્હારૂં અથવા આ નગરવાસી લોકોનું અશુભ થવાનું છે અને તે પણ બેઘડી પછી તરતજ થવાનું છે. આ પ્રમાણે વિષમ વાક્ય સાંભળી બટુક ઉપર ક્રોધ કરી રાજા બોલ્યો, શું આ નગર ઉપર તારા મંડલ સહિત આકાશ તૂટી પડશે ? કિંવા ક્રોધાયમાન થઈ કોઈ દેવતા આ નગરને પર્વતવડે દબાવી દેશે ? અથવા શું પ્રલયકાલનો અગ્નિ આ નગરને બાળી નાંખશે ? મ્હોટું આશ્ચર્ય છે કે મ્હારી આગળ આ પ્રમાણે અસંબદ્ધ પ્રલાપ કરનાર અને બહુ વાચાલ એવા આ બટુકની જીહ્વા કેવી ચંચલતા બતાવે છે ! તે સાંભળી મંત્રી બોલ્યો, નરાધીશ ? કૃપા કરી આપ એને અશુભ થવાનું કારણ પૂછો, કેમકે આ બાબત કંઈ નિર્મૂલ નહીં હોય, માટે તેમાં બહુ રોષ કરી વિકલ્પ કરવાની કંઈ જરૂર નથી. રાજા બોલ્યો, ભદ્ર ? પૌરજનોને અશુભ થવાનું કંઈ કારણ છે ? બટુક બોલ્યો, નરેંદ્ર ? આપ પ્રસન્ન થઈ મ્હારા કહેવા ઉપર ધ્યાન આપો. દૈવજ્ઞ ઘણો ઉત્તમ હોય પરંતુ તે દૈવયોગથી રક્ષણ કરવાને સમર્થ થતો નથી, માત્ર ભાવી શુભ વા અશુભ થશે તે નિર્વિકલ્પપણે કહેવાની તેનામાં શક્તિ હોય છે. માટે મ્હારી ઉપર તમારે રોષ બુદ્ધિ ન કરવી. જેવું મ્હને ભવિષ્ય જ્ઞાન થયું છે, તે પ્રમાણે મ્હારે કહેવાનું છે, એમ પ્રાર્થના કરી નિશ્ચિંતચિત્તે ફરીથી તે સ્પષ્ટ રીતે કહેવા લાગ્યો, રાજન્ ? થોડાજ સમયમાં સુશળ ધારાઓથી તેવો વૃષ્ટિપાત થશે કે ધીર પુરૂષોનાં હૃદય અને મસ્તકો પણ કંપવા લાગશે. ખાડા, ટેકરા,

કિન્નો કે દેવમંદિર તથા હવેલીઓ વિગેરે કોઈપણ સ્થલ દષ્ટિગો-ચર થશે નહીં. તેમજ સર્વ નગર સમુદ્ર સમાન જલાકાર થઈ જશે. એમ તે કહેતો હતો, તેટલામાં પવન બદલાઈને ઉત્તર દિશાનો વાવા લાગ્યો, અને ક્ષણમાત્રમાં હસ્તતલ સમાન એક વાદળનો ટુકડો આકાશમાં દેખાયો. બટુક બોલ્યો, સભ્યજનો ? ઉત્તર દિશા તરફ વાદળ જુઓ કે તે કેવું દેખાય છે ? અનુક્રમે તે વાદળ સમગ્ર આકાશમાં પ્રસરી જશે. તે સાંભળી સભામાં બેઠેલા સમસ્ત લોકો બટુકનું વચન સત્ય માની ભયભીત થઈ ગયા અને આકાશમાં ઉડવાની માફક ઉંચાં મુખ કરી જોવા લાગ્યા. બાદ જેમ જેમ પવન પ્રસરવા લાગ્યો તેમ તેમ વાદળ પણ પથરાવા લાગ્યું, ક્ષણ માત્રમાં વાદળાંઓએ પરસ્પર અહંબુદ્ધિથી ગગનાંગણ ઘેરી લીધું. ચારે તરફ મેઘની ગર્જનાઓ થવા લાગી, વળી પર્વતોની ગુહાઓ તેમજ ભોંયરાં વિગેરેમાં ભરાઈ ગયેલ તે ગર્જનાના પ્રતિધ્વનિથી જાણે બ્રહ્માંડ સ્ફોટ થયો હોય ? અથવા દિગ્ગજોએ પોકાર કર્યો હોય ? એમ લોકો વિતર્ક કરવા લાગ્યા. તેમજ ઐરાવત હસ્તિના કુંભસ્થલ ઉપર સ્થાપન કરેલા સુવર્ણ કલશના કિરણો હોય ને શું ? તેમ વિજળીના ઝબકારા તડતડ શબ્દો સાથે ભુવનાંતરમાં વ્યાપી ગયા. વળી તે વિદ્યુતલતાના પ્રચંડ વિલાસથી ક્ષણમાત્રમાં પ્રલયાનલની અતિ ચંચલ જ્વાલાઓવડે વ્યાપ્ત થયું હોય ને શું ? તેમ સર્વ જગત્ દેખાવા લાગ્યું. આ પ્રમાણે ભયંકર દેખાવ જોઈ નરેંદ્રાદિક સર્વે લોકો એકદમ ચકિત થઈ ગયા, તેટલામાં મુશલ ધારાએ વૃષ્ટિ થવા લાગી. પ્રલય કાળનો સમુદ્ર મર્યાદા છોડી મનુષ્ય લોકનો પરાજય કરવા પ્રવૃત્ત થયો હોય ને શું. ? તેમ ક્ષણમાત્રમાં અપાર જલપ્રવાહ વહેવા લાગ્યો. તે જોઇ એકદમ નગરમાં બહુ ક્ષોભ ફેલાઈ ગયો. રાજા પણ ચિંતાતુર થઇ ગયો. અહો ? આ અકાલે પ્રલયકાળ આવ્યો. હવે

શું કરવું ? દૈવયોગ બલવાન્ છે ? એમ રાજા વિચાર કરતો હતો તેટલામાં જ્યાં તે બેઠો હતો ત્યાં જલપ્રવાહ આવી પહોંચ્યો, એટલે તત્કાલ ત્યાંથી ઉઠી રાજા, મંત્રી અને બટુક એ ત્રણે જણા તેના સાતમા માળે ચઢી ગયા. નગરના લોકો બહુ પોકાર કરતા વિલાપ કરવા લાગ્યા. હા ? વત્સ ? તું તારો પ્રાણ લઇ બહુ ઉંચા દેવમંદિર ઉપર ચઢીજા, મ્હારી વાટ જોઇશ નહીં. કારણકે પ્રલયકાલના સમુદ્રની માફક આ જલ પ્રવાહ ભારે ઉછળી રહ્યો છે. વળી કોઈક સ્રી બોલી કે હે પુત્ર! જીનેંદ્ર ભગવાનનું સ્મરણ કરી નવકારમંત્ર ગણ. તેમજ સાકાર અનશન ગ્રહણ કરી આહારનો ત્યાગ કર. એ પ્રમાણે દયાજનક લોકોના વિલાપ સાંભળી રાજા બહુ દુઃખી થયો, તેટલામાં અનિવાર્ય તે જલપ્રવાહ સાતમે માળે જઇ પહોંચ્યા. તે જોઈ રાજાનું ધૈર્ય છુટી ગયું. અને મંત્રી તરફ દૃષ્ટિ કરી પોતાની વ્યાકુલતા જણાવીને બોલ્યો, મંત્રિન્ ? હવે જરૂર આ મરણકાલ નજીક આવ્યો. આપણે એટલું પણ પુણ્યધર્મ નથી કર્યું કે જેથી આપણો ઉદ્ધાર થાય. હવે આયુષ વધે તેમ લાગતું નથી. માટે આ વિપત્તિ જોઇ મ્હારૂં હૃદય પ્રાસાદના શિખર ઉપર રહેલા ધ્વજની માફક કંપે છે. વળી વિષયમાં આસકત થઇ મ્હેં આટલો સમય વૃથા ગુમાવ્યો. કારણ કે શ્રાવક કુલમાં જન્મ થયો પરંતુ જીનેંદ્ર ધર્મની આરાધનાથી વિમુખ રહ્યો, અને અસાર એવા આ સંસારના કાર્યોમાં નિરંતર રકત થઇ જન્મ નિરર્થક કર્યો. હવે મરણ સમય નજીક આવ્યો, તેથી હું શું કરી શકીશ. હા ? હા! હું હવે જીવતો છતો મરેલો છું, કેમકે મેં મારો મનુષ્યભવ નિષ્ફલ વ્યતીત કર્યો. વળી નિર્બલ હૃદયને લીધે પૂર્વ પુરૂષોએ આચરેલી ધર્મ મર્યાદાનો મ્હેં ભંગ કર્યો. તેમજ સાવદ્ય રાજ્યકાર્યોમાં મ્હેં બહુ અનાર્યપણું આચર્યું અને વિષયોમાં લુબ્ધ થઇ ધર્મકાર્યથી હું વિમુખ રહ્યો. કોડી માટે કોટીધન, કાચ-

ખંડને બદલે વૈડૂર્યમણિ, પાષાણના ટુકડા માટે ચિંતામણિ અને શુએરના બદલે જેમ કોઈ કલ્પવૃક્ષ હારી જાય તેમ દુઃખરૂપ અને વિપત્તિઓના હેતુભૂત વિષય સેવનમાં મ્હેં ધર્મરહિત જન્મ નિષ્ફલ કર્યો. અગ્નિ લાગ્યા પછી કૂવો ખોદવાની માફક હવે સંકટ આવી પડયા પછી શું કરવું ? કયાં જવું ? કોને કહેવું ? એમ પોતે વિકલ્પ કરતો હતો તેટલામાં બહુ વેગથી ત્યાં પણ જળ ભરાઇ ગયું. તે જોઇ મનમાં પંચપરમેષ્ઠીનું સ્મરણ કરે છે તેટલામાં ત્યાં માવત વિનાના હસ્તિ સમાન મનુષ્ય વગરનું એક વહાણ તેની સન્મુખ આવ્યું, અને તે સાતમા માળની વરંડિકાની નજીક આવી ઉભું રહ્યું. તે જોઇ મતિસાગર મંત્રી બોલ્યો, રાજન્! આ વહાણમાં આપ બેસી જાઓ. ખાસ આપના પુણ્યના ઉદયથી કોઇક દેવે આપની વિપત્તિ તારવા માટે આ વ્હાણ મોકલ્યું છે. તે સાંભળી રાજા તત્કાલ તે નાવમાં બેસવા માટે ડાબો પગ વંડી ઉપર મૂકી દક્ષિણપાદ વ્હાણની અંદર મૂકવા જાય છે તેટલામાં જલ, વરસાદ, વ્હાણ અને વિજળીના ચમકારા તથા ગર્જનાઓ વિગેરે સર્વ શાંત થઇ ગયું અને લોકો સ્વસ્થ દશામાં દેખાવા લાગ્યા. સર્વત્ર આનંદ પ્રસરી ગયો. કોઈ સ્થળે સંગીતના ધ્વનિ સંભળાવા લાગ્યા તો કોઈ ઠેકાણે વિવિધ વાર્તા વિનોદ અને કોઇક પ્રદેશમાં પ્રગટ રીતે નાટ્યરચનાઓ થવા લાગી.

વૈરાગ્યભાવના.

તે જોઇ રાજા વિસ્મિત થઇ બોલ્યો, હે નૈમિત્તિક શિરોમણે! આવું અતિ અદ્દભુત આશ્ચર્ય કોઇ વખત પણ મ્હારા જોવામાં આવ્યું નહોતું. નૈમિત્તિક બોલ્યો, રાજન્! હું નૈમિત્તિક નથી, પરંતુ ઇંદ્રજાલિક છું. તે સાંભળી રાજાએ બહુ ચકિત થઇ બે કરોડ સોનૈયા તેમજ અન્ય વસ્ત્રાદિક આપી બટુકને વિદાય કર્યો, ત્યારબાદ સંસારથી વિરક્ત થઇ રાજા, મંત્રી પ્રમુખ સભ્યજનો સહિત રાણીઓની

આગળ કહેવા લાગ્યો કે આ ઇંદ્રજાળનો ચમત્કાર જોયો ? આપની કૃપાવડે સર્વ જોયું. આવું અલૌકિક આશ્ચર્ય કોઇપણ સમયે અમે કોઇએ જોયું નહોતું. એ પ્રમાણે તેઓનો પ્રત્યુત્તર સાંભળી રાજા બોલ્યો, સજ્જનો ! જેવો આ ઈંદ્રજાળનો દેખાવ જોયો તેજ પ્રમાણે બહુ દુઃખના નિધાનરૂપ આ સંસારમાં સર્વ વસ્તુઓનું સ્વરૂપ જાણવું. રૂપ, બળ, ઐશ્વર્ય, સ્નેહ, યૌવન, સંપત્તિ અને આયુષ્ય પવનથી કંપાયમાન દર્ભના અગ્ર ઉપર રહેલા જલબિંદુ સમાન ચંચળ છે. તેમજ કુષ્ટાદિક વ્યાધિવડે હસ્ત, પાદ, નાસિકા વિગેરે અંગોપાંગ સડી જાય છે, અને તેથી કામદેવ સમાન તેજસ્વી પુરૂષોની પણ રૂપ સંપત્તિ અદર્શનીય થાય છે. વળી વ્યાધિ, ક્ષુધા અને તૃષાદિકથી રૂધિર માંસ વિગેરે ધાતુઓ સુકાઇ જાય છે. જેથી પવન સમાન બલવાન્ એવા પુરૂષો પણ પોતાના સ્થાનમાંથી બલાત્કારે પણ ઉઠી શકતા નથી. વળી કાષ્ઠશ્રેષ્ઠી અને તેની સ્ત્રી તેમજ રામચંદ્ર અને સીતા વિગેરેનાં વૃત્તાંત સાંભળી પ્રેમની દારૂણ પરિણુતિ કોણ નથી જાણતું ? વિવિધ વિલાસરૂપી વૃક્ષો જેમાં ઉલ્લસી રહ્યાં છે એવું અધમ પુરૂષોનું યૌવનરૂપી વન જરારૂપી દાવાનળની જ્વાલાઓ વડે જરૂર બળી જાય છે. બહુ દૂષિત એવી વ્યભિચારિણી સ્ત્રીનીમાફક નવિન પલ્લવાગ્ર ઉપર રહેલા જળબિંદુની પેઠે વિલાસ કરતી લક્ષ્મીનો કોણ વિશ્વાસ કરે ? નિરંતર કમલનો સંગ હોવાથી તેના નાળના કાંટાવડે વિંધાયેલા પગવાળી હોયને શું ! તેમ તે લક્ષ્મી હજુ કોઇ ઠેકાણે ક્ષણમાત્ર પણ પગ મૂકતી નથી. અર્થાત્ બહુ ચંચળ છે. અમાત્ય વિગેરે મૂલપ્રકૃતિ, દંડ, કોષ અને પ્રજામંડળથી પરિપૂર્ણ એવા નરેંદ્રનો પણ દિવસના અવસાનમાં કમળની માફક ત્યાગ કરી લક્ષ્મી અન્યત્ર ચાલી જાય છે. એ પ્રમાણે સૂર્યના બિંબની માફક પોતાની ઇચ્છા પ્રમાણે અનેક પ્રકારે સંચાર કરતી એવી લક્ષ્મી

વડે કયો પુરૂષ વિડંબિત નથી થયો ? વળી નિરૂપક્રમ આયુષ્ દરેક સમયે ક્ષીણ થાય છે. છતાં પણ જેઓની બુદ્ધિ આયુષને સ્થિર માને છે તેઓ વિજળીને સ્થિર માને તેમાં શું આશ્ચર્ય ? એ પ્રમાણે હાલમાં આ સર્વ સંસાર વિલાસ અસાર જાણી ચંચલ અને મિથ્યારૂપ આ વિષય સુખના આભાસમાં પ્રતિબંધ કરવો તે બહુ ખેદની વાત છે. મેં આજસુધી તો મનુષ્યાદિ સામગ્રી વૃથા ગુમાવી પરંતુ હવે હું પ્રાચીન પુરૂષોના માર્ગને અનુસરીશ. એમ પોતાનો વિચાર જણાવી તેમણે ઉત્તમ લગ્નમાં હરિવિક્રમ કુમારનો રાજ્યાભિષેક કર્યો. ત્યારબાદ ધર્મમાર્ગમાં ધનનો વ્યય કરી દીક્ષા ગ્રહણ કરી તેજ હું પોતે છું. હે નરેંદ્ર ! તમ્હારા સરખા પુરૂષોની આગળ પોતાનું અનુભવેલું ચરિત્ર વર્ણન કરવાથી જો કે લઘુતા દેખાય છે; પરંતુ પરિણામે તે ગુણકારક થાય છે.

રાજાનો પશ્ચાત્તાપ.

આ પ્રમાણે તે મુનીંદ્રનું ચરિત્ર સાંભળી રાજા બોલ્યો, આપના સરખા સત્પુરૂષોજ રાજ્યલક્ષ્મીનાં બંધનો તોડી શકે છે. પરંતુ ગાઢકર્મના બંધનથી બંધાએલા અને શુદ્ધ શ્રદ્ધા હીન મ્હારા સરખા પ્રાણીઓને તો સદ્ધર્મની બુદ્ધિ પણ દુર્લભ થાય છે, તો પછી સદ્ગુરૂઓનો સમાગમ તો હોયજ ક્યાંથી ? પરંતુ હે મુનીંદ્ર ! પૂર્વભવમાં મેં પુણ્ય અને પાપ બન્ને ઉપાર્જીત કરેલાં છે, કેમકે પુણ્યને લીધે મરૂસ્થલમાં કમલસરોવર સમાન આપના ચરણ કમલનાં દર્શન આ મૃગની સહાયતાથી પ્રાપ્ત થયાં; છતાં મ્હારા મંદ ભાગ્યને લીધે આપની સેવા માટે હું અશક્ત છું. કહ્યું છે કે—

महद्भिः पापात्मा, विरलमपि सङ्गं न लभते ।
वियोगं माप्नोति, क्षणमपि न तैः पुण्यसहितः ।
अतःकिञ्चित्पापं सुकृतमपि शङ्के स्वविषये ।
भवद्भिः संसर्गः, कथमथ कथं चैव विरहः ॥

અર્થ—"મહાત્માઓનીજ સંગતિ પાપી પુરૂષોને ક્ષણમાત્ર પણ થતી નથી, તેમ પુણ્યશાળી પુરૂષ તેઓથી ક્ષણમાત્ર વિયુક્ત રહેતો નથી. તેથી કંઇક પાપ અને કંઇક સુકૃત પણ મ્હેં પૂર્વ જન્મે કરેલું છે એમ મ્હારૂં માનવું છે. અન્યથા આપનો સમાગમ અને વિયોગ કેમ થાય?" એમ છતાં પણ હે સ્વામિન્ ? જે ધર્મમાં મ્હારી યોગ્યતા હોય તે સંબંધી મ્હને ઉપદેશ આપો.

સમ્યક્ત્વધર્મ.

મુનીંદ્ર બોલ્યા, રાજન્ ! જો મોક્ષ સુખ મેળવવાની તમ્હારે તત્કાળ ઇચ્છા હોય તો અર્હન્ ભગવાનરૂપીદેવ, જીવાદિતત્ત્વોની દૃઢ શ્રદ્ધા અને શુદ્ધ તત્ત્વાર્થ વેદી ગુરૂ મહારાજ એ પ્રમાણે સમ્યક્ત્વવ્રત ધારણ કરી જીવન પર્યંત શંકા, કાંક્ષાદિ દોષ રહિત પ્રયત્ન પૂર્વક તે પાળવું. તે સાંભળી મંત્રી સહિત ભૂપતિએ વિધિ સહિત સમ્યક્ત્વવ્રત અંગીકાર કર્યું, એટલે ફરીથી ગુરૂ મહારાજે સમ્યક્ત્વનું સ્વરૂપ વિશેષ પ્રકારે વર્ણવી બતાવ્યું. ત્યાર બાદ નરેંદ્ર બોલ્યો, જગદ્ગુરો ? કલ્યાણના સ્થાનભૂત એવો આ મૃગ કોણ છે? મુનીંદ્ર બોલ્યા, રાજન ! પૂર્વભવમાં આ મૃગલો બ્રાહ્મણ હતો અને તે ખાસ તારો મિત્ર હતો. તે મરીને અજ્ઞાન તપવડે યક્ષ થયો છે. માટે પૂર્વભવના અભ્યાસથી તારા દર્શનમાં એને પ્રીતિ ઉત્પન્ન થઇ, અને વળી અહીં નિત્ય મ્હારા દર્શનથી તેને શુભ ભાવ પ્રગટ થયો છે, તેથી તેણે મૃગરૂપ ધારણ કરી આ સર્વ કાર્ય કર્યું. ત્યારબાદ યક્ષે પોતાનું સ્વરૂપ પ્રગટ કરી મુનિવરની પ્રાર્થના કરી કહ્યું કે હે ભગવન્ ! મ્હેં પણ આપના શુભ ચરણમાં સમ્યક્ત્વ સ્વીકાર્યું છે. એમ કહી તે યક્ષ બીજો પણ કેટલોક ધર્મ સંબંધી ઉપદેશ લઇ મુનિને નમસ્કાર કરી પોતાના સ્થાનમાં ગયો. તેમજ નલ રાજા પણ મુનિવર્યને વંદન કરી મંત્રી સહિત સ્વસ્થાનમાં ગયો.

હવે તે નલરાજા જીનપ્રતિમા કરાવી હમ્મેશાં તેની ત્રિકાલ પૂજા કરે છે. તેમજ વિવિધ પ્રકારે જૈનશાસનની એક પરિવ્રાજક. ઉન્નતિ કરે છે. વળી અન્ય લોકોને ઉપદેશ આપી તે પ્રમાણે પ્રવર્તાવે છે. તેમજ સાધુજનોનું સત્કાર પૂર્વક સન્માન કરે છે અને તેઓની આજ્ઞા પ્રમાણે પ્રવૃત્તિ કરવા પોતે ચુકતો નથી. વળી સાધર્મિક જનોને બંધુ તથા પુત્ર સમાન માને છે. મંત્રિ તિલકમંત્રી પણ તેજ પ્રમાણે જૈનધર્મમાં ઉદ્યુક્ત થઇ હમ્મેશાં રાજમાન્ય થઇ રાજકાર્યમાં સમય વ્યતીત કરતો હતો. કદાચિત્ તે મંત્રી દૈવયોગે બહુ વ્યાધિથી ઘેરાઇ ગયો. વૈદ્ય લોકોના ઔષધાદિક ઉપચારો પણ નિષ્ફળ થયા. તેથી તેઓએ ઉપચાર કરવા છોડી દીધા એટલે મંત્રી નિરાશ થઈ ગયો. તેથી છેવટે તે ધર્મમાર્ગને સહાયભૂત જાણી તેમાં વિશેષ ઉદ્યમ કરવા લાગ્યો. તેવામાં પરિવ્રાજકનો વેષધારી કોઇક પુરૂષ ત્યાં આવ્યો. તેણે વ્યાધિની ચિકિત્સા કરીને ઔષધની શરૂઆત કરી, તેથી મંત્રી નીરોગી થયો. ત્યારથી મંત્રી તેનો બહુ રાગી થયો અને ભોજન વસ્ત્રાદિક પણ તેને પોતેજ આપતો હતો. અનુક્રમે તે બન્નેનો ગાઢ સંબંધ થયો. તેથી તે પરિવ્રાજક કોઈ કોઈ પ્રસંગે પોતાનો ધર્મ પણ મંત્રીને સંભળાવતો હતો. અને ધૂર્તતાને લીધે જૈનધર્મની નિંદા પણ પ્રચ્છન્ન રીતે કરતો હતો. ત્યારબાદ દિવસે દિવસે તેની સાથે બહુ સ્નેહ વધવાથી મંત્રી તેને એક દિવસ પોતાની સાથે રાજા પાસે લઈ ગયો. સભામાં બેઠેલા રાજાએ મંત્રીને પૂછયું, આ કોણ છે? મંત્રી બોલ્યો, જે છે તે ઠીક છે, એનામાં બહુ અપૂર્વ ગુણો રહ્યા છે. તે સાંભળી રાજા બોલ્યો, મંત્રિન્? એની પ્રશંસા કરવાથી તુ પોતાનું સમ્યક્ત્વ મલીન કરે છે. અને તેથી ઉત્તરોત્તર ત્હને બહુ હાની થશે. એ પ્રમાણે ભૂપતિએ બહુ ઠપકો આપ્યો; પરંતુ મંત્રીએ

તેનો પક્ષ છોડયો નહીં અને વિશેષમાં કહ્યું કે શું કોઇના પણ સદ્‌ગુણ પ્રગટ કરવાથી સમ્યકત્વ મલિન થતું હશે ખરૂં ? એમ તેઓનો વિવાદ ચાલતો હતો. તેવામાં પૃથ્વીસ્થાન નગરમાંથી નલરાજાના ચર-ગુપ્ત પુરૂષોએ મોકલેલો એક લેખ આવ્યો. તેની અંદર લખેલું હતું કે હે સ્વામિન્ ? અહીંથી નીલ રાજાએ પરિવ્રાજકનો વેષધારી એવા એક પુરૂષને આપને મારવા માટે મોકલ્યો છે. તેના શરીરની કાંતિ શ્યામવર્ણની છે. ઉમ્મર પાંત્રીશ વર્ષની થઇ છે. ધંધો વૈદકનો કરે છે અને બોલવામાં બહુ વાચાલ છે. માટે તેને બહુ યત્નપૂર્વક પકડી લેવા તમે ભૂલશો નહીં. એ પ્રમાણે તે લેખ રાજાએ પોતે વાંચી તરત જ એકાંતમાં લેખાચાર્યને બોલાવી ફરીથી તે લેખ તેની પાસે બરોબર વંચાવી લેખના ટુકડા કરી ભોંયમાં દાટી દીધો. બાદ રાજાએ તત્કાળ મલ્લોને હુકમ કર્યો, તે પ્રમાણે મલ્લોએ સભામાંથી તે પરિવ્રાજકને ઉઠાવી તેના બન્ને હાથ વાળી નાખી તેને કારાગૃહમાં લઇ જતા હતા, તેટલામાં તેની પાસેથી કંકલોહની એક છરી પૃથ્વીપર પડી. તે જોઇ સર્વ સભાના લોકો વિસ્મય પામ્યા. મલ્લોએ ઝડપથી તે છરી લઇ રાજાને આપી. તે જોઈ રાજા બોલ્યો, રે ? આ શું ? મંત્રી બોલ્યો, જે કંઈ હોય તે આપ તપાસ કરી જુઓ. આપ જાણો છો. રાજા બોલ્યો, મંત્રિન્ ? રાજ સભામાં આવા દુરાચારીને તું લાવે છે, અને વળી જૈન સાધુઓના ગુણો સમાન તેની પ્રશંસા કરે છે. જૈનમત વિરૂદ્ધ એવા આ પાખંડીની પ્રશંસા કરવાથી ત્હેં પોતાનું સમ્યકત્વ અને મ્હારૂં જીવિત વૃથા ગુમાવ્યું. એ પ્રમાણે રાજાએ મંત્રીનો બહુ તિરસ્કાર કરી તેની શિક્ષા માટે તેનું કંઇક ધન રાખી બાકીનું સર્વ ધન પોતાને સ્વાધીન કરી તેના સ્થાનમાં અન્ય મંત્રીને દાખલ કર્યો. બાદ મંત્રીએ વિચાર કર્યો, કે જીનેંદ્ર ભગવાનના વચન વિરૂદ્ધ વર્ત્તવાથી મ્હને આ શિક્ષા બહુ થોડી થઇ છે. એમ

પ્રમાણે મંત્રી મુનિ પાસે ગયો અને વિનયપૂર્વક પર્યાલોચના કરી પ્રાયશ્ચિત્ત લીધું. તેમજ બાર પ્રકારના ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કરી સારી રીતે પાળવા લાગ્યો. આ પ્રમાણે મંત્રીની સત્પ્રવૃત્તિ રાજાના જાણવામાં આવી તેથી રાજાએ તેને ક્ષમાવીને સર્વ ધન પાછું આપ્યું.

બંધીખાને રહેલા તે ઘાતકી પરિવ્રાજકે પણ રાજાની આગળ પ્રાર્થના કરી જણાવ્યું કે વૈરાગ્યને લીધે

નીલરાજાને શિક્ષા. હાલ મ્હેં ભાવ દીક્ષા ગ્રહણ કરી છે, માટે હવે આપ જેમ યોગ્ય લાગે તેમ કરવા શક્તિમાન છો. રાજાએ તેની નમ્રતા જોઈ મલ્લોને બોલાવી કહ્યું કે આ પરિવ્રાજકના હાથ સજ્જ કરી તેને છોડી મૂકો. વળી ફરીથી રાજાએ જણાવ્યું, કે મરતો માણસ પોતાના બચાવ માટે આ પ્રમાણે બોલે છે, પરંતુ મ્હેં એને ધર્મનિમિત્તે મુક્ત કર્યો છે, ત્યારબાદ રાજાએ વિચાર કર્યો કે આ સર્વ અનર્થનું મૂલ કારણ તો નીલરાજા છે માટે પ્રથમ શિક્ષા નીલરાજાને આપવી જોઈએ. પરંતુ હું પોતે તેને પકડવા જઇશ તો પરસ્પર યુદ્ધ થવાથી બહુ પ્રાણીઓનો વધ થવા સંભવ છે. એમ જાણી નલરાજાએ પ્રથમ મૃગનું સ્વરૂપ લઇ જે યક્ષ આવ્યો હતો તેનું હૃદયમાં સ્મરણ કરી પૌષધશાલામાં અષ્ટમ તપનો પ્રારંભ કર્યો. યક્ષે નલરાજાનો અભિપ્રાય જાણી નીલરાજાને બાંધી લાવી નરેંદ્રની આગળ ઉભો કર્યો, અને કહ્યું કે હે સ્વામિન્? આપનું અનિષ્ટ કરવા જેણે પરિવ્રાજકને મોકલ્યો હતો તે આ નીલરાજા છે. ત્યારબાદ નલરાજાએ નીલને કહ્યું કે હવે ત્હારી શી દશા થશે? નીલરાજા બોલ્યો, મહારાજ! આપના ચરણકમળનાં દર્શન થયાં છે, માટે હવે જેમ થવું હોય તેમ ભલે થાય, કેમકે કોઇ પ્રકારની હવે મ્હને ચિંતા નથી. એ પ્રમાણે તેની નમ્રતા જોઇ રાજાએ બંધનથી નિર્મુક્ત કરી તેનું

બહુ સન્માન કર્યું અને યક્ષને કહ્યું કે તરત જ તેણે નીલરાજાને ક્ષણમાત્રમાં આનંદપૂર્વક તે સ્થાનમાં પહોંચાડ્યો.

ગુણરત્નાકરસૂરિ.

ત્યારબાદ નિષ્કંટક રાજ્યભાર વહન કરવામાં ધુરંધર એવો નલરાજા જૈનધર્મમાં વિશેષ રાગી થયો છતો સાધર્મિક જનોનું બહુ સન્માન કરતો હતો. અનુક્રમે યોગ્ય અવસ્થા જોઇ પોતાના પુત્રને રાજ્યમાં સ્થાપન કરી પોતે દીક્ષા લેવાનો વિચાર કરતો હતો. તેવામાં ઉદ્યાનપાળે આવી વિનંતિ કરી રાજાને જણાવ્યું કે સ્વામિન્ ? સજ્જનોના હૃદયને આનંદ આપનાર સાક્ષાત્ પુણ્ય રાશિ હોયને શું ? એવા ગુણરત્નાકરસૂરીશ્વર નંદનનામે ઉદ્યાનમાં પધાર્યા છે. તે સાંભળી રાજાએ તેને તુષ્ટિદાન આપ્યું. ત્યારબાદ મહોત્સવપૂર્વક અન્ય રાજવર્ગથી પરિવારિત નલરાજા પોતાના પરિવાર સહિત સૂરિને વંદન કરવા ચાલ્યો. ત્યાં જઇ વિધિપૂર્વક વંદન કરી મુનીંદ્રની આગળ બેઠો. અને સત્ય પ્રતિજ્ઞા પાલન કરવામાં શિરોમણિ સમાન આ તેજ મહાત્મા છે. એમ વિચાર કરતો હતો તેટલામાં સૂરીશ્વર બોલ્યા, રાજન્ ? કેમ તમે મ્હને ઓળખો છો ? નિઃશંક હૃદયથી રાજા હાથ જોડી બોલ્યો, જગદ્ગુરૂ ? આપે જે જનનીની કુક્ષિમાં વાસ કર્યો તેને જ ધન્યવાદ ઘટે છે. કારણ કે આપે સર્વત્ર પ્રસાર પામેલું અને ત્રણ જગત્‌ને ઇચ્છા પ્રમાણે નચાવવામાં બહુ સમર્થ એવું મોહ રાજાનું બળ ક્ષણમાત્રમાં હઠાવી દીધું છે.

સૂરિનું પૂર્વ સ્વરૂપ.

સૂરિ મહારાજ સભાની અંદર ઉચાસ્વરે બોલ્યા, અમારી આ સર્વ ધર્મસામગ્રીનું મૂલ કારણ આ નલરાજા છે. કારણ કે નીલરાજાએ મારવા માટે ઘાતક (પરિવ્રાજક) મોકલેલો છે એમ ગુપ્ત પુરૂષોના લેખ ઉપરથી આ રાજાએ મ્હને

પકડાવ્યો તે સમયે મ્હારી પાસેથી એક છરી પડી ગઇ. તે જોઇ તેણે મ્હને સખત પીડા આપી. એટલે મ્હેં રાજાની આગળ પ્રાર્થના કરી જણાવ્યું કે ભાવથી મ્હેં જૈનદીક્ષા ગ્રહણ કરી છે. તેથી રાજાએ જાણ્યું કે આ ઘાતક પોતાના બચાવ માટે અસત્ય બોલે છે. તેમ છતાં પણ મ્હને તેણે મુક્ત કર્યો. માટે હે ભવ્યાત્માઓ! આ દુનીયામાં સજ્જનોનાં આશ્ચર્યકારક ચરિત્ર જોઇ મ્હને તે સમયે બહુ આનંદ થયો, અને તેથી હું તેજ પ્રમાણે સદ્ગુરૂના ચરણમાં દીક્ષા ગ્રહણ કરી આ સ્થિતિને પામ્યો છું.

દીક્ષાગ્રહણ.

એ પ્રમાણે સૂરીંદ્રનું વચન સાંભળી સર્વ સભ્યજનોનાં હૃદય અદ્ભુત વૈરાગ્ય રસથી ભીંજાઇ ગયાં. પુન: સૂરીશ્વરે અનેક પ્રકારે જૈનધર્મની વ્યાખ્યા આપી. એટલે ભાવના આપેલાં વસ્ત્રોની માફક સર્વના હૃદયોમાં એવો રંગ લાગ્યો કે દરેક જણ દીક્ષા લેવામાં તત્પર થઇ ગયા. અને વિનીત થઇ બોલ્યા કે હે સદ્ગુરૂ! આપના ચરિત્ર તેમજ દેશનાના પ્રભાવથી હાલ અમે દીક્ષા લેવાને બહુ ઉત્સુક થયા છીએ. પરંતુ પ્રતિબંધને લીધે અટકી જઇએ છીએ. કોઇને માતાપિતા વૃદ્ધ થયાં છે તો કોઇને નાનાં છોકરાં છે, વળી કેટલાકને વિધવા બ્હેન છે, તો કેટલાકને પ્રજાનું દુ:ખ છે અને વળી કેટલાકને ધનનું મહાદુ:ખ છે. તે સાંભળી નલરાજાએ કહ્યું કે ભાઇઓ! જેઓને જેટલું ધન જોઇતું હોય તેટલું તેઓને હું આપું છું, માટે તમે તે લઇને પોતપોતાની ભાવના સફલ કરો. એ પ્રમાણે ધર્મકાર્યમાં રાજાની ઉદારતા જોઇ તેઓ બોલ્યા-અમે આપનો આ મ્હોટો અનુગ્રહ માનીએ છીએ. ત્યારબાદ રાજાએ પોતે સૂરિને વિનતિ કરી કે જો હું દીક્ષા ગ્રહણ કરવાને યોગ્ય હોઉં તો તેમાં વિલંબ કરવાની હવે જરૂર નથી. સૂરિ બોલ્યા-રાજન્! શ્રુતબલવડે દીક્ષા લેવાનો ત્હારો મનોરથ જાણી હું અહીં આવ્યો

છું. માટે જલદી ત્હારૂં મનોવાંછિત સફલ થાઓ. ત્યારબાદ રાજા સૂરીશ્વરને વંદન કરી પોતાના સ્થાનમાં ગયો. રાજાને અમરકુમાર નામે એક પુત્ર હતો. જો કે તેને રાજ્યની ઇચ્છા નહોતી તો પણ તેની યોગ્યતાને લીધે તેને રાજ્યમાં સ્થાપન કર્યો. ત્યારબાદ જેઓ દીક્ષા લેવા ઉત્સુક હતા તેઓને નગરમાંથી ઘોષણા કરાવી પોતાની પાસે બોલાવ્યા, અને અમરકુમાર પાસે જેઓને જેટલું દ્રવ્ય જોઇતું હતું તે પ્રમાણે સર્વ વ્યવસ્થા કરાવી. તેમજ તેઓના પોષણ કરવા લાયક કુટુંબની વિશેષ સંભાવના કરાવરાવી. એ પ્રમાણે તેઓની સમસ્ત ચિંતા દૂર કરાવી તેમને દીક્ષા ગ્રહણ કરવામાં ઉત્સાહિત કર્યા. પછી તે સર્વે લોકો તેમજ રાણીઓ અને અન્ય પ્રધાન પુરૂષો સાથે નલરાજાએ ગુરૂ પાસે દીક્ષા ગ્રહણ કરી. વિધિ પ્રમાણે તેનું પાલન કરી સાઠ ભક્તની તપશ્ચર્યાવડે સમાધિ પૂર્વક દેહત્યાગ કરીને તે સર્વાર્થસિદ્ધમાં ઉત્પન્ન થયા અને અંતે આ ભરત ક્ષેત્રમાંજ સિદ્ધસ્થાન પામશે. મંત્રિ તિલકમંત્રી પણ નરેંદ્રની સાથે દીક્ષા લઈ કાળ કરી સૌધર્મદેવલોકમાં ઉત્પન્ન થઇ અનુક્રમે પાંચમા ભવે મોક્ષપદ પામશે.

॥ इति श्री पाखण्डिप्रशंसायां मंत्रितिलकमंत्रीकथानकं समाप्तम् ॥

સમ્યક્ત્વ મહિમા.

શ્રીસુપાર્શ્વનાથ પ્રભુ બોલ્યા, હે દાનવીર્ય રાજા ! મણિઓમાં જેમ ચિંતામણિ અને વૃક્ષોમાં જેમ કલ્પવૃક્ષ ઉત્તમ ગણાય છે તેમ સર્વ વ્રતોમાં સમ્યક્ત્વવ્રત શ્રેષ્ઠ ગણાય છે. વળી જેમ પક્ષિઓમાં ગરૂડ, દેવોમાં ઇંદ્ર, ગ્રહોમાં ચંદ્ર, રસોમાં અમૃતરસ, મનુષ્યોમાં ચક્રવર્ત્તી અને મુનિઓમાં તીર્થંકર ભગવાન્ મુખ્ય ગણાય છે, તેમ સમસ્ત ગુણોમાં દર્શનગુણ શ્રેષ્ઠ જાણવો. કારણકે સમ્યક્ત્વ રહિત જીવાત્માઓ નિર્દોષપણે

મુનિ ક્રિયા પાળીને ગ્રૈવેયક સુધી તો જાય છે પરંતુ ફરીથી અપાર સંસારમાં પરિભ્રમણ કરે છે, તેમજ તેવા જીવાત્માઓ આ લોકમાં અને નરકાદિકમાં દુઃસહ વેદનાઓ ભોગવે છે. પરંતુ સમ્યકૃત્વની પ્રાપ્તિ વિના તેઓને મોક્ષપદ પ્રાપ્ત થતું નથી. વળી અંતર્મુહૂર્ત્ત માત્ર પણ સમ્યકત્વને ધારણ કરનાર પ્રાણીઓ બહુ આશાતનાઓ કરે છે તોપણ અર્ધ પુદ્ગલ પરિવર્ત્તનની અંદર મોક્ષસુખ પામે છે. માટે હે રાજન્ ! જેઓ અતિચાર રહિત સમ્યકૃત્વ પાળે છે તેઓને ધન્યવાદ ઘટે છે. વળી જેઓ અન્ય જીવોને સમ્યકૃત્વધારી કરે છે તેઓ પણ અતિશય ધન્યવાદને લાયક થાય છે.

इति श्रीमल्लक्ष्मणगणिविरचितप्राकृतपद्यबन्धश्रीसुपार्श्वजिनचरित्रस्य
श्रीसकलसूरिपुरन्दरायमाणपरमगुरुतपागच्छाधिराजशास्त्रवि-
शारदजैनाचार्ययोगनिष्ठाध्यात्मज्ञानदिवाकरश्रीमद्बुद्धि-
सागरसूरिशिष्यप्रसिद्धवक्तेति लब्धख्याति व्याख्या-
नकोविद पन्न्यासश्रीमदजितसागरगणिकृतगुर्जर-
भाषानुवादे प्रभुदेशनाप्रबन्धे सदृष्टान्तातीचार
व्याख्योपेतं सम्यक्त्वद्वारं समाप्तम् ॥



विजयचंद्रकुमारनी कथा.

સ્થૂલપ્રાણાતિપાતવિરમણવ્રત.

દાનવીર્યરાજા—હે જગત્પ્રભો ! આપે દૃષ્ટાંત સહિત વ્રતનો મહિમા યથાર્થરીતે અમને સ

જયસિંહરાજા પરંતુ હવે અણુવ્રતાદિ પાળવામાં ચારોના ગુણ તથા દોષનું વર્ણન દૃષ્ટાંત હિત સ્પષ્ટ રીતે અમને સમજાવો. શ્રીસુપાર્શ્વપ્રભુ બોલ્યા—રા જે પ્રાણી સાવદ્ય આરંભનો ત્યાગ કરી જીવનપર્યંત મન, વચન અને કાયાથી નિરપરાધી સ્થૂલ જીવની હિંસા સંકલ્પથી કરતો કરાવતો નથી. તે પ્રાણી આ લોકમાં વિજયચંદ્ર કુમારની પેઠે વિશાલ રાજ્ય સંપત્તિ ભોગવીને મોક્ષસુખ પામે છે. તદ્યથા—ભરતક્ષેત્રમાં મંગલ (મંગળવાર–શુભ કાર્ય) ના સ્થાનભૂત નભસ્તલ સમાન અને પૃથ્વીરૂપી સ્ત્રીને તિલક સમાન મંગલપુર નામે નગર છે. તેમાં વૈરીરૂપી હસ્તિઓનાં ગંડસ્થલ ભેદવામાં બલિષ્ઠસિંહ સમાન અને નિરંતર દાની પુરૂષોની મધ્યે પ્રથમ રેખાને ધારણ કરતો જયસિંહ નામે રાજા છે. રૂપમાં રતિ સમાન, શીલવડે લોકોમાં આશ્ચર્ય ઉત્પન્ન કરતી, બહુ લજ્જાવતી અને સર્વથા મદ રહિત એવી પ્રીતિમતી નામે તેની મુખ્ય રાણી છે. તેમજ રાજસેવામાં બહુ ભક્તિકારક, વિશાલ કીર્ત્તિવાળો, વિશુદ્ધ મનોવૃત્તિવડે યુક્ત અને બુદ્ધિમાં બૃહસ્પતિ સમાન એવો મતિસાગર નામે તેનો મંત્રી છે. અપ્સરાઓ સાથે ઇંદ્રની માફક જયસિંહ રાજા પ્રીતિમતી પ્રમુખ રાણીઓ સાથે હમ્મેશાં વિષયસુખ ભોગવે છે.

ત્યારબાદ એક દિવસ રાજા સભામાં બેઠો હતો, તેવામાં

સિદ્ધપુરૂષ. જેના મસ્તકમાં ઝવેરા (જવારા) રાખેલા હતા, હસ્તમાં પુસ્તક હતું, સર્વાંગે શ્વેતવસ્ત્ર પહેરેલાં હતાં, કમલસમાન જેનાં નેત્ર શોભતાં હતાં અને મુખાકૃતિ ચંદ્ર સમાન દીપતી હતી એવો સાક્ષાત્ કામદેવ સમાન શાંતમૂર્ત્તિને ધારણ કરતો એક પુરૂષ આકાશમાંથી ઉતરી રાજાની આગળ આવી ઉભો રહ્યો, એટલે રાજા એકદમ ઉભો થયો અને આસનાદિકથી તેનો સત્કાર કરી કુશલ સમાચાર પૂછયા. ત્યારબાદ સિદ્ધપુરૂષ બોલ્યો, હે નરદેવ ! હું તીર્થયાત્રા માટે નીકળ્યો છું. ગુરૂ કૃપાથી સર્વ પ્રકારે હું કુશલ છું અને હાલમાં સમેતશિખર ઉપર જીનપ્રતિમાઓને વંદન કરવા માટે હું જાઉ છું. પરંતુ સાધર્મિક જનો ઉપર મ્હારો બહુ પ્રેમ હોવાથી અહીં તમ્હને જોઈ હું નીચે ઉતર્યો. માટે મ્હારે લાયક જે કંઈ કાર્ય હોય તે તમે નિવેદન કરો એટલે હાલજ હું તે કાર્ય સિદ્ધ કરી આપીશ. રાજા બોલ્યો, હે મહાશય ? સજ્જનોનું દર્શન માત્ર પણ કલ્યાણકારી હોય છે. આપ અહીં પધાર્યા તેથી જ અમારૂં સર્વ કાર્ય સિદ્ધ થયું. હવે અન્ય શું બાકી રહ્યું ? તેટલામાં પ્રસંગ જોઇ મતિસાગર મંત્રી વિનયપૂર્વક બોલ્યો, હે મહાત્મન્ ? પોતાના વંશમાં ચંદ્રસમાન આ નરેંદ્રને એક પુત્ર થાય તો બહુ સારૂં, અને તેથી આપનું દર્શન પણ સફળ થાય. પછી સિદ્ધ પુરૂષ બોલ્યો, તમ્હારા ઈચ્છિત મનોરથ સિદ્ધ થશે. એમ કહી આશીર્વાદપૂર્વક એક સોપારી મંત્રીને તેણે રાજાને આપી અને કહ્યું કે આ સોપારી પ્રીતિમતી રાણીને તમે આપો જેથી સ્વલ્પ સમયમાં તેને પુત્ર થશે. વિગેરે કેટલી બાબત કહી સિદ્ધપુરૂષ આકાશમાર્ગે ચાલ્યો ગયો.

વિજયચંદ્ર. સિદ્ધપુરૂષે આપેલું ફલખાવાથી પ્રીતિમતીને યોગ્ય સમયે એક પુત્ર થયો. રાજાએ બહુ આનંદપૂર્વક સર્વત્ર વધામણીઓ પ્રવર્ત્તાવી, માસની

આખરે વિજયચંદ્ર એ પ્રમાણે તેની ફોઈએ નામ પાડયું. શુક્લ પક્ષના ચંદ્રસમાન કલાઓમાં તેમજ શરીરે તે કુમાર વધવા લાગ્યો, અને થોડા સમયમાંજ અનુક્રમે સર્વ કલાઓનો પારગામી થયો. એક દિવસ વિજયચંદ્ર કુમાર અશ્વ ખેલાવવા માટે બહાર નીકળ્યો. આગળ ચાલતાં ઉપવનમાં સ્થિર આસને બેઠેલા, તીવ્ર તપશ્ચર્યાને લીધે જેમનું શરીર બહુ કૃશ હતું, છતાં શરીરની આકૃતિ કામદેવને અનુસરતી હતી, તેમજ કામાદિક વૈરીઓના વિજેતા, ભવ્ય એવા પ્રાણીઓ રૂપી કુમુદ વનને પ્રફુલ્લ કરવામાં ચંદ્રસમાન અને ચાર જ્ઞાનના ધારણ કરનાર એવા મુનિચંદ્ર નામે મુનીંદ્રને તેણે જોયા. એટલે તરતજ તે કુમારે અશ્વ ઉપરથી નીચે ઉતરી મુનીન્દ્રને નમસ્કાર કર્યો, મુનિએ પણ ધર્મલાભ આપ્યો. ત્યારબાદ કુમાર બોલ્યો, મુનીંદ્ર ? મરૂસ્થલમાં પાંથજ નોને કમલ સરોવરની માફક મ્હને બહુ પુણ્ય યોગે આપનાં દર્શન થયાં છે. માટે કૃપા કરી દેવ, ગુરૂ અને ધર્મતત્ત્વનું સ્વરૂપ મ્હને સમજાવો.

તત્ત્વસ્વરૂપ.

હિમ સમાન ઉજ્વળ હાસ્યવડે શુદ્ધ એવા દાંતની પંક્તિવડે વિભૂષિત છે મુખ જેમનું એવા મુનિચંદ્રમુનિ બોલ્યા, કુમાર ? સાવધાન થઇ તું તત્ત્વસ્વરૂપ સાંભળ. જેમના વચનમાં અઢાર દોષોનો અભાવ હોય છે, જેઓ યુવતિઓના સુંદર કટાક્ષરૂપી તીવ્ર બાણોથી વિંધાતા નથી, જેઓ રણસંગ્રામમાં ઉત્સાહપૂર્વક કોઈ પણ સમયે હસ્તમાં શસ્ત્ર ધારતા નથી, તેમજ જેમના દર્શન માત્રથી સેંકડો જન્મનાં પાપ નિવૃત્ત થાય છે, વળી જન્મ અને જરા રહિત, સંસાનાર ભયરૂપ દરિદ્રતાને દૂર ઇચ્છતા તેમજ શિવ માર્ગે પ્રવૃત્ત થએલા એવા તે વીતરાગ ભગવાન્‌ને દેવ જાણવા અને તે ભગવાન્ સર્વદા તમ્હારૂં શરણ થાઓ. તેમજ જેઓને ધન, ધાન્ય વિગેરે સમૃદ્ધિઓનો બીલકુલ સંબંધ ન હોય, જેઓ જીવદયા વિગેરે

દુર્ધર વ્રતોનું ખંડન ન કરતા હોય, વળી મિત્ર અને શત્રુ તરફ જેઓની સમદષ્ટિ હોય, છ કાયના જીવોના હિતમાં નિરંતર ઉદ્યુક્ત હોય, દુસ્તર એવા આ સંસાર સાગરના જેઓ તરણ તારક હોય, અને હમ્મેશાં વિધિપૂર્વક જેઓ વિહાર કરતા હોય તેવા ગુરૂઓ તમ્હારૂં શરણ થાઓ. તેમજ જે ધર્મની અંદર નિરંતર ચરાચર જીવોની અહિંસા પ્રતિપાદન કરવામાં આવી હોય, જેમાં કોઈ પણ ઠેકાણે અસત્ય વચનની પ્રરૂપણા ન કરી હોય, જેમાં તૃણ સરખી પણ પારકી અદત્તવસ્તુ લેવાનો સંકલ્પથીપણ નિષેધ કરેલો હોય, તેમજ પરસ્ત્રીસંગ અને રાત્રિભોજનનો જેમાં સર્વથા ત્યાગ બતાવ્યો હોય, અને સંસારનાં ભયને નિર્મૂલ કરનાર એવો અતિમનોહર જીનેંદ્રકથિત ધર્મ શરણવિનાના એવા તમ્હારૂં રક્ષણ કરો. હે કુમાર! જે ધર્મ સર્વ જગતના જીવોને હિતકારક છે અને જેની આરાધના કરવાથી મોક્ષ લક્ષ્મી પણ પ્રાપ્ત થાય છે એવા આ સમ્યક્ ધર્મનું તમે પાલન કરો, એ પ્રમાણે વિસ્તાર પૂર્વક સમ્યક્ ધર્મનું સ્વરૂપ સાંભળી કુમારે તત્કાલ સમ્યક્ત્વનો સ્વીકાર કર્યો. તેમજ તે મુનીંદ્રની પાસેથી કેટલાક વિશેષ નિયમો પણ લીધા જેમકે નિરપરાધી એવા ત્રસ જીવોનો સંકલ્પપૂર્વક વધ કરવો નહીં, વળી જીવનપર્યંત માંસનો ત્યાગ તેમજ પાંચ પ્રકારનાં ઉદુંબરનો સર્વથા ત્યાગ કર્યો. એ પ્રમાણે નિયમ લઇ મુનીંદ્રને વંદન કરી કુમાર ત્યાંથી પોતાના સ્થાનમાં ગયો અને જૈનધર્મની આરાધના કરવામાં નિરંતર પોતાનું અહોભાગ્ય માનવા લાગ્યો.

વિજયચંદ્રનું વનપ્રયાણ.

એક દિવસ વિપરીત શિક્ષણ આપેલા અશ્વ ઉપર બેસી કુમાર વનચર્યા માટે બહાર નીકળ્યો. વિપરીત શિક્ષણને લીધે તે દુષ્ટ અશ્વ વિજયચંદ્ર કુમારને વિકટ અટવીમાં ખેંચી ગયો. શૂન્ય એવા તે જંગલની અંદર બહુ તૃષાની વેદનાથી

કુમારના પ્રાણ પણ કંઠગત થઇ ગયા અને તેથી તે કંપવા લાગ્યો. તેમજ અશ્વ પણ થાકી ગયો. જેથી નીચે ઉતરી કુમારે તેના મુખમાંથી લગામ ઉતારી લીધી કે તરતજ તે અશ્વને દુર્જન સમાન જાણી તેના પ્રાણોએ તેને છોડી દીધો. કુમાર પણ મૂર્છિત થઇ ભૂમિ પર પડી ગયો. તેવામાં ત્યાં આગળ એક ભિલ્લ પોતાની સ્ત્રી સાથે જતો હતો. તેણે કુમારને મૂર્છિત જોઇ પવન વિગેરે ઠંડા ઉપચારોવડે સચેતન કર્યો. બાદ કુમારે હાથની સંજ્ઞા બતાવી જલ માગ્યું એટલે તે ભિલ્લની સ્ત્રી સમજી ગઈ અને બહુ શોધ કરી એક સરોવરમાંથી શીતલ પાણી લાવી તેણીએ કુમારના શરીરે છાંટયું કે તરતજ કુમાર બેઠો થયો અને અમૃત સમાન જલપાન કરી સ્વસ્થ થયો. ત્યારબાદ સ્ત્રી પુરૂષ બન્ને જણાંએ બહુ પ્રેમપૂર્વક ભોજન માટે મદ્ય તથા માંસ લાવી કુમારની આગળ મૂકયું, પરંતુ પોતાને મદ્ય અને માંસનો ત્યાગ હોવાથી તેનો સ્વીકાર ન કર્યો. તે જોઇ પુલિંદ બોલ્યો, હે સ્વામિન્! અહીં મદ્ય અને માંસ વિના અન્ય ફલાદિક કંઇપણ મળતું નથી. એમ તેઓએ બહુ કહ્યું તોપણ કુમાર પોતાના નિયમથી ચલાયમાન થયો નહીં. ત્યારબાદ પોતાની સ્ત્રી સહિત તે ભિલ્લ કુમારને છોડી અન્યત્ર ચાલ્યો ગયો. તેઓથી છુટો પડી કુમાર એકાકી બહુ ભૂખને લીધે અરણ્યમાં ફલાદિકના આહારની શોધમાં ભ્રમણ કરવા લાગ્યો. પરંતુ તેને કોઇ પણ ઉપયોગી પદાર્થ મળ્યો નહીં. ફક્ત મરી ગએલા મૃગાદિકનું માંસ તથા મદ્ય દરેક સ્થાને સુલભ હતું પરંતુ તે તેણે સર્વથા ત્યાગ કરેલું હતું. એ પ્રમાણે ભોજન વીના કુમારે આઠ દિવસ વ્યતીત કર્યા. બાદ નવમા દિવસે રાજપુરનગરનો રાજા ત્યાં મૃગયા રમવા માટે આવ્યો. તેનું સૈન્ય પણ ચારે તરફ પ્રસરી ગયું. તેવામાં ત્યાં એક વૃક્ષની છાયામાં બેઠેલા અને પાણી વિના જેના [illegible] સુકાઇ ગયા હતા એવો તે કુમાર રાજાના જોવામાં આવ્યો.

કુમારે પણ આ રાજા છે એમ જાણી ઉભો થઈ પ્રણામ કર્યો. રાજાએ પણ એને બહુ તૃષા લાગેલી છે એમ જાણી પોતાની બતક (જલપાત્ર)માંથી તેને પાણી પાયું અને પૂછયું કે હે કુમાર! અહીં ત્હારૂં કેમ આવવું થયું છે ? તે સાંભળી કુમારે મૂળથી આરંભી પોતાનું સર્વ વૃત્તાંત કહ્યું. ત્યારબાદ રાજાએ અશ્વ આપી કુમારને કેટલાક સ્વાર સાથે પોતાના નગરમાં વિદાય કર્યો અને પોતે પણ પોતાનું કાર્ય કરી વિદાય થયો. ત્યારબાદ સ્નાન કરી કુમાર રાજાની આજ્ઞાથી જમવા બેઠો. ભોજન કર્યા બાદ કેટલીક વાતચિત કરતાં તેઓનો તે દિવસ વ્યતીત થયો.

વિજયચંદ્રનો ઉપદેશ.

હવે બીજે દિવસે કુમારને શસ્ત્ર આપી રાજા પોતાની સાથે તેને મૃગયા માટે અરણ્યમાં લઇ ગયો. ત્યાં ગયા બાદ ચારે દિશાઓ પોતાના ઘોડેસ્વારોએ ઘેરી લીધી. મૃગલાં, સસલાં અને ડુક્કર વિગેરે પ્રાણીઓને એક મ્હોટી ખાઇમાં રોકી લઇ એક બાજુ રાજા અને બીજી તરફ કુમાર ઉભો રહ્યો. રાજા પોતાની તરફ જેઓ બહાર નીકળે છે તેઓને બાણોથી વિંધે છે. પરંતુ પોતાની દિશામાંથી નીકળતા અનાથ પ્રાણીઓને કુમાર મારતો નથી. તે જોઇ રાજા બોલ્યો, કુમાર ! ત્હારી તરફથી જે પશુઓ નાશી જાય છે તેને તું કેમ મારતો નથી ? પોતાના કાર્યમા આ પ્રમાણે ઉપેક્ષા ન કરવી જોઇએ. વિજયચંદ્ર બોલ્યો, નિરપરાધી તથા અનાથ એવા પ્રાણીઓને હું કેવી રીતે મારૂં ? વળી નીતિ શાસ્ત્રના પ્રવર્ત્તક થઈ તમ્હારે પણ આ પશુહિંસા કરવી યોગ્ય નથી. રાજા સમજી ગયોકે એનો વિચાર કોઈ અપૂર્વ સ્થિતિનો જણાય છે. એમ જાણી ફરીથી તે બોલ્યો, હે કુમાર! શું તું ક્ષત્રિય પુત્ર નથી ? હે કુમાર બોલ્યો, રાજન્ ! જેઓ નિરપરાધી પ્રાણીઓને હણે છે તેવા કસાઈઓને શું તમે ક્ષત્રિય પુત્ર માનો

છો ? આ પ્રમાણે કુમારનાં વિનીત વચનોથી રાજા બહુ સંતુષ્ટ થયો. વળી તેના હૃદયની પરીક્ષા માટે રાજાએ વિશેષ આગ્રહ કરી તેની આગળ એક મૃગ લાવીને કહ્યું કે આ મૃગને તું મારી નાખ. નહીં તો આ ખડ્ગવડે ત્હારૂં મસ્તક હું છેદીશ. આ પ્રમાણે રાજાનું અયોગ્ય વચન સાંભળી કુમારે વિચાર કર્યો કે અહો ! આ રાજા બહુ મૂઢ છે. કારણકે તે જીવતા સિંહની કેશવાલી કાપવાની ઈચ્છા કરે છે. વળી અપરાધ વિનાના મૃગાદિક પશુઓને હું મારતો નથી. તેથી આવી રીતે બોલવું શું તેને ઉચિત છે ? ઠીક તે ગમે તેમ બોલે પરંતુ આ રાજા મ્હારો ઉપકારી છે. માટે એનો વધ કરવો તે મ્હને ઉચિત નથી. એમ છતાં ધૈર્ય રાખીને જોઉં તો ખરો કે તે શું કરે છે એમ વિચાર કરી કુમાર બોલ્યો, હે નરેંદ્ર ! આપને જેમ યોગ્ય લાગે તેમ કરો. પરંતુ મન, વચન અને કાયાથી આ નિરપરાધી અનાથ મૃગની હું હિંસા કરવાનો નથી. વળી હે મહાશય ! જો આ શરીરનો કોઈપણ સમયે નાશ ન થાય તેમ હોય તો આવું અકૃત્ય પણ હું કરૂં, પરન્તુ મરણતો નિશ્ચય થવાનું છે તો પછી લીધેલા નિયમનો ત્યાગ કોણ કરે ? એમ સમજી પવનથી ચલાયમાન કમલપત્ર પર રહેલા જલબિંદુ સમાન ચંચળ એવા પ્રાણો માટે તમ્હારે પણ પરપ્રાણોનો વિનાશ કરવો યોગ્ય નથી. ભયથી નાશી જતા દીન અને પ્રમાદી પ્રાણીઓ ઉપર પ્રહાર કરવો તેનાથી બીજું આ જગતમાં ઉત્તમ પુરૂષોને અધિક લજ્જાસ્પદ શું છે ? આયુધ રહિત એવા દીનવૈરીને પણ પોતાની આગળ ઉભેલો જોઈ મહાપુરૂષો કિંચિત્માત્ર પણ શસ્ત્ર ઉગામતાં લજ્જા પામે છે. તેમજ ખાસ અપરાધી હોય છતાંપણ જો તે પ્રહાર ન કરે તો તેને ઉત્તમ પુરૂષો છોડી દે છે. વૈરી ઉપર પ્રથમ પ્રહાર કરવો તેપણ તેઓ પોતાના કુલને કલંક તરીકે ગણે છે, વળી જેઓ સૌમ્ય સ્વભાવવાળા, અપરાધ રહિત, તૃણમાત્રથી જીવન ચલાવતા અને ભયથી નાસતા હોય તેવા અનાથ પશુઓનો જેઓ વધ કરે

કે તેઓ મહાપાપી ગણાય છે. વળી પરપીડાનો સર્વથા ત્યાગ કરવો તેજ મુખ્ય ધર્મ કહ્યો છે. માટે જે નિશ્ચિંત થઈ અન્યને પીડા કરે છે તે પ્રાણી બહુ દુઃખી થઈ ચિરકાલ સંસારમાં ભ્રમણ કરે છે. પ્રાણી માત્ર દુઃખથી બહુ ભય પામે છે, તેમજ સર્વ પ્રાણીઓ સુખાભિલાષી હોય છે. કોઈપણ જીવ એવો નથી કે જેને પોતાનું જીવન પ્રિય ન હોય અને મરણથી નિર્ભય હોય. હે નરનાથ! ધન સંપત્તિ અસાર છે, બંધુ વર્ગમાં સ્થિરતા ક્યાં છે? આ શરીર પણ રોગથી ઘેરાયેલું છે, દુરંત એવી જરારૂપી રાક્ષસી સન્મુખ ચાલી આવે છે, આયુષ્ય દરેક સમયે ઓછું થાય છે, અધિક શું કહેવું? આ સંસારમાં કંઈપણ વસ્તુ સુખદાયક છેજ નહીં, એમ સમજી તમે દયાધર્મમાં પ્રવૃત્ત થાઓ. હે રાજન્! પાંચ દિવસના મેમાન તરીકે તમે અહીં આવ્યા છો. માટે આ જગતની અંદર અમારી (અહિંસા) પ્રવર્તાવો વિગેરે કુમારના અમૃત સમાન દયામય વચનોવડે રાજાનું મોહ રૂપી વિષ ઉતરી ગયું, ત્યારબાદ રાજાએ બહુ ખુશી થઈ કુમારની આગળ અહિંસાધર્મ અંગીકાર કર્યો. ધાર્મિક વચન અને વિનયાદિકથી તુષ્ટ થએલા રાજાએ પોતાના પુત્રની માફક વિજયચંદ્રની વિનયપૂર્વક ક્ષમા માગી પછી પોતાની મુખ્ય રાણી પદ્મિનીને પુત્ર તરીકે તેને અર્પણ કર્યો, અને સર્વની સાક્ષીએ તેને યુવરાજપદ આપ્યું. ત્યારબાદ રાજા બોલ્યો, હે ધર્મબાંધવ! પરમ કૃપાલુ એવા હે કુમાર! ત્હારા પ્રભાવવડે આજથી હવે હું પાપસમૃદ્ધિનો ત્યાગ કરું છું. એમ કહી કુમાર સહિત રાજા પોતાના નગરમાં ગયો. કુમારના લાભથી રાજા બહુ ખુશી થયો, તેથી બંદીજનોને મુક્ત કરવામાં આવ્યા. તેમજ કેટલીક ધાર્મિક વ્યવસ્થાઓ શરૂ થવા લાગી. અપૂર્વ મહોત્સવો દરેક ઠેકાણે દેખાવા લાગ્યા, સર્વત્ર વધામણીઓ પ્રસરવા લાગી. કુમારને રહેવા માટે રાજાએ ઉંચો અને ઘણો વિશાલ એવો એક મ્હોટો

મહેલ આપ્યો. તેમજ ઉત્તમ અશ્વ, હાથી, રથ વિગેરે સામગ્રી જોઇએ તે પ્રમાણે બક્ષીસ કરી. ત્યારબાદ કુમારે પણ પોતાના વિરહ દુઃખમાં પડેલાં માતાપિતાની શાંતિ માટે પોતાનું સર્વ વૃત્તાંત લખી એક પત્ર દૂત મારફતે પોતાના નગરમાં મોકલ્યો.

કુમારનું પરાક્રમ.

એક દિવસ રાજા પોતે રાત્રીએ પલંગ ઉપર સુતો હતો. અને વિજયચંદ્ર કુમાર તેના પડખામાં જાગતો હતો. અર્ધ રાત્રીના સમયે રાજા જાગ્રત્ થયો તેવામાં નગરની બહાર કોઈક સ્ત્રી કરૂણ શબ્દે રૂદન કરતી હતી, તેનો શબ્દ રાજાના સાંભળવામાં આવ્યો, તેથી સંભ્રાંત થઈ રાજા બોલ્યો, હે કુમાર ! અર્ધ રાત્રીના સમયે આવા કરૂણ શબ્દોવડે રૂદન કરવાનું શું કારણ હશે? તેનો તું તપાસ કરી જલદી સમાચાર લાવ. જેવી આપની આજ્ઞા, એમ કહી તરતજ કુમાર પોતાનો ખડ્ગ લઈ વિદ્યાના બલથી કિલ્લાનું ઉલ્લંઘન કરી નગરની બહાર ગયો, પછી તે શબ્દના અનુસારે સ્મશાનભૂમિમાં જઈ ત્યાં આસપાસ અવલોકન કરતો હતો, તેટલામાં ત્યાં પ્રબલ જવાલાઓથી ઉભરાઈ જતા અગ્નિકુંડમાં માંસના ટુકડાઓનો હોમ કરતો એક યોગી તેના જોવામાં આવ્યો. અને તે માંસના ટુકડાઓ સારા લક્ષણવાળી એક સ્ત્રીની સાથળમાંથી તીક્ષ્ણ છરીવડે ચીરીને કાઢતો હતો, જેની પીડાને લીધે તે સ્ત્રી છાતીફાટ રૂદન કરતી હતી. તે જોઈ કુમારને બહુ દયા આવી અને તે બોલ્યો, રે અધમ ! યોગીનો વેષ ધારણ કરી ચંડાલને પણ અનુચિત એવા આ સ્ત્રીવધનો ત્હેં કેમ આરંભ કર્યો છે! એમ સાંભળતાંજ તે યોગી ભયાધીન થઇ ગયો અને બોલ્યો કે હે સુભટ! આ મ્હારા કાર્યમાં તમે વિઘ્નભૂત થશો નહીં તેમજ કૃપા કરી મ્હારૂં એક વચન સાંભળો. ઉત્તમ લક્ષણધારી સ્ત્રી અથવા પુરૂષોની સાથળના માંસના એકસોને આઠ ટુકડાઓ મંત્રવડે અગ્નિકુંડમાં

હોમવાથી ઉત્તમ ચેટક સિદ્ધ થાય છે. તે પ્રમાણે કરવાથી હાલમાં તે ચેટકપ્રાયે મ્હને સિદ્ધ થયો છે. હવે જો આ વખતે છેવટમાં તમે વિઘ્ન કરશો તો જરૂર આ ચેટક મ્હને મારી નાખશે. માટે અત્યારે તમ્હારે કંઇપણ બોલવું નહીં. કુમાર બોલ્યો, એ ત્હારૂં કહેવું સત્ય છે; પરંતુ આ દીન પ્રલાપ કરતી સ્ત્રીને તું જલદી છોડીદે અને તેના બદલામાં મ્હારી સાથળ ચીરી ત્હને હું માંસના ટુકડા આપું છું. તે સાંભળી બહુ સંતુષ્ટ થઇ તે બોલ્યો. સાહસકાર્યમાં શિરોમણિ સમાન હે કુમાર ! આ તમ્હારૂં બોલવું બહુજ ઉત્તમ છે. પરંતુ તમ્હારા સરખા ઉત્તમ પુરૂષો નહીં મળવાથી આવું નિર્દય કાર્ય મ્હેં આચર્યું છે, હવે આ સ્ત્રીને હું છોડી મુકું છું અને તમે તમ્હારૂં વચન સિદ્ધ કરો.

સિદ્ધચેટક. સાહસકાર્યમાં બહુ રસિક એવો તે કુમાર છરી લઈ પોતાની સાથળો ચીરી માંસના ટુકડા કરી યોગીને આપવાની તૈયારી કરતો હતો, તેટલામાંજ તે ચેટકરાજ સિદ્ધ થઈ કુમાર પ્રત્યે બોલ્યો કે ત્હારી સહાયતાવડે હું આ યોગીને સિદ્ધ થયો છું. માટે આ યોગી ત્હારો દાસ છે અને હું તો ત્હારા દાસનો પણ દાસ છું. વળી હે સાહસિક રત્ન ! કોઇ કાર્ય પ્રસંગે આ સેવક ઉપર ત્હારે કૃપા કરવી. એમ કહી તે ચેટક અદૃશ્ય થઇ ગયો. ત્યારબાદ યોગી પણ મણુસરોહણી ઔષધીવડે છરીના ઘા રૂઝાવી કુમારને ગારૂડિકમંત્ર આપી ત્યાંથી ચાલ્યો ગયો. કુમાર પણ તે કુમારીકાને લઇ અસ્ખલિત ગતિએ ત્યાંથી નીકળી રાજાની પાસે આવી તે કન્યાને બતાવી. ભૂપતિએ કન્યાને પૂછયું કે હે ભીરૂ ! આ કુમાર ત્હને અહીં કેવી રીતે લાવ્યો ? તે સાંભળી તેણીએ પોતાનો બનેલો સર્વ વૃત્તાંત યથાર્થ નિવેદન કર્યો, ત્યારબાદ રાજાએ કુમારને પોતાના ખોળામાં બેસાડી ગદ્ગદ્ કંઠે કહ્યું કે હે વત્સ !

ત્હેં ચિંતામણિને બદલે પાષાણખંડ રમાડવા—ખરીદવા જેવું આ સાહસકાર્ય કર્યું છે. કેમકે ‘ તપાસ કરી મ્હને જણાવ ’ માત્ર એટલુંજ મ્હારૂં કહેવું હતું, છતાં આવું દુર્ઘટ કાર્ય ત્હારા વિના બીજો કોણ કરી શકે ? માટે હે વત્સ ! મ્હારો પ્રાણ પણ તુંજ છે અને આ મ્હારા સમગ્ર લોકનો આધાર પણ તનેજ હું જાણું છું. આ નગર અને દેશમંડલ ત્હારી કુશલતાને લીધેજ કુશલ વર્ત્તે છે. પરંતુ પરસ્પર પ્રેમભાવથી જૈનધર્મ પ્રાપ્ત કરી શિવસુખનો સાધક એવો આ મનુષ્યભવ આવા સંકટમાં નાખવો તે હવે તને યોગ્ય નથી. વળી તું યોગ્યાયોગ્ય જાણે છે એટલે મ્હારા કહેવાથી પણ કોઈ સમયે ત્હારે આ પ્રમાણે સાહસ કરવું નહીં. કુમાર હાથ જોડી બોલ્યો, હે નરેંદ્ર ? આપની જેવી આજ્ઞા.

કમલશ્રીનો સ્વજનસમાગમ.

ત્યારબાદ રાજાએ ફરીથી તે કન્યાને પૂછ્યું, તું કોણ છે અને તને આ દુઃખ થવાનું શું કારણ ? પ્રણામ કરી કન્યા બોલી, હે ભૂપતે ! આ નગરમાં કમલાકર નામે શ્રેષ્ઠી છે, તેની કમલશ્રી નામે હું પુત્રી છું. એક દિવસ બગીચાની અંદર હું રમતી હતી, તેવામાં તે દુષ્ટ યોગીએ મ્હને જોઇ પછી હસ્તમાં મ્હને પકડી લઈ આકાશમાર્ગે ઉડીને સ્મશાન ભૂમિમાં ઉતરી પડ્યો, અને તેનાથી આગળ ઉપરનું વૃત્તાંત મેં આપને પ્રથમ જણાવ્યું છે. ત્હારા દુઃસહ વિરહાનલની જ્વાલાવડે દગ્ધ થએલા ત્હારા માતા પિતા વિગેરેનાં હૃદય ત્હારા દર્શનથી શાંત થાઓ, એમ કહી રાજાએ પોતાના આપ્ત સેવકો સાથે જેણીનું હૃદય કુમારમાં રહેલું છે એવી તે કન્યાને શરીરમાત્રથી તેના પિતાને ત્યાં વિદાય કરી. કન્યાને જોઈ એકદમ રાહુથી વિમુક્ત થયેલા ચંદ્રબિંબની માફક કમલાકર શેઠનું વદન પ્રફુલ્લ થઈ ગયું અને આનંદપૂર્વક પુત્રીને મળી [illegible] સાથે રાજસેવકોનું સન્માન કરી વિદાય કર્યા. [illegible]

માતા વિગેરે સ્વજન વર્ગે પણ આલિંગન આપી કહ્યું કે હે પુત્રી! ત્હારા વિરહાગ્નિની પ્રચંડ વેદનાથી અમોએ દીન મુખે ગત્ર રાત્રી હજાર રજની સમાન વ્યતીત કરી છે.

કમલશ્રીનો સંબંધ.

ત્યારબાદ શેઠના પૂછવાથી રોમાંચિત થઇ કમલશ્રી બોલી, હે પિતાજી! એક દુષ્ટ યોગી મ્હને લઈ ગયો હતો અને પોતાના કાર્ય માટે તે મ્હને બહુ દુઃખી કરતો હતો, તેવામાં ત્યાં વિજયચંદ્ર નામે રાજકુમાર આવ્યો અને તેણે તે દુષ્ટની પાસેથી મ્હને મુક્ત કરી. વિગેરે સર્વ વૃત્તાંત સાંભળી શેઠનું ચિત્ત કુમાર તરફ બહુજ ખેંચાયું અને તેણે કહ્યું કે હે પુત્રી ! સકુટુંબ પરિજન તેમજ મ્હારા જીવિત સમાન ત્હારા પ્રાણોની રક્ષા તે કુમારે કરી તેનો બદલો કોઈપણરીતે આપણાથી વળે તેમ નથી; છતાં પણ ત્હારૂં લગ્ન તે કુમારની સાથેજ થવું જોઇએ. આ વાત સત્ય છે અને એમજ થવું જોઇએ, એમ નિશ્ચય કરી પ્રભાતમાં શેઠ રત્નોનો થાળ ભરી રાજાને ભેટ મૂકી નમસ્કારપૂર્વક સ્તુતિ કરવા લાગ્યો. હે સ્વામિન્! પુણ્યરાશિ સમાન આપના આ સેવકને ધન્યવાદ ઘટે છે કે જેના દારિદ્રયને દૂર કરનારી સંપદાઓને સંપાદન કરવામાં આપ નિરંતર જાગ્રત્ રહો છો. વળી હે પ્રભો ! આપ ધન્યવાન્ પુરૂષોમાં પણ ઉત્તમ ધન્યવાદને લાયક છો; કારણ કે મનુષ્ય તથા દેવોને આશ્ચર્યકારક એવો આ પુત્રરત્ન આપને પ્રાપ્ત થયો છે. હે રાજન્ ! હવે મ્હારે જણાવવાનું એટલુંજ છે કે મ્હારી ઉપર દયા કરી આપે મ્હારી જે પુત્રીને કુમારદ્વારા મૃત્યુના મુખમાંથી બચાવીને મ્હારે ત્યાં મોકલી છે તે કન્યાનું મન તે કુમાર ઉપર લાગેલું છે, માટે હે નાથ! આ વિષયમાં આપની શી આજ્ઞા છે ? રાજા હાસ્ય કરી બોલ્યો, આ કન્યાને સારૂં લગ્ન જોઈ કુમાર સાથે સુખેથી પરણાવો અને તમારી પુત્રી જીવન પર્યંત

કુમારના અંતઃપુરમાં નિવાસ કરો. મ્હોટી મહેરબાની એમ કહી કમલાકર શેઠ રાજા તરફથી સત્કાર સ્વીકારી પોતાને ઘેર આવ્યા.

મંત્ર પ્રયોગ.

એક દિવસ કુમાર ઘોડેસ્વાર થઈ બહાર ચાલ્યો જતો હતો, તેવામાં તેણે વાજીંત્રોના નાદ સાથે બહુ સ્ત્રી પુરૂષોને રૂદન કરતાં સાંભળ્યાં, તેથી દૂર દૃષ્ટિ કરી તેણે તપાસ કર્યો, તો રેશમી વસ્ત્ર અને પુષ્પોની માલાઓથી આચ્છાદિત મડદાની એક પાલખી માલુમ પડી. તેમજ વાજીંત્રોના નાદથી તેણે જાણ્યું કે આ પાલખીની અંદર સર્પે દંશેલી મૃતપ્રાય કન્યાને લઈ જાય છે. શું એને તેઓ જીવતી બાળી નાંખશે ? એમ વિચાર કરી કુમારે પોતાનો સેવક મોકલી તેઓને ઉભા રખાવ્યા અને તેણે કહ્યું કે આ મડદાને તમે બાળશો નહીં, કારણ કે મંત્ર પ્રયોગથી તેને નિર્વિષ કરી સાજું કરવાનું છે. અમૃતની વૃષ્ટિ સમાન તે વચન સાંભળી સર્વ લોકો વિસ્મિત થઈ ત્યાં ઉભા રહ્યા, તેટલામાં કુમાર ત્યાં જઈ પહોંચ્યો. તરતજ કુમારે જલ મંગાવી ગારૂડિક મંત્રથી મંત્રીને વિધિ પ્રમાણે સાત અંજળી છાંટી કે તત્કાલ તે કન્યા અમૃત સિંચનની માફક બેઠી થઈ. અને પોતાની આગળ ઉભેલા કામદેવ સમાન તે કુમારને જોઈ કામદેવના બાણોથી તે વિંધાઈ ગઈ, ત્યારબાદ તેણીએ પૂછ્યું કે આ કોણ છે ? તેના પિતાનું નામ શું ? વળી આ સર્વ લોકો અહીં કેમ એકઠા થયા છે ? એમ પ્રશ્ન કરી એક દૃષ્ટિએ કુમાર તરફ નિરીક્ષણ કરતી તે કન્યાને તન્મય થએલી જોઈ તેના પિતા નયસાર મંત્રીએ કહ્યું, કે હે કુમાર ! ત્રણ લોકમાં પણ ત્હારી માતાને ધન્ય છે કે જેની કુક્ષિમાં ત્હેં જન્મ ધારણ કર્યો. દીન જનોના દુઃખનો ઉદ્ધાર કરવો એજ ત્હારો મુખ્ય વિલાસ છે. વળી હે કુમાર ! કમલશ્રી પણ આ જગત્‌માં બહુ ભાગ્યશાળી ગણાય, કારણ કે તેવી દુઃખિત અવસ્થામાં જેના પ્રાણની રક્ષા માટે તમેજ

શરણ થયા. ત્યારબાદ લજ્જાને લીધે નમ્ર મુખ કરી મંત્રીની આજ્ઞા લઈ કુમાર ત્યાંથી વિદાય થયો, હવે તેજ વાજીત્રો વધામણીના સ્વરૂપમાં મંગલકારી વાગવા લાગ્યાં અને તેજ મુખે મંગલ ગીત ગાતા પરસ્પર આનંદ આપતા સર્વ લોકો સહિત સર્વ સામગ્રી સાથે તે કન્યાને લઈ નયસાર મંત્રી રાજમંદિરમાં ગયો. રાજા તેને આવતો જોઈ વિતર્ક કરવા લાગ્યો કે આ શું આવે છે ? આ સ્થિતિનું કારણ કંઈ સમજાતું નથી.. તેટલામાં દ્વારપાલે તેનું આગમન જણાવ્યું. રાજાની આજ્ઞાથી અંદર પ્રવેશ કરી નયસાર મંત્રી રાજાને નમસ્કાર કરી ઉચિત આસન ઉપર બેઠો. રાજાએ પૂછયું કે આવી સ્થિતિમાં તમ્હારે અહીં આવવાનું શું કારણ ? રોમાંચિત ગાત્રે ફરીથી પ્રણામ કરી મંત્રી બોલ્યો, હે નરેંદ્ર ! મરણ સમાન આ દુનીયામાં અન્ય કોઇ દુઃખ નથી. તે વચન પણ મહાપ્રભાવિક એવા આપના આ સત્પુત્રે અન્યથા કર્યું. વિગેરે સર્વ વૃત્તાંત વિસ્તારપૂર્વક રાજાને નિવેદન કરી પોતે વિનતિ કરવા લાગ્યો.

પાણિગ્રહણ.

હે રાજન્ ! કામદેવના બાણોના પ્રહારથી ભય પામતી આ મ્હારી પુત્રી હવે આપના કુમારથી દૂર થવા ઈચ્છતી નથી, માટે હે સ્વામિન્ ! મ્હારી પુત્રી નિર્ભય થાય તેવી કંઈ કૃપા કરો. રાજાએ મંત્રીનું વચન માન્ય કર્યું. ત્યારબાદ શુભ લગ્ન સમયે મ્હોટી સમૃદ્ધિ સાથે કમલા અને વિમલશ્રીનું પાણિગ્રહણ કુમાર સાથે કરાવ્યું. હવે વિજયચંદ્ર કુમારપણ બન્ને સ્ત્રીઓ સાથે વિષય સુખ અનુભવતો આનંદમાં દિવસો વ્યતીત કરવા લાગ્યો. તેમજ બંદિ જનોને સ્તુતિપાત્ર થઇ નિરંતર જૈનધર્મમાં બહુ વૃદ્ધિ કરવા લાગ્યો. અન્યદા રાજા અકસ્માત્ મ્હોટી માંદગીમાં આવી પડ્યો. તેથી તેણે કુમારનો રાજ્યાભિષેક કર્યો. ત્યારબાદ રાજાએ સર્વજ્ઞ ભગવાને કહેલા

વિધિ પ્રમાણે પંચ નમસ્કારના સ્મરણપૂર્વક આત્મભૂમિ રમણતામાં રાખી આ ફાની દુનીઆનો ત્યાગ કર્યો.

અદ્ભુત ચોર.

એક દિવસે નગરના સર્વ લોકો ભયભીત થઇ ' અમે લુંટાણા લુંટાણા ' એમ સિંહદ્વાર આગળ આવી ઉંચા સ્વરે પોકાર કરવા લાગ્યા, તે સાંભળી રાજાએ લોકોને બોલાવી દુઃખનું કારણ

રાજાનો ખજાનચી ત્યાં આવી કહેવા લાગ્યો કે, હે નરેશ્વર ! આપના ભંડાર તથા બહારની ભૂમિ સુવર્ણ વસ્ત્ર વિગેરે ઉત્તમ વસ્તુઓથી ભરપુર થઇ ગઈ છે, માટે આપની આજ્ઞા હોય તેમ કરીએ. રાજાએ હુકમ કર્યો કે જે વણિક જનોની જે જે વસ્તુઓ હોય તે તેઓને આપી વિદાય કરો. ત્યારબાદ સર્વ લોકો પોતપોતાનો માલ તપાસી લઈ બહુ ખુશી થઈ કહેવા લાગ્યા. હે જગત્પતે ! ત્રણ લોકમાં આશ્ચર્યકારક એવા ચરિત્ર વડે આપે અમારાં દુઃખ દૂર કર્યા. આપ ચિરકાલ આયુષ્માન્ થાઓ. એ પ્રમાણે સ્તુતિ કરી પંચાંગે નમસ્કાર કરી તેઓ પોતપોતાના ઘેર ગયા. ત્યારબાદ વિદ્યાથી સિદ્ધ થએલો તે ચોર હાથ જોડી બોલ્યો હે રાજન્ ! સર્વ વ્યાપક અદ્વિતીય પ્રતાપરૂપી પવનવડે આકડાના તુલની માફક મ્હને ઉપાડી આપ અહીં લાવ્યા. તે માત્ર મ્હારા પુણ્યનોજ પ્રતાપ હું સમજુ છું. અન્યથા સર્વ કલ્યાણના મુખ્ય મંદિર સમાન આપના ચરણકમલનું દર્શન મ્હારા જેવા અનાથને ક્યાંથી થાય ? હવે આપને જેમ યોગ્ય લાગે તેમ મ્હારી ઉપર કૃપા કરો. રાજા બોલ્યો, સર્વજ્ઞ ભગવાને કહેલો ઉપદેશ સાંભળી તે પ્રમાણે ધર્મારાધન કરી તું ભાગ્યશાલી થા, એવી મ્હારી આજ્ઞા છે. ચોર બોલ્યો, હેરાજન્ ! જીનોક્તધર્મનો ઉપદેશ મ્હને આપો. રાજાએ ગૃહિ અને યતિધર્મ એમ બન્ને પ્રકારની વ્યાખ્યા આપી. તે સાંભળી પ્રથમ પણ મ્હેં આ પ્રમાણે સાંભળ્યું હતું એમ વિચાર કરતાં તે ચોરને જાતિસ્મરણ જ્ઞાન થયું. અને તરતજ પૂર્વભવમાં ભણેલા સૂત્રાર્થોની સ્મૃતિપૂર્વક તેણે દીક્ષા ગ્રહણ કરી એટલે દેવતાઓએ મુનિવેશ અર્પણ કર્યો. ત્યારબાદ રાજા રોમાંચિત થઈ સિંહાસન ઉપરથી ઉભો થયો અને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક બહુ ભક્તિવડે નમસ્કાર કરી મુનીંદ્રને ઉચિત આસને બેસાડી પ્રાર્થના કરવા લાગ્યો, હે જગદ્ગુરો ! ત્રણલોકમાં આશ્ચર્યકારક આપે આ શું

આવ્યું ? તે સાંભળી જાતિસ્મરણ જ્ઞાનના પ્રભાવથી મુનિએ રાજાના મનનું સમાધાન કર્યું. ત્યારબાદ મુનિએ નરેંદ્રને પૂછી ત્યાંથી વિહાર કર્યો. અને અનેક ભવ્ય જીવોને બોધ આપતા તે મુનિવર્ય અનુક્રમે મોક્ષસુખ પામ્યા.

રાજપ્રતાપ.

વિજયચંદ્ર રાજા પણ પોતાના સમસ્ત દેશમાં જૈનશાસનની ઉન્નતિ કરવા લાગ્યો, તેમજ કોઈપણ પ્રાણીઓને પીડા ન થાય તેવી રીતે સર્વ રાજ્યમંડલ મ્હારે સ્વાધીન થવું જોઈએ, એમ વિચાર કરી ચેટકને આજ્ઞા આપી કે તું રાજમાર્ગે ચાલતાં મ્હારા મસ્તક ઉપર અદૃશ્ય રહી ફેનસમાન ઉજ્વલ એવું એક છત્ર ધારણ કર, જેથી સર્વ લોકો ચમત્કાર માની મ્હને પૂજ્ય તરીકે માને એ પ્રમાણે રાજાની આજ્ઞા સ્વીકારી આકાશમાં દિવ્ય રૂપ ધારણ કરી ચેટક પણ રાજાની ઉપર છત્ર ધારણ કરવા લાગ્યો. [illegible] રાજાના [illegible] અદૃશ્ય [illegible] [illegible] કરવાથી સીમાડાના સર્વ રાજાઓ વિજયચંદ્રની સેવામાં તત્પર થઈ ગયા. એ પ્રમાણે બીજા સામંત રાજાઓએ પણ વિજયચંદ્રનો મહિમા સાંભળી તેની આજ્ઞા [illegible] મુકુટમણીની માફક મસ્તકે ચઢાવી લીધી. [illegible]

[illegible]

[illegible]

એટલે પ્રણામ કરી દૂતે પોતાના સ્વામીએ મોકલેલી આજ્ઞા પત્રિકા તેને બતાવી. રાજાએ પોતે ઉભા થઈ બે હાથે તે લેખને મસ્તકે વધાવી લઈ સિંહાસન ઉપર મૂકયો. ત્યારબાદ વિસ્મિત થએલા સર્વ લોકો સહિત રાજા તે લેખને પંચાંગ નમસ્કાર કરી તેને ખુલ્લો કરી વાંચવા લાગ્યો. શ્રી મંગલપુર નગરથી લેખક સુપ્રસિદ્ધ જયસિંહ રાજા, તત્ર શ્રી હસ્તિનાપુર નગરમાં વિરાજમાન સમસ્ત નૃપ ચક્રને પ્રચંડ પ્રતાપવડે સ્વાધીન કરતા એવા શ્રી વિજયચંદ્ર નરેંદ્રને સ્નેહપૂર્વક સ્મરણ કરી પોતાના હૃદયનો અભિપ્રાય ગદ્‌ગદ્ કંઠે જણાવે છે કે જેમ ક્ષીણ થયેલો સમુદ્ર શુકલ પક્ષમાં મોટા તરંગોને અનુભવે છે, તેમ સત્પુરૂષો પણ આપત્તિ પામીને ફરીથી વિશાલ સમૃદ્ધિવાળા થાય છે. તેમજ આપત્કાલમાં ફસાએલા મહા પુરૂષો લોકમાં હાસ્ય પાત્ર થતા નથી, કારણકે હસ્તિઓ બંધનમાં પડેલા હોય છે તોપણ તેઓ રાજ્યસ્થાનમાં શોભાકારક થાય છે. હે વત્સ ! એ સર્વ વચનો પણ ત્હેં વિષમ સ્થાનમાં રહીને દેવતાઓને કિંકર સમાન કરી રાજ્યશ્રી મેળવીને સત્ય કર્યાં. પરંતુ ત્હારી રાજ્ય સંપત્તિ સાંભળવાથી મ્હારાં નેત્રો મ્હારા હૃદયને કાનની ઇર્ષ્યાને લીધે જાણે નચાવી રહ્યાં હોયને શું ? એમ જણાય છે. વળી હે વત્સ ! અશ્વારૂઢ થઈ અહીંથી તું નીકળ્યો અને વિપરીત શિક્ષિત અશ્વ ત્હને ઉલટે માર્ગે લઈ ગયો તે વાત સાંભળી અમોએ સર્વ ઠેકાણે શોધ કરાવ્યો; પરંતુ કોઈપણ સ્થલે ત્હારો પત્તો મળ્યો નહીં, તેથી ત્હારા વિરહરૂપી અગ્નિ મ્હારા હૃદયરૂપી ઉદ્યાનમાં પ્રજ્વલિત થયો, અને તેથી તેણે સુખરૂપી નવ પલ્લવોવડે વિભૂષિત, વિશાળ આશા અને તૃષ્ણારૂપી પુષ્પોથી ભરપુર, નિર્મલ પુણ્યરૂપી ફલોથી વ્યાપ્ત અને વિવેકરૂપી ઉત્તમ રસાલ એવા વૃક્ષોની સમૃદ્ધવાળો મ્હારો હૃદયરૂપી તે બગીચો બાળીને ભસ્મ કર્યો. વળી હે પુત્ર ! રાજ્યના સર્વ

[illegible] અને [illegible] [illegible] [illegible] દેશના સર્વ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આવી પડ્યા કે કે જેનું વર્ણન [illegible] [illegible] [illegible] [illegible] નથી, [illegible] [illegible] [illegible] [illegible] કરવામાં [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કે [illegible] [illegible] [illegible] [illegible] નથી, માટે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

ચેટક વિજયચંદ્રની પાસે આવ્યો અને જયસિંહ રાજાના આરોગ્યાદિક સમાચાર તેને કહ્યા. તે સાંભળી વિજયચંદ્ર રાજાએ અશાંતિનો ત્યાગ કરી ચેટકે બતાવેલા માર્ગે ગ્રામ, આકર, ખેટ અને નગરોવડે સુશોભિત એવા પૃથ્વીમંડલને

પિતાપુત્રનો સમાગમ.

ઉલ્લંઘન કરતો આગળ ચાલ્યો જાય છે. ત્યાં દરેક ઠેકાણે નૃપાદિકની ભેટની વસ્તુઓનો સ્વીકાર કરતો હતો, તેમજ કેટલાક નમ્ર રાજાઓનેસ્થાપન કરતો અને ઉદ્ધત રાજાઓનો ગર્વ ઉતારતો, દરેક ગ્રામ, નગરોમાં જિન મંદિરોની પૂજા કરતો, તેમજ જીર્ણ મંદિરોનો ઉદ્ધાર કરતો અને સાધુ તથા સાધ્વીઓનું સન્માન કરતો છતો પોતાના પિતાના સૈનિકોએ પવિત્ર કરેલા ભૂપ્રદેશમાં ગયો. અનુક્રમે દેશના સીમાડામાં જઈ પહોંચ્યો. એટલે ત્યાંથી ચેટકને મોકલી પોતાના પિતાને સમાચાર આપ્યા કે કૃપા કરી મ્હને મળવા માટે તમ્હારે સ્હામું આવવું નહીં. કારણ કે શરીરની અશક્તિને લીધે માર્ગશ્રમ થવાથી ફરીને રોગનો સંભવ થાય. આ પ્રમાણે પુત્રનું કહેવું સત્ય માની રાજાએ પણ મંત્રીને હુકમ કર્યો કે નગરમાં ધ્વજ, તોરણ અને વાવટાઓવડે હટ્ટાદિકની શોભા કરાવો. બાદ તેઓની આજ્ઞાવડે નાગરિક લોકોએ પણ પોતાની શક્તિ પ્રમાણે વિસ્તારપૂર્વક નગર શણગાર્યું. દરેક ઠેકાણે સ્થાપન કરેલા શ્વેત ચામર, ધ્વજ પતાકાઓ અને સુગંધમય પુષ્પોથી રમણીય, અતિ સુંદર કાંતિમય રત્નોની માલાઓનાં તોરણો લટકાવ્યાં. તેમજ માળ, અગાશીઓ અને કિલ્લા ઉપર સ્થાપન કરેલા મંચો ઉપર પ્રૌઢ પૌરાંગનાઓ કુમારના દર્શન માટે ઉભી રહી છે. લોકોથી ખીચોખીચ ભરેલી શેરીઓના મુખ ભાગમાં ઉભેલી પ્રમદાઓ સુંદર ગાયન કરે છે. ગાયનોને અનુસરી અનેક નર્ત્તકીઓ નાટારંગ કરી રહી છે, રૂપ વડે દેવાંગનાઓને તિરસ્કાર કરવામાં બહુ કુશલ એવી કેટલીક

સુંદરીઓ મધુર હાસ્ય કરે છે, દરેક બજારમાં તથા દરેક ઘરના દ્વારમાં મુક્તાફલના ચૂર્ણથી સાથીઆઓ રચ્યા છે. વધ, બંધન અને દાણુથી મુક્ત કરેલા લોકોના આશીર્વાદનાં વચનોવડે સર્વ દિશાઓ શબ્દમય થઇ રહી છે. એ પ્રમાણે અતિશય ઉત્સવવાળા નગરની અંદર વિજયચંદ્ર રાજાએ પ્રવેશ કર્યો અને અનુક્રમે તે રાજભવનમાં આવ્યો. બાદ પોતાની સ્ત્રી સહિત વિજયચંદ્રે જયસિંહ નરેંદ્રને પ્રણામ કરી માતાને પણ નમસ્કાર કર્યો, તેમજ તેણે મંત્રી પ્રમુખ નાગરિક જનોની યથાયોગ્ય આદરપૂર્વક સલામી લીધી, ત્યારબાદ પોતાના વિરહાનલથી તપી ગયેલા શરીરને હર્ષનાં અશ્રુરૂપ જલવડે શાંત કરતો હોયને શું ? તેવી રીતે પૃથ્વીપર ઉભેલા કુમારને આલિંગન કરી જયસિંહ રાજાએ તેને સિંહાસન ઉપર બેસાડ્યો. પરસ્પર બહુ આનંદરસને અનુભવતા અને રોમાંચિત ગાત્રવાળા થઇ તેઓ બન્ને ક્ષણભર બેઠા હતા, તેટલામાં સમયનિવેદક બોલ્યો, હે રાજાધિરાજ ! સમુદ્રમાં સ્નાન કરી ઉદયાચલના શિખર ઉપર ઉદય પામી કમલ (લા) કમળો અથવા લક્ષ્મીના વનને પ્રફુલ્લ કરતો સૂર્ય સર્વોપરિ જયવંત વર્તે છે. એ પ્રમાણે સમયાનુસાર વિજયચંદ્રના ચરિત્ર સમાન તે વચન સાંભળી જયસિંહરાજા બહુ સંતુષ્ટ થયો અને તેણે તે સમયે વચનનિવેદક તે બંદીને લક્ષ સોનૈયા બક્ષિસમાં આપ્યા. ત્યારબાદ રાજાએ શ્રાવકોને સૂચના આપી કે તમે સર્વ જૈનમંદિરોમાં સ્નાત્ર પૂજા વિગેરે યથાયોગ્ય ઇચ્છા પ્રમાણે મહોત્સવ કરાવો. વળી પોતાની નજીકમાં રહેલા પોતાના જૈનમંદિરમાં પિતા અને પુત્ર બન્ને જણે દેવ વંદન કર્યું. તેમજ પોતાના કોઠારીને હુકમ કર્યો કે આઠ દિવસ સુધી અઠ્ઠાઇ ઉત્સવોમાં શ્રાવકો કપૂર, કેસર, ધૂપ વિગેરે જે જે વસ્તુઓ માગે તે આપવામાં કિંચિત્માત્ર પણ ત્હારે વિલંબ કરવો નહીં. એમ કહી તેઓ સમયસાગર સૂરીશ્વરનાં દર્શન કરી પોતાના

સ્થાનમાં ગયા. પછી ભોજનનો સમય થયો એટલે બહુ આનંદ પૂર્વક પરિવારસહિત તે બન્ને જણે ભોજન કર્યું. ત્યારબાદ પ્રસંગોપાત્ત જયસિંહ રાજાએ મતિધન મંત્રીને પોતાના પુત્રનું વૃત્તાંત પૂછયું. મંત્રીએ પણ સમસ્ત વાર્ત્તા કહી. તે સાંભળી જયસિંહ રાજા બોલ્યો, હે વત્સ ! હવે રાજ્યભાર વહન કરવામાં ધુરંધર એવા ત્હને જોઈ હું નિશ્ચિંત થયો છું. માટે હવે આપણા પૂર્વજોએ આચરેલા માર્ગને અનુસરવાની મ્હારી ઇચ્છા છે. તે સાંભળી વિજયચંદ્ર ઉભો થઈ પિતાના ચરણકમલમાં મસ્તક નમાવી રૂદ્ધ કંઠે પ્રાર્થના કરવા લાગ્યો, હે તાત ! હાલમાં કૃપા કરો, કેમકે કેટલોક સમય આપના ચરણકમલની રજવડે મ્હારૂં ભાલસ્થલ પવિત્ર કર્યા બાદ આપને જેમ ઉચિત લાગે તેમ કરજો. આ પ્રમાણે અસદ્ આગ્રહમાં દૃઢ બુદ્ધિવાળા પુત્રને યુક્તિપૂર્વક સમજાવીને પ્રીતિમતિરાણી તેમજ કેટલાક સામંત અને મંત્રી સહિત જયસિંહ રાજાએ ઉત્સર્પણા (આડંબર) પૂર્વક અનવદ્યાચાર્ય ગુરૂ પાસે દીક્ષા ગ્રહણ કરી અને તેની વિધિપૂર્વક આરાધના કરી તે મોક્ષે ગયા.

રાજનીતિ.

ત્યારબાદ વિજયચંદ્રરાજા બહુ નીતિથી રાજ્યપાલન કરવા લાગ્યો. સમસ્ત પોતાના દેશને જૈનમંદિરોથી સુશોભિત કર્યો. તેમજ તેના દેશમાં કોઈ મનુષ્ય અથવા પશુઓ માંદગીથી મરતાં નથી. અર્થાત્ કાળથી મરે છે. માર એ શબ્દ તો માત્ર સોગઠાબાજીમાંજ લોકો બોલે છે. દંડ એ માત્ર છત્રમાંજ રહ્યો છે. વળી અષ્ટમી, ચૌદશ અમાવાસ્યા અને પૂર્ણિમાના દિવસે બહુ વૈરાગ્યથી તે રાજા પોતે પૌષધવ્રત ગ્રહણ કરે છે. તેમજ પ્રજા પાસેથી એવી સુગમતાથી કર (વેરો) લે છે કે લોકોને તે માલુમ પણ પડતો નથી. વળી સમસ્ત શ્રાવકોનો સર્વથા કર લેવામાં આવતો નથી. તીર્થંકરોના કલ્યાણકાદિક દિવસોમા દરેક જૈનમંદિરોમાં શ્રાવકો પાસે સ્નાત્રપૂજાદિક બહુ ભક્તિપૂર્વક કરાવે છે. અને સમય ઉપર

પોતે પણ ત્યાં જાય છે. એ પ્રમાણે બહુ ઉત્સવથી કેટલોક સમય વ્યતીત થતાં કમલશ્રીને પુત્ર જન્મ થયો, તેનું વિજયસેન એવું નામ પાડયું. અનુક્રમે વિજયસેન પણ સર્વ કળાઓમાં દક્ષ અને ધર્મિષ્ઠ થયો.

વિજયચંદ્રનો વૈરાગ્ય.

એક દિવસ વિજયચંદ્ર રાજા કમલશ્રી રાણી સહિત પોતાના મહેલની અગાશીમાં બેઠો હતો. તેવામાં પોતાના પડોશમાં એક ઘરની અંદર વૃદ્ધ વયનું સ્ત્રી પુરૂષનું એક જોડલું વિષય વાસનાને લીધે કલેશથી બહુ દુ:ખી થતું હતું. તે સ્ત્રીપુરૂષની સ્થિતિ એવી હતી કે જેઓના મુખમાં એકે પણ દાંત દેખાતો નહોતો. છતાં વાણીમાં બીલકુલ લજ્જા તો હતીજ નહીં. માત્ર કામાતુર થઈ તેઓ અન્યોઅન્ય બહુ વિહ્વલ બની ગયાં હતાં. તેમજ તેઓનાં સર્વ અંગોપાંગ પાંદડાની માફક ધ્રૂજતાં હતાં. મસ્તક અને ભ્રકુટીના રોમમાં બીલકુલ શ્યામતા દેખાતી નહોતી. પૃષ્ઠ ભાગ નમી ગયેલો અને મુખમાંથી લાળ નીતરતી હતી. એ પ્રમાણે તે બન્ને સ્ત્રીપુરૂષનો વિચિત્ર દેખાવ પોતાની રાણીને બતાવી વિજયચંદ્ર બોલ્યો, હે સુંદરિ ! આપણને પણ આપ્રમાણે વિષયતૃષ્ણા જ્યાં સુધી ન નચાવે, તેટલામાં ત્હારી ઇચ્છા હોય તો તેનો ત્યાગ કરવો ઉચિત છે. રાણી બોલી, હે સ્વામિન્ ! શું માત્ર વિષયસેવનથીજ તેઓને આ દુર્દશા અવસ્થા આવી હશે ? જેથી આપ આ પ્રમાણે બોલો છો ! વળી આમ આપના બોલવા ઉપરથી મ્હારૂં હૃદય બહુ કંપે છે. સુકૃત અને દુષ્કૃતકારી મનુષ્યોમાં એટલું જ અંતર હોય છે કે કેટલાકને વિષયોની પ્રાપ્તિ થાય છે અને કેટલાક લોકોને પ્રાપ્તિ થતી નથી. વળી સર્વ જીવો દુ:ખથી બીરૂ અને સુખના અભિલાષી હોય છે એ વાત સત્ય છે. માટે આ વૃદ્ધ સ્ત્રીપુરૂષ આવી દુર્દશામાં પણ આ પ્રમાણે પ્રવૃત્તિ કરે છે તે ઉપરથી તેઓ વિષય સેવનમાં

પ્રગટ રીતે સુખ બનાવે છે. છતાંપણ આ દેખાવ જોઈ આપને વિષય ઉપર અભાવ બુદ્ધિ પ્રગટ થવાનું શું કારણ? તે સાંભળી રાજા બોલ્યો, હે મુનાશી! જ્ઞાન, દર્શન અને વીર્ય અનંત છે, તેમજ સુખ પણ અનંત છે, વસ્તુગત જીવોનું. આવું સ્વરૂપ છે તો પણ આ જીવાત્માઓ અજ્ઞાનતાને લીધે વિષયતૃષ્ણામાં એંચાઈ આ અનાદિ સંસારમાં વિષયોની પ્રાપ્તિ માટે અનેક દુ:ખો સહન કરે છે. વળી કોઈ સમયે કોઇકને તેવા પ્રકારના વિષય સંયોગો મળી આવે છે. તેમજ કેટલાક જીવો તો દરિદ્રતાના દુ:ખથી પીડાતા તેવીજ સ્થિતિમાં વૃથા જન્મ ગુજારે છે. તેમજ વિષયભોગમાં ખરજની માફક ક્લેશમય સુખ ભોગવતો પ્રાણી વિષયતૃષ્ણાને અધિક માને છે. વળી નિર્ધનતાને લીધે કદાચિત્ સ્ત્રીના વિરહને લીધે જ્યારે જીવાત્મા વિષયથીવિમુખ થાય છે, ત્યારે તેનું હૃદય ચિંતારૂપી શલ્યવડે ભેદાય છે. અને બહુ દુ:ખથી દિવસો નિર્ગમન કરે છે. કહ્યું છે કે—

अप्राप्ताः संकल्पैः, प्राप्ता दर्पेण चिन्तया विरहे ।
त्वरयन्ति ज्वरयन्ति, कृशयन्ति प्राणिनं विषयाः ॥

અર્થ—"વિષયો નહિ પ્રાપ્ત થવાથી અનેક પ્રકારના સંકલ્પોવડે પ્રાણી તેઓની પ્રાપ્તિ માટે બહુ ઉતાવળ કરે છે, અને જ્યારે તેઓ પ્રાપ્ત થાય છે ત્યારે ગર્વથી પ્રાણીને બહુ જવર આવી જાય છે. તેમજ તેઓનો વિરહ થવાથી ચિંતા વડે બહુ દુર્બલ દશાને અનુભવે છે." માટે કોઈપણ પ્રકારે વિષયભોગમાં સુખ નથી. વળી અતિ મનોહર એવા તે વિષયો ચિરકાલ ભોગવવાથીપણ વિષયતૃષ્ણા શાંત થતી નથી, પરંતુ ઉલટી વિશેષ વૃદ્ધિ પામે છે. કહ્યું છે કે—

न जातु कामः कामाना-मुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव, भूय एवाभिवर्द्धते ॥

અર્થ—" ઇચ્છા મુજબ વિષય ભોગવવાથી કોઈ પણ સમયે કામવાસના શાંત થતી નથી. પરંતુ ઘી હોમવાથી જેમ અગ્નિ વૃદ્ધિ પામે છે તેમ વિષયતૃષ્ણા ઉપભોગ કરવાથી વારંવાર વૃદ્ધિ પામે છે." વળી મોહવશ થએલા પ્રાણીઓને આ વિષયતૃષ્ણા અનુકૂલ વિષયોમાં રાગ અને પ્રતિકૂલ વિષયોમાં દ્વેષ ઉત્પન્ન કરે છે. તેવી રીતે રાગદ્વેષ પ્રગટ થવાથી અવશ્ય કર્મબંધન થાય છે. વળી તે કર્મના ઉદયથી પ્રાણી આ સંસારમાં ઘોર દુ:ખનો ભોગી થઇ પડે છે. એ પ્રમાણે વિષયવાસના ઉભય લોકમાં કેવલ દુ:ખનું જ કારણ છે. આ વિષયતૃષ્ણાનો યૌવન અવસ્થામાં બુદ્ધિહીન પ્રાણીઓ ત્યાગ કરી શકતા નથી. વળી આ સ્ત્રી પુરૂષ તો બહુ વૃદ્ધ છે તો પણ વિષયતૃષ્ણા તેમને કેવી નચાવી રહી છે? માટે હે સ્ત્રી! આ પ્રત્યક્ષ દાખલા ઉપરથી અમારૂં કહેવું શું ખોટું છે? આ પ્રમાણે જૈનસિદ્ધાન્તને અનુસરતું એવું પોતાના પતિનું અદ્ભુત વચન સાંભળી કમલશ્રી વિનયપૂર્વક બોલી, હે સ્વામિન્? વાચાલતાને લીધે મ્હારા અપ્રિય વચન માટે આપ પ્રસન્ન થઇ મ્હને ક્ષમા આપશો. વળી સર્વોત્કૃષ્ટ એવા ધર્મ સાધનમાં ઉદ્યોગ કરવો તેજ હાલમાં આપણને યોગ્ય છે. ત્યારબાદ વિજયચંદ્ર રાજાએ પ્રધાનાદિકની સંમતિ લઇ વિજયરાજ નામે પોતાના જ્યેષ્ઠ પુત્રનો રાજ્યાભિષેક કર્યો, બાદ કમલશ્રી પ્રમુખ રાણીઓ, મંત્રી, સામંત અને કેટલાક પ્રધાન પુરૂષો સાથે ગુરૂ પાસે જઈ મ્હોટા ઉત્સવપૂર્વક વિધિ સહિત પોતે દીક્ષા ગ્રહણ કરી. વિનયવડે ગુરૂ મહારાજની સેવા કરી બન્ને પ્રકારની ધર્મ શિક્ષા ગ્રહણ કર્યા બાદ વિજયચંદ્ર મુનિને એક વર્ષ પછી કેવલ જ્ઞાન પ્રાપ્ત થયું અને સંમેતશિખર ઉપર તે મોક્ષ સુખ પામ્યા.

॥ इति स्थूलप्राणातिपातनिरतिचारप्रथमाणुव्रतफल-
दृष्टान्ते विजयचन्द्रकथानकं समाप्तम् ॥

बंधुराज कथा.



પ્રથમ બંધાતિચાર.

દાનવીર્ય રાજા બોલ્યો—હે ભગવન્ ! વળી કેટલાક મનુષ્યો કારણ વિના પણ તિર્યંચ વિગેરે પ્રાણીઓને બંધનમાં રાખે છે તેઓને શું ફલ થતું હશે ?

શ્રી સુપાર્શ્વ પ્રભુ બોલ્યા—હે રાજન્ ! દુષ્ટહૃદયવાળો જે પ્રાણી નિરપેક્ષપણે તિર્યંચ વિગેરે પ્રાણીઓને બંદીખાને નાખે છે તે મનુષ્ય બંધુરાજની માફક વધ બંધનાદિકવડે બહુ પીડાઓ ભોગવે છે. તે આ પ્રમાણે—

નાના પ્રકારનાં પત્ર=પાત્ર (પાંદડાં–પાત્ર એટલે સત્પાત્રો) વડે સુશોભિત, સુંદર લક્ષ્મીનું નિવાસસ્થાન અને સ્વચ્છ જલાશયોથી વ્યાપ્ત એવા કમલ વનની માફક ઉત્તમ વ્યાપારીનું મુખ્ય મથક પદ્મિનીખંડ નામે એક પ્રાચીન નગર છે. તેમાં યાચક લોકોનાં મનોવાંછિત પૂરવામાં બહુ કુશલ અને સમૃદ્ધિમાં કુબેર સમાન ધનદ નામે એક શ્રેષ્ઠી છે, બંધુમતી નામે તેની સ્ત્રી છે, તે બન્ને દંપતી પરસ્પર બહુ સ્નેહાલુ હતાં અને વિષય સુખમા દિવસો નિર્ગમન કરતાં હતા, તેમજ ધનધાન્યાદિક વૈભવમાં તેઓ સંપૂર્ણ હતાં, તેથી તેઓનો સમય બહુ સુખમય વ્યતીત થતો હતો, માત્ર એકબીજાને સંતાન નહીં હોવાથી અપત્યનું દુ:ખ શલ્યની માફક તેઓને પરસ્પર બહુ પીડતું હતું વંશમાં ધ્વજ સમાન સત્પુત્ર વિના આપણો આ વૈભવ નિરર્થક છે એવી ચિંતા તેઓના હૃદયમાંથી ક્ષણમાત્ર પણ દૂર થતી નહોતી

એક દિવસ બંધુમતી પોતાના રત્ના દારમાં બેઠી · ·

પુત્રચિંતા.

તેવામાં કોઈક ખેડુતની સ્ત્રી બહુ છોકરાંઓના પારવાર સહિત ત્યાં આગળથી જતી તેની નજરે પડી, તે સર્વે છોકરાં ધૂળથી બહુ ખરડાએલાં હતાં, તે જોઇ બંધુમતી વિચાર કરવા લાગી કે અહો ? આ સ્ત્રી જગત્માં ભાગ્યશાળી ગણાય, કારણકે જે પોતાના પુત્રોને અતિ સુંદર મન્મનઉલ્લાપવડે રમાડીને આનંદ માને છે. વળી એકને કેડે બેસાડયો છે અને બીજાને આંગળીએ વળગાડયો છે, તેથી ત્રીજો અને ચોથો પુત્ર રીસાયો એટલે તે બોલી વ્હાલા પુત્ર ? ચાલ, મ્હારી પાસે આવ, બેટા ! માનું કહેવું માનવું જોઈએ. પોતાનો હાથ લાંબો કરી લે આ કેરી અને જાંબુ. ચાલ હવે શામાટે રીસાય છે ? એ પ્રમાણે પુત્રો સાથે આનંદથી ચાલતી તે સ્ત્રીની ચેષ્ટા જોઇ પોતાને બહુ નિંદતી બંધુમતી ઘરની અંદર જઇ ચિંતા કરવા લાગી કે દૈવે મ્હને એકલીનેજ મંદ ભાગ્યવાળી સર્જી છે. કેમકે મ્હેં પાપિણીએ એક પણ પુત્રરત્નનું સુખ ન મેળવ્યું. વળી કહ્યું છે કે જે સ્ત્રીના ખોળામાં રમી આવીને ધૂળથી ખરડાએલો પુત્ર મન્મનઉલ્લાપ કરતો બેસતો નથી, તે સ્ત્રીનો જન્મ વૃથા છે. તેમજ અનેક પ્રકારનાં કાર્યોના વૃત્તાંતરૂપી સૂર્યના કિરણોવડે પીડાએલાં મનુષ્યોનાં હૃદયરૂપી કુમુદ (પોયણાં) પુત્રના મુખરૂપી ચંદ્રમાના દર્શનથી પ્રફુલ્લ થાય છે, વળી જેઓના હૃદયને શાંત કરનાર એવો સર્વ ગુણ સંપન્ન એક પણ પુત્ર હોય તો તેઓ દુર્ગતિને પણ ગણતા નથી. તેમજ અતિ ભયંકર એવી આપત્તિઓને પણ લક્ષ્યમાં લેતા નથી. એ પ્રમાણે પુત્રની વેદનાથી ઘેરાએલી અને ગૃહકાર્યમાં વિમુખ થઇ ચિંતાતુર બેઠેલી એવી પોતાની સ્ત્રીને જોઇ ધનશ્રેષ્ઠી બોલ્યો, હે સ્ત્રિ ! હિમથી બળી ગએલી કમલિની સમાન ત્હારા મુખની આકૃતિ આજે વિલક્ષણ કેમ દેખાય છે ? બંધુમતી બોલી, હે સ્વામિન્ ? પુત્ર વિના તો આ સંસાર

શૂન્ય છે. તેમજ પુત્રવિના સર્વસુખ પણ દુ:ખરૂપજ ભાસે છે. માટે મ્હારા દુ:ખનો હવે કંઈ પાર રહ્યો નથી. શ્રેષ્ઠી બોલ્યો, હે પ્રિયે ? પુત્ર સંબંધી કંઇપણ હવે ત્હારે ચિંતા કરવી નહીં, કારણકે હું વિધિપૂર્વક કુબેરની આરાધના કરીને ત્હને જરૂર પુત્ર અપાવીશ. વળી આ કાર્ય સાત દિવસની અંદર હું જરૂર સિદ્ધ કરીશ, માટે હે મૃગાક્ષિ ? ત્હારે ખેદ કરવાનું કંઇપણ કારણ નથી. એ પ્રમાણે બંધુમતીને શાંત કરી પોતે અન્ય કાર્યમાંથી નિવૃત્ત થઇ સંધ્યા સમયે કુબેરની આરાધના માટે યક્ષના મંદિરમાં ઉપવાસ લઇ બેઠો. ત્યાં ધ્યાન કરતાં તેના છ દિવસ ગયા. સાતમા દિવસની રાત્રીએ યક્ષ પ્રત્યક્ષ થઈ બોલ્યો કે હે શ્રેષ્ઠી ? હું ત્હારી સેવાથી બહુ પ્રસન્ન થયો છું, અને થોડા સમયમાંજ ત્હારે એક પુત્ર થશે. તે સાંભળી 'મ્હોટી કૃપા.' એમ કહી યક્ષના ચરણ કમલમાં નમસ્કાર કરી શ્રેષ્ઠી પોતાને ઘેર ગયો અને યક્ષે કહેલું તે વચન પોતાની સ્રીને કહ્યું. તે સાંભળી સ્રી બહુ પ્રસન્ન થઇ 'આપનું વચન સત્ય થાઓ એમ કહી તેણીએ વસ્રના છેડે શકુનની ગાંઠ વાળી. ત્યારબાદ રાત્રીના છેલ્લા પ્રહરે બંધુમતીએ સ્વપ્નની અંદર પોતાના મુખમાં પ્રવેશ કરતું એક બહુ સુંદર નારંગીનું ફલ જોયું. તેથી તરતજ જાગ્રત્ થઈ તેણીએ પોતાના સ્વામિને તે સ્વપ્નનું વૃત્તાંત નિવેદન કર્યું. ધન શ્રેષ્ઠીએ પણ બહુ વિચાર કરી કહ્યું કે આ સ્વપ્નના પ્રભાવથી ત્હારે પુત્ર થશે. એ પ્રમાણે પોતાના સ્વામિએ કહેલા વચનામૃતનું પાન કરી બંધુમતી બહુ તૃપ્ત થઇ. વળી તેજ દિવસે ગર્ભ રહ્યો અને યોગ્ય સમયે તેણીને એક પુત્ર રત્ન જન્મ્યો. અનુક્રમે બાર દિવસ થયા એટલે માતા પિતાએ મહોત્સવપૂર્વક બંધુરાજ એવું તેનું નામ પાડયું. અનુક્રમે માતા પિતાના પ્રયત્નવડે બંધુરાજ સર્વ કલાઓમાં નિપુણ થઈ યૌવન અવસ્થામાં આવ્યો.

એક દિવસ બંધુરાજ સહિત ધન શ્રેષ્ઠી કોઇ કાર્યને લીધે

મુનિદર્શન. લોકોના મનને આનંદ આપનાર જનમનાનંદ નામના ઉદ્યાનમાં ગયો. ત્યાં આગળ ભવ્ય પ્રાણીઓના હિત માટે મોક્ષ ધર્મનો ઉપદેશ આપતા એક મુનિ મહારાજ તેમના જોવામાં આવ્યા, તેમનાં દર્શન કરી ધન શ્રેષ્ઠી પણ ધર્મ સાંભળવા બેઠો. મુનિ મહારાજ બોલ્યા—હે ભવ્યપ્રાણીઓ! જેઓના હૃદયમાં સર્વ કલાઓની અંદર શ્રેષ્ઠ એવી દયા, તપ, સંયમ અને ઉત્તમ વિજ્ઞાનરૂપી કલાઓ ન હોય તેઓને બોંતેર કલાઓમાં કુશલ હોય તોપણ મૂર્ખ જાણવા. વળી જે દયાદિક કલાઓને નથી જાણતા તે પુરૂષો કલાહીન જાણવા. તેમજ ષડ્દર્શન અને છન્નુ પાખંડ મત પરસ્પર વિરૂદ્ધભાવ બતાવે છે; પરંતુ તેઓમાંથી કોઇપણ દર્શન અહિંસા ધર્મને દૂષિત કરતું નથી. માટે તમે અહિંસા ધર્મનો સ્વીકાર કરો અને હિંસાનો સર્વથા ત્યાગ કરો. વળી જેપુરૂષ સદ્ધર્મની આશાથી પાખંડ ધર્મની સેવા કરે છે તે પ્રાણી પશ્ચાત્તાપ રૂપી દાવાનળથી વૃક્ષની માફક બળી જાય છે. જે મનુષ્ય વૈડૂર્ય રત્નને બદલે કાચનો કકડો ખરીદે છે, તે મનુષ્યને તેની પરીક્ષા થવાથી પશ્ચાત્ બહુ દુઃખ પડે છે. સ્થાવર અને જંગમ પ્રાણીઓનાં પાપો જેમ દયા ધર્મથી શુદ્ધ થાય છે, તેમ માત્ર મસ્તકે જટાભાર, વલ્કલ વસ્ત્ર, આભૂષણ અને સ્નાન ક્રિયાથી શુદ્ધ થતાં નથી. ઇત્યાદિક મુનિ પાસેથી અનેક ગુણમય દયાધર્મ સાંભળી બંધુરાજે વિધિપૂર્વક ત્રસ જીવોના વધનો નિયમ ગ્રહણ કર્યો. ત્યારબાદ મુનિ મહારાજ બોલ્યા, જે આ ત્રસ વધનો ત્યાગ કરે છે તેણે બંધાદિક અતિચારો પણ વર્જવા જોઈએ અને તે અતિચારનો ત્યાગ કરવાથીજ દયા ધર્મ સફલ થાય છે. તે સાંભળી બંધુરાજે વિધિ સહિત તે અતિચારનો પણ નિયમ લીધો. ત્યારબાદ ધન શ્રેષ્ઠીએ બાર પ્રકારનો શ્રાવક ધર્મ સ્વીકાર્યો. પછી મુનીંદ્રને નમસ્કાર કરી પિતા પુત્ર બન્ને પોતાના ઘેર ગયા. બાદ નિરંતર જીવ-

દયા પાળવામાં તત્પર થઈ બંધુરાજ વણિક્ પોતાની પાંચ સ્ત્રીઓ સાથે દોગુંદક દેવની માફક સુખપૂર્વક ક્રીડા કરે છે.

એકયોગીનું આગમન.

એક દિવસ એક પોતાનો મિત્ર બંધુરાજને ત્યાં આવી કહેવા લાગ્યો કે હેબંધો ! આજે યોગનંદી ઉદ્યાનમાં એક યોગી આવ્યા છે. તે બહુ ગુણવાન્ છે અને તેમના કંઠમાં સુંદર કાંતિમય અમૂલ્ય મૌક્તિક મણિની એક માલા ચળકે છે. તેથી જાણે ગંગાવડે વિભૂષિત એવો હિમાલય હોયને શું ? તેમ તેઓ દેખાય છે. વળી તેમનામાં અનેક આશ્ચર્ય રહેલાં છે. માટે એમનાં દર્શન તો આપણે કરવાં જોઈએ. કારણ કે દૃશ્ય વસ્તુનું અવલોકન કરવાથી નેત્રોનું સાર્થકપણું ગણાય છે. એમ સુજ્ઞ પુરૂષો કહે છે. માટે હે પ્રિયમિત્ર ! તમે કૃપા કરી ચાલો, આપણે તેમની પાસે જઈએ અને કંઈપણ આકર્ષણાદિક આશ્ચર્ય જોઈએ તો ખરા ! ઠીક ચાલો, એમ કહી બંધુરાજ પોતાના મિત્ર સહિત રથમાં બેસી ઉદ્યાનમાં ગયો. પછી કેસર, ચંદન, કપૂર વિગેરે સામગ્રીઓવડે યોગીનું પૂજન અને નમસ્કાર કરી તે બન્ને નીચે બેઠા. તેવામાં અતિ કોલાહલ કરતા પૌર જનો પણ ત્યાં એકઠા થયા. ત્યારબાદ સમયના જાણકાર તે યોગીએ પણ મંત્ર તંત્રાદિકનો ચમત્કાર દેખાડ્યો, તે જોઈ સર્વ લોકો બહુ વિસ્મય પામ્યા અને યોગીની પ્રશંસા કરતા પોત પોતાના ઘેર ગયા. ત્યારબાદ બંધુરાજ હમ્મેશાં યોગીની પાસે જઈ તેની બહુ સેવા કરવા લાગ્યો અને અત્યંત વિનયગુણવડે તે યોગીને પોતાને સ્વાધીન કર્યો. તેથી યોગીએ પ્રથમ સિદ્ધ કરેલા ચેટકોમાંથીએક ચેટકને બોલાવી તેને આજ્ઞા કરી કે આ બંધુરાજની આજ્ઞા પ્રમાણે સર્વદા ત્હારે વર્તવું. એમ કહ્યાબાદ બંધુરાજને પણ યોગીએ કહ્યું કે અષ્ટમી અને ચતુર્દશીના દિવસે આ ચેટકને મદિરા પાનથી

ત્હારે તૃપ્ત કરવો. એ પ્રમાણે તે યોગીનું વચન માન્ય કરી તેને પ્રણામ કરી તેની આજ્ઞા લઇ બંધુરાજ પોતાના ઘેર આવ્યો.

ચેટકબલ.

મુનિના કહ્યા પ્રમાણે ધર્મને પણ પાળતો છતો તે યોગીનું વચન પણ માંન્ય કરી તે પ્રમાણે વર્ત્તવા લાગ્યો. ત્યારબાદ બંધુરાજને ચેટકનું બહુ બલ થઇ પડયું, તેથી જેઓ પોતાનું વચન માનતા નથી, કોઈ પણ માગેલી વસ્તુ જેઓ આપતા નથી, જેઓ ગર્વ કરી પોતાનાથી વિપરીત ચાલે છે, તેમજ જેઓ દુર્વચન બોલી પોતાનું અપમાન કરે છે એવા તે સર્વલોકોને ચેટક પાસે દૃઢ બંધનો-વડે બંધાવીને બંધીખાને નંખાવે છે. પરંતુ તેનું તે કાવિતરૂં કોઇ પણ જાણી શકતા નથી. આ પ્રમાણે કરવાથી લોકો બહુ ભયભીત થઈ ગયા.

પિતાનોઉપદેશ.

હમ્મેશાં આવા દુર્વ્યસનમાં પડેલા બંધુરાજને જોઈ એક દિવસ તેનાપિતાએ કહ્યું કે હેપુત્ર! આપણા પૂર્વજોએ તો બંધનમાં પડેલા પ્રાણીઓને પણ મુક્ત કર્યા છે, પરંતુ કોઇને બંધન ગૃહમાં પુર્યા નથી. કારણકે બંધન એ પ્રથમ વ્રતનો પહેલો અતિચાર છે એ પ્રમાણે ગુરૂ મહારાજે ત્હને કહેલું છે. માટે હે વત્સ! ગુરૂ સમક્ષ પોતે અંગીકાર કરેલા વ્રતને તું કેમ મલિન કરે છે? વળી બંધનથી છુટો થએલો કોઇ પણ પુરૂષ વૈરને લીધે કોઇ પણ પ્રકારે ત્હારા શરીરનું નુકશાન કરશે' એમ જાણી મ્હારૂં હૃદય બહુ પીડાય છે. માટે હે વત્સ! મ્હારૂં તેમજ ગુરૂનું અથવા જીનેંદ્ર ભગવાનનું વચન તું જો માનતો હોય તો આ પ્રાણીઓના બંધનરૂપ તુચ્છ પ્રવૃત્તિનો ત્યાગ કર અને આ સાથે ત્હારે એટલું અવશ્ય ધ્યાનમાં રાખવું કે જીનેંદ્ર ભગવાને કહેલા અહિંસાવ્રતને ગ્રહણકરીને જે પુરૂષો તેથી ભ્રષ્ટ થાય છે તેઓ વધ બંધનાદિક અનેક દુઃખોને સ્વાધીન થઈ ઘોર સંસારમાં પરિભ્રમણ કરે છે. કેમકે સ્વલ્પ માત્ર પણ

શાંગેલું મત ઘણાં દુઃખોને પ્રગટ કરે છે. એ પ્રમાણે તેના પિતાએ બહુ સમજણ આપી તોપણ પિતાના વચનને તૃણ સમાન ગણી તે પ્રથમની માફકજ પ્રવૃત્તિ કરવા લાગ્યો અને કિંચિત્ માત્ર પણ તેથી અટક્યો નહીં, હવે તે વાત રાજા, મંત્રી વિગેરે પ્રધાન પુરૂષોના જાણવામાં આવી. તેથી તેઓએ પણ શાંત વચનોવડે તેને બહુ સમજાવ્યો તોપણ તેણે તે પ્રસંગ છોડ્યો નહીં.

બંધુરાજની અસદ્ગતિ.

એક દિવસ બંધુરાજને કોઇક રાજપુરૂષ સાથે ધનસંબંધી લેવડદેવડમાં ભારે તકરાર થઇપડી. તે વાત ધ્યાનમાં રાખી બંધુરાજે સ્વારી સાથે ફરવા નીકળેલા તે રાજપુરૂષને પોતાના ચેટક પાસે બંધાવી પોતાને ત્યાં મંગાવ્યો. રાજપુરૂષ બોલ્યો, હે બંધુરાજ! તમ્હારૂં જે માગતું નીકળશે તે સર્વ ધન મ્હારે આપવું છે. વળી આપે મારા ઉપર બહુ ઉપકાર કર્યો છે તેથી બીજું કંઇક અધિક પણ મ્હારે બક્ષિસમાં તમને આપવાનું છે; પરંતુ હાલમાં મ્હારી પાસે કંઇ લાવ્યો નથી માટે તેના બદલામાં હાલ આ એક ખડ્ગ છે તે તમે રાખો. કારણકે આ ખડ્ગ બહુ ઉત્તમ છે એમ કહી તેને બતાવવાનું બ્હાનું કરી એકદમ તરવાર ખેંચી બંધુરાજના બે ટુકડા કર્યા. તેમજ પોતાના ભૃત્યોની સહાય વડે બંધુરાજના નોકરનો પરાજય કરી તે પોતાના સ્થાનમાં ચાલ્યો ગયો. ત્યારબાદ આરક્ષકના કહેવાથી આ સર્વ વૃત્તાંતની રાજાને ખબર પડી એટલે તેણે જાણ્યું કે આવાં અન્યાયનાં કાર્યો બંધુરાજે બહુ કર્યાં છે તેથી તેને આ યોગ્ય શિક્ષા થઇ છે. માટે આ બાબતમાં આપણે તપાસ કરવાની કંઇપણ જરૂર નથી. માટે હે ભવ્યાત્માઓ! આવાં દુષ્કૃત્યો કરવાથી બંધુરાજ મરણ પામી અનેક પ્રકારની દુર્ગતિઓમાં ભ્રમણ કરશે. તેમજ તે દરેક ભવોમાં વધ બંધનાદિક અનેક પ્રકારનાં ઘોર દુઃખો અનુભવશે. વળી ધનશ્રેષ્ઠીએ પણ પોતાની સંપત્તિનો સાતે ક્ષેત્રોમાં

વ્યય કરી સદ્દગુરૂના ચરણકમલમાં પોતાની સ્ત્રી સહિત દીક્ષા લઈ જન્મ સફલ કર્યો. ત્યારબાદ બે પ્રકારની શિક્ષા ગ્રહણ કરીને અંતે સંલેખના પાળી સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થઈ અનુક્રમે મોક્ષસુખ પામશે.

॥ इति प्राणातिपातविरतिप्रथमातिचारविपाके वन्धुराजकथानकं समाप्तम् ॥

श्रीवत्सब्राह्मणनी कथा.

દ્વિતીય વધાતિચાર.

દાનવીર્ય રાજા બોલ્યો, હે ભગવન્ ! પ્રથમ અણુવ્રતના પ્રથમ અતિચારનું સ્વરૂપ યથાર્થ રીતે આપના મુખથી અમોએ સાંભળ્યું, હવે બીજા અતિચારનું સ્વરૂપ સાંભળવા અમારી ઈચ્છા છે માટે કૃપા કરી અમારી જીજ્ઞાસા પૂર્ણ કરો. આ પ્રમાણે રાજાનો પ્રશ્ન સાંભળી કૃપાલુ એવા શ્રી સુપાર્શ્વ પ્રભુ બોલ્યા, હે નરેંદ્ર! જે નિઃશંકપણે ક્રોધાયમાન થઈ ઢેકું, પાષાણ કે દંડાદિકવડે પ્રાણીઓ ઉપર પ્રહાર કરે છે તે મનુષ્ય શ્રીવત્સદ્વિજની માફક ભયંકર એવા ઘોર સંસારમાં પરિભ્રમણ કરે છે.

શ્રીવત્સદ્વિજ.

ભરતક્ષેત્રમાં લક્ષ્મીને આનંદ આપનાર, સમકર (મત્સના લાંછન સહિત=ન્યૂનાધિક કર રહિત) અવિગ્રહ (શરીર=કલેશ) રહિત, અને ખ્યાતિ (ખાતિ-ખાઇ) વડે સુશોભિત કામદેવ સમાન કુસુમપુર નામે નગર છે. તેમાં દારિદ્રયરૂપ દાવાનળથી તપ્ત થએલા દુઃખી જનોને શાંત કરવામાં મલયાચલ સમાન નૃપતિલક નામે રાજા રાજ્ય કરે છે. સમસ્ત કલાઓમાં નિપુણ

અને જેની વાણીમાં શુક સમાન મધુરતા રહેલી છે એવી રતિ-સુંદરી નામે તેની રાણી છે. તેમજ મતિસાગર નામે બહુ બુદ્ધિમાન તેનો મંત્રી છે. શ્રીકંઠ નામે તેનો પુરોહિત છે. યશોદા નામે તે પુરોહિતની ભાર્યા છે. અને શ્રી વત્સ નામે તેઓને એક પુત્ર છે. હવે એક દિવસ શ્રીવત્સના પિતાએ તેનું અપમાન કર્યું, જેથી તે શ્રીવત્સ જડપ્રકૃતિને લીધે રીસાઇને કાંચનપુરીમાં ચાલ્યો ગયો. ત્યાં સંન્યાસી લોકોના મઠમાં તે રહ્યો. હમ્મેશાં ભિક્ષાવૃત્તિવડે પોતાની આજીવિકા ચલાવતો તે વિદ્યાભ્યાસ કરવા લાગ્યો. બહુ મહેનત કરવા છતાં પણ કિંચિત્માત્ર તેને બોધ થયો નહીં; કેમકે તે જેમ જેમ આગળ ભણતો જાય તેમ તેમ પાછળ ભૂલતો જાય તેથી માત્ર પરિશ્રમનો ભાગી થયો. તેથી તે કંટાળીને અભ્યાસ પડતો મૂકી શરીરે દૃઢ હોવાથી તેજ નગરમાં સૂર નામે એક ગૃહસ્થને ત્યાં માત્ર ઉદરપૂર્તિ માટે સેવા કરવા રહ્યો.

મુનિઉપદેશ.

એક દિવસે તે સૂરના પુત્ર સાથે શ્રીવત્સ કોઈ એક ગામ જતો હતો. તેવામાં રસ્તે જતાં બે મુનિઓ તેઓની દૃષ્ટિ ગોચર થયા. અને તેબન્ને મુનિઓ માર્ગના પરિશ્રમથી થાકી ગયેલા હતા, તેથી તેઓ એક વડનીચે શુદ્ધ પ્રદેશમાં બેઠા હતા. ત્યાં જઇ મુનિઓને નમસ્કાર કરી તે બન્ને જણ તેઓની આગળ બેઠા. ત્યાર બાદ સૂરનો પુત્ર મુનિ તરફ દૃષ્ટિ કરી વિનયપૂર્વક બોલ્યો, હે પ્રભો! ધર્મનું સેવન કરવાથી પ્રાણીઓને શું ફલ થાય છે? તે સાંભળી તે બન્નેમાંથી મુખ્ય મુનિ તેઓના હૃદયને અનુકૂલ કરવા માટે મેઘ સમાન ગંભીર વાણી વડે ઉપદેશ કરવા લાગ્યા. હે ભવ્યાત્માઓ! જીનેંદ્ર ભગવાને કહેલા ધર્મનું સેવન કરવાથી મનુષ્યો અક્ષય સુખ મેળવે છે. તેમજ તેઓનાં અનેક પ્રકારનાં દુઃખો દૂર થાય છે. વળી

આપત્કાલમાં પણ કેવલ ધર્મ સેવાજ સહાયભૂત થાય છે અને મનોવાંછિત સર્વ કાર્યો પણ તેનાથી સિદ્ધ થાય છે. સજ્જન એવા મિત્રની માફક તે ધર્મ સર્વદા સુખદાયક થાય છે. શારીરિક તેમજ માનસિક દુઃખો તેનાથી અદૃશ્ય થઇ જાય છે. સર્વત્ર હૃદયને આનંદકારક અને ભવસાગરમાં યાનપાત્ર સમાન સર્વદા ધર્મજ જયકારી છે. વળી દારિદ્રરૂપી વ્યાધિને શાંત કરવામાં પરમ ઔષધ સમાન, સૌભાગ્યના ઉત્કૃષ્ટ નિધાન સમાન, મનોવાંછિત પૂરવામાં ચિંતામણી સમાન જીનેંદ્રકથિત ધર્મ સિવાય અન્ય કંઇપણ વસ્તુ પ્રશંસનીય નથી. વળી ધર્મતત્ત્વથી જ્ઞાન અને વિજ્ઞાન પ્રગટ થાય છે, તથા સર્વ પ્રાણીઓ પરસ્પર બંધુ સમાન વર્ત્તે છે, તેમજ તેનાથી મોક્ષપદની પ્રાપ્તિ અને વિશ્વાસની વૃદ્ધિ થાય છે. તેજ પ્રમાણે ધર્માચરણથી દુરાચારની નિવૃત્તિ, સત્કુલમાં જન્મ, સુખસંપત્તિની પ્રાપ્તિ, અને શત્રુબલની નિવૃત્તિ થાય છે. વળી ધર્મના પ્રભાવથી સર્વ લોકોએ પ્રાર્થના કરવા લાયક, પોતાની ઇચ્છા પ્રમાણે ગમન કરતી, ઉજ્વલ આકૃતિવાળી, મનોહર અને બહુ વિશાળ એવી સત્કીર્ત્તિ વારાંગનાની માફક સર્વત્ર ગમન કરે છે. એ પ્રમાણે ધર્મનું ફલ તેઓને સંભળાવી ફરીથી મુનિ મહારાજ બોલ્યા, હે ભવ્યાત્માઓ ! તમે નિરંતર જીનોક્ત ધર્મનું આરાધન કરો, તે સાંભળી શ્રીવત્સ બોલ્યો, હે મુનીંદ્ર ! તે ધર્મનું સ્વરૂપ અમને કૃપા કરી સંભળાવો.

ધર્મસ્વરૂપ.

મુનીંદ્ર બોલ્યા, જીનેંદ્ર ભગવાનના વચન ઉપર શ્રદ્ધા રાખવી અને જીવદયા પાળવી એ ધર્મનું મુખ્ય સ્વરૂપ છે. ત્યારબાદ મુનિએ જીનેંદ્ર અને સુગુરૂનું સ્વરૂપ તેમજ જીવાદિ તત્ત્વ સ્વરૂપની વ્યાખ્યા યથાર્થ રીતે સમજાવી. કારણકે ધર્મનું મૂળ કારણ જીવદયા છે. એમ અન્ય સ્થળે પણ કહ્યું છે—

पठितं श्रुतञ्च शास्त्रं, गुरुपरिचरणं गुरु तपश्चरणम् ।
धनगर्जितमिव विजलं, विफलं सकलं दयाविकलम् ॥

અર્થ—"શાસ્ત્રનો અભ્યાસ તેમજ શાસ્ત્ર શ્રવણ, સદ્‌ગુરૂઓની સેવા અને તીવ્રતપશ્ચર્યા વિગેરે સર્વ ધર્મકાર્યો જીવદયા વગર વૃષ્ટિ વિનાના મેઘની ગર્જનાની માફક વિફલ છે." એવી રીતે વિસ્તારપૂર્વક મુનિધર્મ કહીને શ્રાવક ધર્મનું સ્વરૂપ પણ સારીરીતે તેઓને સમજાવ્યું. તે સાંભળી શ્રીવત્સ બોલ્યો, હે જગદ્‌ગુરો ? કૃપા કરી એક મ્હારી વિનંતિ સાંભળો, આજથી આરંભીને જીવનપર્યંત હું નિરપરાધી એવા સ્થૂલ જીવોની સંકલ્પપૂર્વક બીલકુલ હિંસા કરીશ નહીં. માટે આપ કૃપા કરીને હિંસા વ્રત મ્હને આપો. ત્યારબાદ મુનિએ તેને વ્રતનો નિયમ આપી બંધનાદિક તેના પાંચ અતિચારોનું સ્વરૂપ પણ બતાવ્યું, તે સાંભળી શ્રીવત્સે બહુ ખુશી થઈ પ્રથમ વ્રતની રક્ષા માટે પાંચ અતિચારો વર્જવાનું પોતે કબુલ કર્યું. ત્યારબાદ સૂરના પુત્રે પણ તેજ પ્રમાણે પ્રથમ વ્રતનો સ્વીકાર કર્યો. પછી મુનિએ પણ તે બન્નેને વિધિપૂર્વક પ્રથમ અણુવ્રત ધારણ કરવાનો પ્રયોગ દૃઢ રીતે સમજાવ્યો અને વિધિયુક્ત તે વ્રત તેઓને ઉચરાવ્યું, ત્યારબાદ સૂરપુત્ર સહિત શ્રી વત્સ, મુનિઓને વંદન કરી પોતાના ઇષ્ટ સ્થાનમાં ગયો અને મુનિઓ પણ પોતાના અભીષ્ટ કાર્ય માટે ત્યાંથી ચાલ્યા ગયા. હવે સૂરપુત્ર અને શ્રીવત્સ બન્ને પોતાનું ઇષ્ટ કાર્ય સિદ્ધ કરી ફરીથી કાંચનપુરમાં આવ્યા અને પોતાનાં વિવિધ પ્રકારનાં કૃષિકર્માદિક કાર્યો કરવા લાગ્યા.

સૂર અને તેનો લઘુબંધુ કેશવ

કેટલોક સમય વ્યતીત થયા બાદ સૂરે પોતાની પુત્રીનો વિવાહ કોઈક ધનાઢ્યની સાથે બહુ ધામધુમ પૂર્વક પ્રારંભ્યો. તેમાં કન્યાના અલંકાર માટે સોનાના તેમજ હીરામોતીના ઘણા

દાગીના તેણે ખરીદ કર્યા. તેમજ અન્ય વસ્તુઓમાં પણ ઘણું ધન વાપરવા માંડયું. તે જોઇ તેનો નાનો ભાઇ કેશવ વિચાર કરવા લાગ્યો કે આ વિવાહનું કાર્ય માત્ર મોટા ભાઈનું છે અને જો તે આવા કાર્યમાં આ પ્રમાણે ધનનો વ્યય કરશે તો મ્હારા ભાગનું ધન પણ તેમાં ખરચાઈ જશે અને તેથી મ્હારે બહુ નુકશાન વેઠવાનું થશે. માટે આ વિવાહના પહેલાંજ મ્હારે મ્હારા ભાગનું ધન લઇ જુદા રહેવું એ ઠીક છે. એમ પોતાના મનમાં નિશ્ચય કરી તે બોલ્યો, હે બાંધવ ? મ્હારે હવે તમ્હારા ભેગું રહેવું નથી. માટે મ્હારા ભાગમાં જે ધન આવે તે મ્હને આપો. સૂર બોલ્યો, હે પ્રિય બંધો ? આજે ત્હારે આમ બોલવાનું કારણ શું ? આ લક્ષ્મી કોના પુન્યથી આપણને મળી છે તે આપણે એકઠા રહેવાથી જાણી શક્તા નથી, કારણકે સમુદાયમાં કોઈક પુણ્યશાળી હોય છે, તેના પ્રભાવથી સર્વે સુખી થાય છે. માટે આપણે ભેગા રહેવામાં બહુ આનંદ છે. વળી જુદા રહેવાથી કોઈને લક્ષ્મી રહેશે અને કોઈને દરિદ્રતા પણ આવશે. માટે સંપથી હળીમળીને એકઠા રહેવું અને એક બીજાનો આભાર માનવો એ ઠીક છે એમ સમજી હાલમાં જેમ ચાલે છે તેમ ચાલવા દ્યો. ભિન્ન બુદ્ધિ ધારવામાં કંઈ લાભ નથી. કારણકે સજ્જનપણું રાખી સરલ બુદ્ધિથી ચાલવું એ પણ એક સંપત્તિનું મૂળ કારણ છે. કેશવ બોલ્યો-ભાઈ ! જુદો રહેવાથી કદાચિત મ્હને નિર્ધનપણું પ્રાપ્ત થશે તોપણ તમ્હારી પાસે હું યાચના કરવા આવીશ નહી. એ પ્રમાણે બહુ કદાગ્રહ કરી કેશવે પોતાનો અર્ધો ભાગ પોતાને સ્વાધીન કર્યો, તેમજ શ્રીવત્સને પણ લોભાવીને પોતાની પાસે લઇ ગયો. હવે સૂરની લક્ષ્મી પ્રતિ દિવસ વૃદ્ધિ પામવા લાગી અને કેશવનું ધન તો દુર્ભાગ્યને લીધે દિવસે દિવસે ક્ષીણ થવા લાગ્યું, એટલુંજ નહિ, પરંતુ છેવટમાં કેશવની એવી દશા આવી કે ભોજનપણ તેને બહુ કષ્ટ સાધ્ય થઇ પડયું. આ પ્રમાણે

કેશવની દુર્દશા જોઈ સૂરે તેને ધનાદિક આપવાનું ઘણું કહ્યું, પરંતુ કેશવ અભિમાનને લીધે કંઈપણ વસ્તુ પોતાના મ્હોટા ભાઈ પાસેથી લેતો નથી અને પોતાનું દુઃખ પોતે સહન કરે છે. એમ કરતાં અનુક્રમે વર્ષા રૂતુ આવી. ગંભીર ગર્જના કરતા બહુ ઉન્નત ગજેંદ્રના આડંબર સમાન પોતાના પ્રચંડ પ્રભાવને પ્રગટ કરતા અને ગ્રીષ્મકાલને વિસ્મરણ કરાવવામાં બહુ પરાક્રમી એવા વર્ષાકાલની સંપત્તિ દીપવા લાગી. સર્વ દિશાઓમાં બહુ શ્યામ એવા મેઘમંડલને લીધે અંધકાર છવાઇ ગયો. જેથી ગ્રીષ્મકાલ ક્યાં ગયો તે જાણવું લોકોને અશક્ય થઇ પડયું. ક્ષણમાત્રમાં વૃષ્ટિ થવાથી ભૂતલ શાંત થયું, માત્ર વિરહિજનોનાં હૃદય બહુ અશાંત થયાં.

ખેતીનો આરંભ

ખેતીનો સમય જાણી સૂરના ખેડુતો હળ જોડીને પોતાના ક્ષેત્રમાં ચાલતા થયા. તેઓની પ્રવૃત્તિ જોઈ કેશવે શ્રીવત્સને કહ્યું કે આપણે પણ હળ જોડવાની તૈયારી કરો. એટલે શ્રીવત્સ બોલ્યો, આજે ભદ્રાતિથિ છે માટે તેમાં શુભ કાર્ય કરવાથી તેનું ફળ બીલકુલ મળતું નથી. વળી તે સૂરના લોકો આ બાબત જાણતા નથી તેથી આજે તેઓએ મુહૂર્ત કર્યું. પરંતુ આપણે જાણીજોઇને આજે ખરાબ મુહૂર્તમાં શામાટે આરંભ કરવો જોઇએ ? હવે સૂરના ખેડુતો માર્ગમાં જતા હતા, તેવામાં ત્યાં કોઇએક નટી અદ્ભુત નૃત્ય કરતી હતી, તે તેઓની નજરે પડવાથી તેઓ ત્યાં જોવા માટે ઉભા રહ્યા. તેટલામાં ભદ્રાતિથિ ઉતરી ગઈ અને શુભ યોગ પ્રવૃત્ત થયો તે સમયે સૂરના ખેડુતો હળ લઈ ક્ષેત્રમાં ગયા અને તરતજ તેમણે શુભ લગ્નમાં ખેડવાનો પ્રારંભ કર્યો. હવે કેશવ અને શ્રીવત્સે બીજે દિવસે ઉત્તમ મુહૂર્તમાં હળ જોડવાની તૈયારી કરી. તેવામાં શ્રીવત્સના બળદે તેની છાતીમાં જોરથી એવી લાત મારી કે તે મૂર્છિત થઇ

તરતજ પૃથ્વીપર પડી ગયો. તેથી તેને ઘેર મૂકી કેશવ એકલો પોતાનું હળ જોડી ચાલતો થયો. માર્ગમાં જતાં ઉંટનો શબ્દ સાંભળીને તેનો એક બળદ ભડકવાથી રાશ અને જોતર તોડી નાઠો છતાં પણ કેશવ બહુ બળાત્કારે તે બળદને પકડી લાવી હળ જોડી ક્ષેત્રમાં ગયો. એટલામાં બહુ વિલંબ થવાથી શુભ યોગ પલટાઇને અશુભ યોગ બેસી ગયો, તે સમયે કેશવે ખેડવાનો પ્રારંભ કર્યો. ત્યારબાદ શુભ તથા અશુભ યોગનો જાણકાર શ્રીવત્સ આ વાત જાણી કેશવને કહેવા લાગ્યો કે જુઓ, દૈવગતિ કેવી વિચિત્ર છે? સૂરના ખેડુતોએ અશુભ મુહૂર્ત્તમાં હળ જોડ્યાં હતાં. પરંતુ પ્રમાદને લીધે માર્ગમાં નૃત્ય જોવા રોકાયા, અને તેથી શુભ યોગમાં તેઓએ પ્રારંભ કર્યો, તે તેના પુણ્યનોજ પ્રભાવ છે. વળી આપણે સુમુહૂર્ત્ત જાણતા હતા અને તે પ્રમાણે આપણે કાર્યનો પ્રારંભ કર્યો, તેમ છતાં પણ આપણા નસીબે કુમુહૂર્ત્ત આવી પડ્યું. કેશવ બોલ્યો, દૈવગતિ બલવાન્ છે, માટે જે થયું તે ખરૂં હવે શું કરવું ?

શ્રીવત્સનું કુકર્મ.

બીજે દીવસે કેશવ અને શ્રીવત્સ બન્ને ક્ષેત્રમાં જઈ હળ ખેડતા હતા, તેવામાં શ્રીવત્સનો બળદ શરીરે પુષ્ટ હતો પરંતુ ગળીઓ થઇ વારંવાર બેસી જાય અને ઉઠાડ્યો ઉઠે પણ નહીં તેથી બહુ ક્રોધાયમાન થઇ શ્રીવત્સ તેને પરોણાની આરો મારી વિંધવા લાગ્યો. વળી બહુ પ્રહારો કરવાથી પરોણો ભાગી ગયો, એટલે પાટુઓ મારી બળદને ચલાવતો હતો, તેવામાં ત્યાં કોઈ કાર્ય માટે સૂરનો પુત્ર આવ્યો અને શ્રીવત્સની આવી નિર્દય ક્રિયા જોઇ તે બોલ્યો, હે ભાઇ ! ત્હેં ગુરૂ પાસે પ્રાણાતિપાત વ્રત લીધું છે તેમ છતાં તું આ શું કરે છે? શ્રીવત્સ બોલ્યો, હે મિત્ર ! હું હાલમાં પરાધીન છું તે તું જાણે છે, તોપછી પરાધીન અવસ્થામાં મ્હારે શું

કરવું ? આ પ્રમાણે તેઓની વાત સાંભળી કેશવ બોલ્યો, હે ભાઈ ! તું હારે રસ્તે ચાલ્યો જા, નકામો મ્હારા માણસને તું શા માટે અટકાવે છે ? વળી ત્હારે આ ચિંતામાં પડવાની શી જરૂર છે ? એ પ્રમાણે કેશવનો જવાબ સાંભળી સૂરનો પુત્ર મૌન રહી ત્યાંથી ચાલ્યો ગયો. ત્યારબાદ શ્રીવત્સ પોતાના ક્રમ પ્રમાણે ગળીયા બળદને બહુ માર મારીને કામ ચલાવતો હતો. દાંત પીશીને તેનું પુંછડું મરડતો છતો ચાંડાલની માફક દાંતના પ્રહાર પણ કરતો હતો. તેમજ કોઇક સમયે ક્રોધ ભરાઇ જવાથી ન બોલવાની ગાળો પણ કાઢતો હતો. આ પ્રમાણે જેમ તેમ ઘણી મુશ્કેલીથી તેણે ખેડ કામ ચલાવ્યું. એમ કરતાં તીડ, ઉંદર, કાતરા વિગેરેના ઉપદ્રવોને લીધે કેશવની ખેતી ભેલાઇ ગઈ જેથી કંઇ પણ પાક ઉતર્યો નહીં. વળી કેશવ બહુ દેવાદાર થઇ ગયો હતો એટલે લેણદાર લોકોએ વિચાર કર્યો કે હવે તેની ખેતીમાંથી આપણને કંઈ પણ મળે તેમ નથી એમ જાણી કેશવને પકડીને તેની પાસે જે બે સારા બળદ હતા તે લઈ તેઓએ પોતાને કબજે કર્યા. પછી શ્રીવત્સ બાકીના સાધારણ બે બળદોથી ગાડું જોડી ભાડુતી કામ કરવા લાગ્યો. એક દિવસ ગાડામાં બહુ ભાર ભરવાથી બહુ ધૂળમાં તેનું પૈડું ખુંચી ગયું, તેથી તે ગળીઓ બળદ નીચે બેસી ગયો. તે જોઇ શ્રીવત્સ ધુંસરેથી નીચે ઉતરી બહુ પ્રહાર કરવા ઉપરાંત તેનું પુંછડું પકડી તેને જોરથી ઉપાડ્યો, તોપણ તેની ખરીઓ ધૂળમાંથી બહાર નીકળી નહીં. પછી તેણે પાષાણ, પરોણા, લાકડી વિગેરેના પ્રહારો કરવામાં કંઇ પણ બાકી રાખ્યું નહીં, છેવટે તેનું પુંછડું મરડતો હતો તેવામાં તે બળદે શ્રીવત્સના મર્મસ્થાનમાં જોરથી એવી લાત મારી કે તરતજ તે મરણવશ થયો અને નરકે ગયો.

સૂરનો પુત્ર વિચાર કરવા લાગ્યો, હા ! ધિક્કાર છે, પ્રમાદને

સૂરપુત્રની સદ્દગતિ.

લીધે મલિન વ્રત કરવાથી શ્રીવત્સ બહુ દુઃખી થઇ ભવરૂપી અરણ્યમાં પરિભ્રમણ કરશે. માટે આ અપૂર્વ ધર્મ સામગ્રી મેળવીને મ્હારે પણ કુગતિમાં પડતા આત્માનું અવશ્ય રક્ષણ કરવું ઉચિત છે. વળી ધાર્મિક વિષયમાં ઉપેક્ષા ન કરવી જોઈએ. સુગતિ એ મુક્તિરૂપ છે, તે મુક્તિ શુદ્ધ ચારિત્ર સિવાય મળતી નથી અને તે ચારિત્ર સુગુરૂના સમાગમથીજ પ્રાપ્ત થાય છે. એમ સમજી મ્હારે પણ સુગુરૂઓની શોધ કરવી જોઈએ, એ પ્રમાણે વિચાર કરતો તે સૂરપુત્ર આયુષ પૂર્ણ થવાથી મરણ પામ્યો. અને અખંડિત એવા પ્રથમ વ્રતના પ્રભાવથી તે ઈશાન દેવલોકમાં ઉત્પન્ન થયો.

શ્રીવત્સનારક.

નારિકીનીવેદનાઓને અનુભવતા શ્રીવત્સને પરમાધાર્મિક દેવો કહેવા લાગ્યા કે—ત્હેં પૂર્વ જન્મમાં ગ્રહણ કરેલા પ્રથમ અણુવ્રતનો ભંગ કર્યો હતો, તેથી ત્હારે આ દુઃખ ભોગવવું પડે છે. તે સાંભળી તે પોતે પણ વારંવાર તેનું સ્મરણ કરી બહુ પશ્ચાત્તાપ કરવા લાગ્યો. હા ! હું કેવો અનાર્ય ગણાઉં ! મ્હારા જેવો મૂર્ખ કોણ હોય ! કેમકે કાલકૂટ (વિષ) ની મુઠી ભરી મ્હેં અમૃતમાં છોડી દીધી. પ્રથમ મ્હેં સદ્દગુરૂના સમાગમથી સર્વ વિરતિના કારણભૂત પ્રથમ અણુવ્રતનો સ્વીકાર કર્યો અને જાણતાં છતાં પણ તેનો ભંગ કર્યો એથી બીજું અકાર્ય શું કહેવાય ? વળી તે ઉત્તમ પ્રકારે પાળેલું વૃત મહર્દ્ધિક દેવલોકનું કારણ છે. અને અનુક્રમે મોક્ષ સુખની પ્રાપ્તિ પણ તેનાથીજ થાય છે. પરંતુ હાલમાં તે સંબંધી મ્હારો કંઈ ઉપાય ચાલવાનો નથી. કારણકે હું આવી પરાધીન દુર્દશામાં આવી પડ્યો છું. તેથી આ દુઃખસાગરમાં ડુબેલો હું શું કરૂં ? વળી કેટલાક વિદ્વાનોનું કહેવું સત્ય છે કે—

इहैव नरकव्याधि-चिकित्सां न करोति यः ।
गतो निरौषधं स्थानं, स रुग्णः किं करिष्यति ॥

અર્થ—"જે પુરૂષ આ લોકમાંજ રહ્યો છતો નરકરૂપી વ્યાધિને ઉપાય નથી કરતો, તે મૂઢ પુરૂષ નિરૌષધ સ્થાનમાં ગયા પછી કેવી રીતે રોગોની શાંતિ કરશે ?" એ પ્રમાણે પોતાને નિંદતો અને જૈન ધર્મની બહુ પ્રશંસા કરતો શ્રીવત્સ નારકના ભવમાં દશ હજાર વર્ષ વ્યતીત કરી ત્યાંથી નીકળી ભરતક્ષેત્રમાં મલયપુરનગરમાં હારવિક્રમ રાજાને ત્યાં પુત્રપણે ઉત્પન્ન થયો, અને જાતિ સ્મરણ થવાથી ત્યાં તેને વૈરાગ્યભાવ પ્રગટ થયો. જેથી જૈન દીક્ષા પાળી સૌધર્મ દેવલોકમાં તે ઉત્પન્ન થયો. ત્યાંથી સૂરપુત્ર અને શ્રીવત્સ બન્ને જણ ચ્યવીને મનુષ્ય ભવ પામી મોક્ષે ગયા.

इति प्रथमाणुव्रते द्वितीयकातीचारे वधदृष्टान्ते
श्रीवत्सविप्र कथानकं समाप्तम्.



राहडमंत्रीनी कथा.



તૃતીય છવિચ્છેદાતિચાર.

રાહડમંત્રી. દાનવીર્ય રાજા બોલ્યો, હે જગદ્ગુરો ! બીજા અતિચારનું સ્વરૂપ સાંભળી અમારૂં કેટલુંક અજ્ઞાન દૂર થયું, તે માટે અમે આપનો મ્હોટો ઉપકાર માનીએ છીએ. વળી હે ભગવન્ ! ધર્મ શ્રવણ કરવામાં અમને તૃપ્તિ થતી નથી. માટે કૃપા કરી તૃતીય અતિચારનું સ્વરૂપ અમને સંભળાવો. શ્રીસુપાર્શ્વ પ્રભુ બોલ્યા, હે રાજન્ ! આ ત્હારી જીજ્ઞાસા બહુ ઉત્તમ પ્રકારની છે. માટે હવે ત્રીજા અતીચારનું વૃત્તાંત

સાવધાન થઇ તું સાંભળ. ગળાની ચામડી, કાન, વૃષણ વિગેરે પ્રાણીઓના અવયવોનું જે છેદન કરે છે તે પુરૂષ રાહડ મંત્રીની માફક સંસાર ચક્રમાં બહુ ભયંકર દુઃખ ભોગવે છે. જેમકે પૃથ્વીરૂપ સ્ત્રીના તિલક સમાન અતિ રમણીય લક્ષ્મીનિલય નામે સુપ્રસિદ્ધ નગર છે. તેમાં શત્રુરૂપી રાજાઓનો વિજેતા કુરૂચંદ્ર નામે રાજા રાજ્ય કરે છે. સતીઓમાં શિરોમણિ સમાન તેમજ પતિભક્તિમાં પાર્વતી સમાન લીલા નામે તેની સ્ત્રી છે અને સર્વદા રાજ્ય કાર્યમાં બહુ દક્ષ એવો રાહડ નામે તેનો મંત્રી છે.

એકવિદ્યાધર.

એક દિવસ રાહડ મંત્રી અને અન્ય માંડલિક રાજાઓ તેમજ કેટલાક પ્રધાન પુરૂષો સહિત કુરૂચંદ્ર રાજા સભામાં બેઠેલો હતો, તેવામાં આકાશમાર્ગે ઉતરતો એક વિદ્યાધર તેઓને દેખાયો. જેના હાથમાં એક ખડ્ગરત્ન ચળકતું હતું અને તેની સાથે તેની સ્ત્રી પણ હતી. ક્ષણમાત્રમાં નીચે આવી તેણે તે સભાની અંદર પ્રવેશ કર્યો. અને રાજાને પ્રણામ કરી તે બોલ્યો, હે કુરૂચંદ્ર! કૃપા કરી એક મ્હારી વિનતિ તમે સાંભળો. આ મ્હારી સ્ત્રી છે તેનું તમ્હારે પાછો હું અહીં આવું ત્યાં સુધી રક્ષણ કરવું. હું મ્હારા વૈરી સાથે યુદ્ધ કરી તરત જ પાછો આવું છું. મ્હને વાર લાગવાની નથી. વળી બીજા કોઇ પણ સ્થાનમાં આ સ્ત્રીને મૂકવાની મ્હારી હિંમત ચાલતી નથી. માટે આપના વિશ્વાસથી આપની પાસે હું મૂકું છું, કારણકે આપ પરસ્ત્રીને સહોદર સમાન માનો છો. વળી હે નરેંદ્ર! આ દુનીયામાં આપના સરખા પરોપકારી ગુણવંત રાજાઓ બહુજ વિરલા દેખાય છે. હે મહાશય! આ મ્હારી પ્રાણપ્રિયા ઉપર મ્હારો સર્વ આધાર છે, માટે બરોબર સાવધાન થઇ તમારે એની રક્ષા કરવી, એમ કહી તે સ્ત્રીને ત્યાં મૂકીને વિદ્યાધર ત્યાંથી વિદાય થયો.

વિદ્યાધરના ગયા બાદ રાજાએ તે વિદ્યાધરની સ્ત્રીને આસન

આપીને બેસારી, તેટલામાં ત્યાં અકસ્માત
દૈવીચમત્કાર. ઢાલ સહિત એક ભુજા આકાશમાં પડી. તે
જોઇ સભામાં બેઠેલા સર્વ લોકો વિસ્મિત
થઇ ગયા અને ઉચાં મુખ કરી જોતા હતા તેટલામાં ખડ્ગ સહિત બીજી ભુજા પણ નીચે પડી. તેમજ તે ભુજાની સાથે આકાશમાંથી એક મસ્તક પણ પડયું અને મણિમય કુંડલોની કાંતિથી તે મસ્તક મધ્યાહ્ન કાલના સૂર્યના બિંબ સમાન દીપતું હતું. તેમજ બહુ ક્રોધથી લાલ અને ભયંકર સ્ફાર નેત્રોવડે તે અત્યંત બીહામણું દેખાતું હતું. તેના કપાળમાં ત્રિવળી પડેલી હતી. તેમજ નિષ્ઠુરતાને લીધે દંતાગ્રવડે તેના હોઠ પીશેલા હતા. તેવામાંજ તેની સાથે સેંકડો શસ્ત્રોવડે જીર્ણ થએલું એક ધડ પણ નીચે પડયું. તે જોઈ ખિન્ન મુખે ખેચરી બોલી હે રાજન્! આ મ્હારો પ્રાણપ્રિય છે, જરૂર શત્રુએ મારી એને અહીં ફેંકી દીધો છે. એમાં કંઈ પણ સંદેહ નથી. હવે તેના વિરહથી ક્ષણમાત્ર પણ હું જીવી શકું તેમ નથી. માટે કૃપા કરી જલદી મ્હને કાષ્ઠની ચિતા કરી આપો. જેથી પ્રિય પતિના વિરહરૂપી દાવાનળથી દગ્ધ થએલા આ દેહને હું બાળી નાખું. રાજા બોલ્યો—તું મ્હારી બ્હેન છે. ત્હારે કોઇ પણ પ્રકારની ચિંતા કરવી નહીં. આ સઘળું રાજ્ય પણ ત્હારા સ્વાધીન છે. એમ સમજી મરણ બુદ્ધિનો સર્વથા તું ત્યાગ કર. કારણકે આત્મઘાત કરવાથી બહુ દુ:ખ ભોગવવાં પડે છે. તે સાંભળી તે ખેચરી બોલી, હે રાજન્! આસમયે મ્હારા ઇષ્ટ પતિના વિયોગથી હુ બહુ દુઃખી થઇ છું. માટે તમે મારા મરણનો વિઘાત કરશો નહીં. અને વિના વિલંબે મ્હને કાષ્ઠચિતા કરાવી આપો. એથીજ હું આપનું બંધુપણું સત્ય માનીશ. ફરીથી રાજાએ બહુ પ્રકારે તેને સમજાવીને કહ્યું કે આ પ્રમાણે ત્હારે આત્મઘાત કરવો ઉચિત નથી. આવેલી પીડા પણ દેવયોગે સુખદાયક થાય છે. વળી મોક્ષરૂપી સ્રીને સુંદર આભૂ-

ષણુ સમાન અતિ ઉદાર એવા મહાવ્રતરૂપી હારને તું ધારણુ કર. તેમજ સુખરૂપીભંડારને લુંટવામાં પિશાચ સમાન ક્રોધાદિક કષાયોનો સિદ્ધાંતના સ્મરણુવડે તું ત્યાગ કર. તેમજ મિથ્યાત્વીઓની સેવાનો સર્વથા ત્યાગ કરી વિશુદ્ધ એવા વીતરાગદેવનું તું આરાધન કર. વળી તૃણુ અને મણિ રત્નમાં સમાન બુદ્ધિવાળા મુનિઓને ત્હારે સુગુરૂ તરીકે માનવા અને જીવાદિ તત્વોમાં શ્રદ્ધા રાખવી. એ પ્રમાણે રાજાએ તેને બહુ ઉપદેશ આપ્યો, પરંતુ તે વિદ્યાધરીએ રાજાનું વચન માન્યું નહીં અને તે વિદ્યાધરના ગુણોને વારંવાર સંભારી બહુ રૂદન કરવા લાગી. હવે આ માનવાની નથી, એમ જાણીને રાજાએ તેને ચંદન કાષ્ઠની ચિતા રચાવી આપી. બાદ ખેચરીએ પોતાના પતિનાં સર્વ અંગ લઈ બળતી ચિતામાં પ્રવેશ કર્યો, તેટલામાં અકસ્માત્ કુરૂચંદ્ર રાજાની આગળ ઢાલ તરવાર સહિત તે વિદ્યાધર આવીને ઉભો રહ્યો. રાજાને પ્રણામ કરી તે બોલ્યો, હે રાજન્ ! પરનારીસહોદરમાં આપ ચૂડામણિ છો. વળી હે નરેંદ્ર ! આપના પ્રભાવથી પ્રબલ શત્રુનો સંહાર કરી હવે હું સ્વસ્થ થયો છું. માટે શરણ્ય જનોને હિતકારી એવા હે ભૂપતિ ! મ્હારી સ્ત્રી મ્હને પાછી સોંપો. કેમકે હવે હું મ્હારા નગરમાં જવા ઇચ્છું છું. સમસ્ત જનોને આનંદ આપવામાં કુશળ એવા હે નરેંદ્ર ! સર્વદા આપની સેવામાં હું હાજર છું. મ્હને આપનો સેવકજ જાણો. રાજા બહુ ક્ષુભિત થઇ વિચારમાં પડ્યો કે હવે મ્હારે એને શો ઉત્તર આપવો ? એમ ચકિત થઇ રાજાએ પોતાના મંત્રી તરફ દૃષ્ટિ કરી. મંત્રીએ રાજાનો અભિપ્રાય જાણી યથાસ્થિત સર્વ વૃત્તાંત નિવેદન કર્યું. તે સાંભળતાંજ વિદ્યાધરનું મુખ ઝાંખું પડી ગયું અને ચિંતાતુર થઇ તે બોલ્યો, હે રાજન્ ! અમૃત પણ વિષ સમાન થયું. જો આપસરખા સજ્જન પુરૂષો પણ પ્રાકૃત જનની માફક મર્યાદાનો ત્યાગ કરી આવું અકૃત્ય કરે તો જરૂર ચંદ્ર પણ અગ્નિ જ્વાલાને પ્રગટ કરે એમાં શું આશ્ચર્ય ?

તેમજ સૂર્ય પણ અંધકારને ઉત્પન્ન કરે, સમુદ્રો પણ મર્યાદાનો ત્યાગ કરી પૃથ્વીને ડુબાવી દે તેમાં શું આશ્ચર્ય ! હે નરેંદ્ર ! હું પ્રત્યક્ષ છું છતાં મ્હારાં અંગ લઇ મ્હારી સ્ત્રીએ અગ્નિમાં પ્રવેશ કર્યો–એ આપનું કહેવું કેવી રીતે હું સત્ય માનું ? અસત્ય પણ, કંઇક ઘટતું બોલવું કે જેથી ઉચિત લાગે. મ્હારી સ્ત્રીને અંતઃપુરમાં રાખીને તમે કહો છો કે તેણીએ અગ્નિમાં પ્રવેશ કર્યો. વળી પરનારી સહોદર એવી પ્રખ્યાતિ મેળવીને આપ આવાં આચરણ કેમ કરો છો ? હે જગત્પતિ ! આ પ્રમાણે પોતાના ઉજ્વલ યશવડે ઉદ્યોતિત કરેલા ત્રણ ભુવનને ચંદ્ર સમાન કલંકિત આપ ન કરો. માટે કૃપા કરો વેળાસર મ્હારી સ્ત્રી મ્હને સોંપી દ્યો. નહિ તો મ્હારી આશા તુટશે કે તરતજ મ્હારા પ્રાણ રહેવાના નથી. એ પ્રમાણે તે વિદ્યાધરનું વચન સાંભળી તેના દુઃખને લીધે રાજા બહુ દુઃખથી વ્યાકુલ થઈ ગયો અને હવે શું કરવું ? એવા વિચારમાં મૂઢ થઈ બળી ગએલા મનુષ્યની માફક શ્યામ મુખ કરી નીચે મુખે રહી કંઇ પણ તેણે પ્રત્યુત્તર ન આપ્યો. એટલે ફરીથી વિદ્યાધર બોલ્યો, મ્હારી સ્ત્રી મરી ગઇ તે વાત શું સત્ય છે ? તોપણ રાજાએ હા–ના નો કંઈ પણ જવાબ આપ્યો નહીં, એટલે પુનઃ વિદ્યાધર બોલ્યો, હે રાજન્ ! તમ્હારા પ્રભાવથી મરી ગએલી એવી પણ મ્હારી સ્ત્રી સજીવન થાઓ. એમ કહી વિદ્યાધર ફરીથી બોલ્યો, હે પ્રિયે ! પોતાનું સ્વરૂપ પ્રગટ કરી જલદી અહીં આવ. જેથી પરદુઃખે દુઃખી એવો આ રાજા સુખી થાય, એ પ્રમાણે તે વિદ્યાધરના વચનથી રાજા કંઈક શાંત થયો. તેટલામાં રાજ સભાની આગળ મૃદંગ, કાંસાલાં, ઝલ્લરી, ભેરી, પણવ અને ઢક્કા વિગેરે વાજીંત્રોનો ઉત્કટ નાદ પ્રગટ થયો અને તેઓના મધ્ય ભાગમાં છંદના અનુસારે નૃત્ય કરતી તે ખેચરી આવીને પ્રથમ નરેંદ્રના ચરણ કમળમાં નમસ્કાર કરી ઉભી રહી. ત્યાર-

બાદ વિદ્યાધર બોલ્યો, હે સ્વામિન્! ઈંદ્રજાલવડે મ્હેં આપને આ કૌતુક બતાવ્યું, એમ કહી તેણે ક્ષણમાત્ર રાજાની આગળ નાટક કર્યું, તે જોઈ રાજા, મંત્રી, તેમજ માંડલિક રાજાઓ અને પૌરજન વિગેરે લોકો વિસ્મય પામી બોલ્યા કે આવું અદ્દભુત આશ્ચર્ય કોઈ સમયે અમે જોયું નહોતું. વળી કુરૂચંદ્ર રાજા બોલ્યો, હે વિદ્યાધર! આ પ્રમાણે કૌતુક કરવાનું ત્હારે શું કારણ? તેનું યથાર્થ સ્વરૂપ તું પ્રગટ કર. વિદ્યાધર બોલ્યો, હે નરેંદ્ર! હું વિદ્યાધર નથી. પરન્તુ ઈંદ્રજાલિક છું. એમ સાંભળી રાજાએ પરિવાર સહિત સંતુષ્ટ થઈ કડાં વિગેરે સર્વાંગ આભરણ આપી તેઓને રાજી કર્યા.

ચારણમુનિ.

યોગ્ય સમય જાણી ચાર જ્ઞાનના ધારક મહાત્મા ચારણ મુનિ તેઓના પુણ્ય પ્રભાવને લીધે આકાશમાંથી ઉતરી ત્યાં આવ્યા. પરિવાર સહિત રાજા એકદમ ઉભો થઈ મુનીંદ્રના ચરણમાં પડ્યો. ધર્મલાભ આપી મુનિમહારાજ સીંહાસન ઉપર બેઠા એટલે નર્ત્તકોએ સંગીતની સમાપ્તિ કરી, ત્યારબાદ મુનિએ દેશનાનો પ્રારંભ કર્યો, એટલે સાવધાન થઈ સર્વ લોકો વૈરાગ્ય જનક ઉપદેશ સાંભળવામાં તત્પર થયા. હે ભવ્ય પ્રાણીઓ! જેમ આ ઈંદ્રજાલિક ક્ષણિક સ્વરૂપ બતાવે છે, તેમ કર્મરૂપી સૂત્રધાર જીવોની વિચિત્ર અવસ્થાઓ રચે છે. જેમકે પ્રથમ ગર્ભાવસ્થા પછી કુમાર, યૌવન અને વૃદ્ધ અવસ્થા પ્રાપ્ત થાય [illegible] અને છેવટે મરણ અવસ્થા પણ આવે છે. વળી કર્મરૂપ સૂત્રધાર દેવને તિર્યંચ અથવા મનુષ્યરૂપે ઉત્પન્ન કરે છે [illegible] મનુષ્યને નારકી, દેવ, મનુષ્ય અથવા તિર્યંચ રૂપ બનાવે છે. [illegible] પણ તેમ પ્રમાણે કરે છે તેમજ નારકને તિર્યંચ કે મનુષ્યના [illegible] જાય છે. વળી પંચેંદ્રિયને એકેંદ્રિયમાં પણ [illegible] પ્રમાણે સંયોગ વિયોગની રચના [illegible]

છે. બાલ્યાવસ્થામાં પણ કોઈને ક્ષુધી તો કોઈને જ્વરગ્રસ્ત અથવા ક્ષય રોગી બનાવે છે. તેમજ કૌમાર અવસ્થામાં દરેક ઘરે ભિક્ષા માટે પરિભ્રમણ કરાવે છે. વળી યૌવનરૂપી અરણ્યમાં પડેલા પ્રાણીને દુષ્ટ એવા કામરૂપ સર્પોવડે દંશ કરાવે છે. જેથી જીવાત્મા પોતાના આત્માનું ભાન પણ ભૂલી જઈ દુર્ગતિમાં વારંવાર રખડે છે. તેમજ વૃદ્ધ અવસ્થામાં શરીરે વળીયાં પડી જાય છે. મસ્તકના કેશ ધોળા થઇ જાય છે. અંગોપાંગ નમી જાય છે તેથી તે વૃદ્ધ માણસ તુચ્છબુદ્ધિવાળી યુવતિઓને હાસ્યકારક થઈ પડે છે. માટે સર્વ અવસ્થાઓમાં સમસ્ત પ્રાણીઓને કિંચિત્ માત્રપણ સુખ નથી. પરંતુ સર્વ જીવોને પ્રત્યક્ષ દુઃખજ દેખાય છે. માટે હે ભવ્યલોકો ! કર્મનો ક્ષય કરવા માટે જૈન ધર્મને સેવવામાં તમે નિરંતર ઉદ્યુકત થાઓ. જેથી દારિદ્રયાદિક દુઃખ રહિત મોક્ષ સુખ મેળવવા તમે શકિતમાન્ થશો. સમ્યક્ પ્રકારે જીવદયા પાળવી તે જ મુખ્ય ધર્મ કહેવાય છે. સત્ય ભાષા બોલવી વિગેરે તેના વિસ્તાર તરીકે ગણાય છે. હવે તે દયા સર્વ પ્રકારે પાળવાને જે અશક્ત હોય તેણે તે દેશ (અંશ) થી પણ પાળવી.

ધર્મનો સ્વીકાર.

વિસ્તારપૂર્વક ધર્મનું સ્વરૂપ સાંભળી નરેંદ્ર અને રાહડમંત્રી મુનીંદ્રને પ્રણામ કરી બોલ્યા, હે પ્રભો ! પૂર્વજોના ક્રમવાર અમને સમ્યકૃત્વ તો મળેલું છે, માટે હવે કૃપા કરી દેશથી પ્રાણાતિપાત વિરતિ વ્રત પણ અમને આપો. મુનીંદ્ર બોલ્યા, હે રાજન્ ! સુખેથી પ્રાણાતિપાત વ્રતનો તમે સ્વીકાર કરો. પરંતુ એમાં બંધ, વધ, ચામડીનો છેદ, બહુ ભાર અને ભોજન તથા પાણીનો વિછેદ એ પાંચ અતિચાર વર્જવાના છે. ક્રોધાદિકને વશ થઈ કોઇ પણ સમયે તે અતિચારો સેવવા નહીં, તે સાંભળી રાજા, મંત્રી અને શ્રાવકોએ પ્રથમ વ્રત ગ્રહણ કર્યું. તેમજ બીજા કેટલાક લોકોએ

પણ દ્વિતીય વ્રતાદિકનો સ્વીકાર કર્યો. ત્યારબાદ મુનીંદ્ર બોલ્યા, અમે અમારા પ્રસ્તુત કાર્ય માટે જઇએ છીએ. હવે તમ્હારે અંગીકાર કરેલા વ્રતોમાં વિશેષ પ્રકારે ઉદ્યુક્ત રહેવું અને પ્રમાદ કરવો નહીં. એમ કહી તમાલ પત્ર જેવા શ્યામ આકાશમાર્ગે તેઓ ચાલ્યા ગયા.

રાહડનો અનાચાર. રાજા પણ રાહડમંત્રીને સ્વતંત્રપણે સમગ્ર રાજ્યકાર્ય સોંપીને પોતે ધર્મધ્યાન કરે છે. તેથી રાહડમંત્રી સ્વતંત્ર કાર્ય કરવામાં મદોન્મત્ત થઇ ગયો. કેટલાક લોકોને માંડલિક રાજ્યમાં સ્થાપન કરે છે અને કેટલાકને ઉત્થાપન કરે છે એમ પોતાની ઇચ્છા પ્રમાણે અધિકારીઓની ઉપટ પાલટ પ્રવૃત્તિ કરવાથી દિવસે દિવસે તે બહુ અભિમાનમાં આવી ગયો. તેથી સ્વલ્પ અપરાધીને પણ બહુ દંડ આપે છે. કેટલાકના હાથ, પગ, નાક, ઓષ્ઠ વિગેરે અંગોનો નિર્દય પણે છેદ કરાવે છે. કેટલાકના તો મૂળમાંથી કાન તેમજ નેત્રો ઉખાડી લે છે. વળી કેટલાકના દાંત પડાવે છે, કેટલાકનો બહુ ભારે દંડ કરે છે. તેમજ કેટલાકની જીહ્વાઓ કાપી લે છે! એ પ્રમાણે દુર્વ્યસનરૂપી રસમાં પડી નિરપરાધી લોકોના પણ અસત્ય રીતે અપરાધો સાબીત કરી જેઓ ધન નથી આપતા તેઓને ભય બતાવવા માટે તેઓનાં અંગોપાંગ છેદાવે છે.

રાજાનો ઉપદેશ. આ પ્રમાણે તેની દુર્વ્યવસ્થા કેટલાક દિવસે રાજાના જાણવામાં આવી. તેથી રાજાએ કહ્યું કે, હે રાહડ ! આ દારૂણ પાપ કરવું તને ઉચિત નથી. કારણ કે તું જાણતો છતો આ પ્રમાણે અનીતિ કરે છે, તેથી ત્હારા વ્રતનો ભંગ થાય છે. આ અતિચાર પણ ન ગણાય, કારણકે અતિચાર તો અજાણતાં થાય છે. માટે આ અસત્ય પ્રવૃત્તિનો તું ત્યાગ કર. વળી હે રાહડ ! હલાહલ વિષપાન

કરવું, છરી વડે પોતાનું ઉદર ચીરવું, પર્વતના શિખર ઉપરથી ઝંપાપાત કરવો, તીક્ષ્ણ ખડ્ગની ધારા ઉપર ચાલવું, અને જ્વાળા વડે ભયંકર એવા અગ્નિમાં પ્રવેશ કરવો—તે સર્વ શ્રેષ્ઠ ગણાય છે, પરંતુ ગ્રહણ કરેલાં વ્રતનો ભંગ કરવો તે બહુજ નિંદ્ય ગણાય છે. તેમજ અનેક પ્રકારના મણિ, રત્ન, સુવર્ણ, ધન, ધાન્ય, વૈભવ, ગૃહ–સમૃદ્ધિ અને રાજ્ય વિગેરે પદાર્થો આદુનીયામાં મળવા સુલભ છે, પણ જીવદયામય જૈનધર્મ ફરીથી મળવો બહુ કઠીણ છે. આ પ્રમાણે સાંભળી હવે હું આપની આજ્ઞા પ્રમાણે વર્તીશ એમ રાજાની આગળ કબુલ કર્યા છતાં રાહડમંત્રી પ્રથમનીમાફક નિર્દય થઈ પ્રાણિઓના હસ્તપાદાદિકનો છેદ કરાવવાથી અટક્યો નહીં. એમ કરતાં એક દિવસ કોઈક ચોર સાથે પ્રસંગ પડવાથી તે ચોરે યુક્તિપૂર્વક કપટ કરી રાહડને છરી મારી, જેથી તે પ્રાણ વિમુક્ત થયો અને ત્રીજી નરકે ગયો. ત્યાંથી નીકળી તે ચોર સંસારમાં ભ્રમણ કરી ફરીથી પણ અનંત સુખદાયક સમ્યક્ત્વ ધર્મ પામી મોક્ષસુખ પામશે. તેમજ કુરૂચંદ્ર રાજા પણ ધર્મપસાયથી અંતસમયે અનશન વ્રત ગ્રહણ કરીને સમાધિ પૂર્વક મરણ પામી સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવી તે અપર વિદેહમાં કૃતમંગલા નગરીનો અધિપતિ થઈ. સદ્ભાવપૂર્વક દીક્ષા પાળી અંતે મોક્ષગામી થયો. એ કેવલ ધર્મનોજ પ્રભાવ છે. વળી વ્રતાતિચારનું સેવન કરવું તે બહુ દુઃખનું કારણ છે અને તેનો ત્યાગ કરવાથી વિલંબ રહિત મોક્ષ સુખની પ્રાપ્તિ થાય છે. માટે હે ભવ્યાત્માઓ ! તે અતિચારનો તમારે સર્વથા ત્યાગ કરવો.

इति प्राणातिपातवृतीयातिचारे राहडमंत्रिकथानकं समाप्तम् ॥

સુલસશ્રેષ્ઠીનીકથા.

ચતુર્થ અતિભારારોપણાતિચાર.

કાન્યકોર્પ રાજા બોલ્યો, હે જગતપ્રભો ? હવે ચોથા અતિભારનું સ્વરૂપ કૃપા કરી આપ સમજાવો કે જેથી કરીને પ્રકાશ જેવા અનેક જીવાત્માઓ સુખી થાય. શ્રીમત્સુપાર્શ્વપ્રભુ બોલ્યા—હે રાજન્! પૂર્વે ઉપર મ્હારી ઉત્તમ પ્રકારની શ્રદ્ધા જોઈ હું ઘણું પ્રસન્ન થયેલ છું, તેથી ત્હારા પ્રશ્નનો ઉત્તર તું સાવધાન થઈ શ્રવણ કર. [illegible] ઘણું ભાર ભરીને જીવોને દુઃખી કરે છે [illegible] જન્માંતરમાં પણ ઘણું દુઃખી થાય છે. [illegible] ઉત્તમ [illegible] ([illegible]) છે જેની, [illegible] ([illegible]) જેની અને [illegible] છે. જેમાં [illegible]

[illegible]

[illegible]

નગરવાસીઓનો પોકાર.

નગરવાસી મુખ્ય પુરૂષો વસ્ત્ર ઉંચા પકડી દોડતા સભામાં આવી રાજાને પ્રણામ કરી બોલ્યા, હે રાજન્ ! કોઈક સાહસિક પુરૂષ પ્રાયે રાત્રિના સમયે જાગતા છતાં પણ લોકોને લુંટીને ચાલ્યો જાય છે, તે વાતને આજે લગભગ છ માસ થઈ ગયા, પણ હજુ તે શાંત થતો નથી અને દિવસે દિવસે તેનો ત્રાસ બહુ વધતો જાય છે. તેથી સમગ્ર નગરના લોકો મ્હોટા દુઃખ સાગરમાં આવી પડ્યાં છે. કોઇની સ્ત્રી તો કોઈની સુંદર રૂપવતી કન્યા ઉપાડીને નિર્ભયપણે તે ચાલ્યો જાય છે. હે સ્વામિન્ ? હવે વધારે શું કહીએ ? રત્નસુવર્ણાદિક ધન તો એટલું બધું લઈ ગયો છે કે જેની ગણત્રી પણ નથી.

રાજઆજ્ઞા.

તે સાંભળી રાજાએ તત્કાલ આરક્ષક તરફ દૃષ્ટિ કરી. એટલે આરક્ષક પ્રણામ કરી વિનયપૂર્વક બોલ્યો, હે રાજાધિરાજ ? આ સર્વ લોકોનું કહેવું સત્ય છે. તે સાંભળી રાજા બોલ્યો. શું આવો પ્રસિદ્ધ ચોર ત્હારાથી અજ્ઞાત હશે ? એમ નરેંદ્રનું કટાક્ષ વચન સાંભળી આરક્ષક બોલ્યો, હે પૃથ્વીનાથ ? શું હું જાણતો હોઉં તો ઉપેક્ષા કરૂં ખરો ? કારણકે તે ચોર એવો મજબુત છે કે એકાકી આકાશ માર્ગે આવી બહુ ભારે વસ્તુ પણ એકલો ઉઠાવી ઝટ ચાલ્યો જાય છે. એમ તે બોલતો હતો તેવામાં આકાશવાણી થઈ કે—હે રાજન્ ? આજે તે ચોરને તું પોતેજ પકડ. એ પ્રમાણે દીવ્ય વાણી સાંભળી રાજાએ વિચાર કર્યો કે આ દીવ્ય વાણી અસત્ય ન હોય. માટે હું ઉદ્યમ કરીશ તો જરૂર આજે આ ચોરને હું પકડીશ. એમ નિશ્ચય કરી નાગરિક લોકોને તેણે કહ્યું કે તમ્હારે હવે કંઇ પણ ભય રાખવો નહીં. અને સુખેથી તમે તમારાં પોતપોતાનાં કાર્ય કરો. હવે આ કાર્યની ચિંતા માત્ર મનેજ છે. એમ કહી રાજાએ તેઓને શાંત કરી સત્કાર પૂર્વક વિદાય કર્યા.

" આજે ચોરને પકડ " એવી દીવ્ય વાણીનું સ્મરણ કરી રાજા ચોરની શોધ માટે તૈયાર થયો અને પોતાનો પરિવાર ન જાણે તેવી રીતે હાથમાં ખડ્ગ લઈ રાત્રીના સમયે એકલો ચાલી નીકળ્યો. નગરની બહાર આવી ઉત્તર દિશા તરફ તે ચાલતો હતો તેવામાં કિલકિલ શબ્દ કરતી ભૈરવ (ચીબરી) ડાબી બાજુએ તેણે સાંભળી. તેથી રાજાએ તે માર્ગ છોડયો નહીં અને જાણ્યું કે આજે જરૂર આ કાર્ય સિદ્ધ થશે. એમ જાણીને બે ગાઉ આગળ ચાલ્યો એટલામાં ત્યાં એક મ્હોટો વડ આવ્યો જેથી તેની નીચે તે બેઠો, અને ચારે તરફ નજર કરતો હતો તેટલામાં તે વડની પોલાણનો ભાગ તેના જોવામાં આવ્યો. તેથી તે ઝટ ઉભો થઈ તે પોલની પાસે ગયો તો તેમાંથી નીકળતી કપુર, કસ્તુરી, બરાસ વિગેરેની ઉત્કૃષ્ટ સુગંધીવડે રાજાની નાસિકા પૂરાઇ ગઇ. તેથી રાજાએ સુગંધને અનુસારે તે કોટર (પોલ) ની અંદર તપાસ કર્યો તો તેની અંદર અનેક પ્રકારના વિલાસ યુક્ત અને શ્રવણેંદ્રિયને સુખદાયક એવા રમણીઓના આલાપ તેના સાંભળવામાં આવ્યા. ત્યારબાદ રાજાએ તે શબ્દના અનુસારે પોલની અંદર પ્રવેશ કર્યો. અને થોડો આગળ ચાલ્યો કે તરતજ અનેક રત્નોની કાંતિવડે દિશાઓમાં ઉદ્યોત આપતો એક મ્હોટો ભવ્ય પ્રાસાદ તેણે જોયો, તેથી તે રાજા બહુ વિસ્મય પામ્યો, અને કૌતુક જોવા માટે તેણે તે પ્રાસાદના દ્વારની અંદર પ્રવેશ કર્યો. તેવામાં જેનાં નેત્ર અને નિતંબભાગ બહુ વિશાળ હતા, રૂપવડે કામદેવની સ્ત્રી (રતિ) નો તિરસ્કાર કરતી અને રત્નમય આભરણોની કાંતિવડે ભરપૂર એવી એક યુવાત રાજાના જોવામાં આવી. તે યુવતિ પણ નેત્રોને આનંદદાયક એવા તે રાજાનું સ્વરૂપ જોઇ ચિત્રની માફક ક્ષણમાત્ર સ્તબ્ધ થઇ ગઇ.

રાજાનું સાહસ.

બહુ શોકાતુર થઇ તે યુવતિ બોલી—રમણીઓના નેત્રને

યુવતિવચન. આનંદ આપનાર એવા હે પૃથ્વીનાથ! તમે અહીં ક્યાં આવ્યા? અહીંથી જલદી તમે ચાલ્યા જાઓ તો બહુ સારૂં; કેમકે જેનો આ પ્રાસાદ અમને બહુ દુઃખદાયક થયો છે એવો તે પાપિષ્ઠ ચોર અહીં નથી આવ્યો ત્યાંસુધી સારૂં છે. તે સાંભળી રણુરંગમલ્લ રાજા બોલ્યો, હે યુવતિ! આ ભવન કોનું છે? અને તે કોણ છે? તેમજ આ નવીન યૌવનવાળી રમણીઓ કોનાં તાબામાં છે? વળી તેઓમાં કેટલીક કરૂણ સ્વરે ગાયન કરે છે અને કેટલીક રૂદન કરે છે તેનું શું કારણ? તે સંબંધી સર્વ વૃત્તાંત જલદી તું મ્હને નિવેદન કર. તે સાંભળી તે યુવતિ બોલી:-હે સુભગ! આ સ્થાન 'પાતાલગૃહ' એવા નામથી ઓળખાય છે અને આ પ્રાસાદનો અધિપતિ પિંગાક્ષ નામે એક ચોર છે. તે એવો પ્રચંડ પ્રકૃતિનો છે કે ખેચર તથા અસુરોને પણ અજેય છે. વળી તે પોતાના ભુજબળવડે સારીસારી વસ્તુઓને લુંટી લાવી અહીં એકઠી કરે છે. તેમજ જે જે યુવતિઓ એને પસંદ પડે છે તે સર્વેને અહીં લાવી આ પાતાલ ભવનમાં મૂકે છે. વળી તેનો એવો નિયમ છે કે સૂર્યોદય થાય છે ત્યારે તે અહીં આવે છે અને સર્વ યુવતિઓને બહુ દુઃખ દે છે. તેમજ રાત્રી પડે છે ત્યારે બહાર નીકળી નગરમાં જઇ લુંટફાટ કરે છે. તેના બહાર ગયા પછી જો કોઈ સ્ત્રી બહાર નીકળીને કોઇ સ્થાને જાય અને તે ત્હેના જાણુવામાં આવે તો તે સ્ત્રીને તે દુષ્ટ પાછી અહીંયાં લાવીને બહુ પીડા આપે છે. તે સાંભળી રાજાએ વિચાર કર્યો કે જે મ્હારૂં નગર લુંટે છે તેજ આ ચોર છે. માટે હાલ હું એનું પરાક્રમ તો જોઉં, એમ નિશ્ચય કરી રાજા ત્યાં ઉભો હતો, તેટલામાં તે પિંગાક્ષ ચોર મ્હોટા શબ્દોથી પોકાર કરતી તેની રાણીને પકડી લાવી તેમજ તેની ઉપર ખડ્ગ ઉગામી તેને બીવરાવતો છતો ત્યાં આગળ આવ્યો. અકસ્માત્ રાજાએ તેને જોઇ ધિક્કાર આપ્યો અને

કહ્યું કે રે પુરૂષાધમ ! આવી સ્ત્રીઓ ઉપર ખડ્ગ ઉગામતાં ત્હને લજ્જા નથી આવતી ? રાજ વિરૂદ્ધ આવાં અકૃત્ય કરી હવે તું ક્યાં જઈશ ? માટે જલદી આ સ્ત્રીને છોડી દઈ તું અહીંથી ચાલ્યો જા, નહીં તો મ્હારી સાથે યુદ્ધ કરવા તૈયાર થા. એ પ્રમાણે રણરંગમલ્લનું વચન સાંભળી પિંગાક્ષે વિચાર કર્યો કે આવા ગુપ્ત ભવનમાં આ રાજા કેવી રીતે આવી શકયો હશે ? એમ વિચાર કરી તે ચોર બોલ્યો, રે પાપિષ્ઠ ! કોઈ પણ દુઃખને લીધે મરવાની ઈચ્છાથી તું મ્હારા અંતઃપુરમાં આવ્યો છે, માટે મ્હારા ખડ્ગની ધારારૂપ તીર્થોદકમાં તું તારા આત્માને પ્રથમ પવિત્ર કર. અથવા તો કોપાયમાન થએલા યમરાજાની ચપેટા ત્હારા ગંડસ્થલ ઉપર પડવાની તૈયારીમાં જણાય છે. માટે જરૂર આજે ત્હારો કાળ આવી પહોંચ્યો છે. કેમકે અહીંથી નીકળવાનો હવે ત્હારો કોઈપણ ઉપાય નથી. કસાઈખાનામાં ગએલા સસલાની માફક તું જરૂર મરી જવાનો છે. તે સાંભળી રાજા બોલ્યો, તું ચોર છે તેથી ત્હારો વધ કરવો એજ ઉચિત છે. વળી આ પણ એક કૌતુક જોવા જેવું છે, કેમકે સસલાઓ પણ લાકડી લઈ યુદ્ધ કરવા તૈયાર થયા. આ પ્રમાણે રાજાનું વચન સાંભળી બહુ કોપાનળથી ધગધગતો તે પિંગાક્ષ ચોર રાજાની સન્મુખ દોડ્યો અને ક્રોધ કરી રાજાની ઉપર તેણે પ્રચંડ ખડ્ગનો ઘા કર્યો, પરંતુ રાજાએ યુક્તિપૂર્વક તે ખડ્ગનો બચાવ કરી પિંગાક્ષના બે હાથ પકડી તેમાંથી ખડ્ગ ખેંચી લઈ પગના પ્રહારવડે તેને પૃથ્વીપર પાડી તેના સોનાના દોરાથી અવળા હાથે બાંધી પોતાને સ્વાધીન કર્યો.

પિંગાક્ષનો નિગ્રહ.

પિંગાક્ષને બાંધેલો જોઈ સર્વ યુવતિઓ બહુ હર્ષથી રોમાંચિત થઈ ગઈ અને કામાતુર થઈ તેઓ અનેક પ્રકારના હાવભાવ રાજાને બતાવવા લાગી. જેમકે ગાઢ બાંધેલા પોતાના ચોટલાઓને છુટા કરી ફરીથી બાંધવા લાગી, તેમજ તે સમસ્ત પ્રમદાઓના હૃદયમાંથી આ-

નંદ ઉભરાઈ જવા લાગ્યો. વળી પોતપોતાના સ્વામીને મળવામાં ઉત્સુક થએલી તે સર્વ યુવતિઓ પરનારીને સહોદર માનતા એવા તે રાજાની આગળ સ્નેહરસ પ્રગટ કરી બહુ શોભવા લાગી. ત્યારબાદ અન્ય સ્ત્રીઓની ઉપેક્ષા કરી રાજા પોતાની સ્ત્રી તરફ દૃષ્ટિ કરે છે, તેટલામાં ત્યાં અશ્વ તથા હસ્તિઓની ગર્જનાઓ સાંભળવામાં આવી. તે સાંભળી રાજા વિસ્મિત થઇ ઉભો છે, તે જોઈ રાણી બોલી, હે સ્વામિન્! આ દુષ્ટ પિંગાક્ષ મ્હને પકડીને બલાત્કારે અહીં લાવતો હતો તે સમયે માર્ગમાં મ્હેં બહુ બુમો પાડી હતી. વળી મ્હારો હાર તુટી જવાથી તેનાં મોતી રસ્તામાં વેરાઇ ગયાં, તેમજ રત્ન જડિત મુદ્રિકાઓ કોઇ-કોઈ ઠેકાણે પડી ગઇ તે ચિન્હોને અનુસારે આપનું સૈન્ય અહીં આવતું હશે એમ મ્હને લાગે છે. માટે આપના વિરહાનળથી બળતા સૈન્યને આપના સમાગમરૂપી અમૃત સિંચનવડે જલદી શાંત કરો. તે સાંભળી રાજા તત્કાલ તે સ્ત્રીઓ સહિત પોતાની સ્ત્રીને આગળ કરી પિંગાક્ષને સાથે લઇ ત્યાંથી ચાલ્યો. અનુક્રમે તે વડના કોટરમાંથી બહાર નીકળતી સુંદર રૂપવતી યુવતિઓને જોઈ બહાર ઉભેલા મંત્રી પ્રમુખ સૈનિકો બોલ્યા, શું આ પાતાલમાંથી નીકળે છે માટે નાગકન્યાઓ હશે ? કિંવા કૌતુક જોવા માટે પાતાલમાં ગએલી અને ત્યાંથી બહાર નીકળતી આ સુરાંગનાઓ છે? એમ તેઓ વિતર્ક કરે છે, તેટલામાં પર્વતની ગુફામાંથી નીકળતા સિંહની માફક નિર્ભય ચિત્તે વડના કોટરમાંથી બહાર નીકળતા રાજાને જોઇ મંત્રી પ્રમુખ સર્વ લોકો હૃષ્ટ તુષ્ટ થઈ ગયા. બાદ રાજાને તેમજ રાણીને નમસ્કાર કરી તેઓ બોલ્યા, હે રાજાધિરાજ! રાણીનું હરણ થયું જાણી અમે આપની પાસે ગયા, ત્યાં આપનેજ ન જોયા, તેથી રાણીનું ભાન તો અમે ભૂલી ગયા; પરંતુ આપની ચિંતામાં વિમૂઢ બની મૂર્છિત થઇ ગયા. તેટલામાં આરક્ષકે ત્યાં આવી અમને કહ્યું કે દેવીને લઇ કોઈએક ખેચર ઉત્તર દિશા તરફ જતો હતો તે મ્હેં જોયો,

તેમજ દેવીના પ્રલાપ બહુ જોસથી મ્હારા સાંભળવામાં આવ્યા. તે સાંભળી અમે તે આરક્ષકે બતાવેલા માર્ગે તેની પાછળ ચાલ્યા. માર્ગમાં રાણીનાં મૌક્તિકાદિક વેરાએલાં હતાં, તેથી તે ચિન્હના અનુસારે અમે અહીં આવ્યા અને અહીંયાંથી આગળ કંઈ પણ નિશાની નહીં દેખાવાથી અમે અહીં આગળ અટકી ગયા. બાદ સૂર્યોદય થયો, છતાં પણ કંઈ નહીં સુઝવાથી અમે ખિન્ન થઈ અહીં ઉભા રહ્યા, તેટલામાં આપનાં દર્શન થયાં. તેમજ રાણીનાં પણ દર્શન થયાં. આ મ્હોટું આશ્ચર્ય શાથી થયું ? વળી હે નાથ! આ બદ્ધ પુરૂષ કોણ છે ? વિગેરે પૂછવાથી રાજાએ પોતાના પ્રયાણથી આરંભીને તેઓના સમાગમ સુધીનું સર્વ વૃત્તાંત તેમને નિવેદન કર્યું. ત્યારબાદ રાજાએ સુલસ શ્રેષ્ઠીને આજ્ઞા કરી કે આ ભોંયરાની અંદર જેઓની જે વસ્તુઓ હોય તે તેઓને પાછી સોંપી દ્યો અને બાકીનો માલ આપણા ભંડારમાં રાખો. તેમજ આ યુવતિઓને પણ પોતપોતાને ઘેર પહોંચાડો. અને તેઓને કોઈ પ્રકારે અડચણ ન આવે તેવી રીતે બંદોબસ્ત કરો, મંત્રીએ તે પ્રમાણે સર્વ વ્યવસ્થા કરીને સર્વને સંતુષ્ટ કર્યા.

નગરપ્રયાણ.

રણરંગમલ્લ રાજા હસ્તી ઉપર બેસી પોતાના નગર ભણી ચાલ્યો, પિંગાક્ષ ચોરને પણ પોતાના સૈનિકોને સ્વાધીન કરી પોતાની સાથે ચલાવ્યો, સૈન્ય સહિત રાજા માર્ગમાં ચાલતો હતો તેવામાં ત્યાં સુવર્ણ કમલ ઉપર બેઠેલા જગત્નંદન નામે કેવલી ભગવાન્નાં તેને દર્શન થયાં. તે પ્રસંગે કેવલી ભગવાન્ પોતે ભવ્ય પ્રાણીઓને ઉપદેશ આપતા હતા, તે જોઈ રાજા પણ તત્કાલ હાથી ઉપરથી નીચે ઉતરી મુનિના ચરણકમલમાં ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વિધિ સહિત વંદન કરી ધર્મદેશના સાંભળવા માટે નીચે બેઠો. તેમજ સામંતાદિક સર્વ લોકો પણ પ્રણામ કરી પોતાના અધિકાર પ્રમાણે નીચે બેસી ગયા. ત્યારબાદ પિંગાક્ષે પણ પ્રાર્થના કરી

રાજાને જણાવ્યું કે મ્હારે પણ મુનીંદ્રને વાંદવા છે. પછી રાજાની આજ્ઞાથી પિંગાક્ષ વંદન કરી ત્યાં આગળ બેઠો, તેટલામાં સુલસ મંત્રી પણ ત્યાં આવી વિનયપૂર્વક દેશનામાં એકચિત્ત વાળો થઇ નીચે બેઠો. ત્યારબાદ મંદરાચલથી મંથન કરાતા સમુદ્રના નાદને અનુસરતા સ્વરવડે કેવલી ભગવાને સુરાસુરની સભામાં ધર્મ દેશનાનો પ્રારંભ કર્યો. હે ભવ્યપ્રાણીઓ ! પ્રચંડ પવનથી કંપાયમાન કમલપત્ર ઉપર રહેલા જલબિંદુની માફક ચંચલ એવાં શરીર, યૌવન અને સ્ત્રીઓ ઉપર મોહ ધારણ કરવાથી પ્રાણીઓને અપૂર્વ પ્રતિબંધ થાય છે. જેની અંદર પ્રવૃત્ત થએલા તે મૂઢ જીવાત્માઓ પોતાની બુદ્ધિથી શરીરાદિકને શાશ્વત (સ્થિર) માને છે અને તેથી કરીને શરીરાદિકનાં ઉપચારોમાંજ તેઓ આસક્ત રહે છે. તેમજ નિરંતર ધર્મ સેવનમાં બહુ પ્રમાદ સેવે છે. વળી ગુરૂમહારાજ ધર્મનો ઉપદેશ આપી તે પ્રમાણે વર્ત્તવા ભલામણ કરે છે છતાં પણ તેઓ ગુરૂની અવહેલના કરવા ચુકતા નથી. તેમજ વળી પ્રમાદ, મોહ અને રાગાદિક કારણોને લીધે કેટલાક લોકો ગુરૂઓ પાસે જઈ શકતાપણ નથી. તેમજ કોઇ સમયે જૈનમંદિરમાં પણ તેઓ જતા નથી. કોઇ કારણને લીધે કોઇના ઉપરોધથી કદાચિત્ તે દુર્મતિઓ જૈનમંદિરમાં જાય તોપણ ભવિતવ્યતાને લીધે રાગાદિક કથાઓમાં આસક્ત થઈ તેઓ બીજાઓને પણ પૂજા વંદનાદિકમાં વિઘ્નભૂત થાય છે. માટે તેવા જીવોને મોક્ષ સુખના કારણભૂત એવી સર્વ વિરતિની પ્રાપ્તિ તો બહુ દુર્લભ હોય છે; પરંતુ દેશ વિરતિ પણ સુલભ થતી નથી. તેમજ સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ બહુ અશક્ય થઇ પડે છે, અથવા ઉત્તરોત્તર ગુણોનું મૂળ કારણ એવું સમ્યક્ત્વ પણ તેઓને દુર્લભજ હોય છે. તે સાંભળી રાજા વિનયપૂર્વક બોલ્યો, હે ભગવન્ ? કૃપા કરી મને સમ્યકૃત્વનું સ્વરૂપ બતાવો. તેથી કેવલી ભગવાને પણ વિસ્તારપૂર્વક સમ્યકૃત્વનું સ્વરૂપ

તેને સંભળાવ્યું. ફરીથી રાજા બોલ્યો, હે જગત્ પ્રભો ? જી
પર્યંત આપ મ્હને સમ્યક્ત્વ દાન આપી કૃતાર્થ કરો. મુનીંદ્ર બોલ્
હે રાજન્ ! જીવ દયા રહિત કેવલ સમ્યક્ત્વ વ્રત ગ્રહણ કરવાથી
સફલ થતું નથી. કારણકે તેમાં વિશેષ ફલ સાધન જીવદયા ગણુ
છે, વળી હે રાજન્ ? અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરો, અનેક ત
શ્ચર્યાઓ અને વિવિધ પ્રકારનાં દુઃખો સહન કરો અથવા વનવા
ભોગવો ? પરંતુ જો જીવદયા ન હોય તો તે સર્વ નિષ્ફલ થાય છે
તેમજ મસ્તકે જટા વધારી લોકમાં આડંબર કરે, ઘૃતાદિકથ
અગ્નિમાં હોમ કરે, કેશનો લોચ કરે, તીર્થભૂમિમાં પ્રાણ ત્યાગ
કરે, વલ્કલ વસ્ત્રધારી બને, આહારનો ત્યાગી થાય અને અખં
બ્રહ્મચર્ય પાળે; પરંતુ જો જીવદયા પાળવામાં ન આવતી હોય તો
પૂર્વોક્ત સર્વ ક્રિયાઓ નિરર્થક થાય છે. ધર્મનું રહસ્ય અને ત્રણ
લોકમાં સારભૂત તત્ત્વ પણ આ જીવ દયા છે, માટે તમ્હારે જીવન-
પર્યંત વધબંધનાદિક અતિચાર રહિત અહિંસા ધર્મ પાળવો. એ
પ્રમાણે દેશના સાંભળી સુલસમંત્રી સહિત રાજાએ સર્વ વિરતિ
ગ્રહણ કરવામાં અશક્ત હોવાથી સમ્યક્ત્વ સહિત પ્રથમ વ્રત ગ્રહણ
કર્યું. બાદ પિંગાક્ષ ચોરે પણ સર્વ વિરતિ વ્રત ગ્રહણ કર્યું. તેમજ
કેટલાક અન્ય જનોએ જૈનમંદિરોમાં જીનપ્રતિમાઓની પૂજા કરવી
અને વિકથાનો ત્યાગ કરવો એવા નિયમો લીધા. કોઇએ અણુવ્રત
લીધું. તેમજ કેટલાક જનો બારવ્રતધારી થયા અને કેટલાક ભવ્ય
પ્રાણીઓએ દીક્ષા લીધી. એ પ્રમાણે અનેક પ્રકારનો ધર્મ પામી
સર્વ જનો પોતપોતાના સ્થાનમાં ગયા. ત્યારબાદ ધર્મમાં દ્રઢ
શ્રદ્ધાળુ થએલા રણરંગમલ્લ રાજાએ પોતાના સર્વ દેશમા પટહ
ઘોષણાવડે અમારી (જીવદયા) પ્રવર્ત્તાવી, કારાગ્રહોમાંથી બદ્ધ
પુરૂષોને મુક્ત કરાવ્યા અને સર્વત્ર રથ યાત્રાઓ પ્રવર્ત્તાવી, તેમજ
તીર્થોની પ્રભાવના અને સાધર્મિક વાત્સલ્ય એ ગૃહસ્થાશ્રમનો

સાર છે એમ માની હમેશાં તે પ્રવૃત્તિ છોડતો નથી. વળી જે કોઈ પ્રાણી બન્ને વખત પ્રતિક્રમણ, શાસ્ત્રનો અભ્યાસ, ધર્મનું શ્રવણ તથા મનન કરે છે તેમજ જૈન સિદ્ધાંત સાંભળે છે, નિરંતર જૈનમંદિરોમાં સ્નાત્ર, પૂજા, આરતી અને લેખ્યકાદિક (પૂંજવું–પ્રમાર્જવું.) કાર્ય વિધિપૂર્વક કરે છે તેના સર્વ કુટુંબનું ભોજન, વસ્ત્ર, આસન, વાહન વિગેરે સર્વ વસ્તુઓવડે ભરણપોષણ રાજા તરફથી થાય છે. આ પ્રમાણે બીજા ધાર્મિક વ્રતો માટે પણ તે રાજા દ્રવ્યનો બહુ વ્યય કરે છે. પ્રાયે શ્રાવક લોકો તેના રાજ્યમાં સર્વત્ર વાણિજ્યાદિક કાર્ય પોતે કરતા નથી, તેમ બીજા પાસે પણ કરાવતા નથી અને હમેશાં ગુરૂ અને દેવની ભક્તિમાંજ નિશ્ચિંત પણે રહે છે. વળી જેઓ બહુ વૈભવવાળા હોય છે, તેઓનું પણ તે નિરંતર સન્માન કરે છે. પંચપરમેષ્ઠીના સ્મરણ માત્રથી પણ જેઓ શ્રાવક હોય છે, તેઓના ઘર તથા દુકાનનો પણ કર લેવામાં આવતો નથી, તેમજ એક ગાડીવડે જેટલા માલની આવક જાવક થાય તેટલા માલનું દાણ તેણે માફ કર્યું.

સુલસમંત્રીનો અવિનય. હવે તે સુલસમંત્રીને રાજાના અંતઃપુરમાં જવાની છુટ હોવાથી તે રાણીઓ સાથે ભ્રષ્ટ થયો. તે વાત રાજાના જાણવામાં આવી, એટલે રાજાએ તેનું સર્વ ધન પોતાને સ્વાધીન કરી તેને કાઢી દીધો. ત્યારબાદ નગરવાસી સર્વ લોકો આ પ્રમાણે તેનું નિંદ્ય કાર્ય જોઇ તેનું મુખમાત્ર પણ જોતા નથી, તેમજ તેને બહુ ધિક્કારવા લાગ્યા. એટલુંજ નહીં પરંતુ લોકમાં તે બહુ અનિષ્ટ થઇ પડયો. સુલસ પણ પોતાની આજીવિકાનો ઉચ્છેદ થવાથી વિલક્ષણ દશામાં આવી ગયો. તો પણ પોતાની આજીવિકા માટે એક ગાડું રાખીને વેપાર કરવા લાગ્યો. રાજ્ય તરફથી એક ગાડાનું દાણ માફ કરેલું છે તેથી દાણના બચાવ માટે

તેને સંભળાવ્યું. ફરીથી રાજા બોલ્યો, હે જગત્ પ્રભો ? જી
પર્યંત આપ મ્હને સમ્યક્ત્વ દાન આપી કૃતાર્થ કરો. મુનીંદ્ર બોલ
હે રાજન્! જીવ દયા રહિત કેવલ સમ્યક્ત્વ વ્રત ગ્રહણ કરવાથી
સફલ થતું નથી. કારણકે તેમાં વિશેષ ફલ સાધન જીવદયા ગણ
છે, વળી હે રાજન્ ? અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરો, અનેક ત
શ્ચર્યાઓ અને વિવિધ પ્રકારનાં દુઃખો સહન કરો અથવા વનવા
ભોગવો ? પરંતુ જો જીવદયા ન હોય તો તે સર્વ નિષ્ફલ થાય છે
તેમજ મસ્તકે જટા વધારી લોકમાં આડંબર કરે, ઘૃતાદિકથ
અગ્નિમાં હોમ કરે, કેશનો લોચ કરે, તીર્થભૂમિમાં પ્રાણ ત્યા
કરે, વલ્કલ વસ્ત્રધારી બને, આહારનો ત્યાગી થાય અને અખં
બ્રહ્મચર્ય પાળે; પરંતુ જો જીવદયા પાળવામાં ન આવતી હોય તો
પૂર્વોક્ત સર્વ ક્રિયાઓ નિરર્થક થાય છે. ધર્મનું રહસ્ય અને ત્રણ
લોકમાં સારભૂત તત્ત્વ પણ આ જીવ દયા છે, માટે તમ્હારે જીવન-
પર્યંત વધબંધનાદિક અતિચાર રહિત અહિંસા ધર્મ પાળવો. એ
પ્રમાણે દેશના સાંભળી સુલસમંત્રી સહિત રાજાએ સર્વ વિરતિ
ગ્રહણ કરવામાં અશક્ત હોવાથી સમ્યક્ત્વ સહિત પ્રથમ વ્રત ગ્રહણ
કર્યું. બાદ પિંગાક્ષ ચોરે પણ સર્વ વિરતિ વ્રત ગ્રહણ કર્યું. તેમજ
કેટલાક અન્ય જનોએ જૈનમંદિરોમાં જીનપ્રતિમાઓની પૂજા કરવી
અને વિકથાનો ત્યાગ કરવો એવા નિયમો લીધા. કોઇએ અણુવ્રત
લીધું. તેમજ કેટલાક જનો બારવ્રતધારી થયા અને કેટલાક ભવ્ય
પ્રાણીઓએ દીક્ષા લીધી. એ પ્રમાણે અનેક પ્રકારનો ધર્મ પામી
સર્વ જનો પોતપોતાના સ્થાનમાં ગયા. ત્યારબાદ ધર્મમાં દૃઢ
શ્રદ્ધાળુ થએલા રણરંગમલ્લ રાજાએ પોતાના સર્વ દેશમાં પટહ
ઘોષણાવડે અમારી (જીવદયા) પ્રવર્ત્તાવી, કારાગ્રહોમાંથી બદ્ધ
પુરુષોને મુક્ત કરાવ્યા અને સર્વત્ર રથ યાત્રાઓ પ્રવર્ત્તાવી, તેમજ
તીર્થોની પ્રભાવના અને સાધર્મિક વાત્સલ્ય એ ગૃહસ્થાશ્રમનાં

સાર છે એમ માની હમેશાં તે પ્રવૃત્તિ છોડતો નહીં. વળી જે કોઈ પ્રાણી બન્ને વખત પ્રતિક્રમણ, શાસ્ત્રનો અભ્યાસ, ધર્મનું શ્રવણ તથા મનન કરે છે તેમજ જૈન સિદ્ધાંત પ્રમાણે જે, નિરંતર જૈનમંદિરોમાં સ્નાત્ર, પૂજા, આરતી અને દેવાર્ચન (પુંજવું-પ્રમાર્જવું) કાર્ય વિધિપૂર્વક કરે છે તેના સર્વ કુટુંબનું ભોજન, વસ્ત્ર, આસન, વાહન વિગેરે સર્વ વસ્તુઓનો ખરચ પણ રાજ તરફથી થાય છે. આ પ્રમાણે બીજાં ધાર્મિક કાર્ય માટે પણ તે રાજા દ્રવ્યનો બહુ વ્યય કરે છે. પ્રાયે શ્રાવક લોકો તેના રાજ્યમાં સર્વત્ર વાણિજ્યાદિક કાર્ય પોતે કરતા નથી, તેમ બીજા પાસે પણ કરાવતા નથી અને હમેશાં ગુરૂ અને દેવની ભક્તિમાં જ નિશ્ચિંત પણે રહે છે. વળી જેઓ બહુ વૈભવવાળા હોય છે, તેઓનું પણ તે નિરંતર સન્માન કરે છે. પંચપરમેષ્ઠીના સ્મરણ માત્રથી પણ જેઓ શ્રાવક હોય છે, તેઓના ઘર તથા દુકાનનો પણ કર લેવામાં આવતો નથી, તેમજ એક ગાડીવડે જેટલા માલની આવજા થાય તેટલા માલનું દાણ તેણે માફ કર્યું.

સુલસમંત્રીનો અવિનય.

હવે તે સુલસમંત્રીને રાજાના અંતઃપુરમાં જવાની છૂટ હોવાથી તે રાણીઓ સાથે ભ્રષ્ટ થયો. તે વાત રાજાના જાણવામાં આવી, એટલે રાજાએ તેનું સર્વ ધન પોતાને સ્વાધીન કરી તેને છોડી દીધો. ત્યારબાદ નગરવાસી સર્વ લોકો આ પ્રમાણે તેનું નિંદ્ય કાર્ય જોઇ તેનું મુખમાત્ર પણ જોતા નથી, તેમજ તેને બહુ ધિક્કારવા લાગ્યા. એટલું જ નહીં પરંતુ લોકમાં તે બહુ અનિષ્ટ થઇ પડયો. સુલસ પણ પોતાની આજીવિકાનો ઉચ્છેદ થવાથી વિલક્ષણ દશામાં આવી ગયો. તો પણ પોતાની આજીવિકા માટે એક ગાડું રાખી તે વેપાર કરવા લાગ્યો. રાજ્ય તરફથી એક ગાડાનું દાણ મુક્ત કરેલું છે તેથી દાણના બચાવ માટે

તેણુ ગાડામાં બહુ ભાર ભરવા માંડ્યો, અને તે બહુ ભારને લીધે બળદ ચાલી શકતા નથી. તેમજ તે પોતે અતિચારથી પણુ બ્હીતો નથી. વળી તે સુલસને ઘણુાસારા એવા સાત બળદ હતા; પરંતુ તેઓની સંભાળ રાખવામાં તે કાળજી ઓછી રાખતો હતો, માત્ર પોતાના કામ સાથે સંબંધ ધરાવવા લાગ્યો. એક દિવસ ગાડામાં ગજા ઉપરાંત બહુ ભાર ભરી તે આવતો હતો, તેવામાં એક જગ્યાએ ચઢવાનો બહુ ઉંચો ઢાળ આવ્યો, તેથી બળદો અટકી પડ્યા. તો પણ સુલસે તેમને બહુ જોસથી ચલાવવા માંડ્યાં. જેથી તેઓનાં હાડકાં તુટી ગયાં અને તરતજ તે બળદો મરી ગયા. ત્યાર બાદ સુલસે ફરીથી નવા બળદ ખરીદ્યા અને પ્રથમની માફક કામ ચલાવવા લાગ્યો. એ પ્રમાણે તેનો કેટલોક સમય દુઃખમાં વ્યતીત થયો. આ પ્રમાણે અતિચાર સેવવાથી દાણના બચાવને લીધે તેને કેટલું નુકશાન ભોગવવું પડયું, તેની તે દરકાર કરતો નથી, તેમજ તેનામાં દયાનો પરિણામ પણ નથી. તેથી તે સુલસ શ્રેષ્ઠી બહુ સમય સુધી ઘણા ગરીબ બળદોને પીડા આપી તેની પર્યાલોચના કર્યા વિના રૈદ્રધ્યાનને આધીન થઈ દેહનો ત્યાગ કરી ત્રીજી નરકભૂમિમાં ઉત્કૃષ્ટ આયુષ ધારી નારકપણે ઉત્પન્ન થયો. ત્યાર બાદ ત્યાંથી નીકળી આ સંસારમાં બહુ સમય સુધી ઘોર દુઃખો અનુભવી પૂર્વભવમાં પામેલા સમ્યક્ત્વના પ્રભાવથી કુંડનગરમાં લોક પ્રસિદ્ધ એવા ઉત્તમ ક્ષત્રિય કુલમાં તે ઉત્પન્ન થયો. ત્યાં જૈન મત પામી તેનું સારી રીતે પાલન કરી અનુક્રમે મોક્ષ સુખ પામ્યો, માટે હેભવ્યાત્માઓ ? એ પ્રમાણે બહુભાર વહન કરાવી જેઓ પ્રથમવ્રતને અતિચાર વડે દૂષિત કરે છે તે પુરૂષો દુઃસહ દુઃખના ભાજન થાય છે. એમ સમજી તે અતિચારનો ત્યાગ કરવામાં સર્વથા તમે ઉદ્યુક્ત થાઓ. હવે રણુરંગમલ્લ રાજા પણ અતિચાર રહિત પ્રથમ અણુવ્રત પાળી પોતાના રાજ્યમાં પોતાના સુંદર

કુમારને સ્થાપન કરી પોતે કેવળ ધર્મપરાયણ થયો. બાદ હમ્મેશાં પવિત્ર થઇ રત્નમયી જીનપ્રતિમાની ભક્તિપૂર્વક પૂજા કરી વંદન કરતો છતો આયુષની સમાપ્તિ કરી સમાધિપૂર્વક કાળ કરીને સહસાર દેવલોકમાં તે ઇંદ્ર થયો. ત્યાંથી ચ્યવી ભરતક્ષેત્રમાં રથવીરનગરમાં ધર્મરાજાને ત્યાં પુત્રપણે ઉત્પન્ન થઇ તે પ્રથમ વયમાં દીક્ષા પાળી કર્મ કલંકથી નિર્મુક્ત થઇ નિર્વાણ પદ પામ્યો.

इति प्राणातिपातमयमाणुव्रतेचतुर्थातीचारेऽतिभारारोपणोदाहरणे सुलसश्रेष्ठिकथानकं समाप्तम् ॥

सिंहमंत्रीनी कथा.

પંચમ ભક્તપાનવ્યવચ્છેદાતિચાર.

પંચમઅતીચાર. દાનવીર્ય રાજા પ્રભુને પ્રણામ કરી બોલ્યો, હે ભગવન્! ચોથા અતીચારનું વૃત્તાંત સાંભળી તે પ્રમાણે તે અતિચારનો ત્યાગ કરવાથી પ્રાણી સુખી થાય એમાં કંઇપણ સંદેહ નથી; પરંતુ હવે પાંચમા અતીચારનું સ્વરૂપ સંભળાવો જેથી અમારી સદ્ગતિ થાય. શ્રીસુપાર્શ્વપ્રભુ બોલ્યા, હે રાજન્! કારણસર અથવા કારણ વિના જે મનુષ્ય જીવાત્માઓના ભોજન પાનાદિકનો વિચ્છેદ કરે છે તે પુરૂષ સિંહની માફક સંસારરૂપી વનમા વારંવાર ભ્રમણ કરે છે. જેમકે સુંદર વિલાસવાળી ગંગા નદીના ઉજ્વલ પ્રવાહરૂપ હારને ધારણ કરતી પૃથ્વી રૂપી સ્ત્રીના મુખ સમાન કુસુમપુર નામે સુપ્રસિદ્ધ નગર છે. તેમાં સજ્જન રૂપી કુમુદ રાશીને વિકાસ કરવામાં ચંદ્ર સમાન અને વિરોધિ રાજાઓની સ્ત્રીઓનાં મુખરૂપી કમલોને મીચાવવામાં હિમ સમાન

[illegible]

તે સમયે મ્હારી મુદ્રિકા પાડુશાએ લઈ લઇ લીધી હતી તે પાડુશાએ સો સોનૈયા લઇ લઈ મ્હને પાછી આપી હતી એ પ્રમાણે તું મ્હારો ઉપકારી છે તો ત્હારૂં વિસ્મરણ મ્હને કેમ થાય ? એમ તેની પ્રશંસા કરી રાજાએ પોતાના પગમાં પડેલા કરભના પૃષ્ઠ ભાગ ઉપર પોતાનો જમણો હાથ મુકી બહુ ઉત્સાહ આપ્યો. ત્યારબાદ રાજાએ તેને શ્રીપેણ રાજાનું કુશલ વૃત્તાંત પૂછ્યું. ત્યારે કરભ બોલ્યો, પ્રેમરૂપી અમૃતથી સંપૂર્ણ ભરેલા આપના હૃદયરૂપી મહા તીર્થમાં નિવાસ કરતા એવા મ્હારા સ્વામિનું સર્વદા કુશલજ છે. પરંતુ મ્હને અહીં મોકલવાનું કારણ તો એ છે કે જેના રૂપ અને ગુણોનું વર્ણન કરવું પણ અશક્ય છે એવી રત્નમાલા નામે તેમની પુત્રી છે. વળી બહુ શું કહેવું ? સર્વ જગત્માં અતિ રમણીય સ્રી વર્ગ રચવામાં બહુ કુશળ એવા વિધિનું વિજ્ઞાન ચાતુર્ય કેવલ તે રત્નમાલામાંજ રહેલું છે, એમ હું માનું છું. તેમજ રત્નમાલાએ પણ એવી પ્રતિજ્ઞા કરી છે કે જે કોઇપણ રાજા અથવા રાજકુમાર રાધાવેધ કરે તેજ મ્હને વરે. અને રાજાનો અભિપ્રાય એવો છે કે ભુવનમલ્લ કુમાર મ્હારી પુત્રીને વરે તો યોગ્ય ગણાય. પરંતુ તેમણે કુમારીનું વચન માન્ય કર્યું છે, કારણકે રાધા વેધ કરવો તે ભુવનમલ્લકુમાર માટે કંઇ પણ કઠિન નથી એમ જાણી શ્રીષેણ રાજાએ કુમારને તેડવા માટે આપની પાસે મ્હને મોકલ્યો છે. માટે વિલંબ રહિત ભુવનમલ્લ કુમાર પોતાના દર્શનામૃતવડે અમારા સ્વામીની દૃષ્ટિ શાંત કરે એ પ્રમાણે આપ કૃપા કરો.

ભુવનમલ્લનું પ્રયાણ.

હેમચંદ્ર રાજાએ જ્યોતિષિક તરફ દૃષ્ટિ કરી ત્યારે જ્યોતિષિક બોલ્યો, હે નરાધીશ ! આજે સાયંકાળે કુમારને પ્રયાણ કરવાનું મુહૂર્ત્ત સર્વ સિદ્ધિઓને આપવાવાળું બહુ ઉત્તમ છે. તે સાંભળી રાજાએ વિચાર કર્યો કે જરૂર કુમાર

સર્વ શુભ કાર્યનો ભોક્તા થશે. અન્યથા સર્વ ગુણ સંપન્ન આવું શુભ મુહૂર્ત્ત નજીકમાં ક્યાંથી આવે ? શાસ્ત્રમાં કહ્યું છે કે—

लघूत्थानान्यविघ्नानि, संभवात्साधनानि च ।
कथयन्ति गुरुं सिद्धिं, कारणान्येव कर्मणाम् ॥

અર્થ—" શરૂઆતથીજ વિઘ્નરહિત જલદી ઉત્પન્ન થએલાં સાધનો અને અન્ય કારણો દરેક કાર્યોની મ્હોટી સિદ્ધિને બતાવે છે." ત્યારબાદ રાજાએ સેનાપતિ, સામંત પ્રમુખને આજ્ઞા કરી કે ચંપાનગરીના પ્રયાણ માટે યોગ્ય પરિવાર લઈ કુમાર સાથે તમે તૈયાર થાઓ. એટલામાં પશ્ચિમ દિશારૂપ પ્રાસાદમાં સૂર્યનો પ્રવેશ થયો. અને ચંપાનગરી પ્રત્યે કુમારની સાથે સજ્જ થએલી રાત્રીએ ધારણ કરેલા અલંકાર હોયને શું ? તેમ સ્ફુરણાયમાન કિરણોવડે દેદીપ્યમાન તારાઓ શોભવા લાગ્યા. તે સમયે કુમારે માંગલિક ઉપચાર કરી કુલદેવી અને માતપિતા વિગેરે પૂજ્ય વર્ગને નમસ્કાર કર્યા બાદ પિતાની આજ્ઞા લઈ હૃદયની શુદ્ધિ પૂર્વક અનુકુલ પવન ઉપરાંત શુભ શકુન તેમજ પરિજન વિગેરેની અનુકુલતાને જોઈ મુહૂર્ત્ત પ્રમાણે ચતુરંગ સૈન્ય સહિત નગરમાંથી પ્રયાણ કર્યું. અશ્વની ખરીઓવડે ખોદાએલી ધૂળના મિષવડે આકાશમાં વ્યાપ્ત થએલી પૃથ્વી કુમારના ગુણોમાં આસક્ત થઈછતી સૈન્યને છત્રરૂપ થઈ ગઈ. વળી માર્ગમાં અનેક રાજાઓની ભેટ સ્વીકારતો કુમાર બહુ ગામ, નગર, પર્વત, ખેટ અને કર્બટોને ઓળંગી સિદ્ધાર્થ નગરીની નજીકમાં ગયો, એટલે તે નગરના અધિપતિએ મોકલેલા અધિકારીઓએ ત્યાં આવી વિનતિ કરી કે હે કુમારેંદ્ર ! આપના માટે આ ક્ષીર સરોવરની નજીકમાં મ્હેલ છે ત્યાં આપ કૃપા કરી પધારો. તે સાંભળી તેઓ સાથે કંઈક ઉચિત વાર્તાલાપ કરતા કુમારે ત્યાં

મુકામ કર્યો. વળી જે જે વસ્તુઓ જોઇએ તે સર્વે સિદ્ધાર્થપુરના રાજાએ પ્રથમથીજ ત્યાં તૈયાર રાખેલી હતી. એટલે સૈન્યને માટે પણ જે જોઇએ તે તેમને આપ્યું.

મૂળદેવનું પનું આગમન.

હવે ભુવનમલ્લકુમાર વિસ્મિત થઇ ચારે તરફ ઉદ્યાનાદિકની શોભા જોતો હતો તેટલામાં સિદ્ધાર્થપુરની બાજુએ આકાશમંડલને આચ્છાદિત કરતાં, ફેન સમાન ઉજ્વલ અને સન્મુખ આવતાં છત્ર, ઘોડા, હાથી અને હાથણીઓનાં ટોળાં તેની દૃષ્ટિગોચર થયાં, તે જોઇ કુમારે તે નગરના અધિકારીઓને પૂછયું કે આ શું આવે છે ? તેઓ બોલ્યા, હે કુમારેંદ્ર ! બરોબર તો સમજાતું નથી પરંતુ અનુમાન ઉપરથી શ્રી મૂળદેવ રાજા પોતે અહીંયાં આવતાં હોય તેમ લાગે છે. કારણ કે આપનું આગમન સાંભળી તેમને મુહુર્ત્ત માત્ર પણ વર્ષ સમાન થઇ પડયું છે એમ તેમના બોલવા ઉપરથી અમે જાણીએ છીએ. આ પ્રમાણે તેઓ બોલતા હતા તેટલામાં પ્રતીહારે આવીને કુમારને વિનતિ કરી કહ્યું કે, આપને મળવા માટે શ્રી મૂળદેવ નરેંદ્ર હસ્તિ ઉપરથી નીચે ઉતરી પગે ચાલતા અહીં આવે છે. તે સાંભળી કુમાર એકદમ સિંહાસનનો ત્યાગ કરી રાજાની સન્મુખ આવે છે તેટલામાં જુજ પરિવાર સાથે નરેંદ્ર પણ ત્યાં આવી પહોંચ્યો. રૂપ સંપત્તિમાં સાક્ષાત્ કામદેવ સમાન કુમારને જોઇ તે રાજા એકદમ મૂર્છિત થઇ પૃથ્વીપર પડી ગયો. તે જોઇ સર્વ લોકો હાહાકાર કરવા લાગ્યા. કુમાર પણ પોતે સંભ્રમ પૂર્વક તેના શરીરે ચંદન રસ છાંટવા લાગ્યો. તેમજ બીજા કેટલાક ઠંડા ઉપચાર તેણે કર્યા વળી બીજા લોકોએ પણ બને તેટલા ઉપાય કર્યા. તેથી મૂળદેવ રાજા ક્ષણ માત્રમાં સ્વસ્થ થયો. ત્યારબાદ તેને ભદ્રાસને બેસાડી કુમારે પૂછયું, હે રાજન્ ! એકદમ આપને

આ મૂર્છા આવવાનું શું કારણ? કોઈ વખત આ પ્રમાણે થતું હતું કે આજ જ થયું? આ પ્રમાણે તેનું વચન સાંભળી રાજા નેત્ર ઉઘાડીને ચંચલ દૃષ્ટિવડે નિહાળતો ડાબો કાન ખણવા લાગ્યો, તેમજ પોતાનો નાભિ પ્રદેશ સંકુચિત કરી લજ્જા બતાવે છે અને પગના અંગુઠાવડે જમીન ખોતરતો નીચે મુખે જોઈ રહ્યો, પરંતુ તે કંઈપણ પ્રત્યુત્તર આપી શક્યો નહીં. એ પ્રમાણે તેની ચેષ્ટા જોઈ કુમાર વિસ્મય પામી વિચાર કરવા લાગ્યો કે કામાતુર સ્ત્રીની માફક આની અંદર કામ વિકાર શાથી દેખાય છે? એમ તે પોતે ઉહાપોહ કરતો હતો તેવામાં વર્ષાઋતુના મેઘ સમાન ગંભીર એવો એક ધ્વનિ તેના શ્રવણમાં આવ્યો, ત્યારબાદ કુમારે પૂછ્યું કે અમૃતની વૃષ્ટિ સમાન કર્ણાનંદકારી આ મધુર ધ્વનિ કોણે કર્યો? મંત્રીપુત્ર બોલ્યો, હે કુમારેન્દ્ર! આ મહા અતિશયશાલી એવી ઉત્કૃષ્ટ વાણી શ્રીમાન્ અજય સૂરિની છે. એમ સાંભળી મૃગાંક સહિત તે કુમાર તત્કાલ સૂરીશ્વરની પાસે ગયો. મેરૂગિરિ સમાન ઉન્નત, સમસ્ત ભવ્ય પ્રાણીઓને [illegible], સ્થિર આસને બેઠેલા, જાત્ય સુવર્ણ સમાન કાંતિમાન, [illegible] સમુદ્રમાં નિમગ્ન પ્રાણીઓને તારવામાં [illegible] [illegible] આધારભૂત [illegible] [illegible] રાજા સહિત કુમારે [illegible] [illegible]

[illegible]

[illegible]

અસત્ય બોલવામાં અટકતો નથી, અતિ લોભને લીધે પરધન હરણ કરવામાં તત્પર રહે છે. પોતાને ઉત્તમ સ્ત્રી મળી હોય છતાં પણ ઉભય લોકની અપેક્ષા રહિત થઈ પરનારીઓ સાથે વિલાસ કરે છે. વળી બહુ જીવોના જેમાં ઘાત થાય છે તેવા અનેક પ્રકારના આરંભ કરે છે, અન્ય પાસે કરાવે છે અને પોતાના મુખે બીજાઓના આરંભની પ્રશંસા કરતો છતો હિંસકોની અનુમોદના પણ કરે છે. મિથ્યા અભિમાનને લીધે ભવરૂપી રંગભૂમિમાં નૃત્ય કરતો અનેક પ્રકારનાં પાપો ઉપાર્જન કરવાથી સ્વકૃત પાપના ઉદય વશ થઇ તે ઘોર નરકસ્થાનોમાં પરાધીન પણે અનેક પ્રકારની પીડાઓ ભોગવે છે. ત્યાં પણ તે પ્રાણી રાગદ્વેષકરવાથી ઘોર પાપ ઉપાર્જન કરી તિર્યંચ યોનિમાં દુઃસહ વેદનાઓ અનુભવે છે. વળી ત્યાંથી નીકળી ફરી નરકમાં અને ત્યાંથી નીકળી તિર્યંચમાં એમ વારંવાર દુઃખ પરંપરા-સહન કરી બહુ દીન થઈ સ્વતંત્રા રહિત મહા કષ્ટે કરી ધૂસરૂ અને સમોલના ન્યાય વડે અતિ દુર્લભ એવો મનુષ્ય ભવ તે પામે છે. તેમાં પણ તે પ્રાણી પૂર્વોપાર્જીત દુષ્કૃતના પરિણામને લીધે વધ, બંધન, મરણ અને ધનાપહારાદિ મહા દુઃખો ભોગવે છે. તેમજ દારિદ્રય, દૌર્ભાગ્ય અને શોકાદિક બહુ આપત્તિઓથી વ્યાપ્ત અને દુષ્કુલત્વની ચિંતાથી પરાજીત થઈ પોતાના મનમાં તે વિચાર કરે છે કે અહો ! અન્ય ભવમાં મ્હેં એવું શું અઘોર પાપ કર્યું હશે ? જેથી મહાઅઘોર દુઃખોનું સ્થાનભૂત એવા મ્હને વિધાતાએ ઉત્પન્ન કર્યો. એમ ચિંતવતો તે જીવાત્મા ધર્મની બુદ્ધિવડે ફરીથી અધર્મની ઉપાસના કરી અનેક પ્રકારના કલેશોને ભોગવે છે. એમ કરતાં કોઈક જીવ અધમ દેવ યોનિમાં ઉત્પન્ન થાય છે. તેમાંપણ કોઈક વ્યંતર યોનિમાં ઉત્પન્ન થાય છે અને ચાકર નો ચાકર બની તેઓની આજ્ઞા પ્રમાણે તેને વર્તવું પડે છે. તે દુઃખ ઘણુંજ અસહ્ય હોય છે. તેમજ મનુષ્યભવમાં પણ

આ મૂર્છા આવવાનું શું કારણ ? કોઈ વખત આ પ્રમાણે થતું હતું કે આજજ થયું ? આ પ્રમાણે તેનું વચન સાંભળી રાજા નેત્ર ઉઘાડીને ચંચલ દૃષ્ટિવડે નિહાળતો ડાબો કાન ખણવા લાગ્યો, તેમજ પોતાનો નાભિ પ્રદેશ સંકુચિત કરી લજ્જા બતાવે છે અને પગના અંગુઠાવડે જમીન ખોતરતો નીચે મુખે જોઈ રહ્યો, પરંતુ તે કંઇપણ પ્રત્યુત્તર આપી શક્યો નહીં. એ પ્રમાણે તેની ચેષ્ટા જોઈ કુમાર વિસ્મય પામી વિચાર કરવા લાગ્યો કે કામાતુર સ્ત્રીની માફક આની અંદર કામ વિકારો શાથી દેખાય છે ? એમ તે પોતે ઉહાપોહ કરતો હતો તેટલામાં વર્ષારૂતુના મેઘ સમાન ગંભીર એવો એક ધ્વનિ તેના સાંભળવામાં આવ્યો, ત્યારબાદ કુમારે પૂછ્યું કે અમૃતની વૃષ્ટિ સમાન કલ્યાણકારી આ મધુર ધ્વનિ કોણે કર્યો ? મંત્રીપુત્ર બોલ્યો, હે કુમારેંદ્ર ! આ મહા અતિશયશાલી એવી ઉત્કૃષ્ટ વાણી શ્રીમાન્ અભયસૂરિની છે. એમ સાંભળી મૂળદેવ સહિત તે કુમાર તત્કાલ સૂરીશ્વરની પાસે ગયો. મેરૂગિરિ સમાન ઉન્નત, સમસ્ત ભવ્ય પ્રાણીઓવડે વિરાજમાન, સ્થિર આસને બેઠેલા, જાત્ય સુવર્ણ સમાન કાંતિમાન્, વળી ભવ સમુદ્રમાં નિમગ્ન પ્રાણીઓને તારવામાં યાનપાત્ર સમાન અને અમૂલ્ય હારની માફક ગુણોના આધારભૂત એવા તે મુનીશ્વરને જોઈ તેમના ચરણકમલમાં રાજા સહિત કુમારે નમસ્કાર કર્યો, અને તેમજ કુમારનો પ્રાણપ્રિય એવો સિંહ મંત્રી અને સામંતાદિક પણ પ્રણામ કરી સર્વે ઉચિત સ્થાને બેઠા.

ધર્મદેશના.

સર્વ લોકોના હિત માટે શ્રીમાન્ અભયસૂરિએ ધર્મ દેશનાનો પ્રારંભ કર્યો. હેભવ્યાત્માઓ ! જીવાત્માને મરણનો તેમજ કરેલા કર્મનો સંબંધ અનાદિ કાળનો રહેલો છે. તેમજ રાગદ્વેષના આધીન થઈ પ્રાણી અનેક પ્રકારનાં પાપ કર્મ બાંધે છે, વળી પોતાના સ્વાર્થને લીધે તે અનેક પ્રાણીઓનો વધ કરાવે છે. ક્ષુદ્ર મનોવૃત્તિને વશ થઈ

અસત્ય બોલવામાં અટકતો નથી, અતિ લોભને લીધે પરધન હરણ કરવામાં તત્પર રહે છે. પોતાને ઉત્તમ સ્ત્રી મળી હોય છતાં પણ ઉભય લોકની અપેક્ષા રહિત થઈ પરનારીઓ સાથે વિલાસ કરે છે. વળી બહુ જીવોના જેમાં ઘાત થાય છે તેવા અનેક પ્રકારના આરંભ કરે છે, અન્ય પાસે કરાવે છે અને પોતાના મુખે બીજાઓના આરંભની પ્રશંસા કરતાં છતો હિંસકોની અનુમોદના પણ કરે છે. મિથ્યા અભિમાનને લીધે ભવરૂપી રંગભૂમિમાં નૃત્ય કરતો અનેક પ્રકારનાં પાપો ઉપાર્જન કરવાથી સ્વકૃત પાપના ઉદય વશ થઇ તે ઘોર નરક સ્થાનોમાં પરાધીન પણે અનેક પ્રકારની પીડાઓ ભોગવે છે. ત્યાં પણ તે પ્રાણી રાગદ્વેષકરવાથી ઘોર પાપ ઉપાર્જન કરી તિર્યંચ યોનિમાં દુઃસહ વેદનાઓ અનુભવે છે. વળી ત્યાંથી નીકળી ફરી નરકમાં અને ત્યાંથી નીકળી તિર્યંચમાં એમ વારંવાર દુઃખ પરંપરા-સહન કરી બહુ દીન થઈ સ્વતંત્ર રહિત મહા કષ્ટે કરી ઘુસરૂં અને સમોલના ન્યાય વડે અતિ દુર્લભ એવો મનુષ્ય ભવ તે પામે છે. તેમાં પણ તે પ્રાણી પૂર્વોપાર્જીત દુષ્કૃતના પરિણામને લીધે વધ, બંધન, મરણ અને ધનાપહારાદિ મહા દુઃખો ભોગવે છે. તેમજ દારિદ્રય, દૌર્ભાગ્ય અને શોકાદિક બહુ આપત્તિઓથી વ્યાપ્ત અને દુષ્કુલત્વની ચિંતાથી પરાજીત થઈ પોતાના મનમાં તે વિચાર કરે છે કે અહો ! અન્ય ભવમાં મ્હેં એવું શું અઘોર પાપ કર્યું હશે ? જેથી મહાઅઘોર દુઃખોનું સ્થાનભૂત એવા મ્હને વિધાતાએ ઉત્પન્ન કર્યો. એમ ચિંતવતો તે જીવાત્મા ધર્મની બુદ્ધિવડે ફરીથી અધર્મની ઉપાસના કરી અનેક પ્રકારના કલેશોને ભોગવે છે. એમ કરતાં કોઈક જીવ અધમ દેવ યોનિમાં ઉત્પન્ન થાય છે. તેમાંપણ કોઈક વ્યંતર યોનિમાં ઉત્પન્ન થાય છે અને ચાકર નો ચાકર બની તેઓની આજ્ઞા પ્રમાણે તેને વર્તવું પડે છે. તે દુઃખ ઘણુંજ અસહ્ય હોય છે. તેમજ મનુષ્યભવમાં પણ

કેટલાક હીનકર્મી જીવો દાસ રૂપ થઇ સ્વામી પાસેથી યાચના કરી ઉદરપૂર્ત્તિ વિગેરે આજીવિકા ચલાવે છે. વળી તેઓ સ્વામીની આજ્ઞાને બહુ માન પૂર્વક વહન કરે છે. તેમજ આભિયોગિક દેવતાઓ પોતાના સ્વામીપાસેથી કંઇપણ ઇષ્ટ વસ્તુ મેળવી શકતા નથી. તેમજ કદાચિત્ પોતાના સ્વામીની આજ્ઞા બહાર ચાલે છે તો તેઓ બહુ શિક્ષાને પાત્ર થાય છે. જેમ બહુ વેદાનાઓથી પીડા પામતા નારક જીવો નરકવાસમાંથી નીકળવા માટે બહુ ઉત્સુક હોય છે, તેમજ તેઓ પણ ભવાંતરની બહુ ઇચ્છા કરે છે. વળી કેટલાક જીવો વિશેષ અધ્યવસાયથી કંઇક વિશેષપણું પામે છે. પરંતુ તેઓ મહર્દ્ધિક દેવોના પોતાનાથી અધિક રૂદ્ધિ જોઇને બહુ ઇર્ષ્યાલુ થાય છે. તેથી તેઓ રાગ દ્વેષમાં પડી સુખી થતા નથી. તેમજ જૈન ધર્મમાં પણ બુદ્ધિ કરતા નથી. તેથી તેઓ છેવટે રૌદ્રધ્યાન કરી ત્યાંથી ચ્યવીને ફરીથી કુગતિમાં ચાલ્યા જાય છે. માટે હેભવ્યાત્માઓ ! અશેષ દુઃખોના નિધાનભૂત રાગ દ્વેષનો નિગ્રહ કરવામાં તમે ઉદ્યુક્ત થાઓ. વળી તે રાગ દ્વેષનો નિગ્રહ જૈન ધર્મનું સેવન કરવાથીજ થાય છે. તેમજ તે ધર્મ જીનેંદ્ર ભગવાને બે પ્રકારનો કહ્યો છે. પ્રથમ મુનિ ધર્મ અને બીજો ગૃહસ્થ ધર્મ, વળી મુનિધર્મ દશ પ્રકારનો અને ગૃહિધર્મ બાર પ્રકારનો છે. જેઓ મુનિ ધર્મ પાળવા માટે અશક્ત હોય તેમણે સમ્યક્પ્રકારે દેશવિરતિનો સ્વીકાર કરવો. તેમાં પણ જેઓની શક્તિ ન હોય તેમણે દેશ માત્રથી પણ ગૃહિ ધર્મ પાળવો. કારણ કે વિધિપૂર્વક શ્રાવક ધર્મના પાળવાથી પણ ઉત્તમ દેવપણું, મનુષ્યપણું અને સમ્યક્ત્વપૂર્વક શુદ્ધ યતિ ધર્મની પ્રાપ્તિ થાય છે. વળી અભ્યાસવડે અનુક્રમે રાગદ્વેષનો નાશ થાય છે. ત્યારબાદ યથાખ્યાત ચારિત્ર પામી ઘાતિ કર્મોનો ઉચ્છેદ કરી કેવલ જ્ઞાન પામે છે. તેમજ અંતે મોક્ષપદ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે દેશના રૂપી અમૃતનું પાન

કરી ભુવનમલ્લ કુમાર વિનય પૂર્વક બોલ્યો, હે ભગવન્ ! ગૃહસ્થ ધર્મના પ્રથમવ્રતનો ઉપદેશ અમને આપો. તેમજ તેમાં પ્રગટ થતા દોષોનું સ્વરૂપ પણ બતાવો. તે સાંભળી સૂરીશ્વરે વધબંધાદિ વડે વિશુદ્ધ એવું પ્રથમ વ્રત વિસ્તારપૂર્વક કહ્યું. ત્યારબાદ પોતાના મિત્ર સિંહમંત્રી સહિત કુમારે સમ્યક્ત્વસહિત પ્રથમ વ્રત શ્રદ્ધાવડે વિધિ પ્રમાણે ગ્રહણ કર્યું.

પોતાનું કાર્ય સિદ્ધ થયા બાદ કુમાર સૂરીંદ્રને પ્રણામ કરી બોલ્યો, હે જગદ્ગુરો ! આ મૂળદેવ રાજા મ્હને જોઈ અકસ્માત્ મૂર્છિત કેમ થયા ? અને વળી તે સ્ત્રીની માફક કામ ચેષ્ટાઓ કરે છે તેનું શું કારણ ? સૂરીશ્વર બોલ્યા, હે કુમાર ! પૂર્વભવમાં તું સિંહપુર નગરનો રત્નસાર નામે રાજા હતો. અને તે મૂળદેવ મદનરેખા નામે ત્હારી સ્ત્રી હતી. વળી તે સ્ત્રી ત્હારા ઉપર બહુજ રાગિણી હતી, તેમ છતાં કોઈ કારણને લીધે એની ઉપર ત્હારી અપ્રીતિ થઈ. તો પણ ત્હારી સ્ત્રીનો પ્રેમ ત્હારા ઉપર હતો તેવોને તેવોજ હતો. પરંતુ છેવટે અપમાનનું દુઃખ નહીં સહન થવાથી તે સ્ત્રી ગળામાં પાશ નાખી મરણ પામીને સિદ્ધાર્થપુરમાં સંતાનરહિત એવા સુંદરરાજાને ત્યાં વિશેષઅધ્યવસાયથી પુત્રી પણે ઉત્પન્ન થઈ. તેના જન્મ સમયે મૂળ નક્ષત્ર હોવાથી ભવિતવ્યતાને લીધે રાજા તત્કાલ મરણ પામ્યો. હવે રાજાને પુત્ર નહીં હોવાથી સુમતિનામે તેનામંત્રીએ લોકમાં તેનું પુત્રીપણું ગુપ્ત રાખી પુત્રપણું જાહેર કર્યું અને મૂળદેવ એવું નામ પાડીને તેનો રાજ્યાભિષેક કર્યો, વળી તે રત્નસાર મરીને તું પોતેજ ઉત્પન્ન થયો. હવે તને અહીં આવેલો જોઈ પૂર્વભવના અભ્યાસથી તેને ત્હારા ઉપર મોહ થયો. આ કુમાર ઉપર મ્હારી આવી અધિક પ્રીતિ શાથી થઈ એમ વિચાર કરતાં મૂળદેવને જાતિસ્મર-

મૂળદેવચરિત્ર.

ણુ જ્ઞાન થયું અને તેથી તેને મૂર્છાદિક ચિન્હો પ્રગટ થયાં. આ પ્રમાણે મુનિ વચન સાંભળી ચારિત્ર મોહ શાંત થવાથી ભુવનૈક રાજાએ ભુવનમલ્લ કુમારને પોતાનું રાજ્ય આપી પોતે દીક્ષા ગ્રહણ કરીને શુદ્ધ ચારિત્ર પાળવા લાગ્યા. ત્યારબાદ ભુવનમલ્લ કુમારે સિદ્ધાર્થપુર નગરમાં પ્રવેશ કરી સુમતિમંત્રીને ત્યાંનો રાજ્ય કારભાર સોંપી પોતે ત્યાંથી પ્રયાણ કર્યું. આગલ જતાં માર્ગમાં ભીમ, અર્જુન, નકુલ અને શકુનિ નામે ક્ષત્રિયો (ભયંકર અર્જુન વૃક્ષ, નકુલ-નોળીયા, શકુનિ-પક્ષીઓ) વડે સંયુક્ત એવી મહાભારતની કથા સમાન, વળી ભદ્રક જાતિના સેંકડો કરિણીઓ ([illegible]) ના સંચાર વડે ક્ષેત્ર ભૂમિની માફક અતિ રમણીય, નાના પ્રકારના શ્વાપદ (પશુઓ-શ્રાવકો) વડે સામાયિકશાળાની ભૂમિ સમાન અને બહુ પુંડરિક (કમલ-સિંહ) વડે વિશાલ અને સુંદર સરોવરની લક્ષ્મી સમાન શોભતી એવી એક અટવી આવી. તેમાં કુમારે પોતાના સૈન્ય સહિત પ્રવેશ કર્યો. આગલ ચાલતાં દશયોજનના આંતરે વરૂણા નામે એક નદી આવી, તેના કિનારે સૈનિકોએ મુકામ કર્યો. ત્યારબાદ કેટલાક સેવકોને સાથે લઈ કુમારે કૌતુક જોવાની ઇચ્છાથી તે વનની અંદર પ્રવેશ કર્યો, [illegible]

દિરની આગળ કચરો સાફ કરવાના મિષ વડે પોતાનાં પાપ રૂપી ધૂળને દૂર કરતી હોય ને શું ? એમ મંદિરના આંગણાને શુદ્ધ કરતી હતી. તેમજ અન્ય કેટલીક દેવાંગનાઓ જૈનધર્મ સંબંધી પોતાના હૃદયમાંથી ઉભરાઈ જતા રાગને છાંટતી હોય ને શું, તેમ કંકુના થાપાઓ જૈન ભવનાંગણમાં કરતી હતી. કેટલીક તો અત્યંત સુગંધમય પુષ્પોની અનેક રચનાઓ વડે ગભારાની અંદર જીનપ્રતિમાઓની પૂજા કરતી હતી. એ પ્રમાણે દેવાંગનાઓથી વ્યાપ્ત થએલા જૈનમંદિરમાં ભવ્ય આકૃતિમય અને વર્ણમાં સુવર્ણ સમાન શ્રીરૂષભદેવની મૂર્ત્તિ તેના જોવામાં આવી. મૂર્ત્તિનાં દર્શન કરી અતિશય ભક્તિવડે સર્વાંગે રોમાંચ ધારણ કરતો કુમાર હાથ જોડી સ્તુતિ કરીને ત્યાં નીચે બેઠો. તેટલામાં દેવાંગનાઓએ ભગવાનની આગળ સુંદર સંગીત કર્યું અને ત્યારબાદ આરતી, મંગલદીપ વિગેરે નિત્ય કાર્ય કરી તેઓ પોતપોતાના સ્થાન પ્રતિ ચાલી ગઈ.

વાનરઅને વાનરી

પછી કુમાર ઉભો થઈ તે મંદિરની શોભા જોતો હતો, તેવામાં ત્યાં પશ્ચિમદ્વારની બહાર પુષ્ટ પયોધર (ધ) ર (જલરાશિ=સ્તન) વડે મનોહર, નવીન કમલપત્ર રૂપ (સમાન) નેત્રલક્ષ્મીથી વિભૂષિત સુંદર સ્વભાવવાળી સ્ત્રીની માફક રાજહંસો વડે સેવાતી એક વાવ તેના જોવામાં આવી, એટલે કુમાર તરતજ તેની અંદર ઉતર્યો. શીતલ, મિષ્ટ અને ગુરૂવચન સમાન નિર્મલ એવા જલવડે માર્ગના રજકણથી મલિન થએલા દેહની શુદ્ધિ કરીને જલપાન કરી વાવના કાંઠા ઉપર તે બેઠો, તેટલામાં ત્યાં વાનરી સાથે એક વાનર આવ્યો. તેની આકૃતિ હળદર સમાન પીળાશપર દીપતી હતી. અને કંઠમાં ચણોઠીઓનો હાર પહેરેલો હતો. તેમજ તેના હસ્તમાં સલ્લકી વૃક્ષની એક ડાળખી પક-

ણુ જ્ઞાન થયું અને તેથી તેને મૂર્ચ્છાદિક ચિન્હો પ્રગટ થયાં. આ પ્રમાણે મુનિ વચન સાંભળી ચારિત્ર મોહ શાંત થવાથી મૂળદેવ રાજાએ ભુવનમલ્લ કુમારને પોતાનું રાજ્ય આપી પોતે દીક્ષા ગ્રહણ કરીને શુદ્ધ ચારિત્ર પાળવા લાગ્યા. ત્યારબાદ ભુવનમલ્લ કુમારે સિદ્ધાર્થપુર નગરમાં પ્રવેશ કરી સુમતિમંત્રીને ત્યાંનો રાજ્ય કારભાર સોંપી પોતે ત્યાંથી પ્રયાણ કર્યું. આગલ જતાં માર્ગમાં ભીમ, અર્જુન, નકુલ અને શકુનિ નામે ક્ષત્રિયો (ભયંકર અર્જુન વૃક્ષ, નકુલ–નોળીયા, શકુનિ–પક્ષીઓ) વડે સંયુક્ત એવી મહાભારતની કથા સમાન, વળી ભદ્રક જાતિના સેંકડો હસ્તિઓ (ખેડુતો) ના સંચાર વડે ક્ષેત્ર ભૂમિની માફક અતિ રમણીય, નાના પ્રકારના શ્વાપદ (પશુઓ–શ્રાવકો) વડે સમવસરણની ભૂમિ સમાન અને બહુ પુંડરિક (કમલ–સિંહ) વડે વિશાલ અને સુંદર સરોવરની લક્ષ્મી સમાન શોભતી એવી એક અટવી આવી. તેમાં કુમારે પોતાના સૈન્ય સહિત પ્રવેશ કર્યો. આગલ ચાલતાં દશયોજનના આંતરે વરૂણા નામે એક નદી આવી, તેના કીનારે તેઓએ મુકામ કર્યો. ત્યારબાદ કેટલાક સેવકોને સાથે લઈ કુમારે કૌતુક જોવાની ઈચ્છાથી તે વનની અંદર પ્રવેશ કર્યો, એટલામાં ત્યાં આગળ કોઇક વિદ્યાધરે રચેલું મનોહર એવું એક જૈનમંદિર કુમારના જોવામાં આવ્યું. વળી તે અતિ નિર્મળ સ્ફટિક રત્નોથી બનાવેલું ચંદ્રવિમાન રાહુના ભયને લીધે જાણે પૃથવી ઉપર ઉતર્યું હાયને શું ? તેમ દીપતું હતું. તેમજ જેના તટ પ્રદેશમાં રહેલા વૃક્ષોના પુષ્પોનાં ભીંતોમાં પડેલાં પ્રતિબિંબને જોઇ રસમાં લુબ્ધ થએલા ભ્રમરાઓ ચુંબન કરવા જતાં મુખ અથડાવાથી જલદી પાછા પડેછે. એવા તે જૈનમંદિરમાં કુમારે પ્રવેશ કર્યો. તેટલામાં ત્યાં ઉત્તમ શણગાર સજી પોતપોતાના કાર્યમાં પ્રવૃત્ત થયેલી અનેક દેવીઓ તેની દૃષ્ટિગોચર થઇ, તેઓમાં કેટલીક દેવીઓ જૈનમં-

દેવની આગળ કરતી આઠ કરવાના મિષ વડે પોતાનો ભાવ રૂપી પુષ્પને ફળ કરતી હોય ને શું ! એમ મંદિરના આંગણે નૃત્ય કરતી હતી. તેમજ અન્ય કેટલીક દેવાંગનાઓ તેમાં મુખથી પોતાના હૃદયમાંની ભક્તિને બહાર કાઢતી હોય ને શું ! તેમ કંઠના શબ્દો વડે જિનગુણગાન કરતી હતી. કેટલીક તો અત્યંત સુગંધમય પુષ્પોની અનેક રચનાઓ વડે ગભારાની અંદર જીનપ્રતિમાઓની પૂજા કરતી હતી. એ પ્રમાણે દેવાંગનાઓથી વ્યાપ્ત થએલા જીનમંદિરમાં જગત્ આકૃતિમય અને વર્ણમાં સુવર્ણ સમાન શ્રીઋષભદેવની મૂર્તિ તેના જોવામાં આવી. મૂર્તિનાં દર્શન કરી અતિશય ભક્તિવડે હર્ષથી રોમાંચ ધારણ કરતો કુમાર હાથ જોડી સ્તુતિ કરીને ત્યાં નીચે બેઠો. તેટલામાં દેવાંગનાઓએ ભગવાનની આગળ સુંદર સંગીત કર્યું અને ત્યારબાદ આરતી, મંગળદીપ વિગેરે નિત્ય કાર્ય કરી તેઓ પોતપોતાના સ્થાન પ્રતિ ચાલી ગઇ.

વાનરઅને વાનરી

પછી કુમાર ઉભો થઈ તે મંદિરની શોભા જોતો હતો, તેવામાં ત્યાં પશ્ચિમદ્વારની બહાર પુષ્ટ પયોજ (પ) ૨ (જલશાલિ=રત્ન) વડે મનોહર, નવીન કમલપત્ર રૂપ (સમાન) નેત્રલક્ષ્મીથી વિભૂષિત સુંદર સ્વભાવવાળી સ્ત્રીની માફક રાજહંસો વડે સેવાતી એક વાવ તેના જોવામાં આવી, એટલે કુમાર તરતજ તેની અંદર ઉતર્યો. શીતલ, મિષ્ટ અને ગુરૂવચન સમાન નિર્મલ એવા જલવડે માર્ગના રજકણથી મલિન થએલા દેહની શુદ્ધિ કરીને જલપાન કરી વાવના કાંઠા ઉપર તે બેઠો, તેટલામાં ત્યાં વાનરી સાથે એક વાનર આવ્યો. તેની આકૃતિ હળદર સમાન પીળાશપર દીપતી હતી. અને કંઠમાં ચણોઠીયોનો હાર પહેરેલો હતો. તેમજ તેના હસ્તમા સલ્લકી વૃક્ષની એક ડાળખી પક-

ડેલી હતી તેથી તે તારા સહિત સુગ્રીવ સમાન દેખાતો હતો, ત્યાં આવતાંજ પ્રથમ તે વાનર કુમારોમાં શિરોમણિ સમાન ભુવનમલ્લકુમારને નમસ્કાર કરી મનુષ્યની વાણી વડે બોલ્યો, હે શરણદાયક ? દયાગુણમાં પ્રધાનપણું જેમણે મેળવેલું છે અને પરોપકારમાં રસિક એવા હે કુમાર ? મ્હારી એક પ્રાર્થના તમે સાંભળો. આ અરણ્યની અંદર સર્વદા હું નિવાસ કરૂં છું. હે પ્રભો ? આ વાનરી મ્હારી સ્ત્રી છે. હું તેને મ્હારાપ્રાણથી પણ અધિક માનું છું. વળી મ્હારૂં શરીર, ધન અને જીવિત પણ આ વાનરી છે. કેમકે તેના વિના ક્ષણમાત્ર પણ હું રહી શકતો નથી. તેમજ આ અટવીમાં નિરંતર સર્વ વાનરોમાં મ્હારૂં અધિપતિપણું ચાલ્યું આવે છે. છતાં એકદા હું કોઈ કાર્યને લીધે બીજા વનમાં ગયો. એટલામાં એક દુષ્ટવાનરે મ્હારૂં સ્વામિપણું ઉત્થાપન કરી પોતાની સત્તા ચલાવી છે. હવે હાલમાં તે સ્થાન પાછું લેવા મ્હારી ઈચ્છા છે તેમજ તેટલી શક્તિ પણ મ્હારામાં વિદ્ય-માન છે. પરંતુ આ વાનરી બહુ બીકણ છે. તેથી મ્હેં તેને ઘણી સમજાવી તો પણ તે મ્હને યુદ્ધ કરવાની રજા આપતી નથી. વળી તેને એકલી મૂકીને યુદ્ધ કરવા માટે જવાની મ્હારી હિંમત પણ ચાલતી નથી. પરંતુ હાલમાં મ્હારા પુણ્યોદયને લીધે નેત્રોને આનં-દદાયક એવું આપનું દર્શન થયું છે. હે મહાશય ? આપ તો સાક્ષાત ધર્મમૂર્તિ છો. માટે આપની ભુજ છાયામાં આ સ્ત્રીને મૂકી તે દુષ્ટ વાનરને તેના અવિનયનું ફળ બતાવી જલદી હું અહીં આવું ત્યાં સુધી નિર્વિઘ્નપણે આપ એની રક્ષા કરો, એમ કહી તે વાનર પો-તાની સ્ત્રીને કુમાર પાસે મૂકી ત્યાંથી નીકળી ગયો. ત્યારબાદ કુમાર વિચાર કરવા લાગ્યો કે આ એક મ્હોટું આશ્ચર્ય છે. કારણ કે આ વાનર જાતિ મનુષ્ય ભાષા કેવીરીતે બોલ્યો ? વળી આ પશુ છતાં તેની મતિપૂર્વક પ્રવૃત્તિ ક્યાંથી થઈ! એમ કુમાર ચિંતવતો હતો,

તેટલામાં વાનરી બોલી હે કુમારેંદ્ર! તે શત્રુ જરૂર મારા સ્વામીને મારશે. કારણ કે તે બહુ બળવાન્ છે. તેથી તેના મરણની વાર્તા મ્હારા સાંભળવામાં ન આવે તેટલામાં હું મ્હારા પ્રાણનો ત્યાગ કરીશ. એમ કહી વાનરીએ તત્કાળ તે વાવમાં ઝંપાપાત કર્યો, તે જોઈ કુમાર ચિંતાતુર થઈ ગયો. હા ! મ્હારા શરણે રહેલી એવી આ વાનરીના મરણની ઉપેક્ષા કરવી તે મ્હને ઉચિત નથી, એમ સમજી તેની પાછળ પોતાનો પરિજન ન જાણે તેવી રીતે તરવામાં બહુ દક્ષ એવો કુમાર તેને પકડવા માટે વાવમાં ઝંપાપાત કરે છે તેટલામાં વાનરી, વાવ કે તેની અંદર રહેલું જળ પણ અદશ્ય થઇ ગયું અને તે જગ્યાએ કોમળ તળાઈ વિગેરે ઉપકરણોથી વિભૂષિત એવા પલંગ ઉપર રહેલા પોતાના આત્માને કુમારે જોયો. એકદમ આવું આશ્ચર્ય જોઇ કુમારના સેવકો બહુ દુઃખી થઇ ગયા. હવે શું કરવું ? એમ વિમૂઢ બની તેઓ પોતાનું સૈન્ય જ્યાં પડયું હતું ત્યાં ગયા. અને મંત્રી વિગેરેને કુમાર સંબંધી સર્વ વૃત્તાંત તેમણે કહ્યું. ત્યારબાદ તેઓએ પણ હાથી, ઘોડા, રથ વિગેરે સમગ્ર સૈન્યની તૈયારી કરી, તેમજ કેટલાંક શાંતિ કાર્યો કરાવ્યાં.

દીવ્યભવન.

કુમાર પણ ત્યાં અતિ રમણીય એવા દીવ્ય ભવનને જોઈ ચકિત થયો. જે ભવનની અંદર સ્ફટિક રત્નોની ભીંતો ચણાવેલી છે વળી તે ભિત્તિયોની અંદર મણી રત્ન જડેલાં છે. ઝરૂખાઓમાં નિકળતા સુગંધમય ધૂપનો ધૂમાડો ફેલાઇ ગયો છે. વળી તે ધૂમશિખાને લીધે વિશુદ્ધ એવું આકાશમંડળ શ્યામવર્ણ થઇ રહ્યું છે. તેમજ ઉંચાણમાં બાંધેલી ધ્વજ પતાકાઓના આડંબરથી તેની બહુ રમણીયતા દેખાય છે. સુંદર ગમન કરતી દેવાંગનાઓના કડાં અને કંકણોના તુટી પડેલા મણિઓ વિવિધ પ્રકારે દીપે છે. તેમજ મણિઓની જટા સમાન સર્વત્ર પ્રસરતા સુવર્ણ સૂત્રના કિરણોનો

ચારે તરફ પ્રકાશ આપે છે. બહુ કાંતિમય સોનાના સ્તંભો ઉપર મનોહર પુત્તલીઓ સ્થાપન કરેલી છે. વળી સુંદર ભૂતલ ઉપર રચેલા સુગંધિત પુષ્પોનો પ્રભાવ સર્વત્ર પ્રસરી રહ્યો છે. વળી જે પુષ્પોમાં લુબ્ધ થએલા ભ્રમરાઓ ગુંજારવ કરતા પરિભ્રમણ કરે છે. અને જે ભ્રમરાઓના મધુર શબ્દો વડે સર્વ દિશાઓ બધિરિત થઇ રહી છે, એવા તે દીવ્ય ભવનમાં વિવિધ અલંકારોથી વિભૂષિત, અને કાનમાં જેણે કુંડલ પહેરેલાં છે એવો એક દીવ્ય પુરૂષ તે કુમારના જોવામાં આવ્યો. એટલે તરતજ તે દેવ બોલ્યો, હે કુમાર! હવે તારે કંઈપણ વિકલ્પ કરવો નહીં, કેમકે કોઈ કારણને લીધે હું ત્હને અહીં લાવ્યો છું. કુમાર બોલ્યો, આ દેશનું નામ શું? અહીં રાજા કોણ છે? વળી તમે કોણ છો? અને મ્હને અહીં તમે શામાટે લાવ્યા છો? તે સાંભળી દેવ બોલ્યો, હે કુમાર! ત્હારા પ્રશ્નોનો ઉત્તર હું વિસ્તારપૂર્વક કહું છું તે તું સાવધાન થઇ સાંભળ.

અમિતગતિ અસુર.

દેવ માયાથી આક્રીડાવન બનાવીને હું મ્હારી સ્ત્રી સાથે હમ્મેશાં અહીં ક્રીડા કરૂં છું. હું અસુર યોનિમાં ઉત્પન્ન થયો છું અને અમિતગતિ એવા નામથી હું પ્રસિદ્ધ છું. તેમજ આ વનનો હું અધિપતિ છું. વળી એક દિવસ હું ચારણ મુનિ કેવલીને વંદન કરવા માટે મ્હોટી વિભૂતિ સાથે દેવી સહિત રૈવતાચલમાં જતો હતો, તેટલામાં કેટલોક માર્ગ ઉલ્લંઘન કર્યા પછી ત્યાં સ્મશાન ભૂમિમાં બેઠેલો એક યોગી મ્હારા જોવામાં આવ્યો. જેના ભાલમાં રકત ચંદનનું તિલક કર્યું હતું અને શરીરે મૃગચર્મ ઓઢેલું હતું, તેથી તેના શરીરની આકૃતિ પ્રેત સમાન ભયંકર દેખાતી હતી, જેણે મસ્તકે બહુ વિચિત્ર મુકુટ ધારણ કરેલો હતો, તેથી તેના મસ્તકનો અગ્રભાગ વિલક્ષણ દેખાવ આપતો હતો. શ્યામ સર્પવ સમાન શરીર ઉપર જેણે

યોગપટ્ટ બાંધેલો હતો, તેમજ તે મુખમાંથી અતિ દારૂણ હુંકારા કાઢતો હતો, જેની આગળ કુંડમાં હોમ કરેલા અગ્નિની મ્હોટી જ્વાલાઓ દેખાતી હતી અને જેની ડાબી બાજુએ એક સુંદર બાલિકા બેઠી હતી એવા તે યોગીને જોઈ મ્હેં દેવીને કહ્યું, હે પ્રિયે! આપણે ક્ષણમાત્ર અહીં રોકાઇને જોઇએ કે આ પાખંડી શું કરે છે! એવામાં તે પાખંડીએ રૂદન કરતી તે બાળાને પોતે રચેલા મંડળની અંદર બેસાડી રક્ત ચંદનવડે તેના ભાલસ્થલમાં અર્ચા કરી. ત્યારબાદ તેના કંઠમાં રક્ત કણેરની માલા પહેરાવીને તેને અગ્નિમાં હોમવાની તૈયારી કરતો હતો, તેટલામાં મ્હેં તેને તિરસ્કાર પૂર્વક કહ્યું કે, રે પાપિષ્ઠ! મૂઢ! આવું લોક વિરૂદ્ધ અનુચિત કાર્ય કરીને મ્હારી આગળથી તું કયાં જઈશ? રે નિર્લજ્જ! શું તને લજ્જા નથી આવતી! જેથી આ પાંચ ભૂતના દેહને ધારણ કરનારા આ અનાથ બાલિકાને મારવા રૂપ ઉભયલોક વિરૂદ્ધ અકાર્ય આચરવા તૈયાર થયો છે! એ પ્રમાણે મ્હારૂં વચન સાંભળી બાળાને પડતી મૂકી તે દુષ્ટ પાખંડી જીવ લઈ ત્યાંથી પલાયન થયો. મ્હેં પણ દયાને લીધે તેને જતો કર્યો અને તે કન્યાને લઇ મ્હેં મ્હારી સ્ત્રીને સોંપી. દીવ્ય આકૃતિને ધારણ કરતી અને સંપૂર્ણ લક્ષણ યુકત તે કન્યાને પોતાના ખોળામાં બેસાડી દેવી બોલી, હે સ્વામિન્! ખરેખર હું ભાગ્યવતી ગણાઉં, કારણકે દેવના ભવમાં પણ હું પુત્રીવાળી થઇ. મ્હેં પણ કહ્યું કે હે દેવિ! ત્હારૂં કહેવું સત્ય છે, અન્યથા લાવણ્યરૂપી અમૃતના સિંધુ સમાન આવી માનુષી કન્યા કયાંથી હોય? એમ કહી હું કેવલી ભગવાન પાસે ગયો. પછી તેમને નમસ્કાર કરી હું નીચે બેઠો. મ્હારા હૃદયનો સંદેહ જાણી કેવલી ભગવાને પણ વાસુદેવના શંખના નાદ સમાન ગંભીર વાણીવડે તે બાલિકાનું ચરિત્ર કહેવાનો પ્રારંભ કર્યો.

બાળાનો પૂર્વભવ.

આ ભરતક્ષેત્રમાં કૃતમંગલા નામે નગરી છે. તેમાં સર્વ જનમાન્ય અને બહુ ધનાઢ્ય એવો ધન નામે શ્રેષ્ઠી રહેતો હતો, તેને જયસુંદરી નામે એક બાળવિધવા પુત્રી હતી, વળી તે જયસુંદરીને પાંચ ભાઈઓ હતા. તેઓ નિરંતર તે બાળવિધવાની આજ્ઞા પ્રમાણે વર્તતા હતા. પરંતુ જ્યેષ્ઠ બંધુની સ્ત્રી તે જયસુંદરીની સાથે બરોબર ચાલતી નહોતી. તેથી જયસુંદરીએ પોતાના મ્હોટા ભાઈને બીજી કન્યા પરણાવી અને પ્રથમની સ્ત્રીએ કરેલું કોઈપણ કાર્ય જેમ તેમ દુર્વચન બોલીને તે દૂષિત કરતી હતી, તેમજ તેને કોઈપણ કામમાં તે ગણુતી નહોતી, તેવીજ રીતે જયસુંદરીને પણ તેની ભોજાઈ જુદાં આળ મૂકી બહુ દુઃખી કરતી હતી એમ પરસ્પર નણંદ ભોજાઈને વેર ચાલતું હતું, તેવામાં વિજળી પડવાથી તે બન્ને એક સાથે બળીને વ્યાઘ્ર જાતિમાં વાઘણપણે ઉત્પન્ન થઈ. ત્યાં પણ પૂર્વભવના વૈરને લીધે એક બીજાને દેખવાથી યુદ્ધ કરી તે બન્ને વાઘણો મરણ પામી ત્રીજી નરકભૂમિમાં ઉત્પન્ન થઈ, અને ત્યાંથી નીકળી વિશેષ પરિણામને લીધે ભોજાઈનો જીવ શૂરનરેંદ્રની સ્ત્રી રૂપે ઉત્પન્ન થયો અને નણંદનો જીવ તેવા પરિણામવડે તેનાજ ગર્ભમાં પુત્રીપણે ઉત્પન્ન થયો. ત્યાં પૂર્વભવના [illegible] ગર્ભમાં પણ તેના ઉપર તે દ્વેષ કરવા લાગી [illegible] ઔષધિઓ અનેક ઉપાયો કર્યા. પરંતુ નિકાચિત [illegible] હોવાથી તેનો ગર્ભને [illegible] થયો નહીં [illegible] કરવાથી બાળાને પુત્રી જન્મતાં [illegible]

[illegible]

હાયલું તે બાલિકાને તેજ દિવસે પોતાની દીકરીને પ્રસવ થયો હતો. તેથી તેને ત્યાં ગુપ્ત રીતે પહોંચાડી દીધી.

અનુક્રમે તે કન્યા તેને ત્યાં મ્હોટી થઇ. હવે એક દિવસ તે કન્યા પોતાની સમાન વયની સખીઓ સાથે રમતી

દુષ્ટયોગી.

હતી. તેવામાં અતિ ભયંકર (રૂદ્ર) વિદ્યાના સાધન માટે ઉત્તમ લક્ષણવાળી કન્યાની શોધમાં ફરતો ફરતો એક યોગી ત્યાં આવ્યો અને તેની દૃષ્ટિ તે બાળા ઉપર પડી. તેથી તે યોગી તે કન્યાને લોભાવી પોતાની સાથે સ્મશાનભૂમિમાં લઇ ગયો, અને અગ્નિમાં તેને હોમવાની તૈયારી કરતો હતો તેવામાં આ અસુરે તેને તે દુષ્ટના હાથમાંથી મુક્ત કરી, માટે હે કુમાર ! આ બાળાના વૃત્તાંત ઉપરથી કિંચિત્ માત્ર પણ આત્માની અંદર કષાય કરવો નહીં. વળી પરિગ્રહ અને આરંભના ત્યાગી એવા મહાત્માઓ સર્વદા કષાયોથી દૂર રહે છે. કારણકે જ્યાં સુધી સમગ્ર હેતુઓની નિવૃત્તિ ન થઇ હોય ત્યાં સુધી કાર્યની નિવૃત્તિ થતી નથી. વળી જેઓ કષાયોનો સર્વથા ત્યાગ કરવા અશકત હોય તેઓએ અમુક અંશે પણ તેનો ત્યાગ કરી અનુક્રમે કષાયો સર્વથા ક્ષીણ થાય તેવી રીતે યત્ન કરવો. તેમજ જે બહુકર્મી જીવો એટલું પણ કરવાને અશકત હોય તેઓ કષાયના ત્યાગી એવા મહાત્માઓની સેવા કરવાથી ઉત્તમ પ્રકારની સ્થિતિ મેળવી શકે છે. એ પ્રમાણે મુનીંદ્રનું વચન સાંભળી કંઈક કર્મનો ક્ષય થવાથી જાતિ સ્મરણ પામી તે બાલિકા બોલી, હે ભગવન્ ! આપના કહ્યા પ્રમાણે સર્વ વૃત્તાંત મ્હને પ્રત્યક્ષ થયું છે. માટે હવે આપના ચરણ સિવાય મ્હારૂં અન્ય કોઈ શરણ નથી. હે પરમ દયાલુ ! જેવી રીતે હું સર્વ સંગથી વિમુકત થાઉં તેવી મ્હારી ઉપર આપ કૃપા કરો. તે સાંભળી મુનીંદ્ર બોલ્યા, હે બાલે ! અદ્યાપિ નિરૂપક્રમ એવું ભોગ્યકર્મ ત્હારે ભોગવવાનું બાકી

છે. માટે હાલમાં તું ગૃહિ ધર્મને અંગીકાર કર. તે સાંભળી બાળા બોલી, હે ભગવન્ ! હાલમાં મ્હારી સ્થિતિ કેવી છે તે આપ જાણો છો ' તો આ ગૃહિ ધર્મનો સ્વીકારીને હું આ અસુરોની અંદર તે ધર્મને સમ્યક્ પ્રકારે શી રીતે પાળી શકીશ ? મુનીંદ્ર બોલ્યા, હે બાલિકે ! એ સંબંધી ત્હારે કાંઈ પણ ચિંતા કરવી નહીં. કારણકે કાલિંજર અટવીમાં રૂષભદેવ ભગવાનના મંદિરમાં જ્યારે ભુવનમલ્લ રાજાને તું જોઈશ ત્યારે તેના સ્વાધીન થઈ સમ્યક્ પ્રકારે શ્રાવક ધર્મ પાળી અનુક્રમે તું કુમારની સાથે દીક્ષા ગ્રહણ કરી મોક્ષ સ્થાન પામીશ.

કુમારઅને બાળાનોસંયોગ.

આ પ્રમાણે તે કન્યાનું વૃત્તાંત સાંભળી સભામાં રહેલા કેટલાક જનોએ દીક્ષા લીધી અને કેટલાકે શ્રાવકધર્મ સ્વીકાર્યો. તેમજ કેટલાક પુરૂષ, સ્ત્રી, દેવ અને દેવીઓએ સમ્યક્ત્વ વ્રત લીધું. ત્યારબાદ હું પણ મુનીંદ્રને નમસ્કાર કરી તે બાળાને લઇ મ્હારા સ્થાનમાં ગયો. અને તેનું વિજયપતાકા એવું નામ પાડયું. અનુક્રમે આજે કેવળી ભગવાને કહેલા દિવસે તે બાળા જૈનમંદિરમાં ગઇ અને ભગવાનની પૂજા કરતી હતી, તેટલામાં હે કુમાર ! તું વિજયપતાકાની દૃષ્ટિગોચર થયો. ત્યારબાદ તેણીએ પોતાની સખીને કહ્યું કે, કેવલી ભગવાને જે પુરૂષ કહ્યો હતો તે આ પુરૂષ મ્હને લાગે છે. સખી બોલી ત્હારૂં કહેવું સત્ય છે. તેથી ત્હારા પિતા પાસે એને લઇ જવો ઉચિત છે, એ પ્રમાણે સખીનું વચન માન્ય કરી તે કન્યા માયાવડે વાવ વિગેરેનો પ્રપંચ કરી આપને અહીં લાવી. માટે હવે જીનેંદ્ર પ્રતિમાના દર્શનરૂપી અમૃતના સિંચનવડે પોતાના નેત્રોને આનંદ આપો. એમ કહી તે અસુર તેને મંદિરમાં લઈ ગયો. એટલે ત્યાં આગળ વંદન કરતી વિજયપતાકા કુમારની નજરે પડી. પુષ્પરસના પાનથી મત્ત અને મધુર

[illegible] પ્રતીત કરતો હતો.

કુમારપાલને વિજયપતાકાનું સૈન્યસમાગમન.

ત્યારબાદ [illegible] મળી પ્રમુખ પુરુષ [illegible] [illegible] પણ ફરીને [illegible] [illegible] [illegible]

માટે આપણે તૈયાર થાઓ, દૃઢ પરાક્રમ ધારણ કરો અને સર્વથા ક્ષોભનો ત્યાગ કરો. કેમકે સાહસથી દેવ અને દૈવ પણ સાધ્ય થાય છે. સાહસ પ્રવૃત્તિવાળા ધીર પુરૂષો જ્યાં સુધી કાર્યનો પ્રારંભ નથી કરતા ત્યાં સુધીજ પર્વતો પણ તેમને દુર્લંઘ્ય થાય છે તેમજ સમુદ્રો પણ દુર્લંઘ્ય ગણાય છે. એમ વિચાર કરી તેઓ આડંબર સહિત સજ્જ થયા તેટલામાં અસુરેંદ્રની આજ્ઞાવડે દેવોએ કરેલી સ્તુતિ તેઓના સાંભળવામાં આવી. જેમકે હેમચંદ્ર રાજાના કુળરૂપી કુમુદ વનમાં ચંદ્ર સમાન, સાત્ત્વિક પુરૂષોમાં ચૂડામણિ સમાન, ઉત્તમ જ્ઞાન ધારક અને યથાર્થ નામ ધારક એવા હે શ્રી ભુવનમલ્લ કુમાર ! તમે ચિરંજીવી થાઓ. પશુ સરખાઓના કાર્યમાં પણ જે તું પોતાના પ્રાણને તૃણ સમાન ગણે છે તો ત્હારી તુલનાને કયો પરોપકારી પુરૂષ પામી શકે ? એ પ્રમાણે દેવતાઓના મુખથી પોતાના સ્વામીનું ગુણ કીર્ત્તન સાંભળી તેઓએ અકસ્માત્ વિમાનમાં બેઠેલા કુમારને જોયો કે તરતજ તેઓ રોમાંચિત થઈ ગયા અને પૃથ્વી પર દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. કુમાર પણ ઝટ વિમાનમાંથી નીચે ઉતરી તેઓને ઉભા કરી બહુ પ્રેમ પૂર્વક ભેટીને આજ્ઞા આપી એટલે દેવી સહિત અસુરેંદ્રને પ્રણામ કરી તેઓ સર્વે ઉચિત સ્થાને બેસી ગયા. ત્યારબાદ અમિતગતિએ મંત્રી પ્રમુખ પ્રધાન પુરૂષોની આગળ કુમારનું સર્વ વૃત્તાંત નિવેદન કર્યું. પછી ઉત્તમ મુક્તાફલની માળાઓથી સુશોભિત એવા મણિમય ચતુષ્કભવનમાં કુમારને બેસાડી તેના ભાલ સ્થલમાં દેવીએ મુક્તાફલની શેષા (અર્ચા) કરી. અસુરે કુમારના હસ્ત કમલમાં વસ્ત્રાભરણ આપ્યાં, તેમજ તેના સર્વ પરિવારનો પણ વસ્ત્રાદિક અલંકારોવડે યથોચિત સત્કાર કર્યો, ત્યારબાદ કુમારની ઉપમાતા (ધાવ) નો પણ સારી રીતે સત્કાર કરી તેના ખોળામાં વિજયપતાકાને બેસાડી. પશ્ચાત્ અસુરેંદ્ર બોલ્યો, આ મ્હારી પુત્રી હવે

આપને સોંપવામાં આવે છે. આજસુધી આ કન્યા અમારી હતી તે હવે તમ્હારી થઇ ઈત્યાદિક સંપ્રદાય પ્રમાણે આચાર કરી વિજયપતાકાને શિખામણ આપવા લાગ્યો, હે પુત્રી ! એક મ્હારૂં હિતકર વચન તું સાંભળ—

निर्व्याजा दयिते ननान्दृषु नता श्वश्रूषु भक्ता भव,
स्निग्धा बन्धुषु वत्सला परिजने स्मेरा सपत्नीष्वपि ।
पत्युर्मित्रजने सनर्मवचना खिन्ना च तद्द्वेषिषु,
स्त्रीणां संवननं नतभ्रु ? तदिदं वीतौषधं भर्तृषु ॥ १ ॥
अभ्युत्थानमुपागते गृहपतौ तद्भाषणे नम्रता,
तत्पादार्पितदृष्टिरासनविधेस्तस्योपचर्या स्वयम् ।
सुप्ते तत्र शयीत तत्प्रथमतो जह्याच्च शय्यामिति,
प्राच्यैः पुत्रि ! निवेदिताः कुलवधूसिद्धान्तधर्मा अमी ॥ २ ॥

અર્થ—"હે સુંદરભ્રકુટીવાળી પુત્રિ ! ત્હારે નિરંતર પોતાના પતિ તરફ નિષ્કપટ ભાવે વર્ત્તવું, નણંદો આગળ નમ્રતા રાખવી, સાસુ સસરાની ભક્તિ કરવી, બંધુજનો ઉપર સ્નેહ દૃષ્ટિએ વર્ત્તવું, પરિજન ઉપર દાક્ષિણ્યતા રાખવી, સપત્ની (શોક) ઓ ઉપર પ્રીતિ રાખવી. પતિના મિત્ર વર્ગને નમ્ર વચનથી બોલાવવા, તેમજ તેમના વૈરીઓ ઉપર દ્વેષ ભાવ રાખવો, આ પ્રમાણે સ્ત્રીઓના વર્ત્તવાથી ભર્ત્તૃજનોનું વિના ઔષધે રક્ષણ થાય છે. વળી હે પુત્રિ ! જ્યારે પોતાના પતિ ઘેર આવે ત્યારે તેમને અભ્યુત્થાન આપવું, નમ્રતાપૂર્વક તેમનું વચન સાભળવું, તેમના ચરણ કમલમાં દૃષ્ટિ રાખવી, તેમને આસનાદિક આપવાની સેવા પણ પોતેજ કરવી, જ્યારે પતિ શયન કરે ત્યારપછી પોતે સુવું અને તેમના ઉઠ્યા પહેલાં ઉઠવું. હે વત્સે ! આ સર્વ કુલ વધૂઓના ધર્મ સિદ્ધાન્તમાં જ્ઞાનિ પુરૂષોએ કહેલા છે." એ પ્રમાણે પિતાનો

ઉપદેશ ગ્રહણ કરી વિજયપતાકા તેમના ચરણુમાં પડીને બોલી, હે તાત ! આપના કહ્યા પ્રમાણે સર્વદા હું વર્તીશ માટે એ સંબંધી કંઇપણ ચિંતા તમારે રાખવી નહીં. ત્યારબાદ તે અમિતગતિ અસુરેંદ્ર તેનીસેવામાં પાંચદેવીઓને મૂકી તેની અનુજ્ઞા લઇ પશ્ચાત્ કુમારે કરેલા સત્કારનો સ્વીકાર કરી વિજય ડંકાના નાદ સાથે તે પોતાના સ્થાનમાં ગયો.

ચંપાપુરીમાં પ્રવેશ.

હવે કુમાર પણ ત્યાંથી નીકળી તે ચંપાપુરીમાં અનુક્રમે જઇ પહોંચ્યો અને શ્રીષેણ રાજાને ખબર થવાથી તે પણ પરિવાર સહિત સામૈયું લઇ તેની સામો આવ્યો. વિમાનમાં બેઠેલી દેવીઓ સહિત વિજય પતાકાને જોઇ શ્રીષેણ રાજા બહુ વિસ્મિત થયો અને કુમારનું આગમન નિવેદન કરવા આવેલા પુરૂષને તેણે પૂછયું કે, શું આ વિમાનમાં કુમારની પાછળ કોઇ દેવીઓ બેઠી છે ? તે સાંભળી તે પુરૂષે પણ તે દેવીઓનું સર્વ વૃત્તાંત નિવેદન કર્યું. તે સાંભળી રાજાનું હૃદય હર્ષથી ભરાઇ ગયું અને વિચાર કરવા લાગ્યો કે આ કુમારનો કોઇ અલૌકિક પુણ્યોદય દેખાય છે. અન્યથા ઉત્તમ કુળમાં જન્મ, સર્વ કલાઓમાં કુશળપણું અને આવો અપૂર્વ વિનય તેનામાં કયાંથી હોય ? આવો પરાક્રમી આ કુમાર જ સર્વ રાજકુમારોનો પરાજય કરી મ્હારી કન્યાએ પ્રતિજ્ઞા કરેલો રાધાવેધ નિર્વિઘ્નપણે કરશે. વળી અન્ય વરની શંકાથી મ્હારૂં મન સંભ્રાંત થયું હતું, પરંતુ હવે મ્હારી તે શંકા દૂર થઇ ગઇ અને પરમશાંતિ રાખવામાં હવે મ્હને કંઇ પણ સંશય નથી. એમ નિશ્ચય કરી રાજા સ્વસ્થ થયો. ત્યારબાદ પ્રતિ સમયે નવીન નવીન આનંદને અનુભવતા કુમાર અને રાજા બન્ને મળીને પોતપોતાના પરિવાર સહિત ત્યાંથી ચાલ્યા. અનુક્રમે સમસ્તભોગ્ય પદાર્થો વડે ભરેલા અને કુમારને આપવા લાયક એવા ઉત્તમ એક આવાસમાં કુમારને ઉતારો આપી શ્રીષેણ રા-

જાએ વિજયપતાકાને પોતાની સાથે લઈ જઈ હવેલીમાં પોતાની કન્યાની પાસે મૂકી. તેમજ તેના માટે સર્વ ઉપચાર કરવાની ગોઠવણ કરી. ત્યારબાદ રાજાએ હુકમ કરી પ્રથમ નિર્માણ કરેલો રાધાવેધનો મંડપ સજ્જ કરાવ્યો.

રત્નમાલાની પ્રતિજ્ઞા. શ્રીપેણરાજાએ નિર્માણ કરેલા રાધાવેધના દિવસે સર્વ રાજકુમારોને નિમંત્રણ કરી બોલાવ્યા, તેથી સર્વે રાજકુમારો પોતે પોતાના અધિકાર પ્રમાણે સજ્જ થઇ તે મંડપમાં ગયા. તેમજ ભુવનમલકુમાર પણ અસુરેંદ્ર તરફથી મળેલાં ઉત્તમ વસ્ત્રાભરણો પ્હેરીને સર્વ સૈન્ય સહિત હાથી ઉપર સ્વારી કરી સ્વયંવર મંડપ આગળ આવ્યો અને હસ્તી ઉપરથી તે નીચે ઉતર્યો. બાદ મંચોઉપર ગોઠવેલાં સિંહાસનો ઉપર બેઠેલા એવા રાજકુમારો વડે સુશોભિત, તેમજ તેઓના મુકુટમણિઓની વિશેષ કાંતિરૂપ જટાને ધારણ કરતા અને નેત્રોને આનંદ આપતાં એવા, ઈંદ્રની સભા સમાન તે મંડપમાં પોતાની કાંતિવડે અન્ય રાજકુમારોને નિસ્તેજ કરતા તે કુમારે ઇન્દ્રની માફક પ્રવેશ કર્યો. તે સમયે પોતાના પિતા પાસે બેઠેલી રત્નમાલા તે કુમારને જોઈ તેમજ પરિજનના કહેવાથી તેના ગુણ જાણી બહુ વિસ્મત થઈ ગઇ અને પોતાના હૃદયમાં ચિંતવવા લાગી. રે દૈવ ! પુરૂષોમાં રત્ન સમાન આવો ઉત્તમ વર પ્રાપ્ત થયે છતે ત્હેં રાધાવેધની બુદ્ધિ મ્હને કેમ આપી ? અથવા હવે શોક કરવાનું કંઇ કારણ નથી, એમ ધારી તેણીએ પુનઃ પ્રતિજ્ઞા કરી કે જો આ કુમાર વિના અન્ય કોઈ પણ રાધાવેધ કરશે તો મ્હારે મરણ એજ શરણ છે.

રાધાવેધ. હવે મંડપની અંદર ઘણો ઉંચો અને મજબુત એવો એક સોનાનો સ્તંભ રોપ્યો છે તે સ્તંભની ઉપર સોનાની એક પુતળી નીચે મુખે સ્થાપન કરેલી છે. વળી તે પુતળીની નીચે બહુ વેગથી

પરિભ્રમણ કરતાં આઠ ચક્ર મુકેલાં છે. તેઓમાં કેટલાંક ડાબાં અને કેટલાંક જમણાં ભમ્યા કરે છે. તેઓની નીચે પૃથ્વી ઉપર તેલથી ભરેલી એક કુંડી ગોઠવી છે. તેમાં પડેલા તે પુત્તળીના પ્રતિબિંબને જોઇ સ્થિર ચિત્તે કિંચિત્ માત્ર પણ ઉપર જોયા વિના નીચી દૃષ્ટિએ પુત્તળીના વામ નેત્રની કીકી (તારા) વિંધવાની છે. આ પ્રમાણે સઘળી ગોઠવણ કરેલી છે. ત્યારબાદ શ્રીષેણ રાજા બોલ્યો, હે રાજકુમારો ! જે કોઈ આ રાધાવેધ કરશે તે પુરૂષ આ કન્યાને વરશે. પરંતુ તેમાં આ પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવી છે કે અહીં આવેલા સર્વ રાજકુમારોનાં નામ ભોજપત્રોમાં લખી તે ચીઠ્ઠીઓ માટીના ગોળામાં લપેટી તે સર્વ ગોળીઓ એક મ્હોટા સોનાના ગોળામાં નાખેલી છે, તેમાંથી અમારો પુરોહિત એક એક ચિઠ્ઠી બહાર કાઢશે અને તેની અંદર જેનું નામ આવશે તે રાજકુમારે રાધાવેધ કરવા ઉભા થવું. એ પ્રમાણે સર્વેને તે ઠરાવ સંભળાવ્યા બાદ પુરોહિતે પ્રથમ ચીઠી કાઢી એટલે તેમાં અયોધ્યા નરેશના પુત્ર મકરધ્વજનું નામ આવ્યું, તેથી તે ઉભો થયો અને પોતાના હાથમાં ધનુષ્ લઈ ધનુર્વેદના ગર્વ વડે તેને કુંડાલાકાર ચઢાવીને વિધિ પ્રમાણે તેણે બાણ માર્યું. પરંતુ શુદ્ધ વ્રતધારી મુનિના હૃદયમાં કામદેવના બાણની માફક તે બાણ ગોળાકાર ઉલટપાલટ ફરતા એવા ચક્રના આરાઓમાં અથડાઈને ભાગી ગયું. તેવીજ રીતે બીજા કેટલાક રાજપુત્રો પણ પોતાનો પ્રયત્ન નિષ્ફળ થવાથી મકરધ્વજ રાજકુમારની માફક લક્ષ્ય હીન થઇ ગયા. ત્યારબાદ પુરોહિતે અવસર જાણ્યો કે તરતજ શ્રીભુવન મલ્લકુમાર ઉભો થયો અને ધનુષ સજ્જ કરી બાણ ચડાવી અર્જુનની માફક તેણે રાધાની ચક્ર તારા વિંધી નાખી એટલે લોકોએ જય જય શબ્દો વડે મ [illegible] ગાજતો મુક્યો. તેમજ પોતાનું જીવન સફલ માનતી તે બાળાએ કુમારના કંઠમાં વરમાલા પહેરાવી. ત્યારબાદ શ્રીષેણ [illegible] [illegible] પ્રતિ [illegible] સહ [illegible] કુમારી અને [illegible]

એોમાં તિલક સમાન આ કન્યારત્નનો ઉદ્ધાર કરવા માટે સર્વ ક્ષત્રિય કુમારો નિરાશ થયા, તેમ છતાં જેણે આ કન્યા રત્નનો ઉદ્ધાર કર્યો તે વીર પુરૂષના ચરણમાં હું નમું છું. વળી જેનું વિજ્ઞાન ગર્વહીન છે અને પરોપકારોમાં ધૈર્ય પૂર્વક જેની બુદ્ધિ બહુ અગાધ છે એવા તે ભુવનમલ્લ રાજકુમારના ચરણકમલમાં હું પુનઃ પુનઃ નમસ્કાર કરૂં છું. એમ કહી સર્વાંગે રોમાંચ રૂપી કંચુકને ધારણ કરી શ્રીષેણ રાજાએ તે પુરોહિતને પોતાનાં મુકુટ સિવાયનાં સર્વ આભરણો અર્પણ કર્યાં. ત્યાર બાદ સર્વ રાજ લોકો પણ તે કુમારના સદ્‌ગુણોનું વર્ણન કરવા લાગ્યા. કારણ કે ગુણવાન્ પુરૂષ દરેકને પ્રિય થાય છે.

લગ્નમહોત્સવ. શ્રીષેણ રાજાએ સર્વ રાજમંડલ તથા રાજકુમારોનો યોગ્યતા પ્રમાણે સત્કાર કર્યો. એટલે તેઓ પણ પોતપોતાના સ્થાનમાં ચાલ્યા ગયા. પછી ફાગણ સુદિ પાંચમ ને ગુરૂવારના દિવસે ઉત્તમ લગ્ન સમયે સેંકડો માંગલિક ઉપચારો સાથે તે કુમારે રત્નમાલા અને વિજયપતાકાનું પાણિગ્રહણ કર્યું. ત્યારબાદ રાજાએ પણ કુમારની બહુ ભક્તિ કરી, પછી કુમાર તે બન્ને સ્ત્રીઓ સાથે વિમાનમાં બેસી શ્રીષેણ રાજાની આજ્ઞા લઈ ચંપા નગરીમાંથી નીકળ્યો. માર્ગમાં ચાલતાં અનેક નગર, પર્વત, વન, ઉદ્યાન અને ખેટ તથા કર્બટાદિકનું ઉલ્લંઘન કરતો તે થોડા સમયમાં કુસુમ પુરના નજીકના ગામમાં ગયો, એટલે તેના પિતાને સમાચાર મળવાથી સ્વાગત મહોત્સવ પૂર્વક પોતે રાણીઓ સહિત તેની સ્હામા આવ્યા. કુમારે પણ બન્ને સ્ત્રીઓ સહિત વિમાનમાંથી નીચે ઉતરી માતા પિતાને નમસ્કાર કરીને સ્નેહી વર્ગનો સંભાષણ વડે સત્કાર કરી મહોત્સવમય એવા પોતાના નગરમાં પ્રવેશ કર્યો. ત્યારબાદ સર્વ લોકો પોતપોતાને ઘેર ગયા. અને રાજા તથા કુમાર વિગેરે પોતાના આવાસભવનમાં ગયા. ત્યા ભોજન કર્યા બાદ કુમારના

મિત્ર સિંહમંત્રીએ પ્રયાણથી આરંભી અહીં આવ્યા સુધીનું સર્વ વૃત્તાંત યથાર્થ રીતે રાજાની આગળ નિવેદન કર્યું. તે સાંભળી હેમચંદ્ર રાજા બહુ પ્રસન્ન થયો અને બીજે દિવસે પોતાના રાજ્યમાં તે કુમારને સ્થાપન કરીને પોતે શ્રી અભયદેવ સૂરિ પાસે નિરવદ્ય દીક્ષા ગ્રહણ કરી.

હેમચંદ્રમુનિ.

વિધિ પ્રમાણે ચારિત્ર પાળતા એવા તે હેમચંદ્ર મુનિ સમગ્ર અંગોપાંગનો અભ્યાસ કરી અનુક્રમે ગીતાર્થ થયા. ત્યારબાદ અભયદેવ સૂરીશ્વરે પોતાના સૂરિપદે તેમને સ્થાપન કર્યા. પછી તે હેમચંદ્ર મુનિ ભવ્યજનોને પ્રતિબોધ આપતા પ્રતિબંધ રહિત વિહાર કરવા લાગ્યા. જૈનશાસનની પ્રભાવના રૂપી દર્પણ જેના હસ્તમાં રહેલું છે એવી તપશ્ચર્યા રૂપી સ્ત્રીના સંગમાં હમ્મેશાં રહ્યા છે છતાં પણ તે મુનિ બ્રહ્મચારી વર્ગમાં ચૂડામણિ સમાન ગણાતા હતા, વળી તેઓ ભવ્ય પ્રાણીઓને સુગતિ માર્ગનો ઉપદેશ આપતા હતા એટલુંજ નહીં, પરંતુ દુર્મતિઓને નરકાદિકના ભયનો પણ ઉપદેશ આપતા હતા. તેમજ તે સૂરીશ્વર હમ્મેશાં દેશના રૂપી પટહઘોષણાવડે સર્વ જીવોને અભયદાન આપતા હતા. વળી જેમના ઉપદેશ માત્રથી સર્વ રાજાઓ તત્કાલ જીનેંદ્રભગવાનના શાસનને ઉત્તમ સુવર્ણમય કલશ અને ધ્વજદંડો વડે સુશોભિત કરવા લાગ્યા તેમજ રથયાત્રાઓ અને અષ્ટાન્હિક મહોત્સવો વડે ખલ પુરૂષોને ક્ષોભકારક એવું સમસ્ત જૈનશાસન દીપવા લાગ્યું. એમ અનેક પ્રકારનો ઉદ્યોત કરતા, તેમજ સૂર્યની માફક તપશ્ચર્યા રૂપી કિરણોના સમૂહવડે માંડલિક નૃપાદિકના મોહરૂપી અંધકારને દૂર કરતા હેમચંદ્ર સૂરીશ્વર પૃથ્વી પર વિહાર કરવા લાગ્યા.

ભુવનમલ્લ રાજાએ પણ સદોદિત રાજ્યની વ્યવસ્થા એવી ચલાવી કે ગત કાલને પણ સજ્જનો જાણતા નથી. વળી જ્યાં પો-

સિંહમંત્રીનો દુરાચાર. તાની આજ્ઞા પ્રવર્ત્તે છે તે દેશનો દુર્જનોએ ભય પામી સર્વથા ત્યાગ કર્યો. જેમ ગરૂડના સંચારવાળા સ્થાનમાં સર્પો રહી શકતા નથી તેમ ભુવનમલ્લ રાજાનો દેશ દુર્જનોને અગમ્ય થઈ પડ્યો. ત્યારબાદ ભુવનમલ્લ રાજાએ તે સિંહને મંત્રીપદ આપ્યું. તેથી તે અધિકાર પામીને સિંહમંત્રી સર્વ માનવરૂપ મૃગલાઓને સિંહ સમાન થઈ પડ્યો તેમજ બહુ સંખ્યાબંધ અપૂર્વ કારાગૃહ નવીન બંધાવવા લાગ્યો. વળી પ્રથમના મંત્રીઓએ માત્ર અપરાધની શંકાને લીધે જેઓને જેલમાં પૂરેલા હતા, તેવા નિરપરાધીઓનાં પણ સિંહ મંત્રીએ પોતાની ઉદ્ધતાઈવડે ભોજનપાન બંધ કરાવ્યાં, તેથી કેટલાક તો ભુખના માર્યા મરણવશ થઈ ગયા. તેમજ કેટલાક તૃષાને લીધે નેત્રહીન થઈ મરણ પામ્યા. એ પ્રમાણે તેનું દુષ્ટ ચરિત્ર જાણી રાજાએ કહ્યું, રે સિંહ! ભવસાગર તરવામાં નાવ સમાન એવા આ ઉત્તમ પ્રથમ વ્રતને ગ્રહણ કરી પ્રમાદને લીધે તું મલિન શા માટે કરે છે! કારણકે વારંવાર આવો ઉત્તમ ધર્મ મળવાનો નથી. એમ સમજી પ્રથમ વ્રતની રક્ષા કરવામાં એટલું તારે યાદ રાખવું કે કોઈપણ નિરપરાધી પુરૂષને કારાગૃહમાં નાખવો નહીં. તેમજ જેઓ થોડા અપરાધિ હોય તેઓને પણ ભોજન પાણીનો નિષેધ કરવો નહીં. આ પ્રમાણે રાજાનું વચન સાંભળી સિંહ બોલ્યો, હે રાજાધિરાજ! હવેથી હું આપના હુકમ પ્રમાણે વર્તિશ, એમ કહીને ફરીથી પણ પ્રથમની માફકજ તે પ્રવૃત્તિ કરવા લાગ્યો. કારણકે દુર્જનને કોઈ દિવસ ઉપદેશ લાગતો નથી જેમકે-

" सुमापितं हारि विशत्यधोगला-न्नदुर्जनस्यार्करिपोरिवामृतम् ।
तदेव धत्ते हृदयेन सज्जनो-हरिर्महारत्नमिवातिनिर्मलम् ॥ "

અર્થ—"રાહુને અમૃતની માફક દુર્જનને મનોહર સદુપદેશ કંઠથી નીચે ઉતરતો નથી. વળી જેમ વાસુદેવ અમૂલ્ય અને અતિ

નિર્મળ એવા કૌસ્તુભ મણિને ધારણ કરે છે તેમ સજ્જન પુરૂષ તેજ સદુપદેશને હૃદયમાં ધારણ કરે છે." ફરીથી પણ સિંહનો દુરાચાર રાજાના જાણવામાં આવ્યો તેથી તેણે બહુ ઠપકો આપીને કહ્યું કે, "મ્હેં ના પાડી છતાં પણ મ્હારૂં કહ્યું તું માનતો નથી અને ત્હારા મનનું ધાર્યું જ તું કરે છે ? અને અકૃત્યથી શાંત થતો નથી; વળી આ પ્રમાણે ત્હારા દુરાચારની ઉપેક્ષા કરવાથી મ્હારૂં પણ વ્રત અતિચારવાળું થાય છે. તે સાંભળી સિંહમંત્રી બોલ્યો કે રાજન્ ! આપનું વ્રત આપ અખંડિતપણે પાળો અને અતિચાર દોષ ન લાગે તેવી રીતે કરો. વળી આ તમ્હારી મંત્રીની મુદ્રા ઇચ્છા પ્રમાણે કોઇ અન્ય મંત્રીને ખુશીથી તમે આપો. રાજા બોલ્યો, તું અધિકારની મુદ્રા છોડી દઇશ તેથી કિંચિત્ માત્ર પણ મ્હને દુઃખ નથી. પરંતુ આ વ્રત નિયમની મુદ્રાનું તું ઉલ્લંઘન કરે છે તેથી મ્હારૂં હૃદય અત્યંત દગ્ધ થાય છે માટે તું મંત્રીની મુદ્રા છોડતો હોયતો ભલે છોડી દે એમાં કંઇ પણ દોષ નથી. કારણકે આવી રીતે મંત્રીમુદ્રાને ધારણ કરવાથી તું ત્હારા સ્વર્ગ અને મોક્ષદ્વારને બંધ કરે છે તદુપરાંત વ્રત મુદ્રાનો ત્યાગ કરવાથી ઘોર સંસારમાં અનંતકાળ સુધી તું દુઃખ પરંપરાનો ભોક્તા થઇશ. માટે મંત્રીપદ છોડવું ત્હારે ઉચિત છે પરંતુ વ્રત મુદ્રાનો ત્યાગ કરવો ઉચિત નથી. આ પ્રમાણે નરેંદ્રનાં શિક્ષા વચન સાંભળી સિંહમંત્રી પોતાની મંત્રીમુદ્રા ફેંકી દઇ રાજાની આજ્ઞા લીધા વિના પોતાને ઘેર ચાલ્યો ગયો. ત્યારબાદ શ્રાવક ધર્મમાં બહુ રાગી અને બુદ્ધિમાન્ એવા સુમતિ નામે પ્રધાનને તે મંત્રીમુદ્રા આપીને રાજા પોતે નિશ્ચિત ભાવે જૈન ધર્મની આરાધના કરવા લાગ્યો. તેમજ અનેક હેતુપૂર્વક રથયાત્રાદિક ઉત્સવોવડે જૈનશાસનની ઉન્નતિ કરવા લાગ્યો. સ્વલ્પ ગુણવાન્ એવા પણ સાધર્મિક જનોને તે આત્મ સમાન માને છે.

સિંહમંત્રીએ પોતાના સમયમાં ખંડણી વેરાનું દ્રવ્ય ખંડિત

નિર્વાણપદપ્રાપ્તિ. કરવાથી પદ્મગામના કોઇએક રાજાને કારાગૃહમાં પૂર્યો હતો. તે રાજા ક્ષુધા તૃષાથી મરણ પામી વ્યંતરદેવ થયો હતો. ત્યાં પૂર્વ ભવના વૃત્તાંતનું સ્મરણ થવાથી તે વ્યંતરે સિંહને આકાશમાં ઉપાડી લઇ સમસ્ત નગરવાસી લોકોને દેખતાં પોતાનું વૈર લીધું. ત્યારબાદ બહુ રૂદન કરતો તે સિંહમંત્રી મરીને પ્રથમ નરક ભૂમિમાં ઉત્પન્ન થયો. ત્યાંથી નીકળી ફરીથી તે સંસાર ભ્રમણ કરશે. ત્યારબાદ ફરીથી પણ મહા દુઃખે બોધી જ્ઞાન પામીને સિંહના ભવમાં પ્રાપ્ત થએલા સમ્યક્ત્વ વ્રતના પ્રભાવથી મોક્ષપદ પણ તે પામશે.

હવે હેમચંદ્ર સૂરીશ્વર ભવ્યજનોને બોધ આપતા વિહાર કરી અનુક્રમે ત્યાં આવ્યા. ભુવનમલ્લ રાજા પોતાની સ્ત્રીસહિત ત્યાં જઇ વંદન કરી નીચે બેઠો. ગુરૂ મહારાજની દેશનારૂપ દાવાનળવડે કર્મ રૂપી ઇંધન બળી ગયાં અને વૈરાગ્ય ભાવથી રાજાનું હૃદય ભરાઇ ગયું. જેથી મદન નામે રત્નમાલાના પુત્રને રાજ્યમાં સ્થાપન કરી વિજયપતાકા સહિત ભુવનમલ્લ રાજા મ્હોટા વૈભવ સાથે ગુરૂ પાસે દીક્ષા લઇ પ્રચંડ કર્મરૂપી બખ્તરનો ત્યાગ કરી નિર્વાણસુખ પામ્યો.

इति भक्तपानव्यवच्छेदे सिंहमंत्रिदृष्टान्तः समाप्तः तत्समाप्तौ श्रीमल्लक्ष्मणगणिविरचितप्राकृतपद्यबन्धश्रीसुपार्श्वजिनचरित्रास्य श्रीमत्कल्पसूरिपुरन्दरायमाणपरमगुरुतपागच्छाधिराजशास्त्र विशारदजैनाचार्ययोगनिष्ठाध्यात्मज्ञानदिवाकरश्रीमद् बुद्धिसागरसूरिशिष्यप्रसिद्धवक्तेति लब्धख्याति, व्याख्यानकोविद पन्यासश्रीमदजितसागरगणिकृतगुर्जर भाषानुवादे प्रभुदेशनाप्रबन्धे सदृष्टान्तातीचारव्याख्योपेतं प्रथममणुव्रतं समाप्तम् ॥

—*—

દ્વિતીય સ્થૂલમૃષાવાદવિરમણવ્રત.

કમલશ્રેષ્ઠીનીકથા.

દાનવીર્ય રાજા બોલ્યો, હે ભગવન્ ! આપના પવિત્ર મુખથી પ્રથમ અણુવ્રતનું સ્વરૂપ અતિચાર સહિત અમે શ્રવણ કર્યું. પરંતુ હવે કૃપા કરી દ્વિતીય અણુવ્રતને પણ દૃષ્ટાંત સહિત સંભળાવી અમને કૃતાર્થ કરો. આ પ્રમાણે રાજાનો પ્રશ્ન સાંભળી શ્રીસુપાર્શ્વ પ્રભુ બોલ્યા હે રાજન્ ! તારી આવી અદ્ભૂત ધર્મ જીજ્ઞાસા જાણી મ્હને પણ ધર્મ તત્ત્વ કથન કરવાને બહુ આનંદ થાય છે, માટે હવે તું તે સાવધાન થઈ સાંભળ–કન્યા, ગાય અને ભૂમિ સંબંધિ અસત્ય વચન સજ્જન પુરૂષોએ કદાપિ બોલવું નહીં, તેમજ કોઈની દ્રવ્યાદિક થાપણ ઓળવવી નહીં અને જૂઠી સાક્ષી પણ પૂરવી નહીં. કારણ કે તેમ કરવાથી ધર્મમાં મ્હોટું દૂષણ લાગે છે. વળી જેમ કમલશ્રેષ્ઠી વિઘ્ન રહિતપણે યશ અને સંપત્તિઓનો ભોગી થયો તેમ યથાર્થ સત્યવાદી પુરૂષ ઉભય લોકમાં સુખી થાય છે.

કમલશ્રેષ્ઠી.

આ ભરતક્ષેત્રમાં ઉત્તમ કેશપાશથી સુશોભિત અને બહુ વિલાસવાળી પ્રમદાના મુખ સમાન મનોહર, તેમજ ભવ્ય હવેલીઓની પંક્તિઓવડે વિભૂષિત એવું વિજયપુર નામે નગર સર્વ લોકમાં પ્રસિદ્ધ છે. તેમાં મનુષ્ય લોકનો રાજા છતાં પણ સુરજન (રત્ન) (દેવલોક=સારાં રત્નો) નો અધિપતિ યશઃસાગર નામે રાજા છે. વળી હરિણી સમાન વિશાલ છે નેત્રો જેનાં એવી વસુમતી નામે તેની સ્ત્રી છે. ધર્મમાં અતિ કુશળ તેમજ બહુ ધનાઢ્ય, શ્રાવકોમાં અગ્રણી અને બહુ પ્રખ્યાતિ પામેલો એવો કમલશ્રેષ્ઠી તે નગરમાં રહેતો હતો અને

કમલશ્રી નામે તેની સ્ત્રી હતી. તેઓને ન્યાયરૂપે વિમલ અને આચારરૂપે અમલ એટલે મલ રહિત એવો એક પુત્ર હતો. વળી તે દોષાકર (દોષા એટલે રાત્રીનો કલ્યાણહોનોનો આકર-ભંડાર) અને તે કલાઓનું કુલ ભવન હતો છતાં પણ ગોમ નહીં અર્થાત્ શાંતિદાયક નહોતો. એક દિવસ પોતાના પિતા કમલશ્રેષ્ઠીએ ના પાડી છતાં પણ તે વિમલ વ્યાપાર કરવા માટે દેશાંતર જવા તૈયાર થયો. અને તે દેશમાં ખપે તેવાં અનેક પ્રકારનાં કરીયાણાનાં ગાડાં ભરી બહુ બળદો પાસે ખેંચાવી સ્થળ માર્ગે તે ચાલતો થયો. વળી પોતાની સાથે બીજા પણ ઘણા વેપારીઓને તેણે લીધેલા છે. અનુક્રમે તેઓ સોપારક દેશની નજીકના મલયપુર નગરમાં ગયા. ત્યાં પોતાની વસ્તુઓ વેચીને ત્યાંથી બીજું કેટલુંક કરીયાણું તેઓએ ખરીદ કર્યું અને તેનાં ગાડાં ભરી પોતાના દેશ તરફ પ્રયાણની તૈયારી કરી. તેટલામાં અકસ્માત્ અકાલ વૃષ્ટિ થઈ. ક્ષણમાત્રમાં અપાર જળ પડવાથી સર્વ માર્ગો પૂરાઇ ગયા. તેથી પ્રયાણ બંધ રાખી કેટલોક સમય તેઓ ત્યાંજ રહ્યા. એવામાં સાગર નામે એક વણિક સમુદ્ર ઉતરીને તે નગરમાં આવ્યો. ત્યાં આવતાંજ તેને વિમલે જોયો. અહો ! આ મ્હારા નગરનો વેપારી છે. એમ જાણી વિમલે બહુ સત્કારપૂર્વક તેની ભક્તિ કરી અને કહ્યું કે, તમે અહીં આવ્યા તે બહુ સારૂં થયું, કેમકે હવે આપણે બન્ને આપણા દેશમાં સાથે જઇશું. આ પ્રમાણે વિમલનો પ્રેમ જોઈ બહુ સંતુષ્ટ થએલો સાગર વણિક બોલ્યો, હે ભાઇ ! તમે પંદર દિવસ અહીં રહો તો બહુ સારૂં, કેમકે તેથી તમ્હારી સાથે મ્હારે પણ વાતચિતની ગમ્મત આવે અને તેટલામાં કેટલુંક કરીયાણું વેચી તેના બદલામાં બીજું કંઇક ખરીદીને હું પણ આપની સાથેજ દેશમાં આવીશ. કારણકે અહીંયાં વાણિયાઓની સાથે મ્હારે કેટલોક વેપાર બંધ બેઠો છે. વિમલે તેનું વચન માન્ય કરી

સાગરને પોતાના સાથમાં રાખ્યો. અને ભોજનપાન પણ તેને પોતાની સાથેજ કરાવે છે. બાદ થોડા સમયમાં સાગરનું કરીયાણું બહુ જલદી વેચાવા લાગ્યું. વેપારીઓને ત્યાં હુમ્મેશાં વિમલ પણ સાગરની સાથે જાય છે અને બીજું નવીન પણ ઘણું કરીયાણું ખરીદે છે. તે દરમીયાનમાં વિમલ પોતાની ચતુરાઈ વડે ખાનગી રીતે વેપારીઓ પાસેથી હાથની સંજ્ઞા જણાવી બહુ લાભ મેળવે છે અને તેમાંથી જૂઠું બોલી કેટલુંક ધન પોતાની પાસે રાખે છે. એ પ્રમાણે પોતાની હોંશીયારી સમજી વિમલે સાગરને છેતરી દશ હજાર સોનૈયા પોતાને કબજે કર્યા. આ પ્રમાણે શુદ્ધ સ્વભાવવાળા સાગરની સાથે વિમલે બહુ પ્રીતિ સંપાદન કરી અને પછી તે બન્ને સાથે પોતાના દેશમાં ચાલ્યા. નિરંતર પ્રયાણ કરતા તેઓ બહુ સ્નેહપૂર્વક માર્ગમાં ચાલવા લાગ્યા. ઉત્તમ અશ્વાદિકના સાધનને લીધે તેઓ અનુક્રમે પોતાના નગરની નજીકમાં ગયા. એટલે વિમલના પિતા પોતાના પુત્રના સ્નેહને લીધે તેને મળવા માટે સ્હામા આવ્યા. તે બન્ને જણાએ બહુ માનપૂર્વક કમલશ્રેષ્ઠીને નમસ્કાર કર્યા. પછી તે પણ તેઓને મળ્યો.

વિમલનુંકપટ.

ત્યારબાદ કમલશ્રેષ્ઠી પણ તેઓની સાથે પોતાના નગર તરફ ચાલ્યો. માર્ગમાં ચાલતાં સાગર બોલ્યો, હે મિત્ર ! મ્હેં નજરે તો જોયું નથી. પરંતુ અનુમાનથી એક સત્ય વૃત્તાંત કહું છું તે તું સાંભળ. અહીંથી આગળ કેરીઓનું ભરેલું એક ગાડું જાય છે, તેનો હાંકનાર બ્રાહ્મણ છે અને તે કુષ્ઠરોગી છે. વળી જમણી બાજુએ જોડેલો બળદ કુબડો અને ગળીઓ છે. તેમજ ડાબી બાજુએ જોડેલો બળદ એક પગે ખોડો છે. તેની આગળ તરીઓળ જોડેલી છે અને તેનો ચલાવનાર જાતનો ચાંડાલ છે વળી તે તેને અડકતો નથી. તેમજ જેના ગર્ભમાં પુત્ર રહેલો

છે, જેણી પોતાના સ્વામીથી રીસાએલી છે, જેણે શરીરે કુંકુમને લેપ કર્યો છે, બકુલપુષ્પની માળાથી જેનો કેશ પાશ ગુંથેલો છે, મણયુક્ત છે શરીર જેનું, રાતું વસ્ત્ર જેણે ઓઢેલું છે અને જેનો પ્રસવ કાળ નજીકમાં આવેલો છે એવી એક સ્ત્રી તે ગાડાની પાછળ ગએલી છે અને વળી તે સ્ત્રી તરીઓળની ઉપર બેઠેલી છે. તે સાંભળી વિમલ બોલ્યો, હે મિત્ર ! તું તો ઉત્તમ જ્ઞાનીની માફક બોલે છે, પરંતુ મુખે આવે તેટલું બોલવું તે તને યુક્ત નથી. જેમ તેમ તો બાલકો બોલે; પણ વિશેષે કરી આપના સરખા સજ્જનો નજ બોલે. ત્યારબાદ સાગર બોલ્યો, હે ભદ્ર ! હું અસત્ય નથી બોલતો, તેમજ અણુ માત્ર પણ મ્હારૂં કહેવું અન્યથા થવાનું નથી. અથવા હાથમાં કંકણ આવ્યા પછી તેને જોવા માટે આરીસાની કંઇ જરૂર રહેતી નથી, હે બાંધવ ! તે ગાડું આપણી નજીકમાં જ જાય છે, માટે ચાલ ત્હારે જોવું હોય તો આપણે ત્યાં જઇએ. ત્યારે વિમલ બોલ્યો, હે ભાઈ ! આટલી બધી બડાઈ શા માટે મારે છે ? તે સાંભળી સાગર બોલ્યો, ત્હારા જેવા ધૃષ્ટની સાથે બોલવાથી હું પણ ધૃષ્ટજ ગણાઈશ. આ પ્રમાણે સાગરનું વચન સાંભળી વિમલ પોતાના હૃદયમાં વિચાર કરવા લાગ્યો કે આનું સર્વ ધન લઈ લેવાનો આ સમય ઠીક આવ્યો છે. એમ જાણી તે બોલ્યો, જો આ વાત સર્વ સત્ય હોય તો મ્હારો સર્વમાલ હું ત્હારે સ્વાધીન કરૂં, નહીં તો ત્હારી સર્વ દોલત હું મ્હારે સ્વાધીન કરૂં. આ પ્રમાણે નક્કી કોલકરાર કરી સાગરશ્રેષ્ઠીએ કમલ શ્રેષ્ઠીને કહ્યું કે, આ બાબતમાં તમે સાક્ષી છો. કમલ શ્રેષ્ઠી બોલ્યો, હે સાગર ! વિમલ તો મૂર્ખ છે પણ તમે શું તેના જેવા થાઓ છો ? આ પ્રમાણે પોતાના પિતાનું વચન સાંભળી વિમલ બોલ્યો, હે તાત ! આવા સમયમાં આ પ્રમાણે મ્હારી લઘુતા કરવી તે શું તમને યોગ્ય લાગે છે ? વળી દીવ્ય જ્ઞાનીની માફક આનું બોલવું શું તમને

સત્ય લાગે છે ? જેથી મ્હારૂં અપમાન કરવા તમે તૈયાર થયા છો. ત્યાર બાદ કમલ શ્રેષ્ઠીનો અભિપ્રાય જાણી સાગર બોલ્યો, જો તમ્હારો પુત્ર મ્હારા પગમાં પડે તો હું તેને વચનથી મુક્ત કરૂં. ત્યારે વિમલ બોલ્યો, જ્યારે હું ત્હારૂં સર્વ ધન ગ્રહણ કરી લઈશ ત્યારે નિરંતર ત્હારે ભિક્ષા માટે ભમવું પડશે તે સમયે ત્હારા પગમાં કુતરાઓ પડશે. તું શા માટે ચિંતા કરે છે ? આ પ્રમાણે પુત્રનું બોલવું સાંભળી કમલ શ્રેષ્ઠી મૌન રહ્યો. ત્યારબાદ વિમલ અને સાગર બન્ને જણા ઘોડાઓ ઉપર બેસી ચાર ગાઉ ઉપર ચાલતા ગાડાની પાછળ જઈ પહોંચ્યા, પરંતુ ત્યાં સ્ત્રી ન દીઠી તેથી વિમલ પોતાના હૃદયમાં બહુ ખુશી થયો અને તેણે જાણ્યું કે હવે સાગરનું સર્વ ધન મ્હારા કબજામાં આવી જશે. એમ વિચારી તેણે સારથીને પૂછ્યું કે, તમ્હારા ગાડામાં એક સ્ત્રી બેઠેલી હતી તે કેમ દેખાતી નથી ? સારથી બોલ્યો, તે સ્ત્રી સગર્ભા છે તેથી તેને શૂળની પીડા થવાથી અહીં તે પ્રસૂતિનો સમય જાણી નજીકના વનની અંદર ગઈ છે. વળી તેનાં માબાપ અહીં પાસેના નગરમાં રહે છે. તેથી તેઓને પ્રસવના સમાચાર આપવા માટે હાલજ મ્હેં અહીંથી મ્હારા માતંગને મોકલ્યો છે. હે ભદ્ર ! હું બ્રાહ્મણ છું, અને આ વાણિઆની સ્ત્રી છે, તે તેના પતિના મારથી રીસાઈને આવતી હતી; એટલામાં માર્ગમાં અમને તે મળી. અમે બન્ને એક ગામમાં રહીએ છીએ, વળી તે સ્ત્રી મ્હારા પાડોશમાં રહે છે, તેથી હું અહીં રોકાયો છું. એમ તેઓ વાત કરતા હતા તેટલામાં તે માતંગ ત્યાં આવી પહોંચ્યો અને બોલ્યો કે, એની માતા મ્હારી પાછળજ આવે છે, એમ કહી પોતે નીચે બેઠો એટલામાં પાલખીમાં બેસીને તેની મા પણ ત્યાં આવી. બ્રાહ્મણે જ્યાં તે સ્ત્રી હતી તે સ્થાન તેને બતાવ્યું એટલે તેની મા તે સ્થાનમાં ગઈ અને જોયું તો પોતાની પુત્રીને પુત્ર જન્મ્યો હતો. ત્યારબાદ

તેની આસનાવાસના કરી પોતાની પુત્રીને પાલખીમાં બેસાડી તે બ્રાહ્મણને પુત્ર જન્મના સમાચાર કહી તે પોતાને ઘેર ગઈ. વિમલે જાણ્યું કે સાગરનું કહેવું સત્ય થયું. વળી કમલશ્રેષ્ઠીએ પણ આ સર્વ વૃત્તાંત પ્રત્યક્ષ રીતે જોયું. ત્યારબાદ તેઓ પોતાના નગરની પાસમાં જઇ પહોંચ્યા. એટલે સાગરે વિમલને કહ્યું કે આ બે ઘોડા તેમજ સર્વ કરીયાણું ઘેર જઇને તું મ્હારે ઘેર મોકલાવજે. તે સાંભળી વિમલ બોલ્યો, હું કેવળ હાસ્યપાત્ર થયો છું; માટે તમને જેમ યોગ્ય લાગે તેમ બોલો. સાગરે વિચાર કર્યો કે આ લુચ્ચો છે, તેમજ જૂઠો અને બે મુખે બોલનાર છે, તેથી તેને ખોટું લાગે તેવાં વચન બોલવાં યોગ્ય નથી. એમ જાણી સાગર બોલ્યા વિના પોતાને ઘેર ગયો. વિમલ અને તેના પિતા પણ પોતાને ઘેર ગયા. ત્યારબાદ સર્વ માલ નગરની બહાર આવી પહોંચ્યો એ વાત સાગરના જાણવામાં આવી કે તરતજ ત્યાં જઈ વિમલના આવ્યા પહેલાં તેણે સર્વ માલ પોતાની વખારમાં બલાત્કારે નંખાવી દીધો. તે સમયે વિમલના તાબાના માણસોએ વિમલની પાસે જઈ આ સર્વ વૃત્તાંત જણાવ્યું. વિમલે પણ તે વાત પોતાના પિતાને કરી અને વિશેષમાં તેણે પૂછયું કે, હે તાત ! હવે આ આપત્તિ રૂપી અગાધસમુદ્રને મ્હારે કેવીરીતે તરવો ? વળીહે પિતાજી ! આ બાબતમાં તમે સાક્ષી છો તેથી સ્વસ્થ ચિત્તે મ્હારી સત્ય હકીકત સાંભળો, કેમકે મ્હેં જે વાત કરી હતી તે તો હસવા તરીકે કરી હતી પરંતુ તેણે તો તે વચન સત્ય માની આપણો કેટલો અનર્થ કર્યો ! વળી આ પ્રમાણે ઘણા લોકો પરસ્પર હાસ્ય તો કરે છે, પરંતુ જેમ આ વણિક મ્હારા ધનમાં લુબ્ધ થઇ દુષ્ટ થયો તેવી રીતે કોઈપણ આવો અત્યાચાર કરતા નથી. શું હાસ્ય વચનથી કોઈપણ આ પ્રમાણે પોતાનું ધન આપી દે ખરો ! માટે હે તાત ! તમે સાગરની પાસે જાઓ અને તેને સમજાવો.

કલંકિત ન કર. એ પ્રમાણે કમલ શ્રેષ્ઠીએ બહુ સમજાવ્યો તોપણ વિમલ વાયુથી પ્રેરાયેલા અગ્નિની પેઠે પ્રજ્વલિત થઈ ભ્રકુટી ચઢાવી બોલવા લાગ્યો, હે તાત ! હાલમાં મ્હારૂં કહેવું શું છે તે તમે સાંભળતા નથી અને પ્રથમની વાત સંભાળો છો. હવે વિષની માફક પ્રથમની તે વાત પડતી મૂકો, તેનું હવે કંઇ કામ નથી. તમે પણ મુખે મધુર અને પરિણામે વિષ સમાન છો, માટે મૌન વ્રત ધારણ કરી પોતાના ઘરમાં એક તરફ બેઠી રહો અને પોતાની શક્તિ મુજબ જૈનધર્મનું ભજન કરો. મ્હારા કહ્યા પ્રમાણે વર્ત્તવાની તમ્હારે કંઇ જરૂર નથી. ભલે તમે તમારૂં ધાર્યું કરો ! આ પ્રમાણે પોતાના પિતાને ઠપકો આપી વિમલ વણિક્ રાજાની પાસે ગયો, અને તેમના ચરણમાં પ્રણામ કર્યા બાદ ભેટ મૂકીને તે નીચે બેઠો.

નૃપસભામાં ન્યાય.

રાજાએ કુશળ વૃત્તાંત પૂછ્યું કે, હે વિમલ ! તમે બહુ દિવસે દેખાયા. દેશાંતર જઇને કેટલું દ્રવ્ય મેળવ્યું? બાદ વિમલ બોલ્યો, હે સ્વામિન્! આપના પ્રતાપથી સર્વ કુશલ છે. પરંતુ એકદમ વરસાદ પડવાથી કેટલાક દિવસ મ્હારે ત્યાં રોકાવું પડ્યું. વળી હે રાજાધિરાજ ! ત્યાં જવાથી મ્હેં બહુ દ્રવ્ય મેળવ્યું છે. પરંતુ સાગરશ્રેષ્ઠીએ તે મ્હારૂં સર્વ ધન અહીં આવ્યા પછી લઈ લીધુ છે. તે લઇ લેવાનું શું કારણ ? તે સંબંધી હકિકત આપ તેને અહીં બોલાવી પૂછી જુઓ. ત્યારબાદ રાજાએ સાગરને બોલાવીને પૂછ્યું. એટલે સાગરે નમ્રતાપૂર્વક જણાવ્યું કે, હે નરાધીશ! આપ કૃપા કરી આ બાબત કમલશ્રેષ્ઠીને પૂછો. કારણ કે તે અમારા બન્નેના સાક્ષી છે. તે સાંભળી વિમલ બોલ્યો, રે ધૃષ્ટ ! આ મ્હારૂં સર્વ ધન ત્હેં પોતે લઈ લીધુ છે અને કમલશ્રેષ્ઠીને વાત પૂછાવે છે તેમજ

વળી પોતે તો બોલતો નથી ? આ ત્હારી કેવી લુચ્ચાઈ છે ? બાદ રાજાએ સાગરને હુકમ કર્યો કે હે શ્રેષ્ઠિન્ ? આ હકિકત તું પોતે કહે તો ઠીક. આપની આજ્ઞા પ્રમાણે છે એમ કહી સાગર વિનય પૂર્વક બોલ્યો, હે નરદેવ ! અમે બન્ને વેપાર કરી એક સાથે અહીં આવતા હતા. તેવામાં રસ્તે ચાલતાં માર્ગમાં ગાડાનો ચીલો પડેલો મ્હેં જોયો. તે ઉપરથી વિમલને મ્હેં કહ્યું કે આ રસ્તે કેરીનું ગાડું ગયેલું છે. અને તેનો હાંકનાર કુષ્ઠરોગવાળો બ્રાહ્મણ છે—વિગેરે અહીં રાજાની પાસે આવ્યા ત્યાં સુધીનું સર્વ વૃત્તાંત તેણે રાજાની આગળ નિવેદન કર્યું. તે સાંભળી રાજાએ પ્રશ્ન કર્યો કે આ વાત ત્હેં સાંભળી નહોતી તેમજ આ બનાવ ત્હારા દેખવામાં પણ આવ્યો નહોતો, છતાં ત્હેં શા ઉપરથી આ હકિકત જાણી ? સાગર બોલ્યો, હે નરેંદ્ર ! બળીઓ બળદ ચાલતાં ચાલતાં બહુવાર ધૂળમાં બેસી જાય છે. તેથી ધૂળમાં પડેલી તેના અંગની નીશાની જોઇને તે બળદ કુબડો છે એમ મ્હેં જાણ્યું. તેમજ ડાબી બાજુએ લંગડો બળદ છે, તે તેની ચાલનાં પગલાં ઉપરથી જાણવામાં આવ્યો. માર્ગમાં વેરાએલા કેરીની સુગંધવાળા કોદાના ચાસ ઉપરથી કેરીનું ગાડું છે એમ નક્કી જાણ્યું. હે ન્યાયરત્ન ! મને કોઈ શાસ્ત્રનું જ્ઞાન નથી. પરંતુ આ સર્વ વૃત્તાંત મ્હેં અનુમાનથી જાણ્યું છે. તેમજ ગાડાનો હાંકનાર બ્રાહ્મણ છે અને તે કુષ્ઠરોગી છે. એમ જાણવાનું કારણ એ છે કે માર્ગમાં તુટી પડેલા ચાબુકના ટુકડાઓ અને બળદોના પુંછડાના વાળ પડેલા હતા. તેમજ કમંડળમાંથી ઢળેલું પાણી જોવામાં આવ્યું. તે ઉપરથી ધુસરે બેસનાર ક્રોધી અને શુદ્ધ આચારવાળો બ્રાહ્મણ છે એમ જાણ્યું. તેમજ ચાબુક તુટી જવાથી બળદને હાંકવા માટે વૃક્ષની ડાળીઓ તોડીને આપનાર અંત્યજ હતો અને તે અંત્યજનો ન સ્પર્શ કરેલ ડાળીઓ, ને જાણવાનું કારણ એ છે કે ગાડાના ઘુંસર ઉપરથી લોહી નીકળેલ

બ્રાહ્મણે તે ડાળીઓ જળથી શુદ્ધ કરી લીધેલી હતી. વળી તે બ્રાહ્મણ નીચે ઉતરેલો તે વખતે તેનાં પગલાં ધૂળમાં પડેલાં અને તેઓની ઉપર માખીઓ બેઠેલી હતી તે ઉપરથી તે બ્રાહ્મણ કુષ્ઠ રોગી છે એમ જાણ્યું. ત્યારબાદ તરીઓળ ઉપરથી નીચે ઉતરી ગર્ભવંતી સ્ત્રી બોરડીના વનમાં ઘાસ ઉપર બેઠી અને જમણા હાથનો ટેકો દઇ ઉભી થએલી તે ઉપરથી તે સ્ત્રી પુત્રવાળી છે, તેમજ શરીરની શુદ્ધિ માટે ઢોળેલા જળ ઉપરથી તેણીએ શરીરે કુંકુમનો લેપ કરેલો છે. બોરડીના કાંટાઓમાં વળગી રહેલા લાલ તંતુઓ જોવાથી તેણીએ લાલ વસ્ત્ર ઓઢેલું છે. વળી નગરમાંથી નીકળતાં તે સ્ત્રી પાછા પગે ચાલતી હતી અને અવળા મુખે જોતી હતી તે ઉપરથી તે રીસાએલી છે. ચોટલામાંથી ખરી પડેલાં પુષ્પ જોઇ બકુલ પુષ્પોની માળા ધારણ કરેલી અને પગે પાટો બાંધેલો હોવાથી છિદ્ર પડેલું છે એમ મ્હેં જાણ્યું. ફરીથી રાજાએ પૂછયું, હે સાગર! તે ગાડાની આગળ તરીયલ જોડેલું છે તે ત્હેં કેવી રીતે જાણ્યું? સાગર બોલ્યો, હે સ્વામિન્! તે સંબંધી મ્હારૂં વિજ્ઞાન સાંભળો. જે ગાડામાં પાકી કેરીઓ ભરેલી હોય તેમાં માણસ બેસી શકે નહીં, અને ધુંસરા ઉપર પણ હાંકનાર માણસ એકજ બેસી શકે, બીજો બેસે તેવો સંભવ હોતો નથી. વળી સ્ત્રીનાં પગલાં ધૂળમાં પડેલાં દેખાતાં નહોતાં અને ધુંસરે જોડેલા બળદ પણ ગાડું ખેંચે તેવા મજબુત નહોતા તે ઉપરથી તેને તરીઓળ જોડેલી હતી એમ નક્કી જાણ્યું. આ પ્રમાણે તે સર્વ હકિકત જાણી રાજા બોલ્યો, હે સાગર! આ બાબતમાં કોઈપણ સાક્ષી છે? સાગર બોલ્યો, હે સ્વામિન્! વિમલના પિતા કમલશ્રેષ્ઠીજ પોતે આ સર્વ વૃતાંત જાણે છે. નરેંદ્ર બોલ્યો, હે સાગર! કમલશ્રેષ્ઠીને પૂછવા માટે તો પ્રથમ પણ ત્હેં કહ્યું હતું. પરંતુ તે વિમલનો પિતા છે માટે ત્હારી તરફનું તે બોલશે નહીં અને આ સર્વ ધન તેનેજ સ્વાધીન થશે. ત્યારે

સાગર બોલ્યો, હે નરાધીશ ! એમ છતાં પણ તે સર્વ હકિકત જાણે છે અને વળી તે ધાર્મિક છે તેમજ અમારો સાક્ષી પણ તે છે માટે એને પૂછવાથી ખુલાસો થશે. તે સાંભળી વિમલે વિચાર કર્યો કે આ સમયે જો હું એને અપ્રમાણિક છે એમ કહીશ તો હાલજ હું અસત્યવાદી ઠરીશ એમ જાણી તે મૌન રહ્યો. ત્યારબાદ રાજાએ કમલશ્રેષ્ઠીને બોલાવીને સ્નેહપૂર્વક પૂછ્યું, આ સાગર અને વિમલનું વૃત્તાંત તમે જાણો છો. માટે તેમાં જે ખરેખર સત્ય વાત હોય તે અમને કહો, કેમકે આ વિવાદના ચૂકાદાનો આધાર તમારા ઉપર રાખેલો છે. માટે હે સત્પુરૂષ ! તુલાની માફક પુત્ર અને પશુ વિષે પણ સમાન વૃત્તિ રાખી આ વિવાદનો તમે નિર્ણય આપો.

કમલશ્રેષ્ઠીની સત્યતા.

સત્યવક્તા કમલશ્રેષ્ઠી બોલ્યો, હે રાજન્ ! પ્રથમ આપ મ્હારૂં કહેવું સાંભળો. સર્વ દેવેંદ્રો જેમની સેવામાં હાજર રહેલા છે એવા સર્વજ્ઞ ભગવાન્ મ્હારા દેવ છે અને ત્રણે લોકમાં શિરોમણિ સમાન, તેમજ તૃણ અને મણિ રત્નમાં સમાન બુદ્ધિવાળા એવા મુનિ મહારાજ મ્હારા ગુરૂ છે, માટે કોઈ પણ સમયે હું અસત્ય બોલતો નથી, અને જો કદાપિ તેવો પ્રસંગ બને તો તે દેવ તથા ગુરૂને પણ હું કલંકિત કરનાર થાઉં. વળી હે નરેંદ્ર ! ધનાંધ પુરૂષો પોતાના કુલને કલંકિત કરે છે. તેમજ જૈન ધર્મનો જ્ઞાતા પુરૂષ અસત્ય બોલવાથી વિશેષે કરીને કુળને કલંક લગાડે છે. વળી મિત્ર અને પુત્રના કાર્યોમાં કેટલાક લોકો અસત્ય વચન બોલે છે, તે પણ બહુ અયોગ્ય ગણાય, કારણ કે સત્યરૂપી સુવર્ણની આ એક કસોટી છે. કોઈપણ બુદ્ધિમાન્ પુરૂષ સ્વ તથા પર કાર્યમાં અસત્ય વચન બોલતો નથીજ, પરંતુ તેમ બોલવામાં વિશેષે કરીને રાગ અથવા દ્વેષજ કારણભૂત હોય છે. આ સંસારમાં ઉત્પન્ન થએલા સર્વ જનો પુત્ર અને મિત્ર સમાન છે,

વળી જૈનધર્મનો સાર જાણવાથી તેઓમાં કોઇ પ્રકારનો પ્રતિબંધ રહેતો નથી. તેમજ સત્ય વચન બોલવાથી પુત્ર રીસાય કિંવા સ્વજન વર્ગ વિરક્ત થઈ જૂદાં પડે તોપણ અસત્યભાષણ તો અયોગ્યજ ગણાય. અન્ય જનો કોપાયમાન થાય અથવા ન થાય કિંવા વિષ સમાન અફવા ફેલાય પરંતુ સર્વને હિતકારી એવું સત્ય વચનજ હમ્મેશાં બોલવું. તેમજ પ્રથમ મધુર અને છેવટમાં દુઃખદાયક એવાં વચનોને સજ્જનો બોલતા નથી. પરંતુ પરિણામમાં સુખદાયક અને આરંભમાં કડવાં હોય તો પણ તેવાં વચન બોલે છે. માટે હે નરાધીશ! આપ પોતેજ સર્વ જાણો છો, છતાં હમેં મ્હને આ વૃત્તાંત પૂછો છો તો મ્હારે સત્ય બીના કહેવી જોઈએ. સાગરશ્રેષ્ઠીએ આપની આગળ જે પ્રમાણે કહ્યું છે તે સર્વ વૃત્તાંત સત્ય છે, એમાં કોઈપણ પ્રકારની શંકા નથી. એ પ્રમાણે કમલશ્રેષ્ઠીનું વચન સાંભળી રાજાને ઘણો આનંદ થયો, તેથી પોતાના કંઠમાંથી અમૂલ્ય હાર ઉતારીને કમલશ્રેષ્ઠીના કંઠમાં પ્હેરાવ્યો અને વારંવાર પ્રશંસા કરી કહેવા લાગ્યો કે ધન તથા પુત્રની હાનિને નહીં ગણતાં જેણે આ પ્રમાણે સત્ય વચન કહ્યું તે સમગ્ર પુરૂષોમાં ચૂડામણિ સમાન ગણાય. હજુ પણ પૃથ્વી બહુ રત્નવાળી ગણાય છે. તેમજ કલિકાલ પણ હજુ પ્રગટ થયો નથી, કારણ કે આવા પુરૂષ રત્નો હજુ દૃષ્ટિગોચર થાય છે. પોતાના સમય પ્રમાણે વૃષ્ટિ થાય છે, વનસ્પતિઓ ફલ પુષ્પાદિક આપે છે અને ઘાસ ચારો પણ દૂધ રૂપે પરિણમે છે, તે સર્વ સત્યનુંજ માહાત્મ્ય છે. તેમજ સૂર્ય ચંદ્રાદિક ગ્રહચક્ર આકાશમાં નિયમ પ્રમાણે પરિભ્રમણ કરે છે, વળી ભૂમંડલ પાતાલમાં ડૂબતું નથી. તે ઉપરથી હું માનું છું કે તે સર્વ સત્પુરૂષોનોજ મહિમા છે. માટે સર્વ પ્રકારે આ કમલશ્રેષ્ઠી સત્પુરૂષોમાં વંદનીય છે. એમ બહુ પ્રશંસા કરીને રાજાએ તેના ભાલ સ્થલમાં શ્રી પટ્ટ (ચાંદ) અર્પણ કર્યો.

વિમલનેશિક્ષા.

ત્યારબાદ ભૂપતિએ વિમલને કહ્યું કે, મ્હારી આગળ પણ તું અસત્ય વચન બોલ્યો, તેથી ત્હારી જીભ કાપી નાખવી જોઇએ, પરંતુ શું કરીએ! ત્હારા પિતાની શરમ આડી આવે છે. વળી હે વિમલ ! સાગરે લીધેલા કરીયાણાનું નામ પણ ત્હારે હવે લેવું નહીં. ત્યારબાદ કમલશ્રેષ્ઠીના સત્ય વચનથી ખુશી થએલો સાગર પણ બોલ્યો, હે નરેંદ્ર ! તે સર્વ માલની મ્હારે કંઈપણ જરૂર નથી. તેનું સર્વ કરીયાણું હું કમલશ્રેષ્ઠીને પાછું આપું છું. આપ સરખા સ્વામીની કૃપા વિદ્યમાન છે તો પછી મ્હારે શું બાકી રહ્યું ? આ પ્રમાણે સાગરની વિશાળ અને ઉદાર બુદ્ધિ જોઈ રાજા બહુ ખુશી થયો અને અનેક પ્રકારનો સત્કાર કરી સર્વ મંત્રીઓનું અધિપતિપણું તેણે સાગરને સોંપ્યું. માટે હે ભવ્ય પ્રાણીઓ ! નિશ્ચયથી જો સુર, નર અને મોક્ષ લક્ષ્મીની ઇચ્છા હોય તો તમે સત્ય વચન બોલો અને અસત્ય વચનનો સર્વથા ત્યાગ કરો.

इति द्वितीयाणुव्रते कमलश्रेष्ठिकथानकं समाप्तम् ॥



भवनपताकानी कथा.

પ્રથમ સહસાભ્યાખ્યાનાતિચાર.

દાનવીર્યરાજાએ પ્રભુને નમસ્કાર કરી પ્રશ્ન કર્યો કે, હે ભગવન્ ! હવે બીજા વ્રતમાં પ્રથમ અતિચારનું સ્વરૂપ જીજ્ઞાસુ પુરૂષોના હિત માટે આપ કૃપા કરી સંભળાવો. આ પ્રમાણે રાજાનો પ્રશ્ન સાંભળી **શ્રીસુપાર્શ્વ** પ્રભુ બોલ્યા, હે રાજન્ ! ધર્મ સંબંધી આવી ઉત્કૃષ્ટ પ્રીતિ બહુ પુણ્યના ઉદયથીજ પ્રાણીઓને પ્રાપ્ત થાય છે.

તેમજ સત્પુરૂષોનું જીવન હમ્મેશાં ધર્મ પ્રવૃત્તિમાંજ વ્યતીત થાય છે. હવે હું ત્હારા પ્રશ્નનો ઉત્તર દૃષ્ટાંત સહિત કહું છું તે તું સાવધાન થઈ સાંભળ.

ભવનપતાકાનું દૃષ્ટાંત.

જે પુરૂષ અકસ્માત્ હાસ્ય વચનથી પણ અન્યને ખોટું આળ ચઢાવે છે તે પુરૂષ ભવનપતાકાની પેઠે પરભવમાં તેજ અપવાદને પ્રાપ્ત થાય છે. જેમકે આ ભરતક્ષેત્રમાં ઉત્તમ સુવર્ણમય જીનેંદ્રભગવાનનાં અનેક મંદિરો વડે વિભીષણું સહિત એવી લંકાપુરીનું પણ હાસ્ય કરતી અને દેખાવમાં બહુજ રમણીય કાંચનપુરી નામે નગરી છે. જેની અંદર અનેક શત્રુઓનો પરાજય કરી અનેક રણસંગ્રામોમાં લક્ષ્મી અને કીર્ત્તિ સહિત જયલક્ષ્મી જેણે મેળવી હતી એવો સિદ્ધરાજ નામે રાજા રાજ્ય કરતો હતો. તેમજ ઉત્કૃષ્ટ શીલવડે વિભૂષિત, ઉત્તમ રત્નોની માલા સમાન શ્રેષ્ઠ ગુણોને ધારણ કરતી અને સુંદર વ્રતવડે સુશોભિત રત્નમાલા નામે તેની સ્ત્રી હતી. ધર્મિષ્ઠ એવાં તે બન્નેનો કેટલોક સમય વિષય સુખમાં અનુક્રમે પસાર થયો. ત્યારબાદ એક દિવસ રાત્રિના સમયે રાણીને સ્વપ્ન આવ્યું. તેની અંદર ઉત્તમ સોનાનો દંડ જેમાં શોભતો હતો, તેમજ લટકતી અનેક ઘુઘરીઓના નાદ વડે સર્વ દિશાઓને ગર્જાવતી અને સ્વચ્છ તથા શ્વેત વસ્ત્રનો છેડો જેનો ફરકતો હતો એવી એક ધ્વજપતાકા જોઈને તત્કાલ તે રાણી જાગૃત્ થઈ પોતે વિચાર કરી પોતાના સ્વામીને તે સ્વપ્નનું વૃત્તાંત તેણીએ નિવેદન કર્યું. તે સાંભળી રાજા બોલ્યો, હે મૃગાક્ષિ ! આ સ્વપ્નના પ્રભાવથી જરૂર ત્હારે પુત્રી થશે. આ પ્રમાણે રાજાનું વચન સાંભળી રાણી બહુ ખુશી થઈ. ત્યારબાદ તેને બહુ હર્ષદાયક ગર્ભ રહ્યો. અનુક્રમે ગર્ભના પ્રભાવથી તે રાણીને આ પ્રમાણે ઘણા દોહલા ઉત્પન્ન થયા. યતિ, અનાથ, દીન,

અંધ, કૃપણ, કાર્પટિક અને બ્હેરા મૂંગાદિક પ્રાણીઓને દાન આપતી હું જૈનમંદિરોમાં ભગવાનના દર્શન માટે જાઉં. તેમજ અત્યંત ભક્તિવડે જીનેંદ્ર ભગવાનની પ્રતિમાઓની પૂજા કરૂં. દોષ રહિત કલ્પે તેવું સાધુ સાધ્વીઓને ઉત્તમ પ્રકારનું દાન આપીને હું કૃતાર્થ થાઉં. આ પ્રમાણે પોતાના દોહલા રાણીએ પોતાના સ્વામીની આગળ કહ્યાઃ તે સાંભળી રાજા પણ બહુ ખુશી થયો અને તત્કાળ તેજ પ્રમાણે તેના મનોરથ પૂર્ણ કરવા માટે ગોઠવણ કરી આપી. ત્યાર પછી બીજે દિવસે જૈનમંદિરમાંથી ભગવાનની પૂજા કરી રાણી પાછી વળી તે દરમીયાન ત્યાં જૈનમંદિરની મુખ્યશાલામાં શિષ્યોના પરિવાર સહિત વિરાજમાન, ગ્રહમંડલથી વ્યાપ્ત પૂર્ણ ચંદ્રની શોભાને વહન કરતા, તેમજ સંયમ ભારના ધુંસરાને વહન કરવામાં ધુરંધર એવા શ્રીમાન્ શ્રીચંદ્ર નામે સૂરીંદ્રનાં તેને દર્શન થયાં. એટલે બહુ આનંદપૂર્વક તેમને વંદન કરી તે ત્યાંજ બેઠી, સૂરિમહારાજે પણ અવસર જાણી ધર્મ દેશનાનો પ્રારંભ કર્યો.

ધર્મદેશના.

ભવ્યપ્રાણીઓએ ધર્મ સાધનની સામગ્રી પામીને ધર્મને વિષે અવશ્ય ઉદ્યમ કરવો. વળી તે ધર્મ જીનેંદ્ર ભગવાને દાન, શીલ, તપ અને ભાવ એમ ચાર પ્રકારનો કહ્યો છે, તેમાં જો શીલ, તપ અને ભાવ એ ત્રણ પ્રકારના ધર્મને સાધવાની શક્તિ ન હોય, તોપણ ગૃહસ્થાશ્રમીઓએ દાનધર્મ તો અવશ્ય સાધવો જોઈએ. તેમાં પણ જો પરલોકમાં શાંતિ મેળવવાની ઇચ્છા હોય તો પરલોકના સાધનમાં પોતાનું ધન વાપરવું. જેમ કે— જૈનમંદિરો બંધાવવાં, જીનેંદ્ર ભગવાનની પ્રતિમાઓ ભરાવવી, ઉત્તમ પ્રકારનાં પુસ્તકો લખાવવાં, ચતુર્વિધ સંઘની સેવા કરવી. તેમજ જે મનુષ્ય રાગાદિ દોષથી વિમુક્ત થઈ મુનિરાજોને

ભોજન, પાન, શયન, આસન, પાત્ર, અન્ન, વસ્ત્ર અને ઉપયોગી ઔષધોને આપે છે તે પ્રાણી અવશ્ય ઉત્કૃષ્ટ સુખ મેળવે છે. વળી જે મનુષ્ય સાધુઓને રહેવા માટે આશ્રય આપે છે તે જરૂર મોક્ષપુરીમાં જાય છે. જે જૈનધર્મીઓનું વાત્સલ્ય કરે છે તે પ્રાણી નરકસ્થાનમાં જતા પોતાના આત્માને અટકાવે છે. જે પ્રાણી જૈનશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સ્ત્રી, પશુ વિગેરેના સમસ્ત દોષવડે રહિત એવા શીલધર્મનું સમ્યક્ પ્રકારે પાલન કરે છે તે દેવાંગનાઓ સાથે દીવ્ય સુખ ભોગવીને ફરીથી પણ મનુષ્ય ગતિમાં ઉત્પન્ન થાય છે, તેમજ રાજલોકમાં પણ પૂજનીય બને છે. વળી જે પ્રાણી મોહ, લોભ અને કામદેવને મથન કરનારી એવી ઉત્તમ સાધ્વીઓની ભક્તિ કરે છે તે દુર્લભ એવા પ્રવર સુખનું પાત્ર બને છે. તેમજ જે મનુષ્ય સમ્યક્ત્વમાં દૃઢ બુદ્ધિવાળા, શ્રીમદ્ જીનેંદ્ર ભગવાનના ચરણ કમલમાં પ્રીતિવાળા અને ગુરૂજનની ભક્તિમાં તત્પર એવા સાધર્મિક જનોની ઉત્તમ પ્રકારનાં વસ્ત્ર તથા ભોજનાદિકવડે બહુ ભક્તિ કરે છે તે અવશ્ય સુરલોકનું સ્વામીપણું મેળવે છે. તેમજ આ લોકમાં જે પ્રાણી શીલવતી શ્રાવિકાઓની ઉત્તમ પ્રકારે ભક્તિ કરે છે, તે જીવાત્મા અહીંયાં ઉત્કૃષ્ટ મનુષ્ય ભવના સુખનો અનુભવ કરી પરભવમાં દેવાંગનાઓનો અધિપતિ થાય છે. માટે હે ભવ્ય પ્રાણીઓ ! બહુ સુખદાયક દાનનું ફળ જાણીને પોતાની શક્તિ પ્રમાણે દાનધર્મમાં તમારે ઉદ્યમ કરવો. આ પ્રમાણે શ્રીમાન્ શ્રીચંદ્રમુનિના ઉપદેશને બહુમાન્ય આપી તેમના ચરણકમળમાં નમસ્કાર કરી ઉચિત સમય જાણી રાણી પોતાના સ્થાનમાં ગઈ. ત્યારબાદ તે રાણી ધર્મ બુદ્ધિવડે ગુરૂના વચન પ્રમાણે સાતે ક્ષેત્રોમાં વિધિ સહિત દ્રવ્ય વાપરે છે. અનાથાદિક દુઃખી જનોને પણ હર્ષથી પ્રતિબંધ રહિત દાન આપે છે. એમ ધર્મારાધન કરતાં તેના ગર્ભના દિવસો પૂર્ણ થયા એટલે તે સમયે

ઉત્તમ તિથિ, વાર, નક્ષત્ર, યોગ અને કરણાદિકવડે શ્રેષ્ઠ મુહૂર્ત્તમાં સુખે કરીને રાણીને પુત્રીના પ્રસવ થયો.

ભવનપતાકા.

ચંદ્રની કલાવડે નભસ્તલની માફક તે બાળાની કાંતિવડે સૂતિકા ભવન દીપવા લાગ્યું. સર્વ જનોનાં નેત્રો આનંદમય થઈ ગયાં. રાજ્ય તરફથી સર્વત્ર વધામણીઓ પ્રવર્ત્તાવવામાં આવી. તેમજ સર્વત્ર મ્હોટા આનંદોત્સવ થવા લાગ્યા. અનુક્રમે બાર દિવસ થયા એટલે શુભ મુહૂર્ત્ત જોઈ ધ્વજ પતાકાનું સ્વપ્ન આવ્યું હતું તેથી ભૂપતિએ ભવનપતાકા એવું તે કન્યાનું નામ પાડયું. સુમેરૂ પર્વતની ગુફામાં રહેલી કલ્પ લતાની માફક પ્રણત જનોના મનોરથને પૂર્ણ કરવામાં કુશળ એવી તે બાળા નિર્વિઘ્નપણે શ્રી સિદ્ધરાજના ભવનમાં પ્રતિ દિવસે વૃદ્ધિ પામવા લાગી. જેની અંદર રાજહંસો ક્રીડા કરી રહેલા છે એવા નરેંદ્રના મંદિર રૂપી માન સરોવરમાં બહુ આનંદિત થએલા જનોના હસ્તકમળમાં રાજહંસની પેઠે તે બાળા સંચાર કરવા લાગી. ત્યારબાદ જ્યારે તે ભવનપતાકા યોગ્ય ઉમ્મરની થઈ ત્યારે કદાચિત્ પોતાના પિતાની આજ્ઞાથી પંડિત જનોને ચમત્કાર બતાવતી છતી બુદ્ધિનું અપૂર્વ કુશળપણું પ્રગટ કરતી હતી, તેમજ કલાચાર્ય જે કંઈ કલા શીખવે, ભણાવે, લખાવે તે સર્વ પૂર્વભવના અભ્યસ્તની માફક તે બાળા જલદી ગ્રહણ કરવા લાગી. અનુક્રમે તીવ્ર બુદ્ધિને લીધે વ્યાકરણ, ન્યાય, છંદઃ શાસ્ત્ર, અલંકાર, સિદ્ધાંત અને જ્યોતિષ વિગેરે ચોસઠ કળાઓ ને તે અલ્પ સમયમાં શિખી ગઈ.

વસંતરાજનું આગમન.

તેવામાં રત્નમાલાના પિતાને ત્યાંથી વાગ્વિલાસમાં બહુ ચતુર એવો વચનકુશલ નામે એક સેવક ત્યાં આવ્યો. અને તે હોંશીયાર હોવાથી સિદ્ધરાજને બહુ પ્રસંન્ન પડ્યો, તેથી તને રાજાએ

પોતાના ઉદ્યાનપાળની જગ્યાએ સ્થાપન કર્યો. ત્યારબાદ બહુ પરાક્રમી અને અતિ ક્રૂર સ્વભાવવાળો વસંતરાજ નામે સિદ્ધરાજ ભૂપતિનો એક શત્રુ હતો. તે હમ્મેશાં પોતાના સીમાડાના ગામો ઉપર લુંટફાટ ચલાવતો હતો અને પ્રજાને બહુ હેરાન કરતો હતો. જોકે સિદ્ધરાજ બહુ સમર્થ હતો પણ તેને પકડતો નહોતો. તેમજ તેની સાથે સમાધાન પણ કરતો નહોતો. આ બીના વચનકુશળ દૂતના જાણવામાં આવી. તેથી તેણે વિચાર કર્યો કે આ શત્રુ હમ્મેશાં પ્રજાને બહુ દુઃખી કરે છે જેથી આપણા અધિપતિનું કંઈ સારૂં કહેવાય નહીં, માટે રાજાને સાવચેતી આપવી એ સેવકનો ખાસ ધર્મ છે. એમ જાણી વસંત ૠતુના સમયે એકદમ શત્રુનું આગમન સંભળાવી રાજાને સાવધાન કરવા માટે તેની પાસે આવીને સંભ્રમપૂર્વક વિનતિ કરી તે બોલ્યો કે, હે સ્વામિન્ ! ચતુરંગ સૈન્ય સહિત વસંતરાજ આપના ઉદ્યાનમાં આવ્યો છે. તે સાંભળી અકસ્માત્ રાજાએ સેનાપતિને હુકમ કર્યો કે ઘોડા, હાથી, રથ, પાયદળ વિગેરેની તૈયારી કરો. ત્યારબાદ સેનાપતિએ આજ્ઞા પ્રમાણે તત્કાળ સર્વ સૈન્ય સજ્જ કરીને નિશાન ડંકો વગડાવ્યો. તે સાંભળી જેઓનાં ગાત્ર રોમાંચિત થઈ ગયાં છે, તેમજ આનંદકારી મહોત્સવને અનુભવતા હોયને શું ! તેમ સુભટોના અનેક પ્રકારના વિલાસ પ્રગટ થવા લાગ્યા. જેમકે–કેટલાક સુભટો પરસ્પર આનંદપૂર્વક તાલીમ લે છે, કુદે છે. અને નૃત્ય કરે છે. વળી કેટલાક હસ્તવડે આસ્ફાલન કરે છે. તેમજ એક બીજાના ઉન્નત સ્કંધોવડે કુસ્તિ કરે છે ઇત્યાદિક અનેક પ્રકારની ચેષ્ટાઓ તેઓ કરવા લાગ્યા ત્યાનબાદ તે સુભટોની સાથે સિદ્ધરાજે પણ શત્રુને જીતવા માટે પ્રયાણ કર્યું અનુક્રમે તેઓ ઉદ્યાનમાં ગયા. ત્યાં આગળ શત્રુનુ સૈન્ય નહીં જોવાથી ભૂપતિએ ઉદ્યાનપાળને પૂછયું, કે ! વચનકુશળ ! વસંતરાજવૈરી અને તેનું સૈન્ય ક્યાં ગયું !

દૂત બોલ્યો, હે પૃથ્વીનાથ ! આપની આગળ સૈન્ય સહિત વસંતરાજ ઉભો છે, છતાં આપ તેને કેમ દેખતા નથી ? તે સાંભળી રાજા એકદમ હર્ષ અને વિષાદમાં પડી ગયો. વળી ફરીથી પણ તેણે તેજ પ્રમાણે પ્રશ્ન કર્યો, ત્યારે ઉદ્યાનપાલ બોલ્યા, હે સ્વામિન્ ! વસંતઋતુ એ સર્વ ઋતુઓનો અધિપતિ ગણાય છે, તેથી આ વસંતઋતુ એ વસંતરાજા છે અને તેના ચાર પ્રકારના સૈન્યની ઘટના બહુ અદ્ભુત છે જેમકે—બહુ સરલ માંજર રૂપી તીક્ષ્ણ ભાલાઓ વડે વિરહિજનોના હૃદયને વિંધતા અને પાંદડાં રૂપી બક્તરોને ધારણ કરતા આમ્રવૃક્ષો રૂપી ઉત્તમ પ્રકારના સુભટો છે. મધુર શબ્દ રૂપી હેષારવવડે સમગ્ર દિશાઓને ગર્જાવતા અને ચારે તરફ ફરતા કોકિલો પવનવેગી અશ્વ સમાન શોભે છે. તેમજ વિરહિણી સ્ત્રીઓને દુઃખી કરતા અને ચંદન ગંધવડે સુગંધમય કાંઠાના બિંદુઓ રૂપી મદથી વ્યાપ્ત મલયાચલના પવન રૂપી હસ્તિઓ દેખાય છે. તેમજ પથિકજનોના હૃદયને વિદારણ કરવામાં તત્પર અને હિંદોલા ઉપર હિંચતી ઉત્તમ સ્વરવાળી પ્રમદાઓ છે સારથિ જેમના એવા હિંચકાઓ રૂપી જેમાં રથ રહ્યા છે. આ પ્રમાણે તે દૂતની વચનદક્ષતા, અસ્ખલિત ભક્તિ તેમજ દૃઢ શક્તિ વડે સિદ્ધરાજ બહુ ખુશી થયો, અને બહુ સન્માનપૂર્વક સેનાપતિના સ્થાને તેને સ્થાપન કર્યો. ત્યારબાદ યુદ્ધ કલામાં બહુ પ્રવીણ એવા તે વસંત રાજાની સાથે યુદ્ધ કરવા માટે ચતુરંગ બલ સહિત તેને આજ્ઞા કરી. ત્યારપછી અંતઃપુર, (જનાના) નાગરિક લોકો, માંડલિક રાજાઓ અને મંત્રીવર્ગ સહિત સિદ્ધરાજ પોતે વસંત લક્ષ્મીનો વિલાસ જોવામાં આસક્ત થયો. તેમજ ભવનપતાકા પણ પોતાના પિતાની આજ્ઞાથી સમાન વયની સખીઓ સહિત હૃદયને આનંદદાયક એવા તે ઉદ્યાનમાં ગઈ. તેમજ જરા, મૃત્યુ અને વ્યાધિઓને નહીં ગણકારતા સર્વ લોકો

તે ઉદ્યાનમાં વિવિધ પ્રકારના વિલાસ કરવા લાગ્યા. જેમકે કેટલાક ગાયન અને કેટલાક નૃત્ય કરે છે. વળી કેટલાક સ્ત્રીઓ સાથે ક્રીડા કરે છે. તેમજ ઉત્તમ નૃત્ય કરનારી કેટલીક સ્ત્રીઓ આશ્ચર્ય પ્રગટ કરે છે. અપ્સરાઓ સાથે ઇંદ્રની માફક અંતઃપુરની સ્ત્રીઓ સાથે અનેક પ્રકારની ક્રીડાઓ કરતો રાજા લોકોના હૃદયને વિસ્મિત કરતો છતો ભ્રમણ કરે છે. પોતાની ઈચ્છા પ્રમાણે સુંદર વૃક્ષોની શોભા જોવામાં આસક્ત થએલી ભવનપતાકા કુમારી પણ દાસીઓ સાથે ક્રીડા કરે છે.

એકકુમારનો સમાગમ.

ત્યારબાદ ગંગાના કીનારે ભ્રમણ કરતી ભવનપતાકાએ ચક્રવર્તિ સમાન કોઇક પુરૂષનાં ચક્ર, અંકુશ અને કમલના ચિન્હોવડે વિભૂષિત પગલાં પડેલાં જોયાં. પછી પોતાના પરિવારને પાછો વાળી એકલી પોતે તે પુરૂષની શોધ માટે આગળ ચાલી જાય છે, તેટલામાં ત્યાં મૂર્તિમાન્ સાક્ષાત્ કામદેવ સમાન એક પુરૂષ તેણીના જોવામાં આવ્યો અને સાવધાન હૃદયથી તે બોલી, મનોહર આકૃતિવાળા એવા હે કામદેવ ! આપને નમસ્કાર, કેમકે આપ મ્હારા પૂજનીય છો. એમ કહી પોતાના કંઠમાંથી મુક્તામણિનો હાર ઉતારી તે પુરૂષના કંઠમાં તે સ્થાપન કરવા જાય છે, તેટલામાં પુરૂષ પણ બોલ્યો, હે સુંદરિ ! હું કામદેવ નથી, છતાં તું કેમ કામદેવના ભ્રમમાં પડી છે ! ભવનપતાકા બોલી, હું તમ્હારા દર્શનથી કામાતુર થઇ છું, માટે બહુ શું કહું ? વરમાલાના સ્થાનમાં મ્હેં તમને આ અમૂલ્ય હાર પહેરાવ્યો છે. પરંતુ થોડા સમયમાં મ્હારો ત્રીણ સ્વયંવર થવાનો છે, માટે હે સુભગ ! આપે તે સમયે જરૂર ત્યાં પધારવું અને દર્શનરૂપી અમૃતવડે તમ્હારા વિરહાનળથી તપ્ત થએલાં મ્હારાં નેત્રોને તમ્હારે શાંત કરવાં. મ્હારા હૃદયમાં આપનો વાસ થવાથી નેત્રો

જાણે ઈર્ષ્યાલુ થયાં હોય તેમ મને લાગે છે. એ પ્રમાણે તેની સાથે તે વાગ્વિલાસ કરતી હતી, તેટલામાં રાજાની પ્રેરણાથી તેને બોલાવવા માટે કમલા નામની તેની દાસીએ હાક મારી કે તરતજ ભુવનપતાકા ત્યાંથી પાછી વળી પોતાના પિતાની પાસે ગઈ અને પ્રણામ કરી ઉચિત સ્થાને તે બેઠી. પિતાએ પૂછયું, હે વત્સે ! ત્હેં આટલો સમય કયાં વ્યતીત કર્યો ? પુત્રી બોલી, હે પિતાજી ! અનેક પ્રકારની વનરાજીથી વિરાજમાન ઉત્તમ સુભટ સમાન આ ઉદ્યાનની શોભા જોવામાં ગત સમયની મ્હને કંઈ ખબર રહી નહીં, આ ઉપરથી રાજા પોતે સમજી ગયો અને બોલ્યો કે, કમલ સમાન છે નેત્ર જેનાં, એવી હે પુત્રિ ! ચિત્રપટો ઉપર રાજકુમારોનાં ચિત્ર લખીને આ ચિત્રકારો અહીં લાવ્યા છે, તે તું તપાસી જો અને તેઓમાંથી જે કોઈ કુમાર ત્હને પસંદ પડે તે મ્હને કહે, એટલે તેનીજ સાથે હું ત્હારો વિવાહ કરૂં. આ પ્રમાણે પિતાનું વાકય સાંભળી ચિત્રકલામાં બહુદક્ષ એવી તે કુમારીએ સર્વ ચિત્રોનાં સ્વરૂપ જોઇ જે જેનો ગુણ હતો તે તેઓની સમક્ષ દોષરૂપે કહી બતાવ્યો. જેમકે આ પટમાં ચિત્રેલો કુમાર બહુ ક્રોધી છે એમ તેની દૃષ્ટિ ઉપરથી સ્પષ્ટ જણાય છે. તેમજ અન્ય કુમારોના ગુણોને દોષ રૂપે પ્રગટ કરતી હતી. તે પ્રસંગે સર્વ કુમારોના ગુણ દોષના જાણનાર દરેક રાજાઓના દ્વારપાલો ગુપ્ત રીતે પરસ્પર કહેવા લાગ્યા કે અહો ! આ રાજપુત્રીનો અવર્ણ્ય અતિશય છે, તેમજ તેણીએ સર્વ કલાઓમાં કુશલતા પણ તેવીજ મેળવેલી છે. અન્યથા આ પ્રમાણે તે કેવી રીતે જાણી શકે ! ત્યારબાદ કુમારીએ પણ તે પ્રમાણે વિવેચન કરીને રાજાને વિનતિ કરી જણાવ્યું કે હે તાત ! ચિત્રકારો પણ કપટવડે વિચિત્ર પ્રકારનાં ચિત્રો બનાવે છે, એમાં કંઈ આશ્ચર્ય નથી. તેમ-જ મ્હેં પણ પ્રતિજ્ઞા કરી છે કે જે પુરૂષ વીણાવડે મ્હારૂં મન પ્રસન્ન

કરશે તે પુરૂષ મ્હને પરણશે. માટે મુકરર કરેલા અમુક દિવસે આ ચિત્ર લિખિત કુમારો અને બીજા ક્ષત્રિયો પણ અહીં આવે તેવી રીતે આપ વ્યવસ્થા કરો.

ત્યારબાદ બે માસની અંદર વીણા સ્વયંવર કરવો એમ નક્કી ઠરાવ કરીને રાજાએ તે ચિત્રકારોને વિદાય કર્યા. તેવામાં એકદમ લોકોનો કોલાહલ રાજાના સાંભળવામાં આવ્યો, તે જાણવા માટે રાજાએ તરતજ દ્વારપાળને તપાસ કરવા હુકમ કર્યો, એટલે દ્વારપાલ પણ જલદી ત્યાં જઇ તપાસ કરી તાબડતોબ પાછોઆવ્યો અને કહેવા લાગ્યો કે હે રાજન્ ! મદોન્મત્ત રણરાજ હાથી ગજશાળામાંથી બંધનસ્તંભ ઉખાડી નાંખીને નાઠો છે, માર્ગમાં ચાલતાં મોટાં મ્હોટાં મંદીરો તથા દુકાનો ભાંગી નાખેછે, દરવાજાઓનાં દ્વારપણ તોડી નાખ્યાં છે અને રથ, ઘોડા, ખર, મહિષ વિગેરે પશુઓને ત્રાસ ઉપજાવતો તે આ તરફ આવે છે. હે સ્વામિન ! વળી તે હાથીના પગમાં કુંડલાકાર થએલો શૃંખલાઓનો સમૂહ તે હાથીના ભારથી પીડાએલો શેષનાગ જાણે તેના શરણે આવેલો હોય તેમ શોભે છે. એ પ્રમાણે તે દ્વારપાલ ગજેંદ્રનું વર્ણન કરતો હતો તેટલામાં એકદમ તે હાથી ઉદ્યાનભવનની પાસમાં આવી પહોંચ્યો. તે જોઇ રાજાનું હૃદય ભયભ્રાંત થઇ ગયું અને તેથી પોતાના બચાવ માટે મંત્રી અને મહાજન સહિત રાજા મ્હેલ ઉપર જલદી ચડી ગયો. નર્તકીઓ તેમજ અન્ય લોકો પણ પોતપોતાને ફાવે તેમ સંતાઇ ગયાં. સર્વ લોકોનો મહાન્ પોકાર સાભળી તે કુમાર પણ ત્યાં આગળ આવ્યો, કુમારનું સ્વરૂપ જોઇ કુમારીનું હૃદય આસક્ત થવાથી તે ત્યાંજ ઉભી રહી. તેટલામાં તે હાથી કુમારીની પાસે આવી પહોંચ્યો. તેથી કુમાર યુક્તિવડે એક બાજુ રહી તે હાથીના વેગનો નિરોધ કરવા લાગ્યો. તેમજ

તેને મુષ્ટિના બહુ દૃઢ પ્રહાર કરવા લાગ્યો. તેથી ક્રોધાયમાન થએલો તે હસ્તી કુમારીનો ત્યાગ કરી ઉંચી સુંઢ ઉછાળતો ગડગડ શબ્દ કરતો જાણે ઐરાવત હસ્તીને બોલાવતો હોય તેમ કુમાર તરફ દોડયો, એટલે કુમાર પણ તરતજ પાછો વળ્યો અને દક્ષિણા વર્ત્ત ભમાવીને હસ્તીને ઉદ્યાન ભવનના દ્વાર આગળ લઈ ગયો. ત્યારબાદ હાથી પોતાની સુંઢવડે નજીકમાં રહેલા તે કુમારને પક- ડવા જાય છે, તેટલામાં કુમારે તેની આગળ વીંટો કરીને પોતાનું વસ્ત્ર ફેંકયું. એટલે બહુ ક્રોધથી રક્ત થયાં છે નેત્ર જેનાં એવા તે હસ્તીએ વસ્ત્રના વીંટા ઉપર રોષપૂર્વક ઘા કર્યો. તે જોઈ રાજાએ બુમ પાડીને કહ્યું કે આ નર રત્નનું રક્ષણ કરો ! રક્ષણ કરો! તે સાંભળી જીવિતની અપેક્ષા નહીં રાખતા એવા સુભટો ચા- રે બાજુએથી એકદમ દોડતા આવી પહોંચ્યા. તેવારે ભવન પતાકા વિચારમાં પડી કે બહુ ખેદની વાત છે કે આ સુભગ શિરો- મણિ કુમાર મ્હારા માટે ભારે આપત્તિમાં આવી પડયો.

ગજેંદ્રનો પરાજય.

ત્યારબાદ કુમાર પોતાની ચતુરાઈવડે ગજેંદ્રના દાંત ઉપર પગ મૂકી તેના મસ્તકપર ચઢીને સ્કંધ ઉપર બેસી ગયો અને બહુ બળથી તેનું કંઠ સ્થલ એવી રીતે દબાવ્યું કે જેથી તેનાં નેત્ર તુટવા લાગ્યાં. તેથી તે હાથી ભયભીત થઈ અનાથની માફક તરતજ કુમારના વશ થઈ ગયો. તે જોઈ કુમારી પોતાના હૃદયમાં ચિંત- વવા લાગી, અરે હૃદય ? મનોરથને પણ અગમ્ય એવા આ ઉત્તમ વરને પામી તું આનંદપૂર્વક નૃત્ય કર. રૂપવડે કામદેવનો અને પરાક્રમવડે કૃષ્ણનો પરાજય કરનાર આ વર પામીને જગતમાં આત્માને તું કૃતાર્થ માન. તેમજ સર્વ લોકોએ પણ એક સ્વરથી પોકાર કર્યો કે આ પુરૂષ રત્નથીજ પૃથ્વી રત્નવતી છે. ભૂપતિએ મંત્રીને આજ્ઞા કરી કે આ સુભટને કહો કે આ હાથીને તેના

બંધન સ્થાનમાં લઇ જાય, અને તે હાથી ઉપરથી જ્યારે નીચે ઉતરે ત્યારે તેને અશ્વ ઉપર બેસાડી મ્હારી પાસે લાવો. તે પ્રમાણે મંત્રીએ કુમારને કહ્યું કે તરતજ કુમાર પોતાના તાબે થએલા હસ્તીને ગજશાલામાં લઇ ગયો અને તેને ખીલે બાંધી તત્કાલ નીચે ઉતરી પોતાના મુખમાં રાખેલી ગોળીના પ્રભાવથી રૂપાંતર ધારણ કરી ત્યાંથી તે પલાયન થઇ ગયો. મંત્રીએ સર્વત્ર શોધ કર્યો પણ તેનો પત્તો લાગ્યો નહીં. તેથી વિલક્ષ થઈ મંત્રી રાજા પાસે ગયો અને તેના અદશ્યપણાની વાત કહી. તેથી રાજાએ જાણ્યું કે શું આ કોઈ અંજન સિદ્ધ પુરૂષ હશે? કિંવા કોઇ વિદ્યાધર હશે? જેથી આ પ્રમાણે ઉપકાર કરી ગુપ્તપણે ચાલ્યો ગયો. વળી સત્પુરૂષોનું ચરિત્ર આવુંજ હોય છે કે સજ્જન પુરૂષો સમુદ્રના જલની માફક પરોપકાર કરે છે. પરંતુ તેઓ પ્રત્યુપકાર મેળવવામાં ખુશી હોતા નથી તેથી તેઓ કાર્ય કરી દેશાંતર ચાલ્યા જાય છે. ત્યારબાદ દ્રઢ હૃદય વાળી કુમારી બોલી, હે તાત ! હવે વીણા સ્વયંવરને માટે રાજકુમારોને જલદી બોલાવો, તેમજ સ્વયંવર મંડપ સજ્જ કરાવો, કારણકે હવે સમય થોડો રહ્યો છે. એમ સાંભળી રાજાએ હુકમ કર્યો તે પ્રમાણે અધિકારીઓએ સર્વ તૈયારી કરાવી. ફરીથી રાજા બોલ્યો, હે પુત્રિ! ત્હારો પ્રાણદાયક તે કુમારજ ત્હારે પરણવા માટે ઉચિત છે તેના જેવો બીજો કોઈ નથી.ભવનપતાકા બોલી,હે તાત! આ કાર્યમાં તમ્હારે કંઇપણ ખેદ કરવો નહીં, કેમકે ભવિતવ્યતાને લીધે દરેક કાર્યની સિદ્ધિ થાય છે અને અસિદ્ધિનું કારણ પણ તેજ ગણાય છે.

વીણાસ્વયંવર.

સ્વયંવરના દિવસે દૂત લોકોએ કરેલા આમંત્રણથી પોતપોતાના પરિવાર સહિત અનેક રાજકુમારો ત્યાં આવ્યા. રાજા પોતે તૈયાર થઈ રાણીઓ સહિત વીણાશાલામાં ગયો. ત્યારબાદ સર્વે રાજકુ-

મારો પણ પોતાના પરિવાર સહિત ઉચિત આસનો ઉપર બેસી ગયા. અન્ય નગરવાસી લોકો પણ કૌતુક જોવા માટે ત્યાં એકઠા થયા. તેમજ હસ્તીને વશ કરનાર તે કુમાર પણ રૂપાંતર કરી કંઠમાં હાર પહેરી મનોહર મૃદંગ વગાડતો વીણામંડપમાં આવ્યો, ત્યારબાદ જેનું મુખ શરદ્ પુર્ણિમાના ચંદ્રની શોભાને અનુસરતું હતું, જેનાં સરલ અને લાવણ્યમય ઉત્તમ નેત્રો કમલદલનો પરાજય કરતાં હતાં, જેનો અધરોષ્ઠ બહુ સુંદર પાકેલા ઘોલાના બિંબને ધિક્કારતો હતો, જેના દાંતની કાંતિનો સમૂહ દિશાઓના અંધકારને દૂર કરતો હતો, જેણી મનોહર લાવણ્યરૂપી સમુદ્રના તરંગની માફક ગમન કરતી હતી, જેની ભ્રકુટીની સુંદરતા કામદેવના ધનુષ્ સમાન કુટિલ દેખાતી હતી અને સ્વાભાવિક અંગની સૌંદર્યતાથી અપ્સરાઓને લજ્જા ઉત્પન્ન કરતી એવી તે ભવનપતાકા પોતાના પરિજન સહિત આવતી તે કુમારની દૃષ્ટિગોચર થઈ. ત્યારબાદ કુમારીની ધાવમાતાએ સભામાં ઉભી રહી હાથ જોડી સર્વ કુમારોને જણાવ્યું કે મ્હોટી મહેરબાની કરી વીણા વાદનની કલાવડે આ રાજપુત્રી ઉપર તમે કૃપા કરો. વળી બેઠકના ક્રમ પ્રમાણે આ વીણા ગ્રહણ કરો ને તમે પોતપોતાનું ચાતુર્ય પ્રગટ કરો. એમ કહી કુમારીએ સજ્જ કરેલી અને રત્નથી શણગારેલી એવી વીણા ધાત્રીએ પ્રથમ દાભાલનરેંદ્રના હસ્તમાં આપી.તે વારે તેણે ક્ષણમાત્ર વીણા વગાડી ત્યારબાદ અનુક્રમે અન્ય રાજકુમારોએ પણ પોતપોતાની શક્તિ પ્રમાણે વીણા વાદનમાં પોતાનું કુશલપણું બતાવ્યું. પછી તે વીણા ધાત્રીએ પોતાના હાથમાં લઇ લીધી. ત્યારબાદ નરેંદ્ર બોલ્યો, જેના હાથમાં મૃદંગ રહેલો છે એવો આ કુમાર અથવા અન્ય કોઈપણ આ વીણા વગાડવામાં શક્તિમાન્ હોય તો આ કાર્ય સિદ્ધ કરો. શામાટે પોતાની શક્તિ છુપાવો છો ? એમ કહ્યા બાદ કુમારીએ તે મૃદંગધારી કુમારના કંઠમાં

પહેરેલો પોતાનો હાર ઓળખી નિશ્ચય કર્યો કે પ્રથમ હાથીને જેણે વશ કર્યો હતો તેજ આ કુમાર છે. કોઇપણ ગુટિકાદિકના પ્રયોગથી અન્ય રૂપ ધારણ કરી તે સમયે મંત્રીને છેતરી જરૂર કોઇપણ સ્થલે નાશી ગએલો તે હાલમાં અહીં આવ્યો છે. કારણ કે તે વીર પુરૂષનો હાર લઇ લેવાને ઇંદ્ર પણ સમર્થ નથી. માટે તેજ આ કુમાર છે. આ પ્રમાણે ભવનપતાકા વિચાર કરતી હતી તેટલામાં ધાત્રીએ તે કુમારના હસ્તમાં વીણા આપી. તેણે પણ અદ્ભુત રસના આવેશથી વીણા વાદનનો પ્રારંભ કર્યો. વીણાનો નાદ સાંભળી ભવનપતાકા વિતર્ક કરવા લાગી કે સ્વર્ગ-માંથી સાક્ષાત્ શું નારદ મુનિ ઉતર્યા છે ? અથવા કંઇ વિતર્ક કરવાની જરૂર નથી. કારણ કે મદોન્મત્ત હસ્તીને વશ કરવામાં જેની નિપુણતા મ્હેં જોઇ છે તે ઉપરથી અનુમાન થાય છે કે સર્વ કલાઓમાં તેનું કુશળપણું હશે, તેથી તેજ આ પુરૂષ છે. એમ નિશ્ચય થવાથી ભવનપતાકા રોમાંચિત થઇ ગઇ અને બહુ મધુર વીણાના નાદથી તેનું હૃદય ક્ષણમાત્રમાં સ્થિર થઇ ગયું જેથી પોતે ગાઢ નિદ્રામાં પડી ગઇ. તેવીજ રીતે ત્યાં રહેલા સર્વ રાજકુમારાદિક લોકો પણ નાદના મોહથી ગાઢ નિદ્રા અનુભવવા લાગ્યા. ત્યારબાદ કુમારે બહુ પ્રયાસવડે કુમારીને સચેતન કરીને વીણા વગાડતો છતો બોલ્યો કે આ રાજકુમારોના ભાલસ્થલોમાં કર્પૂરમિશ્રિત ચંદનના રસવડે સ્વહસ્તે મ્હારા કહ્યા પ્રમાણે તું એક ગાથા લખ, કુમારીએ તે પ્રમાણે સર્વેના કપાળમાં ગાથા લખી. વળી ફરીથી કુમારે કહ્યું કે હે સુભગે ! તેઓના કાનમાંથી એક એક કુંડલ કાઢી લઇ એવી રીતે ગુપ્ત કર કે તેઓ જોઇ શકે નહીં. કુમારીએ તે પ્રમાણે કર્યા બાદ તેણે વીણા વગાડવી બંધ કરી. વીણા બંધ પડવાથી રાજકુમારો જાગ્રત્ થયા અને એક બીજાના લલાટમાં આ પ્રમાણે લખેલી ગાથા વાંચવા લાગ્યા—જેમકે—

श्री शूरसेनतनयो–देशदिदृक्षया निर्गत एषः ।
कीर्त्तिजलधिकुमारो–वादयति वीणां विनोदेन ॥

અર્થ–"શ્રી શૂરસેન રાજાનો પુત્ર કીર્ત્તિસાગર કુમાર દેશ જોવાની ઇચ્છાથી નીકળેલો છે અને તે વિનોદવડે વીણા વગાડે છે." વળી આ ગાથા વાંચીને તે રાજકુમારો ભિન્ન ભિન્ન સંબંધોને લીધે કીર્ત્તિસાગરકુમારના બંધુઓ નીકળ્યા. તેમજ તેઓ પોતાના કાનમાં રહેલા એકેક કુંડલને પણ પરસ્પર જોઈ શકતા નથી. તેથી બહુ આશ્ચર્ય પામેલા સર્વે રાજકુમારો વિચારવા લાગ્યા કે ગુણો ઉપરથી આ ઓળખાય છે પરંતુ શરીરની આકૃતિ વડે કોઇ અન્ય હોય તેમ લાગે છે.

સ્વયંવરવિવાહ.

તેટલામાં રાજપુત્રીએ તે કુમારના કંઠમાં વરમાળા પહેરાવી. તે સમયે ક્ષોભાયમાન એવા ક્ષીર સાગરના નાદ સમાન ગંભીર અને વાજીંત્રોના નાદ વડે બહુ વિસ્તાર પામેલા, કોયલ સમાન મધુર કંઠવાળી યુવતીઓના ગીતધ્વનિ ચારે તરફ ઉછળવા લાગ્યા. ત્યારબાદ રાજકુમારો બોલ્યા, હે કીર્ત્તિસાગરકુમાર! ત્હારૂં તે સુંદર સ્વરૂપ ક્યાં ગયું ? તે સાંભળી કુમારે ગુટિકાના પ્રયોગ વડે પોતાનું અદ્‌ભુત સ્વરૂપ પ્રગટ કર્યું તે વારે સર્વ રાજકુમારો આનંદપૂર્વક તેને ભેટ્યા. પછી કીર્ત્તિસાગરકુમારે પણ યથા યોગ્ય સર્વનો સત્કાર કર્યો. ત્યારબાદ તેણે કુમારીને કહ્યું કે આ રાજકુમારોને પોતપોતાનાં કુંડલ તું આપી દે. તે સાંભળી કિંચિત હાસ્ય કરીને કુમારીએ પણ તેઓનાં કુંડલો આપી દીધાં. ત્યારબાદ તે રાજકુમારોએ કુમારનું કુશળ વૃત્તાંત તથા સ્વયંવરના સમાચાર જણાવવા માટે તેજ વખતે તેના માતા પિતા ઉપર એક દૂત મોકલ્યો. હવે નષ્ટ થએલો રત્નનિધાન પ્રાપ્ત થયો હોયને શું ? તેમ અપાર હર્ષથી ઉભરાઇ જતો સિદ્ધરાજ ભૂપતિ પણ વિવાહની સામગ્રી તૈયાર કરવા લાગ્યો. ત્યારબાદ ભૂપતિએ ઉત્તમ

મુહૂર્તમાં મ્હોટા ઉત્સવ સાથે તે બન્નેના પાણિગ્રહણ મહોત્સવનો મનોરથ પૂર્ણ કર્યો.

રાજપુરૂષનું આગમન.

કીર્તિસાગર કુમાર ભવનપતાકા સાથે સ્વર્ગવાસી દેવની માફક પાંચ પ્રકારના ઉત્તમ ભોગોને અનુભવવા લાગ્યો. હવે ત્યાં એક દિવસ રથવીરપુર નગરમાંથી પોતાના પૂજ્ય પિતાશ્રીશૂરસેન રાજાનો રાજદ્વારી વરૂણ નામે સેવક બહુ પરિવાર સહિત આવ્યો. દ્વારપાળની સૂચનાથી તેણે કુમારના સ્થાનમાં પ્રવેશ કર્યો. યોગ્ય સત્કાર પૂર્વક તેણે કુમારને જણાવ્યું કે આપના પિતાશ્રીનું શરીર બહુ અસાધ્ય રોગોવડે પીડાએલું છે માટે આપ જલદી ત્યાં પધારો અને પિતાજીના પવિત્ર મુખકમળનું દર્શન કરી તમે કૃતાર્થ થાઓ. આ પ્રમાણે તેનું દુઃસહવચન સાંભળી કુમાર પોતાની સાથે તરતજ તે વરૂણને સિદ્ધરાજની પાસે લઇ ગયો. કુમારની આજ્ઞા લઇ તેણે પણ તેજ પ્રમાણે સર્વ હકીકત રાજાને જણાવી. ત્યારબાદ સિદ્ધરાજે હાથી, ઘોડા, રથ, પાયદળ અને મણિ રત્નાદિક અનેક પ્રકારની પ્હેરામણીઓ આપીને ભવનપતાકા સહિત કીર્તિસાગર કુમારને પોતાના રાજ્ય તરફ વિદાય કર્યો. તેમજ યથાયોગ્ય સત્કાર કરી કુમારના સર્વ બંધુઓને પણ વિદાયગિરિ આપી. અખંડ પ્રયાણવડે કીર્તિસાગર કુમાર રથવીરપુરમાં પહોંચી ગયો. ત્યારબાદ શૂરસેન રાજા પુત્રને રાજ્યકારભાર આપી સમાધિપૂર્વક કાળ કરી ઇંદ્ર સમાન દેવ થયો. હવે શ્રી કીર્તિસાગર રાજા સજ્જનોના હૃદય રૂપી ચકોર પક્ષિઓને આનંદ આપવામાં જાણે ચંદ્ર હોયને શું ? તેમ જૈનશાસનનો ઉદ્યોત કરતો નીતિપૂર્વક નિર્દોષપણે રાજ્ય ચલાવવા લાગ્યો.

વૈતાઢ્ય પર્વતમાંથી સુદંષ્ટ્ર નામે વિદ્યાધર વિમાનમાં બેસી

સુદંષ્ટ્રવિદ્યાધર.

પોતાના કાર્ય માટે વિંધ્યાચળ તરફ જતો હતો. તેવામાં ગ્રીષ્મ ઋતુના બહુ તાપને લીધે પોતાના મ્હેલની અગાશીમાં કીર્ત્તિસાગર રાજાની પાસમાં સુતેલી ભવનપતાકા તેના જોવામાં આવી. રાજા પણ ભરનિદ્રામાં પોઢેલો હતો, તેથી અનુકુલ અવસર જાણી સુંદર આકૃતિમાં આસક્ત થવાથી તે ભવનપતાકાનું હરણ કરી ચાલ્યો ગયો. હવે પ્રભાતમાં રાજા જાગ્રત્ થયો અને પોતાની પાસમાં આમ તેમ જોવા લાગ્યો પણ પોતાની પ્રાણપ્રિયા જોવામાં ન આવી. તેથી પાસમાં રહેલા પરિજનને ખબર આપી અને સર્વત્ર શોધ કરાવ્યો, પરંતુ તેનો તે સર્વ પ્રયાસ નિષ્ફળ થયો. ત્યારે તેને વિચાર થયો કે આ એક મ્હોટું આશ્ચર્ય ગણાય ! કારણ પ્રાહરિક લોકો જ્યાં આગળ રક્ષણ માટે ચારે તરફ ઉભેલા છે એવા આ સ્થાનમાં મનુષ્યનો પ્રવેશ તો અશક્યછે. માટે કોઈ દેવ અથવા વિદ્યાધરનું આ કાર્ય છે. માટે હવે અહીં શું કરવું ? અથવા આપણે કંઇપણ ઉપાય કરવાની જરૂર નથી, કારણકે સંયોગ પણ દૈવે કર્યો હતો અને વિયોગ પણ તેણેજ કર્યો છે માટે આ ચિંતા તેનેજ છે. વળી જેમ દુઃખો અચિંત્ય આવી પડે છે તેમ સુખ સંપત્તિઓ પણ અણધારી આવી પડે છે. તેમજ પૂર્વાર્જીત દુઃખ રોકવાને કોણ શક્તિમાન્ છે ? સત્પુરૂષોનું ચિત્ત તેમાં કંઇપણ ચમત્કાર માનતું નથી. એ પ્રમાણે પોતાના હૃદયમાં સમજી સ્ત્રીના વિરહથી દુઃખી એવો પણ તે રાજા પોતાના પરિવારને શાંત કરી રાજ્ય વ્યવસ્થા ચલાવવા લાગ્યો.

કાકપક્ષી.

એક દિવસ રાજા સભામાં બેઠો હતો, તેટલામાં સૂર્યોદય વખતે એક કાગડો વાવ્યદિશામાં ફળેલા આંબાના વૃક્ષ ઉપર બેસીને કોયલની માફક મધુર નાદવડે બોલતો હતો. તે સાંભળી કોઇક

શકુનવેદી રાજાની પાસે ગયો અને તેણે જણાવ્યું કે, હે રાજન્! થોડા સમયમાં આપને રાણીનો સમાગમ થશે. એમ આ કાગડાના બોલવા ઉપરથી નક્કી જણાય છે. કારણકે હે સ્વામિન્! શકુનશાસ્ત્રમાં પણ કહ્યું છે કે, પૂર્વાદિ દિશાઓમાં પહેલા પ્રહરમાં કાગડો બોલે તો કાર્યની સિદ્ધિ, ભય તેમજ ચરપુરૂષની વાત, ભોજન, વૃષ્ટિ, સ્ત્રી અને નાશી ગએલી સ્ત્રીનો લાભ થાય. બીજા પ્રહરમાં બોલે તો વૈશ્યનું આગમન, સ્ત્રી લાભ, વૃષ્ટિ, શત્રુઓની વાર્તા તેમજ તેઓનો નાશ, માછલાઓનું ભોજન અને અગ્નિનો પ્રકોપ થાય. ત્રીજા પ્રહરમાં ભય, ક્લેશ, વૃષ્ટિ, તેમજ શત્રુ, મિત્ર અને ગુરૂ જનના આગમનની વાર્તા મળે, વળી બ્રાહ્મણ દ્વારાએ ધારેલું કાર્ય સિદ્ધ થાય. ચોથા પ્રહરમાં બોલે તો ભય તથા પુત્રની વાર્તા, અતિથિની પ્રાપ્તિ, ઉત્પાત, સ્ત્રીની વાંચ્છા, નૃપ તથા ગુરૂની પૂજા અને બ્રાહ્મણ દ્વારાએ લેખની પ્રાપ્તિ થાય છે. તેમજ હે રાજન્! ગાય અથવા હાથીના પૃષ્ઠ ભાગ ઉપર બેસી કાગડો બોલે તો સ્ત્રીનો લાભ થાય, કૂવાના કાંઠા ઉપર બોલે તો સ્નેહીનું દર્શન થાય, નદીના કીનારે બોલે તો રાજા તરફથી ભય થાય. આ પ્રમાણે તે શકુનવેદી શકુનનું સ્વરૂપ કહેતો હતો, તેટલામાં ત્યાં એક પારસિક પોપટ આવ્યો અને તે રાજાના ચરણ કમળમાં નમસ્કાર કરી બોલ્યો, હે નરેંદ્ર! આપને કુશલ વૃત્તાંત જણાવવા માટે હું ભવનપતાકા પાસેથી અહીં આવ્યો છું. આ પ્રમાણે પોતાની સ્ત્રીનું નામ માત્ર શ્રવણ કરવાથી રાજા રોમાંચિત થઈ ગયો અને બોલ્યો કે, હે પોપટ! દુધ, સાકર અને દ્રાક્ષવડે પ્રથમ તું ક્ષુધા નિવૃત્ત કરી શાંત થા, એમ કહી રાજાએ તરતજ તે પ્રમાણે ભોજન કરાવી ફરીથી તે પોપટને પૂછયું, હે શુકરાજ! મ્હારી પ્રાણપ્રિયાને ત્હેં ક્યાં જોઇ અને તેને કોણ લઇ ગયો છે! પોપટ બોલ્યો, હે નરેંદ્ર! આ વૃત્તાંત મૂળથી આરંભી હું કહું છું તે આપ સાંભળો.

દેવ તથા વિદ્યાધરોને ક્રીડા કરવાનું મુખ્યસ્થાનભૂત વિંધ્યાચળ નામે સુંદર પર્વત છે. વળી તે પર્વત

પોપટ: નિરંતર ભ્રમણ કરતી દેવાંગનાઓનાં કંકણ તથા ઝાંઝરોના શબ્દોવડે તરૂણ સ્ત્રી પુરૂષોને ક્રીડા કરવા માટે બોલાવતો હોયને શું ? તેમ શોભે છે. તે ગિરિમાં ગાઢ છાયાથી સુશોભિત દ્રાક્ષા મંડપની અંદર નિદ્રાવડે મીચાઇ ગયાં છે નેત્ર કમલ જેનાં અને અમૂલ્ય શયન ઉપર સુતેલી એવી આપની પ્રાણપ્રિયાને મ્હેં જોઇ છે. તેની આગળ અનેક પ્રકારનાં પ્રિય વચન બોલતો એક વિદ્યાધર મ્હારા જોવામાં આવ્યો, તે આ પ્રમાણે બોલતો હતો કે, હે મૃગાક્ષિ ! મ્હારી ઉપર જલદી કૃપા દૃષ્ટિ કર, હે સુંદરિ ! મ્હારા હૃદયમાં કામાગ્નિ પ્રદીપ્ત થયો છે, તેથી તેની વેદના મ્હારાથી સહન થતી નથી, માટે પોતાની દૃષ્ટિ રૂપી અમૃતના સિંચનવડે તું મ્હને શાંત કર. હે પ્રિયે ! હવે જાગ્રત્ થા. એમ સાંભળી તત્કાલ તે જાગ્રત્ થઇ અને આપના સમાન રૂપને ધારણ કરી બેઠેલા સુદંષ્ટ્ર વિદ્યાધરને જોયો કે તરતજ તેણીનું મુખ શ્યામ પડી ગયું અને તેણીના નેત્રોમાંથી અશ્રુધારા વહેવા લાગી. તેવા પ્રકારની તેની દીન અવસ્થા જોઇ મ્હેં કહ્યું, શું પોતાના પતિને જોઇ તું આ અવસ્થા અનુભવે છે ? રાણીએ પ્રત્યુત્તર આપ્યો કે હે પોપટ ! આ મ્હારો સ્વામી નથી, કેમકે માત્ર કપટવડે સ્નેહ વાક્ય બોલી કૃત્રિમ સ્નેહ પ્રગટ કરવા તે ધારે છે. આ મ્હેલ મ્હારો નથી, તેમજ મ્હારો પરિજન પણ મ્હારી પાસે દેખાતો નથી. તે ઉપરથી હું નક્કી માનું છું કે આ કોઇ ધૂર્ત મ્હને હરણ કરીને અહીં લાવ્યો છે. તેમજ તેનું હૃદય ભ્રષ્ટ થએલું છે એવો આ દુષ્ટ મ્હારૂં શીલવ્રત ભ્રષ્ટ કરવા ઇચ્છે છે. સ્ત્રીઓને શીલ રહિત જીવન ગાળવા કરતાં મરણ તે શ્રેષ્ઠ ગણાય. વળી

ાં પ્રવેશ કરવો અને જંગલની અંદર સિંહની ગુફામાં
કરવો તે પણ શ્રેષ્ઠ છે. પરંતુ કુલીન સ્ત્રીઓના શીલનો ભંગ
ો. કારણ કે શીલ એ સ્ત્રીઓનો ઉત્તમ અલંકાર છે.
અમૂલ્ય આભૂષણ, સુગતિનું મૂળ કારણ અને મોક્ષના સુખ
ફળનું અક્ષત બીજ પણ શીલ છે. માટે હે પોપટ ! અધિક
ું ? પ્રાણનો ત્યાગ થાય તોપણ ત્રણ લોકમાં સારભૂત એવા
ાનો હું ત્યાગ નહીં કરૂં. વળી મ્હારા જીવતાં સુધી મ્હારૂં
ત ભ્રષ્ટ કરવાને કોણ શક્તિમાન છે ? આ પ્રમાણે કહી
યારે મૌન રહી ત્યારે મ્હેં તે વિદ્યાધરને કહ્યું કે, જો તું બળા-
આ સતીનું શીલ ખંડન કરીશ તો તે દાંતવડે જીભ કરડીને
ારી જશે. અને તેમ થવાથી આ લોકમાં તમ્હારો વાંછિતાર્થ
ાય તેમ હું ધારતો નથી તેમજ પરભવમાં પણ શીલ ખંડન
ા પાપથી નરકાદિક દુઃખો પ્રાપ્ત થાય છે. વળી આ મહા સ-
મરણનું મુખ્ય કારણ પણ તમે થશો. જેથી અત્યંત ઘોર પા-
પી એવા આ પાપનો ક્ષય ભવિતવ્યતાના વશથી બહુ કોટા
પુદ્ગલ પરાવર્ત્તવડે મહાકષ્ટે થશે. વળી હે વિદ્યાધર !
ેદ્યાધરેંદ્રના કુલમાં જન્મ્યા છો અને ઉત્તમ જાતિવાળા છો,
સેંકડો વિદ્યાઓના જાણકાર છો, તેમ છતાં તમ્હારામાં
વિદ્યા રહી છે એ મ્હોટું આશ્ચર્ય છે. હું જો કે પક્ષી જાતિ
ંતુ મ્હારા વચનથી આપ આ કદાગ્રહ છોડી નિવૃત્ત થાઓ
ુ સારૂં. મ્હને હલકો જાણી મ્હારા વચનનું અપમાન
ઠીક નથી, કારણ કે માટીના ઠીકરામાં રહેલા અમૃત પાનથી
ાગની શાંતિ જરૂર થાય છે, આ પ્રમાણે મ્હારૂં કહેલું સાં-
વિદ્યાધર બહુ વિસ્મય પામી બોલ્યો, હે પોપટ ! આવી મનું-
ા બોલવામાં આટલી બધી દક્ષતા ત્હેં શાથી મેળવી છે ?
મ્હેં ત્હેને કહ્યું કે, હે વિદ્યાધર ! જેમ રત્નાકરની સેવા કરતો

રંક પુરૂષ રત્નપતિ થાય છે તેમ શ્રુતનિધિ એવા મહા મુનિની સેવાથી મ્હને આ વચન વિજ્ઞાનપણું પ્રાપ્ત થયું છે. તે સાંભળી તે ખેચર હાથ જોડી મ્હારા પગમાં પડ્યો અને બોલ્યો, હે પક્ષિરાજ! તમે મ્હારા ધર્મગુરૂ છો, તેમજ શીલરૂપી રત્નના ભંડારરૂપ આ સ્ત્રી પણ મ્હારી બ્હેન છે. માટે આપની સાથે આ સ્ત્રીને પણ તેના નગરમાં લઇ ચાલું છું. તેમજ હું તે નગરની બહાર નિવાસ કરીશ અને તમે નગરમાં રાજાની પાસે જઈ આ સર્વ વૃત્તાંત નિવેદન કરી મ્હને અભયદાન મળે તે પ્રમાણે યાચના કરો. હે રાજન્! આ પ્રમાણે અમારી હકીકત બનેલી છે અને તેટલાજ માટે તેઓને બહાર મૂકી હું અહીં આવ્યો છું, હવે આપની જેવી આજ્ઞા! ત્યારબાદ નરપતિએ તે પોપટને પોતાના ખોળામાં બેસાડીને પોતાના કંઠમાંથી રત્નાવળી હાર ઉતારીને તેના કંઠમાં પ્હેરાવ્યો પછી ઉભો થઈ તે બોલ્યો, હે શુક! ચાલ તે નરરત્નને જલદી તું બતાવ. જેથી મ્હારાં નેત્ર સફલ થાય. વળી પોતાના સ્વાધીન થએલા ઉત્તમ સ્ત્રી રત્નને ભોગવવામાં જેનું મન આસક્ત થયું હતું છતાં પણ ત્હારા વચનથી તેને સદ્બુદ્ધિ પ્રાપ્ત થઈ, તેથી હું તેને સર્વથા અભયદાન આપું છું. એમ કહી પોતાના પરિવાર સહિત રાજા પોપટને હસ્ત કમલ ઉપર બેસાડી તેણે બતાવેલા માર્ગે ચાલ્યો, અને અનુક્રમે તે વિદ્યાધર જ્યાં રહ્યો હતો ત્યાં લગભગ જઈ પહોંચ્યો. વિદ્યાધર અને રાણી બન્ને પણ દૂરથી રાજાને આવતા જોઇ સ્હામાં ગયાં, પરસ્પર સમાગમ થયા બાદ યોગ્ય સત્કાર કરી મહોત્સવપૂર્વક મ્હોટા આડંબર સાથે તેઓએ નગરમાં પ્રવેશ કર્યો. ત્યારબાદ રાજાએ બહુ સન્માન કરી વિદ્યાધર તથા શુકને વિદાય કર્યા.

આ પ્રમાણે સમાગમ થયો કે તરતજ રાણીને ગર્ભ રહ્યો

અસત્યઅપવાદ. અને તે વાત સમગ્ર લોકોના જાણવામાં આવી, તેથી લોકો કહેવા લાગ્યા કે જો રાજાના સંયોગથી રાણીને ગર્ભ રહ્યો હોય તો આટલા વર્ષ સુધી એ રાણીને અથવા કોઈપણ અન્ય રાણીને ગર્ભ કેમ રહ્યો નહોતો. માટે જરૂર વિદ્યાધરના ભોગવવાથી આ રાણીને ગર્ભ રહેલો છે. પરંતુ બહુ લોકોના કહેવાથી આવા પ્રકારનું કપટ રચી તેને અહીં લાવ્યા છે. આ પ્રમાણે લોકાપવાદ સાંભળી રાજા વિચાર કરવા લાગ્યો કે લોકો અસત્યવાદી અને બલવાન્ હોય છે; એ કહેવત ખરેખર સત્ય છે. વળી લોકોની યુક્તિ ઉપરથી આ વિષયમાં મ્હારૂં મન પણ શંકિત થાય છે. પરંતુ આ વાત સંભવતી નથી. અથવા એના અશુભ કર્મના ઉદયથી આ સર્વ અસત્ય વાદ પ્રગટ થયો હશે. તોપણ કુલીન સ્ત્રીઓને આવો લોકાપવાદ બહુ દુઃખદાયક ગણાય. તેથી એને એના પિતાને ત્યાં કંઇપણ કપટ કરી મોકલી દેવી ઠીક છે, એવો વિચાર કરીને ત્હારા પિતા બહુ માંદા છે તેથી મ્હારા ઉપર તેમનો પત્ર આવ્યો છે કે આ પત્ર દેખતાં તરતજ ભવનપતાકાને તમ્હારે મ્હારી પાસે મોકલી દેવી. આ પ્રમાણે સર્વ હકિકત રાણીને જણાવીને રાજાએ સેનાપતિને હુકમ કર્યો કે રાણીને તેના પિતાને ત્યાં જલદી મૂકી આવો. અને ખાનગીમાં તેના પિતાને કહેવું કે કોઇ કારણને લીધે ભવનપતાકાને અહીં પ્રસવ થાય તો સારૂં. એમ જાણી મ્હને મૂકવા માટે અહીં મોકલ્યો છે. આ પ્રમાણે નરેંદ્રનું વાક્ય સાંભળી સેનાપતિ પણ તેજ પ્રમાણે ભવનપતાકાને તેના પિતાને ત્યાં મૂકી આવ્યો.

પિતાનોઉપદેશ. પિતાને ઘેર ગયા બાદ ભવનપતાકા પણ પિતાને નિરોગી જોઇ પોતાના મનમાં વિચાર કરવા લાગી કે, મ્હારા સ્વામીના હૃદયમાં મ્હારી કંઇ પણ અસત્ય ભાવના પ્રગટ થઇ છે.

જેથી આ પ્રમાણે કપટ કરી મ્હને અહીં મોકલી દીધી. પરંતુ મ્હારામાં કિંચિત્‌માત્ર પણ દોષ જણાતો નથી. તેમ છતાં વિદ્યાધરે મ્હારૂં હરણ કર્યું તે સંબંધી લોકમુખથી કંઇપણ દોષ સાંભળી મ્હારી આગળ તે વાત છુપાવીને તેમણે મ્હારો ત્યાગ કર્યો એમ જણાય છે. આમાં અન્યનો દોષ નથી. પરંતુ સર્વ મ્હારા કર્મનોજ દોષ છે. અન્યથા મ્હારો પ્રાણપ્રિય સ્વામી પણ વિચાર કર્યા વિના આવું અઘટિત કાર્ય કેમ કરે? હવે સંદેશાથી તે પ્રિયપતિ પ્રસન્ન થાય અને આ મ્હારૂં દુઃખ ભાગે તે બનવું અશકયજ છે. એમ જાણી તેણીએ સેનાપતિને કંઇપણ સમાચાર કહ્યા નહીં. સેનાપતિના ગયા બાદ ભવનપતાકા પોતાના હૃદયમાં ગુપ્ત રીતે ખેદ કરવા લાગી કે હા દૈવ ! ત્હેં આ પ્રચંડ દુઃખાવસ્થામાં મ્હને કેમ નાખી ? પતિ સાથે વિયોગ, વૈભવનો નાશ અથવા જીવિતનો વિનાશ હું ઉચિત માનું છું. પરંતુ મ્હારા શીલવ્રતમાં જે ત્હેં કલંક પ્રગટ કર્યું તે મ્હોટું આશ્ચર્ય છે. એમ ખેદ કરતી રાણી દિવસો વ્યતીત કરવા લાગી. હવે ચરપુરૂષોના મુખથી ભવનપતાકાનું સર્વ વૃત્તાંત જાણી તેના પિતા સિદ્ધરાજનરેંદ્ર પણ બહુ ચિંતાતુર થઇ ગયા. અરે ! આ સંસારવાસને ધિક્કાર છે. કારણ કે કૃતજ્ઞ પુરૂષોમાં માન પામેલા અને વિવેક નીતિના પારગામી એવા કીર્ત્તિસાગર રાજાએ વિદ્યાધર સંબંધી પોપટે કહેલું વૃત્તાંત સાંભળીને પણ સતીઓમાં શિરોમણિસમાન આ મ્હારી પુત્રી ઉપર પરદુઃખમાં ઉત્સવ માનતા એવા દુર્જનોના કહેવાથી આ અયોગ્ય પ્રવૃત્તિ કરી. એમ વારંવાર સંભારીને અશ્રુધારા વહન કરતો સિદ્ધરાજ એકાંતમાં ભવનપતાકાને પોતાના ખોળામાં બેસાડીને કહેવા લાગ્યો કે, હે પુત્રિ ! હવે તું ખેદ કરીશ નહીં, કારણ કે સુખ દુઃખનો સંબંધ દરેક પ્રાણીને આવી પડે છે. પરંતુ તે સ્થિર રહેતો નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે—

न्यग्नीतोऽपि करायातै-रुत्पतत्येव कन्दुकः ।
प्रायेण हि सुवृत्तानां-मस्थायिन्यो विपत्तयः ॥

અર્થઃ—"કંદુક (દડો) હસ્તના આઘાતો વડે નીચે નાખવામાં આવે છે તો પણ જેમ ઉંચે ઉછળે છે તેમ સજ્જનોની વિપત્તિઓ ઘણા ભાગે સ્થિર રહેતી નથી." માટે હવે હે વત્સે! ખેદનો ત્યાગ કરી વિપત્તિના સમયે ધર્મ ધ્યાન કરવું એ ઉચિત છે.

મુનિદેશના. હવે સ્થવીરપુર નગરમાં ચૌદપૂર્વના ધારક મુનિમહારાજ પધાર્યા છે. તેથી તેમના દર્શન માટે કીર્તિસાગર રાજા તેમજ પરિજન અને નગરના લોકો આનંદપૂર્વક ત્યાં ગયા. મુનિને વંદન કરી ઉત્તમ ભાવવડે ધર્મ સાંભળવા માટે તેઓ સર્વે ઉચિતસ્થાને બેસી ગયા. એટલે બહુજનોના ઉપકાર માટે શ્રુતજ્ઞાની મુનિએ પણ રાજાને ઉદ્દેશી દેશનાનો પ્રારંભ કર્યો. રે રે! ભવ્યાત્માઓ! ક્રોધાદિકથી દૂષિત થઈ જે મનુષ્ય જે કંઈ અવર્ણવાદ બોલે છે તેનું ફળ તો નક્કી નરક ભૂમિજ છે. પરંતુ જે સહસા હાસ્યમાત્રથી અન્યને અલીક વચન બોલે છે તે પણ અનેક દુઃખનો ભોગી થાય છે. જેમકે પૂર્વજન્મમાં ભવનપતાકાએ પોતાની શોકને માત્ર હાસ્યથી "હડ્ડગળી" એમ કહ્યું હતું તેનું જે પરિણામ આવ્યું તે તમ્હારા જાણવામાં છે. તે સાંભળી રાજા બોલ્યો, હે મુનીંદ્ર! આ વૃત્તાંત વિસ્તારપૂર્વક અમને કહો. ત્યારબાદ મુનિ બોલ્યા, વિજયખેટ નામે નગર છે. તેમાં પદ્મ નામે શેઠી હતો. તેની સ્રીનું નામ પદ્મા હતું. તેને સંતાનનું સુખ બિલકુલ નહોતું છતાં પણ તે સ્રી શેઠને બહુજ પ્રિય હતી. શેઠને ફરી પરણવાની સર્વથા ઈચ્છા નહોતી, પરંતુ શેઠાણીએ બહુ આગ્રહ કરી શેઠને બીજી સ્રી પરણાવી. અને તે પદ્મા શેઠાણી નવીન સ્રીને પોતાની

દીકરી સમાન માનતી હતી. એમ આનંદમાં કેટલોક સમય વ્યતીત થતાં એક દિવસે કોઇ વાત પ્રસંગમાં પદ્માએ પોતાની શોકને અકસ્માત્ “ હટ્ટગવી ” (હરાઇ ગાય માફક ઓખર કરનારી) એમ કહ્યું. તે વચન શેઠના સાંભળવામાં આવ્યું અને તરતજ તે સમજી ગયા કે આ નવીન સ્ત્રી શીલથી ભ્રષ્ટ થએલી છે, એમ જાણી શ્રેષ્ઠીએ તે દિવસથી પોતાતા વાસ ભવનમાં તેનો પ્રવેશ બંધ કર્યો. તેથી તે સ્ત્રીએ પોતાના અપમાનની વાત પદ્માની આગળ કરી. એટલે પદ્માએ શેઠને પૂછયું, આ સ્ત્રીએ તમ્હારો શો અપરાધ કર્યો છે કે જેથી તેનો તમે ત્યાગ કર્યો છે ? શેઠ બોલ્યા, ત્હેં એને હટ્ટગવી કહી એથી બીજો અપરાધ કેવો જોઈએ છે ? પદ્મા બોલી, હે સ્વામિન્ ! મ્હેં તો ઉપહાસ્યથી તેમ કહેલું છે, તેથી કોઇ પ્રકારના તેના દોષની ચિંતા કરશો નહીં. એમ કહી શેઠને શાંત કરી પદ્માએ વિશ્વાસ બેસાડયો. ત્યારબાદ પદ્મશેઠ પૂર્વની માફક નવીન સ્ત્રી સાથે વર્તવા લાગ્યા. હવે પદ્માએ દેશવિરતિ ધર્મ સ્વીકારેલો હતો, પરંતુ અનાભોગથી વિચાર ન કર્યો કે બીજા વ્રતમાં સહસા અભ્યાખ્યાનનો અતિચાર મ્હને લાગ્યો છે. તેમજ શેષ દેશવિરતિ સમ્યક્ પ્રકારે પાળીને મરણ સમયે આ અતિચારની આલોચના કર્યા વિના મરણ પામી સૌધર્મ કલ્પમાં દેવપણે તે ઉત્પન્ન થઇ. ત્યાંથી ચ્યવીને હાલમાં તે ત્હારી ભાર્યા થઇ છે. તેનું શીલવ્રત બહુ શુદ્ધ છે, પરંતુ જે આ જનાપવાદ લાગ્યો છે તે તેના પૂર્વભવમાં બોલેલા વચનનું ફલ છે. તે સાંભળી બહુ ખિન્ન થએલા સર્વ નાગરિક લોકો બોલ્યા, હે મુનીંદ્ર ! અતિ વિશુદ્ધ શીલધારી દેવીનો આ અપવાદ ફેલાયો છે તેના હેતુ માત્ર અમેજ છીએ. માટે હે પ્રભો ! આ પાપ કર્મથી અમે મુક્ત થઇએ તે પ્રમાણે અમારી ઉપર આપ કૃપા કરો. તે સાંભળી મુનિ મહારાજે તે પાપને દૂર કરવાનો ઉપાય વિસ્તારપૂર્વક

કહ્યો. તેથી કેટલાક જનોએ સર્વ વિરતિવ્રત ગ્રહણ કર્યું, તેમજ કેટલાક જનોએ દેશવિરતિધર્મ સ્વીકાર્યો અને અન્યજનોએ સમ્યકૂત્વ માત્ર ગ્રહણ કર્યું.

દીક્ષાગ્રહણ. ત્યારબાદ કીર્તિસાગર રાજાએ મુનીંદ્રને વંદન કરી પોતાનો અભિપ્રાય જણાવ્યો. હે જગદ્‌ગુરો! મ્હારી ઉપર કૃપા કરી આપ કેટલોક સમય અહીંજ સ્થિરતા કરો, કેમકે મ્હારે જે કાર્ય છે તે આપ પોતેજ જાણો છો. એમ કહી રાજા ત્યાંથી પોતાના સ્થાનમાં આવ્યો. અને પોતાના રાજ્ય કાર્યની વ્યવસ્થા પ્રધાનને સોંપી ઉત્તમ અશ્વારૂઢ થએલા સુભટો સાથે રાજા પોતે કાંચનપુર નગરીમાં ગયો અને ઉત્પન્ન થયો છે પુત્રરત્ન જેને એવી ભવનપતાકાની આગળ રાજાએ ક્ષમા માગીને કહ્યું કે હે સુભગે! મંદ સ્નેહવાળા એવા મ્હેં લોકોના કહેવાથી આ અકાર્ય કર્યું. પરંતુ વંજુલ વૃક્ષને જેમ ફળ હોતું નથી, તેમજ વડ અને ઉંબરાને જેમ પુષ્પ હોતાં નથી. તેમ ત્હારા હૃદયમાં લેશમાત્ર પણ દોષ નથી. આ પ્રમાણે પશ્ચાત્તાપનાં વચન બોલી બહુ ઐશ્વર્ય સાથે રાજા પોતાના નગરમાં ભવનપતાકાને લઈ ગયો. ત્યારબાદ પુત્રને રાજ્ય ગાદીએ બેસાડી પોતે નિરવદ્ય દીક્ષા ગ્રહણ કરી. તેમજ ભવનપતાકાએ પણ તત્પશ્ચાત્ આઠમા વર્ષબાદ શુભ દીક્ષા લીધી. પછી તે બન્ને જણ નિરતિચાર દીક્ષા પાળીને મોક્ષ સુખ પામ્યાં.

इति द्वितीयव्रते प्रथमातिचारे भवनपताका कथा समाप्तः॥



ધરણમંત્રીનીકથા.

દ્વિતીય રહોભ્યાખ્યાનાતિચાર.

દાનવીર્ય રાજા બોલ્યો, હે જગતપ્રભો ! હવે બીજા વ્રતમાં બીજા અતીચારનું સ્વરૂપ અમને સંભળાવો જેથી અમારા વ્રતની શુદ્ધિ થાય. આ પ્રમાણે રાજાનું વાકય સાંભળી શ્રીસુપાર્શ્વપ્રભુ બોલ્યા—એકાંતમાં બેસી આ લોકો રાજ વિરૂદ્ધ કાર્યનો વિચાર કરે છે, એ પ્રમાણે જે ખલ પુરૂષ અસત્ય વચન બોલે છે. તેનું બીજું વ્રત મલિન થાય છે અને તે ધરણની પેઠે બહુ દુ:ખી થાય છે.

ધરણદૃષ્ટાંત.

આ ભરતક્ષેત્રમાં દેવોને પૂજવા લાયક ઇંદ્રના સ્વરૂપ સમાન ઉત્તમ રત્નોના વેપારવડે સુપ્રસિદ્ધ વીરપુર નામે નગર છે. તેમાં રણવીર નામે રાજા રાજ્ય કરે છે. તેમજ ઉત્કૃષ્ટ રત્ન જેમાં રહેલાં છે એવી સમુદ્રની લહેર સમાન રત્નવતી નામે તેની સ્ત્રી છે. ગુણસાગર નામે તેઓને પુત્ર છે. વળી મંત્રીના પુત્રનું નામ ધરણ છે. હવે ગુણસાગર અને ધરણની એવી પ્રીતિ બંધાણી છે કે ક્ષણમાત્ર પણ વિયોગ થવાથી તેઓ બહુ દુ:ખી થાય છે. એમ કરતાં કોઈ એક સમયે વસંત ઋતુમાં તે બન્ને જણ મનોરમ નામે ઉદ્યાનમાં ફરવા માટે ગયા. ત્યાં આગળ વિચિત્ર ક્રીડા કરતી કોઈ બાળાઓ તેઓના જોવામાં આવી. જેમકે—સાક્ષાત્ વસંત ઋતુની લક્ષ્મી હોયને શું ? તેમ તેઓના અંગ ઉપર સ્વચ્છ સુવાસિત પુષ્પોનાં આભરણો શોભતાં હતાં. તેમજ રત્નોનાં આભરણોથી વિભૂષિત એવી દાસીઓ તેની આગળ નૃત્ય કરતી હતી. વળી રતિ સમાન વિલાસિને ધારણ કરતી તે બાળાને જોઈ

કુમારનું ચિત્ત પરાધીન થઇ ગયું. તેમજ તે સ્ત્રી પણ કુમારનું સ્વરૂપ જોઇ એકદમ કામાતુર થઈ ગઇ. એમ એક બીજાના નેત્રનો સ્નેહ જોઇ તેમનો અભિપ્રાય જાણી ધરણ બોલ્યો, હે કુમાર! આ આંબા ઉપર બેઠેલી કોયલ બહુ મધુર સ્વરથી ટૌકાર કરી રહી છે, માટે અહીંથી આગળ ડગલું માત્ર પણ જવાને મ્હારૂં મન ઉત્સુક થતું નથી. તેમજ આ આમ્રની છાયા પણ કેવી મજાની છે! હે મિત્ર! આવો આનંદ આપણને બીજે સ્થળે નહીં મળે, તેથી અહીંજ રોકાણું ઉચિત છે.

એ પ્રમાણે કહી તેઓ ત્યાં રહ્યા અને આજુબાજુના વન વિલાસને જોતાં હતા તેવામાં આકાશમાર્ગમાંથી

અદ્ભુતવિમાન. ઉતરતું એક યુવતિઓનું જોડલું ઉત્તર દિશામાં તેમણે જોયું. તેમજ ક્ષણમાત્રમાં તેઓની પાછળ આકાશમાંથી એક વિદ્યાધરનું વિમાન ઉતર્યું. અને તરતજ તે વિમાનમાંથી નીચે ઉતરી છત્ર ચામરાદિક સામગ્રીથી વિભૂષિત થએલા વિદ્યાધરેંદ્રને પોતાની પાસે આવતો જોઇ તે બન્ને જણે યથાયોગ્ય સત્કાર કર્યો. ત્યારબાદ વિદ્યાધરેંદ્ર તે બન્નેને પોતાના વિમાનમાં બેસાડી રાજભવનમાં લઈ ગયો. રાજાએ વિદ્યાધરનો સત્કાર કર્યો. પછી પોતે પણ સિંહાસન ઉપર વિરાજમાન થયો. ત્યારબાદ વિદ્યાધર બોલ્યો, હે રણવીરનરેશ્વર! મ્હારે એક પુત્રી છે. તેને ઉચિત વર નહીં મળવાથી કોઇક નૈમિત્તિકે મ્હને કહ્યું કે, આ કુમારીને શ્રીરપુર નગરના મનોરમ નામે ઉદ્યાનમાં તમે મોકલો. ત્યાં તેના રહેવાથી રણવીર રાજાનો પુત્ર ત્યાં આવશે અને તેણીના દર્શનથી તે તેની ઉપર આસકત થશે. તેમજ કુમારીનું ચિત્ત પણ તે કુમાર હરણ કરશે. તેથી તેજ તેનો વર થશે. એમ નૈમિત્તિકના કહેવાથી મ્હેં કુમારીને અહીં ઉદ્યા-

નમાં મોકલેલી છે. વળી લગ્ન દિવસ પણ આજનો ઘણો શ્રેષ્ઠ છે. માટે આ બન્ને રત્નોનો સંયોગ થાય તેવી રીતે આપનો શ્રમ સફલ થાઓ. ત્યારબાદ ધરણુ ઉભો થઇ રાજાના કાનમાં કહેવા લાગ્યો કે આ વાત કુમારને પણ સંમત છે. માટે આ કાર્યમાં હવે આપણે વિલંબ કરવા જેવું નથી. આ પ્રમાણે સર્વની સંમતિ લઈ રાજાએ વિવાહ મહોત્સવ માન્ય કર્યો અને બહુ આનંદપૂર્વક લગ્ન કાર્ય સમાપ્ત થયા બાદ તે વિદ્યાધરનો સત્કાર કરી તેને વિદાય કર્યો. તેપણ રાજાની આજ્ઞા લઈ પોતાના સ્થાનમાં ગયો.

અમરચંદ્રસૂરિ.

એક દિવસ રાજા સભામાં બેઠો હતો, તે પ્રસંગે કુમાર પણ ત્યાંજ હતો, તેવામાં દ્વારપાલની રજા લઈ ઉદ્યાનપાલ ત્યાંઆવી રાજાને પ્રણામ કરીને વિનયપૂર્વક વિનતિ કરી કહેવા લાગ્યો કે, હે સ્વામિન્! અનેક દેવતાઓ જેમની સ્તુતિ કરી રહ્યા છે એવા અમરચંદ્રસૂરિ નંદનવન નામે ઉદ્યાનમાં હાલ પધાર્યા છે. તે સાંભળી અમૃતથી સિંચાયો હોયને શું ? તેવી રીતે કુમાર હાથ જોડી પિતાને કહેલા લાગ્યો કે હે પિતાજી ! શુદ્ધ ચારિત્રનાપાલક મુનીંદ્રો આ દુનીયામાં જંગમ તીર્થરૂપ ગણાય છે. માટે તેમનાં દર્શન કરી જન્મ સફલ કરવો એ આપણું કર્ત્તવ્ય છે. તે સાંભળી રાજા ઉત્કંઠિત થઇ મુનિને વાંદવા માટે પોતાના પરિવાર સહિત ઉદ્યાનમાં ગયો. મુનિને જોઇ હસ્તિ ઉપરથી નીચે ઉતરી કુમારની સાથે વિધિસહિત તેણે વંદન કર્યું. તેથી રાજાના હૃદયમાં આનંદ ભરાઇ ગયો અને શરીર રોમાંચિત થઇ ગયું. ત્યારબાદ મુનિએ દુંદુભિના નાદસમાન ગંભીર અને ઉદાર શબ્દોવડે ધર્મલાભ આપી નરેંદ્રને આનંદિત કરી આ પ્રમાણે ધર્મ દેશનાનો પ્રારંભ કર્યો. હે ભવ્યાત્માઓ ! આ લોકમાં જે જે સુંદર રૂપ સંપત્તિ વિગેરે પદાર્થો

જોવામાં આવે છે તે સર્વ ધર્મનુંજ ફળ છે, અને તેનાથી જે વિપરીત દેખાય છે તે અધર્મનું ફળ છે. વળી ધર્માભાસથી વ્યાકુલ થએલા એવા આ જગતમાં યથાર્થ ધર્મનું સ્વરૂપ તો કોઇક ભવ્ય પ્રાણીઓ જ જાણે છે. તેઓમાં પણ વિશેષ ધર્મસ્વરૂપ સમ્યક્ પ્રકારે જાણીને પોતાના દેહની પણ અપેક્ષા રહિત શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે વર્ત્તન કરવાવાળા બહુ વિરલા હોય છે. વળી જેમાં વિષય અને કષાયોનો ત્યાગ તેમજ ગુણોમાં પ્રીતિ અને દયામાં અપ્રમાદ હોય તેવા પ્રકારનો ધર્મ મોક્ષ સુખનો મુખ્ય હેતુ છે વળી તેવા પ્રકારનો ધર્મ જીનેંદ્ર ભગવાનેજ કહેલો છે. માટે સુખાર્થી પુરૂષોએ હમ્મેશાં તે ધર્મમાં યત્ન કરવો. અન્યથા આમ્રવૃક્ષની શ્રદ્ધાવડે આકડાને પાણી પાવા જેવું થાય છે. તેમાં પણ જો શક્તિ હોય તો મુનિધર્મ પાળવો તેજ ઉત્તમ છે, કારણકે સર્વ સંગ રહિત એવો મુનિધર્મ મોક્ષનું પ્રધાન અંગ છે. પરંતુ જેઓની તેવી યોગ્યતા ન હોય તેવા અલ્પ શક્તિવાળા મનુષ્યોએ ગૃહસ્થ ધર્મ સ્વીકારવો. ગૃહી ધર્મ પણ અનુક્રમે સંસાર જન્ય દુઃખોને તિલાંજલિ આપે છે. ઇત્યાદિક દેશના સાંભળી રણવીર રાજાએ જણાવ્યું કે હે ભગવન્! મ્હારી યોગ્યતા હોય તો મ્હને યતિ ધર્મનો ઉપદેશ આપો. મુનીંદ્ર બોલ્યા, હે રાજન્! ત્હારો તે મનોરથ નિર્વિઘ્નપણે સફલ થાઓ. ત્યારબાદ રાજાએ ગુણસાગર કુમારને રાજ્યમાં સ્થાપન કરીને પોતે દીક્ષા ગ્રહણ કરી. પછી ગુણસાગર રાજા પણ ધરણ મંત્રી સહિત દેશ વિરતિ ધર્મને અંગીકાર કરી ગુરૂને નમસ્કાર કરી પોતાના સ્થાનમાં ગયો. તેમજ પોતાના પિતાએ દીક્ષા ગ્રહણના સમયે નીચે પ્રમાણેનાં જે ધર્મ કાર્ય કરવાનાં કહ્યાં હતાં તે કરવા લાગ્યો, કારાગૃહમાંથી બદ્ધ જનોને મુક્ત કર્યા, જૈનમંદિરોમાં અષ્ટાન્હિક મહોત્સવોનો પ્રારંભ કરાવ્યો, સાધર્મિક વાત્સલ્ય અને દીન પ્રાણીઓનો ઉદ્ધાર વિગેરે ધાર્મિક

પ્રવૃત્તિ કરવા લાગ્યો. તેમજ ધરણને અમાત્ય પદવી આપી ને પોતે નિરંતર ધર્મનો ઉદ્યોત કરવા લાગ્યો.

પ્રત્યંગિનીદેવી.

એક દિવસ રાજા પોતાના શયન સ્થાનમાં અર્ધ રાત્રીના સમયે સુતો હતો. તેવામાં નવીન કમલદલ સમાન નેત્રવાળી એક સ્ત્રી તેના જોવામાં આવી. વળી તે સ્ત્રી પોતાના શરીરની સ્વચ્છ કાંતિવડે અંધકારને દૂર કરતી હતી. વળી તેના એક હસ્તમાં ડમરૂક હતો અને બીજા હસ્તમાં સોનાનો દંડ ધારણ કરેલો હતો. કંઠમાં અદ્‌ભુત રત્નાવલી હાર ચળકતો હતો. શરીરે શ્વેત વસ્ત્ર પ્હેરેલાં હતાં અને પગમાં પાદુકાઓ પહેરેલી હતી. આ પ્રમાણેનું અદ્‌ભુત સ્વરૂપ જોઈ રાજાએ તેને પૂછ્યું, હે સુંદરિ! તું કોણ છે? અને અહીં ત્હારે આવવાનું શું કારણ? પૂર્ણ ચંદ્ર સમાન વદનાકૃતિને ધારણ કરતી તે સ્ત્રી પણ હસ્તે મુખે બોલી, હે રાજન્! હું પ્રત્યંગીની વિદ્યાદેવી છું. વળી આજથી ત્રીજા ભવમાં ત્હેં મ્હારી પૂર્વ તથા ઉત્તર સેવા બહુ ભક્તિવડે વિધિપૂર્વક કરી હતી તેથી હું તને સિદ્ધ થવાની તૈયારીમાં હતી તેટલામાં તું મરણ પામ્યો. માટે હે રાજન્! પૂર્વભવના સંબંધને લીધે ત્હારી ભક્તિવડેજ હું ત્હને અનુકુળ થઈ છું. વળી હાલમાં તું વિશેષ પ્રકારે જૈનધર્મની સેવા કરે છે. તેમજ ત્હેં કુલ પરંપરાથી પ્રાપ્ત થએલા રાજ્યને તૃણ સમાન માની દેશ વિરતિ ધર્મનો સ્વીકાર કર્યો છે. તેથી હું ત્હારા કિંકરપણાને પ્રાપ્ત થએલી છું, વળી હમ્મેશાં ત્હારી સેવામાંજ તત્પર છું માટે વિશેષ કાર્ય પ્રસંગે ત્હારે મ્હારૂં સ્મરણ કરવું. તે સાંભળી રાજા એકદમ ઉભો થયો અને તેને બેસવા માટે આસન આપ્યું. ત્યારબાદ તે બોલ્યો કે હે દેવિ! હું તમ્હારા અભ્યુત્થાનાદિક સત્કારથી વિમુખ રહ્યો. માટે તે મ્હારા અવિનયની ક્ષમા કરશો. દેવી બોલી, હે ભૂપતે! આપ મહા ગુણવાન

છો અને હું તો વિરતિ ધર્મ રહિત છું તો પછી આપની આગળ મ્હારો અવિનય શો ? એમ કહી દેવીએ પોતાના કંઠમાંથી રત્નાવલી હાર કાઢીને તે નરેંદ્રના કંઠમાં પ્હેરાવ્યો, અને તે હારનું માહાત્મ્ય તેણીએ જણાવ્યું કે જ્યાં સુધી આ હાર તમ્હારા કંઠમાં રહેશે ત્યાં સુધી શત્રુઓ પણ કિંકરપણું ધારણ કરશે. એ પ્રમાણે કહી રાજાની આજ્ઞા લઇ દેવી પોતાના સ્થાનમાં ગઈ. રાજાએ પણ બાકીની રાત્રી ધર્મધ્યાનવડે નિર્ગમન કરી, તે અનુક્રમે સૂર્યોદય થયો એટલે આવશ્યકાદિ નિત્ય ક્રિયા કરી કંઠમાં તે હાર પ્હેરી પોતે રાજસભામાં બેઠો, હારના પ્રભાવથી બહુ બલવાન્ અને વિરોધી એવા રાજાઓ પણ પુષ્પમાલાની માફક તેનું રાજશાસન મસ્તકવડે વહન કરવા લાગ્યા. ત્યારબાદ રાજ્યભાર ધરણમંત્રીને સોંપી પોતે સંસારથી વિરક્ત થઈ નિરંતર જૈનધર્મના કાર્યોમાં સમય વ્યતીત કરવા લાગ્યો.

ધરણનો અત્યાચાર.

તેવામાં ત્યાં સાગરશ્રેષ્ઠીની પુત્રીનો વિવાહ પ્રસંગ ચાલતો હતો. તેમજ જાન પણ અન્ય રાજ્યમાંથી આવેલી હતી. તેમાં મહનદેવ નામે વરના પિતા એટલે પોતાના વેવાઇની સાથે સાગર શ્રેષ્ઠીને દ્રવ્ય સંબંધી લેવડ દેવડમાં તકરાર થઈ. જેથી સ્વજનવર્ગમાં બહુ કોલાહલ થયો. તે વાત ધરણ મંત્રીના જાણવામાં આવી. તેથી તેણે તેઓને ખુબ ધમકી આપીને કહ્યું કે, તમ્હારી સર્વ વાત મ્હારા જાણવામાં આવી છે. જેમકે તમે અમારા રાજ્યના ગુપ્ત વિચારો તમ્હારા રાજાને કહેવા ધારો છો. તેથી તમે રાજ્ય વિરૂદ્ધ કાર્ય કરનાર ઠરો છો. તે સાંભળી મહન દેવના પુત્રની મુખાકૃતિ વિલક્ષણ થઇ ગઇ અને તે બોલ્યો કે, જેવી રીતે આ રાજ્ય લુંટી લીધું છે, તેમ અમને પણ શું તમે લુંટવા ધારો છો ? તે સાંભળી ધરણ બહુ કોપાયમાન થઈ ગયો અને તેને

પકડાવીને તરતજ કારાગૃહમાં દાખલ કર્યો. આ પ્રમાણે ધરણમંત્ર
સાહસ જોઈ મહનદેવ પોતાના પુત્રનો પક્ષ લઇ બોલવા લાગ
તેથી તેને પણ તેજ સ્થિતિમાં તેણે દાખલ કર્યો. ત્યારબાદ નગ
મુખ્ય આગેવાનોને એકઠા કરી સાગર શ્રેષ્ઠી ધરણ પાસે પ્રાર્થ
કરવા ગયો. ત્યાં જઈ ધરણને નમસ્કાર કરી તે બોલ્યો કે,
બન્ને જણે કંઈપણ અપરાધ કર્યો નથી, છતાં એમને આ બં
શું યોગ્ય ગણાય ? ધરણ બોલ્યો, તે લોકો રાજ્ય વિરૂદ્ધ વિચ
કરતા હતા, છતાંપણ તેઓ અપરાધ વિનાના ? અને સાથે તું
સત્યવાદી ખરો ! એમ વાદ વિવાદ ચાલતાં ધરણને સાગર ઉ
બહુ રીસ ચડી, તેથી તેને પણ પકડીને તેનું સર્વ ધન લુંટી
રાજભંડારમાં નાંખી દીધું. હવે મહાજન લોકોનું કહેવું પણ તે
ન માન્યું તેથી તેઓ રાજા પાસે ગયા અને આ સર્વ વૃત્તાં
વિસ્તારપૂર્વક રાજાને નિવેદન કર્યું. રાજાએ તે વાત ધ્યાન
લઇ તરતજ ધરણને બોલાવીને પૂછયું કે, આ મહાજન લોકો
કહે છે તે શું સત્ય છે ? ધરણ બોલ્યો, એમાં શું અસત્ય છે ? અ
તમ્હારો ખજાનો ભરીએ છીએ, તેથી અમેજ કેવલ અસત્યવાદ
છીએ. રાજા બોલ્યો-એમ કરવાનું આપણે કંઈપણ પ્રયોજ
નથી. માત્ર તેઓના જે અપરાધ હોય તે તું બોલ. ધરણ બોલ્યો,
આ લોકો એકાંતમાં રાજ વિરૂદ્ધ વિચાર કરતા હતા, તેથી તેઓને
મ્હેં યોગ્ય શિક્ષા કરી છે. તે સાંભળી રાજાએ તેઓને પૂછયું.
ત્યારે તે લોકોએ ઉત્તર પ્રત્યુત્તરવડે ધરણને નિરૂત્તર કર્યો. બાદ
ધરણ વિલક્ષ્ય થઇ રાજાને કહેવા લાગ્યો કે, આ મૂર્ખજનોની
સાથે મ્હને વાદવિવાદ કરાવો છો તે યોગ્ય ગણાય નહીં. જો હું
આપને અન્યાયકારી લાગતો હોઉં તો કોઇપણ સારો ન્યાયવેત્તા
હોય તેને આ આપની ન્યાયમુદ્રા આપો. એમ કહી તેણે તે મુદ્રા
હસ્તમાંથી કાઢીને દૂર ફેંકી દીધી. ત્યારે રાજાએ કહ્યું, હે ધરણ!

આ મુદ્રા ત્યાગ કરવાનું કંઇપણ કારણ નથી, પરંતુ નીતિથી પ્રજાનું રક્ષણ કરવું અને ન્યાયથીજ ભંડાર પણ પૂર્ણ રાખવો. એજ મંત્રીનું મુખ્ય કર્ત્તવ્ય છે. વળી મૃષાવાદ વિરમણ વ્રતમાં ત્હારે આ દ્વિતીય અતીચાર આવ્યો, માટે તું ગુરૂ પાસે જઈ તેની પર્યાલોચના કરીને શુદ્ધ થા. આ પ્રમાણે પોતાનું અપમાન સમજી ધરણમંત્રી રોષાયમાન થઇ પોતાને ઘેર ગયો. જેથી રાજાએ તેની જગ્યાએ અન્ય મંત્રીને સ્થાપન કર્યો અને સાગર શ્રેષ્ઠીનું સર્વ ધન પાછું અપાવ્યું. તેમજ તે ધરણે લોકો પાસેથી અન્યાયવડે જે દ્રવ્ય લીધું હતું, તે સર્વ ધન તે લોકોએ તેની પાસેથી યોગ્ય સમયે પાછું લીધું. ત્યાર બાદ એક લંઠ પુરૂષે ધરણને પ્રથમ લાંચ આપેલી તે દ્રવ્યની તેણે માગણી કરી, છતાં ધરણે તે આપ્યું નહીં અને સીધો ઉત્તર પણ આપ્યો નહીં. તેથી તેણે પોતાના નોકરો પાસે ધરણને ખુબ કુટાવ્યો. તેમજ તેણે લાગ શોધીને ધરણને છરીવડે મારી નાખ્યો. ત્યાંથી મરીને તે રૌદ્રધ્યાનવડે તે ત્રીજી નરકભૂમિમાં ગયો. ત્યાંથી નીકળી ચિરકાળ સંસારમાં ભ્રમણ કરી યોગ્ય સમયે તે મોક્ષ સુખ પણ પામશે.

હવે વિશુદ્ધ ગૃહી ધર્મ પાળવામાં આસક્ત એવો ગુણસાગર રાજા પણ રથયાત્રાદિક નાના પ્રકારનાં કાર્યોવડે જૈન શાસનની ઉત્સર્પણાઓ કરાવે છે. મ્હોટાં જૈન મંદીરો બંધાવે છે. તેમજ જીર્ણોદ્ધારપૂર્વક સર્વ દેશમાં અમારી ઘોષણા, સાધર્મીકવાત્સલ્ય અને બીજાં કેટલાંક ધર્મકાર્યો કરાવે છે. છેવટે દીક્ષા લઇ તે સમાધિ મરણવડે સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયો. અને ત્યાંથી ત્રીજે ભવે મોક્ષ સુખ પામશે, હે ભવ્ય જીવો ! આ પ્રમાણે બીજા વ્રતના બીજા અતિચારનું સેવન કરવાથી ધરણ મંત્રી બહુ સંસાર

ગુણસાગરરાજા.

ભમ્યો. માટે આ અતિચારને બહુ યત્નપૂર્વક વર્જ્યો, જેથી સંસાર સમુદ્ર તરવો સુલભ થાય.

इतिश्रीमृषावादव्रते द्वितीयाऽतिचारविपाके धरणाख्यानकं समाप्तम् ॥

मदनवणिक्नीकथा.

તૃતીયસ્વદારમંત્રભેદાતિચાર.

દાનવીર્ય રાજા બોલ્યો, હે જગત્ પ્રભુ! આ મૃષાવાદ વ્રતમાં શું કરવાથી ત્રીજો અતિચાર લાગે છે તેનું દૃષ્ટાંત સહિત સવિસ્તર વ્યાખ્યાન સંભળાવો. આ પ્રમાણે રાજાનો પ્રશ્ન સાંભળી શ્રી સુપાર્શ્વ પ્રભુ બોલ્યા, હે રાજન્! પોતાની સ્ત્રીએ વિશ્વાસથી કહેલું કોઇ પણ વચન અન્ય પુરૂષની આગળ જે પુરૂષ કોઇ નિમિત્તવડે જાહેર કરે તો તે પણ દ્વિતીય વ્રતમાં અતિચાર ગણાય અને તે અતિચાર સેવવાથી તે પુરૂષ મદનની પેઠે દુઃખી થાય છે.

મદનદૃષ્ટાંત.

ગજ (દા) શંખ (નિધાન) અને લક્ષ્મીવડે વિભૂષિત તેમજ સુદર્શન (ચક્ર—સારાં દર્શન) ના આશ્રયભૂત વિષ્ણુના દેહની માફક અમૂલ્ય રત્નોથી વિરાજીત રત્નપુર નામે એક નગર છે. તેમાં વણિક્જનોમાં મુખ્ય અને વૈભવમાં કુબેર સમાન સુધન નામે શ્રેષ્ઠી રહે છે. શીલગુણનો મહિમા જેમાં મુખ્ય રહ્યો છે એવી સીતા નામે તેની સ્ત્રી છે. પ્રીતિપૂર્વક તેઓનો કેટલોક સમય વ્યતીત થતાં સદ્ગુણોનું કુલ મંદિર એવો ધનસાર નામે તેમને એક પુત્ર થયો. નામ પ્રમાણે રૂપવાન્ મદન નામે તેનો મિત્ર છે. તે પણ જાતનો

વાણીયા છે. હવે તે મદન અને ધનસાર બન્ને મિત્રો મદોન્મત્ત હસ્તીની માફક ઉદ્યાનાદિક સ્થાનોમાં નિરંકુશપણે ક્રીડા કરે છે.

એક દિવસ વસંતઋતુના પ્રસંગે ધનસાર અને મદન બન્ને જણા કુસુમસાર નામે ઉદ્યાનમાં ગયા. ત્યાં બિરાજતા, સમયસારમુનિ. શાંતમૂર્તિને ધારણ કરતા અને મહાજ્ઞાની એવા સમયસાર મુનિને જોઈ મદન બોલ્યો, હે ધનસાર ! શરદ્ઋતુના ચંદ્ર સમાન નેત્રોને આનંદ આપતા એવા આ મુનિવરના ચરણમાં આપણ વંદન કરીએ. એમ કહી તે બન્નેજણાએ વંદન કર્યું. તેસમયે મુનીંદ્ર પોતાના ધ્યાનમાં લીન હતા. ધ્યાનની સમાપ્તિ થઇ એટલે ધર્મ લાભ આપી બન્નેને આનંદિત કર્યા. આ પ્રમાણે તે બન્નેની પ્રવૃત્તિ જોઈ ત્યાં ઉભેલો એક બ્રાહ્મણ બોલ્યો, અરે ! આટલો બધો અવિવેક ! મ્હને મૂકીને આ શૂદ્રને તમે કેમ નમ્યા ? વળી માનસરોવર નજીકમાં હોય તેમ છતાં તેનો અનાદર કરી ખાઈનું મલીન પાણી કોણ પીએ ? આ પ્રમાણે બ્રાહ્મણનું વાક્ય સાંભળી તેઓ બોલ્યા, રે બ્રાહ્મણ ? આવાં અસભ્ય વચન બોલવાં તમને યોગ્ય નથી. બ્રાહ્મણ શબ્દના અર્થ પ્રમાણે શું આ બ્રાહ્મણ નથી ? તેમજ કોઇ પણ જીવની હિંસા કરવી નહીં, અસત્ય વચન બોલવું નહીં, પારકું ધન કહ્યા સિવાય લેવું નહીં, પરસ્રીનું સ્વરૂપ જોઈ લુબ્ધ થવું નહીં અને કોઇપણ પરિગ્રહમાં મૂર્છા કરવી નહીં વિગેરે, ધર્મનો ઉપદેશ તેઓ આપે છે. વળી મૈથુનથી જે વિરામ પામેલો હોય તેજ બ્રાહ્મણ કહેવાય. હે ભાગ્યશાલી ! આવા અનેક ગુણો જેમાં રહેલા છે, છતાં આ બ્રાહ્મણ કેમ ન કહેવાય ? વળી પૂર્વોક્તગુણોથી જે રહિત હોય, તેજ શૂદ્ર કહેવાય એમ શાસ્રકારોનું મંતવ્ય છે. આ પ્રમાણે તેઓના વચનામૃતનું પાન કરવાથી બ્રાહ્મણના અજ્ઞાનરૂપી ગાઢ રોગની શાંતિ થઇ અને તરતજ તે વિનયપૂર્વક મુનિને પ્રણામ કરી ભૂમિ ઉપર

બેઠો. મુનિએ પણ તેઓની યોગ્યતા જાણી ધર્મદેશનાનો પ્રારંભ કર્યો. તે સમયે બ્રાહ્મણે પ્રશ્ન કર્યો કે હે મુનીંદ્ર ! આપની આકૃતિ ઉપરથી એમ અનુમાન થાય છે કે ઉત્તમ રાજલક્ષ્મીનો વૈભવ છોડી દઈ આપે આ ચારિત્ર ધર્મ સ્વીકારેલો છે, માટે આપને વૈરાગ્ય થવામાં મુખ્ય કારણ શું બન્યું તે આપ કૃપા કરી અમને જણાવો. મુનીંદ્ર બોલ્યા, હે સુભગ ! આ સંસારમાં વૈરાગ્યના હેતુઓ બહુ સુલભ છે. પરંતુ મ્હારી બાબતમાં તો ઘણું કરીને મ્હારી સ્ત્રી મુખ્ય હેતુ થઈ છે. ફરીથી બ્રાહ્મણ બોલ્યો, હે મુનિવર્ય ! આપનું આ વૃત્તાંત વિસ્તારપૂર્વક કહો જેથી કરીને અમને પણ વૈરાગ્ય ઉત્પન્ન થાય.

સ્ત્રી વૃત્તાંત.

શ્રીમાન્ મુનિચંદ્ર મુનિ બોલ્યા, ઇંદ્ર સરખા પણ પોતાનું ચરિત્ર કહેવાથી લજ્જીત થાય છે, તેમાં કંઈ નવાઈ જેવું નથી. પરંતુ આ ઉપકારનો હેતુ છે, એમ જાણી તમ્હારી આગળ હું મ્હારૂં વૃત્તાંત કહું છું. આ ભરતક્ષેત્રમાં રથવીરપુર નામે નગર છે. તેમાં ગુણનિધાન એવો સમર કરીંદ્ર નામે રાજા છે. વિનય ધર્મમાં બહુ પ્રવીણ એવી મદનશ્રી નામે તેની ભાર્યા છે. પરસ્પર પ્રીતીપૂર્વક વિષયસુખનો અનુભવ કરતાં તેઓને શ્રેષ્ઠ લક્ષણોવડે સંયુક્ત અને રૂપવડે કામદેવનો તિરસ્કાર કરતો એવો મેઘકુમાર નામે એક પુત્ર થયો. ત્યારબાદ ગ્રીષ્મઋતુના તાપને લીધે રાજાને દાહજ્વર પ્રગટ થયો અને તેની પીડા દિવસે દિવસે બહુ વધતી ગઈ, એટલે રાજવૈદ્યોએ અનેક ઉપચાર શરૂ કર્યા. વૈદ્યોએ બતાવેલાં ઔષધોને મદનશ્રી રાણી પોતેજ તૈયાર કરે છે. વળી ઉપયોગપૂર્વક જળ ઉકાળે છે, તેમજ દરેક કાર્ય પોતેજ કરે છે એટલુંજ નહીં પરંતુ શરીરની છાયાની માફક નિરંતર પોતાના સ્વામીની પાસેજ તે રહે છે. એમ કરતાં રાજાને સાત દિવસના ઉપવાસ થયા. તેથી મદનશ્રીએ પણ સાતે દિવસ લંઘન કરી ઉકાળેલું જળ પીધું.

ત્યારબાદ રોગની અસાધ્યતા જાણી મદનશ્રીએ ક્ષેત્રદેવીની માનતા રાખી કે જો મ્હારા સ્વામીને આરામ થશે તો હું મ્હારા બે હાથ જોડી બાલાઓથી વીંધી પગમાં બેડીઓ પ્હેરીને ત્હારા મંદીરમાં યાત્રા કરીશ. એ પ્રમાણે બાધા રાખવાથી ભવિતવ્યતાને લીધે રાજાનો રોગ શાંત થયો. એટલે મદનશ્રીએ પોતાના કહ્યા પ્રમાણે જ ક્ષેત્રદેવીની યાત્રા કરી. તે જોઈ રાજાએ વિચાર કર્યો કે મ્હારી ઉપર મદનશ્રી રાણીનો જેવો અપૂર્વ પ્રેમ છે તેવો પ્રેમ આ દુનીયામાં બીજા કોઈનો પણ હું જોતો નથી. કેમકે મ્હારા માટે તેણીએ જીવિતની પણ દરકાર કરી નહીં. તેમ જાણી તેની ઉપર તે બહુ આસક્ત થયો અને અન્ય રાણીઓનો અનાદર કરવા લાગ્યો.

જારપુરૂષ.

એક દિવસ મદનશ્રીના વાસભવનમાં રાત્રીના સમયે વિલાસ કરતો રાજા બેઠો હતો, તેવામાં ત્યાં આવી કોઈક જાર પુરૂષ બોલ્યો કે હજુપણ સુખીઆ લોકો સુઈ રહ્યા છે ? આ આક્ષેપનું વચન સાંભળા રાજા એકદમ ક્રોધાતુંર થઇ ગયો અને હાક મારી ને કહ્યું કે રે પ્રાહરિકો ! આ શબ્દ કોણે કર્યો ? તમે તેની શોધ કરી મ્હને જલદી મ્હને પ્રત્યુત્તર આપો. તે સાંભળી પ્રાહરિકો પણ સંભ્રાંત થઇ ગયા અને કંઇક ઉત્તર આપવાનો વિચાર કરતા હતા, તેટલામાં રાણી બોલી, હે પ્રાણપ્રિય ! સેંકડો પ્રાહરિકો વડે વ્યાકુળ એવા આ મકાનમાં આમ શંકા કરવાનું આપને કંઇપણ કારણ નથી. જીવિતની ઈચ્છાવાળો કયો પુરૂષ સિંહની ગુફામાં પ્રવેશ કરે ? વળી બળતા અગ્નિમાં હસ્તપ્રક્ષેપ કોણ કરે ? સર્પની ફણાનો સ્પર્શ કરવા કોણ સાહસ કરે ? તેમજ વાઘેણનું દુધ પીવા કોણ ઈચ્છા કરે ? વળી જે સ્થાનમાં પવનનો પણ સંચાર દુર્લભ છે અને સૂર્યના કિરણો પણ પ્રવેશ કરી શકતા નથી એવા આ તમ્હારા ભવનમાં કોઈપણ અન્ય માણસ કેવી રીતે આવી શકે? માટે હે નાથ! અમસ્તો

કોઈ શબ્દ આપના સાંભળવામાં આવ્યો હશે. એ ઉપરથી વૃથા શંકા શા માટે કરો છો ? આ પ્રમાણે મદનશ્રીનું વચન સાંભળી રાજાએ જાણ્યું કે આ સ્ત્રી કંઈક કપટમાં છે ખરી ! એમ પોતાના જાણવામાં આવ્યું છતાં પણ નિઃશંકની પેઠે બાહ્ય આકાર બતાવી રાજા કપટ નિદ્રાથી સુઈ ગયો. ત્યારબાદ રાજા ઉંઘી ગયા છે એમ જાણી મદનશ્રી ધીમે ધીમે શયનમાંથી ઉઠીને કમાડ ઉઘાડી ગુપ્ત રીતે નજીકના ભંડારમાં ગઈ અને ત્યાં દાસીનો વેષ ધારણ કરી બેઠેલા પુરૂષ સાથે મંદ સ્વરે તે વાત કરવા લાગી, પરંતુ તે જારપુરૂષે તેને કંઈપણ પ્રત્યુત્તર આપ્યો નહીં. એટલે રાણી તેના ચરણમાં પડી પ્રાર્થના કરવા લાગી, હે કૃપાલુ પ્રિય ! અપ્રિયના સંગરૂપી દાવાનળથી દગ્ધ થએલા આ મ્હારા શરીરને આપના સંગમરૂપી અમૃતરસથી શાંત કરો, આ પ્રમાણે બહુ પ્રાર્થના કરી તોપણ તે પુરૂષે તેણીનો સ્વીકાર કર્યો નહીં. એટલે રાણીએ તેને પોતાના ભુજારૂપી પાશવડે બાંધીને સ્તનરૂપી તળાઈમાં સ્થાપન કરી મુખેથી સીત્કારના શબ્દ કરતી કરતી મનાવા લાગી. તે દરમિઆન રાજાએ પણ તેણીની પાછળ આવી આ સર્વ બનાવ પ્રત્યક્ષ જોયો અને આ પ્રમાણે તેનો કૂટ પ્રપંચ જોઇ તે બહુ ક્રોધાતુર થઇ ગયો, તેથી પોતાનો ખડ્ગ ખેંચી તે બન્નેના પ્રાણ લેવા તૈયાર થયો તેટલામાં તેના હૃદયમાં વિચાર આવ્યો કે શત્રુરૂપી હસ્તિઓના કુંભસ્થલોમાં આઘાતવડે મુક્તામણિઓથી ઘસાઈ ગએલો, આ ખડ્ગરત્ન શીલરૂપી જીવિતથી ભ્રષ્ટ થએલા અને મોહથી સુતેલા આ પામર પ્રાણીઓને હણવા કેવી રીતે યોગ્ય થાય ? એમ જાણી ક્રોધ સહિત ખડ્ગને પાછું ખેંચી લઇ પોતાના વાસગૃહમાં ગયો અને પલંગ ઉપર સુઇ ગયો.

ત્યારબાદ તે રાજા સુતે સુતે શાંત ચિત્તથી સંસારનું સ્વરૂપ, શરીરની સ્થિતિ અને સ્ત્રીઓના સ્નેહભાવ સંબંધી વિચારણા કરવા

સંસારસ્વરૂપ. લાગ્યો. અહહ ! ! ! સંસારમાં જે સુખ ગણાય છે, તે પણ વસ્તુતઃદુઃખરૂપજ છે, જેમકે—

दुःखच्छेदे सुखभ्रान्ति–र्भ्रांतिर्येयं विभाति ते ।
तां विभावय किं सौख्यं, किं दुःखाद्दुःखविस्मृतिः ॥

અર્થ—"હે પ્રિય બંધુ ! દુઃખનો વિચ્છેદ થવાથી તને જે સુખની ભ્રાંતિ થાય છે, તેનો તું વિચાર કર, દુઃખનો વિચ્છેદ એ શું સુખ છે ? ના ! ના ! એતો દુઃખ અને સુખની વિસ્મૃતિ છે." તેમજ અપવિત્ર એવા માંસ રૂધિરાદિકથી ભરેલો, ઇંદ્રિયોનાચ્છિદ્રો દ્વારા અશુચિમય મળમૂત્રાદિકને વહન કરતો અને અત્યંત મલિનતાનું કારણભૂત એવો સ્ત્રીઓનો દેહ હોય છે. તેમાં રમણીયપણું શું છે ? વળી જ્યાં સુધી વિવેકી પુરૂષો તત્ત્વબુદ્ધિથી અવલોકન કરતા નથી, ત્યાં સુધી સ્ત્રીયોમાં સુંદરપણું દેખાય છે, તેમજ તે સ્ત્રીઓમાં આસક્ત થએલા પુરૂષો અનેક દુઃખોના પાત્ર થાય છે. વળી આ સ્ત્રી મ્હારા ઉપર બહુ પ્રીતિવાળી છે એમ જે માને છે તે પુરૂષને વિવેક નહીં હોવાથી શીંગડા વિનાનો પશુ જાણવો. કોઇક કારણને લીધે કિંવા ધનના લોભથી સ્ત્રીઓ લોકોની ઇચ્છા પ્રમાણે અનેક પ્રકારે સ્નેહ બતાવે છે, પરંતુ તેઓમાં સદ્ભાવ તો લેશમાત્ર પણ દુર્લભ હોય છે. એ પ્રમાણે રાજા ચિંતવતો હતો, તેવામાં રાત્રીના ચાર વાગ્યાના સુમારે રાણી ધીમે ધીમે શય્યામાં આવીને રાજાની સાથે ગાઢ આલિંગન કરી સુઇ ગઇ.

કપટનિદ્રા. રાજાને નિદ્રાધીન જાણી રાણીએ મધુર વચનોવડે જાગ્રત કર્યો, રાજા પણ કપટવડે નિદ્રામાંથી ઉઠેલાની માફક આલાપ કરી બોલ્યો કે હે પ્રણયિનિ ! ત્હારી માફક નિદ્રા પણ હજુ સુધી

મ્હને છોડતી નથી. એ પ્રમાણે તેઓનો વાર્ત્તાલાપ ચાલતો હતો, તેટલામાં સમયનિવેદક (બંદીજન) હાજર થઇ બોલ્યો, આકાશનીલક્ષ્મી ચંદ્રસહિત સમગ્ર રાત્રિનો ત્યાગ કરીને અનુરાગ પ્રગટ કરતી હાલમાં સૂર્યને અનુસરે છે. આ પ્રમાણે કાલનિવેદકનું વચન સાંભળી રાજાએ શય્યાનો ત્યાગ કર્યો, અને પ્રભાત કાળનું પોતાનું કાર્ય સમાપ્ત કરી દેવસભામાં ઇંદ્રની માફક સભાસ્થાનમાં પોતે વિરાજમાન થયો. ત્યારબાદ સર્વ સભ્ય લોકો સાથે યથોચિત સંભાષણ કરી બહાર ફરવા જવાનો સમય જાણી પોતે હસ્તી ઉપર આરૂઢ થઈ રાજવાટિકામાં ગયો.

જ્ઞાનીમુનિ.

ત્યાં આગળ આમ્ર વૃક્ષની નીચે ઉપશમ લક્ષ્મીના પુંજની માફક બેઠેલા એક મુનિવરને જોઈ હસ્તિ ઉપરથી રાજા નીચે ઉતર્યો અને તેણે બહુ ભક્તિવડે મુનીંદ્રને વંદન કર્યું. મુનિએ ધર્મલાભ આપીને કહ્યું કે, હે નરેંદ્ર! સ્ત્રી સંબંધી રાત્રીનું સર્વ વૃત્તાંત ત્હેં પ્રત્યક્ષ જોયું છે, છતાં પણ હજુ કેમ વિલાસ કરે છે? તે સાંભળી રાજાએ બહુ ખુશી થઈ પ્રશ્ન કર્યો કે હે ભગવન્! આપ મહા જ્ઞાની છો, માટે તે બન્નેનો કેટલા દિવસથી સંબંધ છે? એટલી બાબત મ્હને તમે કૃપા કરીને કહો, ત્યારે મુનિ બોલ્યા, હે રાજન્! આ સંબંધી વિશેષ ચિંતા કરવાનું હવે ત્હારે કંઇપણ પ્રયોજન નથી. પરંતુ હવે તું એવું ચિંતવન કર કે જેથી ફરીને આવી વિટંબનાઓ ન થાય. નરેંદ્ર બોલ્યો, હે મુનીંદ્ર! જો સેવકને તારવા ઇચ્છતા હો તો તમારા શુદ્ધ ધર્મનો મ્હને ઉપદેશ કરો. તે સાંભળી મુનિએ તેને વિસ્તારપૂર્વક મુનિધર્મનો ઉપદેશ આપ્યો. એટલે તે રાજાએ પણ તત્કાલ તે ધર્મનો સ્વીકાર કર્યો અને તેજ હું પોતે મુનિ છું. મ્હારા વૈરાગ્યનું મૂળ કારણ મ્હેં તમને નિવેદન કર્યું. હવે મોક્ષ માર્ગે ગમન કરવા માટે રથ સમાન ધર્મનું સમ્યક્

પ્રકારે તમે શ્રવણ કરો, વળી તે ધર્મ યતિ અને ગૃહિ એમ બે પ્રકારનો છે. તેમાં યતિ ધર્મ ઉત્કૃષ્ટ મહાવ્રતરૂપ અને ગૃહી ધર્મ અણુવ્રતાદિક બાર પ્રકારનો કહ્યો છે. વળી તે બન્નેમાં મુખ્ય એવો યતિ ધર્મ સવિસ્તર કહ્યો. તે ધર્મમાં અશક્ત એવા પુરૂષોના માટે સમ્યક્ત્વાદિ ગૃહી ધર્મ પણ વિસ્તારપૂર્વક બતાવ્યો. ત્યારબાદ તેઓએ સમ્યક્ત્વ સહિત પહેલું અને બીજું અણુવ્રત ઉત્તમ જાણીને શુદ્ધ ભાવથી ગ્રહણ કર્યું. પછી તેઓ મુનીંદ્રને વંદન કરી પોતપોતાના સ્થાનમાં ગયા અને મુનિ પણ વિહાર કરી અન્ય સ્થાનમાં ગયા.

ધનસાર અને મદન.

સમ્યક્ત્વમાં દ્રઢ ચિત્તવાળા ધનસાર અને મદન પણ તે મુનિએ કહેલા વિધિ પ્રમાણે ગ્રહણ કરેલાં નિયમોનું પ્રયત્નપૂર્વક પાલન કરે છે અને પરસ્પર બહુ પ્રીતિભાવથી વર્તે છે. પરંતુ મદનની પ્રકૃતિ બહુ ખરાબ હોવાને લીધે પરાપવાદ બોલવામાં તે બિલકુલ આંચકો ખાતો નથી. તેમજ હાસ્ય વચન બોલવામાં બહુ કૌતુકી, કલેશજનક અને દુષ્પ્રિયવાદી એવો તે મદન પોતાનું આખા દિવસનું વૃત્તાંત ધનસારની આગળ સાયંકાળે નિવેદન કરે છે. વળી કોઈએ ગુપ્ત વાર્ત્તા કહેલી હોય તો તે પણ ધનસારને કહ્યા સિવાય તેને શાંતિ થતી નથી. હવે એક દિવસે કોઇક તેના મિત્રે તેને એકાંતમાં વાત કરી કે અમુક માણસને પુત્ર નહીં હોવાથી તેનું ધન અમુકના ઘરમાં ગયું, તે વાત મદને સજ્જનોમાં શિરોમણિ સમાન એવા ધનસારની આગળ કરી, તેથી ધનસારે તેને શિખામણ આપી કે હે મિત્ર! આ પ્રમાણે કોઇની ગુપ્ત વાત જાહેર કરવી તે યોગ્ય ગણાય નહીં. કારણકે ત્હને પોતાનો જાણી કોઇએ આ ગુપ્ત વાર્ત્તા કહી છતાં તે જો તું જાહેર કરે તો તે બહુ અનુચિત ગણાય, એટલુંજ નહીં પરંતુ બીજાને તે બહુ દુઃખદાયક થઇ પડે. તેમજ આ વાત સત્ય છે કે અસત્ય છે

એ પણ કોણ જાણી શકે ? તેથી અલીકવાદ વિરમણવ્રતમાં આ કલંકભૂત ગણાય છે. વળી મિત્ર રહસ્ય તેમજ પોતાની સ્ત્રીનું ગુપ્ત વૃત્તાંત પ્રગટ કરવું નહી. તેના ઉપલક્ષણથી અન્ય મંત્રભેદો પણ પ્રગટ કરવા નહી. આ પ્રમાણે ધનસારે વારંવાર તેને બહુ ઉપદેશ આપ્યો, પરંતુ મદનની તે કુટેવ દૂર થઇ નહીં.

ધર્મપત્નીપદ્મા.

હવે તેની ધર્મપત્ની પદ્મા ધર્મમાં બહુ પ્રવીણ, તથા વિનય અને ક્ષમાગુણથી વિભૂષિત હતી, તેમજ તેની મુખાકૃતિ પૂર્ણચંદ્રમંડલ સમાન દીપતી હતી. શીલગુણથી સંપન્ન અને સત્કુલમાં જન્મ પામેલી એવી તે પદ્મા હમ્મેશાં પોતાના પતિની સેવામાં ધર્મબુદ્ધિ માનતી હતી. એક દિવસે પોતાના પિતાને ત્યાં કોઇ મહોત્સવનો પ્રસંગ આવ્યો. એટલે તેનો પિતા એકલી પદ્માને પોતાને ઘેર તેડી ગયો. અનુક્રમે મહોત્સવની સમાપ્તિ થયા બાદ મદન પોતે ત્યાં જઇને પોતાની સ્ત્રીને પોતાને ઘેર તેડી આવ્યો. પરંતુ તેનું શરીર હાડપિંજર માત્ર જોઇ એકાંતમાં તેણે પૂછ્યું કે, ઉત્સવનો પ્રસંગ હોવા છતાં ત્હારી આવી દુઃખી અવસ્થા થવાનું કારણ શું ? તે સાંભળી અશ્રુધારાને વહન કરતી પદ્મા તેના પગમાં પડીને બોલી કે હે નાથ! કૃપા કરી આ વાત તમ્હારે મ્હને પૂછવી નહીં. મ્હારા દુર્ભાગ્યને લીધે જે થયું તે ખરૂં. મદન બોલ્યો-શું મ્હારાથી પણ ગુપ્ત રાખવા જેવું છે ? પદ્મા બોલી, હે જીવિતનાથ ! એમ તો હોયજ નહીં. પરંતુ આપના પ્રમાદથી કદાચિત કોઇપણ આ વાત જાણી જાય તો જરૂર મ્હારે મરવું પડે. ત્યારે મદન બોલ્યો, શું કોઇ કાળે પણ તેમ થાય ખરૂં ? તું ખુશીથી બોલ, તે માટે કંઇપણ હરકત રાખીશ નહીં. પછી તેણીએ શરમને લીધે ગદ્ગદ વાણીથી કહ્યું કે, મ્હારો નાનો ભાઇ બહુજ અવિનયનું કુલમંદિર છે. તેમજ પરસ્ત્રીમાં રાગી, પર રહસ્ય પ્રગટ કરનાર, પરનો અપવાદ

બોલવામાં વાચાલ, વેશ્યા તથા જુગારમાં આસક્ત અને બહુ નિર્દય હતો, હવે તે એક દિવસ કુલ મર્યાદાનો ત્યાગ કરીને મદ્યપાન કરી પોતાને ઘેર આવ્યો. તે વખતે ત્યાં એવો પ્રસંગ બન્યો હતો કે તેની સ્ત્રી કોઇ કાર્ય માટે પોતાના પિતાને ત્યાં ગઇ હતી અને તે મ્હને કહેતી ગઈ હતી કે તમ્હારા ભાઇ ઘેર આવે ત્યાં સુધી તમ્હારે અમારા ઘેરથી જવું નહીં, તેથી હું ત્યાં સુતી હતી. તેટલામાં કામાતુર થઇ તે મ્હારી પાસે આવ્યો અને પોતાની સ્ત્રી જાણીને દૃઢ આલિંગન કરી મ્હને વળગ્યો, એટલે તરતજ હું બોલી, હે બાંધવ! હું ત્હારી સ્ત્રી નથી, પરંતુ હું તો ત્હારી બ્હેન છું. એમ સાંભળી કામવાસના દૂર થવાથી તે પણ શરમાઈને નાશી ગયો. ત્યારબાદ મ્હારૂં શીલરૂપી જીવિત નષ્ટ થવાથી મરણનો નિશ્ચય કરી ઝંપાપાત કરવા માટે ઘરની અગાશી ઉપર હું ચડી, તેટલામાં આકાશમાર્ગે જતા એક ચારણશ્રમણ મુનિનાં મ્હને દર્શન થયાં. અને તે મુનીંદ્ર પણ મ્હને જોઇને મ્હારી પાસે આવ્યા, એટલે મ્હેં પણ તેમના ચરણકમલમાં નમસ્કાર કર્યો. મુનિએ પણ ધર્મલાભ આપી મ્હને પૂછ્યું કે હે ભદ્રે! ત્હારૂં મુખ નિસ્તેજ કેમ દેખાય છે? ફરીથી નમસ્કાર કરી હું બોલી, આપ સદ્‌ગુરૂ છો માટે આપની આગળ પોતાનું દુશ્ચરિત્ર મ્હારે કહેવું જોઇએ, કારણકે તેથી પાપની શુદ્ધિ થાય. એમ કહી તેમની આગળ સર્વ વૃત્તાંત મ્હેં નિવેદન કર્યું. ત્યારે મુનીંદ્ર બોલ્યા, હે ભદ્રે! ખરેખર આ કાર્યમાં ત્હારો લેશમાત્ર પણ દોષ નથી, પરંતુ જીનેંદ્રભગવાનનું વચન જાણ્યા છતાં પણ તું મરવાને તૈયાર થઇ તે ત્હારો દોષ ગણાય. કારણે આત્મઘાત કરવો એ સર્વશાસ્ત્રોમાં મહાપાપ ગણેલું છે, તે સાંભળી હું બોલી, હે ગુરૂ મહારાજ! જો આપનું દર્શન અત્યારે મ્હને ન થયું હોત તો આ સમયે જરૂર મ્હારૂં મરણ થવાનું હતું. ત્યારબાદ મરણના અધ્યવસાયની

શુદ્ધિ માટે સદ્ગુરૂએ મ્હને બહુ પ્રાયશ્ચિત્ત આપ્યું અને તેઓ અન્ય સ્થળે વિદાય થયા. બાદ તે પાપની શુદ્ધિ માટે મુનિના કહ્યા પ્રમાણે મ્હેં ઉગ્ર તપશ્ચર્યા કરી, તેથી મ્હારૂં શરીર નિર્બલ અને શુષ્ક બની ગયું. આ વાત સાંભળી મદન શુદ્ધ શીલ અને સરલ સ્વભાવને લીધે તેની ઉપર ગાઢ પ્રેમી બની ગયો, જેથી તેની સાથે ક્રીડા કરવામાંજ નિરંતર આસક્ત રહેવા લાગ્યો.

પદ્માનો દેહાંત.

એક દિવસ સમાન શીલવાળા મિત્રોનું મંડળ એકઠું થયું હતું, ત્યાં મદન પણ ગયો. ત્યારબાદ તેઓ પરસ્પર એક બીજાની વાતો કહેવા લાગ્યા. તેમજ તેઓ કેટલીક હસવા જેવી વાર્તાઓ પ્રગટ કરીને અન્યોઅન્ય તાળીઓ લેવા લાગ્યા. એમ જુદી જુદી વિકથાઓ એકાંતમાં પ્રગટ કરી બહુ ગમ્મત ચલાવતા હતા, તેટલામાં મદને પણ હસવાના તાનમાં પોતાની સ્ત્રીનું વૃત્તાંત કહી દીધું, તે સાંભળી તેના મિત્રો પણ પોતાની ઇચ્છા પ્રમાણે વિરૂદ્ધ બોલી હસવા લાગ્યા, એવામાં મદનની સ્ત્રી જૈનમંદિરમાં દર્શન માટે જતી હતી, ત્યાં એકાંતમાં બેઠેલા તેઓને જોઈ પોતાને શંકા થવાથી ગુપ્ત રીતે ઉભી રહીને તેઓનાં કહેલાં સર્વ વચન પદ્માએ સાંભળી લીધાં. તેથી તે હૃદયમાં ખેદ કરતી જૈનમંદિરમાં ગઈ અને ભગવાનનાં દર્શન કરી ભાવપૂર્વક ઉપવાસ કરી સદ્ગુરૂને વંદન કર્યા બાદ ત્યાંથી જૈનભવનની બહાર આવેલા બગીચાની અંદર તેણે પ્રવેશ કર્યો, બાદ સિદ્ધભગવાનની સાક્ષીએ વ્રત ઉચ્ચારાદિકની શુદ્ધિ કરી પોતાના ઓઢવાના વસ્ત્રથીજ વૃક્ષની શાખા ઉપર પાશ નાખી ટેકરા ઉપર ચઢી પોતાનો દેહ નિરાશ્રય પણે તેણીએ લટકતો કર્યો, પછી પંચ નમસ્કારના સ્મરણપૂર્વક દેહનો ત્યાગ કરી પદ્મા સૌધર્મ કલ્પમાં દેવી થઈ.

મદન પણ ભોજનનો સમય થયો એટલે દુકાન બંધ કરી

મદનનો પશ્ચાત્તાપ. પોતાને ઘેર આવ્યો, પરંતુ પોતાની સ્ત્રી તેના જોવામાં આવી નહીં, તેથી તેણે પોતાની માને પૂછયું કે, ત્હારી વહુ ઘરમાં દેખાતી નથી માટે તે કયાં ગઇ છે ? માએ જવાબમાં જણાવ્યું કે મંદિરે દર્શન કરવા ગઇ છે તે હજુ આવી નથી. પછી તેને બોલાવવા માટે મદને એક નોકરને મોકલ્યો. તે પણ તરતજ ત્યાં ગયો અને શોધ કરતાં ત્યાં તેનો પત્તો લાગ્યો નહીં, પરંતુ કોઇક પુરૂષે તેને કહ્યું કે અહીં બગીચામાં પેસતાં મ્હેં તેને જોઇ હતી, માટે ત્યાં તેનો તપાસ કરો. તે સાંભળી ચાકર બગીચાની અંદર ગયો અને જુએ છે તો વૃક્ષની શાખાએ લટકતી પદ્માને જોઇ ગભરાઇ ગયો તેથી બોલવા લાગ્યો, અરે ! જુલમ થયો ! આ શીલવતી સ્ત્રીની આવી દુર્દશા થઇ! પછી તેણે ગળાનો પાશ જલદી કાપી નાખીને વૃક્ષની છાયામાં તેને સુવાડી જળનો છંટકાવ કર્યો, પરંતુ તે સચેતન થઇ નહીં. તેથી તે ચાકર બુમ પાડતો મદનને ત્યાં પાછો આવ્યો. મદને તેને દૂરથી આવતો જોઇ પૂછયું, અરે ! આમ બુમ પાડતો તું કેમ આવે છે? ત્યારે અશ્રુધારાને વહન કરતા ચાકરે તે સર્વ વૃત્તાંત કહ્યો. તે સાંભળી મદન પોક મૂકી રોવા લાગ્યો. ત્યારબાદ નગરના લોકો પણ તેના ગુણ સંભારીને રોવા લાગ્યા. પછી સર્વે એકઠા થઇ મ્હોટા વૈભવ સાથે તેના દેહનો અગ્નિ સંસ્કાર કર્યો. બાદ મદન આર્ત્તધ્યાન કરતો એમ વિચાર કરવા લાગ્યો કે આ પ્રમાણે તેનું અચિંત્ય મરણ થવાનું શું કારણ ? તેવામાં તેને કોઇક પુરૂષે સમજણ પાડી કે આજે ત્હારી સ્ત્રી ત્હારા હાટની ભીંત પાછળ ગુપ્ત રીતે ઉભી રહીને કંઇક સાંભળતી હતી, તેવામાં હે મદન ! તું ત્હારા મિત્રોની આગળ કંઇક કહેતો હતો, તે સાંભળી નેત્રોમાં અશ્રુધારા વહન કરતી ત્હારી સ્ત્રી દેરાસર તરફ ગઇ હતી. તે સાંભળી મદન પણ સમજી ગયો અને રાત્રિ દિવસ શોક કરવા લાગ્યો.

આ પ્રમાણે પશ્ચાત્તાપ કરતા મદનને લોકોએ ઘણો સમજાવ્યો તોપણ તે શાંત થયો નહીં, અને કહેવા લાગ્યો કે હા ! મ્હેં બહુ અકૃત્ય કર્યું છે. મ્હારા જેવો દુષ્ટ કોણ હોય? અરે! હું ગુપ્ત વૃત્તાંત જાહેર કરવાથી જગત્માં નિંદનીય થયો. સદ્ભાવમાં પરાયણ એવી મ્હારી સ્ત્રીનું ગુપ્ત વૃત્તાંત હું જાળવી શક્યો નહીં, વિગેરે અનેક પ્રકારે વિલાપ કરતો તે નિદ્રા પણ લેતો નથી. તેમજ સમયે ભોજન અને ધર્મનો પણ તેણે ત્યાગ કર્યો. માત્ર પોતાની નિંદા કરતો છતો નિરંતર તેજ દુશ્ચરિત્રનું ધ્યાન કરવા લાગ્યો, જેથી અંતે તેજ દુઃખથી મરીને તે મદન હસ્તીના ભવમાં ઉત્પન્ન થયો. વળી ધનસાર શ્રેષ્ઠી જૈનધર્મની આરાધનામાં દિવસો વ્યતીત કરી અતિચાર દોષ રહિત શુદ્ધ વ્રત પાળીને સમાધિપૂર્વક કાળ કરી દેવપણે ઉત્પન્ન થયો અને ટુંક સમયમાં મોક્ષસુખ પણ પામ્યો.

॥ इतिश्रीमृषावादव्रते तृतीयातिचारे मदनकथानकं समाप्तम् ॥



पद्मवणिकनी कथा.

ચતુર્થ મૃષોપદેશાતિચાર.

દાનવીર્ય રાજા બોલ્યો, દયાળુ એવા હે ભગવન્ ! જેઓ મિથ્યા ઉપદેશ આપી લોકોને છેતરે છે, તેઓની શી ગતિ થાય? શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા, હે રાજન્ ? જે મુગ્ધ પુરૂષ પોતાની મૂર્ખતાને લીધે મિથ્યા ઉપદેશ આપીને દ્વિતીયવ્રતમાં અતિચાર લગાડે છે તે પુરૂષ પદ્મવણિકની પેઠે આલોક અને પરલોકમાં અનેક દુઃખ ભોગવે છે.

આ ભરતક્ષેત્રમાં સુપયોભ (ધ) ર (શ્રેષ્ઠ જલ સમૂહ=સ્તન)

પદ્મવણિકદ્રષ્ટાંત. ને ધારણ કરનાર, પ્રવર-સરક (માલ) મનોહર (સરોવર—પુષ્પમાલા) વડે વિભૂષિત, તેમજ કાનને મનોહર દીર્ઘશ્ર્ય (દીર્ઘાક્ષ) લાંબી છે શેરીઓ જેને વિષે, અથવા લાંબાં છે નેત્રો જેનાં એવી ઉત્તમ સ્ત્રીના શરીર સમાન મલયપુર નામે નગર છે. તેમાં અસ્ખલિત દાન આપવામાં કુશલ, ઉત્તમ વંશમાં છે જન્મ જેનો, લાંબા હસ્ત (સુંઢ) થી સુશોભિત અને ઉત્તમ રત્નોવડે વિરાજમાન ઐરાવત હસ્તી સમાન વીર નામે શ્રેષ્ઠી છે. વળી સુપયોધ (ધ) શ શ્રેષ જળ (સ્તન) વાળી, સુહા (ધા) શ ઉત્તમ હાર (ધારા) વાળી, સારા પુદ્ગલોના ગુણોવડે નિર્માણ કરેલી અને લક્ષ્મી (શોભા—સંપત્તિ) નું નિવાસસ્થાન એવી ખર્જૂલતા સમાન સરલ સ્વભાવવાળી વીરમતી નામે તેની ભાર્યા છે. કમલ સમાન સુંદર મુખાકૃતિ છે જેની અને આંતર કલાઓમાં કુશલ એવો પદ્મ નામે તેઓને એક પુત્ર છે. અનુક્રમે તેને યૌવન અવસ્થા પ્રાપ્ત થઈ છે.

તેવામાં વીર શ્રેષ્ઠીને ત્યાં શ્રુતસાગર નામે મુનિમહારાજ પધાર્યા અને તે તેની રથશાલામાં આજ્ઞા લઈ રહ્યા.

શ્રુતસાગરમુનિ. શેઠ, શેઠાણી અને તેઓનો પુત્ર પદ્મ બહુ ભક્તિપૂર્વક મુનિની સેવામાં હાજર રહેતા હતા. એક દિવસે તે સર્વે મુનિની આગળ બેઠા હતા. તેવામાં એક વ્યંતર દેવ મુનિને વાંદવા માટે આવ્યો. તે પણ વંદન કરી મુનિની આગળ બેઠો. એટલે મુનિએ તેને કહ્યું કે પ્રયોજન વિના બલાત્કારે લોકોને તું બહુ દુઃખી કરે છે, તેથી તું દારૂણ પાપનો ભોક્તા થઈશ. વ્યંતર બોલ્યો, હું તો માત્ર ક્રીડા કરૂં છું, શું એથી પાપ લાગે ખરૂં ? મુનિ બોલ્યા, રમતમાં ખાધેલું તાલપુટ વિષ શું પ્રાણીને નથી હણતું ? માટે હે ભદ્ર ! કોઈપણ

પ્રાણીને કોઈપણ પ્રકારે પીડા કરવી ન જોઈએ. વળી પ્રયોજન વિના જે મનુષ્ય પરપ્રાણીને પીડા કરે છે તેને અધિક પાપ લાગે છે, કારણકે તે તો અનર્થ દંડ કહેવાય છે. જેમકે—

अठ्ठाय त नवंघइ, जमणठ्ठाए य वंधए जीवो ।

अठ्ठे कालाईया, नियामया नउ अणठ्ठाए ॥

અર્થઃ—જીવાત્મા અનર્થને માટે જે પાપ બાંધે છે, તેટલું પાપ કોઈપણ પ્રયોજનને માટે બાંધતો નથી. કારણકે અર્થને માટે દેશકાલાદિકનો નિયમ હોય છે અને અનર્થને માટે કોઇપણ પ્રકારનો નિયમજ હોતો નથી." માટે અનર્થમાં વિશેષ પાપ કહેલું છે. ત્યારબાદ વીરશ્રેષ્ઠીએ પૂછ્યું કે હે મુનીંદ્ર ! આ મહાનુભાવે તેવું શું કાર્ય કરેલું છે કે, જેથી એને આ પ્રમાણે, તમ્હારે શિખામણ આપવી પડે છે ? મુનિ બોલ્યા. રે વ્યંતર ! આ શેઠની આગળ ત્હારી વાત પ્રગટ કરવાથી ત્હને કંઈ હરકત છે ? વ્યંતર બોલ્યો, આનંદથી કહો, એમાં મ્હને પણ આનંદ છે, સુખેથી તેઓની જીજ્ઞાસા પૂર્ણ કરો.

ચાર જ્ઞાનના જાણકાર એવા મુનિએ કેલીકિલ વ્યંતરનું ચરિત્ર શરૂ કર્યું. આ ભરતક્ષેત્રમાં કનકપુર નામે નગર છે. તેમાં રિપુમર્દન નામે રાજા રાજ્ય કરે છે અને બુદ્ધિસાગર નામે તેનો એક મંત્રી છે. તેમજ બહુ પ્રસિદ્ધ વિજયસિંહ નામે તેનો પુત્ર છે.

કેલીકિલ વ્યંતર

હવે દિવસ રાજા નિવૃત્તિના સમયે પોતાના સ્થાનમાં બેઠો હતો, અને તે પ્રસંગે સંગીત ચાલતું હતું. તેવામાં દ્વારપાલે અંદર આવી સૂચના કરી કે હે મહારાજ ! અષ્ટાંગ નિમિત્તવેદી કોઈક મહાત્મા આપના દર્શન માટે દ્વારમાં ઉભા રહ્યા છે. રાજાએ પ્રવેશ કરાવાની આજ્ઞા આપી કે તરતજ તે નૈમિત્તિક રાજાની પાસે આવ્યો. ત્યારે ભૂપતિએ યોગ્ય સત્કાર કરી પૂછ્યું કે, આ મ્હારી સત્તાનું

જે ભાવી શુભ અથવા અશુભ થવાનું હોય તે તું જલદી નિવેદન કર. આ પ્રમાણે રાજાનો પ્રશ્ન સાંભળી તે નૈમિત્તકે પોતાની વિદ્યાવડે ભાવી શુભાશુભ જાણી લીધું અને કપાળે હાથ દઈ મ્હોટા નિઃશ્વાસ નાખી વારંવાર મસ્તક ધુણાવવા લાગ્યો. તે જોઈ રાજા બોલ્યો, ત્હને હું અભયદાન આપું છું, માટે ત્હારા નિમિત્તશાસ્ત્રથી જે શુભાશુભ જોવામાં આવ્યું હોય તેપ્રમાણે તું બોલ. એમાં કોઈ પ્રકારનો ત્હારો દોષ નથી. નૈમિત્તિક બોલ્યો, હે રાજન્ ! આજથી સાતમે દિવસે કુટુંબ સહિત આ બુદ્ધિસાગર મંત્રીનો વિનાશ થશે. તે સાંભળી રાજા બોલ્યો—એમાં પ્રમાણ શું ? નૈમિત્તિક બોલ્યો, આપનો હસ્તી ગજશાળામાંથી જો બંધન સ્તંભ ભાંગી નાંખીને અહીં આવે તો તે વાત તમારે સત્ય જાણવી. ક્ષણમાત્રમાં તેજ પ્રમાણે હાથીની બૂમ પડી, જેથી રાજા સંભ્રાંત થઈ ગયો અને જાણ્યું કે જરૂર મંત્રીનો વિનાશ થશે, માટે હવે તેનો શો ઉપાય કરવો ? એ પ્રમાણે રાજાને ચિંતાતુર જોઈ બુદ્ધિસાગર મંત્રી બોલ્યો, હે રાજન્ ! આપ ખેદ કરશો નહિં, કારણકે સોપક્રમ અને નિરૂપક્રમભાવથી આપત્તિઓ બે પ્રકારની હોય છે. એટલા માટે નૈમિત્તિકની સાથે આ બાબતનો મ્હારે નિર્ણય કરવાનો છે. એમ યુક્તિપૂર્વક રાજાને શાંત કરી નૈમિત્તિકને સાથે લઈ મંત્રી પોતાને ઘેર ગયો. ત્યારબાદ સુંદર રસોઇ કરાવી બહુ ભક્તિવડે જમાડીને વસ્ત્ર તથા આભરણોથી સત્કાર કરી મંત્રીએ તેને પૂછયું કે હે નૈમિત્તિક ! મ્હારા મરણમાં નિમિત્તભૂત કોણ થશે ? વિચાર કરી નૈમિત્તિક બોલ્યો, તમ્હારા જ્યેષ્ઠ પુત્રના અપરાધને લીધે ત્હમારા મરણના કારણભૂત રાજા પોતેજ થવાનો છે. આટલું હું જાણું છું. વિશેષ તો સર્વજ્ઞ ભગવાન જાણે. આ પ્રમાણે સાંભળી મંત્રીએ સત્કાર કરી તેને વિદાય કર્યો. ત્યારબાદ મંત્રીએ પોતાના મ્હોટા પુત્રને બોલાવી આ સર્વ વૃત્તાંત કહ્યું, પુત્ર બોલ્યો, હે તાત ! હું વિદ્યમાન છતાં મ્હારા

અપરાધથી જો આપ્રમાણે થાયતો સર્વ અનર્થનો હેતુ હુંજ ગણાઉ. માટે મ્હારે મરવું તેજ ઉચિત છે. કારણકે એમ કરવાથી કુટુંબસહિત આપનું આરોગ્યપણું થાય. તે સાંભળી મંત્રી બોલ્યો, હે વત્સ! ત્હારા મરણથી અમારૂં શું સારૂં થાય! આ ત્હારો વિચાર બહુ ક્ષુદ્ર છે. તેથી મ્હારા કહ્યા પ્રમાણે ત્હારે ચાલવું. પુત્ર બોલ્યો, હે તાત! આપના હુકમ પ્રમાણે વર્ત્તવા હું તૈયાર છું. મંત્રી બોલ્યો, જલ અને ફલથી ભરેલી આ પેટીની અંદર સાત દિવસ સુધી ત્હારે રહેવું અને ધર્મધ્યાન કરવું, જેથી આપણું કાર્ય સિદ્ધ થશે. આ પ્રમાણે પિતાની આજ્ઞા પ્રમાણ કરી પુત્ર બોલ્યો, આટલી બધી દયાનું કંઇપણ પ્રયોજન નથી, કારણકે મ્હારે જલ પણ પીવું નથી તો ફલાદિકની વ્યવસ્થા શા માટે કરો છો! આ પ્રમાણે પુત્રનો ઉત્સાહ જાણી મંત્રીએ કોઇ ન જાણે તેવી રીતે પેટીમાં પુત્રને બેસાડી સીલ કરી ગાડામાં નાખીને રાજાને ત્યાં લઇ ગયો અને રાજાને કહ્યું કે હે રાજાધિરાજ! આ પેટીમાં સર્વ મારા ઘરનો સાર રહેલો છે. તેમજ રાજ્ય સંબંધી ભંડારનાં સર્વ મૂળ કારણો પણ આ પેટીની અંદરજ રહેલા છે. તે સાંભળી રાજાએ શીલ કરેલી તે પેટી ખાસ પોતાના ઓરડામાં મૂકાવી અને તેની રક્ષા માટે ચોકીદારોને હુકમ કર્યો કે આ પેટીની તમારે રાત્રી દિવસ બરોબર તપાસ રાખવી. ત્યારબાદ રાજાએ મંત્રીને પૂછયું કે આ આપત્તિનો ત્હેં કંઇ ઉપાય કર્યો? મંત્રી બોલ્યો, હે સ્વામિન્! ઉપાયની યોજના કરી છે, પરંતુ આપત્કાળ ગયા બાદ આપને તે જણાવીશ. પરંતુ હાલતો સાત દિવસ સુધી ધર્મપરાયણ થઇ મ્હારા ઘરમાંજ મ્હારે રહેવાનું છે. રાજા બોલ્યો, બહુ સારૂં તેમ કરો. જેથી, આપણી આ વિપત્તિ દૂર થાય. ત્યારબાદ મંત્રી રાજાની આજ્ઞા લઇ પોતાને ઘેર ગયો અને સર્વ હિતકારી પોતાના સેવકોને બોલાવીને કહ્યું કે લડાઇની સામગ્રી સહિત સાવધાન થઇ તમ્હારે સાત

દિવસ સુધી મ્હારા ઘરની ચોકી કરવી. તેઓએ પણ મંત્રીના હિત માટે તે પ્રમાણે કબુલ કર્યું.

દીવ્યચમત્કાર. સાત દિવસ પહોંચી શકે તે પ્રમાણે ધાન્ય, ઇધન, જળ અને ઘાસ વિગેરેનો સંગ્રહ કરાવ્યો. તેમજ પોતાના મકાનની પાછળ કિલ્લો પણ સજ્જ કરાવ્યો. પછી પોતાના મકાનની અંદર કોઇપણ આવે જાય નહીં તેવો બંદોબસ્ત કરી મંત્રી ધર્મ ધ્યાનમાં બેસી ગયો. અનુક્રમે છ દિવસ તેના સુખ સમાધિથી વ્યતીત થયા અને સાતમા દિવસે એવો ચમત્કાર થયો કે મંત્રીનો જ્યેષ્ઠ પુત્ર રાજકુમારીની શય્યા ઉપર બેસી તેની પ્રાર્થના કરવા લાગ્યો, તેથી તે કુમારીએ ક્રોધ કરી પ્રાહરિક લોકોને બોલાવ્યા. એટલે તરતજ તેઓ ત્યાં દોડતા આવ્યાં. તેટલાંમાં તેઓની સમક્ષ મંત્રી પુત્ર કુમારીનો ચોટલો કાપી પોતાના હસ્તમાં લઈ પ્રાસાદ ઉપરથી પડતું મૂકી નાશી ગયો. પ્રાહરિકો પણ તેની પાછળ નાઠા, પરંતુ તે હાથમાં આવ્યો નહીં અને તે વિજયસિંહ મંત્રીના ઘરમાં પેશી ગયો, પછી પ્રાહરિક લોકો ત્યાંથી પાછા વળી રાજાની પાસે આવ્યા અને આ સર્વ વાત જાહેર કરી. રાજાએ પણ એકદમ કોપાયમાન થઇ સેનાપતિને આજ્ઞા કરી કે આ મંત્રી બહુ દુષ્ટ છે માટે કુટુંબ સહિત તેને બાંધીજલદી અહીં લાવો. આ પ્રમાણે રાજાનો હુકમ માન્ય કરી સેનાપતિ પણ પોતાની પાસમાં રહેલા સૈન્ય સાથે ત્યાં ગયો. મંત્રીના મકાનના કિલ્લા ઉપર તૈયાર થઇ બેઠેલા સુભટોએ નજીક આવતું સેનાપતિનું સૈન્ય જોઇ કહ્યું કે અરે ! તમે છેટે રહીને વાત કરો, એટલેથી જો અહીં આવશો તો જરૂર તમ્હારૂં મરણ થશે. તે સાંભળી સેનાપતિએ પોતાનું સૈન્ય ત્યાં રોકી એક પુરૂષ મોકલીને મંત્રીને કહેવરાવ્યું કે તમ્હારા મુખ્ય પુત્રના અવિનયથી રાજા કોપાયમાન થયા છે, માટે જલદી નરેંદ્રની આગળ તમે તેને રજુ

કરો. તે સાંભળી મંત્રીએ પોતાના ઘરના સર્વ વિભાગ ખુલ્લા કરીને તે પુરૂષને બતાવ્યા અને કહ્યું કે અમારે ત્યાં તે આવ્યોજ નથી. તેમજ સેનાપતિને પણ ત્યારે આ સર્વ સત્ય હકીકત કહેવી. વળી વધુમાં એટલી મ્હારી પ્રાર્થના છે કે તમે સર્વે પણ જાણતા હશો કે રાજસભામાં નરેંદ્રની સમક્ષ નૈમિત્તિકે મ્હને આ ફરમ કહ્યું હતું. તેથી હું આ પ્રમાણે બંદોબસ્ત કરી ઘરમાં રહેલો છું અને મ્હારો પુત્ર પણ શું આ પ્રમાણે અકૃત્ય કરે ખરો ! પરંતુ આ કામ કરનાર તો કોઈક બીજો વિજ્ઞ પુરૂષ હોવો જોઇએ. કારણકે કોઇપણ જીવવાની ઇચ્છાવાળો પુરૂષ સર્પની ફણાવડે ખણવાની ઇચ્છા કરે ખરો ! સમગ્ર કુટુંબ સહિત મ્હારા પ્રાણ પણ રાજાને આધીનજ છે. એમની ઇચ્છા હોય તો તે પણ ખુશીથી લઈ લે. વળી રાજભવનમાં મ્હેં જે પેટી મૂકેલી છે તેમાં રાજ્યનાં સર્વ તત્ત્વ રહેલાં છે, તે પ્રમાણે પ્રથમથીજ મ્હેં રાજાને જણાવેલું છે. પરંતુ તેનો અર્થ હવે હું નરેંદ્રને સમજાવીશ. તેમજ તે પેટીની અંદર મ્હારો જ્યેષ્ઠ પુત્ર પણ રહેલો છે. તે હું રાજાને બતાવીશ. પછી નરેંદ્રની જેવી ઇચ્છા હોય તે પ્રમાણે ખુશીથી કરે.

મંત્રીનો સત્કાર.

ત્યારબાદ તે સુભટે સેનાપતિની પાસે જઈ મંત્રીના કહ્યા પ્રમાણે સર્વ વૃત્તાંત તેને જણાવ્યું. સેનાપતિએ પણ રાજાને તે સર્વ હકીકત જણાવી. પછી મંત્રીને બોલાવી નરેંદ્રની રૂબરૂમાં તે પેટી ઉઘાડી. જેના હસ્તમાં કેશપાશ રહેલો છે એવા મંત્રીપુત્રને પેટીમાં બેઠેલો જોઈ રાજા બોલ્યો, હે ! ધૂર્ત્ત ! આ શું ? આ આશ્ચર્ય જોઇ મંત્રી પણ ચકિત થઈ ગયો અને બોલ્યો કે હે રાજન્ ! આપને પ્રથમ નૈમિત્તિકે શું કહ્યું હતું ? વળી મ્હેં પણ પ્રથમથીજ આ પેટીમાં પુત્રને પુરીને સીલ કરી અહીં આપની સમક્ષ મૂકેલી છે એમ સર્વ વૃત્તાંત તેણે જણાવ્યું. ત્યારબાદ રાજા વિલક્ષ્ય થઈ

ગયો અને બોલ્યો કે, ખરેખર કોઇપણ કેલિપ્રિય દેવનું આ કર્ત્તવ્ય છે. નહીં તો આ પેટીની અંદર આ વેણી ક્યાંથી હોય ? અથવા આ કંઇ આશ્ચર્ય નથી. માત્ર મનુષ્યલોકમાં આશ્ચર્ય બે થયાં. એક તો મ્હારૂં તુચ્છપણું અને બીજું મંત્રીની બુદ્ધિનો પ્રભાવ. કારણકે આવા સંકટમાં પણ જેની અગાધ બુદ્ધિએ કેવું કામ કર્યું કે જેથી આ સુપ્રતિષ્ઠ નૈમિત્તિકનું વચન પણ અન્યથા થયું. તેમજ કહ્યું છે કે—

अन्यथा शास्त्रगर्भिण्या, धिया धीरोऽर्थमीक्षते ।
स्वामीव प्राक्तनं कर्म, विदधाति तमन्यथा ॥

અર્થ–"ધીર પુરૂષ શાસ્ત્રના સંસ્કારવાળી બુદ્ધિવડે અર્થનું અન્યથા અવલોકન કરે છે, તેમજ તે કાર્યને પ્રાચીન કર્મની માફક સ્વતંત્ર પુરૂષ વિપરીત કરી શકે છે." તેમજ અવિવેકી પુરૂષોમાં શિરોમણિ સમાન મ્હેં કેટલો જુલમ ગુજાર્યો છતાં પણ મંત્રીએ પોતાનું કુશલપણું સાચવી લીધું, કારણકે—

निजकर्मकरणदक्षः, सह वसति दुरात्मनाऽपि निरपायम् ।
किं न कुशलेन रसना, दशनानामन्तरे चरति ॥

અર્થ–"પોતાનું કાર્ય કરવામાં કુશળ એવો પુરૂષ દુરાત્માની સાથે પણ નિર્વિઘ્નપણે રહી શકે છે, જેમકે જીહ્વા પોતાની દક્ષતાથી દાંતની વચ્ચે શું નથી રહેતી ?" એમ કહી રાજાએ પુત્ર સહિત મંત્રીનો સત્કાર કર્યો. વળી તે વ્યંતરના પ્રભાવથી કુમારીના મસ્તક ઉપર કેશપાશ પણ પૂર્વની માફક રહેલો જોયો. માટે હે વીર શ્રાવક ! ક્રીડામાત્રથી આ વ્યંતર પૂર્વોક્ત અનર્થના કારણભૂત થયો. અહીં એને કંઇપણ આ પ્રમાણે કરવાનું પ્રયોજન નહોતું. છતાં પણ તેણે ગાઢ કર્મ ઉપાર્જન કર્યું. માટે એને આ પ્રમાણે ઉપદેશ કરવામાં આવે છે. એમ સાંભળી તે વ્યંતર બોલ્યો, હે મુનીંદ્ર !

હવેથી હું આ પ્રમાણે નહીં કરૂં. મુનિએ કહ્યું, બહુ સારૂ, કેમકે યોગ્ય પ્રવૃત્તિ કરવામાં બહુ સાર છે. વળી હે વ્યંતર! સંઘના કાર્યોમાં હમ્મેશાં ત્હારે સહાય કરવી. જેથી આ ભવ અને પૂર્વભવમાં કરેલા પાપોથી તું મુક્ત થઇશ. તેમજ ધર્મમાં પણ બોધિલાભ સુલભ થશે. આ પ્રમાણે મુનિનું વચન અંગીકાર કરી તે વ્યંતર પોતાના સ્થાનમાં ગયો. ત્યારબાદ પદ્મ સહિત શ્રેષ્ઠી પણ સમ્યક્ત્વાદિ અણુવ્રત ગ્રહણ કરી ઉત્તમ શ્રાવકપણું ધારણ કરી મુનિને વંદન કરી પોતાને ઘેર ગયો. મુનિ મહારાજ પણ ત્યાંથી વિહાર કરી અન્ય સ્થળે ચાલ્યા ગયા.

એક ધૂર્ત્ત.

ત્યારબાદ ત્યાં કોઇ એક ધૂર્ત્ત આવ્યો, તેણે અનેક યુક્તિઓ વડે મુગ્ધ જનોને આશ્ચર્ય બતાવી પોતાને સ્વાધીન કર્યા. તેથી લોકમાં તેની બહુ પ્રસિદ્ધિ થઈ ગઇ. તે વાત સાંભળી પદ્મ પણ એક દિવસ તેની પાસે ગયો. બહુ કુતુહલ બતાવી તેને પણ તેણે પોતાને સ્વાધીન કર્યો. વળી તે ધૂર્ત્તે પદ્મની આકૃતિ ઉપરથી જાણ્યું કે આ કોઇ ધનાઢ્યનો પુત્ર છે, એમ જાણી તેણે ચમત્કારી કલ્પોની એક ટીપ તેને બતાવી. તે ટીપ્પણમાં પારો, ભૃંગરાજ, ઘોડાવજ, બ્રાહ્મી, તુલસી, સુંઠ, અને કાળીપાઠ વિગેરેના જુદા જુદા ફળ વાળા કલ્પો હતા. તેઓની સમજણ તે ધૂર્ત્તે પદ્મને આપી કે કોઇ કલ્પની એવી શક્તિ છે કે કલ્પસાધક પુરૂષનું દારિદ્રય નિર્મૂલ થાય છે. તેમજ કોઈ કલ્પ વ્યાધિ તથા જરાનો વિનાશ કરે છે. વળી કોઇ કલ્પથી વંધ્યા સ્ત્રીને પુત્ર થાય છે. તેમજ સૌભાગ્યદાયક અને અદૃશ્ય રૂપ કરવાના કેટલાક પ્રયોગો પણ છે, એમ પ્રપંચ કરી મુગ્ધ જનો પાસેથી બહુ દ્રવ્ય ઉપાર્જન કરી તે ધૂર્ત્ત ત્યાંથી અન્ય સ્થળે ચાલ્યો ગયો. ત્યારબાદ તે ધૂર્ત્તના કહેવા પ્રમાણે પદ્મ પોતાના ઘર આગળ તે કલ્પોનો પ્રયોગ કરવા લાગ્યો.

પરંતુ તે કલ્પોમાંથી તેને કંઈપણ સિદ્ધ થયું નહીં. માત્ર દ્રવ્યનો નાશ અને કલેશ ઉત્પન્ન થયો. તોપણ તે વાત ગુપ્ત રાખી પોતાના અપમાનને લીધે લોકમાં સત્ય વાત તેણે પ્રગટ કરી નહીં, વળી તેના મિત્રને પણ તે ધૂર્તે તેજ પ્રમાણે ઠગ્યો હતો, તેથી તેણે પદ્મને પૂછયું કે કલ્પના વિષયમાં તમને કોઇ પણ પ્રકારનો ફાયદો થયો ? પદ્મ બોલ્યો હા, અમને તો લાભ સારો થાય છે. નહીં તો અમારો આટલો ભારે ખરચો કેમ નભતો હશે? મિત્ર બોલ્યો, હે બાંધવ! મ્હને તો આ કલ્પોની બાબત કંઈપણ સત્ય લાગતી નથી. પ્રપંચ કરી તે ધૂર્ત્ત છેતરી ગયો. પદ્મ બોલ્યો, હે મિત્ર! આમાં કંટાળવાની કંઇપણ જરૂર નથી. બીજા બધા કલ્પો છોડી દઇ હાલમાં ફક્ત એક વંધ્યા કલ્પ તું સિદ્ધ કર કે જેથી બહુ દ્રવ્ય તને પ્રાપ્ત થશે. આ પ્રમાણે તેનું કહેવું સત્ય માની મિત્ર બોલ્યો, હે ભાઇ! આપનું કહેવું સત્ય છે, પરંતુ કૃપા કરી તે કલ્પ મ્હને શિખવો. પદ્મે પણ ધૂર્ત્તના કહ્યા પ્રમાણે તેને વંધ્યાકલ્પ શિખવ્યો. ત્યારબાદ દ્રવ્યના લોભથી તે મિત્ર પણ વંધ્યાઓને ઔષધ આપવા લાગ્યો.

ઔષધપ્રયોગ. એકદિવસ તે કલ્પવાદી મિત્ર રાજાની રાણી પાસે ગયો અને તે વંધ્યા હોવાથી સંતાનને માટે તેણીએ ઔષધ માગ્યું. તેથી તેણે ઔષધ આપ્યું. રાણીએ શ્રદ્ધાપૂર્વક તે ખાધું કે તરતજ તેને પેટમાં શૂલ ઉત્પન્ન થયું. ક્ષણમાત્રમાં વ્યાધિ બહુ વધી પડયો અને તેથી તેના પ્રાણ પણ સંદેહમાં આવી પડયા. આ વાત રાજાના જાણવામાં આવી, તેથી તેણે તે મિત્રને બોલાવી પોતાને કબજે કર્યો. મિત્ર ગભરાઇ ગયો અને નમ્રતાપૂર્વક વિનતિ કરી બોલ્યો કે, હે રાજાધિરાજ! આ કલ્પ મ્હને પદ્મ શ્રેષ્ઠીએ શિખવ્યો છે અને તેમના કહેલા વિધિ પ્રમાણે મ્હેં ઔષધ આપ્યું છે, એમાં મ્હારો દોષ હોય તો કહો, એમ તેની પ્રાર્થનાથી રાજાએ

તેને મુકત કરી અલંકારોથી શણુગારી સન્માનપૂર્વક તેને મ્હોટા આસન ઉપર બેસાડ્યો. પછી પદ્મને બોલાવી રાજાએ કહ્યું કે, આ ઔષધથી વંધ્યા સ્ત્રીને ગર્ભ રહે છે એવો ઉપદેશ આને ત્હેં આપ્યો છે? પદ્મ બોલ્યો, હા મ્હેં આપ્યો છે ખરો! રાજા બોલ્યો, એણે રાણીને ઔષધ ખવરાવ્યું છે. તેથી તેને શૂલ ઉત્પન્ન થયું છે, માટે વેલાસર તેનો ઉપાય કરો. તે સાંભળી પદ્મ ગભરાઈ ગયો અને બોલ્યો કે હે રાજન્! અમે બન્ને જણ આ કલ્પ બીજા પાસેથી શિખ્યા છીએ, એમાં મ્હારો શો દોષ? તે સાંભળી તેનો મિત્ર બોલ્યો, એ વાત ખરી છે પરંતુ ત્હારા કહેવાથી વિશેષે કરી આ કાર્યમાં હું પ્રવૃત્ત થયો છું. એમ બન્નેનું કહેવું સાંભળી રાજા બોલ્યો, હે પદ્મ! વિના પ્રયોજને આથી ત્હેં લોકોને બહુ હેરાન કર્યા. તેમજ હાલમાં રાણી પણ મરણ અવસ્થામાંથી ઉગરે તેમ લાગતું નથી. એમ કહી રાજાએ તે બન્નેને પોતાના દૂતો પાસે અવળા હાથે બંધાવ્યા અને સખત બંદીખાને નાખ્યા. ત્યારબાદ પદ્મ વિચાર કરવા લાગ્યો કે જો રાણીનું મૃત્યુ થશે તો રાજા મ્હને જરૂર વિડંબનાપૂર્વક મારી નાખશે. વળી આ કાર્યમાં મુખ્ય કારણ ભૂત તો આ મ્હારો મિત્ર છે. છતાંપણ મ્હારી ઉપર દોષનો આરોપ આવી પડ્યો છે. કદાચિત્ રાણીને સારૂં થશે તોપણ રાજા મ્હને છોડશે નહીં. એ પ્રમાણે બહુ આર્ત્તધ્યાનથી તે મરણ પામી જંબુક (શિયાળ)ની જાતિમાં ઉત્પન્ન થયો. ત્યારબાદ અનંત ભવ સંસારમાં ભ્રમણ કરી પદ્મનો જીવ પૂર્વે તે ભવમાં કરેલા ધર્મના પસાયથી સદ્‌ગતિ પામશે.

મિત્રનો છુટકારો.

રાજાએ રાજવૈદ્યોને બોલાવ્યા અને અનેક પ્રકારના ઉપચારોવડે રાણીને સાજી કરી. તેથી રાજાનો ક્રોધ શાંત થયો. પદ્મના મરણની વાર્તા રાજાના સાંભળવામાં આવી, એટલે રાજાએ તેના મિત્ર

વીરશ્રેષ્ઠીને બોલાવી તેનું મડદું સોંપી દીધું અને કહ્યું કે, અનર્થનાં કાર્ય કરવાથી એની આ દશા આવી. ત્યારબાદ વીરશ્રેષ્ઠીએ તેનું સર્વ વૃત્તાંત જાણી લઈ અગ્નિદાહાદિક સર્વ ક્રીયા સમાપ્ત કરી નિવૃત્ત થયો અને વિશેષ પ્રકારે પોતે જૈન ધર્મમાં રકત થયો. હવે પદ્મના મિત્રનો દંડ કરીને તેને ઉપદેશ આપ્યો કે આવાં દંભનાં કાર્ય કોઇપણ પ્રસંગે ત્હારે કરવાં નહીં, એમ બંદોબસ્ત કરી રાજાએ તેને છોડી મૂકયો. માટે, હે શુભેચ્છક પ્રાણીઓ! મિથ્યા ઉપદેશથી જેમ પદ્મશ્રેષ્ઠીને આ લોકમાં મરણાંત અને પરલોકમાં અનંત દુઃખ પ્રાપ્ત થયું. તેમ જાણીને અસત્ય ઉપદેશનો સર્વથા તમારે ત્યાગ કરવો.

इतिश्रीमृषोपदेशे पद्मवणिकथानकं समाप्तम् ॥

—✻—

बंधुदत्तमंत्रीनी कथा.

પંચમ કુટલેખાતિચાર.

દાનવીર્ય રાજાએ પ્રશ્ન કર્યો કે, જગત્ જનોના ઉદ્ધારક એવા હે ભગવન્! મૃષાવાદ વિરમણ વ્રત ગ્રહણ કરીને જૂઠા લેખ લખી બીજાઓને જે ઠગે છે તેની કઇ સ્થિતિ સમજવી? શ્રીસુપાર્શ્વ પ્રભુ બોલ્યા, હે રાજન! અસત્ય વચન નહીં બોલવું એવો નિયમ ગ્રહણ કરીને પણ જે અસત્ય લેખ લખે છે, તે પ્રાણી બંધુદત્તની પેઠે આલોક અને પરલોકમાં બહુ દુઃખી થાય છે.

બંધુદત્તદષ્ટાંત.

ઐરાવત હસ્તી સમાન ઉત્તમ રત્નોથી સુશોભિત, સ્વર્ગ સમાન સુકવિ (શુક્રાચાર્ય—સારા કવિઓ) નાં ઉત્તમ કાવ્યો જેમાં રહેલાં છે અને રોહણાચલ સમાન અનેક સમૃદ્ધિયોથી

ભરેલું ગજપુર નામે નગર છે. તેમાં શ્વેત પુષ્પોથી ગુંથેલા જય-
લક્ષ્મીના કેશપાશ સમાન, શત્રુ સંબંધી હસ્તીઓના ગંડસ્થ-
લોને ભેદવાથી નીકળતાં મુકતાફલોવડે વિભૂષિત એવી ખડ્ગલતા
જેના હસ્તમાં શોભે છે એવો કુમાર ગિરિ નામે રાજા તેમાં રાજ્ય
કરે છે. વિભ્રમ રહિતા (વિશેષે કરી ભ્રમરાઓને હિતકારી=વિલાસ
અથવા ભ્રાંતિવડે રહિત) છતાં પણ વિલાસ સહિત અને શબ્દા-
યમાન હંસ (પક્ષિઓ=ઝાંઝર) વડે વિભૂષિત કમલલતા સમાન
બહુ ગુણવાન કમલિની નામે તેની સ્ત્રી છે. તેમજ બંધુદત્ત નામે
તેનો મંત્રી છે. તે મંત્રી રાજ્યકારભાર પોતે સારીરીતે ચલાવતો
હતો એવામાં એક સમયે તેનો અપરાધ આવ્યો. તે જોઇ રાજાએ
એકદમ તેની પાસેથી મંત્રીનો અધિકાર ખુંચવી લીધો અને તેના
સ્થાનમાં બૃહસ્પતિ સમાન બુદ્ધિશાળી વિશ્વદત્ત નામે મંત્રીને
સ્થાપન કર્યો. વળી તે સમ્યકત્વમાં અગ્રણી તેમજ બહુ નિરભિ-
માની અને જીભનો સત્યવાદી છે. તેમજ બંધુદત્ત સ્વભાવથી બહુ
ક્રૂર છે વળી પોતે પદભ્રષ્ટ થયો છે. છતાં પણ પોતાની મંત્રી મુદ્રા
પાછી લેવા માટે ક્ષણમાત્ર પણ રાજાનું પડખું છોડતો નથી.

એક દિવસ રાજા બંધુદત્તમંત્રીની સાથે અશ્વ ક્રીડા માટે
બહુ દૂર નીકળી ગયો. વિપરીત શિક્ષણના
મુનિઓનું દર્શન. કારણને લીધે રાજા અને મંત્રીના ઘોડાઓ
લગામ ખેંચવાથી બહુ ઉતાવળા ચાલવા
લાગ્યા અને ક્ષણમાત્રમાં ગહનવનમાં જઈ પહોંચ્યા. આગળ જતાં
એક અશોક વૃક્ષની નીચે બેઠેલા બે મુનિઓ તેમના જોવામાં
આવ્યા. ઘોડાઓ પણ થાકી ગયા હતા, તેથી તેઓ ત્યાં આગળ
ઉભા રહ્યા એટલે રાજા અને મંત્રી નીચે ઉતરી મુનિઓને નમ-
સ્કાર કરી નીચે બેઠા. પછી રાજાએ નાના મુનિની અદ્ભુત કાંતિ
જોઈ મ્હોટા મુનિને પૂછ્યું કે, આ મુનિની આકૃતિ કામદેવને

તિરસ્કાર કરે તેવી છે. તેમજ શરીરની કાંતિ ઉપરથી આ ઉત્તમ રાજ્ય શ્રીનાપાલક હોય તેમ જણાય છે. તો એમણે શામાટે રાજ્ય લક્ષ્મીનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી છે ? મુનિ બોલ્યા, હે રાજન્ ! ત્હારા પ્રશ્નનો જે જવાબ હું કહું છું તે તું સાવધાન થઈ શ્રવણ કર.

રથમર્દન નામે એક નગર છે. તેમાં લીલાવિલાસ નામે રાજા રાજ્ય કરે છે. લીલાવતી નામે તેની સ્ત્રી છે. ગુણસેન નામે તેઓને એક પુત્ર થયો. માતા પિતાને તે બહુજ પ્રિય હોવાથી બાલક્રીડાઓમાં તેણે કેટલોક સમય વ્યતીત કર્યો, ત્યારબાદ માતપિતાની સહાયતાને લીધે તે ક્રમશઃ કલાઓમાં નિપુણ થયો. યૌવન અવસ્થા પ્રાપ્ત થવાથી રાજાએ મ્હોટા રાજાઓની ઉત્તમ કન્યાઓ તેને પરણાવી ત્યારબાદ તે કુમાર પોતે દોગુંદુક દેવની માફક તેઓની સાથે વિલાસ કરવા લાગ્યો. એક દિવસ તે ગુણસેન કુમાર વસંત સમય હોવાથી વાવની અંદર જલક્રીડા માટે સ્ત્રીઓની સાથે ઉદ્યાનમાં ગયો. મણિરત્નોથી જડેલી પિચકારીઓ વડે કેસર, કસ્તૂરી અને અગર ચંદનનું પાણી પોતાની સ્ત્રીઓ ઉપર પોતે છાંટે છે અને તેની ઉપર તે સ્ત્રીઓ પણ છાંટે છે. તેવામાં એક સ્ત્રીએ સ્થૂલ અને કઠિન સ્તન સમાન ખુબ ભરેલી પિચકારી બહુ જોસથી કુમાર ઉપર છોડી, તે જોઈ કુમાર તે સ્ત્રીના સન્મુખ થયો. એટલે તે સ્ત્રી મુઠીઓ વાળી ત્યાંથી નાઠી, અને ગુણસેન પણ ભરેલી પિચકારી લઈ તેની પાછળ દોડયો.

આગળ જતાં એક અશોકવન આવ્યું. ત્યાં આગળ તે સ્ત્રીને તે [illegible] અશોક [illegible]

અશોકવન. [illegible] મુનિને [illegible]

[illegible] કુમાર [illegible]

[illegible]

[illegible] કુમાર

વિલક્ષ થઇ નીચે બેઠો. ત્યારબાદ ધ્યાનની સમાપ્તિ થઈ એટલે મુનિએ આંતરિક મળને શુદ્ધ કરનાર વચનરૂપી જલક્રીડાના ઉપદેશનો પ્રારંભ કર્યો, હે કુમારેંદ્ર ! સંસાર એ દુ:ખનો હેતુ છે, તેમજ સંસારનો ઉદય તે કર્મનો હેતુ છે. વળી ઉપાર્જન કરેલા કર્મનો બંધ, અર્થ અને અનર્થ એમ બે પ્રકારનો છે. જેના વિના શરીરનો નિર્વાહ ન થઈ શકે તે અર્થબંધ અને પ્રમાદ વડે પ્રયોજન વિના કોઇ પણ ઉદ્યોગ કરવાથી જે બંધ થાય તે અનર્થ હેતુ કહેવાય. વળી એક જલબિંદુમાં જીનેશ્વરોએ જેટલા જીવો પ્રરૂપેલા છે તેઓ પારાપત (પારેવા) સમાન શરીર ધારી થાય તો આ જંબૂદ્વીપમાં માઇ શકે નહીં. તો આ પ્રમાણે સેંકડો ઘડા ભરેલા જળના જીવોની તમે વૃથા વિરાધના શા માટે કરો છો ? હે ભદ્ર ! તમે આ અનર્થથી જે કર્મ બાંધો છો, તેથી તમે ક્યારે મુક્ત થશો. વળી આ જલક્રીડાની સાથે બીજા પણ સ્થાવર અને ત્રસ જીવોનો ઘાત કરો છો, તેથી બહુ પાપ થશે. જેના પરિણામે નરકની પ્રાપ્તિ સુલભ થશે. ત્યાંના દુ:ખનું શું વર્ણન કરીએ ? નરકમાં પડેલા જીવોને નિમેષ માત્ર પણ સુખ નથી. રાત્રીદિવસ તેઓ દુ:ખનોજ અનુભવ કરે છે. પોતાના શરીર, સ્વજન અને પરિવારને માટે જે પાપ બાંધે છે તે પણ રાગને લીધે અજ્ઞાની જીવો તત્ત્વજ્ઞાન નહીં જાણવાથી કરે છે. માટે આ નશ્વર શરીરવડે કંઇપણ એવું કાર્ય કરવું કે જેથી સંસાર દુ:ખનો વિનાશ થાય. તેમજ પરિણામે અસાધારણ અનંત મોક્ષ સુખની પ્રાપ્તિ થાય. એમ સમજી નાવ સમાન આ શરીર પ્રાપ્ત થયું છે તો પંચ મહાવ્રતરૂપી શ્વેત વાવટો ચઢાવી સંસાર સમુદ્રને તમે તરી જાઓ. અન્ય સ્થળે પણ કહ્યું છે કે—

महता पुण्यपण्येन, क्रीतेयं कायनौस्त्वया ।
पारं दुःखोदधेर्गन्तुं, त्वर यावन्न भिद्यते ॥

અર્થ—" બહુ પુણ્ય રૂપી ધનવડે આ શરીર રૂપી નાવડું ત્હેં ખરીદ્યું છે, માટે જેટલામાં તે ભાગી ન જાય ત્યાં સુધીમાં દુઃખસાગરને ઉલ્લંઘી સામે કાંઠે તું ચાલ્યો જા. "

ગુણસેનનો વૈરાગ્ય ભાવ.

આ પ્રમાણે મુનીંદ્રનાં વચન સાંભળી ધર્મતત્ત્વનો પરમાર્થ જાણી કુમાર યતિધર્મની પ્રાર્થના કરવા લાગ્યો, તેટલામાં તેનો પરિજન પણ ત્યાં આવી પહોંચ્યો. મુનિની આગળ પૃથ્વી ઉપર સ્ત્રી સહિત બેઠેલા કુમારને જોઇ તેના મિત્ર અને સ્ત્રીઓ બોલી, હે કુમારેંદ્ર ! આ અનુચિત કાર્ય શું તમને લાયક છે ? અહીં કેમ બેઠા છો ? ચાલો ! ઉભા થાઓ અને આ પૌરાંગનાઓનો પરિશ્રમ આપની દૃષ્ટિથી સફલ કરો ! કુમાર બોલ્યો, અહીં આ સ્ત્રીઓનું શું કામ છે ? મુનિ પાસે બેસીને તમે શાંતિથી ધર્મ શ્રવણ કરો, તેમજ આ મનુષ્ય ભવની સફલતા કરવામાં ધ્યાન રાખો. તે સાંભળી લોકો બોલ્યા, શું આ ધર્મશ્રવણનો સમય છે ? અત્યારે તો સર્વને ક્રીડા મહોત્સવનો અવસર છે. મુનિ પાસે શું બેસી રહ્યા છો ? ઉભા થાઓ ! ત્યારબાદ તેઓએ મુનિને પણ કહ્યું કે આ કુમારને અમારી સાથે મોકલો. મુનિ બોલ્યા, હું એમને રોકતો નથી. મ્હારે એમનું શું કામ છે ? ત્યારે કુમારે તેઓને કહ્યું, તમારે કોઇએ કંઇપણ મ્હને કહેવું નહીં, કારણ કે મ્હેં એવી પ્રતિજ્ઞા કરી છે કે મ્હારે દીક્ષા ગ્રહણ કરીનેજ ભોજન કરવું. તે સાંભળી કુમારની સ્ત્રીઓ બોલી, હે નાથ ! આમ સાહસ ન કરો, એક વખત પિતાજીની પાસે ચાલો, પછી તમ્હારી ઇચ્છા પ્રમાણે કરજો. કુમાર બોલ્યો, વારંવાર આ વાત કરવાનું કંઇપણ તમ્હારે કારણ નથી, હવે તમે પોતપોતાના પિતાને ત્યાં જાઓ, અથવા તમે પણ દીક્ષા ગ્રહણ કરો. આ પ્રમાણે કુમારનો દૃઢ નિશ્ચય જાણી તેનો એક મિત્ર રાજાની પાસે ગયો અને

એકાંતમાં કુમારનો સર્વ અભિપ્રાય કહ્યો. તેજ વખતે રાણી સહિત રાજા પોતે કુમારની પાસે આવ્યો. કુમાર પણ ઉભો થઇ નમસ્કાર કરી બોલ્યો, હે તાત ! આ મુનીંદ્રને તમે નમસ્કાર કરો. આ પ્રમાણે પુત્રના ઉપરોધથી પ્રણામ કરી રાજા બોલ્યો, હે મુનીંદ્ર ! સરલ સ્વભાવી એવા આ મ્હારા પુત્રને આપે અવળે રસ્તે કેમ દોર્યો છે ? વિકસ્વર કમલ સમાન નેત્રવાળી આ તરૂણ સ્ત્રીઓના આધારને તમે ન ગ્રહણ કરો. કુમાર બોલ્યો, હે તાત ! મૂર્ખજનની માફક આપને આ પ્રમાણે અયોગ્ય બોલવું ન જોઇએ. વળી ધર્મથી ભ્રષ્ટ થએલા ભાવિ ભદ્રિક જનોને જેઓ સારો માર્ગ બતાવે છે તેવા મહાત્માઓને અવળે રસ્તે દોરો છો એમ કહેવાય ખરૂં ? તેમજ જે પુરૂષ ધર્મ માર્ગમાં પ્રતિકૂલ થઇ હું એનો હિતકારી છું એવી બુદ્ધિથી વિષયોની પુષ્ટિ કરે છે, તે તેને ધર્મથી પાડનાર શત્રુ ગણાય, માટે હે તાત ! જો મ્હારી ઉપર આપ દયાળુ હો તેમજ જો મ્હારી માતાનો પણ મ્હારી ઉપર સ્નેહ હોય તો સંસાર રૂપી દાવાનળમાંથી બહાર નીકળતા એવા મ્હને ફરીથી તેમાં તમો નાંખશો નહીં. વળી પ્રમાદ રૂપી અગ્નિવડે બળતા સંસાર રૂપી ઘરમાં મોહનિદ્રાને આધીન થએલા પ્રાણીને જે જગાડે છે તે મિત્ર અને જે નિષેધ કરે છે તે શત્રુ ગણાય છે. એમ કેટલાંક ઉપદેશનાં વચનોવડે પોતાનાં માતપિતાને બોધ આપી ગુણસેન કુમારે દીક્ષા લીધી. ત્યારબાદ તેજ વિધિ પ્રમાણે તે મુનીંદ્રની પાસે ઘણા લોકોએ દીક્ષાવ્રત લીધું, પછી રાજાએ પ્રાર્થના કરી કહ્યું કે, હે ભગવન્ ! મનુષ્ય લોકમાં આશ્ચર્યજનક આવા પુરૂષ રત્નનો જન્મ આપનારી માતા તો ક્વચિત્જ હોય છે. વળી અમ્હારા જેવાઓને પણ આ વિરતિ માર્ગ ગ્રહણ કરવો ઉચિત છે પરંતુ તે માર્ગે ચાલવાની અમ્હારી શક્તિ નથી માટે અમને પણ યોગ્ય માર્ગ બતાવો. મુનિએ [illegible]

તેમને ગૃહીધર્મનો ઉપદેશ આપ્યો, એટલે તેઓએ પણ વિધિપૂર્વક ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કર્યો. તેટલામાં તેમનું સૈન્ય ત્યાં આવી પહોંચ્યું. ત્યારબાદ તે બન્ને મુનિઓને નમસ્કાર કરી સૈન્ય સહિત રાજા અને પ્રાચીન મંત્રી બન્ને પોતાના નગરમાં ગયા અને વિધિ પ્રમાણે ધર્મ પાલનમાં તત્પર થયા.

પ્રાચીન મંત્રીનું કપટ. પ્રાચીન મંત્રી નવીન મંત્રીનાં છિદ્રો હંમેશાં જોતો હતો; પરંતુ તેને કંઈ લાગ ફાવ્યો નહીં. એટલે તેણે ગુપ્તરીતે જૂઠો લેખ લખી કોઈક માણસને આપ્યો અને તેના કહ્યા પ્રમાણે તે માણસ પણ ધુળથી જંઘાઓ ખરડીને નગરની બહાર જઈ કેડે લેખ બાંધી માંદાની માફક રાજમાર્ગમાં સુઈ ગયો. રાજા પણ તેજ માર્ગે ફરવા નીકળ્યો, તે વખતે ત્યાં સુતેલો તે માણસ તેની નજરે પડ્યો. જેથી સુભટોએ તેને જાગ્રત કર્યો, એટલે તે પણ સંભ્રાંતની માફક આચરણ કરતો ઉભો થયો. તે વખતે તેની કેડના વસ્ત્રમાંથી એક લેખ પત્ર નીચે પડ્યો. સુભટોએ તરતજ તે લેખ લઈ લીધો અને તેને પૂછ્યું કે તું કોનો માણસ છે? ત્યારે તે ગભરાયેલાની માફક કંઈપણ બોલ્યો નહીં. ત્યારબાદ સુભટોએ તે લેખ રાજાને બતાવ્યો. રાજાએ પણ તે લેખ આ પ્રમાણે વાંચ્યો. 'શ્રી વર્ધમાન નગરથી લેખક રિપુમર્દન રાજા, તત્ર શ્રી વિશ્વદત્ત મંત્રીને સ્નેહ પૂર્વક લખવાનું કે તમ્હારો પત્ર મળ્યો. વાંચી સર્વ અર્થ જાણ્યો છે. તેજ પ્રમાણે થોડા સમયમાં તે કાર્ય કરવા હું યત્ન કરીશ. વળી જે મંડળિક રાજાઓને માટે જે દ્રવ્ય તમોએ મોકલ્યું હતું તે સર્વ તેઓને પહોંચાડ્યું છે, અને તેઓએ પણ મ્હોટા આભાર સાથે તે સ્વીકાર્યું છે. તેમજ આપને માટે તો ધવલ વણિકની સાથે મ્હેં લક્ષ સોનૈયા મોકલ્યા છે. તે તમ્હારી પાસે થોડા દિવસમાં લઈને આવશે.'

આવો રાજવિરૂદ્ધ લેખનો અર્થ જાણીને રાજાએ તે લેખવાહકપુરૂષને પોતાના સેવકોને સ્વાધીન કર્યો અને તે લેખ વિશ્વદત્તને બતાવ્યો. તેપણ તે લેખ વાંચીને બોલ્યો, હે પ્રભો ! કોઇ પણ મ્હારા વૈરિની આ યુક્તિ છે. ત્યારબાદ રાજાએ તે લેખ વાહકને મરણ સમાન અનેક પીડાઓવડે મર્દી નાખ્યો, તોપણ તેણે સત્ય વાત કબુલ કરી નહીં. ત્યારે વિશ્વદત્ત બોલ્યો, હે રાજન્! તે કૂટ લેખ લખનારનો આ ખાસ નજીકનો માણસ છે. તેથી આ સત્ય બોલનાર નથી. માટે કાલિકાદેવીના ભયંકર કુંડમાં ઝંપાપાત કરી હું શુદ્ધ થવા ઇચ્છું છું. રાજાએ પણ તે પ્રમાણે કબુલ કર્યું. પછી સાતમના દિવસે તેણે ઉપવાસ કર્યો. તેમજ બ્રહ્મચર્ય વ્રત પાળી પૃથ્વીપર શયન કર્યું. પંચ પરમેષ્ઠીના મંત્રનું સ્મરણ કરી રાત્રી વ્યતીત કરી. પ્રભાતમાં કાલિકાના મંદિરમાં તે ગયો. નરેંદ્રાદિક નગરના મુખ્ય લોકો પણ ત્યાં ગયા. સર્વની સમક્ષ દેવીની આગળ ઉભો રહી તે બોલ્યો, મઘર, ગ્રાહ, અને મહામત્સ્યાદિક જલજંતુઓથી વ્યાકુલ, અગાધ જળથી ભરેલા અને યમરાજાના મુખ સમાન ભયંકર એવા આ કુંડમાં હું ઝંપાપાત કરૂં છું, પરંતુ જો મન, વચન અને કાયાથી કરવું, કરાવવું અને અનુમતિવડે પણ આ કુમાર ગિરિરાજાનું સદાકાલ મ્હેં હિત કર્યું હોય તો નિર્વિઘ્નપણે મ્હારો ઉદ્ધાર થાઓ, અને જો અહિતમાં મ્હારી પ્રવૃત્તિ હોય તો આ કુંડજ મ્હારૂં શરણ થાઓ, એમ પ્રતિજ્ઞા કરી કુંડના કાંઠા ઉપર જઇ હૃદયમાં સાકાર પ્રત્યાખ્યાન કરી પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતો તે જલદી કુંડમાં પડયો, પરંતુ લાંબા પત્રોથી વિભૂષિત અને સુકોમલ એવા કમલ ઉપર બ્રહ્મદેવની માફક તે વિલાસ કરવા લાગ્યો. આ પ્રમાણે વિશ્વદત્ત મંત્રીને જોઇ લોકોનાં મુખારવિંદ પ્રફુલ્લ થઇ ગયાં. તેમજ જળની અંદર કમળાદિક પુષ્પોનો સંગ્રહ કરતો મંત્રી ભ્રમણ કરવા લાગ્યો. ત્યારબાદ આ મંત્રી

શુદ્ધ છે, શુદ્ધ છે એમ તાળીઓના અવાજ સાથે સર્વત્ર જયધ્વનિ પ્રસરી ગયો. તેજ પ્રમાણે બંદીજનોએ પણ સ્તુતિપૂર્વક ઉદ્દ્ઘોષણા કરી. આ અદ્ભુત ચમત્કાર જોઇ સર્વનાં હૃદય ચકિત થઈ ગયાં, અને સર્વ જનો રોમાંચિત થઇ ગયા, ત્યારબાદ અગાધ આનંદ સાગરમાં મગ્ન થએલા લોકો બોલ્યા, અહો! જીનેંદ્ર ભગવાનનું શાસન જયવંત વર્તે છે. જેની અંદર દુસ્તર એવો આપત્તિરૂપ સમુદ્ર આ પ્રતિષ્ઠિત પુરૂષને ગાયના પગલા સમાન સુગમ થયો. વળી જે પુરૂષ સર્વથા જીનેંદ્રના વચનને છોડી દે છે, તેને અનેક વિઘ્નો આવી પડે છે અને એક દિવસ પણ વર્ષ સમાન દુઃખદાયક થઈ પડે છે.

બંધુદત્તને શિક્ષા.

ત્યારબાદ રાજા બહુ ખુશી થઈ બોલ્યો, હે વિશ્વદત્ત! સમુદ્ર પણ ત્હારે સ્થળ સમાન છે, તો આ કુંડનો ત્હારે શો હિસાબ? જલમાં ક્રીડા કરતો તું નેત્રોને જેમ આનંદ આપે છે, તેમ પોતાના શરીરના સ્પર્શવડે હવે મ્હારા ભુજને આનંદિત કર. એમ કહી રાજાએ તેને બોલાવ્યો, એટલે તે કાંઠાની નજીક આવ્યો અને રાજાએ પોતાના હસ્તનુ આલંબન આપી જલદી તેને બહાર કાઢ્યો. પછી રાજાએ તેને પોતાની સાથે જયકુંજર હસ્તી ઉપર બેસાડી મ્હોટા ઉત્સવથી પોતાના મ્હેલમાં પ્રવેશ કરાવ્યો. ત્યારબાદ રાજાએ ફરીથી પણ અભયદાન આપી તે લેખવાહકને પૂછયું. ત્યારે તેણે વિચાર કર્યો કે જો હવે હું સત્ય નહીં બોલું તો જરૂર મ્હારૂં કોઇ શરણ નથી, પરંતુ માત્ર મરણજ થવાનું છે, માટે સાચું કહીશ તો વિશ્વદત્ત મંત્રી મ્હને જેમ તેમ કરીને પણ છોડાવશે. એમ જાણી તેણે સત્ય વાત કહી દીધી. પછી રાજાએ બંધુદત્તને બોલાવીને તે વાત પૂછી, પરંતુ તેનાથી તે કંઈપણ બોલી શકાયું નહીં, તેથી તેનું સર્વસ્વ લુંટી લઈ રાજાએ તેને

વધ્યસ્થાનમાં લઇ જવા આજ્ઞા કરી. પરંતુ વિશ્વદત્તે મહા કષ્ટ
તેને છોડાવ્યો, તથાપિ લોકલજ્જાને લીધે ત્યાંથી તે અન્ય દેશ
ચાલ્યો ગયો. ત્યાં તેનો પ્રથમનો વિરોધી કોઇક સુભટ મળ્
તેની સાથે યુદ્ધ કરવાથી તે મરી ગયો અને અંત સમય
રૌદ્રધ્યાન કરવાથી મરીને તે પ્રથમ નરકભૂમિમાં ગયો.

વિશ્વદત્ત મંત્રીએ પ્રાર્થના પૂર્વક રાજાને પોતાનો વિચા

વિશ્વદત્તની ભાવના.

જણાવ્યો કે હાલમાં મ્હારે દીક્ષા લેવાનો ભા
છે. કારણકે મ્હારૂં હૃદય સંસાર વાસથી ભ
કંપે છે. અહો ! આવા વિવેકી અને નૈ
મતમાં પ્રવીણ એવા પુરૂષો પણ આત્માર્

इति मृषावादव्रते कूटलेखकरणविपाके बन्धुदत्तकथानकं समाप्तम् ।
तत्समाप्तौ श्रीमल्लक्ष्मणगणिविरचितप्राकृतपद्यबन्धश्रीसुपार्श्वजिनच-
रित्रस्य श्रीसकलसूरिपुरन्दरायमाणपरमगुरुतपागच्छाधिराजशा-
स्त्रविशारदजैनाचार्ययोगनिष्ठाध्यात्मज्ञानदिवाकरश्रीमद्बुद्धि-
सागरसूरिशिष्यप्रसिद्धवक्तेति लब्धख्याति, व्याख्यान-
कोविद पन्न्यासश्रीमदजितसागरगणिकृतगुर्जरभाषा-
नुवादे प्रभुदेशनाप्रबन्धे सदृष्टान्तातीचारव्या-
ख्योपेतं द्वितीयाणुव्रतं समाप्तम् ॥

॥ प्रथमभागः समाप्तः ॥

આ પુસ્તક તથા અન્ય તૈયાર પુસ્તકો નીચેના ઠેકાણેથી મળી શકશે.

———•———

૧ ગીત રત્નાવળી.
૨ પ્રકરણસુખસિન્ધુ પ્રથમ ભાગ.
૩ ,, ,, દ્વિતીયભાગ.
૪ અજીતકાવ્યકિરણાવલી.
૫ સંવેધછત્રીશી.
૬ શ્રીસુપાર્શ્વનાથચરિત્ર પ્રથમ ભાગ કિં રૂ૦ ૨—૦—

૧ પ્રકાશક પાસેથી.
૨ સેક્રેટરી મુનિરાજ શ્રી સુખસાગરજી લાઇબ્રેરી—મ્હેસાણ
૩ પં. અજીતસાગરજી ગણિ શાસ્ત્રસંગ્રહ તરફથી.
શા: શામળદાસ તુલજારામ કાપડીયા ઠે૦ મોટોમાઢ
મુ૦ પ્રાંતીજ (એ૦ પી૦ રેલ્વે.)
૪ ઝવેરી ભોળાભાઈ વીમળભાઈ.
ઠે૦ ઝવેરીવાડ ચોરા સામે. અમદાવાદ.



ભાવનગર—ધી આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં—
શાહ ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું